શ્રી માતૃવાણી

પ્રશ્નો અને ઉત્તરો

૧૯૫૦-૧૯૫૧

શ્રી માતાજી

•

: અનુવાદક :
શ્રી સુંદરમ્
શ્રી અમીધર ભટ્ટ

•

શ્રી અરવિંદ સોસાયટી (શાખા)
અમદાવાદ : ૩૮૦ ૦૦૬.

પ્રકાશક : શ્રી અરવિંદ આશ્રમ ટ્રસ્ટવતી

શ્રી હસમુખ શાહ : શ્રી અરવિંદ સોસાયટી,

'સેન્ટર' – પ્રિતમનગર, પહેલો ઢાળ, અમદાવાદ – ૩૮૦ ૦૦૬.

○

શતાબ્દિ ગ્રંથ ૪

પ્રથમ આવૃત્તિ (શતાબ્દી આવૃત્તિ) જાન્યુઆરી ૧૯૭૮

પ્રત : ૧૦૦૦

કિંમત : રૂ. ૨૫-૦૦

© શ્રી અરવિંદ આશ્રમ ટ્રસ્ટ : પોંડિચેરી.

: પ્રાપ્તિ સ્થાન :

૧. શ્રી અરવિંદ આશ્રમ સેલ્સ એમ્પોરિયમ, પ્રિતમનગર પહેલો ઢાળ, એલિસબ્રિજ, અમદાવાદ ૩૮૦ ૦૦૬.

૨. શ્રી અરવિંદ આશ્રમ સેલ્સ એમ્પોરિયમ. શ્રી અરવિંદ નિવાસ. દાંડિયા બજાર, વડોદરા–૩૯૦ ૦૦૧.

૩. SABDA. SRI AUROBINDO ASHRAM PONDICHERRY–605 002.

મુદ્રક : સંજીવ પ્રિન્ટરી, મિરઝાપુર, અમદાવાદ ૩૮૦ ૦૦૧.

પ્રશ્નો અને ઉત્તરો

૧૯૫૦–૧૯૫૧

શતાબ્દી ગ્રંથ

૪

શ્રી મા

○

જન્મ

ફેબ્રુઆરી ૨૧, ૧૮૭૮

—

ભારતમાં આગમન

માર્ચ ૨૯, ૧૯૧૪

—

મહાસમાધી

નવેમ્બર ૧૭, ૧૯૭૩

—

જન્મ શતાબ્દિ

ફેબ્રુઆરી ૨૧, ૧૯૭૮

નિવેદન

આ શતાબ્દી ગ્રંથમાં ૨૧ ડિસેમ્બર ૧૯૫૦ થી ૧૭ એપ્રિલ ૧૯૫૧ સુધીના શ્રી માતાજીના વાર્તાલાપોનો સમાવેશ થાય છે. આ વાર્તાલાપો કેવી રીતે શરૂ થયા તેની નોંધ લેવી જરૂરી છે. ૧૯૪૩માં આશ્રમમાં શાળાની સ્થાપના થઈ અને ૧૯૫૦ સુધીમાં તો વિદ્યાર્થીઓના પહેલા ગ્રૂપે ફ્રેન્ચ ભાષા સારી રીતે શીખી લીધી હતી. દરમ્યાનમાં બીજાં વધુ બાળકો શાળામાં દાખલ થયાં હતાં. પરંતુ ફ્રેન્ચ શીખવનાર શિક્ષકોની સંખ્યા પૂરતી ન હતી. એટલે ડિસેમ્બર ૧૯૫૦માં જ્યારે શાળાનું પ્રથમ સત્ર શરૂ થયું ત્યારે શ્રી માતાજીએ અઠવાડિયામાં ત્રણ વાર ઉચ્ચ શ્રેણીનો ફ્રેન્ચ ક્લાસ લેવાનું નક્કી કર્યું. આમ સમૂહમાં મળવાની શરૂઆત થઈ. એ મિલનોને 'શ્રી માતાજીના વર્ગો'ના નામે ઓળખવામાં આવ્યાં.

સામાન્ય રીતે, શ્રી માતાજી પોતાનાં લખાણોમાંથી અથવા તો 'શ્રી અરવિંદનાં લખાણોનાં ફ્રેન્ચ ભાષાંતરોમાંથી કોઈ એક ફકરો લઈ વાંચવાની શરૂઆત કરતાં. અને તે પછી વિદ્યાર્થીઓ તથા કેટલાક શિક્ષકો, જેઓ આ ક્લાસમાં હાજરી આપતા, તેમના તરફથી થતા પ્રશ્નોને આવકારતાં. ધીમે ધીમે બીજા કેટલાક આશ્રમના સાધકો પણ આ વર્ગમાં હાજર રહેવા લાગ્યા અને પ્રશ્નો પૂછવા લાગ્યા. એથી કરીને આ પ્રશ્નો વિવિધ પ્રકારના અને સમજની જૂદી જૂદી કક્ષાઓના બની રહ્યા.

પહેલા ત્રણ અઠવાડિયાં સુધી શ્રી માતાજીએ તેમના પોતાના શિક્ષણ અને આત્મવિકાસ વિષેના લેખોમાંથી વાંચન કર્યું, જે એ સમય દરમિયાન આશ્રમમાંથી પ્રગટ થતા સામયિક: 'બુલેટિન ઑફ ફિઝિકલ એજ્યુકેશન' માં પ્રસિદ્ધ થયા. પછીનાં દશ અઠવાડિયા સુધી તેમણે તેમનું પુસ્તક: 'કોન્વર્સેશન્સ, ૧૯૨૯ – શ્રી માતાજીની વાણી' - હાથ ધર્યું. આ લખાણો ઉપરનાં શ્રી માતાજીનાં વિવરણો, એમના વાર્તાલાપોનો પાયો બની રહ્યાં.

શરૂના વાર્તાલાપોની નોંધ હસ્ત લિખિત રૂપમાં કરવામાં આવતી, છતાં મોટા ભાગના વાર્તાલાપોને ટેપરેકૉર્ડિંગ મશીન ઉપર ટેપ કરી લેવાયા અને અપૂર્ણરૂપે પહેલીજ વાર બુલેટિનમાં ફ્રેન્ચ અને અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયા. આ બધા વાર્તાલાપોની પ્રથમ સંપૂર્ણ આવૃત્તિ ૧૯૬૭માં ફ્રેન્ચમાં બહાર પડી અને તેનું અંગ્રેજીમાં સંપૂર્ણ ભાષાંતર: 'કવેશ્ચન્સ એન્ડ એન્સર્સ, ૧૯૫૦ - ૫૧'ના શિર્ષક નીચે ૧૯૭૨માં પ્રસિદ્ધ કરવામાં આવ્યું.

આ વાર્તાલાપોમાંના તા. ૨૧-૧૨-'૫૦ થી તા. ૧૭-૪-'૫૧ સુધીના વાર્તાલાપો શ્રી અરવિંદ કેન્દ્ર - અમદાવાદે, વાર્તાલાપો. ગુચ્છ - ૧, પુસ્તક ૧ થી ૪ રૂપે ગુજરાતી ભાષામાં પ્રસિદ્ધ કર્યા છે. શ્રી માતૃવાણીના આ શતાબ્દી ગ્રંથ ૪માં એ ગુચ્છ - ૧ના ચારેય પુસ્તકોને સમાવી લેવામાં આવ્યાં છે.

અનુક્રમણિકા

૧૯૫૦

પૃષ્ઠ

૨૧ ડિસેમ્બર : ૧

'સ્વપ્નોની જનેતા' : અવિચલ ચેતના .....
કામના કે પક્ષપાત વિનાનું કર્મ .....
પ્રભુના સંકલ્પ વિષેની જાણકારી .....
શિક્ષકનું જીવનકાર્ય .....

૨૩ ડિસેમ્બર : ૬

એકાગ્રતા અને શકિત .....

૨૫ ડિસેમ્બર : ૯

નાતાલ : પ્રકાશનો ઉત્સવ .....
શકિત અને માનસિક વિકાસ .....
ધ્યાન અને એકાગ્રતા .....
'સ્વપ્નોની જનેતા' .....
કૌશલ્યપૂર્ણ ખેલકૂદ અને શકિત .....

૨૮ ડિસેમ્બર : ૧૫

સાચો નિર્ણય .....

૩૦ ડિસેમ્બર : ૧૮

પૂર્ણતા અને પ્રગતિ .....
સક્રિય સમતુલા .....
સાચી સત્યનિષ્ઠા .....

૧૯૫૧

પૃષ્ઠ

૪ જાન્યુઆરી : ૨૨

રૂપાંતર અને ચેતનાનો પલટો .....

૮ જાન્યુઆરી : ૨૬

સાચું સૂક્ષ્મદર્શન અને .....
જગત વિષેની સમજ .....
પ્રગતિ, સમતુલા .....
અંતરમાં રહેલું સત્ય : ચૈત્ય સ્વરૂપ .....
પ્રાણીઓ અને 'ચૈત્ય સ્વરૂપ' .....

૧૧ જાન્યુઆરી : ૩૫

વિનમ્રતા અને મિથ્યાભિમાન .....
ઉદારભાવ .....

૧૩ જાન્યુઆરી : ૩૮

જીવનનું ધ્યેય : પ્રયત્ન અને આનંદ .....
જીવનનું શાસ્ત્ર; સભાન થવું .....
શકિતઓ અને પ્રભાવો .....

૧૫ જાન્યુઆરી : ૪૬

સત્યનિષ્ઠા; અંતરનો વિવેક; .....
આંતરિક પ્રકાશ .....
અશુભનું તત્ત્વ અને બિનસમતુલા .....
ચેતના અને કરણો .....

૨૦ જાન્યુઆરી : ૫૨

મનનો વિકાસ .....
આપત્તિઓ, વેદના, સુવિકસિત બુદ્ધિ .....
જ્ઞાન અને શુદ્ધ વિચારો .....

પૃષ્ઠ

૨૧ જાન્યુઆરી : ૫૮

જરૂરિયાતો અને કામનાઓ .....
પ્રાણનો સહયોગ, મનની મદદ .....
પ્રગતિ અને સત્યનિષ્ઠા ; ક્ષતિઓની પરખ .....
શરીરની સુવ્યવસ્થિતતા; માંદગી; નૂતનસંવાદિતા; ભૌતિક સૌન્દર્ય .....

૨૭ જાન્યુઆરી : ૬૭

નિદ્રા, કામનાઓ, સંયમ; અવચેતના .....
સ્વપ્નો; 'પર-ચૈતન્ય'; પ્રશ્નોના ઉકેલ .....
'સ્વરૂપની સીડી'; સમાધિ .....
નિદ્રાના ગાળાઓ; નીરવતા, સાચો આરામ .....
પ્રાણમય દેહ અને માંદગી .....

૩ ફેબ્રુઆરી : ૭૩

યોગ શું છે અને શાને માટે છે? .....
અભીપ્સા, પ્રભુની ખોજ .....
યોગની પ્રક્રિયા; અહંભાવનો ત્યાગ .....

૫ ફેબ્રુઆરી : ૮૧

સમર્પણ અને તપસ્યા .....
મુશ્કેલીઓનો સામનો; સત્યનિષ્ઠા; આધ્યાત્મિક શિક્ષાપદ્ધતિ .....
અનુભૂતિઓનું કથન .....
પ્રાણમય આવેગ અને પ્રગતિ માટેનો સંકલ્પ .....

૮ ફેબ્રુઆરી : ૯૦

સ્વરૂપની એકતા; શુભ અને અશુભના વિચારો .....
ચમત્કારો; નિયતિ; પરમ સંકલ્પ .....
પ્રભુના અવાજની પરખ .....

પૃષ્ઠ

૧૦ ફેબ્રુઆરી : ૧૦૧

મુક્તિ અને સ્વેચ્છાચાર; સમર્પણ દ્વારા મુક્તિ .....
દિવ્ય સત્યના પ્રતિનિધિરૂપ અધિકાર ધરાવતા મનુષ્યો .....
અર્પણના રૂપનું કર્મ; સંપૂર્ણ સમર્પણ માટે સમયની આવશ્યકતા .....
પ્રયત્ન અને પ્રેરણા; સંકલ્પ અને ધીરજ .....

૧૨ ફેબ્રુઆરી : ૧૦૯

દિવ્ય શક્તિનું ગ્રહણ .....
યોગપથ માટે તૈયારીની નિશાનીઓ .....
મન અને પ્રાણમાંની દુર્બળતાઓ .....
અવગુંઠનના ભેદન માટે તીવ્ર એકાગ્રતા .....
દિવ્ય દૃષ્ટિ અને શુભાશુભ વિષે માનવના ખ્યાલો .....
પરિવર્તન અને આત્મર્પણ : પ્રગતિ .....
આધ્યાત્મિક માર્ગમાં પ્રવેશ થયાની નિશાનીઓ; ધ્યાનના વિવિધ પ્રકારો .....
આરોહણ કરતી અભીપ્સા; પ્લેગ્રાઉન્ડ ઉપર એકાગ્રતા .....

૧૫ ફેબ્રુઆરી : ૧૨૩

સૂચક સ્વપ્નો; સાચો આરામ .....
'ખોટાં સૂક્ષ્મ દર્શનો' .....
'પૃથ્વીની સ્મરણપોથી' અને ઇતિહાસ .....

૧૭ ફેબ્રુઆરી : ૧૩૦

'ખોટાં સૂક્ષ્મ દર્શનો' .....
પોતાના સંકલ્પનું સમર્પણ .....
સમતુલા; પ્રગતિ; પરિપક્વતા .....
આતુર આત્મર્પણ; કરણોની પૂર્ણતા .....
સર્વાંગીણ સાક્ષાત્કાર માટે મુશ્કેલીઓની સહાય; વિરોધાભાસો .....
સત્યનિષ્ઠા : સ્વયંભૂ ધ્યાન .....
આશ્રમમાં ધ્યાન અને પ્લે ગ્રાઉન્ડ ઉપરની એકાગ્રતા .....

પૃષ્ઠ

૧૯ ફેબ્રુઆરી : ૧૪૪

બહિર્ગમન : દૂર દૃષ્ટિ, મૂર્છા, વિ. .....
નિદ્રાચરણ; તાંતિની; બાળકોનાં 'સ્વપ્નો' .....
ભયાનક સ્વપ્નો; ગુરુ દ્વારા રક્ષણ.....
નિદ્રા દરમ્યાન મન અને પ્રાણનું રસળવું .....

૨૨ ફેબ્રુઆરી : ૧૫૩

સમર્પણ, અર્પણ, આત્માર્પણ .....
અનુભૂતિઓ અને સત્યનિષ્ઠા : વેદની ઋચાઓ .....
એકાગ્રતા અને કાળ .....

૨૪ ફેબ્રુઆરી : ૧૬૦

ચૈત્યસ્વરૂપ અને વ્યકિતતા; પરિમાણો .....
અણુમાં ચૈત્યસ્વરૂપ .....
મૃત્યુ; બહિર્ગમન; અચેતના .....
ભૂતકાળના જીવન; ચૈત્ય પુરુષની પ્રગતિની શકયતા કેવળ પૃથ્વી ઉપર જ .....
જન્મ વિષે ચૈત્ય સ્વરૂપની પસંદગી .....
પ્રભુના કાર્ય માટે આત્માર્પણ; ચૈત્ય સ્મૃતિઓ .....
વ્યકિતભાવ; પ્રગતિ માટે ચૈત્યસ્વરૂપ દ્વારા સંયોજન .....

૨૬ ફેબ્રુઆરી : ૧૭૩

પુસ્તકોના વાંચન વિષે; ગપ્પાં .....
શિક્ષા અને સિદ્ધિ .....
કાલ્પનિક વાર્તાઓનું મૂલ્ય .....
'મોટા' માણસોનાં આંતરિક જીવન; હળવા થવાની ક્રિયા .....
બીજાઓ વિષે સમજ; 'દિવ્ય' ચેતના .....

૧ માર્ચ ૧૮૨

વિશ્વ અને પ્રભુ .....
સ્વતંત્રતા અને નિયતિ; કરુણા .....
અતિમનસમાં કાળ અને સર્જનની ક્રિયા .....

પૃષ્ઠ

ચૈત્ય સ્વરૂપ; સૌન્દર્ય અને પ્રેમ .....

પૂષ્પો : સૌંદર્ય અને સંકેતાર્થ.....

પુનર્જન્મ ધારણ કરતા ચૈત્ય સ્વરૂપની પસંદગી .....

૩ માર્ચ ૧૯૨

પ્રભુ વિરોધી શકિતઓ; મુશ્કેલીઓ .....

વ્યકિતતા અને આકૃતિ : સર્જન .....

૫ માર્ચ ૧૯૯

ઉત્પાતો : પ્રકૃતિની શકિતઓ .....

'ચેરિટી બજાર'ની વાર્તા .....

'મૂકિત' અને નિયમ .....

મન અને પ્રાણ સાથે કામ પાડવાની પદ્ધતિઓ .....

૮ માર્ચ ૨૦૭

મનને નીરવ કરવું; પ્રકૃતિનું પરિવર્તન .....

પુનર્જન્મમાં પસંદગી .....

ચૈત્ય સ્વરૂપ, ઊર્ધ્વ સ્વરૂપો, 'દેવો'ના દેહધારણ વિષે .....

પ્રાણમય સ્વરૂપો દ્વારા દેહ ધારણ; 'અસત્યનો દેવતા'; હિટલર .....

વળગણ અને ગાંડપણ .....

૧૦ માર્ચ ૨૧૫

પરિકથાઓ : ધનનો રક્ષક સર્પ .....

પ્રાણમય સ્વરૂપોનાં દેહધારણ .....

મૃત્યુ પછીનું પ્રાણમય સ્વરૂપ .....

પ્રાણમય અને મનોમય ભયજનક સ્વપ્નો .....

પ્રાણ અને મનની મૃત્યુ પછીની અવસ્થા .....

'આકૃતિનો આત્મા' : ઈજિપ્તનાં મમી .....

પૃષ્ઠ

૧૨ માર્ચ ૨૨૧

મનોમય સ્વરૂપો : અઘરા વિષયોનો અભ્યાસ .....
મનનો કિલ્લો; વિચાર .....
મનની કેળવણી .....
મૃત્યુ બાદ પ્રાણમય સ્વરૂપ ને સહાય : મરણોત્તર ક્રિયાઓ .....
માનવની મૂર્ખતાઓ .....

૧૪ માર્ચ : ૨૩૪

મુલાયમતા .....
પ્રભુનો સંકલ્પ જાણવાની શરતો .....
માંદગી; કિટાણુઓ .....
ભય : શારીરિક પ્રતિક્રિયાઓ .....
'જે બને છે તે શક્ય તેટલું સારું હોય છે'.....
સૃષ્ટિ સર્જન વિષેની વિચાર પ્રણાલિકાઓ .....
સાચું જ્ઞાન; 'કરવાનું કામ'; આશ્રમ.

૧૭ માર્ચ ૨૪૪

વિશ્વ: શાશ્વત નૂતન અને એકસરખું .....
પ્રલય વિષેની માન્યતાઓની પરંપરાઓ .....
જ્યોતિ અને વિચાર: નૂતન ચેતના અને શક્તિઓ .....
વિસ્તરતું વિશ્વ; અવર્ણનીય અનુભૂતિઓ .....
પ્રકાશનાં આંદોલનોથી પરિપ્લુત આશ્રમ; નૂતન શક્તિ .....
જુદી જુદી રીતે સ્પંદિત થતાં વિશ્વો .....

૧૯ માર્ચ ૨૫૨

મનોમય જગતો અને તેમનાં સ્વરૂપો .....
મૌનમાં સમજ્યું .....
ચૈત્ય જગતની લાક્ષણિકતાઓ .....
સત્ય અનુભૂતિઓ અને મનોમય રૂપો; બાર ઇન્દ્રિયો .....

પૃષ્ઠ

૨૨ માર્ચ : ૨૫૯

સાપેક્ષવાદ : કાળ .....
ચેતના : ચૈત્ય સાક્ષીરૂપ .....
બાર ઇન્દ્રિયો; પાણીના અસ્તિત્વની પરખ .....
પ્રાણીઓમાં સ્વયં સ્ફૂરણા; માતાજીની બિલાડીની વાર્તા .....

૨૪ માર્ચ : ૨૬૮

દિવ્ય પ્રેમ અને ચેતનાનું અવતરણ .....
પૃથ્વી : એક રૂપકાત્મક આકાર; દિવ્ય ઉપસ્થિતિ .....
ચૈત્ય સ્વરૂપ અને અન્ય વિશ્વો; દિવ્ય પ્રેમ અને કરુણા .....
ભાગવત પ્રેમ વિષે સભાનતા .....
પોતાના ચૈત્ય સ્વરૂપની શોધ .....
જવાબદારી .....

૨૬ માર્ચ : ૨૭૬

'સર્વ કાંઈ પ્રાપ્ત કરવા માટે સર્વ કાંઈ ખોવું'; ચૈત્ય સ્વરૂપ .....
પ્રાણનું રૂપાંતર.....શારીરિક ટેવોનું પરિવર્તન, અવચેતના.
મુશ્કેલીઓ ઉપર વિજય; નિર્બળતા, સત્યનિષ્ઠાનો અભાવ .....
જગતના રૂપાંતર માટે જાતનું રૂપાંતર .....
ચૈત્ય સ્રોત અને અનુભૂતિનો ઝબકાર; યોગ માટેની તૈયારી .....

૨૯ માર્ચ : ૨૮૭

'મહાયાન' અને 'હીનયાન' .....
પોતાના દેશ અને કુટુંબની પસંદગી .....
પ્રાણમય સ્વરૂપની વિકૃતિ: આનુવંશિકતા .....
સત્ય નિષ્ઠા : પોતાની લાક્ષણિકતાનું પરિવર્તન .....

૩૧ માર્ચ : ૨૯૪

શારીરિક માંદગી અને માનસિક ગેરવ્યવસ્થા .....
માંદગી મટાડવા માટે આધ્યાત્મિક પદ્ધતિ .....
શરીરની ગ્રાહક શક્તિ .....

પૃષ્ઠ

સૂક્ષ્મ - શારીરિક તત્ત્વ : માંદગી, અકસ્માતો .....
લૂ અને એવા બીજા ઉપદ્રવોનું શમન .....

૨ એપ્રિલ : ૩૦૫

અકસ્માતોનાં કારણો .....
સહાયક અથવા તોફાની એવાં નાનાં નાનાં સત્ત્વો: ઘટનાઓ .....

૫ એપ્રિલ : ૩૧૧

ભ્રમ અને કાર્યમાં રસ .....
ભાગવત કરુણાનું કાર્ય અને અહંભાવ .....
એકાગ્રતા, અભીપ્સા, સંકલ્પ, આંતરિક નીરવતા .....
વાર્તા અથવા 'ભાષા'નું મૂલ્ય .....
સત્ય; વિશ્વમાં વૈવિધ્ય .....

૭ એપ્રિલ : ૩૨૧

અશુભનું મૂળ .....
દુઃખ : એનું કારણ .....

૯ એપ્રિલ : ૩૩૧

આધુનિક કલા .....
યુરોપમાં વીસમી સદીમાં કલાનું વલણ .....
યુદ્ધોની અસર; પ્રાણમય જગતોનું અવતરણ .....
ચારિત્ર્ય ઘડતર .....
'જો ફરી એક યુદ્ધ થાય તો'.....

૧૨ એપ્રિલ : ૩૪૧

જાપાન, તેની કલા, દૃશ્ય વિસ્તારો, જીવન, વિ. .....
જાપાનની પરિકથાઓ .....
સંસ્કૃતિની કુંડલીરૂપ ગતિ .....
ભારતનું અને યુરોપનું આધ્યાત્મિક જીવન .....
કલા અને સત્ય .....

પૃષ્ઠ

૧૪ એપ્રિલ : ૩૫૧

સમર્પણ અને બલિદાન .....
બલિદાનનો ખ્યાલ; બહાઈવાદ; કેસરિયાં કરવાનો ખ્યાલ .....
નિદ્રા: વિસ્મૃતિ, બહિર્ગમન, વિ. .....
સ્વપ્નો અને સૂક્ષ્મ દર્શનો : સ્પષ્ટિકરણ .....
બહિર્ગમન : બિલાડીઓ અંગેની ઘટનાઓ .....

૧૭ એપ્રિલ : ૩૬૧

એકત્વ અને વૈવિધ્ય .....
સંરક્ષક કવચ; કામનાઓ; સભાનતા એજ સાચું રક્ષણ .....
શારીરિક કરણની પૂર્ણતા; સિનેમા .....
સતત અને સભાન પસંદગી .....
પોતાના સ્વરૂપનો નિયમ : એક અને અનંત વિવિધતા .....
સંસ્કૃતિ: કરણની તૈયારી .....

---

૨૧ ડિસેમ્બર, ૧૯૫૦

શ્રી માતાજી વાંચન કરે છે:

'હે શાંત અને સ્થિર ચેતના, શાશ્વતીની સ્ફિન્ક્સ* જેવી તું જગતની સીમાઓ ઉપર દૃષ્ટિ માંડીને બેઠેલી છે અને છતાં કેટલાકને તું તારું રહસ્ય બતાવે છે. એ લોકો તારી પરમ સંકલ્પશકિત રૂપ બની શકે છે અને એ સંકલ્પશકિત કશા રાગદ્વેષ વિના વસ્તુઓને પસંદ કરતી રહે છે અને કશી ઇચ્છા વિના તેમને સાકાર કરતી રહે છે.'

(શ્રી માતાજી, 'પ્રેઅર્સ ઍન્ડ મેડિટેશન્સ': નવેમ્બર ૧૦, ૧૯૧૪)

શ્રી માતાજી: આ સ્થિર ચેતના તે 'સ્વપ્નોની જનેતા'** છે. એ શાશ્વતીની, સ્ફિન્ક્સ છે અને જગત તે એક ઉકેલવાનો કોયડો હોય તેમ તેની સીમાઓ ઉપર નજર

---

* સ્ફિન્ક્સ એ ગ્રીસની કથાઓમાં આવતી એક રાક્ષસી છે. તેનું માથું સ્ત્રીનું છે અને શરીર સિંહણનું છે. એ થીબ્સ નગરની બહાર એક ખડક ઉપર બેઠેલી રહેતી અને ત્યાં થઈને પસાર થનારને એક કોયડો પૂછતી અને જે જવાબ ન આપી શકે તેને મારી નાખતી. ઈડિપસે એના કોયડાનો જવાબ આપ્યો એટલે પછી તે ખડક પરથી પડતું નાખીને મરી ગઈ. આ પરથી કોઈ પણ અગમ્ય વ્યકિતને સ્ફિન્ક્સ કહેવામાં આવે છે. ઈજિપ્તમાં પણ આવાં મહાકાય પથ્થરનાં પૂતળાં છે.

** શ્રી અરવિંદના એ નામના એક કાવ્યમાં વર્ણવાયેલું આદ્ય સત્યનું સ્વરૂપ.

માંડીને બેઠેલી છે. આ કોયડો એટલે કે આપણા જીવનનો પ્રશ્ન, વિશ્વનું અસ્તિત્વ શા માટે છે એ પ્રશ્ન. અને આપણા જીવનનો પ્રશ્ન તે પ્રભુનો સાક્ષાત્કાર કરવો એ છે. આપણે ફરી એકવાર પ્રભુ વિષે સભાન બનવાનું છે અને આ પ્રભુ પોતે વિશ્વ છે, જીવનનું મૂળ ઉદ્‌ભવસ્થાન, જીવનનું કારણ અને લક્ષ્ય તેઓ છે.

જે લોકોને શાશ્વતીની સ્ફિન્ક્સ પાસેનું રહસ્ય મળી આવે છે તેઓ સક્રિય અને સર્જક શકિતરૂપ બની રહે છે.

કોઈપણ રાગદ્વેષ વિના પસંદ કરવું, કોઈપણ ઈચ્છા વિના વસ્તુઓ આચરવી એ તો એક ઘણી મોટી મુશ્કેલ વસ્તુ છે અને આપણે જે સાચી ચેતનાનો વિકાસ સાધવાનો છે અને જે આત્મસંયમ સિદ્ધ કરવાનો છે તેના છેક પાયામાં તે રહેલી છે. આ રીતે જોતાં, પસંદ કરવું એટલે કે સત્યનું દર્શન મેળવવું અને તેને સાકાર કરવું એમ અર્થ થાય છે. આવી રીતે કોઈ પણ વસ્તુ, વ્યકિત કે પરિસ્થિતિ પ્રત્યે કશી પણ આસકિત વિના પસંદગી કરવી, એ સામાન્ય માણસ માટે સ્વાભાવિક રીતે જ અત્યંત મુશ્કેલ વસ્તુ બની રહે છે. છતાં આપણે એ વસ્તુ શીખવાની જ છે. આપણે કશા પણ રાગદ્વેષ વિના હરેક રીતના આકર્ષણ તથા ભાવબંધનમાંથી મુકત રહીને, આપણને દોરી રહેલા સત્ય ઉપર જ કેવળ આધાર રાખીને કેવી રીતે કાર્ય કરવું એ શીખવાનું છે અને એક વાર તમે સત્યને અનુસરીને જે કાર્ય કરવાનું હોય તે પસંદ કરી લો, તે પછી તેને કશી પણ ઈચ્છા વિના તમારે પાર પાડવાનું છે.

તમે જો તમારું પોતાનું ઊંડું નિરીક્ષણ કરશો તો તમને દેખાઈ આવશે કે તમે કામ કરવા માંડો છો ત્યારે પ્રથમ તો તમારે તે માટે પ્રેરણાની જરૂર રહે છે, કોઈક વસ્તુ તમને ધક્કો આપે તેની જરૂર રહે છે. સામાન્ય માણસમાં આ પ્રેરણા, સામાન્ય રીતે ઈચ્છા રૂપે કામ કરતી હોય છે. તો તમારે આ ઈચ્છાને બદલે સત્ય વિષેનું એક સ્પષ્ટ, ચોક્કસ અને સતત ટકી રહેતું દર્શન મેળવી લેવાનું રહે છે.

આ વસ્તુને કેટલાક લોકો પ્રભુનો અવાજ કહે છે અથવા તો પ્રભુનો સંકલ્પ કહે છે. પણ આ શબ્દોનો સાચો અર્થ હવે રહ્યો નથી, એટલે હું 'સત્ય' શબ્દ વાપરવો વધુ પસંદ કરું છું. જો કે આ શબ્દ પણ એક ઘણી મર્યાદિત વસ્તુને રજૂ કરે છે. આખાયે વિશ્વના મૂળરૂપ તથા લક્ષ્યરૂપ એવું જે મૂળ તત્ત્વ છે, અને આપણે જેને કોઈ નામ આપી શકતા નથી, એને માત્ર 'तत्' કહીને જ કામ ચલાવીએ છીએ. એ પરમ તત્ત્વનું 'સત્ય' શબ્દમાં એક ઘણું જ મર્યાદિત પાસું રજૂ થાય છે. વળી આ અંગે હું 'પ્રભુ' શબ્દ જાણી જોઈને વાપરતી નથી, કારણ કે ધર્મોએ 'પ્રભુ' શબ્દ જે રીતે વાપર્યો છે તે મુજબ તો પ્રભુ તે પોતાની સૃષ્ટિથી એક ભિન્ન અને બહાર રહેલી એવી સર્વસમર્થ વ્યકિત બની રહે છે અને એ વાત બરાબર નથી.

છતાં, સ્થૂલ ભૂમિકા ઉપર આવો ભેદ તો દેખીતી રીતે રહેલો જ છે, કેમ કે આપણે હજી અત્યારે જે કાંઈ છીએ તે રૂપે આપણે રહેવા માગતા નથી અને આપણે જે કંઈ બનવાની ઈચ્છા રાખીએ છીએ તે પ્રભુ છે.

બાળક : પ્રભુનો સંકલ્પ શો છે તે કેવી રીતે જણાય?

શ્રી માતાજી : એ તમારે જાણવાનો હોતો નથી, અનુભવવાનો હોય છે અને એને અનુભવવા માટે તમારે ખૂબ જ તીવ્ર રીતે, ખૂબ જ સાચા હૃદયથી સંકલ્પ કરવો જોઈએ અને એમ થતાં પછી બધો અંતરાય ચાલી જશે. જ્યાં સુધી તમારામાં પસંદગીનું કોઈક તત્ત્વ રહેતું હોય છે – ઈચ્છા, આકર્ષણ, ભાવબંધન રહેતાં હોય છે, ત્યાં સુધી એ બધાં તમારા આગળથી સત્યને ઢાંકી રાખે છે. એટલે તમારે સૌથી પ્રથમ તો તમારી ચેતનાની આ બધી ક્રિયાઓ ઉપર કાબૂ મેળવવાનો, તેમને વાળવાનો પ્રયત્ન કરવો જોઈએ અને જે ક્રિયાઓ બદલાઈ શકે તેવી ન હોય તેમને નિર્મૂળ કરી નાખવાનો પ્રયત્ન કરવો જોઈએ. અને આખરે આ ક્રિયાઓ સત્યની એક સંપૂર્ણ અને સ્થાયી અભિવ્યક્તિ બની રહેશે.

અને એમાં તમે કેવળ સંકલ્પ કરો એટલું પણ પૂરતું નથી, કેમ કે ઘણી વખત તો આપણે સંકલ્પ કરવાનું પણ ભૂલી જઈએ છીએ.

એટલે પછી તમારામાં એક અભીપ્સા હોવી જોઈએ અને એ એક અખંડ અગ્નિની માફક સતત જલતી રહેવી જોઈએ. અને જ્યારે જ્યારે તમારામાં ઈચ્છા ઊભી થાય, રાગદ્વેષ ઊભા થાય, આકર્ષણ જન્મે, ત્યારે ત્યારે તમારે તેમને એ અગ્નિમાં નાખી દેવાં જોઈએ. આ વસ્તુ તમે જો સતત આગ્રહપૂર્વક કરતા રહેશો, તો પછી તમને જણાશે કે તમારી સામાન્ય ચેતનામાં પણ સાચી ચેતનાનો એક નાનકડો ઝબકારો જન્મ લઈ રહ્યો છે. પ્રથમ તો એ ઝબકારો સાવ અસ્પષ્ટ હશે, ઈચ્છાઓ અને રાગદ્વેષો તથા આકર્ષણો અને ભાવબંધનોના કોલાહલની પાછળ ખૂબ દૂર દૂર રહેલો દેખાશે. પણ તમારે આ બધાંની પાછળ ચાલ્યા જવું જોઈશે અને ત્યાં તમને આ સાચી ચેતનાનાં દર્શન થશે અને તમે જોશો કે એ ખૂબ જ શાંત, સ્વસ્થ અને લગભગ નીરવ જેવી ચેતના હોય છે.

જે લોકો સાચી ચેતનાના સંપર્કમાં રહેતા હોય છે તેમને એકીસાથે સર્વ રીતની શક્યતાઓ દેખાઈ આવે છે અને જો જરૂર હોય તો, તેઓ અતિશય પ્રતિકૂળ હોય એવી શક્યતાને પણ પસંદ કરી લે છે. પરંતુ એ સ્થિતિમાં પહોંચવા માટે તમારે ખૂબ ખૂબ માર્ગ કાપવાનો રહે છે.

બાળક : આપણા રાગદ્વેષોને આપણે નિષ્ક્રિય કરી દેવા જોઈએ કે ભૂલી જવા જોઈએ?

શ્રી માતાજી : તમારે એમને રાખવાના જ નથી!

મન જ્યારે નીરવ થઈ જાય છે, એ જ્યારે ચુકાદા આપવાનું બંધ કરે છે, પોતાના કહેવાતા જ્ઞાનને લઈને તે આગળ ધસી આવતું નથી. ત્યારે પછી તમારામાં જીવનનો પ્રશ્ન ઉકેલવાની શકિત આવવા લાગે છે. તમારે કોઈ પણ વસ્તુ વિષે નિર્ણય બાંધવો ન જોઈએ, કેમકે મન એ તો માત્ર કર્મ માટેનું કરણ છે, એ કાંઈ સાચી રીતની જ્ઞાનપ્રાપ્તિ માટેનું કરણ નથી — સાચું જ્ઞાન તો બીજે ક્યાંકથી આવતું હોય છે.

એટલે જો તમે નિર્ણયો બાંધવાનું બંધ કરશો તો સત્યનું તમને વધુ ને વધુ ચોક્કસ જ્ઞાન થવા લાગશે અને જગતના દુઃખનો નવદશાંશ ભાગ અદૃશ્ય થઈ જશે.

મન જો એટલી વસ્તુ પણ સ્વીકારી શકે કે પોતે કાંઈ જાણતું નથી તો જગતમાં જે મહાન ગોટાળો ચાલી રહ્યો છે તેમાંથી મોટો ભાગ શાંત થઈ જશે.

આ પછી 'થોટ્સ ઍન્ડ ગ્લિમ્પ્સઝ' માં આવેલા
ફકરા વિષે પ્રશ્ન પૂછવામાં આવ્યો :
'આપણે જ્યારે મોજ માણવાની સ્થિતિથી પર
ચાલ્યા જઈશું ત્યારે આપણને પરમ
આનંદ મળશે? ઈચ્છા એ મદદગાર હતી,
ઈચ્છા એ અંતરાય છે.'

શ્રી માતાજીએ એમાં તરત ઉમેર્યું :

...તમે જે અવસ્થામાં હો તે મુજબ.

હું અહીં જે લોકો પોતાના સાચા સત્ય વિષે સાચેસાચ સભાન બનવા માગતા હોય છે અને એ સત્ય તેમને પોતાના જીવનમાં પ્રગટ કરવું હોય છે એવા લોકોની જ વાત કરું છું... હું ધારું કે જે લોકો અહીં છે એ બધાની સ્થિતિ આવી જ છે.

હું શિક્ષકોને કહું છું કે તેમણે વધુને વધુ પ્રમાણમાં સત્યને અનુસરતા રહીને શીખવવું જોઈએ. આપણે અહીં જે શાળા રાખી છે તે એટલા માટે છે કે જગતમાં જે લાખો નિશાળો ચાલી રહી છે તેના કરતાં આપણે એક જુદી જ જાતની શાળા કરવા માગીએ છીએ. એ શાળામાં બાળકોને સામાન્ય જીવન અને દિવ્ય જીવન —

સત્યનું જીવન—એ બે વચ્ચેનો ભેદ સમજવાની તક મળવી જોઈએ—વસ્તુઓને જુદી રીતે જોવાની તક મળવી જોઈએ. અહીં સામાન્ય જીવનની કેવળ પુનરાવૃત્તિ કરવાની ઇચ્છા રાખવી એનો કંઈ જ અર્થ નથી. અહીંના શિક્ષકોનું કાર્ય તો એ છે કે આપણાં બાળકોની આંખો એ વસ્તુ પ્રત્યે ખોલી આપવી, જે તેમને જગતમાં બીજે ક્યાંય મળી શકે તેમ નથી.

૨૩ ડિસેમ્બર, ૧૯૫૦

શ્રી માતાજી પોતે 'બુલેટિન'માં
લખેલો લેખ 'એકાગ્રતા અને વિક્ષેપતા'
(બુલેટિન, એપ્રિલ, ૧૯૪૯) વાંચે છે :

'કોઈ પ્રશ્નનો ઉકેલ કરવો હોય, કોઈ પાઠ શીખવો હોય તો તે માટે ખૂબ ખૂબ એકાગ્રતા અને ધ્યાન આપવાની જરૂર રહે છે. આ વાત તો બધા જાણે છે — બૌદ્ધિક રીતનું ધ્યાન અને એકાગ્રતા. પણ એકાગ્રતા એ માત્ર બૌદ્ધિક વસ્તુ જ હોતી નથી : એ સ્વરૂપની સર્વ પ્રવૃત્તિઓમાં હોઈ શકે છે — જેમાં શરીરની પ્રવૃત્તિઓ પણ આવી જાય. તમારા જ્ઞાનતંતુઓની એકાગ્રતા એવી હોવી જોઈએ કે એને લીધે, તમે જે કાંઈ કરતા હો તેના ઉપર તમે સંપૂર્ણપણે એકાગ્ર બની શકો અને તમારી એકાગ્રતાની તીવ્રતાને લીધે તમે બાહ્યમાંથી આવતી પ્રેરણાને તરત જ જવાબ આપવામાં સફળ થઈ શકો. આવી એકાગ્રતામાં પહોંચવા માટે આપણે શક્તિઓ ઉપર એક સભાન એવો કાબૂ મેળવવો જોઈએ.'

શ્રી માતાજી : તો કહો, તમારી પાસે જે શક્તિઓ આવે છે અને જે શક્તિઓ તમે ખરચો છો તે વિષે તમે સભાન છો ખરા?

તમે જે શકિત ખરચતા હો છો તે વિષે તમે થોડાઘણા સભાન તો હો છો, ખાસ કરીને જ્યારે તમે વધારે પડતી શકિત ખરચી નાખતા હો છો, ત્યારે! આપણે અહીં શકિતઓને ઝીલવી અને ખરચવી એ બે ક્રિયાઓની વચ્ચે જે સતત આપલે થતી રહે છે તેને વિષે વાત કરીએ છીએ. નાનાં બાળકો બુદ્ધિની ઉંમરે પહોંચે છે તે પહેલાં કશોય વિચાર કર્યા વિના ખૂબ ખૂબ શકિત મેળવતાં રહે છે અને મોકળા ભાવે ખરચતાં રહે છે; એટલા માટે જ તેઓ કલાકો સુધી થાકયા વિના રમી શકે છે. પણ તમારામાં જેમ જેમ વિચારશકિત વધતી જાય છે તેમ તેમ તમે તમારી શકિતઓનું માપ કાઢવા લાગો છો અને ગણતરી કરવા લાગો છો—સામાન્ય રીતે આ કરવું નકામું છે, કેમ કે તમને શકિતઓ કેવી રીતે મેળવવી તેની પ્રક્રિયાનું જ્ઞાન જો ન હોય તો પછી તમે શકિતઓને અંદર સ્થિર રૂંધી રાખવાને બદલે તમને જે કાંઈ મળતું હોય તેને છુટ્ટે હાથે વાપરતા રહો એ વધુ સારું છે.

પ્રથમ તો તમારે શકિતઓને ઝીલવા વિષે, એ તમારા સ્વરૂપમાં પસાર થાય છે એ વિષે તથા તેમને ખરચવા વિષે સભાન બનવું જોઈએ. એ પછી, તમારામાં એક ઊર્ધ્વ પ્રકારની સહજવૃત્તિ આવવી જોઈએ અને એ સહજવૃત્તિ વધુમાં વધુ અનુકૂળ શકિતઓ ક્યાંથી આવે છે એ વાત તમને જણાવે છે. એ થયા પછી, વિચાર દ્વારા કે શાંતિ દ્વારા કે બીજી કોઈ પ્રક્રિયા વડે—એવી પ્રક્રિયાઓ ઘણી છે—તમારે એ શકિતઓ સાથે તમારી જાતનો સંબંધ જોડવો જોઈએ. તમારે કઈ શકિત જોઈએ છે, એ ક્યાંથી આવે છે તથા એ શાની બનેલી છે એ તમારે જાણવું જોઈએ. તે પછી, તમે જે શકિત મેળવેલી હોય છે તેના પર કાબૂ મેળવવો જોઈએ. નેવું ટકા લોકો પોતામાં પૂરતી શકિત લેતા નથી અથવા તો વધુ પડતી લે છે અને પોતે જે લીધી હોય છે તેને પચાવતા નથી હોતા—એમને જોઈએ તેટલી શકિત મળી જાય છે કે તરત જ તેઓ તેને બહાર ફેંકી દે છે—આમતેમ હરવા ફરવામાં, વાતો કરવામાં, બૂમો પાડવામાં અને એવી એવી બીજી રીતે. જે શકિત આવતી હોય છે તેને કેવી રીતે તમારામાં ટકાવી રાખવી એ તમારે જાણવું જોઈએ અને એને તમારે જે પ્રવૃત્તિ કરવાની હોય તેના ઉપર પૂરેપૂરી એકાગ્ર કરવી જોઈએ, બીજી કોઈ વસ્તુ ઉપર નહિ. જો તમે આમ કરી શકશો તો પછી તમારે તમારી ઇચ્છા શકિતઓનો ઉપયોગ કરવાની જરૂર નહિ રહે. તમારી પાસે જે કાંઈ શકિતઓ આવી હોય તેમને તમારે માત્ર એકત્ર કરી લેવાની રહે છે અને તમે જે કાંઈ કરવા માગતા હો તેના ઉપર વધુમાં વધુ ધ્યાનપૂર્વક એકાગ્રતા કરીને, એ શકિતઓનો સભાન રીતે ઉપયોગ કરવાનો રહે છે.

અને તમે જે કાંઈ કરવાનો સંકલ્પ સેવો—તમારા સ્વરૂપનો ઊર્ધ્વ ભાગ જે કાંઈ કરવાનો સંકલ્પ સેવતો હોય—તેનું તમારે સાચું મૂલ્ય આંકતાં શીખવાનું રહે

છે — કેમ કે તમને જે વસ્તુ કરવાની ઇચ્છા થાય તે કરવી એ કાંઈ મુશ્કેલ હોતું નથી.

બાળક : એકાગ્રતા એ શું છે?

શ્રી માતાજી : એમાં તમે તમારી ચેતનાના વેરવિખેર થઈ પડેલા બધાય તંતુઓને કેવળ એક જ બિંદુ ઉપર, માત્ર એક જ વિચાર ઉપર પાછા લઈ આવો છો. જે લોકો સંપૂર્ણ રીતે ધ્યાન સિદ્ધ કરી શકતા હોય છે તેઓ પોતે જે કાંઈ કામ હાથમાં લે છે તેમાં સફળ થાય છે; એ લોકો હંમેશાં પ્રગતિ કરતા રહે છે. આવી એકાગ્રતા સ્નાયુઓની માફક ખીલવી શકાય છે. આમાં તમે જુદી જુદી સાધનાઓનો, તાલીમની જુદી જુદી પદ્ધતિઓનો આશ્રય લઈ શકો છો. આજે તો એ વાત જાણીતી છે કે, અત્યંત માંદલો માણસ પણ, તાલીમ દ્વારા, બીજા માણસો જેવો જ બળવાન બની શકે છે. તમારી સંકલ્પશકિત એવી ન હોવી જોઈએ કે તે મીણબત્તીની માફક હોલવાઈ જાય.

સંકલ્પશકિત અને એકાગ્રતા કેળવવાનાં રહે છે. એમાં માત્ર પદ્ધતિસરનો, નિયમિત વ્યાયામ કરવાનો જ પ્રશ્ન રહે છે. તમે જો એ માટે સંકલ્પ કરો, તો તમે એમ કરી શકો છો.

પણ 'આનો તે વળી શો ઉપયોગ?' એવો વિચાર તમારામાં આવે અને તમારી સંકલ્પશકિતને દુર્બળ કરી નાખે એવું તમારે ન થવા દેવું જોઈએ. માણસનું ચારિત્ર્ય તેના જન્મથી જ બંધાઈ ચૂકેલું હોય છે અને એને કોઈ પણ વસ્તુ બદલી શકતી નથી એવો વિચાર સેવવો એ તો કેવળ મૂર્ખતા છે!

૨૫ ડિસેમ્બર, ૧૯૫૦

એક સાધક બાળકને સમજાવે છે કે વરસનો જે ટૂંકામાં ટૂંકો દિવસ હોય છે ત્યારે સૂર્ય દક્ષિણ બાજુએ વધુમાં વધુ ઢળી ગયેલો હોય છે, ૧૧મી ડિસેમ્બરની આસપાસ. એ પછી સૂર્ય પાછો ઉત્તર તરફ ચડવા લાગે છે.

આ ઉપરથી શ્રીમાતાજી વિવરણ કરે છે :

શ્રી માતાજી : આટલા માટે જ ૨૫મી ડિસેમ્બરનો દિવસ, જિસસ ક્રાઇસ્ટના પહેલાં પણ ઘણા લાંબા વખતથી પ્રકાશના દિવસ તરીકે ઊજવાતો હતો. ખ્રિસ્તી ધર્મ આવ્યો તે પહેલાં ઘણા વખતથી આ ઉત્સવ પ્રચારમાં હતો. એનો આરંભ ઈજિપ્તમાં થયો હતો અને એ પણ ઘણે ભાગે બનવા જોગ છે કે ક્રાઇસ્ટનો જન્મ દિવસ - આ દિવસે પ્રકાશનું જ્યારે પુનરાગમન થવા લાગે છે તે જ દિવસે ગોઠવવામાં આવ્યો હશે.

આ પછી શ્રી માતાજી ઑગસ્ટ. ૧૯૪૯ ના
બુલેટિનમાં પોતે પ્રસિદ્ધ કરેલો લેખ
'અખૂટ શકિત' વાંચે છે.

બાળક : માણસની માનસિક પ્રવૃત્તિઓ વધતી જાય છે તેમ તેમ તેનામાં પોતાની શકિતઓને તાજી કરવાની શકિત તેટલા પ્રમાણમાં ઓછી થતી જાય છે, એમ કેમ બનતું હશે?

શ્રી માતાજી : પુખ્તવયના માણસોમાં એવું બને છે કે શકિતઓનો વિનિમય કરવાની સહજ રીતે બનતી રહેતી ક્રિયા મનની ક્રિયાને લીધે ક્ષીણ થવા લાગે છે. ચૌદ વર્ષની ઉંમર લગી બાળક, થોડાએક અપવાદોને બાદ કરતાં, એક નાનકડું પ્રાણી જ હોય છે. પ્રાણીની પેઠે એ પોતાની એની એ ક્રિયાઓ કરતું રહે છે અને બીજા સાથે આપલે કરતું રહે છે અને એ રીતે તે આપોઆપ જ પોતાની શકિતઓને તાજી કરી લે છે. પરંતુ મન, માણસમાં એક અસમતુલા લઈ આવે છે. પેલી સહજ રીતે થતી રહેતી ક્રિયાને બદલે, માણસમાં હવે એક બીજી વસ્તુ કામ કરવા લાગે છે. માણસમાં હવે જિજ્ઞાસા જાગે છે, તે બધું નિયમપૂર્વક કરવા માગે છે, તે નિર્ણય લેવા માગે છે, વગેરે વગેરે. અને તેથી, જો પોતાની શકિતઓને આપોઆપ તાજી કરી લેવાની આ શકિત માણસે પાછી મેળવવી હોય તો તે માટે તેણે હવે એક પગથિયું ઉપર ચડવાનું રહે છે. તેણે સહજવૃત્તિથી ઉપર જવાનું રહે છે, એટલે કે સામાન્ય રીતની મનોમય પ્રવૃત્તિમાંથી ઉપર ચડી તેણે સીધા સહજપ્રજ્ઞામાં જવાનું રહે છે.

(શ્રી માતાજી પોતાનું વાંચન ચાલુ કરે છે :)

> 'છતાં શકિતનું એક એવું મૂળ રહેલું છે કે, એક વાર તે તમને જડી આવે તો પછી, જીવનમાં બાહ્ય સંજોગો તથા સ્થૂલ પરિસ્થિતિ ભલે ગમે તે રીતનાં રહે તોપણ એ મૂળ સુકાઈ જતું નથી; આ શકિત તે આધ્યાત્મિક રીતની શકિત છે એમ આપણે કહી શકીએ છીએ. એ શકિત આપણને નીચેની બાજુથી, અવચેતનાનાં ઊંડાણોમાંથી આવી મળતી નથી, પણ ઉપરની બાજુએથી આવી મળે છે. મનુષ્યો અને જગતનું જ્યાં પરમ આદિમૂલ રહેલું છે, પરા ચેતનાના જે સર્વશકિતમાન અને શાશ્વત તેજભંડારો છે તેમાંથી એ શકિત આવતી રહે છે. આ શકિત આપણી આસપાસ સર્વત્ર આવેલી છે. દરેક વસ્તુની ભીતરમાં તે પ્રવેશ કરતી હોય છે. એની સાથે તમારે સંપર્કમાં આવવું હોય, તેને ઝીલવી હોય, તો તે માટે તમારે માત્ર આટલું જ કરવાનું રહે છે : સાચા દિલથી અભીપ્સા કરો, તમારી ચેતનાને વિશ્વરૂપ ચેતના સાથે એકરૂપ કરવા માટે તમારી જાતને વિશાળ કરતા રહો.'

આ લેખોમાં હું યોગની પરિભાષાને સામાન્ય શબ્દોમાં મૂકવાનો પ્રયત્ન કરતી રહું છું, કેમ કે આ બુલેટિનો, કહો કે સામાન્ય જીવન ગાળતા હોય એવા લોકોને માટે છે, પણ તો જે લોકો યોગનો અભ્યાસ કરે છે તેમને માટે પણ છે — એટલે કે જે લોકોને કેવળ સ્થૂલ ભૌતિક જીવનમાં જ ખાસ રસ રહેતો હોય છે, પણ જેઓ સામાન્ય પરિસ્થિતિઓ કરતાં પોતાના સ્થૂલ જીવનમાં વધુ પૂર્ણતા મેળવવાનો પ્રયત્ન

કરતા હોય છે તેવાઓ માટે પણ આ છે. આવી રીતે પૂર્ણતા માટે પ્રયત્ન કરવો એ એક ઘણું અઘરું કામ છે, પણ તે એક રીતનો યોગ છે. આ લોકો પોતાને 'ભૌતિકવાદી' કહેવડાવતા હોય છે અને આપણે યોગની ભાષા વાપરીએ છીએ તો તેઓ ગભરાઈ જતા હોય છે અથવા તો ચિડાઈ પડતા હોય છે, એટલે તેમને જે શબ્દોથી આઘાત લાગે તેમ હોય તેવા શબ્દો ન વાપરતાં એ લોકોની ભાષા આપણે વાપરવી જોઈએ. પણ મેં મારા જીવનમાં ઘણા એવા માણસોને જોયા છે કે જેઓ પોતાને 'ભૌતિકવાદી' કહેવડાવતા છતાં, જે લોકો પોતે યોગ કરવાનો દાવો કરતા હોય છે તેમના કરતાં તેઓ વધારે કઠોર સાધનાવાળું જીવન ગાળતા હતા.

આપણે તો એટલું જ માગીએ છીએ કે માનવજાતિની પ્રગતિ થાય. એ પ્રગતિ માટે માનવજાતિ જરૂરનો પ્રયત્ન કરતી હોય તો પછી તે પોતે યોગ કરે છે એવી વાત કરે કે ન કરે તોપણ તેથી કાંઈ વાંધો આવવાનો નથી.

બાળક : ધ્યાન અને એકાગ્રતા વચ્ચે શો ફેર છે?

શ્રી માતાજી : ધ્યાન એ માત્ર મનની પ્રવૃત્તિ છે, એમાં માત્ર આપણું મનોમય સ્વરૂપ જ રસ લેતું હોય છે. તમે ધ્યાન કરતી વખતે એકાગ્રતા કરી શકો છો, પણ એ માત્ર માનસિક એકાગ્રતા હોય છે. એમાં તમને એક નીરવતા મળી શકે છે, પણ એ માત્ર માનસિક રીતની નીરવતા હોય છે. એમાં તમારા સ્વરૂપના બીજા ભાગોને, તેઓ તમારા ધ્યાનમાં ભંગ ન પાડે તે માટે, સ્થિર અને નિષ્ક્રિય કરી દેવામાં આવતા હોય છે. તમે તમારા દિવસના વીસ કલાક ધ્યાનમાં ગાળી શકો છો અને છતાં બાકીના ચાર કલાક, તમે તદ્દન સામાન્ય માણસ જ બની રહેશો, કેમ કે આ પ્રકારના ધ્યાનમાં માત્ર તમારું મન જ રોકાયેલું રહે છે - તમારા સ્વરૂપના બાકીના ભાગ - પ્રાણ અને શરીર—દખલગીરી ન કરે તે માટે તમે તેમને દબાણ હેઠળ રાખી મૂકો છો. આવા ધ્યાનમાં, તમારા સ્વરૂપના બીજા ભાગો માટે સીધેસીધું કાંઈ જ કરવામાં આવતું નથી હોતું.

બેશક, આ રીતના કાર્યની પણ પરોક્ષ રીતની અસર તો થઈ શકે છે, પણ...મેં મારા જીવનમાં એવા લોકો જોયા છે કે જેમનામાં ધ્યાન કરવાની શકિત અસાધારણ પ્રકારની હતી, પણ ધ્યાન સિવાયની બાબતોમાં તેઓ તદ્દન સાધારણ માણસો હતા, ખરાબ માણસો પણ હતા, એમના ધ્યાનમાં ભંગ થાય તો તે ગુસ્સે થઈ જતા હતા. આ લોકો માત્ર પોતાના મન ઉપર જ કાબૂ મેળવવાનું શીખ્યા હતા, સ્વરૂપના બાકીના ભાગો ઉપર નહિ.

એકાગ્રતા એ વધારે સક્રિય અવસ્થા છે. તમે માનસિક રીતે એકાગ્રતા કરી શકો છો, પ્રાણની રીતે એકાગ્રતા કરી શકો છો, ચૈત્ય પુરુષની રીતે, સ્થૂલની રીતે એકાગ્રતા કરી શકો છો, તેમજ સમગ્ર રીતની એકાગ્રતા પણ કરી શકો છો. એકાગ્રતા કરવી, પોતાની જાતને કોઈ એક બિંદુ ઉપર એકાગ્ર કરવાની શક્તિ હોવી, એ વસ્તુ ધ્યાન કરવા કરતાં વધારે મુશ્કેલ છે. તમે તમારા સ્વરૂપનો કે ચેતનાનો એક ભાગ લઈ તેને એકાગ્ર કરી શકો છો. તમે તમારી આખીયે ચેતનાને એકાગ્ર કરી શકો છો અથવા તો તેના અંશોને એકાગ્ર કરી શકો છો, એટલે કે તમારી એકાગ્રતા આંશિક હોઈ શકે છે, તેમ જ સંપૂર્ણ અથવા તો સમગ્ર રીતની પણ હોઈ શકે છે, અને એ દરેક પ્રસંગે પરિણામ જદું આવે છે.

તમારામાં જો એકાગ્રતા કરવાની શક્તિ હશે તો તમારું ધ્યાન વધુ રસમય બનશે, વધુ સહેલું બનશે. પણ તમે એકાગ્રતા કર્યા વિના ધ્યાન કરી શકો છો. ઘણા લોકો ધ્યાનમાં એક પછી એક વિચારો કર્યે જતા હોય છે—એ ધ્યાન હોય છે, એકાગ્રતા નહિ.

બાળક : આપણે એકાગ્રતા કરતાં કરતાં શું એમ અનુભવી શકીએ ખરા કે હવે આ ક્ષણે આપણી એકાગ્રતા સંપૂર્ણ બની ગઈ છે, અથવા તો આવી એકાગ્રતામાંથી આગળ વધીને હવે અમુક ક્ષણે વિશ્વરૂપ શક્તિ પ્રત્યે ખુલ્લા બની રહ્યા છીએ?

શ્રી માતાજી : હા, તમે જ્યારે કોઈ વસ્તુ ઉપર એકાગ્રતા કરવા માંડો છો, અથવા તો માત્ર તમારી જાતને બને તેટલી સંકેલવાની ક્રિયા કરતા રહો છો અને એ એકાગ્રતામાં તમે જ્યારે એક રીતની સંપૂર્ણ સ્થિતિમાં પહોંચી જાઓ ત્યારે, તમે જો એ સંપૂર્ણતાને પૂરતા લાંબા સમય માટે ટકાવી રાખી શકો છો તો પછી તમારામાં એક બારણું ખૂલવા લાગે છે અને તમે તમારી સામાન્ય ચેતનાની મર્યાદાથી પર ચાલ્યા જાઓ છો—તમે એક વધુ ગહન અને વધુ ઊંચી ચેતનામાં પહોંચો છો—અથવા તો તમે તમારી અંદર ચાલ્યા જાઓ છો. એ પછી તમે કોઈક રીતનો ઝંખવી નાખે તેવો ઝળહળતો પ્રકાશ અનુભવી શકો છો, તમને એક આંતરિક રીતનો ચમત્કાર થતો અનુભવાય છે, એક આનંદ, એક પૂર્ણ જ્ઞાન, એક પૂર્ણ નીરવતા અનુભવવાની મળે છે. બેશક, આમાં ઘણી ઘણી વસ્તુઓ બની શકે છે, પણ આ બધી ઘટનાઓ હંમેશાં એક જ રીતની હોય છે.

તમે તમારી એકાગ્રતાને સંપૂર્ણતાની ઊંચામાં ઊંચી ટોચે પૂરતા સમય લગી ટકાવી રાખો એટલી શક્તિ તમારામાં છે કે નહિ તેના ઉપર આવી અનુભૂતિ થવાનો બધો આધાર રહે છે.

બાળક : આ અનુભૂતિ મેળવવા માટે આપણે શું હરેક વખતે એકાગ્રતા કરવાની જરૂર રહે છે?

શ્રી માતાજી : હા, શરૂઆતમાં એમ કરવું પડે છે, કેમ કે હજી તમે જે મેળવ્યું હોય છે તેને સાચવી રાખવાની શકિત તમારામાં આવી હોતી નથી. તમારી એકાગ્રતાને તમે એની ઊંચામાં ઊંચી ટોચે ટકાવી રાખી શકતા નથી — તમે નીચે સરકી જતા હો છો અને તમને જે અનુભૂતિ થઈ હોય છે તેની સ્મૃતિ પણ તમને રહેતી નથી હોતી. પણ તમે જો એક રસ્તે એક વાર જાઓ તો પછી બીજી વાર એ રસ્તે જવું વધારે સહેલું બને છે અને ત્રીજી વાર વળી વધારે સહેલું : એટલે તમે પહેલી વાર એકાગ્રતા કરી હોય તેના કરતાં બીજી વારની એકાગ્રતા વધુ સહેલી બને છે. એટલે તમારે તમારી એકાગ્રતામાં બરાબર લાગી રહેવું જોઈએ અને એમ કરતાં કરતાં તમે એવી સ્થિતિમાં પહોંચશો કે પછી તમારો આંતરિક સંપર્ક કદી બંધ થશે નહિ.

એ બન્યા પછી તમારે આ આંતરિક અને ઊર્ધ્વ ચેતનામાં રહેતા થઈ જવું જોઈએ અને ત્યાંથી તમે હરકોઈ વસ્તુ કરી શકશો. તમને દેખાવા લાગે છે કે આ તો તમારું શરીર છે અને જડતત્ત્વ છે અને શું કરવું અને તે કેવી રીતે કરવું એનું જ્ઞાન તમને મળી રહે છે.

એકાગ્રતાનું પહેલું લક્ષ્ય તે આ છે, પણ એ છેવટનું લક્ષ્ય તો નથી જ.

આવી એકાગ્રતા સિદ્ધ કરવા માટે ખૂબ મહેનત કરવાની જરૂર રહે છે. તમને તરત જ કંઈ પરિણામ મળી આવે કે પછી ઝડપથી પણ કંઈ પરિણામ આવે એવું તો ભાગ્યે જ શક્ય હોય છે. પણ એક વાર જો તમારામાંનું બારણું ખૂલ્યું હોય છે તો તમે ખાતરી રાખી શકો છો કે, તમને જો ખંતપૂર્વક એમાં લાગી રહેવાનું આવડતું હશે, તો ફરીથી પણ એ ખૂલશે.

_જ્યાં સુધી તમારામાં આ બારણું ખૂલ્યું નથી હોતું ત્યાં સુધી તમને તમારી શકિત વિષે શંકા રહી શકે છે, પણ એક વાર એ ખૂલી જાય તે પછી તમે જો અભીપ્સા અને સંકલ્પ ચાલુ રાખશો તો એમાં પછી શંકા રહી શકવાની નથી.

_આ અનુભૂતિ પણ ઠીક ઠીક કીમતી છે.

બાળક : 'સ્વપ્નોની જનેતા' એનો અર્થ શો છે?

શ્રી માતાજી : શ્રી અરવિંદ જ્યારે 'સ્થિર અને શાંત ચેતના'ની વાત કરે છે ત્યારે તેઓ, ઘણી વાર ઘણા સૂચક એવા કાવ્યમય શબ્દોનો પ્રયોગ કરે છે. શ્રી અરવિંદે

'સ્વપ્નોની જનેતા' એ શબ્દ, પોતે જાણે કે એક નીચેની ભૂમિકા પર રહીને જોતા હોય એવી રીતે વાપર્યો છે. એવી નીચેની ભૂમિકા પર રહેલો માણસ જાણે કે કોઈ રહસ્યમય વસ્તુને, કોઈ અત્યંત અદ્‌ભુત, અપ્રાપ્ય અને લગભગ અગમ્ય વસ્તુને નિહાળી રહેલો હોય એવી રીતે આ વસ્તુ રજૂ કરાઈ છે. પરંતુ તમે જો બીજા દૃષ્ટિબિંદુથી જુઓ તો તમે કહી શકો કે આ તો પેલી સર્જનહાર ચેતના છે, વિશ્વનું આદિ મૂળ છે, વિશ્વરૂપા મા ભગવતી છે, સર્જક શકિત છે, વગેરે વગેરે.

બાળક : અમે જ્યારે ખરાબ રીતે રમતા હોઈએ છીએ ત્યારે અમને એમ લાગે છે કે અમારામાં કશી જ શકિત નથી, પણ અમે જો સારી રીતે રમીએ છીએ, ખૂબ ઉત્સાહપૂર્વક રમીએ છીએ તો અમને લાગે છે કે શકિત આવી રહી છે. આમ શા માટે હશે?

શ્રી માતાજી : આ સંપૂર્ણ સાચી વસ્તુ છે. તમારે પૃથ્વી પરની શકિત સાથે સંપર્કમાં આવવું હોય તો તમારે તમારી પોતાની અંદર કોઈ રીતની સંવાદિતા સ્થાપવાની રહે છે. તમને જો રમત સારી રીતે રમતાં આવડતી હશે, એમાંની ચાલો કઈ રીતે ચાલવી તે જો તમને આવડતું હશે અને તમે જો એમાં ઉત્સાહપૂર્વક રસ લેશો, તમારામાં જો જીતવા માટેની ઈચ્છા હશે, એક રીતની મહત્ત્વાકાંક્ષા – કદાચ થોડીક બાલિશ ગણાય તેવી – હશે, તો તમે જેમ જેમ સફળ થતા જશો તેમ તેમ તમને એક રીતનો આંતરિક આનંદ મળશે, એ કદાચ બહુ ઊંડો આનંદ નહિ હોય, પણ એ આનંદ શકિતના વિનિમય માટે જરૂરની એવી સંવાદિતા ઊભી કરી આપશે. આથી ઊલટું, જે લોકોને હારનો સ્વીકાર કરતાં આવડતું નથી, જે લોકો વસ્તુઓ પોતાના ધાર્યા મુજબ ન થતાં ગુસ્સે થઈ જતા હોય છે, મિજાજ ગુમાવી દેતા હોય છે, તેઓ પોતાની શકિત વધુ ને વધુ ગુમાવતા રહે છે.

વળી, જો તમે વિષાદમાં સરી જાઓ છો તો એથી પણ તમે જ્યાં જ્યાંથી શકિત આવતી હોય છે — ઉપરથી, નીચેથી, હરેક દિશાએથી — તે બધી બાજુઓનાં મૂળને કાપી નાખતા હો છો. તમસમાં ઢળી પડવાનો આ સારામાં સારો રસ્તો છે. એટલે વિષાદમાં સરી ન પડાય તે માટે તમારે સાફ સાફ ના પાડી દેવી જોઈએ.

વિષાદ એ હમેશાં એક ઉગ્ર અહંકારની નિશાની હોય છે. તમને જ્યારે લાગે કે વિષાદ તમારા પર ચડી આવી રહ્યો છે ત્યારે તમારી જાતને કહેજો, 'હું અહંકારની બીમારીની અવસ્થામાં છું, એમાંથી મારે સાજા થઈ જ જવું જોઈએ.'

૨૮ ડિસેમ્બર, ૧૯૫૦

શ્રી માતાજી બુલેટિનના ૧૯૪૯ના નવેમ્બરના અંકમાંથી 'સાચો નિર્ણય' નામનો લેખ વાંચે છે. આપણા નિર્ણયને જે જુદી જુદી વસ્તુઓ ખોટો બનાવી દેતી હોય છે તેનું અવલોકન કર્યા પછી શ્રી માતાજી નીચેનું વિવરણ ઉમેરે છે:

માણસની ઇન્દ્રિયો તેના મનની અવસ્થાની અસર હેઠળ કામ કરતી હોય છે, કેમકે આંખ વસ્તુને જુએ અને મગજ તેને ઝીલે એ બે ક્રિયાઓની વચ્ચે કંઈક આવી જતું હોય છે. આ એક ઘણી સૂક્ષ્મ વસ્તુ છે. મગજ, આંખોએ કરેલી જોવાની ક્રિયાને જ્ઞાનતંતુઓ દ્વારા ઝીલતું હોય છે. આમાં કાંઈ તર્કની ક્રિયા હોતી નથી. એ ઝીલવાની ક્રિયા કહો કે તત્ક્ષણે જ બની જતી હોય છે. પરંતુ આંખ જોવાની ક્રિયા કરે અને મગજનો જે કોષ એને 'સમજવાની ક્રિયા' કરે એ બેની વચ્ચે એક ટૂંકો ગાળો આવી જતો હોય છે અને મગજની આ જે 'સમજવાની ક્રિયા' છે તે લાગણીઓની અસર હેઠળ રહેતી હોય છે. આંખ જે વસ્તુને જોતી હોય છે અને મગજ તેને જે સમજતું હોય છે એ બેની વચ્ચેનું જે એક નાનકડું આંદોલન હોય છે અને તેને લીધે ઘણીવાર મગજનો જવાબ ખોટો થઈ જતો હોય છે. અને આમાં શુભ ભાવનાનો પ્રશ્ન પણ નથી હોતો. અત્યંત સાચા દિલના માણસો પણ શું બની રહ્યું હોય છે તે જાણતા નથી હોતા. અત્યંત શાંત રહેનારા માણસો, કશી પણ ઉગ્ર લાગણી વિનાના, જેમને લાગણી જેવું થતું પણ નથી એવા માણસો

પણ, આ રીતે એક અસર હેઠળ આવી જાય છે. એમને આ નાનકડું અસત્ય-સર્જક આંદોલન વચ્ચે આવી ગયું હોય છે તેની કશી ખબર પડતી નથી હોતી.

આમાં કેટલીક વાર નૈતિક વિચારો પણ અંદર ભળી જતા હોય છે અને નિર્ણયને ખોટો બનાવી દેતા હોય છે. પરંતુ આપણે તો આપણામાંથી બધા જ નૈતિક વિચારોને દૂર કરી દેવાના છે: આ કહીને હું કોઈને આઘાત પહોંચાડતી હોઉં તો તે માટે હું દિલગીર છું. પણ વાત આમ જ છે. તમે જ્યારે સર્વ પ્રકારનાં આકર્ષણ અને ઘૃણાને જીતી લો છો ત્યારે જ તમે સાચો નિર્ણય લઈ શકો છો. જ્યાં સુધી અમુક વસ્તુઓ તમને આકર્ષતી રહે અને અમુક વસ્તુઓ તમારામાં ઘૃણા ઉત્પન્ન કરતી રહે ત્યાં સુધી તમારી ઇન્દ્રિયો પૂરેપૂરી ખાતરીપૂર્વક કામ કરે એવું બની શકશે નહીં.

દાખલા તરીકે, આપણે જાણીએ છીએ કે કોઈ અકસ્માત થતો હોય છે ત્યારે એના ઘણા જોનારા હોઈ શકે છે; બે, ત્રણ, દસ — પણ એ બધા કંઈ એક જ વસ્તુ જોતા હોતા નથી. બનાવ તો એક જ બનતો હોય છે, પણ કોઈપણ બે માણસો તેને એક જ રીતે જોતા નથી હોતા. આવે વખતે માણસોને આંતરિક આઘાત લાગતો હોય છે અને તેને લીધે જે બનાવ બનતો હોય છે તેનો માત્ર નાનકડો ભાગ જ તેઓ જોતા હોય છે.

પણ આપણને મળતા સંસ્કારોને મેળમાં લઈ આવવા માટેની એક પધ્ધતિ છે: એક વિચાર અને તેની સામેનો વિચાર—એ બંનેને તમે એક જ લીટીના બે છેડા તરીકે ગણો અને એ બે છેડાની વચ્ચે પહેલા વિચારની સાથે જોડાઈને આવતા બીજા વિચારોને એક પછી એક અગણિત સંખ્યામાં મૂકતા જાઓ, અને એ રીતે તમે જોશો કે પહેલો વિચાર અને છેલ્લો વિચાર એ બંને વચ્ચે મેળ રહેલો છે અને આમ કરતાં કરતાં તમને ખબર પડશે કે આ તો એક ઘણી રસિક કસરત બની રહે છે.

(શ્રી માતાજી વાંચન ચાલુ રાખે છે:)

> 'જે માણસ રાગ અને દ્વેષથી પર હોય છે, ઇચ્છાઓ અને પસંદગીઓથી પર હોય છે તે જ વસ્તુઓને સંપૂર્ણ રીતની તટસ્થતાથી જોઈ શકે છે. વસ્તુઓને જોનારી ઇન્દ્રિયો પોતાની જોવાની ક્રિયા તો શુદ્ધ વસ્તુગત રીતે કરતી હોય છે, કોઈ અત્યંત નાજુક અને સંપૂર્ણ કરેલા યંત્રની માફક અને તેમાં પછી એક જીવતી ચેતનાની સ્પષ્ટ દૃષ્ટિ ઉમેરાય છે.'

હું 'વસ્તુગત રીતે જોયેલું દર્શન' એમ કહું છું. વસ્તુગત રીતે જોવું એટલે કે આપણા પોતા તરફથી કાંઈપણ ઉમેર્યા વિના, હરેક રીતના અંગત પ્રત્યાઘાતમાંથી મુક્ત રહીને વસ્તુને જોવી અને નિર્ણય લેવો. તમારે તમારી કોઈપણ અંગત લાગણીઓનું મિશ્રણ થવા દીધા વિના વસ્તુને જોતાં શીખવું જોઈએ.

અને આમાં હું ઉમેરું છું કે આ 'સંપૂર્ણ કરેલું યંત્ર' એક જીવંત ચેતનાની સ્પષ્ટ દૃષ્ટિ વિના કાંઈ જ કરી શકતું નથી. ચેતના જ્યારે એક અદ્વૈત રૂપ બની ગયેલી હોય છે ત્યારે તમે તાદાત્મ્ય દ્વારા જ્ઞાન મેળવી શકો છો, એટલે કે તમારે કોઈ વસ્તુનું કે માણસનું જ્ઞાન મેળવવું હોય કે તેને વિષે તટસ્થ નિર્ણય લેવો હોય તો તેની સાથે તમારે તમારી ચેતનાને જોડી લેવાની રહે છે : આ વસ્તુ કે માણસ સાથે તમારે આંતરિક સ્પર્શમાં ઊતરવાનું હોય છે, અને ત્યારે પછી તમે ખાતરીપૂર્વક અને ચોક્કસ રીતે જાણી શકો છો.

વળી તમારી દૃષ્ટિમાં જે વિકૃતિ અને અસત્ય આવી જાય છે તેનું કારણ પણ પરિણામો વિષેની તમારામાં રહેલી ચિંતાની લાગણી હોય છે. તમારે જો એકદમ સાચો નિર્ણય લેવો હોય, તો તે માટે તમે કશી ઇચ્છા વિના કેવી રીતે વસ્તુનો અમલ કરી શકાય તથા કર્મ કરી શકાય તે જાણવું જોઈએ. અને આ વસ્તુ તો હજારમાં માત્ર એકાદ જણ જ કરી શકે છે. લગભગ બધા જ માણસો પરિણામ વિષે આતુર રહેતા હોય છે. અથવા તો પરિણામ મેળવવાની તેમને મહત્ત્વાકાંક્ષા હોય છે. પણ તમારે પરિણામ વિષે આતુર ન રહેવું જોઈએ. માત્ર વસ્તુ કરી દો, કેમકે તમને દેખાયું હોય છે કે આ એક વસ્તુ કરવાની જરૂર છે અને તમે તે કરી નાખો. તમારી જાતને કહો : 'આ હું કરું છું, કેમકે એ વસ્તુ કરવાની જરૂર છે. હવે ભવિષ્યમાં જે કાંઈ બને તેની મને પરવા નથી.'

અને દેખીતી રીતે જ આ એક આદર્શરૂપ અવસ્થા છે, અને તમે એ સ્થિતિમાં પહોંચો નહિ ત્યાં સુધી તમારું કાર્ય હંમેશાં મિશ્ર પ્રકારનું રહેશે. એટલે કે તમને જો સત્યના એક સ્પષ્ટ દર્શનમાંથી પ્રેરણા ન મળતી હોય તો પછી તમારે તમારા પોતાને માટે એ નિયમ કરી લેવો જોઈએ કે તમારે પોતે જે કાંઈ વસ્તુ કરવાની જરૂર હોય તે જ વસ્તુ હમેશાં કરવી, કેમકે માત્ર એ જ વસ્તુ કરવાની જરૂર હોય છે, બીજી કોઈ જ નહિ.

૩૦ ડિસેમ્બર, ૧૯૫૦

'આપણી ખોજ સફળતા માટે નથી; આપણું ધ્યેય પૂર્ણતા છે. આપણે મોટાઈ કે કીર્તિને ઝંખતા નથી: આપણે આપણી જાતને એક દિવ્ય આવિર્ભાવ માટે તૈયાર કરવા માગીએ છીએ.'

(શ્રી માતાજી, 'ટુર્નામેન્ટ્સ' બુલેટિન, એપ્રિલ, ૧૯૫૦)

શ્રી માતાજી : આ પૂર્ણતા શું વસ્તુ છે?

કેટલાક લોકો પૂર્ણતાને સર્વોચ્ચ સ્થાને મૂકે છે, સામાન્ય રીતે એમ માનવામાં આવે છે કે વ્યકિત બહુ બહુ કરે તો પૂર્ણતા સુધી પહોંચી શકે, પરંતુ મારું કહેવું એમ છે કે પૂર્ણતા પણ છેવટનું શિરોબિંદુ નથી, એ કોઈ અંતિમ સ્થાન નથી. તમે ગમે તે કરો પણ તેની ચરમ સીમા જેવું કાંઈ જ નથી. તમે જે કંઈ કર્યું હોય છે તેથી વધુ સારું કરવાની શકયતા હંમેશાં રહે છે જ. અને આ વધુ સારું કરવાની શકયતા એજ પ્રગતિનો સાચો અર્થ છે.

જ્યારે અંત જ નથી ત્યારે આપણે પૂર્ણતા કેવી રીતે સિદ્ધ કરી શકીએ?

બાળક : આપણે અમુક પ્રગતિ કરીએ તો એમ કહેવાય કે આપણે પૂર્ણતા તરફ ગતિ કરીએ છીએ?

શ્રી માતાજી : તમે પૂર્ણતા અને પ્રગતિ એ બે વસ્તુઓમાં સેળભેળ કરો છો. પ્રગતિ થાય એટલે એ પૂર્ણતા તરફ જ હોય એમ નક્કી ન કહેવાય. પ્રગતિમાં કદાચ એક

પ્રકારની પૂર્ણતા હોઈ શકે પણ તેથી એમ ન કહેવાય કે પ્રગતિ અને પૂર્ણતા એ બંને એક જ વસ્તુ છે. પ્રગતિ તો એક આરોહણ છે. પૂર્ણતા એક સંવાદિતા, સમતુલા છે.

પરંતુ સમતુલા એટલે શું? થોડુંક ભૌતિક વિજ્ઞાન ભણેલા હોય એવા અહીં કોઈ છે કે?

બાળક : ત્રાજવામાં બંને પલ્લામાં સરખું વજન રાખ્યું હોય ત્યારે એમ કહેવાય છે કે સમતુલા સિદ્ધ થઈ છે.

શ્રી માતાજી : બરાબર. એટલે પૂર્ણતા એ એક સમતુલા છે એમ હું કહું છું એનો અર્થ શું થાય?

બાળક : જ્યારે અમુક સંજોગોમાં, જે વસ્તુ ચરિતાર્થતાની વિરોધી હોય, એટલે કે તેની સામે થનારી હોય, તેના ઉપર એક સચેતન શકિત વિજય મેળવે ત્યારે તેનું પરિણામ સિદ્ધિની અભિવ્યકિતમાં આવે છે.

શ્રી માતાજી : હા, લગભગ એ એવું જ છે, જો કે હું એને જરાક જુદી રીતે કહું.

પૂર્ણતાનો સંકલ્પ એ એક એવી વસ્તુ છે જે આપણી પાસે ભાગવત ચેતનામાંથી એક પછી એક ભૂમિકાઓમાં થઈને ઊતરી આવે છે અને ત્યારે આપણે એક પછી એક ભૂમિકાઓ પ્રત્યે પાછું આરોહણ કરીએ છીએ.

આમ છતાં, આ વિચાર હજી વિકાસશીલ છે. હંમેશાં એમ કહેવામાં આવે છે કે જ્યારે કોઈ સર્જન તેની વધુમાં વધુ શકયતાએ પહોંચે છે ત્યારે તે પૂર્ણતા પામ્યું એમ કહેવાય. પરંતુ વાત એમ નથી! અને ખાસ એટલે જ મારો વિરોધ આ વિચાર સામે છે : આ સર્વ કાંઈ એક પ્રગતિ પ્રત્યે જતા સોપાનોની શ્રેણી જેવું છે. એટલે કે, પ્રકૃતિ જે કંઈ કરે છે, તેમાં એ તેના છેક છેવટના છેડા સુધી જાય છે અને જ્યારે તે જુએ છે કે હવે આથી તે આગળ જઈ શકે તેમ નથી, વધારે ગતિ કરી શકે તેમ નથી, ત્યારે તે પછી એ બધાનો નાશ કરે છે અને ફરીથી શરૂઆત કરે છે. પરંતુ, માટે જ આને પૂર્ણતા ન કહેવાય, કારણ કે પૂર્ણતાનો નાશ થઈ શકે નહિ. જ્યારે પ્રકૃતિ પોતે જે શરૂ કર્યું છે તેનો ફરીથી નાશ ન કરવાની સ્થિતિમાં પહોંચશે ત્યારે જ પૂર્ણતા આવશે.

બાળક : આપ કહો છો કે આપણે સફળતાની ખોજમાં નથી; પરંતુ સફળતા એ પણ એક જાતની પૂર્ણતા નથી શું?

શ્રી માતાજી : સામાન્ય માનવ મનને સફળતાની પ્રાપ્તિમાં કદાચ પૂર્ણતા લાગતી હશે પરંતુ આપણે માટે એમ નથી.

પૂર્ણતા એ કોઈ સ્થિર અચલ અવસ્થા નથી : એ એક સમતુલા છે ખરી; પરંતુ એ એક એવી વિકાસશીલ સક્રિય સમતુલા છે જેમાં વ્યકિત એક પૂર્ણતામાંથી બીજી પૂર્ણતામાં જઈ શકે છે. એક એવી સ્થિતિ આવવી શક્ય છે જેમાં આગળ જવા માટે નીચલે પગથીએ ઊતરવું જરૂરી ન બને. અત્યારની ક્ષણે પ્રકૃતિની કૂચ એ પ્રકારની છે, પરંતુ આ નવી અવસ્થામાં, ફરીથી શરૂઆત કરવા માટે પાછા જવાની ફરજ પડવાને બદલે, વ્યકિત ક્યારે પણ અટકયા સિવાય હમેશાં આગળ ચાલી શકશે, હાલ જે રીતની વસ્તુસ્થિતિ છે તે પ્રમાણે, અત્યારે જે રીતના માનવજીવો છે તેઓ અમર્યાદપણે પ્રગતિ કરી શકે તેમ નથી, એટલે વ્યકિતએ અમુક બિંદુ સુધી આવીને અત્યારની જાતિને છોડી દઈને ઊર્ધ્વતર જાતિમાં પહોંચી જવું અથવા બીજી જાતની પ્રજાનું સર્જન કરવાનું રહે છે. હાલની ઘડીએ માનવ જે પ્રકારનો છે તે પોતાની જાતમાંથી બહાર ન નીકળે તો પૂર્ણતા પામી શકે તેમ નથી — માનવ એ વચગાળાનો જીવ છે. સામાન્ય ભાષામાં એમ કહેવામાં આવે કે 'ઓહ, આ માણસ પૂર્ણ છે!' પરંતુ એ તો એક સાહિત્યની ભાષાનો અલંકાર થયો! હાલની તાત્કાલિક પરિસ્થિતિમાં તો માનવજીવ વધુમાં વધુ પામી શકે તેવી વસ્તુ તે તો એક વિકાસશીલ ન હોય તેવી સમતુલા છે. આવી રીતે મનુષ્ય કદાચ એવી જાતની કોઈ એક એવી સમતુલાની અવસ્થાએ પહોંચી શકે કે જેમાં પછી કોઈ ફેરફારને અવકાશ ન હોય. પરંતુ તો તો પછી, આવી જે કઠણ વસ્તુ હોય છે તેને પ્રગતિની શક્યતાના અભાવને કારણે ભાંગી નાખી શકાય છે.

બાળક : ભગવાનને સ્વરૂપના સર્વ ભાગોમાં ચરિતાર્થ કરવા એ પૂર્ણતા નથી?

શ્રી માતાજી : ના, તમે જે વિચારો છો એ પણ પ્રગતિનું એક સોપાન માત્ર છે, સાક્ષાત્ પૂર્ણતા નહિ.

એટલે હવે આપણે એક એવી વ્યાખ્યા શોધી કાઢવી જોઈશે જે બધા દાખલાઓમાં, એટલે કે, વ્યકિત, સમૂહ, પૃથ્વી અને વિશ્વ બધાને બંધ બેસતી થાય. તો આપણે એમ કહી શકીએ કે જ્યારે હરેક પળે આપણી ગ્રહણશકિત, જે શકિત આવિર્ભાવ પામવા માગે છે, તેના જેટલી જ ગુણવત્તા અને પ્રમાણવાળી બની રહેતી થશે, ત્યારે જ વ્યકિત, સમૂહ, પૃથ્વી અને વિશ્વની પૂર્ણતા સિદ્ધ થશે. પરમ સમતુલા એને કહેવાય.

એટલે જ, જે વસ્તુ ઉપરથી આવે છે અને જે વસ્તુ નીચેથી પ્રત્યુત્તર વાળે છે એ બંનેની વચ્ચે એક પૂર્ણ સમતુલા હોવી જોઈએ અને જ્યારે એ બંને મળે ત્યારે જ પૂર્ણ સમતુલા, કિંવા સિદ્ધિ, સતત પ્રગતિમાં સિદ્ધિ, પ્રાપ્ત થાય.

(પછી શ્રી માતાજી એ જ લેખ વાંચવો ચાલુ રાખે છે :)

'... દેખાવું તેના કરતાં બનવું વધુ સારું છે. જો આપણી સચ્ચાઈ સંપૂર્ણ હોય તો આપણે સારા દેખાવાની જરૂર નથી. અને પૂર્ણ સચ્ચાઈ કરીને અમે એમ કહેવા માગીએ છીએ કે આપણા સર્વ વિચારોમાં, આપણી સર્વ લાગણીઓમાં, આપણાં સર્વ સંવેદનોમાં, અને આપણી સર્વ ક્રિયાઓમાં, આપણે આપણા જીવનના કેન્દ્રસ્થ સત્ય સિવાય અન્ય કંઈ અભિવ્યકત ન કરીએ.'

જ્યારે તમે તદ્દન સચ્ચાઈભર્યા હો છો ત્યારે તમે તમારા જીવનના ઉચ્ચતમ આદર્શ, તમારા જીવનના સત્ય સાથે સંવાદમાં જીવવા માટે સતત પ્રયત્ન કરો છો. હરેક ક્ષણે, તમે જે કંઈ વિચારતા હો, જે કંઈ અનુભવતા હો, અને જે કંઈ કરતા હો તે સર્વમાં તમે તમારી જાતને તમારા ઉચ્ચતમ આદર્શ સાથે, અથવા તો જો તમે એ બાબતમાં સભાન હો તો તમારા જીવનના સત્ય સાથે, તમારી જાતને સંવાદમાં મૂકવા સારુ જેટલી બને તેટલી પૂર્ણ રૂપે, જેટલી બને તેટલી સર્વાંગી રીતે, મૂકવા પ્રયત્ન કરો છો અને ત્યારે તમે ખરા અંતરની સચ્ચાઈ પ્રાપ્ત કરો છો. જો તમે એવા થશો, અને ખરેખર જો તમે અહંમૂલક હેતુઓ માટે અથવા અંગત કારણોસર કાર્ય કરતા નહિ હો, જો તમે તમારા અંતરના સત્યથી પ્રેરાઈને જ કાર્ય કરતા હશો, એટલે કે જો તમે પૂરેપૂરા સત્યનિષ્ઠ હશો તો પછી આખી દુનિયા તમારે માટે એક યા બીજી રીતની માન્યતા સેવે, એ બધું જ તમારા માટે તો એક સરખું જ છે. સચ્ચાઈની આ પૂર્ણ સ્થિતિમાં તમારે સારા દેખાવાની અગર બીજાઓ તમને માન્ય રાખે તેવી રીતે વર્તવાની જરૂર હોતી નથી; કારણ કે જ્યારે તમે સત્ય—ચેતનાની સાથે સંવાદમાં હો છો, ત્યારે તેનો પ્રથમ અનુભવ જ એવો હોય છે કે તમે કેવા દેખાઓ છો તેની તમને પરવા રહેતી નથી. ભલે તમે આવા દેખાઓ કે તેવા દેખાઓ, ભલે તમે બેધ્યાન, ઠંડા દૂર રહેનારા, કે મગરૂર દેખાઓ, એ બધાની કોઈ અગત્ય નથી. જુઓ, હું તમને આ વસ્તુ ફરી ફરીને કહીશ કે, જ્યારે તમે કદી પણ વિસરતા નહિ હો કે તમે કેવળ તમારા અંતરના, કેન્દ્રસ્થ સત્યનો સાક્ષાત્કાર કરવાને માટે જ જીવન ધારણ કરો છો ત્યારે જ આ વસ્તુ સાચી રીતે બનશે.

બાળક : એકમાત્ર પ્રભુને જ ખુશી કરવા, અન્ય કોઈને નહિ—એ પ્રકારનું વર્તન રાખવામાં શું પૂર્ણતા સમાયેલી નથી?

શ્રી માતાજી : હા, જો તમને એમ ઠીક લાગે તો એમ. પરંતુ જ્યારે વ્યકિત તદ્દન સચ્ચાઈ- ભરી હોતી નથી ત્યારે પોતાની જાતને સહેલાઈથી છેતરે છે, અને જ્યારે પોતે એશ-આરામમાં હોય છે ત્યારે કહે છે, 'ઓહ, મને ખાતરી છે કે હું ભગવાનને ખુશી ઉપજાવી રહ્યો છું.'

૪ જાન્યુઆરી, ૧૯૫૧

શ્રી માતાજી ૧૯૫૦ ઑગસ્ટના બુલેટિનમાંથી 'રૂપાંતર' નામનો લેખ વાંચે છે અને પછી તે પર વિવરણ કરે છે:

આપણે તો એક પૂર્ણ રૂપાંતર માંગીએ છીએ, શરીરનું તેમજ તેની સર્વ પ્રવૃત્તિઓનું.

પહેલાં જ્યારે આપણે રૂપાંતરની વાત કરતા હતા ત્યારે એમાં માત્ર આંતરિક ચેતનાના રૂપાંતરની વાત જ આવતી હતી. આપણે આપણી પોતાની અંદર પેલી ગહન ચેતનાને પામવા માટે પ્રયત્ન કરતા હતા અને શરીર તથા તેની પ્રવૃત્તિઓ તો એક ભારરૂપ અને નકામી જેવી વસ્તુ છે એમ ગણીને તેમને દૂર કરી દેતા હતા. અને એ રીતે માત્ર આંતરિક ક્રિયામાં જ ડૂબેલા રહેતા હતા. શ્રી અરવિંદે આપણને એ વસ્તુ જણાવી કે આટલી વસ્તુ બસ નથી. સત્ય તો એમ છે કે આ સ્થૂલ જગતે પણ આ રૂપાંતરમાં ભાગ લેવાની જરૂર છે અને પેલા ગહન સત્યની અભિવ્યક્તિરૂપે બનવાનું છે. પણ આ વાત જ્યારે લોકોને કહેવામાં આવી ત્યારે ઘણા જણ એમ વિચારવા લાગ્યા કે આપણી પોતાની અંદર શું ચાલી રહ્યું છે તે વિષે આપણે કશો પણ વિચાર ન કરીએ તો પણ શરીર અને તેની ક્રિયાઓનું રૂપાંતર થઈ શકે છે; અને ખરું જોતાં આ વાત બિલકૂલ ખરી નથી. શરીરનું રૂપાંતર એ તો સૌથી અઘરું કામ છે, અને તે તમે હાથમાં લો તે પહેલાં તમારે તમારી આંતરચેતનાને સત્યની અંદર દૃઢ રીતે, નક્કર રીતે સ્થાપિત કરી

લેવાની રહે છે, અને એ રીતે જ એ રૂપાંતર સત્યનું છેવટનું પ્રગટીકરણ બનશે. છેવટનું ખરું પણ તે કેવળ અત્યારને માટે.

આ રૂપાંતરનો આરંભ ગ્રહણ કરવાની શકિતથી, ગ્રહણશીલતાથી થાય છે એ વિષે આપણે વાત કરી ગયા છીએ. રૂપાંતર પામવાને માટે આ વસ્તુ અનિવાર્ય છે. એ પછી આવે છે ચેતનાનું પરિવર્તન. ચેતનાનું આ પરિવર્તન અને ચેતનાની તૈયારી તે શું હશે તેને ઘણીવાર ઈંડામાં તૈયાર થતા મરઘીના બચ્ચાની સાથે સરખાવવામાં આવે છે. છેક છેલ્લી પળ સુધી ઈંડું દેખાવમાં તો એવું ને એવું જ રહે છે. એમાં કશો ફેરફાર થતો નથી. એ તો બચ્ચું જ્યારે પૂરેપૂરું તૈયાર થઈ જાય છે, એકદમ જીવતું થઈ જાય છે ત્યારે તે પોતે જ, પોતાની નાનકડી ચાંચ વડે કોચલામાં કાણું પાડે છે અને બહાર નીકળી આવે છે. ચેતનામાં પરિવર્તન થાય છે ત્યારે કાંઈક આવું બને છે. તમને લાંબા વખત સુધી તો એમ જ લાગ્યા કરે છે કે કશું બનતું નથી. તમારી ચેતના હંમેશના જેવી જ રહેલી છે અને તમારામાં અભીપ્સા હોય છે તો તમને એક વિરોધ પણ અનુભવાય છે. જાણે કે તમે એક ભીંત સાથે અથડાઈ રહ્યા છો અને એ ભીંત જરા પણ નમતું આપવા માંગતી નથી. પણ તમે જ્યારે અંદરથી તૈયાર થઈ જાઓ છો ત્યારે એક છેલ્લો પ્રયત્ન, કોચલા ઉપર ચાંચનો એક છેલ્લો ઘા, અને આખી યે વસ્તુ ખુલી જાય છે અને તમે એક બીજી ચેતનામાં ફેંકાઈ જાઓ છો.

મેં કહેલું કે આ વસ્તુ "પાયાની અવસ્થાની ક્રાંતિ" જેવી થઈ જાય છે. એમાં ચેતનાની એક સંપૂર્ણ દિશાબદલી થઈ જાય છે. આને તમે, પ્રકાશ જ્યારે પાસાદાર કાચ-માંથી પસાર થતો હોય છે ત્યારે તેની જેવી સ્થિતિ થાય છે તેની સાથે સરખાવી શકો છો. અથવા તો જાણે તમે દડાની અંદરની બાજુને બહારની બાજુએ લઈ આવતા હો તેના જેવું બને છે. અને એ વસ્તુ તો માત્ર ચોથા પરિમાણમાં જ બની શકતી હોય છે. તમે સામાન્ય રીતની ત્રણ પરિમાણવાળી ચેતનામાંથી બહાર નીકળી આવો છો અને ચોથા પરિમાણવાળી ઊર્ધ્વ ચેતનામાં દાખલ થાઓ છો, અનેકાનેક પરિમાણોમાં પ્રવેશ કરો છો. આ રીતનું પ્રસ્થાનબિંદુ અનિવાર્ય છે. તમારી ચેતનાના પરિમાણમાં ફેરફાર નહિ થાય તો, અને જ્યાં સુધી એ ફેરફાર નહિ થાય ત્યાં સુધી, તમારી ચેતના જેવી છે તેવી જ રહેશે. એ જગતને પોતાની ઉપરછલ્લી દૃષ્ટિએ જ જોતી રહેશે અને બધાં ઊંડાણો તેનાથી દૂર રહેશે.

કહો જોઈએ, અહીંયાં કોઈને ચેતનાની આવી દિશાબદલીનો અનુભવ થયો છે ખરો, અને તે પોતાનો અનુભવ ફ્રેન્ચમાં સમજાવી શકશે?

શ્ર : એમાં મને હૃદયમાં એક દર્દ થતું હોય એવું લાગતું હતું. અને તે આખો દિવસ ચાલુ રહેલું. બીજે દિવસે હું પથારીમાંથી ઊઠયો ત્યારે જાણે ઊંડા ધ્યાનમાંથી બહાર

આવતો હોઉં એમ મને લાગેલું. અને વળી મને એમ લાગેલું કે મારા બધા વિચારો અને બધી ક્રિયાઓ તે જાણે કે મારા માથાની પાસે ઊભા રહીને જોયા કરતી કોઈ વસ્તુ કે વ્યકિત દ્વારા દોરાઈ રહ્યાં છે. મારા મોંમાંથી બહાર આવતો એકેએક શબ્દ બરાબર સાચી રીતનો હતો.

શ્રી માતાજી : આ દર્દ કઈ રીતનું? દબાણ જેવું? કાંઈ ચિરાતું હોય તેવું? કોઈ તંગ દશા જેવું?

જ્ઞ : જાણે કે મારી અંદર કોઈ વસ્તુ દુ:ખ પામી રહી હતી. પણ એ બધું રાત્રી દરમિયાન બદલાઈ ગયું હતું. બીજી સવારે બેચેની ચાલી ગઈ હતી.

શ્રી માતાજી : ખરેખર, આમાં તો મન ઊર્ધ્વ ચેતના પ્રત્યે ખુલ્લું બનેલું હતું. મનોમય ચેતના ઊર્ધ્વ ચેતના પ્રત્યે આરોહણ પામી હતી અને તમને જે દર્દ થયું હતું, પેલી જે દુ:ખની લાગણી થતી હતી તે બનવા જોગ છે કે તમારા ભાવપ્રધાન પ્રાણમાંથી વિરોધ થતો હશે તેને લીધે હશે. પછી ચેતના મુકત થઈને ઊર્ધ્વ પ્રદેશમાં પહોંચી ગઈ ત્યારે રાત્રિ દરમિયાન એ લાગણી ચાલી ગઈ.

ય : હું જ્યારે શ્રી અરવિંદ સમક્ષ ઊભો હતો ત્યારે મને એક તીવ્ર વેદના થઈ આવેલી. મેં પછી શ્રી અરવિંદને પ્રાર્થના કરી કે મને કાંઈક આપો. અને એકાએક એ વેદના તીવ્ર આનંદ રૂપે બદલાઈ ગઈ.

શ્રી માતાજી : એ તમારા ચૈત્ય પુરુષ સાથેનો સંપર્ક હતો.

જ્ઞ : મને ઘણીવાર એવું થાય છે કે મારી ચેતના પૃથ્વીથી ઉપર આરોહણ કરી રહી છે. હું જાણે કે એક એવા પ્રદેશમાં દાખલ થતો હોઉં છું કે જ્યાં બધા પ્રશ્નોનો, સવાલોનો જવાબ મળે છે એમ નહિ, પણ તે બધા અદશ્ય થઈ જાય છે; એ જાણે કે હવે કશા મહત્ત્વના લાગતા નથી. પણ ત્યાં જાણે કે બધું 'એક જ્ઞાનમાંથી બીજા જ્ઞાનમાં ગતિ' થતી હોય એમ લાગતું હતું.

શ્રી માતાજી : આમાં તમારું આંતર સ્વરૂપ ચૈત્ય કેન્દ્રમાં રહેતી પ્રભુની દિવ્ય હાજરી પ્રત્યે ખુલ્લું બનેલું છે. ત્યાં તમને હર પળે એ વાત જણાઈ આવે છે કે કઈ વસ્તુ કરવાની જરૂર છે, એટલું જ નહિ પણ એ શા માટે કરવાની છે અને કઈ રીતે કરવાની છે તે પણ જણાતું રહે છે, અને વસ્તુઓના બાહ્ય દેખાવોની પાછળ રહેલા સત્યનું તમને ત્યાં દર્શન મળી રહે છે. તમારી વસ્તુઓને જોવાની સામાન્ય રીત એવી હોય છે કે તમે બધું બહારથી જોતા હો છો, અને તે એટલું બધું બહારથી કે કોઈ વિરલ અપવાદ સિવાય

બીજો માણસ શું વિચારતો હોય છે તે પણ તમે જાણી શકતા નથી; એ જાણવા માટે તમારે ભારે પ્રયત્ન કરવો પડે છે. તમે માત્ર વસ્તુઓની સપાટી જ જોતા હો છો, પાછળના ભાગમાં જે બનતું હોય તેની તમને કશી જ ખબર પડતી નથી. પણ તમારામાં જ્યારે આંતરિક ઉદ્‌ઘાટન થઈ જાય છે તથા ચૈત્યકેન્દ્રમાં રહેલી પ્રભુની દિવ્ય હાજરી સાથે તમને આ તાદાત્મ્ય મળી આવે છે ત્યારે પછી તમે વસ્તુઓને અંદરથી બહારની રીતે જોવા લાગો છો. અને બહારની વસ્તુ તે તમે અંદરમાં જે જોતા હો છો તેના એક થોડાઘણાં વિકૃત સ્વરૂપ જેવું જ બની રહે છે — તમે વ્યકિતઓના આંતરતત્ત્વ વિષે સભાન બનતા હો છો અને તેમનું રૂપ, તેમનું બહારનું અસ્તિત્વ, તે આ આંતરિક સત્યનું જ એક થોડું-ઘણું વિકૃત બનેલું રૂપ હોય છે. એટલે જ હું કહું છું કે પાયાની અવસ્થા પૂરેપૂરી બદલાઈ જાય છે. હવે તમે જગતથી બહાર આવેલા હો, અને તે તમારાથી બહાર રહેલી કોઈ વસ્તુ હોય એવી રીતે તમે જગતને જોતા નથી, પણ તમે હવે જગતની ભીતરમાં ચાલ્યા જાઓ છો અને જે બ'ધ્ય રૂપો છે તે અંદરમાં જે વસ્તુ આવી રહેલી છે અને તમને જે સત્ય રૂપે દેખાઈ રહેલું છે તેને થોડીઘણી કઢંગી રીતે જ વ્યકત કરતાં હોય છે, એમ તમે જોવા લાગો છો.

૮ જાન્યુઆરી, ૧૯૫૧

શ્રી માતાજી બુલેટિનના ઑગસ્ટ ૧૯૬૦ના અંકમાંથી એક લેખ વાંચે છે: 'બાળકે શું જાણવું જોઈએ.'

બાળક: આપ કહો છો કે આપણામાં એ ખાતરી હોવી જોઈએ કે છેવટે જતાં સત્યનો વિજય થશે. પરંતુ આ ખાતરી આપણે સામાન્ય જીવનમાં જે વસ્તુ શીખવીએ છીએ તેનાથી ઘણી જુદી તથા ઘણીવાર સાવ ઊલટી હોય તેમ લાગે છે.

શ્રી માતાજી: હા, સામાન્ય રીતે એમ માનવામાં આવે છે કે પ્રકૃતિના પ્રદેશમાં બધી વસ્તુઓનો અંત હમેશાં ખરાબ રીતે આવતો હોય છે. આપણે સૌ એવી વાર્તાઓ જાણીએ છીએ કે અમુક માણસોએ જીવનમાં મોટી સફળતા માણ્યા પછી તેમનો કરુણાજનક અંત આવેલો છે, અમુક માણસો અસાધારણ શકિત ધરાવતા હતા પણ છેવટે તેમણે એ શકિત ગુમાવી દીધી હતી, અમુક દેશ લાંબા સમય સુધી એક અદ્‌ભુત સંસ્કૃતિનું દૃષ્ટાંત બની રહ્યો હતો, તેની સંસ્કૃતિ મૃત્યુ પામી ગઈ છે અને એ દેશ કોઈક એવી તો દુ:ખજનક વસ્તુ રૂપે બદલાઈ ગયો હોય છે કે મૂળમાં એ દેશ કેવો હતો તે આપણે યાદ કરી શકતા નથી. જાણે કે એમ જ દેખાય છે કે પૃથ્વીનો ઈતિહાસ તે વિજય પછી આવતા પરાજયની વાર્તાનો બનેલો છે – પરાજય પછી આવેલા વિજયની વાર્તાનો બનેલો નથી.

પણ ખરી રીતે તો, આ બધું એ વિશ્વરૂપ અને દિવ્ય વસ્તુઓનો પ્રશ્ન છે એમ સમજવાનું છે અને સત્ય કેવી રીતે પોતાને પ્રગટ કરે છે તે જાણવા માટે આપણે વિશ્વ-રૂપ દૃષ્ટિથી જોવાનું રહે છે અને વસ્તુઓને દિવ્યની રીતે સમજવાની રહે છે. જગતમાં સામાન્ય રીતે એવી એક વ્યાપક નિરાશાવાદી દૃષ્ટિ રહેલી હોય છે કે વસ્તુઓનો આરંભ સારી રીતે થયો હોય તો પણ એમનો અંત તો ખરાબ રીતે જ આવે છે અને દુર્બળતા, ઢોંગ, અસત્ય અને દુષ્ટતા એ બધાંનો હાથ જ ઉપર રહેતો હોય છે. એટલે જ જે લોકો જગતને પોતાના વ્યકિતત્વની મર્યાદામાં રહીને જ જોતા હોય છે તે એમ કહેતા રહ્યા છે કે જગત ખરાબ છે અને આપણે એનો અંત લાવી દેવાનો છે અને એમાંથી બને તેટલા જલદી બહાર નીકળી જવાનું છે. મોટા મોટા ગુરુઓ આ રીતનો ઉપદેશ કરતા રહેલા છે, પણ આ ઉપદેશ માત્ર એટલું જ સાબીત કરે છે કે એમની દૃષ્ટિ ઘણી જ સાંકડી છે અને તેમનું માનવ તરીકેનું જે વ્યકિતત્વ છે તેના માપ મુજબની જ તે છે. સાચી રીતે તો, પ્રકૃતિની જે ક્રિયાઓ છે તે ભરતીની ક્રિયાઓ જેવી હોય છે. એ ક્રિયાઓમાં આગળ ગતિ હોય છે. પછી તે પાછી હઠી જતી હોય છે, એ આગળ જાય છે અને પાછી હઠે છે. અને એનો અર્થ એ થાય છે કે વિશ્વના જીવનમાં તેમ જ પૃથ્વીના જીવનમાં પણ એક ક્રમે ક્રમે પ્રગતિ જ થતી રહેતી હોય છે, જો કે દેખાવમાં એ ગતિમાં વચ્ચે વચ્ચે પીછેહઠના ટૂકડાઓ આવતા હોય છે. પરંતુ આ પીછેહઠો માત્ર દેખાવની જ હોય છે, કૂદકો મારવા માટે માણસ પાછાં પગલાં ભરે તેના જેવું. એમ લાગે કે તમે પાછા જઈ રહ્યા છો. પણ તે આગળ જવા માટે જ બનતું હોય છે.

તમે મને કહેશો કે આ બધું તો બહુ સરસ છે, પણ બાળકને આપણે કેવી રીતે ખાતરી કરાવી શકીએ કે સત્યનો વિજય થવાનો છે? કેમ કે, બાળક જ્યારે ઈતિહાસ ભણવા માંડશે, એ જ્યારે પ્રકૃતિનું અવલોકન કરવા લાગશે ત્યારે તો એને એમ જોવા મળશે કે વસ્તુઓનો અંત હમેશાં કંઈ સારી રીતે નથી આવતો.*

બાળક : આપણે બાળકોને એ વાત શીખવવી જોઈએ કે જગતમાં પ્રભુનો આવિર્ભાવ થઈ રહેલો છે, જગતમાં જે વસ્તુઓનો અંત ખરાબ રીતે આવે છે તે એમને ન બતાવવું જોઈએ?

---

*૧૯૬૩માં આ વાર્તાલાપ પ્રસિદ્ધ કરતી વખતે શ્રીમાતાજીએ વાતવાતમાં નીચેની વસ્તુ કહેલી : 'છેવટે તો, જગતમાં જ્યાં લગી મૃત્યુ રહેલું છે ત્યાં સુધી હંમેશાં વસ્તુઓનો અંત ખરાબ રીતે જ આવતો રહે છે. જ્યારે મૃત્યુ ઉપર વિજય મેળવી લેવાશે ત્યારે જ પછી વસ્તુઓનો અંત ખરાબ રીતે ન આવે એમ બની શકશે. એટલે કે એ સ્થિતિમાં પછી નવી પ્રગતિ કરી શકવાને માટે અચિત્‌માં પાછા જવાની જરૂર રહેશે નહિ.'

[અનુસંધાન : પાન ૨૮

શ્રી માતાજી : ના, બાળક જો એમ વિચાર કરે કે પ્રભુ તો જગતથી જુદા છે, તો તેના મનમાં જે એવો વિચાર છે કે હરેક વસ્તુનો અંત ખરાબ રીતે આવે છે તે પૂરેપૂરો સાચો પડશે.

બાળક : તો પછી આપણે બાળકોને પ્રભુના દિવ્ય ન્યાયનો ખ્યાલ આપવો જોઈએ?

શ્રી માતાજી : પણ આપણે એ ન્યાયને વિષે કંઈ જ જાણતાં નથી, કેમ કે આ ન્યાય વાસ્તવિક જગતમાં આવિર્ભાવ પામતો નથી.

આમ છતાં, તમે વસ્તુઓનું ઊંડી રીતે અવલોકન કરશો તો તમને જણાશે કે જગતમાં પ્રગતિ થઈ રહેલી છે, વસ્તુઓ વધુ ને વધુ સારી બનતી જાય છે. જો કે દેખાવમાં તો એ વધુ સારી બનતી નથી. અને જે ચેતના થોડીક વધુ ઊંચી કોટિની છે તેને તો એ વાત પૂરેપૂરી જણાઈ આવે છે કે જગતમાં જે કંઈ અશુભ રહેલું છે, — એટલે કે આપણે જેને અશુભ કહીએ છીએ તે — જે કાંઈ અસત્ય છે, સત્યથી જે જે ઊલટી વસ્તુઓ છે, જગતમાં જે જે વેદના છે, વિરોધ છે, એ તમામ એક અસમતુલાને પરિણામે આવી બનેલું છે. હું માનું છું કે જે માણસને આ ઉચ્ચ ભૂમિકા પરથી બધું જોવાનો અભ્યાસ છે તેને તરત જ દેખાઈ આવે છે કે વસ્તુસ્થિતિ આ પ્રમાણે છે. એટલે જગતની માંડણી અસમતુલાના પાયા પર થઈ શકે તેમ નથી, કારણ કે જગત જો અસમતુલા ઉપર મંડાયું હોત તો તે ક્યારનું ય અદશ્ય થઈ ગયું હોત. તમને અનુભવ થાય છે કે વિશ્વના મૂળમાં એક પરમ સમતુલા આવી રહેલી હોવી જ જોઈએ અને કદાચ, આપણે તે દિવસે કહી ગયા તેમ, એ એક પ્રગતિ કરતી સમતુલા હોવી

---

* પાન ૨૭થી ચાલુ]

'વૃદ્ધિની આખીયે પ્રક્રિયા — કાંઈ નહિ તો પૃથ્વી ઉપર વૃદ્ધિની પ્રક્રિયા આવેલી છે તે — (બીજા ગ્રહો ઉપર એ વસ્તુ કેવી રીતે બને છે તેની મને ખબર નથી) આ રીતની જ છે. પરંપરાઓ એમ કહે છે કે એક વિશ્વનું સર્જન થાય છે, એ પછી તે પ્રલયમાં પાછું ચાલ્યું જાય છે. પછી વળી એક નવું વિશ્વ આવે છે અને એમ ચાલ્યા કરે છે; અને આવાં બધાં વિશ્વોનું સર્જન થતાં આપણે સાતમા વિશ્વ રૂપે બની રહીશું અને એ વિશ્વ સાતમું હશે એટલે પછી આપણે એક એવી વસ્તુ બની રહીશું કે જે પ્રલયમાં પાછી ચાલી જશે નહિ, એ વસ્તુ પીછેહઠ કર્યા વિના, સતત પ્રગતિ કરતી રહેશે. આટલા માટે જ માનવપ્રાણીમાં પણ આ સ્થાયીપણાની ભૂખ રહેલી છે. તેને એક અસ્ખલિત પ્રગતિ જોઈતી હોય છે અને એનું કારણ એ છે કે સમય હવે આવી ગયો છે.'

જોઈએ. એ સમતુલા આપણને જે કાંઈ શીખવવામાં આવેલું છે અને જેને આપણે 'અશુભ' તરીકે કહેતા આવેલા છીએ તેનાથી સાવ ઊલટી વસ્તુ જ છે. જગતમાં સાવ અશુભ જેવું કાંઈ છે જ નહિ, પણ કોઈ એક અશુભ પણ તે સમતુલાનો એક વત્તોઓછો, આંશિક, અભાવ છે.

બાળકને આ વસ્તુ ઘણી સારી રીતે સમજાવી શકાય તેમ છે. તમે એને સ્થૂલ વસ્તુઓની મદદ લઈને બતાવી શકો છો કે, જે વસ્તુ સમતુલામાં નહિ હોય તે ગબડી પડશે, જે વસ્તુઓ સમતુલામાં રહેલી હોય છે તે જ માત્ર પોતાની સ્થિતિ જાળવી રાખે છે અને ટકી રહે છે.

બાળક તદ્દન નાનું હોય ત્યારે તેનામાં એક બીજો ગુણ પણ કેળવવો જોઈએ. એ જ્યારે અમુક વસ્તુઓ કરી બેસતું હોય છે ત્યારે તેને બેચેની થતી હોય છે. તેની નૈતિક સ્વસ્થતા ચાલી જતી હોય છે. અને તેને એવી વસ્તુઓ ન કરવાનું કહેવામાં આવ્યું હોય છે એટલા માટે જ આમ થતું નથી અથવા તો તેને સજા થવાનો ડર હોય છે એટલા માટે પણ નહિ, પણ આપોઆપ જ તેને આ થઈ આવતું હોય છે. દા. ત. એક બાળક જ્યારે તોફાન કરતાં કરતાં પોતાના ભાઈબંધને વગાડી બેસે છે ત્યારે, એ જો એની સ્વાભાવિક, કુદરતી સ્થિતિમાં રહેતું હશે તો તેને એક રીતની બેચેની થશે, એને પોતામાં એક શોક થશે, કારણ કે એણે જે કર્યું હોય તે તેનામાં રહેલા આંતરિક સત્યથી ઊલટું હોય છે.

કારણ કે માણસને ભલે ગમે તેટલો ઉપદેશ આપવામાં આવે, માણસનું મગજ ભલે ગમે તેટલા વિચારો કરતું રહે, તો પણ તેની અંદર કંઈક એવી વસ્તુ રહેલી છે કે જેને સંપૂર્ણતા તે કેવી હોય તેનું ભાન રહેતું હોય છે. એને ઊર્ધ્વ અવસ્થા કેવી હોય, સત્ય શું હોય તેનું ભાન હોય છે અને કમનસીબે એ સત્યથી ઊલટી હોય તેવી અનેક વસ્તુઓ તેનો વિરોધ કરતી હોય છે. બાળક જો એની પરિસ્થિતિને લીધે બગડી ગયું ન હોય, એની આસપાસ રહેતાં ખરાબ દૃષ્ટાંતોને લીધે તે ખરાબ બની ગયું ન હોય, એટલે કે એ જો, એને કોઈએ કાંઈ પણ કહ્યું ન હોય તો પણ, તેની સ્વાભાવિક, સહજ અવસ્થામાં જ રહેતું હોય છે તો એ જ્યારે તેના પોતાના સ્વરૂપના સત્યથી ઊલટું હોય તેવું કાંઈ કરી બેસે છે ત્યારે એને એક બેચેની અનુભવાય છે. અને એણે બરાબર એ જ સ્થિતિમાં, ભવિષ્યમાં, તેની પ્રગતિ માટેની સાધનાનું મંડાણ કરવાનું રહે છે.

તમારે તમારી પ્રગતિનું મંડાણ કરવા માટે જો કોઈ જ્ઞાન કે કોઈ સિદ્ધાંત જોઈતો હશે તો એવું તમને કદી મળી શકવાનું નથી. અથવા વધારે ચોક્કસ રીતે

કહીએ તો તમને કોઈ જુદી જ વસ્તુ મળી આવશે; કેમ કે તમારી પાસે જે ઉપદેશ મૂકવામાં આવશે તે આસપાસની આબોહવા મુજબ, ત્યાંના એ સમય મુજબ, ત્યાંની સંસ્કૃતિ મુજબ, સાવ ઊલટાસૂલટી પ્રકારનો હશે. તમને જ્યારે કહેવામાં આવશે કે, 'પેલી, પેલી વસ્તુ સારી છે.' ત્યારે બીજું કોઈ કહેશે કે: 'એ, એ વસ્તુ ખરાબ છે.' અને એની પાછળ પેલાના જેવી જ તર્કસરણી, એવી જ સમજાવી શકનારી શકિત કામ કરતી જોવામાં આવશે. એટલે તમે તમારું પોતાનું મંડાણ આવી કોઈ વસ્તુ ઉપર કરી શકવાના નથી. ધર્મોના પંથોએ હમેશાં એ દઢ સિદ્ધાંત સ્થાપવાનો પ્રયત્ન કરેલો છે. એ તમને કહેશે કે તમે જો આ સિદ્ધાંત મુજબ કામ કરશો તો તમે સત્યમાં છો. તમે જો એમ નહિ કરો, તો તમે અસત્યમાં છો. પણ આમાંથી ક્યાંય કદી પહોંચાયું નથી. એમાંથી માત્ર ગોટાળો જ ઉત્પન્ન થયો છે.

માત્ર એક જ સાચો માર્ગદર્શક છે: અંદરનો માર્ગદર્શક અને તે માનસિક ચેતનામાં થઈ પસાર થતો નથી.

એ તો કુદરતી છે કે બાળકને જો કોઈ ભયંકર વિપરીત કેળવણી મળી હોય છે તો તે તેની અંદર રહેલી આ નાનકડી સાચી વસ્તુને બુઝાવી દેવાનો વધુને વધુ પ્રયત્ન કરશે અને એ કરવામાં તે કેટલીક વાર એટલો તો સરસ રીતે સફળ થાય છે કે એ પેલી વસ્તુ સાથેનો તમામ સંપર્ક ગુમાવી દે છે અને સાથે સાથે શુભ અને અશુભ વચ્ચેનો વિવેક કરવાની શકિત પણ ગુમાવી દે છે. એટલે જ હું એ વસ્તુ ઉપર ભાર મૂકું છું અને કહું છું કે બાળકોને છેક નાની ઉંમરથી એ વસ્તુ શીખવવી જોઈએ કે અંદરની બાજુએ એક વાસ્તવિકતા રહેલી છે — તેમની પોતાની અંદર, વિશ્વની અંદર, અને બાળક પોતે, આ પૃથ્વી અને આ વિશ્વ આ સત્યની એક ક્રિયા રૂપે જ અસ્તિત્વમાં રહેલાં છે. અને એ સત્ય જો અસ્તિત્વમાં નહિ રહેશે, તો એનું અસ્તિત્વ પણ, જે થોડો સમય એ અસ્તિત્વમાં રહે છે તેટલો વખત પણ નહિ રહેશે અને દરેક વસ્તુનું સર્જન થશે કે તરત જ તે ઓગળી જશે. અને વિશ્વનો પાયો આ જ સત્ય ઉપર વ્યવહારુ રીતે મંડાયેલો છે. એટલે કુદરતી રીતે એ સત્ય જ વિજયી બનવાનું છે અને જે જે કાંઈ એનો વિરોધ કરનારું હશે, તે એ સત્યના જેટલું તો ટકી શકશે નહિ જ, કેમ કે વિશ્વના પાયામાં રહેલી વસ્તુ તો, શાશ્વત વસ્તુ તો, એ છે — तत् ।

પણ આનો અર્થ એમ તો નથી જ કરવાનો કે આપણે બાળકને તત્ત્વજ્ઞાનની રીતની સમજુતીઓ આપવી જોઈએ. પણ બાળક જ્યારે તેની ભીતરમાં રહેલી આ અતિશય મૂંગી નાનકડી વસ્તુની આજ્ઞા મુજબ કામ કરે છે ત્યારે તેને જે આંતરિક

આરામ અનુભવાય છે, તૃપ્તિ અનુભવાય છે, અને કદી કદી એક તીવ્ર આનંદ અનુભવાય છે તેનો અનુભવ તો આપણે તેને જરૂર કરાવી શકીએ. અને આ નાનકડી વસ્તુ તેનાથી ઊલટું હશે તેવું કાંઈ પણ કામ કરવા જતાં બાળકને રોકી રાખશે. શિક્ષણનો પાયો આ રીતના એક અનુભવ ઉપર મંડાવો જોઈએ. આપણે બાળકને એ સમજાવવું જોઈએ કે તેણે તેની ભીતરમાં આ સાચો સંતોષ મેળવી લેવાનો છે. એ સંતોષ જ માત્ર એક સ્થાયી વસ્તુ છે અને એ સંતોષ તે મેળવશે નહિ ત્યાં સુધી કશું જ ટકી શકે તેમ નથી.

બાળક : આ આંતરિક સત્ય વિષે બાળક મોટા માણસની માફક સભાન થઈ શકે ખરું?

શ્રી માતાજી : બાળકને માટે તો આ ઘણું જ સ્પષ્ટ હોય છે, કારણ કે આ વસ્તુ એને વિચાર કે શબ્દના કોઈ ગૂંચવાડા વિના જ દેખાઈ આવતી હોય છે— એ કોઈક વસ્તુ એવી હોય છે જે તેને આરામમાં મૂકી આપતી હોય છે, તો વળી બીજી કોઈક વસ્તુ એવી પણ હોય છે કે જે તેને બેચેની, ગભરામણ કરાવતી હોય છે— એ હમેશાં આનંદ કે શોકનું રૂપ જ લે એમ બનતું નથી. એ વસ્તુ જ્યારે ઘણી તીવ્ર રીતે બનતી હોય છે ત્યારે જ તે આનંદ કે શોકનું રૂપ લેતી હોય છે. અને આ બધું મોટા માણસ કરતાં બાળકમાં વધારે સ્પષ્ટ રીતે આકાર લેતું હોય છે, કેમ કે મોટા માણસમાં તો હમેશાં એક મન કામ કરતું હોય છે અને સત્ય વિષેના તેના દર્શનને તે ઢાંકી દેતું હોય છે.

બાળકને સિદ્ધાંતો આપવા એનો કશો જ અર્થ નથી, કેમ કે બાળકમાં જ્યારે મન જાગૃત થશે ત્યાર પછી તમારા સિદ્ધાંતોનો વિરોધ કરવાનાં તેને હજારો કારણો મળી આવશે. અને એમાં તેની વાત સાચી હશે. બાળકમાં રહેલી આ નાનકડી સત્ય વસ્તુ તે ચૈત્ય પુરુષમાં રહેતી પ્રભુની દિવ્ય હાજરી છે—એ હાજરી વનસ્પતિમાં અને પ્રાણીઓમાં પણ રહેલી છે. વનસ્પતિમાં એ હાજરી સભાન હોતી નથી, પ્રાણીમાં તે સભાન બનવાની શરૂઆત કરે છે. અને બાળકમાં તે બહુ જ સભાન હોય છે. મેં એવાં બાળકો જોયાં છે કે જે ચૌદ વરસની ઉંમર કરતાં પાંચ વર્ષની વયે પોતાના ચૈત્ય પુરુષ વિષે વધારે સભાન હતાં. ખાસ કરીને તો બાળકો જ્યારથી નિશાળે જવાનું શરૂ કરે છે અને ખૂબ તીવ્ર રીતની માનસિક કેળવણી લેવા માંડે છે ત્યારથી તેમનું ધ્યાન તેમનામાં રહેલા બૌદ્ધિક ભાગ તરફ દોરાય છે અને તેઓ લગભગ હમેશાં પોતાના ચૈત્ય પુરુષ સાથેનો સંપર્ક ખોઈ બેસે છે.

તમે જો એક અનુભવી અવલોકનકાર હશો, માણસની માત્ર આંખ જોઈને તેનામાં શું થઈ રહ્યું છે તે જો તમે સમજી શકો તેમ હશો તો!... કહેવાય છે કે આંખ

એ આત્માનું દર્પણ છે, કહેવાની આ એક પ્રચલિત રીત છે. પણ માણસની આંખો જો ચૈત્ય પુરુષને વ્યકત નથી કરતી હોતી તો તેનું કારણ એ હોય છે કે એ બહુ જ પાછળના ભાગમાં હોય છે, ઘણી ઘણી વસ્તુઓથી તે ઢંકાઈ ગયેલો હોય છે. તમે બાળકોની આંખોમાં કાળજીપૂર્વક જોશો તો ત્યાં તમને એક પ્રકારનો પ્રકાશ દેખાશે —લોકો એને નિખાલસતા કહે છે—પણ તે ખૂબ જ સાચો હોય છે, ખૂબ જ સાચો અને જગતને આશ્ચર્યપૂર્વક જોતો હોય છે. તો આ જે આશ્ચર્ય છે તે ચૈત્ય પુરુષનું આશ્ચર્ય હોય છે, એ ચૈત્ય પુરુષ સત્યને જોતો હોય છે પણ જગતને બહુ સમજતો હોતો નથી. કારણ કે એ જગતથી બહુ દૂર દૂર હોય છે. બાળકોમાં એ રીતની આશ્ચર્યની લાગણી હોય છે, પણ એ જેમ જેમ ભણતાં જાય છે, વધુને વધુ બુદ્ધિશાળી થતાં જાય છે, વધારે કેળવાતાં જાય છે, તેમ તેમ પેલી વસ્તુ ઝાંખી થઈ જાય છે અને એમની આંખોમાં તમને અનેક વસ્તુઓ દેખાય છે : વિચારો, ઇચ્છાઓ, આવેશો, દુષ્ટતા, વગેરે પણ પેલી એક જાતની નાનકડી અતિશય વિશુદ્ધ જ્યોતિ હવે ત્યાં હોતી નથી. અને તમે ખાતરીથી એમ કહી શકશો કે ત્યાં હવે મન આવી ગયેલું છે અને ચૈત્ય પુરુષ ખૂબ ખૂબ પાછળ ચાલ્યો ગયો છે.

કોઈ બાળકનું મગજ વસ્તુઓને સમજવા જેવું વિકાસ ન પામ્યું હોય તોપણ તમે જો એના તરફ માત્ર એક રક્ષણનું કે પ્રેમનું કે માયાળુતા કે આશ્વાસનનું આંદોલન વહેતું મૂકશો તો તમને તે જવાબ આપતું દેખાશે. પણ તમે જો એક ચૌદ વર્ષનો છોકરો લેશો, દાખલા તરીકે, જે કોલેજમાં ભણતો હોય અને જેનાં માબાપ સામાન્ય રીતનાં હોય, અને જેને જીવનમાં ખરાબ અનુભવો મળ્યા હોય, તો તેનું મન ખૂબ જ આગળ આવી ગયું હોય છે, એનામાં કંઈક કઠણ વસ્તુ આવી ગઈ હોય છે, ચૈત્ય પુરુષ પાછળ ચાલ્યો ગયો હોય છે. એવા છોકરાઓ આવા કોઈ આંદોલનને જવાબ વાળતા નથી. આપણને એમ કહેવાનું મન થાય છે કે એ લાકડાના કે પ્લાસ્ટરના બનાવેલા છે.

બાળક : બાળકમાં જો પેલું આંતરિક સત્ય, ચૈત્ય, પુરુષમાં રહેતી દિવ્ય હાજરી આટલી બધી સભાન રીતની હોય છે તો પછી આપણે એમ તો ન જ કહી શકીએ ને કે બાળક એ એક નાનું જાનવર છે!

શ્રી માતાજી : કેમ નહિ? પ્રાણીમાં તો કોઈ વાર ઘણું તીવ્ર રીતનું ચૈત્ય સત્ય હોય છે. એ તો કુદરતી છે કે, પ્રાણી કરતાં બાળકમાં ચૈત્ય પુરુષ થોડો વધારે બંધાયેલો હોય છે, થોડો વધારે સભાન હોય છે એમ હું માનું છું. પણ આ વસ્તુ જાણવા માટે મેં પ્રાણીઓ ઉપર પ્રયોગો પણ કરેલા છે, અને એમાં તો હું તમને ખાતરીથી કહી

શકું છું કે પ્રાણીઓમાં મેં જે ગુણો જોયા છે, ઘણા સાદા, કશા આડંબર વિનાના, તેવા મને માણસોમાં ભાગ્યે જ જોવા મળ્યા છે. દાખલા તરીકે બિલાડીમાં. મેં બિલાડીઓનો અભ્યાસ ઘણો સારો કર્યો છે. તમે જો એમને ખૂબ નિકટતાથી ઓળખી શકો તો એ બહુ અદ્‌ભુત પ્રાણીઓ બની રહે છે. કેટલીક બિલાડીઓને મેં તેમનાં બચ્ચાંને ખાતર પોતાનો પૂરેપૂરો ભોગ આપી દેતી જોઈ છે. લોકો માતૃપ્રેમનાં ખૂબ જ વખાણ કરતા રહે છે. જાણે કે એ માણસમાં જ રહેલી વિશિષ્ટ વસ્તુ હોય એમ બધા સમજે છે. પણ મેં બિલાડીઓમાં પણ આ પ્રેમ, સામાન્ય માણસ જાતિમાં હોય છે તેના કરતાં કેટલાયે ઘણા વધુ પ્રમાણમાં પ્રગટ થતો જોયો છે. મેં એક બિલાડી એવી જોઈ હતી કે જે તેનાં બચ્ચાં, તેમને જોઈએ તેટલું બધું ખાઈ ન લે ત્યાં સુધી પોતે ખોરાકને અડતી ન હતી. મેં એક બીજી બિલાડી એવી જોયેલી કે જે એનાં બચ્ચાંને એકલાં મૂકતાં ડરતી હતી, એટલે આઠ દિવસ સુધી કંઈ પણ ખાધાપીધા વિના તે બચ્ચાંની પાસે જ બેસી રહી હતી. વળી એક બિલાડી એવી હતી કે તેણે તેના બચ્ચાંને એક દિવાલ પરથી બારીમાં કેવી રીતે કૂદકો મારવો તે શીખવવા માટે એ ક્રિયા પચાસ વખત કરતાં પણ વધુ વાર કરી હતી, અને હું કહીશ કે, એ કામ તેણે એવી તો કાળજીથી, બુદ્ધિથી અને કુશળતાથી કરેલું કે એ રીતે ભણ્યાગણ્યા વિનાની ઘણી સ્ત્રીઓ તો ભાગ્યે જ કંઈ કરી શકે. અને આમ શા માટે થતું હશે? કારણ કે આમાં મન વચ્ચે આવતું ન હતું. એમાં એક શુદ્ધ સહજ વૃત્તિ કામ કરતી હતી. પણ તો આ સહજ વૃત્તિ શું છે? એ છે પ્રાણી જાતિના વિશેષ સ્વરૂપમાં આવેલી પ્રભુની હાજરી અને એ છે પ્રાણીમાં રહેલો ચૈત્ય પુરુષ, એ ચૈત્ય પુરુષ સામૂહિક રીતનો હોય છે – વ્યકિતગત નહિ.

માણસો પોતામાં રહેલા લાગણીઓના, સ્નેહના, ઊર્મિના, ભાવો વિષે જે આટલું બધું અભિમાન લે છે તે બધા મેં પ્રાણીઓમાં જોયેલા છે. ફેર માત્ર એટલો જ કે પ્રાણીઓ એ વિષે બોલી કે લખી શકતાં નથી, એટલે આપણે તેમને હલકી કોટિનાં ગણીએ છીએ; કેમ કે એ કાંઈ પોતાને જે અનુભવો થતા હોય છે તે વિષે ચોપડીઓ લખી લખીને આપણા ઉપર વરસાવતાં નથી!

બાળક: હું નાનો હતો અને કોઈ ખરાબ કામ કરી બેસતો ત્યારે તરત જ મને એક બેચેની થતી અને એ વસ્તુ ફરીથી ન કરવાનો હું નિર્ણય કરતો. પછી મારાં માબાપ પણ મને એ વસ્તુ ન કરવાનું કહેતાં. પણ શા માટે? મેં પોતે જ એ ફરી ન કરવાનો નિર્ણય તો કર્યો હતો, તો પછી?

શ્રી માતાજી : બાળકને કદી ઠપકો ન આપશો. લોકો આવીને મારી સામે ફરિયાદ કરે છે કે હું માબાપોને વગોવું છું. પણ મેં માબાપોનો વ્યવહાર જોયો છે અને હું જાણું છું કે ૯૦ ટકા માબાપો એમની પાસે બાળક પોતાની ભૂલ આપોઆપ કબુલ કરતું આવે છે ત્યારે તેને ધમકાવતાં હોય છે: 'તું તો મૂરખ છે, જતો રહે, મારે કામ છે.' તેઓ બાળકની વાત ધીરજપૂર્વક સાંભળતાં પણ નથી, તેમ જ એની ભૂલ શામાં થઈ છે, તેણે કઈ રીતે વર્તન કરવું જોઈતું હતું તે તેને સમજાવતાં નથી. અને જે બાળક ખૂબ જ સારા ભાવપૂર્વક માબાપ પાસે ગયું હોય છે તે 'મારી સાથે શા માટે આવું વર્તન કરવામાં આવે છે?' એવી લાગણી લઈને ખૂબ દુ:ખી થઈને પાછું ચાલ્યું જાય છે. પછી બાળક જુએ છે કે માબાપો સંપૂર્ણ નથી— અને આવા પ્રસંગમાં તો એ વાત સાવ દેખીતી જ હોય છે—એ જુએ છે કે તમે ખોટા છો અને પોતાના મનમાં તે કહે છે: 'એ મને શા માટે ઠપકો આપે છે? એ પણ મારા જેવા જ છે!'

૧૧ જાન્યુઆરી, ૧૯૫૧

શ્રી માતાજી, 'બાળકે હંમેશાં શું યાદ રાખવું જોઈએ' નામના પોતાના લેખમાં જણાવેલા થોડાક ગુણો વિષે વિવરણ કરે છે:

(બુલેટિન, ઑગસ્ટ, ૧૯૫૦)

આમાં આપણી પોતાની જાતનું જે સાચું મૂલ્ય હોય તે આપણે સમજવાનું છે.

સામાન્ય રીતે, લોકો પોતાની જાતનું બેહદનું મૂલ્ય આંકતા રહે છે અથવા તો ઊલટું એટલી જ બેહદની રીતે પોતાની જાતને ઉતારી નાખતા રહે છે. એક દિવસે માણસ કહે છે કે, 'હું તો બહુ અદ્‌ભુત છું.' બીજે દિવસે કહે છે: 'અરે, હું કશાયે કામનો નથી, સાવ નકામો છું.' એ જાણે એક લોલકના જેવું હોય છે. આપણે પોતે શું છીએ એ વાત ચોક્કસ રીતે જાણવી એના કરતાં વધારે મુશ્કેલ કામ બીજું એકે ય નથી. આપણે આપણી જાતને વધુ પડતી મોટી ગણવી ન જોઈએ, તેમ જ આપણી જાતને ઉતારી પાડવી પણ ન જોઈએ; પરંતુ આપણે આપણી મર્યાદાઓ જાણી લેવી જોઈએ અને આપણી સમક્ષ જે આદર્શ રાખ્યો હોય તેની તરફ કેવી રીતે આગળ વધી શકાય તે જાણવું જોઈએ. કેટલાક લોકો પોતાને બહુ મોટા માણસ તરીકે જોતા હોય છે અને તેઓ તરત જ કલ્પના કરવા લાગી જતા હોય છે કે પોતે દુનિયાની બધી લડાઈઓ જીતી શકે તેમ છે. અને કેટલાક એવા ક્ષુદ્ર માણસો પણ હોય છે કે તેઓ જગતના દરેક માણસ કરતાં પોતે કંઈક વિશેષ તત્ત્વ ધરાવે છે એમ માનતા રહે છે. આથી ઊલટું, મેં એવા માણસો જોયા છે કે

તેમનામાં શકિતઓ હતી, છતાં તેઓ બધો વખત એમ જ વિચાર કર્યા કરતા હતા કે, 'હું કશા કામનો નથી.' સામાન્ય રીતે તો આ બંને છેડા એક જ માણસમાં જોવા મળતા હોય છે. પણ પોતે ક્યાં છે અને ક્યાં જઈ શકે તેમ છે એ વાત બરાબર જાણતો હોય એવો માણસ મળવો બહુ વિરલ હોય છે. આપણે મિથ્યાભિમાન વિષે વાત કરવાની બંધ રાખિલી છે, કારણ કે આપણે એવી આશા રાખીએ છીએ કે તમને જ્યારે સફળતા મળે ત્યારે તરત જ તમે મિથ્યાભિમાનથી ફુલાઈ જાઓ એવા નથી.

બોલો, તમને એવી કલ્પના આવે છે ખરી કે છોડવાઓમાં પણ મિથ્યાભિમાન હોઈ શકે? એટલે કે, આ તો તમે પોતે જેને ઉછેર્યો હોય તેવા છોડની હું વાત કરું છું. એવા છોડનાં તમે જો વખાણ કરો, શબ્દો દ્વારા કે લાગણી દ્વારા, અથવા તમે જો તેમના પર પ્રસન્નતા બતાવો તો એ પોતાનું માથું એવું તો ટટ્ટાર કરી દે છે—મિથ્યાભિમાનમાંથી! પ્રાણીઓ અંગે પણ એવું જ થતું હોય છે. આની તમને હું એક નાનકડી રમૂજી વાત કહીશ.

પારિસમાં એક વનસ્પતિ ઉદ્યાન છે—'લ જાંદ દ પ્લો' અને એમાં ઝાડ ઉપરાંત પ્રાણીઓ પણ રાખિલાં છે. એના એક ભાગમાં એક ઘણો સરસ સિંહ લઈ આવવામાં આવ્યો હતો. બેશક, એને પાંજરામાં તો રાખિલો હોય જ. અને એટલે એ ભાઈસાહેબ બહુ જ ક્રોધમાં રહેતા હતા. એ પાંજરામાં એક બારણું હતું અને તેની પાછળ તે સંતાઈ જઈ શકે તેમ હતું. અને જ્યારે લોકો તેને જોવા આવતા ત્યારે, ખરેખર એ બારણા પાછળ તે સંતાઈ જતો! આ વસ્તુ મેં જોયેલી, એટલે એક દિવસ હું તેના પાંજરા પાસે ગઈ અને તેની સાથે મેં વાતચીત કરવા માંડી (પ્રાણીઓ બોલાતી ભાષા પ્રત્યે ઘણાં સંવેદનશીલ હોય છે, એ ખરેખર સાંભળતાં હોય છે). અને એ મારા સિંહને મેં પ્રેમપૂર્વક ધીરેથી કહેવા માંડ્યું, 'અરે, તું કેટલો બધો તો સુંદર છે, પણ તું આમ સંતાઈ રહ્યો છે તે કેવું તો દયાજનક લાગે છે, મારે તો તને જોવો છે, તને જોવાનું મને બહુ ગમે ...' અને ખરેખર એ સાંભળતો હતો. પછી એણે ધીરે ધીરે મારી તરફ આડી નજરે જોવા માંડ્યું, પછી એ મને વધારે સારી રીતે જોઈ શકે માટે એણે પોતાની ગરદન બહાર લંબાવી, પછી એણે પોતાનો પંજો બહાર કાઢયો અને આખરે બહાર આવીને પાંજરાના સળિયાને પોતાનું નાક અડાડીને ઊભો રહ્યો; જાણે એમ કહેતો ન હોય કે, 'આખરે મને સમજી શકે એવું કોઈ છે ખરું!'

હું અહીં સ્થૂલ ઉદારતાની વાત નહિ કરું. એમાં તમે તમારી પાસે જે હોય છે તે સ્વાભાવિક રીતે બીજાને આપતા હો છો. પણ આ સદ્‌ગુણ પણ બહુ લોકોમાં હોતો નથી, કેમ કે તમારી પાસે પૈસો આવે છે ત્યારે તમે ઘણી વાર તો એ પૈસા આપી

દેવાનો નહિ પણ તમારી પાસે જ રાખવાનો વિચાર કરતા હો છો. માણસ પાસે જેમ જેમ વધુ સંપત્તિ આવતી જાય છે તેમ તેમ તે ઓછો ઉદાર થતો જાય છે.

પણ હું તો અહીં નૈતિક ઉદારતાની વાત કરવા માગું છું. દાખલા તરીકે, તમારો એક મિત્ર સફળતા મેળવે છે, તો તે વખતે તમને આનંદ થવો જોઈએ. માણસ જ્યારે એક હિંમતનું, નિઃસ્વાર્થનું, કોઈ સરસ ત્યાગનું કાર્ય કરે છે ત્યારે એ કાર્યમાં જ એક એવી સુંદરતા રહેલી હોય છે કે જે તમને આનંદ આપે છે. એટલે આપણે એમ કહી શકીએ કે બીજાઓમાં રહેલી સાચી ઉત્કૃષ્ટતા અને શ્રેષ્ઠતાને ઓળખી શકાય. એ છે નૈતિક ઉદારતા.

૧૩ જાન્યુઆરી, ૧૯૫૧.

'જીવનનું શાસ્ત્ર' નામના શ્રી માતાજીના લેખ ઉપર વિવરણ.

(બુલેટિન, નવેમ્બર, ૧૯૫૦)

બાળક : 'ધ્યેય વિનાનું જીવન એ આનંદ વિનાનું જીવન છે.' શા માટે? આપણી પાસે જો ધ્યેય હોય છે તો આપણે તે તરફ લઈ જતા માર્ગ ઉપર શાંતિથી આગળ વધી શકીએ છીએ?

શ્રી માતાજી : માર્ગ ઉપર શાંતિથી આગળ વધવું હોય તો તે માટે ધ્યેય હોવાની જરૂર નથી. ધ્યેય વિનાના કેટલાયે માણસો એવા હોય છે, જે પોતાના રોજિંદા જીવનના માર્ગ ઉપર, કશો પણ પ્રયત્ન કર્યા વિના, શાંતિથી આગળ વધતા હોય છે.

બાળક : ધ્યેયમાંથી આનંદ મળે છે?

શ્રી માતાજી : કેટલીક વાર પોતાના ધ્યેયમાં પહોંચવા માટે આખું જીવન ચાલ્યું જાય છે અને ત્યારે, તો પછી, માણસને જીવનને અંતે જ આનંદ મળે છે.

બાળક : ધ્યેય એક આદર્શ છે અને આદર્શ વડે જીવન સમૃદ્ધ થાય એમ ખરું?

શ્રી માતાજી : હા, પણ તમારો આદર્શ ઘણો સ્થૂલ પ્રકારનો પણ હોઈ શકે છે, અને એવો આદર્શ તમને આનંદ આપતો નથી.

બાળક : ધ્યેયને લીધે જીવનને હસ્તીમાં રહેવા માટે એક અર્થ, એક કારણ મળી રહે છે અને એમાંથી તમારે એક પ્રયત્ન કરવો પડે છે. અને આ પ્રયત્ન કરવામાં આપણને આનંદ મળે છે.

શ્રી માતાજી : બરાબર એમ જ છે. પ્રયત્ન કરવાને લીધે જ તમને આનંદ મળે છે. જે માણસ પ્રયત્ન કરી શકે તેમ હોતો નથી એને કદી આનંદ મળતો નથી. જે લોકો ધરમૂળથી આળસુ હોય છે તેમને કદી આનંદ મળતો નથી — તેમનામાં આનંદી બનવાની શકિત જ હોતી નથી. પ્રયત્નને લીધે જ આનંદ મળે છે. પ્રયત્ન કરવામાં તમારું સ્વરૂપ એવી તો તીવ્ર રીતે રણઝણવા લાગે છે કે એમાંથી તમને આનંદનો અનુભવ કરવાની શકિત મળે છે.

બાળક : પરંતુ જે પ્રયત્ન કરવાથી આનંદ મળે છે, એ પ્રયત્ન પરિસ્થિતિના દબાણને લીધે કરવો પડતો હોય છે કે પછી એ પ્રયત્ન પ્રગતિ તરફ લઈ જનારો હોય છે?

શ્રી માતાજી : તમે બે વસ્તુઓને ગૂંચવી રહ્યા છો. પહેલો પ્રયત્ન સ્થૂલ રીતનો છે. બીજો માનસિક છે. એ વાત તો તદ્દન દેખીતી છે કે, કેટલીકવાર કોઈક કામ, તમે તે કરવાનો નિશ્ચય કર્યો હોય છે એટલા માટે કરતા હો છો અને બીજું કામ પરિસ્થિતિએ — વધુ કે ઓછી અનુકૂળ એવી પરિસ્થિતિએ — તમારા પર લાદ્યું હોય છે. તો એ બંનેનાં પરિણામ કદી પણ એકસરખાં આવી શકતાં નથી. દાખલા તરીકે, એ વાત જાણીતી છે કે યોગની સાધના કરતા લોકો ઘણી વાર ઉપવાસ કરતા હોય છે. ઘણી યોગસાધનાઓમાં લાંબા સમય સુધી ઉપવાસ કરવાના હોય છે અને એ ઉપવાસ કરનારા લોકોને સામાન્ય રીતે એમાં ઘણો આનંદ પડતો હોય છે. કારણ કે એ એમણે પોતે પસંદ કરેલી વસ્તુ હોય છે. પણ એ જ માણસને તમે એવા સંજોગોમાં મૂકો કે જેમાં ખોરાક મળતો ન હોય — ખોરાક મળતો ન હોય, એટલા માટે, કે પછી એ માણસ પાસે પૈસા ન હોય એટલા માટે — અને ત્યારે તમે જોશો કે એ માણસ બહુ દયાજનક સ્થિતિમાં આવી ગયેલો દેખાશે. એ માણસ વિલાપ કરતો હશે કે જીવન બહુ ભયંકર છે. જોકે આ બંને દાખલામાં પરિસ્થિતિઓ આમ તો એકસરખી જ છે. એક પરિસ્થિતિમાં તેણે પોતે ખોરાક નહિ લેવાનું નક્કી કર્યું હોય છે; પરંતુ બીજી પરિસ્થિતિમાં તો તેને ભૂખ્યા રહેવું જ પડે તેમ હોય છે; માટે તે ખાઈ શકતો નથી. આ વસ્તુ તો જાણીતી છે; પરંતુ આ બાબતમાં માત્ર આ જ એક કારણ નથી.

વાત એમ છે કે આ જે પ્રયત્ન કરવાની ક્રિયા છે, પછી તે પ્રયત્ન ગમે તે ક્ષેત્રમાં થતો હોય — એ પ્રયત્ન સ્થૂલ ભૌતિક રીતનો હોય, નૈતિક હોય કે પછી બૌદ્ધિક હોય — એ ક્રિયા જ તમારામાં એવાં આંદોલનો ઉત્પન્ન કરે છે કે જેથી તમે

વિશ્વરૂપ આંદોલનો સાથે સંબંધમાં આવો છો અને આ જ વસ્તુ તમને આનંદ આપે છે. પ્રયત્નની ક્રિયા જ તમને તમસ્‌માંથી બહાર ખેંચી લાવતી હોય છે. પ્રયત્ન, પોતે જ તમને વિશ્વરૂપ શક્તિઓને ઝીલવા માટે તૈયાર કરે છે. જે લોકો યોગ નથી કરતા હોતા, જેમનામાં કશી આધ્યાત્મિક અભીપ્સા નથી હોતી, જે લોકો તદ્દન સામાન્ય જીવન ગાળતા હોય છે,—એવા લોકોને પણ પ્રયત્નમાંથી આપોઆપ આનંદ મળતો હોય છે તેનું પણ આ જ એક કારણ હોય છે કે, એમાં એમની શક્તિઓનો વિશ્વરૂપ શક્તિઓ સાથે વિનિમય થતો હોય છે. લોકો આ વસ્તુ જાણતા નથી હોતા, એ લોકો તમને એમ નહિ કહી શકે કે તેમને થતો આનંદ આ વસ્તુને લીધે છે. પરંતુ વાત એમ જ છે.

કેટલાક માણસો માત્ર સરસ પ્રાણીઓ જેવા જ હોય છે—તેમની બધી ક્રિયાઓ સંવાદમય હોય છે, તેમની શક્તિઓ સંવાદમય રીતે વપરાતી હોય છે, તેઓ કશી ગણતરી કર્યા વિના પ્રયત્ન કરતા રહેતા હોય છે. અને એમાંથી તેમને શક્તિઓ મળતી રહે છે અને તેઓ હંમેશાં આનંદમાં રહેતા હોય છે. પરંતુ આવા લોકોના મગજમાં કેટલીક વાર કશો વિચાર નથી હોતો. તેમના હૃદયમાં કેટલીક વાર કશી પણ લાગણી હોતી નથી. એ લોકો નર્યું પ્રાણીના જેવું જ જીવન જીવતા હોય છે. મેં આવા માણસો જોયા છે; જાણે સરસ પ્રાણીઓ જ જોઈ લો! એ લોકો દેખાવમાં સુંદર હતા, એમની ક્રિયાઓ સંવાદમય હતી. એમની અંદરની શક્તિઓ સમતુલાવાળી હતી. તેઓ કશી પણ ગણતરી માંડયા વિના ખરચ કરતા રહેતા હતા અને તેમને વસ્તુઓ પણ કશી ગણતરી વિના મળતી હતી. તેઓ વિશ્વની સ્થૂલ ભૌતિક શક્તિઓ સાથે સંબંધમાં રહેતા હતા અને આનંદમાં જીવન ગાળતા હતા. કદાચ તેઓ તમને એમ કહી શકત પણ નહિ કે તેઓ પોતે ખૂબ ખૂબ આનંદમાં રહે છે—એમનામાં આનંદની ક્રિયા એવી તો આપોઆપ રીતે થતી રહેતી હતી કે એ અવસ્થા એમને માટે સ્વાભાવિક બની ગયેલી હતી—અને તેમને આનંદ શા માટે રહે છે એ વાત તો તેઓ આથી પણ ઓછા પ્રમાણમાં કહી શકે તેમ હતું, કેમ કે તેમનામાં બુદ્ધિ હજી બરાબર વિકાસ પામેલી ન હતી. મેં એવા માણસો પણ જોયા છે કે જેઓ જરૂર પડે ત્યારે પૂરતો પ્રયત્ન પણ કરી શકે તેવા હતા—બહુ વિવેકપૂર્વકનો ગણતરીબંધ પ્રયત્ન નહિ, પણ એક સહજ રીતનો પ્રયત્ન, કોઈ પણ ક્ષેત્રમાં, ભૌતિક, પ્રાણમય, બૌદ્ધિક આદિ કોઈ પણ ક્ષેત્રમાં, અને એ પ્રયત્નમાં તેમને હંમેશાં આનંદ રહેતો હતો. દાખલા તરીકે, એક માણસ પુસ્તક લખવા બેસે છે, ત્યારે તે એક પ્રયત્ન કરે છે અને તેને લીધે વિચારોનું આકર્ષણ કરવા માટે તેના મગજમાં કંઈક વસ્તુ રણઝણવા લાગે છે; તો પછી, એ માણસને તરત જ એક આનંદનો અનુભવ

થાય છે. એ વાત તો તદ્દન ચોક્કસ છે કે તમે ગમે તે કામ કરતા હશો, એ કોઈ અત્યંત સ્થૂલ પ્રકારનું કામ હશે તો પણ—જેમ કે ઓરડો વાળવાનું કે રાંધવાનું—પરંતુ એ કામ કરવા માટે તમે તમારી વધુમાં વધુ શકિત વાપરીને જોઈતો પ્રયત્ન કરશો તો, તમે જે કામ કરતા હશો તે તમારી પ્રકૃતિથી ઊલટું હશે તોપણ તમને તેમાં આનંદ આવશે. તમારે કોઈ વસ્તુ પ્રાપ્ત કરવી હોય છે ત્યારે તમે તે પ્રાપ્ત કરવા માટે બહુ જ સહજ ભાવે તમે તે અંગેનો જરૂરી પ્રયત્ન કરી લેતા હો છો; એમાંથી પછી તમારે જે વસ્તુ પ્રાપ્ત કરવાની હોય છે તેના ઉપર તમારી શકિતઓ એકાગ્ર થાય છે અને એ તમારા જીવનને જીવવા માટેનું કારણ મેળવી આપે છે. એ પ્રાપ્ત કરવાની વસ્તુ તમને તમારી જાતને વ્યવસ્થિત કરવાની ફરજ પાડે છે. તમારી શકિતઓને કોઈક રીતે એકાગ્ર કરાવે છે; કેમ કે, તમે એ જ એક વસ્તુ કરવા માગતા હો છો, એનાથી ઊલટી હોય તેવી પચાસ વસ્તુઓ નહિ. અને આ એકાગ્રતામાં, સંકલ્પ-શકિતની આ તીવ્રતામાં આનંદનું મૂળ રહેલું છે. આ એકાગ્રતા, આ સંકલ્પશકિત, તમે જે શકિતઓ ખરચતા હો છો તેના બદલામાં તમને બીજી શકિતઓને ઝીલવાની શકિત મેળવી આપે છે.

શ્રી માતાજી એ જ લેખનું વાંચન ચાલુ રાખે છે:

'આત્મપૂર્ણતાના કાર્યમાં પ્રથમ પગલું તે પોતાને વિષે સભાન થવું એ છે.'

બાળક : 'પોતાની જાતને જાણવી એટલે પોતાના ઉપર કાબૂ મેળવવો.' : આનો અર્થ શો ?'

શ્રી માતાજી : એનો અર્થ એ છે કે પોતાના આંતરિક સત્ય વિષે સભાન બનવું, પોતાના સ્વરૂપના જુદા જુદા ભાગો વિષે અને એ દરેક ભાગના કાર્ય વિષે સભાન બનવું. આપણે આ વસ્તુ શા માટે કરીએ છીએ, પેલી વસ્તુ શા માટે કરીએ છીએ, એ આપણે જાણવું જોઈએ. આપણે આપણા વિચારોને જાણવા જોઈએ, આપણી લાગણીઓ જાણવી જોઈએ, આપણી સર્વ પ્રવૃત્તિઓને, સર્વ ક્રિયાઓને જાણવી જોઈએ, આપણે શું કરી શકીએ તેમ છીએ ઈત્યાદિ બધું જાણવું જોઈએ અને પોતાના વિષે જાણવું, એટલું જ પૂરતું નથી; આ જ્ઞાન આપણને સભાન કાબૂ પ્રત્યે લઈ જાય તેમ થવું જોઈએ. પોતાની જાતને સંપૂર્ણ જાણવી એટલે કે પોતાની જાત ઉપર સંપૂર્ણ કાબૂ મેળવવો.

બાળક : પરંતુ આ માટે તો આપણે આપણા જીવનની પ્રત્યેક પળે અભીપ્સા સેવતા રહેવું જોઈએ.

શ્રી માતાજી : આ કામ તમે ગમે ત્યારે શરૂ કરી શકો છો, એમાં તમે કદી વધુ પડતું જલદી શરૂ કરી દેતા નથી, આ કામ તમે સદા ચાલુ રાખી શકો છો, એમાં કદી વધુ પડતું મોડું થઈ જતું નથી. એટલે કે તમે તદ્દન નાના હો ત્યારે પણ તમે તમારી પોતાની જાતનો અભ્યાસ કરવો શરૂ કરી શકો છો. તમારી જાતને જાણવાનું અને થોડે થોડે કરીને તમારા પોતાના ઉપર કાબૂ મેળવવાનું કરી શકો છો. અને તમે જ્યારે લોકો જેને 'ઘડપણ' કહે છે તેવી સ્થિતિએ પહોંચ્યા હો, તમને ઘણાં ઘણાં વરસો થઈ ગયાં હોય ત્યારે પણ તમે તમારી જાતને વધુ ને વધુ જાણવા માટે પ્રયત્ન કરો અને તમારી જાત ઉપર વધુ ને વધુ કાબૂ મેળવવા પ્રયત્ન કરો તો એમાં પણ કદી વધુ પડતું મોડું થઈ જતું નથી. આ છે જીવનનું શાસ્ત્ર.

તમારી જાતને સંપૂર્ણ કરવા માટે સૌથી પ્રથમ તો તમારે તમારા સ્વરૂપ વિષે સભાન બનવાનું રહે છે. દાખલા તરીકે, મને ખાતરી છે કે આવો બનાવ તમારા જીવનમાં ઘણી વાર બનેલો હશે : કોઈ એકાએક આવીને તમને પ્રશ્ન કરે છે, 'એ તમે શા માટે કર્યું?' તો, તમારો સહજ રીતે એ ઉત્તર હોય છે, 'મને ખબર નથી.' કોઈ તમને પૂછે : 'તમે શાનો વિચાર કરો છો?' તમે જવાબ આપો છો, 'મને ખબર નથી.' 'તમે શા માટે થાકી ગયા છો?' : 'મને ખબર નથી.' 'તમે શા માટે આનંદમાં છો?' : 'મને ખબર નથી.' અને એ પ્રમાણે, હું તમારામાંથી પચાસ જણને લઈને તેમને કશી તૈયારી કરવા દીધા વિના એકદમ પૂછું કે, 'તમે એ શા માટે કર્યું?' અને જો એ લોકો અંદરમાં 'જાગૃત' નહિ હોય તો એ બધા તરફથી એવો જવાબ આવશે કે 'મને ખબર નથી.' (બેશક, જે લોકો પોતાની જાતને જાણવા માટે તેમ જ પોતાની ક્રિયાઓને છેલ્લી હદ સુધી જોવા માટે સાધના કરેલી છે તેમની વાત તો હું નથી જ કરતી; એ લોકો તો જરૂર સ્વસ્થ થઈ શકશે અને એકાગ્ર થઈ શકશે અને સાચો જવાબ આપી શકશે, પણ તે થોડા વખત પછી.) તમે જો તમારા આખા દિવસની પ્રવૃત્તિ ઉપર નજર નાખશો તો તમારામાં પણ કાંઈ આવી જ સ્થિતિ છે એમ તમને જણાઈ આવશે. તમે કંઈક કહેતા હો છો અને તમને ખબર નથી હોતી કે તમે શા માટે એમ કહો છો. તમારા મોંમાંથી શબ્દો નીકળી જાય છે ત્યારે તમને જણાય છે કે એ વસ્તુ બરાબર – તમારે જે કહેવું હતું તે પ્રમાણેની હતી નહિ. દાખલા તરીકે, તમે કોઈને મળવા જાઓ છો. તમે જે શબ્દો બોલવાના હો છો તેની તમે આગળથી તૈયારી કરી લો છો; પરંતુ એ માણસની પાસે તમે પહોંચો છો ત્યારે તમે કશું જ બોલતા નથી અથવા તો તમારા મોંમાંથી બીજા જ શબ્દો બહાર આવી જાય છે. તો આમાં તમે કહી શકશો ખરા કે એ માણસના વાતાવરણે તમારા ઉપર કેટલા પ્રમાણમાં પ્રભાવ નાખ્યો છે કે જેને લઈને તમે જે વસ્તુ તૈયાર કરી હતી તેને

બોલતાં તેણે તમને અટકાવ્યા છે? કેટલા લોકો આ વસ્તુ કરી શકે તેમ છે? લોકો એ વસ્તુ પણ જોઈ શકતા નથી હોતા કે પેલો માણસ અમુક અમુક સ્થિતિમાં હતો અને એટલા માટે તેઓ પોતે જે તૈયાર કર્યું હતું તે કહી શક્યા ન હતા. બેશક, કેટલાક તો એવા ચોખ્ખા દાખલાઓ હોય છે કે પેલા માણસને તમે એવી ખરાબ મનોદશામાં જુઓ છો કે તમે તેમને કશું કહી શકતા નથી. આવી સ્થિતિની વાત હું નથી કરતી. અહીં હું માણસોની પરસ્પર એક બીજા ઉપર જે અસર થતી હોય છે, તમારી પ્રકૃતિ ઉપર જે વસ્તુ કાર્ય અને પ્રતિકાર્ય કરતી હોય છે તેને સ્પષ્ટ રીતે જોવાની વાત કરું છું—અને માણસ પાસે આ દૃષ્ટિ નથી હોતી, દાખલા તરીકે, તમે એકાએક બેચેન બની જતા હો છો અથવા તો આનંદમાં આવી જતા હો છો. પણ કેટલા લોકો કહી શકે તેમ છે કે, 'એ વસ્તુ આ છે?' અને આ વસ્તુ જાણવી મુશ્કેલ છે, એ જરા પણ સહેલું નથી. માણસે ખૂબ જ 'જાગૃત' રહેવાનું હોય છે; તમે સતતપણે ખૂબ જ ધ્યાનપૂર્વક અવલોકન કરી શકો એવી સ્થિતિમાં તમારે રહેવું જોઈએ.

કેટલાક લોકો રોજ બાર કલાક ઊંઘતા હોય છે અને બાકીનો વખત, 'હું જાગું છું.' એમ કહેતા હોય છે! કેટલાક લોકો દિવસના વીસ કલાક ઊંઘતા હોય છે અને બાકીનો વખત અર્ધા જાગતા હોય છે!

અવલોકન કરવા માટેની આવી સ્થિતિમાં રહેવાને માટે તમારી પાસે, કહો કે, દરેક સ્થળે તરંગ ગ્રાહક એન્ટેનાઓ (રેડિયોનાં મોજાં ઝીલવાની હોય છે તેવી) હોવી જોઈએ કે જે, તમારા સાચી ચેતનાના કેન્દ્રની સાથે સતત સંપર્કમાં રહેતી હોય. આમ બને છે ત્યારે, તમે દરેક વસ્તુની નોંધ લેતા રહો છો. દરેક વસ્તુને સંગઠિત કરતા રહો છો અને આ રીતે, તમને કોઈ વસ્તુ અસાવધ દશામાં પકડી શકતી નથી, તમે છેતરાઈ શકતા નથી, તમે ભૂલમાં પડતા નથી, અને તમારે જે કંઈ કહેવાનું હોય તેથી કોઈ પણ અન્ય પ્રકારની વસ્તુ કહેતા નથી, પરંતુ આવી સ્થિતિમાં સર્વ સમયે સ્વાભાવિકપણે રહેતા હોય એવા લોકો કેટલા હશે! હુ જ્યારે 'સભાન બનવાનું' કહું છું ત્યારે ખરી રીતે મારે આ જ વાત કહેવી હોય છે. તમારી આસપાસ જે કોઈ પરિસ્થિતિઓ અને સંજોગો હોય તે સૌમાંથી જો તમારે વધુમાં વધુ લાભ મેળવવો હોય તો તમારે પૂરેપૂરા જાગૃત રહેવું જોઈએ. તમને કોઈ અચાનક અસાવધ દશામાં ઝડપી લે એમ ન બનવું જોઈએ. તમે અમુક વસ્તુ શા માટે કરો છો તે જાણ્યા વિના તમારે કશું ન કરવું જોઈએ. તમારે શા માટે બોલવાનું છે તે જાણ્યા વિના તમારે કશું પણ બોલવું ન જોઈએ. તમારે સતત જાગૃત રહેવું જોઈએ.

તમારે એ પણ સમજવું જોઈએ કે તમે સૌ અલગ અલગ વ્યક્તિઓ નથી. અને જીવન એ તો શક્તિઓનો, ચેતનાઓનો, આંદોલનોનો અને હરેક રીતની ક્રિયાઓનો

અસ્ખલિત રીતે ચાલતો રહેતો વિનિમય છે. જાણે કે તમે એક ટોળામાં છો; એમાં દરેક જણ ધક્કાધક્કી કરતું હોય છે. દરેક જણ આગળ જતું હોય છે. અને એમાં જ્યારે બધા પાછળ ધકેલાઈ જતા હોય છે ત્યારે એકે એક જણ પાછળ જઈ રહ્યું હોય છે. આંતરિક જગતમાં પણ, તમારી ચેતનાની બાબતમાં આમ જ બનતું હોય છે. શકિતઓ અને પ્રભાવો તમારા ઉપર સતતપણે કાર્ય - પ્રતિકાર્ય કરી રહ્યાં હોય છે. વાતાવરણમાં ગૅસ રહેલો હોય, એના જેવું એ હોય છે અને જો તમે પૂરેપૂરા જાગૃત નથી હોતા તો આ વસ્તુઓ તમારી અંદર દાખલ થઈ જાય છે. અને આમ તેઓ તમારી અંદર બરાબર દાખલ થઈ જાય અને જાણે કે તમારામાંથી જ બહાર આવતી હોય એમ બહાર આવે ત્યારે જ તમે તેમને વિષે સભાન બનો છો. કેટલીક વાર લોકોને શિથિલ દશામાં રહેલાં, ગુસ્સામાં અથવા તો ખરાબ મનોદશામાં રહેલાં માણસોને મળવાનું થતું હોય છે અને ત્યારે તેઓ પોતે પણ એવા જ શિથિલ અને ક્રોધ ભરેલા અને ખરાબ મનોદશાવાળા બની જતા હોય છે; અને આમ શા માટે બન્યું હોય છે તે વસ્તુ તેઓ જાણતા હોતા નથી. તમે અમુક માણસ સાથે રમતા હો છો ત્યારે તમારી રમત સારી રીતે ચાલતી હોય છે, અને તમે અમુક વ્યકિત સાથે રમતા હો છો ત્યારે તમે બરાબર રમી શકતા નથી : એમ શા માટે બનતું હશે ? અને જે લોકો આમ તો શાંત હોય છે, ધૃષ્ટ નથી હોતા, એવા લોકો પણ જ્યારે કોઈ ઝનૂની ટોળાની વચ્ચે હોય છે ત્યારે એકાએક ઝનૂની બની જતા હોય છે. અને એમાં કોઈને ખબર નથી હોતી કે આ વસ્તુ કોણે શરૂ કરી હતી. એ વસ્તુ ક્યાંકથી આવી પડી હતી અને ચેતનાને ક્યાં અને કેવી રીતે ઘસડી લઈ ગઈ હતી. તો કેટલાક લોકો એવા હોય છે કે આવાં આંદોલનો ન ઊભાં થાય તેમ કરી શકે તેવા હોય છે, તો બીજા લોકો વળી પોતે જાણ્યા વિના પણ તેનો જવાબ વાળતા રહે છે. દરેક વસ્તુ આવી છે, નાનામાં નાનાથી માંડી તે મોટામાં મોટી સુધીની.

તમારે સમૂહમાં તમારું વ્યકિતત્વ જાળવી રાખવું હોય તો તે માટે તમારે પોતાની જાત વિષે સંપૂર્ણ રીતે સભાન બની રહેવું જોઈએ. અને તમે પોતે એટલે શું ? તમે પોતે એટલે સર્વ મિશ્રણોથી પર રહેલો એવો આત્મા. અર્થાત્, જેને હું મારા સ્વરૂપનું સત્ય કહું છું તે અને જ્યાં સુધી તમે તમારા સ્વરૂપના સત્ય વિષે સભાન નથી થયા, ત્યાં સુધી હરેક રીતની વસ્તુઓ તમને હલાવતી ચલાવતી રહે છે અને તમે તેમને વિષે જરા પણ સભાન હોતા નથી. સામૂહિક વિચાર, સામૂહિક સૂચન એ એક ઘણી બળવાન અસર હોય છે; વ્યકિતના વિચાર ઉપર એ સતત કાર્ય કરતાં રહે છે. અને આમાં અસાધારણ વસ્તુ એ છે કે તમને તેને વિષે કશી ખબર હોતી નથી. તમે એમ વિચારતા રહો છો કે તમે 'એ પ્રમાણે' વિચારો છો, પણ વાસ્તવિક રીતે તો સમૂહ જ એ પ્રમાણે વિચારતો હોય છે. સમૂહ એ વ્યકિત કરતાં હંમેશાં ઊતરતી અવસ્થામાં હોય છે. તમે એકસરખી કક્ષાની

વ્યકિતઓ લો. તો એ વ્યકિતઓ જ્યારે એકલી હશે ત્યારે ટોળામાં આવેલાં એ જ કક્ષાના લોકો કરતાં તે કાંઈ નહિ તો બે અંશ ઊંચી અવસ્થામાં તો હોય છે જ. ટોળામાં તો અંધકારમય અને અવચેતન વસ્તુઓનું એક મિશ્રણ રહેલું હોય છે અને એ તમે અવચેતનમાં અનિવાર્યપણે સરી જતા હો છો. એમાંથી છૂટી નીકળવાનું માત્ર એક જ સાધન છે; તમારે પોતાને વિષે સભાન બનો, વધુ ને વધુ સભાન બનો અને વધારેમાં વધારે ધ્યાન આપતા રહો.

તમે આ નાનકડી કસરત કરવાનો પ્રયત્ન કરજો. દિવસના આરંભમાં એમ કહેજો, 'હું આજે જે કાંઈ બોલીશ તેના વિષે અગાઉથી વિચાર કર્યા વિના બોલીશ નહિ.' તમે એમ માનો છો ને કે તમે જે કાંઈ બોલો છો તે વિષે તમે વિચાર કરતા હો છો! પણ ખરી રીતે એવું લેશ માત્ર હોતું નથી. તમે જોશો કે ઘણીવાર જે શબ્દ તમે બોલવા માગતા નથી હોતા તે બહાર આવવાને તૈયાર થઈને બેઠો હોય છે અને ત્યારે તમારે એ શબ્દને બહાર આવતા અટકાવવા માટે સભાનપણે પ્રયત્ન કરવો પડે છે.

હું એવા માણસોને જાણું છું કે જેઓ જૂઠું ન બોલવા વિષે બહુ જ કાળજી રાખતા હતા; પરંતુ જ્યારે તેઓ સમૂહમાં ભળતા ત્યારે સાચું બોલવાને બદલે આપોઆપ અનાયાસે તેમનાથી જૂઠું બોલાઈ જતું! એમને એમ કરવાનો ઈરાદો તો નહોતો જ રહેતો, પણ એ 'એમ' બોલાઈ જતું શા માટે? કારણ કે તેઓ જૂઠા માણસોની સોબતમાં હતા: ત્યાં એક અસત્યનું વાતાવરણ રહેતું અને એમને માત્ર એ રોગનો ચેપ લાગુ પડી જતો!

આ રીતે આપણે થોડે થોડે કરીને, ખંતપૂર્વક, સૌથી પ્રથમ તો ખૂબ જ કાળજી અને ધ્યાનપૂર્વક, સભાન બનતા થઈ શકીએ છીએ, આપણી પોતાની જાતને જાણવાનું શીખી શકીએ છીએ અને પછીથી આપણી જાતના સ્વામી બનવાનું શીખી શકીએ છીએ.

૧૫ જાન્યુઆરી, ૧૯૫૧

'આપણી ચેતનાની ક્રિયાઓને આપણે ખૂબ જ ધ્યાનપૂર્વક નિહાળવાની રહે છે, તેમને જાણે કે આપણો જે ઉત્તમોત્તમ આદર્શ હોય તેના ન્યાયાસન પાસે લઈ આવવાની છે અને એ આદર્શના આસન ઉપરથી જે ચુકાદો આવે તે સ્વીકારવા માટે સાચા હૃદયથી તૈયારી રાખવાની છે. આપણે આમ કરીશું તો જ આપણામાં એક સ્ખલન વિનાની વિવેકબુદ્ધિ વિકસાવી શકીશું.

('ધ સાયન્સ ઑફ લિવિંગ'. બુલેટિન, નવેમ્બર, ૧૯૫૦)

આપણે આપણી ક્રિયાઓના મૂળ વિષે સ્પષ્ટપણે સભાન બનવું જોઈએ, કારણ કે આપણા જીવનમાં પરસ્પર વિરોધી હોય એવી ઘણી અસ્પષ્ટ ઇચ્છાઓ હોય છે – કેટલીક તમને આમ ધક્કો મારે છે તો બીજી તમને તેમ ધક્કો મારે છે અને આ વસ્તુ તો દેખીતી રીતે જ જીવનમાં એક ગૂંચવણ ઊભી કરે છે. તમે તમારી જાતનું અવલોકન કરશો તો તમને જણાશે કે તમે જો તમને ક્ષુબ્ધ કરે તેવું કંઈ પણ કરશો કે તરત જ તમારું મન તમને સાચા ઠેરવવા માટે અનુકૂળ કારણો મેળવી આપશે — આ મન, દરેક વસ્તુને ઓપ આપવાની શકિત ધરાવે છે. પરિસ્થિતિ આવી છે, એટલે માણસમાં સંપૂર્ણ સચ્ચાઈ હોય છે તો જ તે પોતાની જાત વિષેનું જ્ઞાન મેળવી શકે છે અને મનોમય ચેતનાનાં નાનાં નાનાં અસત્યોની આરપાર જોઈ શકે છે.

કેટલાક માણસો સતત એકની એક વસ્તુનું રટણ કર્યા કરતા હોય છે. જો તમે પણ તમારા મનમાં એ રીતે તમારી રોજની ક્રિયાઓ અને પ્રત્યાઘાતોને વાગોળ્યા

કરશો તો પ્રગતિ કરી શકશો નહિ. આવી જાતના પુનરાવલોકન વડે જો તમારે પ્રગતિ કરવી હશે તો તે માટે તમારે તમારી જાતમાં કોઈ એવી વસ્તુ શોધી કાઢવી જોઈશે, જેના પ્રકાશમાં તમે પોતે જ તમારી જાતનો ન્યાય તોળી શકો, એ વસ્તુ એવી હોવી જોઈએ જે તમારી જાતનો ઉત્તમ અંશ હોય, જેમાં કાંઈક પ્રકાશ હોય, કાંઈક શુભ ભાવના હોય, અને પ્રગતિ માટે જરૂરી એવો પ્રેમ હોય. હવે એ વસ્તુને તમે તમારી સામે મૂકો અને સિનેમાના પરદાની જેમ, પ્રથમ તેની પાસેથી તમે જે કાંઈ કર્યું હોય, તમને જે કાંઈ લાગ્યું હોય, તેને તમારી ઊર્મિઓ, તમારા વિચારો, એ સૌને પસાર કરો; પછી તેમનો મેળ બેસાડવા પ્રયત્ન કરો. એટલે કે, આના પછી આ કેમ બન્યું તે શોધી કાઢો. અને પછી તમારી સામે પેલો જે પ્રકાશિત પડદો હોય છે તેની ઉપર બરાબર દૃષ્ટિ નાખો. તમે ત્યાં જોશો કે કેટલીક વસ્તુઓ તો કાંઈપણ પડછાયો પાડ્યા સિવાય બરાબર પસાર થઈ જાય છે; તો આથી ઊલટું કેટલીક વસ્તુઓ થોડીક છાયા પાડે છે; તો બીજી વળી ખાસ્સો કાળો અને ગમે નહિ તેવો પડછાયો પાડે છે. તમારે આ વસ્તુ તમે જાણે એક રમત રમતા હો તેમ, સાચા હૃદયથી કરવી જોઈએ: અમુક પરિસ્થિતિમાં મેં આવી આવી વસ્તુ કરી ત્યારે મારી લાગણી આવી હતી; અને મારી વિચારણા આ રીતની હતી અને મેં તો મારી સમક્ષ આત્મજ્ઞાન અને સ્વપ્રભુત્વનો આદર્શ રાખ્યો છે: તો પછી આ કાર્ય મારા આદર્શને અનુરૂપ હતું કે નહિ? જો એ કાર્ય સાચે જ એવું હશે તો એ પેલા પરદા ઉપર કોઈ છાયા નહિ પાડે, એ પારદર્શક જ રહેશે અને પછી એની બાબતમાં તમારે કોઈ ચિંતા કરવાપણું નહિ રહે. પરંતુ એ કાર્ય જો તમારા આદર્શને અનુરૂપ નહિ હોય તો એનો પડછાયો પડશે. ત્યારે તમને પ્રશ્ન થવો જોઈએ કે આ વસ્તુનો કેમ પડછાયો પડ્યો? એ કાર્યમાં એવું શું હતું કે જે મારા આત્મજ્ઞાન અને આત્મ-પ્રભુત્વના મારા સંકલ્પથી વિરુદ્ધ હતું? અને આમ કરતાં કરતાં, મોટે ભાગે તમને એ વસ્તુ જણાઈ આવશે કે એ કાર્ય લગભગ અભાનપણાને મળતું હતું — ત્યારે પછી તમે તેને અચેતન વસ્તુઓના વર્ગમાં મૂકશો અને સંકલ્પ કરશો કે ફરી વાર કોઈ પણ વસ્તુ કરતાં પહેલાં તમે સચેતન થઈને કાર્ય કરશો. પણ બીજા કેટલાક પ્રસંગે તમને એમ જણાશે કે તમારા કાર્યને કે વિચારને વિકૃત કરવા માટે એક ક્ષુદ્ર મલિન અહંકાર કામ કરી ગયો હતો. પછી તમે આ અહંકારને તમારા 'પ્રકાશ' સામે મૂકશો અને તમારી જાતને પૂછશો કે, 'મને એ પ્રમાણે કરાવવાનો, વિચારાવવાનો અધિકાર હોવાનું કયા કારણને આભારી છે.' આવે વખતે તમે ગમે તેવા ખુલાસાને સ્વીકારી ન લેશો પણ જરા ઊંડું નિરીક્ષણ કરજો અને તો પછી તમને જણાશે કે તમારી પોતાની જાતના એક ખૂણામાં જ એક એવી વસ્તુ બેઠી હતી, જે કહેતી હતી કે, 'અરે! ના, હું બધું સ્વીકારીશ પણ એ (આદર્શ) તો નહિ જ!'

તમે જોશો કે એ કોઈ તુચ્છ મિથ્યાભિમાન હશે, આત્મપ્રેમની કોઈ ક્રિયા હશે, સંતાઈ રહેલા અહંકારની કોઈ લાગણી અથવા એવી જ કોઈ સેંકડો વસ્તુઓ હશે. પછી તમે આ બધી વસ્તુઓને તમારા આદર્શના પ્રકાશમાં સારી રીતે જોઈ લેજો : 'આ ક્રિયાનું લાલન શું મારા આદર્શની મારી ખોજ અને તેની સિદ્ધની સાથે સુસંગત છે? હું તો હવે આ નાનકડા અંધારા ખૂણામાં પ્રકાશ આવે નહિ અને તેનો લોપ કરી દે નહિ ત્યાં સુધી એને પ્રકાશ સમક્ષ મૂકી રાખીશ.' અને પછી આ પ્રહસનનો અંત આવે છે. પરંતુ હજી તમારા આખા દિવસનું પ્રહસન પૂરું થયું નથી હોતું; કારણ કે આવી બીજી અનેક વસ્તુઓને તમારે પ્રકાશ આગળથી પસાર કરવાની બાકી રહે છે. પરંતુ જો આ રમત તમે ચાલુ રાખશો—અને સાચે જ, તમે જો સાચા હૃદયથી એ કરો તો એ રમત જ છે – તો હું તમને ખાતરી આપું છું કે છ મહિનામાં તો તમે એવા થઈ જશો કે તમે તમારી જાતને ઓળખી પણ નહિ શકો. તમે પોતાને કહેશો : 'શું હું એવો હતો? અશક્ય!'

તમે ભલે પાંચ વરસના હો કે વીસ કે પચાસ કે સાઠ વર્ષના હો, પરંતુ આ રીતે આ આંતર પ્રકાશ સમક્ષ બધી વસ્તુઓને રજુ કરીને તમે તમારું રૂપાંતર કરી શકશો. તમને જણાશે કે જે તત્ત્વો તમારા આદર્શને અનુરૂપ નથી હોતાં તે બધાં પણ, સામાન્ય રીતે, તમારી અંદરથી તદ્દન બહાર ફેંકી દેવા જેવાં હોતા નથી. (એવાં તો બહુ જ થોડાં હોય છે); ખરી રીતે એ બધાં પોતપોતાના યોગ્ય સ્થાને ન હોય એવી વસ્તુઓ જ હોય છે. જો તમે બધી વસ્તુઓ, — તમારી લાગણીઓ, તમારા વિચારો, તમારી ઊર્મિઓ, વગેરેને — તમારા ચૈત્ય-કેન્દ્ર રૂપી આંતર પ્રકાશની આસપાસ ગોઠવવા પ્રયત્ન કરશો, તો છેવટે તમને જણાશે કે તમારી અંદરની બધી અવ્યવસ્થા એક જ્યોતિર્મય સુવ્યવસ્થામાં પલટાઈ ગઈ છે.

એ વાત તો સ્પષ્ટ છે કે કોઈ એક રાષ્ટ્ર કે જગત, જો આ જ રીતની કાર્ય પદ્ધતિ અપનાવે તો, માનવ જાતને દુ:ખી કરતી મોટા ભાગની વસ્તુઓ અદશ્ય થઈ જાય; કારણ કે, દુનિયાનાં મોટા ભાગનાં દુ:ખો, વસ્તુઓ તેમના યોગ્ય સ્થાને ન હોવાને કારણે ઊભાં થતાં હોય છે. જીવનને જો એવી રીતે ગોઠવવામાં આવે કે કોઈ પણ વસ્તુનો બગાડ ન થાય અને દરેક વસ્તુ તેના યોગ્ય સ્થાને હોય, તો દુ:ખોનું અસ્તિત્વ જ મટી જાય. એક જૂના સંતની ઉક્તિ છે કે : 'અશુભ એવું કંઈ જ નથી. માત્ર સમતુલાનો અભાવ છે.

જગતમાં ખરાબ એવું કંઈ જ નથી; માત્ર વસ્તુઓ તેમના યોગ્ય સ્થાને નથી.'

રાષ્ટ્રોમાં, સ્થૂલ જગતમાં, વ્યકિતઓનાં કાર્યો, વિચારો અને લાગણીઓમાં, જો બધી જ વસ્તુઓ તેમના યોગ્ય સ્થાને હોય, તો માનવ જાતિનાં દુ:ખોનો મોટો ભાગ અદશ્ય થઈ જાય.

આમાં બે વસ્તુઓ લક્ષમાં રાખવાની છે : ચેતના અને જે સાધનો મારફત ચેતના પોતાની અભિવ્યકિત કરે છે તે. આપણે સાધનોની વાત લઈએ : તો મનોમય ચેતના વિચારો ઉત્પન્ન કરે છે, ઊર્મિમય ચેતના લાગણીઓ પેદા કરે છે, પ્રાણમય ચેતના કાર્યશકિત ઉત્પન્ન કરે છે અને શારીરિક ચેતના કાર્ય કરે છે.

પ્રતિભાશાળી વ્યકિતને ગમે તે કોઈ વસ્તુ આવી મળે છે તો પણ એ તેમાંથી કંઈક સુંદર વસ્તુ બનાવે છે; કારણ કે તેનામાં પ્રતિભાશકિત છે. પણ આ વ્યકિતને કોઈ સંપૂર્ણ સાધન આપો તો તો એ, તેમાંથી કોઈક અદ્‌ભુત વસ્તુ બનાવી દેશે. કોઈ મહાન સંગીતકારનો દાખલો લો; એને ભલે એક ભંગાર, તૂટેલો સૂરોવાળો પિયાનો આપો, તો એ એમાંથી પણ કંઈક સુમધુર સુરાવલિ પેદા કરશે. પણ એને એક સારો પિયાનો આપો, બરાબર સૂર મેળવેલો, તો એ એથી પણ વધારે સુંદર સંગીત ઉત્પન્ન કરશે. આ બન્ને પ્રસંગોમાં ચેતના એની એ જ છે, પરંતુ તેની યોગ્ય અભિવ્યકિતને માટે એ ચેતનાને એક સારા સાધનની જરૂર રહે છે - એક મનની, પ્રાણની, ચૈત્ય પુરૂષની અને શારીરિક રીતની શકિતઓવાળું શરીરની. તમારું ઘડતર જો શારીરિક રીતે સારું નહિ હોય, શરીરનો બાંધો સુગઠિત નહિ હોય, તો તમને સારી એવી તાલીમ મળશે, છતાં એક સરસ અને સુગઠિત શરીરવાળી વ્યકિત જેવી સરસ કસરતો કરી શકશે તેમ કરવું તમારે માટે મુશ્કેલ રહેશે. એ જ વસ્તુ મનને લાગુ પડે છે - જેનું મન સુસંગઠિત, સંકુલ, પરિપૂર્ણ, અને સંસ્કારી હોય છે તે પોતાની અભિવ્યકિત એક સામાન્ય કોટિના અગર ખરાબ રીતે કેળવાયેલા મનવાળા માણસ કરતાં વધારે સારી રીતે કરી શકે છે. તો સૌથી પ્રથમ તો તમારે તમારી ચેતનાને કેળવવી જોઈએ, તમારી જાત વિષે સચેતન થવું જોઈએ, તમારી ચેતનાને, તમારા આદર્શને અનુરૂપ યોજવી જોઈએ, પણ સાથે સાથે તમારા શરીરમાં જે જે સાધનો રહેલાં છે તેમના તરફ પણ તમારે બેદરકાર ન રહેવું જોઈએ.

એક દાખલો લો. તમે તમારા શરીરમાં તમારા ગહનતમ આદર્શ સાથે એકરૂપ રહો છો, પણ એક સમયે તમે જુઓ છો કે તમારી સમક્ષ એક નિશાળનો વર્ગ છે અને વિદ્યાર્થીઓને તમારે કંઈક શીખવવાનું છે. તો પેલો પ્રકાશ તો ત્યાં છે, પેલી ચેતનાનો પ્રકાશ, - પણ જ્યારે તમારે તમારા વર્ગને જે પ્રકારના વિજ્ઞાનનો વિષય શીખવવાનો હોય, સમજાવવાનો હોય ત્યારે તેને અનુરૂપ એવું જ્ઞાન ભંડોળ પાસે હોય એ વધારે અનુકૂળ પડે કે પછી તમારામાં પ્રેરણાનું બળ એટલું બધું હોય કે એ ભંડોળની તમારે જરૂર જ ન પડે ? તમારો વ્યકિતગત અનુભવ શો છે ?... શું એમ નથી બનતું કે અમુક દિવસોએ તો બધું બરાબર ચાલે છે એમ તમને જણાય છે ? તમે છટાદાર રીતે બોલતા હો છો, તમારા વિદ્યાર્થીઓ ધ્યાન આપીને તમને સાંભળતા હોય છે અને સહેલાઈથી સમજતા હોય છે. પણ એવા દિવસો પણ આવે છે કે જ્યારે

તમારે જે શીખવવાનું હોય છે તે તમે બરાબર શીખવી શકતા નથી - વિદ્યાર્થીઓ તમારા કહેવા તરફ ધ્યાન આપતા નથી - એટલે કે તેમને કંટાળો આવતો હોય છે અને તમે પણ તેમનામાં કંટાળો ઉત્પન્ન કરતા હો છો. આનો અર્થ એટલો જ કે પહેલા પ્રસંગમાં તમારી ચેતના જાગૃત હોય છે અને તમે જે કરતા હો તેના ઉપર તે એકાગ્ર બનેલી હોય છે, જ્યારે બીજા પ્રસંગે ઓછેવત્તે અંશે તે ચેતના ઊંઘતી હોય છે - અને તેવે સમયે તમારે તમારાં બાહ્ય સાધનો ઉપર જ આધાર રાખવાનો હોય છે. પરંતુ એવે પ્રસંગે, જો તમારી પાસે જરૂરી જ્ઞાનનું ભંડોળ હશે તો તમે વિદ્યાર્થીઓને કંઈક કહી શકશો, તમારું મન જો તાલીમ પામેલું, સુસજ્જ થયેલું અને તમે તેને જ્યારે પણ ઉપયોગમાં લેવા માગો ત્યારે બરાબર જવાબ દે તેવા સરસ સાધન તરીકે વિકસાવેલું હશે, અને તમે બધી જરૂરી નોંધો અને વિચારોની સામગ્રી એકઠી કરેલી હશે તો બધું બરાબર ચાલશે, પરંતુ તમારા મસ્તકમાં જો કંઈ જ નહિ હોય અને વધુમાં તો તમે તમારી ઊર્ધ્વ ચેતના સાથે સંપર્કમાં પણ નહિ હો, તો પછી તમારે માટે ચોપડી લઈને પાઠ વાંચી સંભળાવ્યા સિવાય બીજો રસ્તો નહિ રહે - તમારે બીજા કોઈના મગજનો ઉપયોગ કરવો પડશે.

રમતોની વાત લઈએ. એમાં એવા પણ દિવસો આવે છે કે જ્યારે બધું બરાબર ચાલતું હોય છે; તમે એ પહેલાં કાંઈ ખાસ કર્યું હોતું નથી, છતાં પણ તમે દરેક વસ્તુમાં સફળ થાઓ છો; પરંતુ જો તમે અગાઉથી બરાબર મહેનત કરી હશે તો તો પરિણામ એથી પણ વધુ ભવ્ય આવશે. દાખલા તરીકે ધારો કે તમારે એક એવી વ્યકિત સામે રમતમાં ઊતરવાનું આવ્યું છે કે જેણે પોતાની જાતને ધીરે ધીરે કાળજીપૂર્વક ધીરજ, અને તિતિક્ષાપૂર્વક કેળવી છે અને જેનામાં અચાનક એક બળવાન અભીપ્સા પણ જાગી છે. એવે વખતે જો તમારામાં તમારા હરીફ કરતાં પણ વધુ બળવાન હોય એવી અભીપ્સા નહિ હોય તો એ વ્યકિત તમને પરાજિત કરી દેશે. પરંતુ જો તમારી સામે કોઈ એવી વ્યકિત આવે કે જેની પાસે માત્ર રમતની ટેકનીકનું (દાવપેચનું) જ જ્ઞાન હોય, પરંતુ જેનામાં કોઈ સભાન રીતની અભીપ્સા ન હોય અને એવે સમયે જો તમે ચેતનાની સંપૂર્ણ સભાન સ્થિતિમાં હશો તો પછી, દેખીતી રીતે તમે જ તેને હરાવશો, કારણ કે ટેકનિકની ગુણવત્તા કરતાં સભાનપણાની ગુણવત્તા હમેશાં ચઢિયાતી જ હોય છે. પરંતુ આવી બાબતમાં એક વસ્તુનું સ્થાન બીજી વસ્તુ લઈ શકતી નથી. જે વસ્તુ વધારે ઉચ્ચ હોય છે તેનું મહત્વ વધારે જ રહે છે. ભલે વસ્તુસ્થિતિ એવી હોય, પણ એની સાથે સાથે, તમારા જ્ઞાનતંતુઓ પણ ઝડપથી પ્રતિક્રિયા કરે તેવા હોવા જોઈએ, તમારી ક્રિયાઓ સહેજપણે થતી હોવી જોઈએ. સંપૂર્ણ રીતે રમત રમી જાણવા માટે તમારી પાસે રમતનાં રહસ્યોનું જ્ઞાન હોવું જોઈએ. તમારી પાસે બંને વસ્તુઓ હોવી જોઈએ. આમ તો યોગ્ય ક્ષણે, તમે યોગ્ય ક્રિયા કરી શકો એવું શકય બનાવનાર ચેતના જ ચઢિયાતી

હોય છે, પરંતુ તે એકલી જ પૂરતી નથી. જ્યારે તમે પૂર્ણતા ઈચ્છતા હો ત્યારે તમારી પાસે એક વસ્તુ છે; તેના બહાના હેઠળ અન્યની અવગણના કરી શકો નહિ.

બાળક : શું જીત પ્રાપ્ત કરવાને માટે રમવું જોઈએ ?

શ્રી માતાજી : તમારી ચેતના જ્યારે ત્રણ-ચાર વર્ષની હોય ત્યારે એવી વસ્તુ એક સાવ જરૂરી પ્રોત્સાહક રૂપ બને છે, પરંતુ એમ પણ બની શકે ને કે તમારી પચાસ વર્ષની ઉંમરે પણ તમારી ચેતના તો ચાર વર્ષની જ હોય ! ના, જ્યારે તમારી ચેતના પરિપક્વ હોય ત્યારે તમારે જીત પ્રાપ્ત કરવા માટે રમવાની જરૂર નથી. તમારે ફક્ત રમવાને માટે રમવું જોઈએ, રમતાં શીખવાને, રમતમાં પ્રગતિ કરવાને અને તમારી રમત તમારી આંતર ચેતનાના ઉચ્ચતમ સ્વરૂપની અભિવ્યક્તિ બની રહે એટલા ખાતર રમવું જોઈએ - અને આ જ વસ્તુ ખાસ અગત્યની છે. ઉદાહરણ તરીકે, જે લોકો સારી રીતે રમવાને ઈચ્છતા હોય છે તેઓ ખરાબ રીતે રમનારાઓને પસંદ કરતાં નથી હોતા. કારણ કે તેમને કેવળ જીતવાનો આનંદ જોઈતો હોતો નથી. તેઓ સારામાં સારા રમનારાઓને પસંદ કરીને, તેમની સાથે રમે છે. મને યાદ છે કે હું આઠ વર્ષની હતી ત્યારે ટેનિસ રમતાં શીખેલી, મને એનો ખૂબ નાદ લાગેલો, પરંતુ હું કદી પણ મારા નાના દોસ્તો સાથે રમવાનું ઈચ્છતી નહિ, કારણ કે એમાં મને કંઈ શીખવાનું મળતું નહિ (સામાન્ય રીતે તો હું તેમને હરાવી દેતી) પરંતુ હું સારામાં સારા રમનારાઓ પાસે જતી. કેટલીક વાર તેમને આશ્ચર્ય થતું લાગતું, પરંતુ છેવટે તેઓ મારી સાથે રમતા - હું કદી જીતતી તો નહિ, પણ શીખતી ઘણું.

૨૦ જાન્યુઆરી, ૧૯૫૧

' આ આંતરસિદ્ધિની ક્રિયાને સંપૂર્ણ કરવા માટે તમે તમારા માનસિક વિકાસ પ્રત્યે પણ પૂરતું ધ્યાન આપો એ ઈચ્છવા યોગ્ય છે. કેમ કે, તમારું મનરૂપી યંત્ર પણ જેટલું મદદરૂપ નીવડી શકે છે, તેટલું જ વિઘ્નરૂપ પણ બની શકે છે. માણસનું મન તેની કુદરતી અવસ્થામાં એક બહુ જ મર્યાદિત વસ્તુ હોય છે. એની દૃષ્ટિ બહુ અલ્પ હોય છે, એની સમજશક્તિ બહુ સંકુચિત હોય છે, એના ખ્યાલો જડ પ્રકારના હોય છે. આવા મનને વિશાળ કરવા માટે, તેને મુલાયમ અને ઊંડું બનાવવા માટે અમુક પ્રયત્નની જરૂર રહે છે. '

('જીવનનું શાસ્ત્ર' બુલેટિન, નવેમ્બર, ૧૯૫૦)

દુર્ભાગ્યે, ઘણાખરા માણસો પોતે જેમ જેમ વધુ વિચારતા થાય છે, તેમ તેમ પોતાને ઊંચા માનતા થાય છે. મનને તો પોતાનાથી સંતોષ હોય છે. એનામાં પ્રગતિ માટે ખાસ અભીપ્સા હોતી નથી— એને એમ લાગતું હોય છે કે એ બધું જ જાણે છે અને ઘણા માણસો માનતા હોય છે કે એમની વિચારસરણી જ શ્રેષ્ઠ છે. એ લોકો સમજી શકતા નથી કે કોઈ પણ વસ્તુને વિચારવા માટે હંમેશાં અનેક રસ્તા હોય છે. અને એમના વિચારો જેટલા પ્રમાણમાં બળવાન અને ચોક્કસ હોય છે તેટલા પ્રમાણમાં તેમને ખાતરી રહે છે કે વિચારવાની પદ્ધતિ એક જ છે. એટલા માટે મેં અહીં કહ્યું છે કે કેટલીક રીતના માનસિક વ્યાયામ વડે તમારા વિચારો વિશાળ બની શકે છે, અને વસ્તુઓને એકીસાથે અને અનેક દૃષ્ટિબિંદુઓથી જોવાની ટેવ પડી શકે છે.

'આપણે હરેક વસ્તુનો બની શકે તેટલા વધુમાં વધુ દષ્ટિબિંદુથી વિચાર કરતા થઈએ એ ખૂબ જ આવશ્યક છે. આ બાબતમાં એક કસરત એવી છે, જેના વડે વિચારો ખૂબ જ મુલાયમતા અને ઉન્નતિ પામી શકે છે. (એ આ પ્રમાણે છે:) આ પ્રયોગમાં પ્રથમ તો એક અમુક વિષય લઈને તે અંગે એક સ્પષ્ટ રીતે વિચારેલું દષ્ટિબિંદુ રજૂ કરવું, તેની સામે પછી પેલાથી તદન ઊલટું દષ્ટિબિંદુ રજૂ કરવું. પેલાના જેટલી જ સ્પષ્ટ રીતે વિચારીને. આમ કર્યા પછી ખૂબ જ કાળજીપૂર્વક વિચાર કરતાં કરતાં એ પ્રશ્નને વિશાળ ને વિશાળ રૂપ આપતા જાઓ, એ પ્રશ્નથી ઉપર ચાલ્યા જાઓ, અને તેમ કરતાં તમને એક નવો સમન્વય મળી આવશે. એ સમન્વય તમને એક વધુ વિશાળ, વધુ ઉચ્ચ અને વધુ વ્યાપક વિચારની અંદર એવી રીતે તો મૂકી આપશે કે જેમાં પેલાં બંને વિરોધી દષ્ટિબિંદુઓ એક થઈ જશે.'

કોઈ એક સૂત્ર રજૂ કરો.

શ : મંડન : આ દુનિયામાં બધાને પોતાનો ક્રોસ (દુ:ખ) વહન કરવાનો હોય છે.
ખંડન : કેટલાક માણસો એવા હોય છે કે જે સર્વ માનવદુ:ખોથી પર હોય છે.

શ્રી માતાજી : અને સમન્વય ?

ય : દરેક જીવનમાં એક એવું સ્થાન હોય છે કે જે દુ:ખ માત્રથી પર હોય છે.
ઝ : જગતમાં અનેક જાતના લોકો હોય છે.
વ : દુ:ખાનુભવથી પર થવા માટે ક્રોસની (પોતાના દુ:ખની) જરૂર હોય છે.

શ્રી માતાજી : એ કંઈ સમન્વય ન કહેવાય.

શ : મેં મારા મંડન સૂત્રમાં 'સામાન્ય' માણસની વાત કરેલી અને ખંડન સૂત્રમાં 'અસામાન્ય માણસની.'

શ્રી માતાજી : હા, પણ તમે એમ માનો છો કે અસામાન્ય માનવોને તેમનાં દુ:ખ નથી હોતાં ! માનવેતર જીવોને પણ તેમનાં દુ:ખ હોય છે.

એમાં પ્રશ્ન કેવળ ચેતનાના તફાવતનો છે. કેટલાકની બાહ્ય ચેતનાના ભાગો વધુ વિકસેલા હોય છે, તો વળી બીજાઓએ તેમની ચેતનાના ઊર્ધ્વ ભાગોને ખીલવવામાં વધુ ધ્યાન આપ્યું હોય છે. એટલે આપણે એમ કહીએ કે 'બધાંને પોતાનો ક્રોસ વહન કરવાનો હોય છે,' તો એ બાહ્યચેતના (ભૌતિક ઘટનાઓ, પ્રાણમય, ઊર્મિશીલ

અને મનોમય જીવનને સ્પર્શતી ઘટનાઓ) માટે સાચું છે. એવા લોકોને હંમેશા કંઈને કંઈ દુર્ઘટનાઓ નડે છે, ખાસ કરીને તો એટલા માટે કે દુર્ઘટનાઓ જાણે વ્યકિતની શકિતના પ્રમાણમાં આવતી હોય તેમ લાગે છે, વસ્તુઓને સહન કરવાની તેમની લાયકાતના પ્રમાણમાં જાણે કે વહેંચવામાં આવે છે. એમ પણ હોઈ શકે કે જેમનામાં શકિતઓ વધુ પ્રમાણમાં હોય છે તેમને ભાગે દુ:ખાનુભવો અને બદકિસ્મતીનો પણ વધુ પડતો હિસ્સો આવે છે.

પરંતુ એવા માણસો પણ હોય છે, જેઓ તમામ દુર્ભાગ્યોથી પર હોવા છતાં પણ તેમને માટે નસીબની કઠિનાઈઓનું અસ્તિત્વ હોય છે તો ખરું જ! આમ કેમ ? કારણ એ કે તેમની બાહ્ય ચેતના કરતાં, આંતર ચેતના વધુ બળવાન, વધુ વિકાસ પામેલી હોય છે. (હું અહીં 'રૂપાંતર' પામેલા જીવોની વાત કરતી નથી, કારણે કે એમનામાં તો સ્થૂલ ચેતના પણ તમામ દુ:ખોથી પર હોય એમ કલ્પી શકાય. આપણે તો અહીં અત્યારે માનવ જેવો છે તેની વાત કરીએ છીએ.) જો તમારી ચેતનાનું કેન્દ્ર એવા સ્થાન ઉપર સ્થાપિત હોય કે જ્યાં આ બાહ્ય વસ્તુઓનું અસ્તિત્વ ન હોય તો એમ કહી શકાય કે તમે તમારો ક્રોસ વહન કરતા નથી; કારણ કે તમે તેની ઉપર ગયેલા હો છો.અને છતાં એમાં પણ અપવાદો હોય છે, દુ:ખાનુભવથી પર એવા માણસો પણ પોતાનો ક્રોસ વહન કરતા હોય છે. આ દેખીતી રીતે પરસ્પર વિરોધી લાગતી બે વસ્તુઓનો સમન્વય આપણે કઈ રીતે કરી શકીએ?

બાળક : આપત્તિઓ જુદા જુદા પ્રકારની હોય છે.

શ્રી માતાજી : ના, માનવનાં દુ:ખો અને આપત્તિઓ હંમેશા એક જ પ્રકારનાં હોય છે. કેટલાંક દુ:ખો તમારી જાતમાંથી ઉત્પન્ન થાય છે, કેટલાંક સંજોગો અથવા વસ્તુઓની સામાન્ય પરિસ્થિતિમાંથી આવે છે, એટલે તમે જન્મથી જ આવાં દુ:ખોને આધીન હો છો અને એમાંથી પછી કોઈ છટકી શકે તેમ હોતું નથી. એમનામાં હંમેશા એકસરખી ઉગ્રતા હોતી નથી એ ખરું, પરંતુ તેઓનું અસ્તિત્વ તો હોય છે જ. આથી એમ લાગે છે કે અહીં કંઈક વિરોધાભાસ છે અને છતાં એમ નથી. કારણ કે કેટલાક લોકોને માટે એવું હોય છે કે એ દુ:ખોનું અસ્તિત્વ હોય છતાં જાણે એમને માટે એમનું અસ્તિત્વ જ હોતું નથી ! જાણે એ હોય છે છતાં છે જ નહીં ! આમાંથી આ કે પેલું સર્વાંશે સત્ય નથી, તો આ કે તે સર્વાંશે અસત્ય પણ નથી.

માનવચેતનાની એક એવી અવસ્થા હોય છે (એ હજી અતિમાનવીય નથી હોતી, ખરેખર માનવીય જ હોય છે,) જેમાં આ બંને વસ્તુઓ એક સાથે રહી શકે, વ્યકિતને

દુ:ખ પડે છતાં તેની અસર ન થાય, જાણે તેનું અસ્તિત્વ જ ન હોય એમ બની રહે. એટલે કે કોઈ દુર્ઘટના, 'ક્રોસ', કેવળ બાહ્ય ચેતનાને; શારીરિક, પ્રાણમય, કે મનોમય ચેતનાને જ અસર કરે છે પણ ચૈત્ય ચેતનાને નહિ - અને હકીકતમાં તો, ચૈત્ય ચેતના તમામ દુ:ખોથી પર હોય છે. આપણે માંદગીનો એક સાદો દાખલો લઈએ. શરીરમાં કંઈ ગરબડ થાય તો પીડા થાય છે. કોઈ કોઈ વારતો ઘણી પીડા. છતાં કેટલાક માણસોની ચેતના એવી સ્થિતિમાં હોય છે કે જેમને માટે શારીરિકપીડા અસ્તિત્વ જ ધરાવતી નથી, એમને માટે એ સાચી હોતી નથી. આ જ વસ્તુ વિયોગને લાગુ પડે છે. તમે કોઈને ચાહતા હો અને તેનાથી છૂટા પડવાનું થાય તો તમને દુ:ખ થાય છે – દુ:ખાનુભવનો આ એક સામાન્ય પ્રકાર છે, બંધનો તૂટવાનો અનુભવ- તો, ચેતનાની અમુક અવસ્થામાં બે વ્યકિતઓ વચ્ચેની સાચી કડી તૂટી શકતી નથી, કારણ કે જે ભૂમિકામાં વસ્તુઓ ભાંગી શકે છે, એમાં એ આવેલી હોતી નથી. એટલે જે કાંઈ બને છે તેનાથી વ્યકિત ઉપર રહે છે.

પરંતુ વ્યકિત પોતે ઊર્ધ્વ ચેતનાની સ્થિતિએ પહોંચે તે પહેલાં પણ એક એવી અવસ્થા હોય છે જેમાં તે પોતાનામાં એક સ્પષ્ટ, ચોક્કસ તાર્કિક રીતે, વસ્તુગત રીતે જોઈ શકે તેવું, બુદ્ધિનું પાસું કેળવી શકે. અને જો વ્યકિતએ આ પ્રકારની બુદ્ધિ સારી રીતે ખીલવેલી હોય તો બધી ઊર્મિઓ, લાગણીઓ, ઈચ્છાઓ, બધાં વિઘ્નોને આ બુદ્ધિની સમક્ષ રજૂ કરી શકાય અને એ વસ્તુ તમને વિવેકબુદ્ધિવાળા બનાવે છે. ઘણાખરા માણસો તેમને કોઈ મુશ્કેલી હોય છે ત્યારે વિવેકબુદ્ધિ વિનાના બની જાય છે.દાખલા તરીકે, એ માંદા પડે છે ત્યારે તેઓ આમ કહેતાં કહેતાં જ સમય પસાર કરે છે : 'અરે, હું કેટલો બધો બીમાર છું, કેવું ભયંકર દર્દ છે, હવે આમને આમ ચાલશે કે શું,' અને કુદરતી રીતે પછી એમની હાલત વધુ ને વધુ ખરાબ થાય છે. અથવા એમની ઉપર કોઈ ઉપાધિ આવી પડે છે તો તેઓ બરાડી ઊઠે છે, 'આવું બધું મને જ થાય છે, અને હું પહેલાં માની બેઠો હતો કે બધું સારું જ છે.' અને પછી એ લોકો ધ્રુસકે ધ્રુસકે રડી પડે છે, અને ઢગલો થઈ જાય છે. ભલે આપણે અતિમાનવની વાત ન કરીએ, તો પણ સામાન્ય માણસના પોતાનામાં પણ વસ્તુઓ પ્રત્યે સ્વસ્થતાથી,શાંતિથી સમજપૂર્વક નિહાળી શકે તેવી બુદ્ધિ નામની ઉચ્ચશકિત રહેલી છે, અને આ બુદ્ધિ તમને કહે છે : ' ચિંતા ના કરો, એથી કંઈ વસ્તુઓ સુધરશે નહીં, તમારે કચવાટ ન કરવો જોઈએ, વસ્તુ આવી પડી છે તો તેને સ્વીકારી લેવી જોઈએ.' અને પછી તમે એકદમ શાંત થઈ જાઓ છો, આ એક સારી માનસિક તાલીમ છે, એનાથી વિવેકબુદ્ધિ, દષ્ટિ, વસ્તુનિષ્ઠા ખીલે છે અને તમારા ચારિત્ર્ય ઉપર તેની ઘણી તંદુરસ્ત અસર થાય છે. એનાથી તમને તમારી

ઊર્મિઓના ઉછાળાઓને વશ વર્તવાની મૂર્ખાઈમાંથી મુક્ત રહેવામાં મદદ મળે છે અને તમે સમજદાર માણસની માફક વર્તી શકો છો.

એક વસ્તુ કરવી મનને માટે ઘણી મુશ્કેલ હોય છે, (જો કે મારી દૃષ્ટિએ એ ઘણી અગત્યની છે.) અને તે એ કે તમારે વસ્તુઓ અને મનુષ્યોની તુલના મન વડે ન કરવી જોઈએ. આમ કહેવું કે, 'આ સારું છે, પેલું ખરાબ છે, આ યોગ્ય છે, પેલું ખોટું છે, આનામાં આ ખોડ છે, પેલામાં પેલું ખરાબ તત્ત્વ છે, વગેરે'—આ ઉતારી પાડતી તુલના છે.

જે લોકો પોતાની બુદ્ધિનો ઉપયોગ કરતા હોય છે, તેઓ જેટલાં વધુ પ્રમાણમાં બુદ્ધિશાળી હોય છે, તેટલા પ્રમાણમાં તેમને વધુને વધુ લાગે છે કે તેઓ કંઈ પણ જાણતા નથી અને ખરી રીતે જોતાં વ્યકિત મન વડે કોઈ વસ્તુ જાણી શકે તેમ હોતું નથી. વ્યકિત અમુક એક રીતે વિચારી શકે, તુલના કરીને અમુક રીતે જોઈ શકે; પરંતુ કોઈ બાબતમાં સંપૂર્ણપણે નિશ્ચિત ન થઈ શકે - અને કોઈ દિવસ નિશ્ચિત થઈ શકશે પણ નહીં. વ્યકિત આમ તો હંમેશાં કહી શકે કે 'કદાચ એ આમ હશે' કે 'કદાચ આ તેમ હશે' અને એવું બધું અનંત રીતે કહી શકે, કારણ કે ખરી વાત તો એ છે કે જ્ઞાન મેળવવાનું સાધન મન નથી હોતું. શુધ્ધ વિચારો તો માનસિક વિચારોની ઉપરના પ્રદેશના રહેલા હોય છે. અને માનસિક વિચારો તો એ શુધ્ધ વિચારોને વ્યકત કરવાનાં સાધન માત્ર હોય છે. અને જ્ઞાન તો એ શુધ્ધ વિચારોની ભૂમિકાથી પણ ઠીક ઉપર આવેલું છે – જેમ શુધ્ધ વિચારો, મનોમન વિચારોથી ઉપર આવેલા છે તેમ. આથી વ્યકિતએ માનસિક વિચારોથી ઉપર જઈને શુધ્ધ વિચાર પર પહોંચતા શીખવું જોઈએ. અને શુધ્ધ વિચાર તો જ્ઞાનનું જ બીજું રૂપ છે. અને આ જ્ઞાન ફકત સંપૂર્ણ તાદાત્મ્ય વડે જ મળી શકે છે. એટલે જ્યારે તમે તમારી જાતને તમારી નાની સરખી માનવ મનની, અવિરતપણે કાર્યશીલ ભૌતિક ચેતનાની મનોમયતામાં મૂકીને દરેક વસ્તુ તરફ જુઓ છો, દરેક વસ્તુની તુલના, એ ક્ષૂદ્ર મનની તુચ્છતાદર્શક મોટાઈની ઊંચાઈ ઉપરથી કરો છો અને કહો છો કે, 'એ ખરાબ છે, એ એમ ન હોવું જોઈએ.' ત્યારે તમારે ખાતરી રાખવી કે તમે ચોક્કસપણે ભૂલ કરી રહ્યા છો. સારામાં સારી વસ્તુ તો એ છે કે તમારે થોડીવાર મૌન રહેવું, વસ્તુઓને સારી રીતે નિહાળવી, થોડે થોડે કરીને તમારી જાતમાં તેમની યાદી રાખવી અને કોઈ પણ નિર્ણય આપ્યા સિવાય તેમની નોંધ રાખવી. એવી રીતે, જ્યારે તમે એ બધું તમારી અંદર શાંતિથી ક્ષુબ્ધ થયા વિના સમાવી રાખી શકશો, અને તેને તમારી ચેતનાના ઉચ્ચતમ ભાગ પાસે સ્વસ્થતાથી રજૂ કરશો, સાથે સાથે યત્નપૂર્વક તમારામાં એક લક્ષપૂર્ણ નીરવતા બનાવી રાખશો, અને રાહ જોશો, તો કદાચ

ધીમેથી ઘણે દૂરથી અને ખૂબ ઊંચાઈએથી આવતું હોય તેમ કંઈક પ્રકાશ જેવું વ્યકત થશે અને ત્યાર પછી સત્ય વિષે તમે થોડુંક વધારે જ્ઞાન મેળવ્યું હશે.

પરંતુ જ્યાં સુધી તમે તમારા વિચારોને ઉત્તેજિત કરતા રહેશો અને તેમના નાના નાના ટુકડા કર્યા કરશો ત્યાં સુધી તમે કંઈ પણ જ્ઞાન પામી શકશો નહીં. તમને ઠીક લાગે તો આ વસ્તુ તમને સેંકડો વખત કહેવામાં મને વાંધો નથી. પરંતુ હું તમને ખાતરી આપું છું કે જ્યાં સુધી આ વસ્તુ તમારા મનમાં બરાબર ઠસી જશે નહીં ત્યાં સુધી કદી પણ તમે તમારા અજ્ઞાનની બહાર નીકળી શકશો નહિ.

બાળક : શુદ્ધ વિચારોની કોઈ નિશ્ચિત્ સંખ્યા હોય છે ?

શ્રી માતાજી : એ વસ્તુ જાણવાને માટે તો તમારે જાતે જ જઈને પરમેશ્વરને મળવું જોઈએ અને પૂછવું જોઈએ. મને આંકડાઓમાં રસ નથી !

આ વિષયમાં એક નાની વાત છે : મારો એક મિત્ર હતો. એક વખત એ હિન્દુસ્તાન આવેલો અને પછી તેને તેની મુસાફરીનો અહેવાલ આપવાને જણાવવામાં આવેલું ત્યાં એક ખૂબ અંધશ્રદ્ધાળુ વૃદ્ધ બાઈ હતી. તેણે એને એમ પૂછયું કે ભારતમાં, એ લોકો આત્માઓની ગણતરી કરે છે. એ સાચું ? પેલા મિત્રે કહ્યું, 'હા', પેલી વૃદ્ધ સ્ત્રીએ પૂછયું કે તો આત્માઓ કેટલા છે ? પેલાએ જવાબ આપ્યો : 'ફકત એક.'

૨૫ જાન્યુઆરી, ૧૯૫૧

શ્રી માતાજી 'જીવનનું શાસ્ત્ર'
(બુલેટિન, નવેમ્બર, ૧૯૫૦)-માંથી વાંચે છે:

'આપણામાં રહેલું પ્રાણતત્ત્વ એ શીઘ્રવૃત્તિઓ અને કામનાઓનું કેન્દ્ર છે. ઉત્સાહ અને ઉગ્રતા, ક્રિયાત્મક શકિત અને તીવ્ર વિષાદ, ઉગ્ર વાસનાઓ અને બંડખોર વૃત્તિઓ એ બધું એમાં આવી રહેલું છે. એ પ્રાણતત્ત્વ હરેક ચીજને ગતિમાન કરી શકે છે. તે વસ્તુઓ રચી શકે છે, સિદ્ધ કરી શકે છે; અને તે હરેક ચીજનો નાશ પણ કરી શકે છે, હરેક ચીજને બગાડી પણ શકે છે. માણસમાં રહેલા આ તત્ત્વને તાલીમ આપવી એ એક ઘણું અઘરામાં અઘરું કામ છે. એ એક લાંબી સાધના છે, અને ખૂબજ ધીરજ માગી લે છે. તે માટે માણસમાં સોએ સો ટકા સત્યનિષ્ઠાની જરૂર રહે છે. આવી સત્યનિષ્ઠા નહિ હોય તો સાધક પહેલે પગથિયેથી જ પોતાની જાતને છેતરી બેસશે, અને પ્રગતિ માટેની સારીયે મહેનત નકામી નીવડશે.'

સાચી જરૂરિયાત અને કામના એ બે વચ્ચેની સીમારેખા પારખવી અતિ કઠિન છે. (અલબત્ત, યૌગિક આદર્શ તો એવો છે કે કોઈ પણ વખત કશાની પણ જરૂર ન હોવી જોઈએ અને તેથી જ કશાની કામના પણ ન હોવી જોઈએ, એ છે), પરંતુ આ તો જેઓ પોતાને જાણવા અને પોતાના ઉપર સંયમ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરે છે તેવા

સર્વ શુભ કામનાવાળા માણસો માટે લખાયેલું છે. અને ત્યાં પછી આપણી સમક્ષ એક એવી સમસ્યા ઊભી થાય છે કે જે ખૂબ જ અદ્‌ભુત રીતની સત્યનિષ્ઠા માગી લે છે. કેમ કે, જીવનમાં તો, પ્રાણનો પ્રથમ ઉદય કામના રૂપે જ થાય છે, - અને એમ છતાં, જીવનમાં અમુક વસ્તુઓની જરૂર તો રહે જ છે. તો એ વસ્તુઓ, કામનાને વચ્ચે લાવ્યા વિના, જરૂરની છે એ કેવી રીતે સમજવું ? એ માટે વ્યકિતએ ખૂબ ધ્યાનપૂર્વક નિરીક્ષણ કરવાનું રહે છે. જો આ વસ્તુ અંગે તમારામાં કશુંક નાનું એવું પણ તીવ્ર આંદોલન જાગે તો તમારે ખાતરી રાખવી કે એમાં કામના રહેલી હશે. દાખલા તરીકે, તમે એમ કહો છો કે, 'મારે માટે આ ખોરાકની જરૂર છે' - અમુક અમુક વસ્તુની તમારે જરૂર છે એમ તમે માનો છો, કલ્પના કરો છો, વિચારો છો; એ વસ્તુને પ્રાપ્ત કરવા તમે જરૂરી પગલાં લો છો. હવે તમારે જો જાણવું હોય કે એ વસ્તુ ખરેખર એક જરૂરિયાત છે કે કામના છે તો તમારે તમારી જાતનું ઝીણવટપૂર્વક નિરીક્ષણ કરવું જોઈએ અને પૂછવું જોઈએ કે, 'એ વસ્તુ મને ના મળે તો શું થાય ?' અને જો પછી તમને તમારામાંથી તરત જ ઉત્તર મળે કે 'અરે, તો તો બહુ જ ખોટું થાય' તો તમારે ખાતરી રાખવી કે એ વસ્તુ કામનાની છે. આ વસ્તુ બધી બાબતોને લાગુ પડે છે. એટલે જ્યારે જ્યારે તમારી સમક્ષ આ રીતનો પ્રશ્ન ઊભો થાય ત્યારે તમે એમાંથી પાછા હઠી જઈને તમારી જાતનું અવલોકન કરો અને તપાસ કરો કે, 'જોઈએ, મને એ મળે એમ છે ખરી ? અને જો તે વખતે તમારામાં કોઈક વસ્તુ રાજી રાજી થઈને કૂદાકૂદ કરી મૂકે તો જરૂરથી જાણજો કે એ વસ્તુ કામનાની છે. આથી ઊલટું, તમને એવો જવાબ મળે કે, 'અરે ! એ મને મળવાનું નથી,' અને તમને ખૂબ જ વિષાદની લાગણી થાય, તો એ સ્થિતિમાં પણ, એક કામના રહેલી હશે.

તમારો પ્રાણ તમને છેતરી ન જાય તેટલા માટે, તમે ખૂબ જ સાવધ રહો, એટલું, જ પૂરતું નથી, તમારી સત્યનિષ્ઠા પણ લગભગ અલૌકિક હોવી જોઈએ—હું 'અલૌકિક' શબ્દ વાપરું છું તે કાંઈ તમને નિરુત્સાહ કરવા માટે નથી; ઊલટું, તમારામાં સત્યનિષ્ઠા માટે વધારે મહાન અભીપ્સા જાગ્રત થાય એટલા માટે હું એમ કહું છું.

(શ્રી માતાજી વાંચન ચાલુ રાખે છે.)

> '... આ પ્રાણતત્ત્વ જો સહકારમાં ઊતરે તો પછી કોઈ પણ સિદ્ધિ અશક્ય નહિ લાગે, કોઈ પણ રૂપાંતર અસાધ્ય નહિ લાગે.'

આ તો અદ્‌ભુત વાત છે. હું ધારું છું કે પ્રાણ પોતાની શકિત વિષે ખૂબ જ સભાન હોય છે અને એથી જ એ એક મહત્વની વસ્તુ છે – એનામાં એક એવી સક્રિય

શકિત રહેલી છે કે જેને લઇને કોઈ પણ મુશ્કેલી એને માટે મહા મુશ્કેલ રહેતી નથી. માત્ર એટલું જ કે એ પ્રાણની દિશા સાચી રીતની હોવી જોઈએ. પ્રાણ જો સહકાર કરે તો બધું અદ્‌ભુત બની રહે છે; પરંતુ એની પાસેથી આવો સહકાર સતતપણે મેળવવો એ સહેલી વસ્તુ નથી. પ્રાણ એ એક સરસ કામ કરનાર છે, એ ઘણી ઘણી સારી રીતે કામ કરે છે, પરંતુ કામ કરવામાં એ પોતાની અંગત તૃપ્તિને પણ ખોળતો હોય છે. એને કામ કર્યાનો ફાયદો જોઈતો હોય છે, કામ કરવામાંથી જે કાંઈ સુખ મળી શકે તેવું હોય છે તે બધું એને જોઈતું હોય છે, જે કાંઈ લાભ મળી શકે તેમ હોય તે બધા લાભ પણ એને જોઈએ છે. અને જ્યારે એક યા બીજા કારણે તેને આવી તૃપ્તિ આપવામાં આવતી નથી (એનાં ઘણાં કારણો હોઈ શકે) તો એને ધરાવો થતો નથી, એ જરા પણ તૃપ્ત થતો નથી. એને થાય છે કે, 'આ કંઈ ઠીક થતું નથી, હું કામ કરું છું, અને બદલામાં મને કંઈ પણ આપવામાં નથી આવતું.' અને પછી એ ફૂંગરાઈ બેસે છે, એ હાલતો-ચાલતો નથી, એ કંઈ બોલતો નથી અને કોઈક વાર એમ બોલે છે, 'આપણી તો જાણે હસ્તી જ નથી.' એવું થાય છે ત્યારે જાણે શરીરમાંથી બધી શકિત ચાલી જાય છે, તમે થાકી જાઓ છો, શિથિલ થઈ જાઓ છો, તમે વધુ કંઇ કરી શકતા નથી. અને પાછો એ પ્રાણ અચાનક બગડી બેસે છે – કારણ કે મારે તમને કહી રાખવું જોઈએ કે પ્રાણ સાથે મનને ખૂબ ગાઢ દોસ્તી હોય છે, – એ મન તે યુકિતપ્રધાન મન નહિ, પણ જે ભૌતિક મન છે, જેને પ્રાણ સાથે ખૂબ ખૂબ સારી એવી મિત્રતા હોય છે તે હોય છે, એટલે પ્રાણ જ્યારે એમ કહેવા માંડે છે કે, 'મારે એની કંઈ પડી નથી, મારી સાથે ખરાબ વર્તાવ કરવામાં આવ્યો છે, મારે હવે એની સાથે કંઇ કામ પાડવું નથી.' એટલે તરત જ મન એમાં સહજ રીતે જ દાખલ થઇ જાય છે. એ પ્રાણને ઉત્તેજન આપે છે, સારાં સારાં કારણો આપે છે અને એ પછી પેલી જરીપુરાણી વાત બની રહે છે : 'જીવન જરા પણ જીવવા જેવું નથી,' લોકોને જોતાં ખરેખર ઘૃણા થાય છે, અને બધા સંજોગો મારી વિરૂદ્ધમાં છે. આના કરતાં તો ચાલ્યા જઈએ તો સારું' અને એમ બધું ધાણું ધાણું. ઘણી ખરી વાર આમ જ બને છે, પણ કોઈક વાર ક્યાંક બુદ્ધિનો આછો સરખો ચમકાર થાય છે અને એ તમને કહે છે, 'યાર, આ ફારસ હવે બંધ કર !'

પરંતુ એવો એ પ્રાણ વધુ બળવાન બનતો જાય અને તમે જો સમયસર તેની સામે પ્રતિક્રિયા નહિ કરો તો પછી તમે નિરાશામાં ડૂબી જશો : 'ખરેખર, મારા જેવા માટે આ જીવન છે જ નહિ, હું તો ક્યાંક સ્વર્ગમાં જાઉં તો જ વધારે સુખી થાઉં. ત્યાં લોકો પણ વધારે સારા હશે, આપણું ધાર્યું તો ત્યાં જ આપણે કરી શકીએ છીએ' વગેરે. આમાંથી જ સ્વર્ગોની કલ્પના બંધાઇ છે—ખરેખર, મને લાગે છે કે આ મન અને પ્રાણ બે સાગરીતોએ મળીને સ્વર્ગની શોધ કરી છે ! કારણ કે જીવન કે

અસ્તિત્વ જ્યારે તમારી કામનાઓ સાથે સુસંગત નથી હોતું ત્યારે તમે વિલાપ કરવા માંડો છો : 'અરે, બહુ થઈ ગયું, આ દુનિયા દુઃખમય છે, ઠગારી છે' હું હવે મરી જઈશ.' અને પછી એક ક્ષણ એવી આવે છે કે જ્યારે પરિસ્થિતિ ગંભીર બની જાય છે; નિરુત્સાહ બંડમાં ફેરવાઈ જાય છે અને નિરાશા અસંતોષમાં ફેરવાઈ જાય છે. હું આ જે વાત કરુ છું તે ખરાબ પ્રકૃતિનાં માણસો વિષે છે (એમાં એમનો દોષ નથી!) પણ એ સારી પ્રકૃતિના માણસોને પણ લાગુ પડે છે (એમાં એમનો દોષ પણ નથી!); પણ વસ્તુસ્થિતિ એ પ્રમાણે છે—તો, જે લોકો ખરાબ પ્રકૃતિના હોય છે તે ગુસ્સે થઈ જાય છે, બળવો કરે છે, બધું ભાંગીને ભુકકો કરી નાખવા માગે છે : 'તમે જો જો ને, લોકો હું ઈચ્છું છું એમ કરતાં નથી એટલે જરૂર એમને સજા થશે!' અને પછી પરિસ્થિતિ એથી પણ વધુ ગંભીર બને છે કારણ કે મન પણ પોતાના પ્રાણના સાગરીત તરીકેનો ભાગ ભજવવા હંમેશા હાજર જ હોય છે. એ વેર લેવાના અદ્‌ભુત વિચારો કરવા લાગે છે - નિરુત્સાહને કારણે તમે અમુક પ્રકારની મૂર્ખાઈ કરો છો, દુષ્ટતાને કારણે તમે બીજા પ્રકારની મૂર્ખાઈ આચરો છો. નિરુત્સાહને લીધે કરેલી મૂર્ખાઈઓને તમારી પોતાની સાથે સંબંધ હોય છે, જ્યારે દુષ્ટતાને કારણે આચરેલી મૂર્ખાઈઓને બીજાઓ સાથે સંબંધ હોય છે; અને કેટલીક વાર આ મૂર્ખાઈઓ ખૂબ જ ગંભીર પ્રકારની હોય છે. તમારામાં જો થોડીક શુભેચ્છા હોય તો તમે આવી કટોકટીમાં આવી પડો તેને માટે અગાઉથી એક નિયમ કરી લો કે તમારે જરા પણ ચલિત ન થવું અને તમારી જાતને કહેવું, 'હું ચલિત નહિ થાઉં, આ તોફાન પસાર થઈ જાય તેની હું રાહ જોઈશ.' કારણ કે આમ ન કરવામાં આવે તો વ્યકિત પોતે મહિનાઓ સુધી નિયમિત રીતે કરેલ પ્રયત્નોનો થોડીક જ ક્ષણોમાં નાશ કરી દઈ શકે છે અથવા બગાડી મૂકી શકે છે. પરંતુ હું અહીં તમને એક આશ્વાસન આપું છું.

(શ્રી માતાજી વાંચન ચાલુ રાખે છે.)

> 'જે લોકો પોતાના ચિત્પુરૂષની સાથે સંપર્ક સાધી શકયા હોય છે, તેઓ જ પોતાની અંદર અભીપ્સાની જ્યોતને જીવતી રાખી શકે છે અને પોતે જે આદર્શ સાધવાનો હોય છે તેની સચેતનતા ટકાવી શકે છે. એવા લોકોને માટે પ્રાણની આવી કટોકટીઓ બહુ લાંબો વખત ટકતી નથી, એટલી બધી જોખમકારક પણ બનતી નથી. આ સચેતનતાની સહાય વડે તેઓ કોઈ તોફાને ચડેલા બાળક સાથે કામ લેતા હોય તેમ પોતાના પ્રાણની સાથે ધીરજથી અને ખંતથી કામ લે છે, તેને સત્યનું અને પ્રકાશનું દર્શન કરાવે છે, તેને ખાતરી આપવા પ્રયત્ન કરે છે, અને તેની ઘડીભરને માટે ઢંકાઈ ગયેલી શુભ વૃત્તિને જાગૃત કરી શકે છે.'

અને છેલ્લું આશ્વાસન તે આ છે. જે લોકો ખરેખર સત્યનિષ્ઠ છે, સાચેસાચ શુભવૃત્તિવાળા છે, તેઓ આ કટોકટીઓને પ્રગતિના સાધનમાં ફેરવી લઈ શકે છે. જ્યારે જ્યારે તમારા ઉપર આ પ્રકારનો હુમલો થયો હોય, તમારા ઉપર એક પ્રકારનો ઝંઝાવાત તૂટી પડયો હોય, ત્યારે તમે એ કટોકટીને એક નવી પ્રગતિમાં ફેરવી દઈ શકો છો, લક્ષ્ય તરફ પહોંચવા માટેનું એક પગથિયું બનાવી લઈ શકો છો. સાચું કહીએ તો તમારામાં જો એટલી સત્યનિષ્ઠા હોય કે તમે એ કટોકટીના કારણને તમારી પોતાની અંદર, સામે મોઢે જોઈ શકો - તમે જે કાંઈ ખોટું કર્યું હોય, તમે જે કાંઈ ખોટો વિચાર કર્યો હોય, તમે જે કોઈ ખોટી લાગણી સેવી હોય - તમે જો તમારી નિર્બળતા, ઉદ્દંડતા કે મિથ્યાભિમાનને જોઈ શકતા હો (કારણ કે હું તમને એ કહેવાનું ભૂલી ગઈ કે મન કરતાં પ્રાણમાં ઘણું વધારે મિથ્યાભિમાન હોય છે), એ બધું તમે જો સામે મોઢેથી જોશો અને એ ભૂલનું જે પરિણામ આવ્યું હોય તેને પ્રમાણિકપણે અને સાચા દિલથી જો તપાસશો તો પછી એ બગડેલા ભાગ ઉપર તમે એક તપાવેલું લાલચોળ લોખંડ મૂકી શકશો. એ નિર્બળતાને શુદ્ધ કરીને તમે એક નવી ચેતનામાં ફેરવી લઈ શકશો. અને પછી તમને જણાશે કે એ ઝંઝાવાત પછી તમે થોડો વિકાસ કર્યો છે, તમે એક સાચી પ્રગતિ કરી છે.

(શ્રી માતાજી આગળ વાંચે છે.)

> ' પ્રગતિ ભલે ધીમી હોય, સ્ખલનો ભલે વારંવાર થતાં હોય, છતાં પણ માણસ જો પોતાનો સંકલ્પ હિમતપૂર્વક ટકાવી રાખે તો એક દિવસ તેનો વિજય ચોક્કસ જ છે. તે જોશે કે ઋતુ-ચેતનાના પ્રકાશમાં સર્વ મુશ્કેલીઓ ઓગળીને અદશ્ય થઈ ગઈ છે.'

હું અહીં ખામીઓ અને મુશ્કેલીઓ ઉપર ભાર મૂકું છું તો તે તમને પ્રયત્ન કરવામાં નિરુત્સાહ કરવા માટે નહિ પણ તમને એ કહેવા માટે કે તમારે તમારું કાર્ય તે માટેની જરૂરી હિમત સાથે કરવું જોઈએ અને તમને તરત ને તરત સફળતા ન મળી હોય તો પણ તમારે હતાશ ન થઈ જવું જોઈએ. પણ તમારામાં જો અભીપ્સા હશે, તમારામાં જો આત્મસંકલ્પ હશે તો વહેલા કે મોડા તમે સફળ થવાના જ છો એ વાત તદ્દન નિશ્ચિત છે. અને આ વસ્તુ તો હું એવા લોકો માટે કહું છું કે જેઓ તદ્દન સામાન્ય પરિસ્થિતિમાં, બનવા જોગ છે કે તમારા કરતાં પણ ઓછા અનુકૂળ સંજોગોમાં, જીવન ગાળતાં હશે અને તેમ છતાં તેઓ પોતાની જાતને ઓળખવાનું શીખી શકશે, પોતાની જાત ઉપર પ્રભુત્વ સ્થાપી શકશે, પોતાની જાતને અંકુશમાં રાખી શકશે. એટલે પછી જો સંજોગો અનુકૂળ હોય છે તો તમારી સફળતા માટેની શક્યતા ઘણી વધુ રહે છે. આમાં એક

વસ્તુ હંમેશા જરૂરની રહે છે અને તે એ કે તમારે ભાગે આવેલો ભાગ છોડી ન દેશો કારણ કે તમને મળેલો એ ભાગ ઘણો મહાન છે, અને તમે તે છેવટ લગી ભજવતા રહેશો તો એવું પરિણામ આવશે કે તેને માટેનો શ્રમ સાર્થક દેખાશે.

(શ્રી માતાજી આગળ વાંચે છે.)

'છેલ્લે, આપણે એક બુદ્ધિપૂર્વક યોજેલી અને સ્પષ્ટ દૃષ્ટિવાળી શારીરિક કેળવણી દ્વારા શરીરને બળવાન અને મુલાયમ બનાવવાનું કે જેથી, જે ઋત-શક્તિ આપણી દ્વારા પોતાનો આવિર્ભાવ સાધવા ઈચ્છી રહી છે તેને માટે એ એક સુયોગ્ય સાધન બની રહે.'

દાખલા તરીકે, પ્રાણના કરતાં શરીરને વ્યવસ્થિત કરવું ઘણું ઓછું મુશ્કેલ છે. પરંતુ મન અને પ્રાણ, એમનાં જે લક્ષણો અને સ્વભાવ છે, તેને લીધે તેઓ બિચારા શરીરરૂપી ગુલામ સાથે શું શું કરવાનું બાકી રાખે છે! શરીરનો દુરુપયોગ કર્યા પછી, કદાચ એને બગાડી મૂક્યા પછી, (શરીર થોડો વિરોધ કરે છે, એ થોડું માંદું પડી જાય છે), આ બે જોડીદારો કહે છે, 'કેવું ઢોર જેવું આ શરીર છે, એ અમારી પાછળ પાછળ આવી શકતું નથી.' અને શરીર પછી સુખે દુઃખે, કોઈ પણ જાતના વિવેક વિના તેના આ માલિકો, પ્રાણ અને મનની આજ્ઞાઓનું અંધ બનીને પાલન કરતું રહે છે. મન એના પોતાના સિદ્ધાંતો લઈને આવે છે: 'તારે આ નહિ ખાવાનું, એથી તને નુકશાન થશે. તારે પેલું નહિ કરવાનું, એ કાંઈ સારું નથી.' અને મન જો ડાહ્યું અને સ્પષ્ટ દૃષ્ટિવાળું નથી હોતું તો બિચારું શરીર એને જે હુકમો મળ્યા હોય તેનાં ફળ ભોગવે છે. એને પ્રાણ તરફથી જે હુકમો મળે છે તેની તો હું વાત જ કરતી નથી. મન તેના અક્કડ નિયમો અને પ્રાણ તેના અસંયમ, ઉછાળાઓ અને આવેશો વડે શરીરની સમતુલાનો જોતજોતામાં ભંગ કરી નાખે છે અને તે થાકની, અશક્તિની, માંદગીની અવસ્થામાં મુકાઈ જાય છે.

(શ્રી માતાજી આગળ વાંચે છે.)

'એને આ અત્યાચારમાંથી મુક્ત કરવું જોઈએ અને તે આપણી અંદર રહેલા ચિત્પુરૂષના કેન્દ્ર સાથે અખંડ અનુસંધાન દ્વારા જ થઈ શકે છે.'

એ તો દેખીતું છે કે બધી તકલીફોનો ઈલાજ આમાં જ છે.

(શ્રી માતાજી આગળ વાંચે છે)

'શરીરની પાસે સહન કરવાની અને સાનુકૂળ થઈ જવાની એક અદ્‌ભુત શક્તિ છે. આપણે ધારીએ છીએ તેના કરતાં કેટલીય વધારે વસ્તુઓ શરીર કરી

શકે તેમ છે. એટલે, અત્યારે શરીરના ઉપર જે બે અજ્ઞાન અને જુલમગાર માલિકોનું રાજ્ય ચાલે છે તેને બદલે આપણી અંદરના મધ્યવર્તી સત્યનું શાસન જો તેના ઉપર સ્થાપી શકાય તો પછી શરીર એવાં એવાં કામો કરી શકશે કે જેમને જોઈ આપણે આશ્ચર્યચકિત થઈ જઈશું.'

છેલ્લા યુદ્ધ દરમિયાન એ વસ્તુ સાબિત થયેલી છે કે શરીર સામાન્ય રીતે ન સહન થઈ શકે એવી યાતનાઓને સહન કરી શકે છે. તમે યુદ્ધની એવી એવીવાતો તો સાંભળી કે વાંચી હશે જેમાં શરીરને ભયંકર વસ્તુઓ વેઠવી પડી હોય અને સહન કરવી પડી હોય છે અને એણે એ બધાનો સામનો કર્યો હોય છે. એ ઉપરથી સાબિત થાય છે કે શરીરમાં લગભગ અખૂટ એવી સહનશક્તિ રહેલી છે. અમુક માણસો તો એવી પરિસ્થિતિમાં મુકાયેલા હતા કે તેઓ એમાં મરી જ જાત. એમાં તે લોકો જે જીવતા રહ્યા હતા તો, તેનું કારણ એ કે એ લોકોમાં ટકી રહેવાનો એક દૃઢ સંકલ્પ હતો અને શરીરે એ સંકલ્પને માથે ચડાવ્યો હતો.

(શ્રી માતાજી આગળ વાંચે છે.)

'આવી રીતે સુદૃઢ અને સમતોલ બનેલ જીવનની અંદર એક નવીન સંવાદિતાનો આવિર્ભાવ થશે. અને એ સંવાદિતા ઊર્ધ્વના પ્રદેશોમાં આવેલી સંવાદિતાના જ રૂપબંધ જેવી હોઈ શરીરને તે એક સંપૂર્ણ પ્રમાણબદ્ધતા મેળવી આપશે, તેનામાં આકારનું એક આદર્શ સૌંદર્ય રચી આપશે.'

આ વસ્તુ છેલ્લા તબક્કામાં આવે છે. માનવશરીર અત્યારે જેવું છે તેને જો તમે સૌંદર્યના ઉચ્ચ આદર્શની સાથે સરખાવશો તો બહુ જ થોડાં શરીરો એની કસોટીમાંથી પાર ઊતરી શકે તેવાં જણાશે. લગભગ બધાં જ શરીરોમાં પ્રમાણોની બાબતમાં એક પ્રકારની અસમતુલા હોય છે; આપણે એ વસ્તુથી એટલા બધાં ટેવાઈ ગયેલા છીએ કે આપણે તે ધ્યાનમાં લેતા નથી. પરંતુ જો આપણે ઉચ્ચ સૌંદર્યના દૃષ્ટિબિંદુથી જોઈશું તો એ વસ્તુ તરત દેખાઈ આવે છે; પૂર્ણ સૌંદર્ય સાથે સરખામણીમાં ઊતરી શકે એવાં શરીરો બહુજ ઓછાં હશે. આ અસમતુલાનાં કારણો તો હજારો છે. પણ એમનો ઈલાજ માત્ર એકજ છે, અને તે એ કે માનવની ચેતનામાં સાચા સૌંદર્યની, ઉચ્ચતમ સૌંદર્યની આ વૃત્તિ, આ સૂઝ મૂકી આપવી. એ વસ્તુ થોડે થોડે કરીને કોષો ઉપર કાર્ય કરશે અને શરીરને સૌંદર્યની અભિવ્યકિત માટે લાયક બનાવશે. તમે ધારો છો તે કરતાં શરીર અનંતગણું નમનીય હોય છે. પણ આ વસ્તુ હજી આપણાં માનવામાં આવતી નથી. તમે એ તો જરૂર જોયું હશે (કદાચ ઘણી અસ્પષ્ટ રીતે) કે જે લોકો એક આંતરિક

શાંતિમાં રહેતા હોય છે, એક આંતરિક સૌન્દર્યમાં, એક પ્રકાશ અને પૂર્ણ શુભ ભાવનામાં રહેતા હોય છે, તેમનો દેખાવ, જે લોકો ખરાબ વિચારોમાં અને તેમની પ્રકૃતિના નિમ્ન ભાગમાં રહેતા હોય છે તેનાં કરતાં જુદો જ હોય છે. માણસ જ્યારે પોતાનાં વધુ ઉચ્ચ સ્વરૂપમાં હોય છે, પોતાની અતિ નિમ્ન એવી પાશવ પ્રકૃતિથી ઊંચે રહેતો હોય છે, ત્યારે એ કોઈક એવી વસ્તુ વ્યકત કરે છે કે જે, એ જ્યારે પશુતાની અવસ્થામાં રહેતો હોય છે ત્યારે તેનામાં હોતી નથી.

માણસ જો પોતાની આકૃતિને બદલવાનું કામ અહંકારમાંથી કે પેલી જાણીતી વસ્તુ, મિથ્યાભિમાનને લઈને કરવા પ્રયત્ન કરશે તો તેમાં એ સફળ નહિ થાય. કારણ કે એ કાર્ય તો એના કરતાં એક ઘણી વધુ ગહન વસ્તુ જ કરી શકે તેમ હોય છે. પરંતુ તમે જો સર્વ સમયે અશુભ સંકલ્પોથી દૂર રહી શકશો, દુષ્ટ વિચારોથી દૂર રહી શકશો તો તમે જોશો કે, થોડે થોડે કરીને એક પ્રકારની સંવાદિતા એ આકૃતિઓ અને તેમનાં લક્ષણોમાંથી પ્રગટ થવા માંડી છે, કેમ કે એ તો જાણીતી હકીકત છે કે શરીર આંતર અવસ્થાઓને અભિવ્યકત કરતું હોય છે.

પરંતુ એક વસ્તુ તમે ભૂલી જાઓ છો. જો તમે આખા દિવસમાં ચાર-પાંચ કલાક ઊર્ધ્વ-ચેતનામાં રહેતા હો છો, તો તમને એમ લાગે છે કે એ તો બહુ થઈ ગયું, અને પછી બાકીનો સમય તમે ઓછાવત્તા અંશે એક ક્ષુદ્ર પ્રાણીની માફક રહો છો, તમે તમારી જાતને વહેતી મૂકી દો છો, તમે સંજોગોના દબાણ પ્રમાણે કામ કરો છો અને તમને તમારી પ્રકૃતિના નિમ્ન પ્રદેશોમાં ઊતરી પડતાં અટકાવી શકે તેવી ઊર્ધ્વ વસ્તુની સાથે અનુસંધાન કરવાનું તદ્દન વિસરી જાઓ છો.

તમે જો થોડું કષ્ટ વેઠવાનો સંકલ્પ કરશો તો તમારા શરીર પાસેથી તમે ઘણું વધારે મેળવી શકશો.

પરંતુ તમારે શરીરનો વધુ પડતો વાંક ન કાઢવો જોઈએ, તેમજ એનો તિરસ્કાર પણ ન કરવો જોઈએ: કારણ કે જે ગુનેગાર છે તે શરીર નથી – જો તમે તમારા શરીરને તાલીમ અને શિક્ષણ આપવા માટે એક યોગ્ય પદ્ધતિ પ્રમાણે કામ કરશો તો અત્યારે તમને મળે છે તેનાં કરતાં ઘણો વધુ બદલો મળશે. શારીરિક કેળવણીની અગત્ય વિષે લોકોએ હમણાં હમણામાં જ વાતો કરવા માંડી છે. તમે સો વર્ષ પહેલાંના ભૂતકાળમાં જઈને જોશો તો જણાશે કે જે લોકોને બીજું કંઈ કામ કરવાનું ન હતું, એ લોકો જ શરીર ઉપર ધ્યાન આપતા હતા. એક સૈકા પહેલાં એ એક શોખની વસ્તુ હતી. કોઈ જો એમ કહેતું કે, 'મારા બાળકને હું નિશાળે મોકલવા માગતો નથી, એણે તો એના નિર્વાહ માટે

કમાવાની જરૂર છે.' તો ઘણાં લોકો એમ કહેતાં કે, 'ના, ના, માફ કરજો, તમે એક ગંભીર ભૂલ કરી રહ્યા છો, તમારા બાળકને તમે તેની મોટી ઉંમર માટે તૈયાર નહિ કરશો તો એ કોઈ પણ વસ્તુ કરી શકશે નહિ.' લોકો આ જે કહેતા તે મન માટે કહેતા હતા, એ વસ્તુ શરીરને માટે કહેવામાં આવતી નહોતી, આમ ઘણાં બાળકો ઓછાવત્તા પ્રમાણમાં સારી હાલતમાં રહેતાં ખરાં. જો કે એમનું શરીર એક મુશ્કેલીની વાત બની રહેતું, પરંતુ સામાન્ય લોકો તો એમ કહેતા કે, એ તો સુધરી જશે, એ તો ગોઠવાઈ જશે... તાલીમ અને ધીરજ દ્વારા તમે એક એવું શરીર મેળવી શકો છો કે જેના વડે તમે જીવનના પ્રસંગોથી સારી રીતે પસાર થઈ શકો છો. અત્યારે હવે લોકો તંદુરસ્ત અને સમતોલ જીવનની કિંમત સમજે છે અને મેં કહેલું છે કે આ સંવાદિતા ક્રમે ક્રમે વિકસતી જતી રહેવાની છે.

(શ્રી માતાજી આગળ વાંચે છે)

'આ સંવાદિતા ક્રમે ક્રમે વધતી જ જશે. આપણી અંદર રહેલું સત્ય એ કોઈ એક સ્થિર અને જડ વસ્તુ નથી. એ સત્ય તો જગતમાં નિત્ય વૃદ્ધિ પામતી, વધુ ને વધુ વ્યાપક અને વિશ્વરૂપ બન્યે જતી પૂર્ણતાનો જ એક અખંડ આવિર્ભાવ છે. માણસનું શરીર આવી કોઈ વધ્યે જતી સંવાદિતાની રીતે કામ કરતું બનશે ત્યારે તેનામાં રૂપાંતરની એક સતત ચાલુ રહેનારી પ્રક્રિયાનો આરંભ થઈ જશે અને એવા રૂપાંતર દ્વારા, શરીરમાં એક એવી શકિત આવશે કે જેને લીધે તે અત્યારે તેનામાં અનિવાર્ય રીતે આવતી શિથિલતા અને છેવટે આવતા નાશની સ્થિતિમાંથી મુકત થઈ જશે. અને આ વસ્તુ સિદ્ધ થતાં અત્યારે જગતમાં મૃત્યુનું જે અફર જેવું શાસન છે તેને ટકી રહેવા માટે કોઈ કારણ રહેશે નહિ ... સત્યનાં ચાર તત્વો આપણી અંદર આપોઆપ જ પોતાનું પ્રાકટય કરશે. આપણો ચિત્પુરૂષ સાચા અને વિશુદ્ધ પ્રેમનું વાહન બની રહેશે, આપણું મન એક અસંદિગ્ધ એવા પરમ જ્ઞાનનું વાહન બનશે. આપણો પ્રાણ એક અજેય બલ અને શકિતને આવિર્ભાવ આપશે અને શરીર એક પૂર્ણ સૌંદર્યનું અને પૂર્ણ સંવાદિતાનું પ્રગટરૂપ બની રહેશે.'

રહસ્યવાદીઓ અને ધાર્મિક લોકો એ વસ્તુને બહુ ઓછી જાણે છે કે ભાગવત ચેતના, આપણી ચેતનાના દરેક ભાગમાં પોતાને જુદી જુદી રીતે અભિવ્યકત કરતી હોય છે. આપણા ઉચ્ચ ભાગોમાં, એ પોતાને શકિત, પ્રેમ ઈત્યાદી રૂપે અભિવ્યકત કરે છે, પરંતુ શારીરિક ભાગમાં એ પોતાને સંવાદ અને સૌંદર્યના રૂપમાં વ્યકત કરે છે.

એટલે, શારીરિક સૌંદર્યની અભિવ્યકિતનો પ્રશ્ન એ એક આધ્યાત્મિક પ્રશ્ન છે.

૨૭ જાન્યુઆરી, ૧૯૫૧

(શ્રી માતાજી 'વર્ડઝ ઑફ લોન્ગ એગો'માંથી
સ્વપ્નો વિષે એક જૂનો લેખ વાંચે છે.)

"આપણી જિંદગીનો ત્રીજા કરતાં વધુ ભાગ ઊંઘવામાં પસાર થાય છે ...'

આથી આપણે શારીરિક ઊંઘ પ્રત્યે ધ્યાન આપવાની જરૂર રહે છે. 'હું શારીરિક ઉંઘની' વાત કરૂં છું, કારણ કે આપણે એમ માનતા હોઈએ છીએ કે જ્યારે શરીર ઊંઘે છે, ત્યારે આપણી આખીયે ચેતના ઊંઘી જાય છે."

'... કેટલીક વાર એમ કહેવામાં આવે છે કે ઊંઘમાં જ માણસો પોતાની ખરી પ્રકૃતિ પ્રગટ કરે છે... '

ખરી પ્રકૃતિ એટલે માણસોની પોતાની ગહન પ્રકૃતિ નહિ, પણ તેમની જે કુદરતી પ્રકૃતિ. હોય છે તે. એ તેમના સભાન અંકુશ હેઠળ હોતી નથી, કારણ કે, ઊંઘ દરમિયાન સંકલ્પ - શકિતનો કાબૂ બંધ પડે છે, અને જે જે વસ્તુઓ જાગૃત અવસ્થામાં વ્યકિત નથી કરતી તે બધી તેની ઊંઘ દરમિયાન કરે છે, કારણ કે સંકલ્પશકિતનો અંકુશ ઉઠાવી લેવામાં આવ્યો હોય છે.

' જે જે બધી કામનાઓને વિલય કર્યા વિના દબાવી દેવામાં આવી હોય છે તે... જ્યારે સંકલ્પશકિત નિદ્રાધીન હોય છે ત્યારે પોતાને સફળ કરવા માટે પ્રયત્ન કરવાની તક લે છે. અને કામનાઓ વાસ્તવિક રીતે વસ્તુની રચના

માટેનાં સક્રિય કેન્દ્રરૂપ હોઈ, તેઓ પોતાના સંતોષને માટે વધુમાં વધુ સાનુકૂળ હોય તેવી રીતના સંજોગોની રચના આપણામાં અને આપણી આસપાસ કરે છે.'

એક બીજા પાઠમાં આપણે મનોમય રૂપોની રચના કરવાની શક્તિની વાત કરેલી છે. મન એવા વ્યકિતરૂપો ઘડી શકે છે કે જે ઓછાવત્તા પ્રમાણમાં સ્વતંત્ર જીવન ધરાવતાં હોય છે અને તે પોતાની અભિવ્યકિત કરવા પ્રયત્ન કરતાં હોય છે. અહીં હું વિચારની નહિ પણ કામનાની વાત કરું છું. કામના છે તો પ્રાણમય ભૂમિકાની વસ્તુ, પણ એ કામનાના કેન્દ્રમાં હંમેશા બીજ રૂપે કોઈ વિચાર રહેતો હોય છે અને એથી જ કામનામાં મનની રૂપોની રચના કરવાની શકિત તેમ જ તેમને સિદ્ધ કરવાની પ્રાણશકિત પણ હોય છે. પ્રાણ ચેતનાની ગતિશીલતાનું અને સક્રિયશકિતનું કેન્દ્ર છે અને આ બે ભેગાં મળીને એક એવી જોરદાર વસ્તુ બનાવે છે જેનામાં પોતાને સાકાર કરવાની વૃત્તિ ઠીક ઠીક પ્રમાણમાં હોય છે. વળી, વિશ્વમાંની દરેક વસ્તુ પોતાની અભિવ્યકિત કરવા માગતી હોય છે અને જે વસ્તુઓની અભિવ્યકિત થતી અટકાવવામાં આવે છે તે, એ હકીકતને કારણે જ, પોતાની શકિત અને ક્ષમતા ગુમાવી દે છે. આત્મસંયમની ઘણી ખરી સાધનાઓમાં કેવળ નિગ્રહનો ઉપયોગ જ કરવામાં આવે છે. એની પાછળ એ વિચાર હોય છે કે ગતિઓનું દમન જો પૂરતા પ્રમાણમાં લાંબો સમય સુધી ચાલુ રાખવામાં આવે તો તેથી જે તત્વને આપણે ઈચ્છતા નથી તેનો નાશ કરી શકાય છે. આ પ્રશ્ન જો કેવળ સ્થૂલ જગતનો હોત તો તો આ વસ્તુ તદન સાચી હોત, પણ સ્થૂલ જગતની પાછળ એક અવચેતન જગત છે અને એ અવચેતન જગતની પાછળ વિરાટ અચિત્ આવી રહેલું છે. અને આમાં તમને જે વાતની ખબર નથી તે એ છે કે જ્યાં સુધી કામનાનો, એટલે કે, તેના સ્વરૂપના બીજનો તમારામાંય નાશ ન કરો, અને તેને તમે માત્ર પ્રગટ થતું અટકાવી રાખો, તો, એમ કહી શકાય કે તે અવચેતનામાં જઈને દબાઈ રહે છે - તેના છેક તળિયે ધકેલાઈને ત્યાં દબાયેલું પડી રહે છે - અને તમે અવ-ચેતનામાં જઈને તપાસ કરશો તો જણાશે કે તે પોતાનું કામ કરવાની રાહ જોઈને ત્યાં બેઠેલું છે. આટલા માટે જ જે લોકો વર્ષોનાં વર્ષો સુધી પોતાને ન જોઈતી કોઈ વૃત્તિને કાબૂમાં રાખી રહ્યા હોય છે તેઓ એકાએક આશ્ચર્યથી જુએ છે કે પેલી વૃત્તિને જેટલા લાંબા સમયથી દબાવી રાખવામાં આવી હતી તે તેથી યે વધુ જોરથી નીચેથી ઉછાળો મારીને તેમના ઉપર હલ્લો કરે છે. આ રીતે સ્વપ્નો ઘણાં જ ઉપયોગનાં છે, કારણ કે એમાં દમનની ક્રિયા હાજર નથી હોતી, તેમ જ સચેતન સંકલ્પશકિત પણ કામ નથી કરતી હોતી (એ ઊંઘી જતી હોય છે કે પછી બીજે ક્યાંક ચાલી જાય છે), ત્યારે નીચે દબાવી રાખેલી કામના કૂદકો મારીને બહાર આવે છે અને પોતાને સ્વપ્નોના રૂપમાં વ્યકત કરે

છે, અને એ રીતે તમે તમારી પોતાની પ્રકૃતિ વિષે ઘણી બધી વસ્તુઓ જાણતા થાઓ છો. એટલે જ એમ કહેવાય છે કે ઊંઘમાં અને સ્વપ્નોમાં માણસને તેની વાસ્તવિક પ્રકૃતિ જોવા મળી આવે છે,-એ તેની સાચી પ્રકૃતિ તો નથી હોતી, તો એ વધુ ઊંડાણમાં આવેલી ચૈત્ય પ્રકૃતિ પણ નથી હોતી, પણ એ તેની સ્વાભાવિક, અનિયંત્રિત પ્રકૃતિ હોય છે.

> 'આ રીતે રાત્રિના થોડા કલાકોમાં દિવસ દરમિયાન આપણે સચેતન વિચારપૂર્વક કરેલા પ્રયત્નોનું ફળ નાશ પામી શકે છે...માટે આપણે આપણાં સ્વપ્નોને ઓળખતાં શીખવું જોઈએ; કારણ કે તેમના સ્વરૂપમાં અને ગુણમાં ઘણા પ્રકારો હોય છે. ઘણીવાર એક જ રાત્રિ દરમિયાન નિદ્રાની ગહનતાના પ્રમાણમાં જુદા જુદા પ્રકારનાં સ્વપ્નો આવી શકે છે.'

તમારા કોઈના ધ્યાનમાં એ ઘટના આવી છે કે નહિ તેની મને ખબર નથી. પણ રાત્રિના જે કલાકો દરમિયાન અથવા તો જે સમયે તમે ઊંઘતા હો તે પ્રમાણે તમારી નિદ્રાનો પ્રકાર બદલાતો રહે છે. તમે જો થોડો પ્રયત્ન કરીને અવલોકન કરશો (અને આવી તસ્દી લેનાર માણસો બહુ થોડા છે) તો એમ બની શકે છે કે, જ્યારે તમે ઊંઘમાંથી અચાનક અને અસ્વાભાવિક રીતે જાગી ઊઠતા હો છો એવા કોઈ પણ પ્રસંગે તમારા ધ્યાનમાં આવે છે કે નિદ્રાની અવસ્થા સર્વ સમયે એક સરખી હોતી નથી. વળી જુદા જુદા સમયે સ્વપ્નોનો પ્રકાર પણ જુદો જુદો હોય છે. તમે જો તમારું અવલોકન કરશો તો તમે આ વસ્તુ બહુ સારી રીતે જોઈ શકશો. અમુક કલાકો એવા હોય છે જ્યારે તમારે માટે જાગવું બહુ મુશ્કેલ હોય છે, કેમકે તમે ખૂબ ગાઢ નિદ્રામાં હો છો અને બાહ્ય વસ્તુઓ વિષે તદન અભાન હો છો, તો બીજા વખતે, ઊલટું, જરાક સરખો અવાજ થાય, ખૂબ ધીમો એવો થાય, તો પણ તમે જાગી ઊઠો છો.

બાળક : મને રાત્રે અમુક વસ્તુઓની બીક લાગતી નથી પણ દિવસે હું તેમનાથી બીઉં છું, એમ કેમ હશે ?

શ્રી માતાજી : એનો અર્થ એ છે કે તમારી શારીરિક ચેતના કરતાં તમારી પ્રાણમય ચેતના વધુ 'વૃદ્ધ' છે.

(શ્રી માતાજી વાંચન ચાલુ રાખે છે.)

> 'અનેક દૃષ્ટિબિંદુઓથી જોતાં એ બાબત નિઃશંક છે કે આપણી સામાન્ય ચેતના કરતાં આપણા અવચેતન ભાગમાં વધારે જ્ઞાન હોય છે.'

હું અહીં એક શબ્દ સુધારું છું : આપણી સામાન્ય ચેતના કરતાં જે ભાગને વધારે જ્ઞાન હોય છે તે 'અવચેતના' નહિ, પણ 'પરચેતના' છે, એ 'પરચેતના' આપણી સચેતન અવસ્થાની પકડમાં આવતી નથી હોતી તે એટલા માટે નહિ કે તે આપણી નીચે આવેલી છે પરંતુ એનું કારણ એ છે કે તે વધારે ઊર્ધ્વમાં છે, આપણે કોઈ પ્રશ્નને આપણી સમક્ષ રાત્રીને સમયે રાખી મૂકીએ છીએ તો એ સમસ્યા આપણી ચેતનાના ઉચ્ચ પ્રદેશોમાં જાય છે અને સવારમાં આપણને તેનો ઉકેલ, ઉત્તર મળે છે,' કારણ કે ત્યાં ઊંચે આપણી ચેતનાનાં ઊંડાણોમાં, આપણે આપણી બાહ્ય ચેતનામાં નથી જાણતા હોતા તેવી વસ્તુઓ જાણતા હોઈએ છીએ.'

બાળક : નિદ્રા દરમિયાન આપણને ઘણી વખત ભાસ થાય છે કે આપણે કોઈ પ્રકાશના ધામમાં, ઊર્ધ્વ જ્ઞાનના પ્રદેશમાં જઈ આવ્યા છીએ, પણ જાગીએ છીએ ત્યારે તો એની માત્ર એક છાપ જ, સ્મૃતિ જ પાછી લાવીએ છીએ. એમ કેમ થતું હશે ?

શ્રી માતાજી : એનું કારણ એ છે કે તદન બાહ્ય ચેતનાથી માંડી છેક ઊર્ધ્વ ચેતના સુધી પહોંચતી ચેતનાની સીડીમાં, વચમાં વચમાં ખાલી ગાળા હોય છે, સાતત્ય અટકી જતું હોય છે, અને જ્યારે ચેતના ઉપર ચડતી હોય છે, ઊતરતી હોય છે અને પાછી ચડતી હોય છે, ત્યારે તેને એક જાતની એવી અંધારી બખોલોમાં થઈને પસાર થવું પડે છે કે જેમાં કંઈ જ હોતું નથી. એ પછી ચેતના ઊંઘમાં ઊતરી જાય છે, એક જાતની અભાન અવસ્થામાં ચાલી જાય છે અને જ્યારે એ પેલી બાજુએથી ગમે તે સ્થિતિમાં જાગે છે ત્યારે ઉપરથી એ શું પાછું લાવી છે તે સ્પષ્ટપણે તેના સ્મરણમાં આવતું નથી. આવું ઘણી વખત બને છે અને જેને 'સમાધિ' કહેવાય છે તેમાં તો ખાસ કરીને જે લોકો સમાધિમાં જતા હોય છે તેમને ખબર પડે છે કે તેમની સક્રિય બાહ્ય ચેતના અને તેમની ધ્યાનાવસ્થાની ચેતના વચ્ચે એક ખાલી અવકાશ રહેલો છે. પોતે ત્યાં ઊંચે હોય છે ત્યારે તેઓ જે અવસ્થામાં હોય છે તેના વિષે લગભગ સભાન જેવા જ હોય છે—પણ જ્યારે તેઓ તેમના શરીર તરફ પાછા વળે છે, ત્યારે વચમાં તેઓ એક જાતની ગુફામાં પ્રવેશે છે, અને ત્યાં તેઓ બધું ગુમાવી બેસે છે—તેઓ પોતાની સાથે પોતાની અનુભૂતિ પાછી લાવી શકતા નથી. ઉર્ધ્વના ભાગોમાં ચેતના જે કાંઈ અનુભવતી હોય છે તે ભૂલી ન જવાય એવી શક્તિ મેળવવાને માટે આપણે આપણી ચેતનામાં ઘણાં બધાં પગથિયાંનું સર્જન કરવાનું રહે છે અને એ વસ્તુ ઠીક ઠીક તાલીમ માગી લે છે. એવી તાલીમ પ્રાપ્ત કરવી અશક્ય તો નથી પણ એ ઘણો લાંબો સમય ચાલે છે અને અવિચલ ધીરજ માંગી લે છે; કારણ કે એમાં તો તમારે તમારામાં એક ચેતનાની, એક શરીરની રચના કરવા જેવું કામ કરવાનું હોય છે. એ માટે પ્રથમ તો તમારામાં જરૂરી જ્ઞાનની આવશ્યકતા રહે છે, એટલું જ નહિ પણ એક અવિરત ખંત અને લાંબા સમય

સુધી મચ્યા રહેવાની વૃત્તિ પણ જોઈએ છે. અને એ વસ્તુ ઘણાને નાહિંમત કરી દે તેવી હોય છે. પરંતુ જો તમારે તમારી ઊર્ધ્વ સત્-તાનું જ્ઞાન જોઈતું હશે તો એમ કરવું તદન અનિવાર્ય છે.

બાળક : પોતાનાં સ્વપ્નોની નોંધ રાખવી ઉપયોગી ખરી ?

શ્રી માતાજી : હા, એ જાતનું આત્મશિક્ષણ મેં અનેક વર્ષો સુધી લીધું હતું. હું દરેક વસ્તુની નોંધ રાખતી - કોઈ કોઈ શબ્દો, કોઈ નાની સરખી વસ્તુ, કોઈ એક છાપ—અને હું એક સ્મરણમાંથી બીજા સ્મરણમાં પસાર થવાનો પ્રયત્ન કરતી હતી. શરૂઆતમાં તો એનું કંઈ પરિણામ જણાયું નહોતું, પણ ચૌદેક માસ પછી, હું છેક છેડેથી શરૂ કરીને રાત્રિની શરૂઆત સુધીની તમામ ગતિઓ, બધાં જ સ્વપ્નોનો તાર સાંધી શકતી. એ રીતે મને એક એવી સચેતન, અને એવી તો સતતપણે સભાન રહેતી અવસ્થા પ્રાપ્ત થવા લાગેલી કે છેવટે હું જરાપણ ઊંઘતી જ નહોતી. મારું શરીર લંબાઈને ગાઢ નિદ્રામાં પડ્યું રહેતું, પણ ચેતનાની ગતિમાં કોઈ પણ વિશ્રામ આવતો ન હતો. એનું પરિણામ ખૂબ જ આશ્ચર્યજનક આવેલું. આવી સ્થિતિમાં તમે તમારી નિદ્રાની જુદી જુદી અવસ્થાઓ વિષે સજ્ઞાન થાઓ છો, જે કંઈ બનતું હોય છે તેની ઝીણામાં ઝીણી વિગત વિષે સંપૂર્ણ રીતે સભાન બનો છો, અને પછી કોઈ પણ વસ્તુ તમારા કાબૂની બહાર રહી જતી નથી. પણ તમારે જો દિવસના ભાગમાં ખૂબ જ કામ કરવાનું રહેતું હોય અને તમારે જો ખરેખર ઊંઘની જરૂર હોય તો આવો પ્રયત્ન કરવાની મારી સલાહ નથી !

ગમે તે સંજોગોમાં તમારે એક વસ્તુ તો કરવી જ જોઈએ. તે એ કે તમે જાગો ત્યારે જરા પણ હિલચાલ ન કરશો, એક સંપૂર્ણ નિશ્ચલ અવસ્થામાં રહીને તમે જાગૃતિમાં આવજો, નહિ તો બધું અદશ્ય થઈ જશે.

બાળક : સ્થૂલ શરીર અને સ્થૂલ મગજથી સ્વતંત્ર રીતે મનને આરામની જરૂર હોય છે ખરી ?

શ્રી માતાજી : હા. એને ખાસ જરૂર હોય છે. અને મન ઉપરની દિશામાંથી આવતા સાચા પ્રકાશનું ગ્રહણ નીરવતામાં જ કરી શકે છે. હું નથી માનતી કે મનોમય ચેતનાને થાક લાગતો હોય. જો એને થાકની લાગણી થતી હોય છે તો એ વસ્તુ મગજમાં થતી પ્રતિક્રિયા હોય છે. મન કેવળ નીરવતામાં જ પોતાની જાતને પોતાના સ્વરૂપથી ઊંચે લઈ જઈ શકે છે. પરંતુ આપણે જે નિદ્રા અને સ્વપ્નોની વાત કરી ગયા તેના દષ્ટિબિંદુથી જોતાં તો એમાં એક વિલક્ષણ ઘટના બનતી હોય છે. મેં એનો પ્રયોગ કરી જોયો છે. જો તમે કેવળ મસ્તકમાં જ નીરવતા ન સ્થાપો, પણ એથી આગળ જઈને તમારા પ્રાણને

પણ શાંત થઈ જવા દો, અને રૂપોના પ્રદેશમાંથી બહાર નીકળીને, જેને સચ્ચિદાનંદ કહેવામાં આવે છે તેની સર્વોત્તમ ચેતનામાં પ્રવેશ કરો, તો એ અવસ્થામાંની ત્રણ મિનિટમાં તમને આઠ કલાકની ઊંઘ કરતાં પણ વધુ આરામ મળી રહે છે. એ બહુ સહેલું તો નથી જ, ના... એ એક સંપૂર્ણ સચેતન ચેતના હોવા છતાં એ સંપૂર્ણપણે નિષ્ક્રિય હોય છે, એ સંપૂર્ણપણે મૌલિક પ્રકાશમાં બેઠેલી હોય છે. જો તમે એ સ્થિતિ પ્રાપ્ત કરી શકો, તમારામાંની સર્વે વસ્તુઓને જો તમે નિશ્ચલ કરી શકો, તો તમારી આખી યે ચેતના આ સર્વોત્તમ ચેતનામાં ભાગ લેતી થાય છે. અને મેં બરાબર જોયું છે કે એ અવસ્થાની ત્રણ મિનિટો, આરામની દૃષ્ટિએ (આ આરામ એટલે શારીરિક આરામ, સ્નાયુઓના આરામની હું વાત કરું છું,) સામાન્ય ઊંઘના આઠ કલાકની બરાબર થાય છે.

બાળક : પ્રાણમય શરીરને પણ આરામની જરૂર રહે છે ?

શ્રી માતાજી : હા. પ્રાણમય શરીર, સ્થૂલ શરીરની આસપાસ એક જાતના આવરણ રૂપે આવેલું હોય છે. એનું ઘટત્વ લગભગ આપણે સખત તાપના દિવસોમાં ગરમીનાં મોજાં જોઈએ છીએ એના જેવું હોય છે. અને સૂક્ષ્મ શરીર અને તદન સ્થૂલ પ્રાણમય શરીરની વચ્ચેનું માધ્યમ એ જ છે. અને સર્વ પ્રકારના ચેપ, થાક, થાકની અસરો અને અકસ્માતો સામે પણ શરીરનું રક્ષણ એ જ કરે છે. એટલે જો આ આવરણ સંપૂર્ણપણે અખંડિત હોય છે તો એ બધી વસ્તુઓ સામે તમારું રક્ષણ કરે છે. પણ તમને કોઈ સાધારણ જેવી ઉગ્ર લાગણી થાય, થાક લાગે, કોઈ અણગમો, અથવા કોઈ પણ પ્રકારનો આઘાત થાય, તો એને લઈને એ આવરણમાં એક ચીરો પડી જાય છે અને એવો નાનામાં નાનો ચીરો પણ ગમે તે વસ્તુને ઘૂસી જવા દઈને શકે છે. વૈદકિયશાસ્ત્ર પણ હવે સ્વીકારે છે કે તમે જો સંપૂર્ણ પ્રાણમય સમતુલામાં હો છો તો તમને માંદગી લાગુ પડતી નથી અથવા, હરેક સ્થિતિમાં તમારામાં ચેપ સામે એક જાતનું રક્ષણ રચાઈ જાય છે. જો તમારામાં આ સમતુલા હશે, જો તમારામાં તમારા આ આવરણને અખંડિત રાખતી સંવાદિતા હશે, તો એ સર્વ વસ્તુઓ સામે તમને રક્ષણ આપશે. એવા લોકો પણ છે કે જે સામાન્ય જીવન જીવતા હોય છે. છતાં જેઓ કઈ રીતે ઊંઘવું જોઈએ, ખાવું જોઈએ, વગેરે જાણતા હોય છે, અને તેમનું નાડીતંત્રનું આવરણ એટલું તો અકબંધ હોય છે કે તેઓ કોઈ પણ મુશ્કેલી વગર સર્વ પ્રકારના ભયમાંથી પસાર થઈ જાય છે. એ શક્તિને માણસ પોતાનામાં કેળવી શકે છે. તમારા આવરણમાં રહેલા કોઈ નિર્બળ સ્થાન વિષે તમને જો ખબર પડે તો, તમે એક થોડીક મિનિટો એકાગ્રતા કરી લો, શક્તિને, એક આંતરશક્તિને આવાહન કરો, અને તમે જોશો કે એ વસ્તુ ગોઠવાઈ ગઈ છે, સારી થઈ ગઈ છે, અને એ અનિષ્ટ વસ્તુ અદશ્ય થઈ ગઈ છે.

૩ ફેબ્રુઆરી, ૧૯૫૧

શ્રી માતાજી, 'શ્રી માતાજી સાથેના વાર્તાલાપ' માં પ્રસિદ્ધ થયેલા જૂના વાર્તાલાપો-માંથી પહેલો વાર્તાલાપ, વાંચે છે:

> 'તમે શા માટે યોગ કરવા માગો છો ? શક્તિ મેળવવાને ? શાંતિ અને સ્વસ્થતા મેળવવા માટે ? માનવજાતિની સેવા કરવા માટે ? આ બધામાંથી તમારો કોઈ પણ હેતુ હશે તો તે યોગ માટે પૂરતો નથી, તમે સાધના માટે નિર્માયા છો એમ આટલામાંથી જણાશે નહિ.'

આમાં મોટી તકલીફ એ છે કે તમે કેવળ શબ્દોને આધારે વિચાર કરતા હો છો, પરંતુ આ શબ્દો તો ખાલી છે, અર્થ વિનાના છે. ઘણી ખરી વાર તો એ માત્ર શબ્દો જ હોય છે. તમે પ્રભુની વાત કરતા હો છો, તમે પરમાત્માની વાત કરતા હો છો, યોગની વાત કરતા હો છો, ઘણી ઘણી વાતો કહેતા હો છો, પરંતુ એ બધું તે તમારા મગજમાં રહેલી કોઈ નક્કર વસ્તુને મળતું આવતું હોય છે ખરું ? એને મળતો કોઈ વિચાર, લાગણી, કોઈ સ્પષ્ટ ખ્યાલ, કોઈ અનુભૂતિ, તમારી પાસે હોય છે ખરી ? કે આ માત્ર સાદા શબ્દો જ હોય છે ?

એમ કહેવાય છે કે યોગ એ 'જીવનનું અંતિમ લક્ષ્ય' છે. પરંતુ આ અંતિમ લક્ષ્યમાંથી તમારે શું પ્રાપ્ત કરવું હોય છે ? કેટલાક એમ કહે છે કે આ લક્ષ્ય એટલે 'પોતાની જાતને જાણવી', તો એ એક અંગત અને વ્યક્તિગત રીતની વાત થઈ. એને

તમે જો થોડીક આગળ લઈ જાઓ તો એનો અર્થ એ થાય કે પોતાના સ્વરૂપના સત્ય વિષે સભાન બનવું : તમે શા માટે જન્મ લીધેલો છે અને તમારે શું કરવાનું છે ? આ વસ્તુને હજી થોડી વધુ આગળ વધારો તો તેમાં તમે બીજાં માનવ પ્રાણીઓ સાથેના તમારા સંબંધો વિષે સભાન બની શકો છો. એથીયે આગળ જઈને તમે એમ પૂછી શકો છો કે જગતમાં માનવજાતિએ શો ભાગ ભજવવાનો છે, એનું લક્ષ્ય શું છે ? અને હજી પણ આગળ જતાં, એ પ્રશ્ન થઈ શકે કે ચૈતસિક દૃષ્ટિબિંદુથી જોતાં પૃથ્વીની સ્થિતિ શી છે ? વિશ્વ શું છે, તેનું લક્ષ્ય શું છે, તે કેવો ભાગ ભજવે છે ? અને એ પ્રમાણે તમે એક એક પગલું આગળ વધતા જાઓ છો અને છેવટે જતાં આખાયે પ્રશ્નને તેના પૂર્ણ રૂપમાં તમે જોતા થાઓ છો. તમારે વસ્તુને જોવી જોઈએ, શબ્દો પાછળ રહેલી અનુભૂતિને જોવી જોઈએ. અહીં આપણે યોગની વાત કરીએ છીએ, પણ બીજે કોઈ ઠેકાણે આપણે બીજી રીતે વાત કરીશું. કોઈ એમ કહેશે કે, 'હું મારા અસ્તિત્વનું કારણ શોધી રહ્યો છું.' તો કોઈ વળી બીજું કહેશે, જે લોકોમાં ધાર્મિક ભાવ હશે તે કહેશે, 'હું પ્રભુની હાજરી મેળવવા માગું છું.' વસ્તુને કહેવાની પચાસ રીતો હોય છે, પણ જે મૂળ વસ્તુ છે તે જ મહત્વની છે. એને તમારે તમારા મગજમાં, તમારા હૃદયમાં, સર્વત્ર અનુભવવી જોઈએ. એ વસ્તુ સઘન, જીવતી જાગતી હોવી જોઈએ, નહિ તો તમે આગળ વધી શકતા નથી. તમારે શબ્દોમાંથી બહાર નીકળી આવવું જોઈએ અને ક્રિયામાં દાખલ થવું જોઈએ—અનુભૂતિમાં પહોંચવું જોઈએ.

(શ્રી માતાજી એક બાળક તરફ વળે છે.) તમારે યોગ કરવો છે ?

બાળક : હા, માતાજી.

શ્રી માતાજી : શા માટે યોગ કરવો છે ?

બાળક : પ્રભુની હાજરીનો અનુભવ કરવા માટે.

શ્રી માતાજી : અને તારે ?

બાળક : પ્રભુનો સાક્ષાત્કાર કરવા માટે અને તે માટે મારે મારી જાતને સંપૂર્ણ કરવાની છે.

શ્રી માતાજી : અને તું, તને યોગમાં શો રસ છે ?

બાળક : કેમકે હું મારી જાતને જાણી શકું છું.

શ્રી માતાજી : અને તું ?

બાળક : મને જે વસ્તુ આંતર સત્ય તરીકે અનુભવાય છે તે મારે કરવી છે.

શ્રી માતાજી : અને તું, તું યોગ કરે છે ?

બાળક : કોઈ કોઈ વાર.

શ્રી માતાજી : તું પ્રમાણિક છે, પણ કોઈ કોઈ વાર શા માટે ? ... (બીજા બાળકને સંબોધીને) યોગ શું છે એનો તને કાંઈ ખ્યાલ છે ?

બાળક : હું ધારું છું કે એ માર્ગે થઈને ...

શ્રી માતાજી : માર્ગને અંતે શું આવેલું છે ?

બાળક : પ્રભુની સતત હાજરી.

શ્રી માતાજી : (બીજા બાળક તરફ ફરીને) યોગમાં તને કઈ વસ્તુ સૌથી વધુ રસવાળી લાગે છે ?

બાળક : યોગ શું છે એ હું સમજતો નથી. તમારા ઉપર એકાગ્રતા કરીને શું.....?

શ્રી માતાજી : એ એક સારું પ્રતિક છે.

પણ આમાં આનંદની વાત એ છે કે કોઈએ એમ નથી કહ્યું કે એને શકિત મેળવવા યોગ કરવો છે. કેટલાંક દેશોમાં અને કેટલાક માણસોને એવો કાંઈ ઝાંખો ઝાંખો ખ્યાલ હોય છે કે યોગ જેવું કંઈક છે ખરું અને પછી તેઓ એવા વિચારથી યોગ કરે છે કે યોગ કરીને પોતે બીજા કરતાં વધારે ઉચ્ચ બનશે, બીજા કરતાં તેમને એક વધુ મોટી શકિત મળશે અને એમાંથી તેઓ બીજા માણસો ઉપર સત્તા ચલાવી શકશે—અને યોગ કરવા માટેનું આ કારણ સૌથી ખરાબ કારણ છે, એમાં સૌથી વધુ સ્વાર્થ રહેલો હોય છે. એમાંથી સૌથી વધુ નુકશાનકારક પરિણામો આવે છે. વળી કેટલાક લોકો ખૂબ જ દુઃખી હોય છે, એમના જીવનમાં મુશ્કેલીઓ હોય છે, ઉપાધિઓ, દુઃખો, ઘણી ઘણી ચિંતાઓ હોય છે અને તેઓ કહે છે, 'અરે, યોગમાં મને કાંઇ શાંતિ આપે, શાતા આપે તેવું મળી આવશે અને મને થોડો આરામ મળી શકશે.' અને એ લોકો પછી યોગ કરીને પોતે પૂરેપૂરા સુખી થઈ જશે, પોતાને બધી બાબતમાં સંતોષ મળી રહેશે એમ માનીને યોગમાં ધસી આવે છે. પણ કમનસીબે આ વસ્તુ આખીયે આ પ્રમાણે નથી હોતી. તમે આવા કોઈ કારણમાંથી યોગ શરૂ કરો છો ત્યારે તો તમારે માટે સાધનામાં ખરેખર મોટી મોટી મુશ્કેલીઓ ઊભી થાય છે. વળી માણસોને કેટલીક વસ્તુઓ

બહુ મોટા ગુણવાળી દેખાતી હોય છે, જેમ કે 'માનવકલ્યાણ' 'માનવ પ્રેમ'. ઘણા લોકો કહે છે, 'હું માનવજાતિની સેવા કરી શકું એટલા માટે યોગ કરીશ. મારે દુ:ખી માણસોને સુખી કરવા છે. દરેક માણસને માટે જગત વધુમાં વધુ સુખદાયક બની રહે એવી રીતે હું જગતને ગોઠવવા માગું છું.' તો આ અંગે હું કહીશ કે આ વસ્તુ પૂરતી નથી. આ વસ્તુ પોતે ખરાબ છે એમ હું નથી કહેતી, જો કે ગુહ્યવિદ્યાના એક વૃદ્ધ જ્ઞાનીને મેં રમૂજમાં એમ કહેતાં સાંભળેલા કે 'જગતમાંથી દુ:ખમાત્ર ચાલ્યું જાય એ વસ્તુ કાંઈ બહુ જલદી બનવાની નથી, કારણ કે જગતમાં ઘણા ઘણા લોકો સુખી છે અને જગતમાં જે દુ:ખ રહેલું છે તેની ઉપર તે જીવતા હોય છે. આમાં વિનોદ તો છે, પણ તે સાવ ખોટો નથી. જગતમાં જો કોઈ દુ:ખનું નિવારણ કરવાનું ન રહે તો પછી માનવજાતિની સેવા કરવા નીકળનારને માટે કશું કામકાજ જ નહિ રહે - આ માનવસેવાવાદી પોતાની જાત પ્રત્યે એટલો બધો તો સંતુષ્ટ હોય છે, એના મનમાં એવી તો છાપ હોય છે કે પોતે સ્વાર્થી નથી! મેં એવા લોકો જોયા છે કે જેઓ જો પૃથ્વી ઉપર કોઈ દુ:ખ ન રહેવા પામે તો પોતે દુ:ખી દુ:ખી થઈ જાય! જગતમાં જો કોઈ દુ:ખ દૂર કરવાનું ન રહે તો પછી એવા લોકો કરશે શું, એમની પાસે કઈ પ્રવૃત્તિ રહેશે અને એમનું ગૌરવ કેવી રીતે થશે? એ લોકો બીજાને કેવી રીતે દેખાડી શકશે કે : 'હું સ્વાર્થી નથી! અમે તો ઉદાર છીએ અને ખૂબ જ દયાળુ છીએ!'

(શ્રી માતાજી વાંચન ચાલુ રાખે છે.)

'તમારે યોગ તે શું પ્રભુને ખાતર કરવો છે? ... જો એમ હોય, અને માત્ર જો એમ જ હશે તો એમ કહી શકાશે કે તમે સાધનાને માટે તૈયાર છો.'

તો આ છે પહેલું પગથિયું : 'પ્રભુ માટેની અભીપ્સા.'

અભીપ્સાની પહેલી ગતિ આ પ્રમાણે થતી હોય છે : તમને એક એવું ઝાંખું સંવેદન થતું રહે છે કે આ વિશ્વની પાછળ કોઈક એવી વસ્તુ આવી રહેલી છે કે જે આપણે જાણવા જેવી છે, કદાચ એ જ એક વસ્તુ એવી છે (કેમકે હજી તો તમને કશું જ્ઞાન નથી) કે જેને માટે જીવન જીવવા જેવું છે, એ વસ્તુ તમને સત્યની સાથે સંપર્કમાં મૂકી આપે છે. એ વસ્તુ એવી છે કે વિશ્વ તેના પર આધાર રાખે છે, પણ તે પોતે વિશ્વ ઉપર આધાર રાખનારી નથી, એ વસ્તુ હજી તમારી સમજણથી બહાર રહી ગઈ છે, તો પણ એ તમને બધી વસ્તુઓની પાછળ રહેલી દેખાય છે. આ વસ્તુ અંગે ઘણા ભાગના લોકોને જે લાગણી થાય છે તેના કરતાં મેં અહીં ઘણું વધારે કહ્યું

છે, પરંતુ આ તો પહેલી અભીપ્સાનો આરંભ છે—એ પેલી વસ્તુને જાણી લેવી, જગતમાં આ જે કાયમનું અસત્ય આવી રહેલું છે, આ જગતમાં જ્યાં વસ્તુઓ આટલી બધી વિકૃત છે, આટલી બધી કૃત્રિમ છે, તેમાં ન રહેવું, અને પેલી વસ્તુ જાણવી, એ ખરેખર કોઈ આનંદદાયક વાત બની શકે છે; જેને ખાતર જીવન જીવવા જેવું બની રહે એવું કાંઈક તમારે શોધી લેવાનું છે.

'... બીજું પગથિયું છે આ અભીપ્સાને બળવાન કરવાનું : એ અભીપ્સાને તમારે હમેશાં જાગૃત રાખવાની છે, અને જીવતી જાગતી અને જોરદાર બનાવવાની છે.'

સામાન્ય રીતે તો, ફક્ત કોઈક વાર જ્યારે તમારે માટે કોઈક ઉદ્વેગજનક વસ્તુ બની આવી હોય અથવા કે તમને થોડોક આણગમો આવ્યો હોય, થાક લાગેલો હોય, આવાં આવાં અતિ સામાન્ય કારણો ઉત્પન્ન થયાં હોય છે, ત્યારે એકાએક તમને યાદ આવે છે કે યોગ જેવી કોઈક વસ્તુ છે; ભગવાન જેવું કાંઈક છે અને તેમને તમારે જાણવાના છે અને એ તમને જીવનની આ શુષ્કતામાંથી બહાર લઈ જઈ શકે છે. અને ત્યારે જ તમે કહો કે હા ! હું પ્રભુને પ્રાપ્ત કરવાનો વિચાર તો કરું છું !

'... આ લક્ષ્ય પ્રત્યે તમે માત્ર એકાગ્રતા દ્વારા જ પહોંચી શકશો—પ્રભુના સંકલ્પને તથા તેના હેતુઓ પ્રત્યે એક સંપૂર્ણ અને અનન્ય સમર્પણ તમે સાધી શકો તે માટે તમારે પ્રભુ ઉપર એકાગ્રચિત્ત બની જવાનું છે.'

આ બીજું પગથિયું છે. એટલે કે, તમને એમ થવા લાગે છે કે તમારે પ્રભુને મેળવવા છે, પ્રભુને જાણવા છે, અને જીવનમાં ઉતારવા છે. વળી સાથે સાથે તમને એમ લાગવું જોઈએ કે આ વસ્તુ એટલી બધી કિંમતી છે, એટલી બધી મહત્વની છે કે એને પ્રાપ્ત કરવા માટે કદાચ તમારું આખુંયે જીવન પણ તમને ઓછું પડશે. એ પછી સૌ પ્રથમ કરવાની ક્રિયા તે આત્મસમર્પણની બને છે. તમે પોતાની જાતને કહો છો, ' હું હવે મારા નાના નાના અંગત સંતોષોને ખાતર જીવીને, માત્ર મારી જાતને આધીન વ્યકિત જ બની રહેવા માગતો નથી, મારે તો આ અદ્‌ભૂત વસ્તુના—પ્રભુના બની રહેવું છે. મારે એ પ્રભુને મેળવવા છે, એમને જાણવા છે, જીવનમાં ઉતારવા છે, એમને માટે મારી અભીપ્સા છે.

' તમારા હૃદયમાં એકાગ્રતા કરો. એમાં પ્રવેશ કરો, ભીતરમાં જાઓ અને ત્યાં ઊંડે ઊંડે અને દૂર દૂર વણથંભ્યે ચાલ્યા જાઓ; તમારાથી જેટલું જઈ શકાય તેટલું ઊંડાણમાં જાઓ. તમારી ચેતનાના તંતુઓ જે બહાર ફેલાયેલા

છે તે બધાને ભેગા કરી લો, તેમનો એક વીંટો કરી લો, અને તેને સાથે લઈને તમારા આંતર સ્વરૂપની નીરવતામાં એક ભૂસકો લગાવી દો, એની ગહરાઈમાં છેક નીચેમાં નીચે ચાલ્યા જાઓ.'

હા, હું જ્યારે હૃદયની વાત કરું છું ત્યારે એ નામના સ્થૂલ અવયવ વિષે, શરીરની અંદરના એ ભાગની વાત તો નથી જ કરતી, પણ આપણા સ્વરૂપમાં વક્ષઃસ્થળની વચમાં જે ચૈતસિક કેન્દ્ર છે, ચૈત્ય પુરૂષનું કેન્દ્ર છે તેની વાત કરું છું.

(શ્રી માતાજી એ જ જૂના વાર્તાલાપમાંનો બીજો પ્રશ્ન લે છે.)

' માણસે યોગ માટે તૈયાર થવાને શું કરવું જોઈએ ? '

એક સ્ત્રીએ મને આ પ્રશ્ન પૂછેલો ત્યારે મેં એને જવાબ આપ્યો હતો, 'સૌથી પ્રથમ તો સભાન બનવું જોઈએ.' એટલે એ સ્ત્રીએ સભાન બનવાનો પ્રયત્ન કર્યો અને થોડા મહિના પછી મારી પાસે આવી અને મને કહેવા લાગી. ' અરે તમે તે મને આ કેવી ખરાબ વસ્તુની ભેટ આપી ! પહેલાં તો, લોકો સાથે મારે સંબંધો હતા, અને એ બધા સારા સારા માણસો હતા. મને એ બધા તરફ ભલી લાગણી રહેતી હતી, અને એ બધા પણ મારી સાથે સારો વર્તાવ કરતા હતા. અને હવે મેં સભાન બનવાનું શરૂ કર્યું ત્યાર પછી મને મારી અંદર એવી એવી વસ્તુઓ દેખાવા લાગી છે કે જે જરા પણ સુંદર નથી હોતી !' અને મેં એને જવાબ આપેલો, ' એ તદ્દન બનવા જોગ છે ! તમારે જો કોઈ તકલીફ ન જોઈતી હોય તો તમારા અજ્ઞાનમાંથી બહાર ન આવો એ જ વધુ સારું છે.'

એટલે પ્રથમ પગથિયું એ છે કે તમારે એ વાત જાણી લેવી કે, તમે સત્યને જોવા તથા જાણવા માગો છો કે પછી તમારા અજ્ઞાનમાં આરામપૂર્વક બેસી રહેવા માગો છો.

(શ્રી માતાજી વાંચન ચાલુ રાખે છે.)

'આજે સરેરાશ માણસનું વલણ શું છે? ...એને જ્યારે કોઈ સાચેસાચ દિવ્ય પ્રકૃતિની બનેલી હોય એવી વસ્તુનો ભેટો થાય છે ત્યારે તે શું તરત જ ગુસ્સે થઈ જતો નથી અને બંડ કરતો નથી ? એને શું એમ નથી થતું કે પ્રભુનું રાજ્ય આવે તો તેમાં તેની જે વહાલામાં વહાલી વસ્તુઓ છે તેનો નાશ થઈ જશે? '

આમાં એ વસ્તુ તદ્દન સ્પષ્ટ દેખાઈ આવે છે કે જ્યાં સુધી તમે તમારા નાનકડા વ્યક્તિગત અહંકારમાં પુરાઈ રહેશો ત્યાં સુધી તમે પ્રભુ સાથે તમારી જાતને એકરૂપ કરી આપે એવી જે ક્રિયા તમારે કરવી જોઈએ, એ માટે જે પગથિયું ઠેકવું જોઈએ તે માટે કદી તૈયાર બનશો નહિ.

આ પ્રસંગે તમને હું આ એક વાત કહી શકું છું. ઘણા વખત ઉપર અહીં કેટલાક લોકો એવો ખ્યાલ લઈને આવ્યા હતા કે આશ્રમમાં જોડાઈશું તો અમર થઈ જવાશે. અને એ લોકોમાં અમરતા માટે ખૂબ જ અભીપ્સા હતી. એ બધા વૃદ્ધ માણસો હતા, અને સ્વાભાવિક રીતે જ, તેમની દૃષ્ટિ બહુ દૂર જોઈ શકતી ન હતી, અને પોતાના જીવનને તેઓ અનિશ્ચિત હદ સુધી લંબાવવા માગતા હતા—લોકોને મન 'અમરતા' નો અર્થ આ હોય છે: પોતે જે કાંઈ હોય છે તેને અનિશ્ચિત કાળ લગી લંબાવ્યે રાખવું. એટલે જે પહેલા માણસે મારી આગળ આ રીતે વાત કરી તેને મેં જવાબ આપેલો: 'દરેક માણસ અમર થઈ શકે કે નહિ એ તો હું જાણતી નથી—કદાચ ન જ થાય—પણ જે લોકો અમર થઈ શકે તેવા હોય છે, તેમનામાંથી પણ કેટલા એના માટેની કિંમત આપવાને તૈયાર છે? કેમ કે આ બાબતમાં તો જે વસ્તુઓને પાછળ મૂકી દેવાની છે તેની સંખ્યા એટલી બધી તો છે કે કદાચ અર્ધે રસ્તે પહોંચીને તેઓ બોલી ઊઠશે, 'ના ના, આ તો બહુ ભારે પડતી કિંમત છે!' મને એક ચિત્રકાર યાદ આવે છે, એની સાથે મારે અમરતાની શક્યતા વિષે વાત થયેલી. ત્યારે તેણે મને પૂછેલું કે એક નવું જગત કેવું હશે. મેં એને કહેલું કે, વસ્તુઓ પોતે જ તેજોમય બની જશે, દાખલા તરીકે, અહીં પૃથ્વી ઉપર સૂર્યમાંથી પ્રકાશ આવે છે અને તેનો પ્રતિબિંબિત પ્રકાશ આપણને મળે છે તેવું નહિ હોય. હું આ બોલતી હતી ત્યારે મેં જોયું કે તેનો ચહેરો લાંબો ને લાંબો થતો જતો હતો, વધુ ને વધુ ગંભીર થતો જતો હતો, અને આખરે તેણે મને કહ્યું: 'પણ તો પછી વસ્તુઓનો પ્રકાશ બહાર લાવવા માટે જે છાયાની જરૂર રહે છે તેના વિના ચિત્ર કેવી રીતે થઈ શકશે?'.....મેં એને જણાવ્યું કે, 'તમે જાણે કે આમ કહીને આ પ્રશ્નની ચાવી જ આપી દીધી છે.'

ઘણાં લોકો એમ પૂછે છે, ઘણા ઘણા.....કે નવું જીવન કેવું હશે અને હું તેમને જવાબ આપું છું: 'એમાં શક્તિઓનો વિનિમય થતો રહેશે, એક શક્તિ બધે ફરતી રહેશે: શરીરની રચના તદ્દન જુદી રીતે જ બનશે, શરીરનાં આ જે બધા કદરૂપા અવયવો છે તે ચાલ્યા જશે અને તેને બદલે ચૈતસિક ક્રિયાઓ કામ કરવા લાગશે, અને હંમેશા ખાવાપીવાની જરૂર રહે છે તે ચાલી જશે.' અને વળી પાછું હું જોઉં છું કે એ સાંભળનારનાં ચહેરા લાંબા ને લાંબા થતા જાય છે! અને એ લોકો કહેતા હોય છે, 'અરે! આ બધું સારું સારું ખાવાનું છે, તે બધું બંધ થઈ જશે?'

આ તો મેં નાના નાના દાખલા આપ્યા. બીજી પણ ઘણી ઘણી વસ્તુઓ છે, વધારે મહત્ત્વની. સૌથી વધુ મહત્ત્વની વસ્તુ, અને સૌથી વધુ મુશ્કેલ વસ્તુ છે, અહંકારનું વિસર્જન. જે માણસ આ બાબતમાં તૈયાર નથી હોતો, તેને માટે તો એ કાર્ય મૃત્યુ પામવા જેવું બની રહે છે અને એને માટે તો એ પોતાના શરીરના મૃત્યુ કરતાંયે વધારે મોટું મૃત્યુ હોય છે, કેમ કે એને તો એમ લાગે છે કે અહંકારનું મૃત્યુ થાય એટલે તેના આખા સ્વરૂપનું વિસર્જન થઈ જાય. પણ ખરી વાત એમ નથી. છતાં એમાં શરૂઆતમાં આવી લાગણી થાય છે ખરી. અમર થવાને માટે બધી જ મર્યાદાઓ તજી દેવાની રહે છે અને એમાં અહંકાર એ તો મોટામાં મોટી મર્યાદા છે. એટલે, જો 'હું' પોતે અમર નથી, તો એ અમરતાનો અર્થ શો રહે છે ?

(એ જ જૂના વાર્તાલાપમાં કોઈએ એમ પૂછેલું કે તે સમયે જે લોકો ઉપસ્થિત હતા તે બધા કેવી રીતે પાછા ભેગા મળ્યા છે, તેનો શ્રી માતાજીએ જવાબ આપ્યો કે):

'આપણે બધા આગળના જન્મોમાં સાથે હતા, નહિ તો આ જીવનમાં આપણે મળ્યા ન હોત.'

કોઈ એમ કહી શકે છે કે એ જોગાનુજોગ છે અગર એમ પણ કહેવાય કે એ એમ છે, કારણ કે આપણે બધા હંમેશાં સાથે જ રહેલા છીએ અને બંને સરખી રીતે સાચું છે. મેં એ સ્ત્રીને પણ, એને રહસ્યવાદમાં રસ હતો એટલે કહેલું કે: 'આપણે આગલી જિંદગીમાં મળેલાં છીએ' અને એ સાચું છે, નહિ? પરંતુ વસ્તુઓની જોવાની એ એક રીત છે. વળી આપણે બધાં એક જ કુટુંબનાં છીએ આ પણ સાચું છે પણ માણસો જે રીતે જુએ છે તે રીતે નહિ.

મેં એમ પણ કહેલું: 'આપણે યુગોથી ભગવાનના વિજય માટે અને પૃથ્વી ઉપર તેના આવિર્ભાવ માટે સાથે કાર્ય કરેલું છે. આતો દેખીતું જ છે, કારણ કે એ માટે વિશ્વનું સર્જન થયેલું છે અને એથી તો વિશ્વનો દરેક ભાગ, એ ગમે તે હોય, એ વિજય માટે કાર્ય કરે છે, જાણ્યે કે અજાણ્યે, પણ એ માટે જ એ કાર્ય કરે છે.'

૫ ફેબ્રુઆરી, ૧૯૫૧

શ્રી માતાજી 'વાર્તાલાપો 'માંથી બીજું પ્રકરણ વાંચે છે, પ્રથમ તેઓ યોગસાધનામાં રહેલાં ભયસ્થાનોનો ઉલ્લેખ કરે છે. 'તમારી પ્રકૃતિમાંથી જો તમે મહત્વકાંક્ષાને દૂર ન કરી શકો તો સાધનાને અડકતા જ નહિ. એ તો અગ્નિ છે, બાળી નાખશે.' પછી શ્રી માતાજી યોગના બે પ્રકારો વિષે કહે છે.

'યોગ સાધના કરવાના બે રસ્તા છે: એક તપસ્યાનો અને બીજો આત્મસમર્પણનો.'

બાળક: આત્મ – સમર્પણ એટલે શું ?

શ્રી માતાજી: એનો અર્થ એ કે તમારે તમારી જાતને સંપૂર્ણપણે ભગવાનને સોંપી દેવાની રહે છે.

હા, અને પછી શું થાય છે? તમે જો તમારી જાતનું સંપૂર્ણપણે ભગવાનને સમર્પણ કરી દો છો તો પછી યોગ તમારે કરવાનો રહેતો નથી, એ ભગવાન પોતે કરે છે. સમર્પણ કરવું બહુ મુશ્કેલ નથી; જ્યારે તપશ્ચર્યા કરવાની હોય છે ત્યારે યોગ પણ તમારે જ કરવાનો હોય છે અને તેની સંપૂર્ણ જવાબદારી તમારા ઉપર રહે છે – અને એમાં જ 'ભયસ્થાન' આવી રહેલું છે. પરંતુ કેટલાક માણસો એવા હોય છે, જેમને એ પધ્ધતિમાં ભયસ્થાનો હોવા છતાં, યોગસાધનાની તમામ જવાબદારી પોતાની જાત ઉપર લેવી ગમતી

હોય છે, કારણ કે તેઓ ખૂબ જ સ્વતંત્ર મિજાજના હોય છે. કદાચ એમને લક્ષ્યસ્થાને પહોંચવાની બહુ ઉતાવળ નથી હોતી – પોતાના લક્ષ્યને પહોંચવામાં અનેક જિંદગીઓ વિતાવવાની જરૂર પડે તેની તેમને પરવા હોતી નથી. પરંતુ બીજા કેટલાક એવા લોકો પણ હોય છે જેમને ઝડપથી આગળ વધવું હોય છે, પોતાના લક્ષ્યસ્થાને પહોંચવા બાબત પાકી ખાતરી જોઈતી હોય છે—આવા લોકો પોતાની સાધનાની જવાબદારી સંપૂર્ણપણે ભગવાનના હાથમાં મૂકી દે છે.

(શ્રી માતાજી વાંચન ચાલુ રાખે છે.)

'યોગ સાધના શરૂ કરવાની પહેલી અસર એ થાય છે કે માનવમાં જે માનસિક સંયમ હોય છે તે દૂર થઈ જાય છે, એટલે કે જે ક્ષુધિત વાસનાઓ માનવના માનસમાં સુપ્ત દશામાં પડેલી હોય છે, તે એકદમ જાગ્રત અને મુકત થઈ જાય છે. તેઓ ઉપર ધસી આવે છે, અને સમગ્ર ચેતના ઉપર આક્રમણ કરે છે ... ...

એટલે તમારે કરવાનું તે આ છે કે આ બધી વસ્તુઓને (વાસનાઓને, ખાસ કરીને જાતીય આવેગોને) તમારાથી દૂર રાખવી જોઈએ, તમારી જાતને તેમનાથી અલગ પાડી લેવી જોઈએ. તેમને શકય તેટલી ઓછી અગત્ય આપવી જોઈએ અને કદાચ તમને તે બાબતના વિચારો આવે તો પણ તેમનાથી અલિપ્ત અને ઉદાસીન રહેવું જોઈએ.'

આ વસ્તુ કરવી તે મુશ્કેલીઓને દબાવી દેવા કરતાં વધુ કઠિન છે. મુશ્કેલી લાવનાર વૃત્તિથી પોતાની જાતને જુદી પાડી લેવી, જેની સાથે આપણે કંઈ સંબંધ નથી, જેમાં આપણને કોઈ રસ નથી, આપણને લાગુ પડતી નથી, જાણે એ સંસારવ્યવહારને લગતી વસ્તુ છે અને આપણે તેની સાથે કોઈ સંબંધ નથી એ દૃષ્ટિએ તેને જોવી એ અતિશય મુશ્કેલ વસ્તુ છે—પરંતુ યોગસાધનામાં સફળ થવું હોય તો આ જ રસ્તો છે. આ વસ્તુ આપણામાં એક પ્રકારનું આત્મ-સ્વાતંત્ર્ય અને પોતાના આંતર-સ્વરૂપ ઉપરનો વિશ્વાસ માગી લે છે—તમારે જાણી લેવું જોઈએ કે તમે જો સાચું વલણ અખત્યાર કર્યું હશે તો જે વસ્તુઓ બનશે તે તમારે માટે સારામાં સારી જ હશે. પરંતુ આમ છતાં કોઈ વખત કોઈ અણગમતી લાગે તેવી વસ્તુ બને અને ભય પામો તે ન ચાલે. તમારા આંતર સ્વરૂપ ઉપરનો તમારો વિશ્વાસ ગમે તે મુશ્કેલીઓ કે વિઘ્નો આવે તો પણ બન્યો રહેવો જોઈએ. ઘણું ખરું આવી કોઈ ન ગમતી વસ્તુ બને ત્યારે તમને એમ થાય છે કે 'હવે આ વાત વધી તો નહિ પડે, આવી કેટલી આપત્તિઓ હજી બાકી હશે ?' અને એવું એવું બધું. આને બદલે તમારે એમ કહેવું જોઈએ કે, 'મારે આ વસ્તુઓ સાથે કોઈ સંબંધ

નથી, એ અવચેતન જગતની છે, એમાં મારે કંઈ લેવાદેવા નથી—અને આમ છતાં જો એ વસ્તુઓ મારા ઉપર ફરીથી ઘેરો ઘાલવા આવશે તો તેમની સાથે લડી લઈશ.' જોકે સ્વાભાવિક રીતે, તમે મને એમ કહેશો કે આ રીતે બોલવું તો સહેલું છે પણ આચરણમાં મૂકવું અઘરું છે. પરંતુ જો તમારા વલણમાં આત્મવિશ્વાસ હશે તો તમારાથી ન જીતી શકાય તેવી કોઈ મુશ્કેલી છે જ નહિ. કેવળ વ્યાકૂળ થઈ જવાથી તો મુશ્કેલીઓ વધુ ઘેરી બને છે.

દેખીતી રીતે, એક બાબતમાં મુશ્કેલી રહે છે : તમારા સભાન સ્વરૂપમાં એવી કોઈ વસ્તુ હોય છે જેને મુશ્કેલી **જોઈતી નથી હોતી.** એને જીવવા માટે ખરા હૃદયની ઈચ્છા પણ હોય છે, પરંતુ તમારી ચેતનાના અન્ય ભાગોમાં એનાથી અલગ પ્રકારની એવી અસંખ્ય ગતિઓ ચાલતી હોય છે કે જેના વિષે તમે સભાન હોતા નથી. તમે કહેતા હો છો,' પેલી બાબતમાં મારે સુધરી જવાની ઈચ્છા છે;' પરંતુ દુર્ભાગ્યે 'મારી ઈચ્છા છે' એટલું કહ્યા માત્રથી જ કામ ચાલતું નથી. ચેતનાના પેલા અન્ય ભાગો એવા છે કે જો તમે તેમની સાથે કામ ન પાડો તે સારુ સંતાઈને રહે છે અને જ્યારે તમારું ધ્યાન બીજી બાજુએ હોય ત્યારે એ ભાગો પ્રગટ થવા પ્રયત્ન કરે છે. આથી જ હું તમને કહું છું અને વારંવાર કહું છું, "સંપૂર્ણપણે દિલની સચ્ચાઈ રાખો, તમારી જાતને છેતરવાનો પ્રયત્ન ન કરો, એમ ન કહો કે, 'મારાથી બન્યું તે સર્વ કાંઈ મેં કર્યું છે' કારણ કે જો ખરેખર તમે તમારાથી બનતું સર્વ કાંઈ કર્યું હશે તો તમે સફળ થવાના જ છો." તમારામાં જો એવી કોઈ ખામી હોય કે જેને તમે દૂર કરવા માગતા હો અને છતાં તે જતી ન હોય અને પછી તમે કહો કે, 'મારાથી થાય તે સર્વ કાંઈ મેં કર્યું છે' તો યાદ રાખજો કે તમારે કરવા જેવું 'સર્વ કાંઈ' તમે ખરેખર કર્યું નહિ હોય. જો તમે તેમ કર્યું હોત તો જરૂર સફળ થયા હોત કારણ કે તમારી ઉપર જે મુશ્કેલીઓ આવે છે તે તમારી શકિત સાથે સપ્રમાણમાં હોય છે. એવી કોઈ વૃત્તિ તમારામાં ઉદ્‌ભવી શકતી નથી જેને સંબંધિત કોઈ વસ્તુ તમારી ચેતનામાં હાજર ન હોય. અને જે વસ્તુ તમારી ચેતનામાં હોય છે તેના ઉપર પ્રભુત્વ મેળવવું હંમેશાં શક્ય હોય છે. તમારી ચેતનાની બહારથી આવતી વૃત્તિઓ અને સૂચનો પણ તમારી ચેતનાની સંમતિ હોય તેટલા પ્રમાણમાં જ તમને સ્પર્શી શકે છે. તમારું સર્જન તમારી ચેતનાના તમે સ્વામી બનો તે માટે જ કરવામાં આવેલું છે. એટલે જો તમે એમ કહેતા હો કે, 'મારાથી શક્ય તે સર્વ કાંઈ મેં કર્યું છતાં અમુક વસ્તુ જતી નથી એટલે હવે તો હું પ્રયત્ન નહિ કરું.' તો તમે ખાતરી રાખજો કે ખરેખર તમારાથી શક્ય તેટલું તમે નહિ કર્યું હોય. જ્યારે કોઈ ક્ષતિ '**અને છતાં**' કરીને ચીટકી રહેતી હોય ત્યારે એનો અર્થ એ હોય છે કે તમારા સ્વરૂપમાં કોઈક વસ્તુ સંતાઈને બેઠેલી છે અને પેટીમાંના ભૂતની માફક અચાનક બહાર આવીને તમારા જીવનના સુકાનનો કાબૂ લઈ

લે છે. આનો ઈલાજ એ છે કે તમારે તમારી અંદર છૂપા પડેલા અંધારા ખૂણાઓ શોધી કાઢવા, તેમનામાં શુભ ભાવનાનો નાનો સરખો તણખો મૂકવો, અને પછી તમે જોશો કે આમ કરવાની સાથે જ એ અંધકાર પરાજિત થઈ લોપ પામી જશે. જે વસ્તુ કરવી તમને અશક્ય લાગતી હશે તે કેવળ શક્ય અને વ્યવહારૂ નહિ પણ એક સિદ્ધ કરવામાં આવેલી હકીકત બની રહેશે. કોઈ મુશ્કેલી તમને વર્ષોથી પરેશાન કરી રહી હશે તો તેને પણ આ રીત અજમાવશો તો તે એક મિનિટમાં દૂર કરી શકાશે. આ બાબતમાં હું તમને સ્પષ્ટ ખાતરી આપું છું. આમાં શરત માત્ર એટલી જ છે કે તમારામાં પોતાનામાં રહેલી ક્ષતિથી મુક્ત થવા માટે તમારામાં ખરેખરી, અંતરની, સચ્ચાઈપૂર્વકની ઈચ્છા હોવી જોઈએ. અને આ વસ્તુ શારીરિક માંદગીથી માંડીને મોટામાં મોટી માનસિક મુશ્કેલી બાબતમાં એક સરખી રીતે લાગુ પડે છે. ચેતનાનો એક ભાગ એમ કહેતો હોય છે કે, ' મારે એ વસ્તુ ના જોઈએ. ' પરંતુ ભીતરમાં ઢગલાબંધ એવી વસ્તુઓ સંતાયેલી હોય છે કે જે એ બાબતમાં કંઈ કહેતી નથી, પોતાને પ્રગટ કરતી નથી, કારણ કે એમને વસ્તુસ્થિતિ જેમ હોય છે તેમ જ ચાલવા દેવી હોય છે અને એમના પાયામાં કોઈ અજ્ઞાન-મૂલક કારણ રહેલું હોય છે. એ તત્ત્વોને પરિસ્થિતિમાં સુધારો કરવાની જરૂરિયાત લાગતી નથી, તેમને એમ જ હોય છે કે જગતની સારામાં સારી વસ્તુઓ માટે જરૂરી હોય તેવાં ઉત્તમમાં ઉત્તમ તત્ત્વો તેમનામાં છે. જે સન્નારી સાથે મારે વાર્તાલાપો થયેલા તે પણ એમ કહેતી હતી કે, ' આપણે આપણી જાતમાં પરિવર્તન કરવા પ્રયત્ન કરીએ ત્યારે જ મુશ્કેલીઓ ઊભી થાય છે.' એક મહાન ગણાતા ફ્રેંચ લેખકે એ વાતને દોહરાવી એમાંથી તેણે એક સગવડિયો સિદ્ધાંત બનાવી લીધો, 'આપણે આપણી જાતને પૂર્ણ બનાવવા ઈચ્છા કરીએ છીએ ત્યારે જ મુશ્કેલીઓ જન્મે છે, એટલે કોઈ પ્રકારની પીડા ઊભી ન કરવી હોય તો આપણી જાતને પૂર્ણ બનાવવા પ્રયત્ન જ ન કરવો ! ' મારે તમને કહેવું જોઈએ કે આમ કહેવું એ ભયંકર જૂઠાણું છે. એમાં સાચી વાત એટલી જ છે કે તમારામાં એવી ઘણી વસ્તુઓ રહેલી હોય છે કે જેમના વિષે તમને કશી ખબર નથી હોતી.એમની ઈચ્છા એવી હોય છે કે તમે એમની સ્થિતિમાં વિક્ષેપ ન પાડો અને જો તમે એ વસ્તુઓ સાથે કામ પાડવા જાઓ છો તો તેઓ જાણે એમ બોલી ઊઠે છે, ' હવે આ શી માથાકૂટ, છોડો મને !'

(શ્રી માતાજી આગળ વાંચે છે :)

> ' આખું જગત એ ઝેરથી ભરેલું છે (શંકાશીલતા, દ્વિધાચિત્ત, નિરુત્સાહ). તમારા એકે એક શ્વાસ સાથે તમે તે ઝેર તમારી અંદર લઈ રહ્યા છો. કોઈ અનિષ્ટ માણસ સાથે થોડી વાતચીત કરો, અથવા તો, એવો માણસ ફક્ત તમારી પાસેથી પસાર થાય તો પણ તમને તેનો ચેપ લાગી જશે...જ્યાં સુધી તમે

સામાન્ય માનવ પેઠે રહેતા હો અને જ્યાં સુધી તમે સામાન્ય જીવન ગાળતા હો ત્યાં સુધી તમે સંસારના લોકો સાથે હળોમળો તેની ખાસ અગત્ય નથી હોતી, પરંતુ જો તમારે દિવ્ય જીવન પ્રાપ્ત કરવું હોય તો તમારી સોબત અને તમારી પરિસ્થિતિ વિષે તમારે ઘણા સાવચેત રહેવું પડશે.'

પહેલાંના સમયમાં તપસ્વીઓ આ પ્રશ્નના ઉકેલ તરીકે જંગલમાં જઈને વૃક્ષ નીચે વાસ કરતા કે જેથી તેમને ત્યાં બીજા માણસો તરફથી આવી ચેપી અસર થવાનો ભય રહે નહિ. પરંતુ આવી રીતે સામાન્ય માણસોથી દૂર જઈ રહેવામાં આવે તો પણ પોતાનો એ નિર્ણય ટકાવી રાખવો એ કોઈ સહેલી વાત નથી. કારણ કે કોઈ સંત પુરૂષ વૃક્ષ નીચે ધ્યાનમાં બેઠેલા છે એવી વાતની જાણ થાય કે તરત જ આખી દુનિયા તેના તરફ ઊમટી પડે છે! અને આમ પછી વ્યકિતએ પોતે જે મુશ્કેલીઓથી દૂર ભાગવા કર્યું હોય છે તે મુશ્કેલીઓમાં તો ઉલટાનો વધારો થઈ પડે છે. આનું કારણ એ છે કે જાત જાતના લોકો આવીને તમને અનેક જાતના પ્રશ્નો પૂછે છે અને તમે જો દઢતાપૂર્વક મૌન ન જાળવી શકો તો પછી તમે બોધ આપવાનું શરૂ કરી દો છો. હકીકતમાં તો તમે બધા જ પ્રશ્નોના યથાર્થ ઉત્તર આપી શકો તેમ હોતું નથી. તમારું જ્ઞાન પણ મર્યાદિત હોય છે. એટલે તમે બોધ આપવા બેસો છો ત્યારે તમે જે કાંઈ જાણતા હો છો તેથી વધારે પડતું બોલી બેસો છો. દુનિયામાં કેટલાક માણસો એવા હોય છે કે જેમને પોતે આધ્યાત્મિક બાબતોમાં બીજાને કંઈક શીખવી શકે તેવા છે તેવો દેખાવ કરવો હોય છે. આવા માણસો, જ્યારે લોકો તેમને એવી કોઈ વસ્તુ વિષે પૂછે કે જેના વિષે તેમને જ્ઞાન ન હોય ત્યારે તેનો જવાબ તેઓ ઊપજાવી કાઢીને આપે છે. જો તમે પણ આવો ડોળ કરવામાં પડી જશો તો યાદ રાખજો કે તમે ભયંકર ગર્તમાં હડસેલાઈ જશો. પોતાના અંતરની તપસ્યાની બાબતમાં સાધક ડોળ કરે એના જેવી નુકશાનકારક વસ્તુ બીજી કોઈ નથી. દુનિયામાં તો કદાચ તમે હકીકતમાં ન હો તેવા મહાપુરૂષ તરીકે ખપી શકશો કારણ કે સામાન્ય માણસો સહેલાઈથી છેતરાઈ જાય છે એટલે ત્યાં તો તમને કોઈ ખાસ આફત નહિ નડે (જો કે ત્યાં પણ તમે હદ બહારનો ડોળ કરવા જશો તો જરૂર ઉપાધિમાં જઈ પડશો.) પરંતુ આધ્યાત્મિક જગતમાં તમારે માણસો સાથે કામ પાડવાનું નથી હોતું, ત્યાં તો તમારે પ્રભુ સાથે કામ પાડવાનું હોય છે. ત્યાં તમે આવા છો કે તેવા છો તેવો ડોળ કરી શકતા નથી. કારણ કે ભગવાન તો તમે જાણતા હો છો તેથી વધુ જાણે છે, ખરું ને? એમને તમે કોણ છો, કેવા છો તેની તેમને બરાબર ખબર હોય છે અને તમે દેખાવ કરવા જે કંઈ બોલો તેની તેમના ઉપર કંઈ અસર થતી નથી.

આ કારણસર જ સર્વ પ્રકારની સાધના પદ્ધતિઓમાં તમને પ્રથમ એ વસ્તુ શીખવવામાં આવે છે કે તમારે તમારી અનુભૂતિઓ બીજી વ્યકિત પાસે વર્ણવવી નહિ. તમારે

તમારી અનુભૂતિ વિષે માનસિક રીતની સ્પષ્ટતા જોઈતી હોય તો પણ ફક્ત તમારા આધ્યાત્મિક ગુરુ પાસે વાત કરજો. તેમની સાથે વાત કરવામાં પણ ખૂબ સાવધાની રાખજો, કારણ કે તમને થયેલ અનુભૂતિનું તમે વર્ણન કરતા જશો અને સાથે સાથે તમારી અંદર ધ્યાનપૂર્વક નિરીક્ષણ કરતા જશો તો તમને જણાશે કે તમારામાં કેટલીક એવી વસ્તુઓ છે કે જેમના વિષે તમે પૂરતા પ્રમાણમાં સભાન નથી. ઘણીવાર તમારી અનુભૂતિમાં તમને ખાલી ગાળાઓ જણાય છે અથવા તેનું સાતત્ય તૂટક તૂટક લાગે છે (કારણ કે સચેતન અવસ્થાનું સાતત્ય પ્રાપ્ત કરવું અને ચેતનાની બધી જ ગતિઓ વિષે શરૂથી માંડી છેવટ સુધી સભાન બન્યા રહેવું એ અતિશય કઠિન કાર્ય છે). તમે જોશો કે તમે તમારી અનુભૂતિનું વર્ણન કંઈ પણ ઉમેરવાની ઈચ્છા વિના, અંતરની સચ્ચાઈપૂર્વક કરવા માગતા હશો તો પણ જ્યારે બોલવા બેસશો ત્યારે જે કંઈ ખૂટતું હશે તે તમારાથી આપોઆપ ઉમેરાઈ જશે. કેટલાક લોકો મારી પાસે આવીને તેમના આંતર જીવનની કોઈ ઘટનાનું વર્ણન આપવા બેસે છે ત્યારે કેટલીક વાર એમને એમ લાગે છે કે એમની વાતમાં હું બરાબર ધ્યાન આપતી નથી, એમને એમ લાગે છે કે એમની વાતને હું પૂરતી અગત્ય આપતી નથી. વસ્તુત: એમ નથી હોતું. એવે સમયે હું અંતરમાંથી તેમની વાત સાંભળતી હોઉં છું. તેમના વર્ણનમાં જે વસ્તુઓ સર્વથા સાચી હોય છે તે અને તેમાં જે નાની નાની બાબતોનું ઉમેરણ થયું હોય છે તે બધું હું યથાર્થ રીતે જોતી હોઉં છું અને એટલા માટે જ હું આવી વસ્તુઓની વાતો કરવાની બાબતને પ્રોત્સાહન આપતી નથી. હું જાણું છું કે લોકો તેમની અનુભૂતિની ઘટનાનું મારી પાસે વર્ણન કરે તો તેમને તેનાથી એક પ્રકારની રાહત મળે છે, એક પ્રકારની હળવાશ અનુભવાય છે. પરંતુ આમ થવા માટે તેમણે એક પ્રકારનું વૈજ્ઞાનિક વલણ અપનાવવું જોઈએ. કોઈ પણ વૈજ્ઞાનિક પોતે જે કાંઇ કહેતો હોય છે તે વસ્તુ સાબિત કરી આપવા માટે જરૂરી એવા તમામ શક્ય પ્રયોગો કર્યા સિવાય એમ નહિ કહે કે, 'એ વસ્તુ આવી છે, આ વસ્તુ તેવી છે.' આધ્યાત્મિક બાબતોમાં પણ તમારે એ જ પદ્ધતિ અનુસરવાની છે. 'મેં આમ કર્યું, વસ્તુઓ આવી હતી' એમ કહેવાને બદલે તમારે આમ કહેવું જોઈએ, 'મને એમ લાગેલું કે...વસ્તુસ્થિતિ આવી હોય તેમ લાગતું હતું...' અને 'એમ લાગતું હતું કે આ વસ્તુ અને પેલી વસ્તુ વચ્ચે કંઈક સંબંધ હતો...' આ રીતના શબ્દો વાપરવામાં પણ તમારે એ જોવાનું છે કે એ વાક્યોને તમારે કેવળ વાતચીતમાં વપરાતાં ઔપચારિક વાક્યો તરીકે વાપરવાના નથી પણ જે આંતરિક સ્થિતિનું તમારે વર્ણન કરવાનું હોય તે વસ્તુ તેના સાચા સ્વરૂપમાં રજૂ થાય તે રીતે તેમનો ઉપયોગ કરવાનો છે. વળી તમારે મારી પાસેથી કોઈ મુદ્દાની સ્પષ્ટતા જોઈતી હોય તો તમારે પોતે જ એનો અગાઉથી ખુલાસો આપી દેવા પ્રયત્ન ન કરવો, કારણ કે તમે પોતે જ જો એનો ખુલાસો આપી શકતા હો તો પછી મારે કોઈ વાત સ્પષ્ટ કરવાની રહેતી નથી. દાખલા તરીકે,

તમે મારી પાસે અનેક પ્રકારનાં ફૂલ લઈને આવો છો, તેને ગોઠવ્યા વિના તમે તે મને અર્પણ કરો છો અને કહો છો, ' હું આપને આ પુષ્પો અર્પણ કરું છું, આપ એની કલગી બનાવી શકશો.' આ પદ્ધતિ મને વધુ સરળ પડે છે. મારે જોઈતાં પુષ્પો હું લઉં છું અને તે દ્વારા તમને જરૂરી ખુલાસો આપું છું. પરંતુ જો તમે મારી પાસે પ્રથમથી જ તૈયાર કરેલી કલગી લાવો કે જેમાં સાચાં કહી શકાય તેવાં નહિ પણ કૃત્રિમ ફૂલ હોય, તો પછી મારે તમને કંઈ કહેવાનું રહેતું નથી કારણ કે મારે તો ફક્ત 'નિર્ભેળ' કહી શકાય તેવી વસ્તુઓની જ જરૂર હોય છે. એટલે યાદ રાખો, હું તમારી વાત સાંભળવા રાજી છું, પણ મારી પાસે કોઈ બની બનાવી (રેડી મેઈડ) વસ્તુઓ ન લાવશો —ફક્ત જે કાંઈ બન્યું હોય તેનો ચોક્કસ અહેવાલ આપજો. અને તમે સચ્ચાઈપૂર્વક આમ કરવા પ્રયત્ન કરશો તેમ છતાં એ પ્રકારના વર્ણનમાં પણ મને રચેલી કોઈને કોઈ પ્રતિરચના તો આવી જશે જ, કારણ કે જે સ્થાન ખાલી જણાય તેને પૂરી લેવાનું મનને સારી પેઠે આવડે છે. એને બધું તર્કસંમત, સુસંકલિત ગોઠવેલું જોઈતું હોય છે. તમને ખબર પણ ન પડે તેવી રીતે, જાણે ખૂબ સ્વાભાવિક હોય તેમ તે તમારી અનુભૂતિમાં ખૂટતાં તત્ત્વો ઉમેરી આપે છે. આમાં હું કોઈનો વાંક કાઢતી નથી, હું જાણું છું કે આ એક સ્વાભાવિક ઘટના છે. એટલે જો તમારે તમારી અનુભૂતિનો ચોક્કસ અને સાચેસાચો ખ્યાલ આપવો હોય તો અત્યંત સાવધાનીપૂર્વક વર્તવું જોઈએ.

બાળક : 'મારી ક્રિયાઓ મારી નથી, મારે તેમના વિષે વિચાર કરવાની જરૂર નથી' એમ કહેવું જોખમકારક નથી?

શ્રી માતાજી : હા, જો તમે એમ કહેતા હો કે, ' મારે મારી ક્રિયાઓ સાથે સંબંધ નથી, એ તો પ્રકૃતિની ક્રિયાઓ છે, અને જે ક્રિયા ઉત્પન્ન થયેલી છે તે તેના પ્રાકૃતિક માર્ગે ચાલ્યે જવી જોઈએ,' તો દેખીતી રીતે જ એમ કરવામાં તો મેં તમને જે વસ્તુ કરવાની ના કહી હોય છે તે જ તમે કરી રહ્યા છો. એમાં તો તમે તમારી કામનાઓને સંતોષવા ભગવાનનો એક રૂપાળા અંતરપટ તરીકે ઉપયોગ કરી રહ્યા હો છો. પરંતુ આને બદલે તમે એમ કહેતા હો કે, ' હું તદ્દન નકામો માણસ છું, કારણ કે મારા મનમાં આવા વિચાર આવે છે,' તો તે પણ એટલું જ ખોટું છે.

કુદરતી રીતે, તમે ન ઈચ્છતા હો તેવો કોઈ આવેગ તમારામાં ઉદ્‌ભવે, તો સૌ પ્રથમ તો તમારે એ કરવું જોઈએ કે તે ફરી તમારામાં ન આવે તેવો સંકલ્પ કરવો. પરંતુ એ આવેગ તમારામાંથી જતો રહે એ માટે તમારી જો ખરા હૃદયની ઈચ્છા ન હોય તો ભલે તેને રાખી મૂકો. પણ તો પછી યોગ સાધના કરવાનો પ્રયત્ન ન કરશો. તમે

પ્રથમથી જ સર્વ પ્રકારની મુશ્કેલીઓનો સામનો કરવાનો નિશ્ચય ન કર્યો હોય તો સાધનાનો રસ્તો જ ન પકડશો. આ નિશ્ચય પણ ખરા દિલનો અને સંપૂર્ણ હોવો જોઈએ. વળી જેમ જેમ તમે આગળ વધતા જશો તેમ તેમ તમારા લક્ષમાં આવશે કે જેને તમે સંપૂર્ણ નિશ્ચય માનતા હતા તે ખરું જોતાં, જોઈએ તેટલો સંપૂર્ણ નથી. જેને તમે ખરા અંતરનો નિશ્ચય માનતા હતા તે જોઈતા પ્રમાણમાં ખરા દિલનો નથી. અને એમ ને એમ તમારી સભાનતા વધતી જશે અને તમે ધીમે ધીમે પ્રગતિ કરતા થશો. પરંતુ સાધનામાં સફળતા મેળવવી હોય તો તમારામાં શક્ય તેટલો પૂર્ણ સંકલ્પ તો હોવો જ જોઈએ. તમારામાં આવો સંકલ્પ હોય અને છતાં પણ જો કોઈ આવેગ તમને ઉગ્રપણે પકડમાં લઈ લે તો તેવે સમયે તમારો સંકલ્પ ટકાવી રાખજો, તમારી જાતને ચલિત થવા ન દેશો. તમારે પ્રથમથી જ આવી આવી વસ્તુઓનો ભેટો થશે તેમ માનીને તેમનો સામનો કરવાની તૈયારી રાખવી જોઈએ. જ્યારે એ વસ્તુઓ ખરેખર આવી પડે ત્યારે તમે પોતાને કહેજો, 'અરે, આ વસ્તુઓ તો નિમ્ન ભૂમિકામાંથી આવે છે, અને મારી ઈચ્છા નથી કે એ બધી મારામાં પ્રગટ થાય. ખરું જોતાં તો તે મારી નથી.' આમ કહેવું તેમાં અને 'ભલે, આવવા દો એમને, કારણ કે એ તો પ્રકૃતિનું કાર્ય છે,' એમ કહેવું, એ બંને એક સરખી વસ્તુઓ નથી.

તમારા પ્રાણને એ બાબતની પ્રતીતિ થઈ જવી જોઈએ કે તેનામાં જે કોઈ આવેગો આવે તેમની સામે તેણે મોરચો માંડવાનો રહે છે. ઘણા ખરા માણસો, અને જે લોકો યોગસાધના કરવા માગતા હોય છે તેઓ પણ આવો કોઈ આવેગ જ્યારે તેમનામાં આવે છે ત્યારે એમ કહેતા હોય છે કે, 'એ તો ચાલશે, એમાં કંઈ કરવાનું નથી, બરાબર છે.' આમ છતાં જો તમારામાંની કોઈ વસ્તુ એની સામે બળવો પોકારતી હોય, એમ કહેતી હોય કે 'ના, મારે એ ના જોઈએ,' તો એ વસ્તુ તે તમારામાં રહેલો ઊર્ધ્વ અંશ છે એમ જાણજો. યોગસાધના કરવાનો તમારો સંકલ્પ પણ તમારા પ્રાણ કે શરીરનું કાર્ય નથી હોતું, મનનું પણ નહિ, એ કાં તો તમારા ઊર્ધ્વ મનનું કે પછી તમારા ચૈત્ય-પુરુષનું કાર્ય હોય છે. એ સંકલ્પ **તમારા સ્વરૂપના ઉત્તમ અંશનો** હોય છે, શરીરને તો પોતાને શું થઈ રહ્યું છે તેની બરાબર ખબર નથી પડતી, પ્રાણ વ્યગ્રતા અનુભવે છે, મન એની વિચાર સામગ્રીને આધારે એમ કહેવા લાગે છે કે 'આ વસ્તુ આ રીતે થઈ શકે, એનો ખુલાસો આ હોઈ શકે,' અને એવું એવું બધું. પરંતુ તમારે તમારું વલણ તમારા **ઊર્ધ્વ અંશે** પ્રેરેલા સંકલ્પ ઉપર જ સ્થાપિત કરવું જોઈએ, બીજી કોઈ વસ્તુ ઉપર નહિ—કારણ કે એ ઊર્ધ્વ અંશ જ તમારામાં રહેલ સાચો 'હું' છે. એને પણ છેવટે જણાઈ જવું જોઈએ કે તે પોતે વ્યકિતગત 'હું' નહિ પણ વિરાટ સ્વરૂપ ભાગવત ચેતના છે.

બાળક : પરંતુ એમ ન કહી શકાય કે પોતાનું રૂપાંતર સાધવાનો નિર્ણય તો આખરે વ્યકિતના પ્રાણમય સ્વરૂપે કરવાનો રહે છે ?

શ્રી માતાજી : હું તમને કહી મૂકું કે એકલું પ્રાણમય સ્વરૂપ પોતાનું રૂપાંતર સાધવાનો નિર્ણય કદાપિ લઈ શકતું નથી – એને તો પોતે જેમ હોય છે તેનાથી પૂરો સંતોષ હોય છે. વળી મનોમય સ્વરૂપ તેનો સોબતી હોવાથી એ પ્રાણમય સ્વરૂપ જે કંઈ કરે તેના સમર્થન માટેનાં કારણો મન તેને શોધી આપે છે. જે લોકો તેમની પ્રાણમય ચેતનામાં જ રહેતા હોય છે, તેઓ ભલે કબૂલ ન કરે, પણ ખરેખર તો પોતે જે કાંઈ હોય છે તેનાથી તેમને સંતોષ હોય છે. એમનામાં બનતી હરેક ગતિ માટે તેમને સંતોષ હોય છે અને ઉભા થતા આવેગોની બાબતમાં પણ તેઓ એમ કહે છે, 'કેવી મઝાની વાત, કેવું રસપ્રદ!' એટલે જો રૂપાંતર સાધવાના નિર્ણય માટે તમે પ્રાણમય સ્વરૂપના નિર્ણયની રાહ જોવા માગતા હશો, તો તો તમારે લાંબી રાહ જોવી પડશે.

તમારે તમારા પ્રાણને તમારો આજ્ઞાપાલક બનાવવો જોઈએ. એ કોઈ વસ્તુની બાબતમાં સંતોષ લેવાનું કરે ત્યારે પણ તેણે યાદ રાખવું જોઈએ કે એણે તમારી આજ્ઞાનું જ પાલન કરવાનું છે, બીજું કંઈ નહિ. આથી જ હું કહું છું કે યોગસાધનાનો પ્રારંભ કરવો સહેલો નથી અને તમારામાં એ માટે ખરા હૃદયની વૃત્તિ ન હોય તો એ શરૂ જ ન કરશો.

શરીર તો ખૂબ આજ્ઞાંકિત હોય છે; એનાથી થઈ શકે તેટલું બધું એ બરાબર કરે છે, પણ કોની આજ્ઞાનું તેણે પાલન કરવાનું છે તેની એને ખબર નથી હોતી કારણ કે સામાન્ય રીતે એને તમારા ઊર્ધ્વ સ્વરૂપ કે તમારા ચૈત્ય પુરૂષ સાથે સીધો સંબંધ હોતો નથી. શરીરમાં આવેગો કાં તો મનમાંથી સીધાં આવે છે અથવા મનમાંથી પ્રાણનો ઓપ લઈને આવે છે અને પછી એમની દોરવણી પ્રમાણે શરીર અમલ કરે છે. તમારા પ્રાણમય સ્વરૂપમાં સાધના માટે નિર્ણય જાગ્રત થાય – અને મેં તમને કહેલું છે કે આવો નિર્ણય લેવો તે પ્રાણને માટે સહેલી વાત હોતી નથી – તે પહેલાં તમારા મનના ઉચ્ચમાં ઉચ્ચ ભાગમાં કોઈ જ્યોતિ પ્રગટ થવાની શરૂઆત થઈ ગયેલી હોવી જોઈએ. એ એક એવો પ્રકાશ હોવો જોઈએ કે જે તમને કોઈ ઊર્ધ્વમાંની ચેતના સાથે કે તમારા ચૈત્ય સ્વરૂપ સાથે સંબંધમાં મૂકી આપે. અને એક વખત એ જ્યોતિ તમને મળી આવે પછી તમારું સમગ્ર વલણ એ જ્યોતિના પાયા ઉપર સ્થાપિત રહેવું જોઈએ કે જેથી તમારા સ્વરૂપમાં બનતી ઘટનાઓને તમારું મન, તમારો પ્રાણ અને છેવટે તમારું શરીર પણ યોગ્ય રીતે સમજી શકે.

૮ ફેબ્રુઆરી, ૧૯૫૧

શ્રી માતાજી ' વાર્તાલાપો 'ના બીજા પ્રકરણમાંથી વાંચન ચાલુ રાખે છે :

... " માનવનું બહિર્મુખ વ્યકિતત્વ બહારના એક પડ જેવું છે. સામાન્ય માણસોમાં એ પડનું આવરણ એવું તો કઠણ અને જાડું હોય છે કે પોતાનામાં રહેલાં પ્રભુત્વ વિષે તેઓ બિલકુલ સભાન હોતા નથી. જો એક વાર, અને તે પણ એક ક્ષણ માટે જ, અંતરાત્મા કહે કે, ' હું આ રહ્યો, હું તારો છું ' તો પછી માનવ અને પ્રભુ વચ્ચે એક પ્રકારનો સેતુ બંધાય છે અને ધીમે ધીમે અંતરાત્માની ચારે બાજુ જામી ગયેલા થર પાતળા પડીને લય પામતા જાય છે. છેવટે બન્ને ભાગ પૂરેપૂરા જોડાઈ જાય છે અને આંતર તથા બાહ્ય વ્યકિતત્વ જુદા મટીને એક થઈ જાય છે."

તમને કદી તમારા વ્યકિતત્વમાં એકસૂરતા લાવવાનો વિચાર આવ્યો છે ? તમે એક સમયે એક પ્રકારની વ્યકિત હો છો તો બીજા સમયે બીજા પ્રકારની. એક સમયે તમે અમુક વસ્તુ કરવા માગતા હો છો તો અન્ય સમયે તમે તે કરી શકતા નથી, તમારી સમક્ષ તમે જેને ' મારી જાત ' કહો છો તેવી એક વ્યકિતતા રહેલી છે, છતાં એ વ્યકિતતાના ઘણા વિભાગો તમારી પહોંચની બહાર રહે છે. આ સર્વ જોઈને તમને અસ્વસ્થતાની લાગણી થતી નથી ?

બાળક : મારી અંદર વસતી જુદી જુદી વ્યક્તિઓનું ઐક્ય સાધવા મેં કદી પ્રયત્ન કર્યો નથી, ફક્ત મેં તેમને એક બીજાની સામે, ખરાબની સામે સારી વ્યકિતતાને મૂકવા પ્રયત્ન કરી જોયો છે અને ત્યારે મને જણાયું છે, ખરાબ ભાગની સામે લડી લેવાની શકિત સારા ભાગમાં કદી હોતી નથી.

શ્રી માતાજી : તમને કદી એમ નથી થયું કે તમારા આ અમુક વસ્તુ 'સારી' અને અમુક વસ્તુ 'બૂરી' ગણવા અંગેના નિર્ણયો કેવળ માનવીય નિર્ણયો હોઈ શકે, અને તે તમારામાં રહેલ ભાગવત અંશના નિર્ણય સાથે હંમેશાં મેળમાં હોય જ એવું ન પણ બને ? જે 'બૂરી' વસ્તુઓને તમે તમારામાંથી દૂર કરી શકતા નથી તે કદાચ એવી વસ્તુઓ હોઈ શકે કે જે કેવળ તેમના યોગ્ય સ્થાને ન હોય, તેમની ગોઠવણીમાં યોગ્ય સમતુલા ન હોય. જો એવી વસ્તુઓ એટલા કારણસર જ બૂરી ગણાતી હોય અને તેથી તમે એવી વસ્તુઓનો ત્યાગ કરો તો એ એક ઘણી કરુણ ઘટના કહેવાય, કારણ કે એમનો ત્યાગ થવાની સાથે જ, કદાચ તમારી ચેતનાની કોઈ શકિતનો અને તમારામાં રહેલી ભાગવત ચેતનાનો કોઈ અંશ પણ, તમારામાંથી અદૃશ્ય થઈ જાય તેમ બનવા જોગ છે. જે લોકો કોઈ ગુરૂની દોરવણી વિના યોગ સાધના કરતા હોય છે તેઓ સામાન્ય નૈતિક ધોરણોથી દોરવાતા હોય છે. આ રીતે કરવામાં તેમને કેટલીકવાર મૂંઝવણમાં મૂકાવા જેવું થાય છે. એવા લોકોમાં સર્વ રીતની શુભ કામના હોવા છતાં તેમને તેમના પ્રયત્નનું ધાર્યું પરિણામ પ્રાપ્ત થતું નથી, કારણ કે સામાન્ય રીતે એ લોકો પોતાના જીવનનું રૂપાંતર કરવાને બદલે ફક્ત તેને યથોચિત ઠેરવવા માગતા હોય છે. આ વસ્તુ કરવામાં તેઓ સફળ થતા નથી કારણ કે નૈતિક માન્યતાઓ તો મૂલ્યહીન હોય છે. આ કારણસર તમારે તમારા વ્યકિતત્વમાં એકસૂરતા લાવવી જરૂરી છે. એમ કરવા માટે તમારામાં જે ક્રિયાઓ ચાલતી હોય, જે ક્રિયાઓ તમારામાં રાખવી તમને ઈષ્ટ લાગતી હોય, તેમને તમારામાં આવી રહેલ ભાગવત સત્–તાની પાસે પહોંચાડવા તેની વધુમાં પાસે ગોઠવવા જેટલી કલ્પનાશકિત તમારામાં હોવી જોઈએ. કુદરતી રીતે, શરૂ શરૂમાં તો એ વસ્તુ વાસ્તવિક સત્યથી દૂર એવી એક કલ્પના જ હશે. પરંતુ એના ઉપયોગ વડે પણ તમને તમારી નૈતિક સંકુચિતતામાંથી અને તમારી ચેતનાની મર્યાદાઓમાંથી જરાક બહાર નીકળવામાં મદદ થશે. દાખલા તરીકે, તમે, પોતે જે કાંઈ હો અને જે કાંઈ કરતા હો તેને એક અનંત અને શાશ્વત ચેતનાની સમક્ષ મૂકવાની કલ્પના કરો. શરૂઆતમાં ભલે આ બે શબ્દોનો અર્થ પણ સંપૂર્ણપણે તમારામાં પ્રગટ થયો ન હોય, છતાં એ રીતે કરવાથી તમને તમારી મર્યાદાઓ તોડવાની ફરજ પડે છે અને તમે તમારી સભાનતાનું સર્વે દિશાઓમાં અતિક્રમણ કરી જતી એક એવી વાસ્તવિકતાને તમારી સમક્ષ ખડી થયેલી અનુભવો છો કે જેનો નિર્ણય માનવ મનના નિર્ણય જેવો હોવાનું શકય જ નથી

એમ તમને જણાઈ આવે છે. તમારે આ રીતે જ શરૂઆત કરવી જોઈએ. જો તમે તમારું વિશ્લેષણ નૈતિક ધોરણોના પાયા ઉપર કરવા ઈચ્છતા હો તો મારે તમને ભારપૂર્વક કહેવું જોઈએ કે એમ કરવું પરમાત્માની વિશ્વ વ્યવસ્થાથી વિરૂદ્ધની રીતનું છે. યાદ રાખજો, આનો અર્થ એમ નથી કે ભગવાનમાં નીતિનો અભાવ છે, ફક્ત એટલું જ કે એમની નૈતિકતા એ પ્રકારની હોય છે કે જેને માણસજાત કોઈ રીતે સમજી શકે તેમ નથી.

(શ્રી માતાજી વાંચન ચાલુ રાખે છે) ...

'મહત્ત્વાકાંક્ષા એ ઘણા ઘણા યોગીઓના પતનનું કારણ થએલી છે... ... એક યોગીની વાત છે કે તેણે આશ્ચર્ય પમાડે તેવી સિદ્ધિઓ પ્રાપ્ત કરી હતી. એક વાર તેના એક શિષ્યે મોટી ઉજાણી કરીને તેને ભોજન આપ્યું. એક નીચા ટેબલ ઉપર ખાવાનું પીરસવામાં આવ્યું હતું. કોઈક રીતે પોતાની શકિતનો પરચો બતાવવા માટે શિષ્યોએ ગુરુ પાસે માગણી કરી. ગુરુને ખબર હતી કે, 'મારે આ પ્રમાણે કરવું ન જોઈએ.' પરંતુ મહત્ત્વાકાંક્ષાનું બીજ તેની ચેતનામાંથી નિર્મૂળ થયું ન ન હતું. એટલે તેણે વિચાર કર્યો કે, 'આખરે એવો પ્રયોગ બતાવવો એ તદ્દન નિર્દોષ બાબત છે.આવી આવી બાબતો શકય છે એમ શિષ્યોને ખાતરી પણ થશે અને ભગવાનનો મહિમા તેમને સમજાશે.' એટલે તેણે કહ્યું, 'આ ટેબલને ખસેડી લો. તેની ઉપરનું કપડું તથા તેની ઉપરની વસ્તુઓ વગેરે જેમનું તેમ રહેવા દેજો.' શિષ્યો બોલી ઊઠયા, 'અરે, એ તો અશકય છે. બધું જ નીચે પડશે!' પરંતુ ગુરૂએ પોતાનો આગ્રહ ચાલુ રાખ્યો, અને શિષ્યોએ કપડાંની નીચેથી મેજને ખસેડી લીધું. કેવો ચમત્કાર! કપડું અને તેની ઉપર જે જે મૂકેલું હતું તે સઘળું જાણે ટેબલ ઉપર હોય તે પ્રમાણે જ રહ્યું! પરંતુ ગુરુ ઓચિંતો એ મંડળીની બહાર કૂદીને નાઠો અને બૂમો પાડી ઊઠયો કે, 'હવેથી કોઈ દિવસ હું શિષ્ય નહિ કરું, કદી નહિ. અરે, હું અભાગી! મેં ભગવાનનો દ્રોહ કર્યો.'

દરેક ગુરુને આ પ્રલોભન ડગલે ને પગલે નડે છે અને તેનું કારણ બહુ સાદું છે: સામાન્ય માણસોને ઘણું ખરું દિવ્યશકિતઓ સાથે અંગત સંબંધ હોતો નથી અને એ કારણસર તેજોમય ચેતના કેવી હોઈ શકે એ વસ્તુ તેમની સમજ બહાર હોય છે. એટલે એ લોકો આવી બાબતમાં ભૌતિક પુરાવા માગે છે. મોટા ભાગના ધર્મપંથો માનવજાતની આ પ્રકારની માગણીમાંથી ઉત્પન્ન થએલા છે અને તેમના પાયામાં હું જેને ખુલ્લી રીતે 'પોલિટિકલ' કહું છું તેવાં કારણોસર, તેમના સ્થાપકોએ ઠીક ઠીક સંખ્યામાં ચમત્કારો

કર્યાની વાતો મૂકવામાં આવેલી છે. આ પ્રકારની કંઈક આણઘડ કહી શકાય તેવી રીતે, એ લોકોએ અજ્ઞાની માણસોમાં એક એવા પ્રકારનો રસ ઉત્તેજિત કર્યો છે કે જેને લઈને કોઈ વ્યકિતમાં દિવ્ય શકિત છે એમ તેઓ ત્યારે જ માની શકે છે, જ્યારે એ વ્યકિત, તેઓ જેને ચમત્કાર ગણાતા હોય એવી કોઈ વસ્તુ કરી બતાવે. આ તો એક ભારે અજ્ઞાનાવસ્થા કહેવાય, કારણ કે ખરું જોતાં ચમત્કારો કરવા માટે કોઈ પ્રકારની દિવ્ય ચેતના કે શકિતની જરૂર નથી હોતી, પ્રાણમય જગતનાં નાનાં નાનાં સત્ત્વોની મદદથી ચમત્કારો થઈ શકે છે. એ સત્ત્વો ભૌતિક જગત સાથે સંપર્કમાં રહી શકે અને તેના ઉપર કાર્ય કરી શકે તેટલા પ્રમાણમાં પાર્થિવ હોય છે. ઊર્ધ્વ પ્રદેશોની ચેતનામાં રહીને ત્યાંથી બીજી બધી વચગાળાઓની ભૂમિકાઓ દ્વારા પ્રકૃતિ ઉપર કાર્ય કરવા કરતાં પ્રાણમય જગતનાં સત્ત્વોની મદદથી ચમત્કારો કરવા એ ઘણું સહેલું છે. જગતના લોકોની બુદ્ધિમાં એવું અનેક પ્રસંગે ઠસાવવામાં આવ્યું છે, કે કોઈ વ્યકિત દિવ્ય છે એનો પુરાવો એ જ હોઈ શકે કે તે મૂઓલાંને જીવતાં કરી શકે, રોગો મટાડે, અને એ પ્રકારની બીજી ઘણી વસ્તુઓ કરી શકે (મૂર્ખને ડાહ્યો કરવા સિવાયની).* હું તમને ખાતરીપૂર્વક કહું કે એમ કરી શકવું એ દિવ્યતાનો પુરાવો નથી; એથી તો માત્ર એટલું જ સાબિત થાય છે કે આ 'મહાપુરૂષો' પ્રાણમય જગતની શકિતઓ સાથે સંપર્કમાં છે અને તે ભૂમિકાનાં સત્ત્વોની મદદ વડે આ બધા ચમત્કારો કરી શકે છે – બીજું કંઈ નહીં. અને કોઈ વ્યકિત શ્રેષ્ઠ છે એવી તમારી માન્યતાનો આધાર તે વ્યકિતની ચમત્કારો કરવાની શકિત ઉપર હોય તો મારે કહેવું જોઈએ કે તમે એક ભયંકર ભૂલ કરી રહ્યા છો. એ ખરું કે બીજા કેટલાક એવા ધર્મો પણ છે જેમનો પાયો તેમના સ્થાપકોને કરાવવામાં આવેલાં દર્શનોમાં રહેલો છે: પરંતુ આ દર્શનો પણ તેમણે પ્રાપ્ત કરેલ જ્ઞાનની ઓછાવત્તા અંશે બંધબેસતી કરેલી માનસિક પ્રતિકૃતિઓ જ હોય છે, બીજું કાંઈ નહિ. અલબત્ત, આ એક ઉપલા સ્તરની વસ્તુ છે. પરંતુ એ પણ કોઈ વ્યકિત દિવ્ય હોવાનો સાચો પુરાવો નથી. છેવટે મારું તારતમ્ય આ છે: માનવજાતમાં રહેલી પરચો માગવાની વૃત્તિ વિકાસને માટે જરા પણ ફાયદાકારક નથી, કારણ કે પરમ દિવ્ય શકિતએ રચેલ આ વિશ્વવ્યવસ્થામાં

---

*હું ધારું છું કે આ અંગેની કથા મુસ્લિમ ધર્મમાં છે. એમ કહેવાતું કે ઈસુ ખ્રિસ્ત મરેલાં લોકોને જીવન આપે છે, માંદાંને સાજા કરે છે, મૂંગાંઓને બોલતા કરે છે, અને આંધળાંઓને દેખતાં કરે છે, એટલે એક દિવસ એમની પાસે એક બેવકૂફ માણસ લાવવામાં આવ્યો કે જેથી ઈસુ એને બુદ્ધિવાન બનાવે – અને ઈસુ ખ્રિસ્ત નાઠા! એમને પૂછવામાં આવ્યું કે, 'નાસો છો કેમ?' ત્યારે એમણે જવાબ આપ્યો કે, 'મારાથી બધું થઈ શકે છે પણ બેવકૂફને બુદ્ધિ આપવી મારા હાથમાં નથી.'

એક યોજના છે. અને એ યોજનામાં વસ્તુઓ અસંબદ્ધ રીતે બને તેવું કરવાનો કોઈ પ્રશ્ન આવતો જ નથી; એમ હોત તો પ્રથમથી જ દુનિયાની ઘટનાઓ અસંબદ્ધ રીતે જ બન્યે જતી હોત, પણ તેમ તો છે નહિ.

મોટા ભાગે માણસો બેમાંથી એક વસ્તુની કલ્પના કરે છે : કેટલાક એમ માને છે કે પોતે જેમાં વસે છે તે એક ભૌતિક તત્ત્વનું જગત છે, એમાંથી જ સર્વ કાંઈ ઉત્પન્ન થાય છે અને એમાં જ છેવટે લય પામે છે, અને એટલામાં જ બધું આવી જાય છે – નાસ્તિક લોકો આમ માને છે. બીજા કેટલાક લોકો આસ્તિક હોય છે. તેમાંના ઘણા ખરા એમ માનતા હોય છે કે એક એવી વસ્તુ છે કે જેને ' ઈશ્વર ' નામ આપી શકાય, એ ઈશ્વરને પોતે શું કરે છે અગર કરવા માગે છે તેની બરાબર સમજણ હોય છે. એટલે આ ભૌતિક જગતનું સર્જન એ ઈશ્વરે કરેલું છે. અને આમ જ્યારે આ સર્વ કુદરતી રીતે કે અલૌકિક રીતે કે મનસ્વી રીતે બને છે એમ કહેવામાં આવે છે ત્યારે ગોટાળો ઊભો થાય છે. ઘણા ઓછા લોકો એ વાત જાણતા હોય છે કે આ વિશ્વમાં અસ્તિત્વની અગણિત ભૂમિકાઓ આવી રહેલી છે; એ દરેકે દરેક ભૂમિકાને તેનું પોતાનું આગવું સત્ય, તેનું પોતાનું આગવું જીવન, તેનો પોતાનો ધર્મ અને તેની પોતાની નિયતિ હોય છે; આ સૃષ્ટિનું સર્જન 'એ રીતે આપોઆપ' એક મનસ્વી સંકલ્પથી બની આવ્યું નથી પણ તે એક ચેતનાનો આવિષ્કાર છે અને ઉત્ક્રાંત થતી દરેક વસ્તુ તેની અગાઉ થઈ ગયેલી વસ્તુના સુસંકલિત પરિણામ રૂપે બની આવી હોય છે. આ વાત હું શક્ય તેટલી સરળ રીતે કહું છું અને એમ કરવા જતાં એ વસ્તુઓની રજૂઆત અપૂર્ણ બને છે. પરંતુ એ વાત હકીકતમાં જેમ છે તે રીતે તમને કહેવા જાઉં તો તમે સમજી શકો તે રીતે કહેવી અતિશય મુશ્કેલ છે. એટલે મારી ઈચ્છા એવી છે કે એમાં તારતમ્યરૂપે મારે જે કહેવાનું છે; તે તમે જાણો (એની મેં તમને ઘણી વાર, ઠીક ઠીક વિગતવાર વાત કરેલી છે), અને તે આ છે : આ અસંખ્ય પ્રદેશોને તેમની પોતાની ખૂબ સુસંકલિત નિયતિ હોય છે. દરેક વસ્તુ કારણ અને કાર્યની રીતે ઉત્પન્ન થતી હોય છે; પરંતુ આ સર્વે જગતો ભિન્ન ભિન્ન હોવા છતાં એકબીજાથી અલગ નથી હોતાં, એમની ગતિવિધિઓ આપણે અભ્યાસ કરી શકીએ તેવી હોય છે. એ આંતર અને ઊર્ધ્વ જગતો તેમની અસંખ્ય પ્રક્રિયાઓ દ્વારા એટલા બધા પ્રમાણમાં આ નિમ્ન અને બાહ્ય જગતો સાથે સતત સંપર્ક રાખતાં અને તેમના ઉપર કાર્ય કરતાં રહેતાં હોય છે કે તે આંતર અને ઊર્ધ્વ જગતોની નિયતિ આ નિમ્ન અને બાહ્ય જગતોની નિયતિને બદલી નાખે છે. દાખલા તરીકે, તમે કેવળ ભૌતિક પ્રદેશ લો, અને તેના નિયમોનું નિરીક્ષણ કરો. તો તમને જણાશે કે કેવળ ભૌતિક નિયમો પણ અચાનક કોઈ વસ્તુથી બદલાઈ જાય છે. જ્યારે આવું બને ત્યારે ચમત્કાર થયો, એમ તમારે કહેવું જોઈએ, કારણ

કે એ ઘટનામાં બીજા જગતના હસ્તક્ષેપથી આ જગતની નિયતિમાં ભંગ થયેલો છે, પણ સામાન્ય રીતે આપણે એને ચમત્કાર કહેતા નથી. દાખલા તરીકે કોઈ વસ્તુની સાહજિક ગતિ માનવસંકલ્પ દ્વારા બદલાઈ જાય તો તે તમને તદ્દન સ્વાભાવિક લાગે છે કારણ કે તમારા બાળપણથી તમને તેનો અભ્યાસ હોય છે. પથ્થર તેની નિયતિના નિયમને આધારે પડતો હોય છે પણ તમે તેની પડવાની ગતિમાં ભંગ પાડી શકો છો. તમે તમારો હાથ લંબાવી તેને પકડી લઈ શકો છો. આમ તો, તમારે એને ચમત્કાર કહેવો જોઈએ. પણ તમે તેમ કરતા નથી, કારણ કે તમને એનો મહાવરો પડી ગયો હોય છે (પણ જો કોઈ ઉંદર કે કૂતરો એ ઘટના જૂએ અને એને જો વાચા હોય તો એ એને ચમત્કાર જ કહે). યાદ રાખો કે લોકો જેને ' ચમત્કાર 'કહે છે, તેમાં એવું જ હોય છે. એ લોકો એને ' ચમત્કાર ' કહે છે, કારણ કે તેઓ તદ્દન અજ્ઞાન હોય છે. એ ઘટનાની પાછળ રહેલ સંકલ્પ, જે ભૂમિકા ઉપરથી પોતાને વ્યક્ત કરવા પ્રયત્ન કરે છે, અને જે ભૂમિકા ઉપર, તે ઘટનારૂપે વ્યક્ત થાય છે, તે બેની વચ્ચે આવી રહેલી ભૂમિકાઓના સ્તરો વિષે તેઓ બિલકુલ સભાન હોતા નથી. જ્યારે એવો સંકલ્પ પ્રાણમય કે મનોમય હોય છે ત્યારે તો એને પરિણામે બનતી ઘટના એમને તદ્દન સ્વાભાવિક લાગે છે. પણ જ્યારે એનો સંબંધ કોઈ ઊર્ધ્વ જગતમાંથી આવતા સંકલ્પ ઉપર હોય–દેવોના કે ઊર્ધ્વ ભૂમિકાનાં સત્ત્વોના જગત સાથે–અને જ્યારે તે અચાનક આવીને તમારી મર્યાદિત વ્યવસ્થાને અસ્તવ્યસ્ત કરી દે છે ત્યારે તે તમને ચમત્કારરૂપે જણાય છે. પરંતુ એ ઘટના તમને ચમત્કાર રૂપે જણાવાનું કારણ એ હોય છે કે, જે ભૂમિકાઓમાંથી પસાર થઈને તે વસ્તુ બની આવી હોય છે તે તમારા લક્ષની બહાર હોય છે. એટલે જો ઊર્ધ્વતમ પ્રદેશમાંથી આવતા પરમ સંકલ્પને તમે તેની સુયોજિત કર્મધારામાં વહી આવતો જોઈ શકતા હશો, એના વિષે સતતપણે સભાન હશો, તો તે તમને તદ્દન સ્વાભાવિક લાગશે. તમે એ વસ્તુનો બેમાંથી ગમે તે એક રીતે ખુલાસો આપી શકો છો, કાં તો તમે એમ કહો કે, ' એમ થવું તદ્દન સ્વાભાવિક છે. વસ્તુઓ એ રીતે જ બનવી જોઈએ કારણ કે એ કેવળ પ્રભુના સંકલ્પની અભિવ્યક્તિઓ છે,' અથવા તો અન્ય ભૂમિકામાંથી આવતું આંદોલન ભૌતિક ભૂમિકા ઉપર હસ્તક્ષેપ કરતું જુઓ ત્યારે એમ કહો કે, ' આ તો ચમત્કાર કહેવાય !' એટલે હું ખાતરીપૂર્વક કહી શકું છું કે જે લોકો ચમત્કારો જોવાનો શોખ ધરાવનારા હોય છે તેઓ ખરેખર પોતાના અજ્ઞાનનું જ જતન કરવા માગનારાઓ હોય છે. તમને મારી દલીલ સમજાય છે ને ? એવા લોકોને તેમના અજ્ઞાન ઉપર પ્રેમ હોય છે, એમને ફક્ત ચમત્કારો જોતા જવું હોય છે અને આશ્ચર્યચકિત બનતા જવું હોય છે ! એટલે જે લોકોએ ગંભીરપણે યોગ સાધના કરી હોય છે તેઓ આ પ્રકારના વલણને તદ્દન નુકશાનકારક ગણે છે; અને એ કારણસર જ એની મનાઈ કરવામાં આવી છે.

જ્યારે તમે જે પ્રક્રિયાથી વસ્તુઓ કરતા હો તે જોવા માટે લોકોને સમય જ ન આપો, તેને જે ઘટનાક્રમ વડે કરતા હો તે વસ્તુનાં પગથિયાં જ ન બતાવો, ત્યારે તમે ચમત્કાર કર્યો છે એમ કહેવામાં આવે છે. કેટલાક લોકો ઊર્ધ્વમાં રહેલા મનોમય પ્રદેશોમાં પહોંચેલા હોય છે. અને તેમને વિચારનાં તમામ સોપાનો ડગલું ડગલું કરીને વટાવવાની જરૂર પડતી નથી; એ લોકો પોતાના સંકલ્પ ઉપરથી કૂદકો મારીને તેનાથી ઘણાં દૂરનાં પરિણામો ઉપર સીધે સીધા પહોંચી જઈ શકે છે અને એમ કરવામાં તેમને વચગાળાનાં સોપાનોમાંથી પસાર થવાની જરૂર પડતી નથી. સાધારણ રીતે એને અંત:પ્રજ્ઞા કહેવામાં આવે છે (જો કે એ સર્વાંશે અંત:પ્રજ્ઞા હોતી નથી), એમાં બને છે એવું કે એમના વિચારનું મૂળ ખૂબ ઉચ્ચ ભૂમિકામાં હોય છે અને એ લોકો જ્યારે નીચેની ભૂમિકા તરફ વળે છે, ત્યારે સામાન્ય માનવીની માફક વિચારના બધાં સોપાનોમાંથી પસાર થયા વિના જ, એ ભૂમિકામાંથી વસ્તુઓને તેમની સર્વ સમગ્રતામાં અને તેમનાં પરિણામોને સીધાં જ નિહાળી શકે છે. આનો મને અનુભવ છે. જ્યારે હું શ્રી અરવિંદ સાથે વાતચીત કરતી ત્યારે અમારે કદી પણ વચગાળાના વિચારોમાં થઈને પસાર થવાની જરૂર પડતી નહિ; એ એક વસ્તુ કહેતા અને હું તેનું દૂર–સુદૂરનું પરિણામ જોઈ શકતી. અમારી વાતચીત હમેશાં એ પ્રકારની રહેતી. જો એ પ્રસંગે કોઈ વ્યક્તિ હાજર હોય તો તે એમ જ કહે કે, 'આ લોકો શેની વાતો કરે છે ?' પરંતુ અમારે માટે તો એ વાતચીત સળંગ વાક્યોની બનેલી હોય તેવી સ્પષ્ટ રહેતી. તમારે એને એક જાતનો માનસિક ચમત્કાર કહેવો હોય તો કહી શકો–જો કે એમાં કોઈ ચમત્કાર ન હતો, એમાં વાત એટલી જ હતી કે શ્રી અરવિંદ મનોમય ઘટનાઓને તેમની સમગ્રતામાં જોવાની દૃષ્ટિ ધરાવતા હતા એટલે અમારે વચગાળાના તબક્કાઓ વટાવવામાં સમય ખર્ચવો પડતો નહિ. આ પદ્ધતિનું અનુસરણ કરી શકે તેવી હરકોઈ વ્યકિત માટે આ વસ્તુ તદ્દન સ્વાભાવિક અને તર્કસંમત બની રહે તેમ છે. પરંતુ અજ્ઞાની! માણસોને માટે તો એ 'ચમત્કાર' જ રહેવાની.

> ... 'જે માર્ગે તે શકિતઓ આવે છે તે માર્ગે જ તેમનો ઉપયોગ કરવો જોઈએ. ભગવાન સાથે એકતા કરવાથી તેઓ આવે છે. તેમનો ઉપયોગ ભગવાનની ઈચ્છા સફળ કરવામાં થવો જોઈએ, વધારે કે ઓછી ગુપ્ત મિથ્યાભિમાની લાગણીને પોષવા માટે નહિ.'

જો તમે તમારી શકિતનો ઉપયોગ તે તમારી પાસે છે તેનું પ્રદર્શન કરવા માટે કરશો તો એમાં પછી એટલું બધું અસત્ય અને જૂઠાણું ભરાઈ જશે કે છેવટે એ અદશ્ય થઈ જશે. પરંતુ એ વાત અબાધ સત્ય નથી, કારણ કે મેં જેમ શરૂઆતમાં કહ્યું તેમ, જ્યારે એ રોગ મટાડવાની કે કોઈ તદ્દન બાહ્ય વસ્તુને બદલવાની શકિતની વાત હોય–

કોઈ પ્રતિકૂળ પરિસ્થિતિને અનુકૂળ સ્થિતિમાં ફેરવવાની, કોઈ ખોવાયેલી વસ્તુને શોધી કાઢવાની, અને એવા અસંખ્ય નાના નાના ચમત્કારો કે જે તમને દરેક ધર્મમાં મળી આવે છે તેની વાત હોય - ત્યારે એ વસ્તુ પ્રાણમય જગતનાં સત્ત્વોની મદદથી કરવી ઘણી વધુ સહેલી અને ઘણીવાર વધુ અસરકારક રહે છે. જો કે એ પ્રાણમય સત્ત્વો સાથે કામ પાર પાડવું સલાહ ભરેલું નથી, એમનાથી દૂર રહેવું એ જ સલાહ ભરેલું છે. જ્યારે તમે એ સત્ત્વોનું અવલંબન લો છો ત્યારે તેઓ તમારે ભોગે તમારી ઠેકડી ઉડાવે છે. એ આખી વસ્તુ બહુ સરસ ભપકાદાર રીતે શરૂ થાય છે પણ એનો અંત બહુ ખરાબ આવે છે.

હું એક એવા માણસની હકીકત જાણું છું કે જેનામાં બિલકુલ થોડી શકિતઓ હતી અને તે અનેક પ્રકારની 'અધ્યાત્મ' કહેવાતી પ્રક્રિયાઓમાં રચ્યોપચ્યો રહેતો હતો. સતત અભ્યાસ કરવાને પરિણામે તે જેનો 'આત્મા' કહીને ઉલ્લેખ કરતો તેના સચેતન સંપર્કમાં આવ્યો હતો. એ એક વેપારી માણસ હતો, તે ધીરધારનો અને સટ્ટાનો ધંધો પણ કરતો. એના પેલા સત્ત્વ સાથેના સંબંધો બહુ વ્યવહારુ પ્રકારના હતા. એ સત્ત્વ એને શેરના ભાવની વધઘટ વિષે જણાવતું રહેતું હતું. એ એને એમ કહેતું, ' આ વેચી દે, ' ' પેલા ખરીદ કર ' - એ તેને તદ્દન ચોક્કસ રીતે આર્થિક બાબતોની માહિતી આપતું. વર્ષોથી એ આ સત્ત્વની વાતો સાંભળી અમલમાં મૂકતો રહેલો અને તેમાંથી એને આશ્ચર્યકારક સફળતા પણ મળેલી. એ અતિશય પૈસાદાર બનેલો અને સહજ રીતે પોતાને જે આત્મા 'દોરવણી આપતો' હતો તેના વિષે બડાશો હાંકતો. તે બધાને કહેતો ફરતો, 'જુઓ, પોતાની જાતને આ આત્માઓની સાથે સંબંધમાં મૂકવાની વિદ્યા શીખવાની મહેનત નકામી નથી જતી.' પછી એક દિવસ એક માણસ તેને મળ્યો; એ જરા ડાહ્યો હતો, એટલે તેને કહ્યું, ' જરા સાવચેતી રાખજો.' પેલાએ એની વાત કાને ધરી નહિ, કારણ કે પોતાની શકિત અને મહત્ત્વાકાંક્ષાથી તે ફૂલાઈ ગયો હતો. અને પછી પેલા એના 'આત્મા'એ એને એક છેવટની સલાહ આપી, આ પ્રમાણે કહ્યું, ' તારી મહત્ત્વાકાંક્ષા આખી દુનિયામાં મોટામાં મોટા પૈસાદાર માણસ થવાની છે તે સફળ થવાની છે. ફકત તારે મારી દોરવણી પ્રમાણે ચાલવાનું છે. જો આમ કરી તું આ સોદામાં તારી પાસે હોય તે બધું મૂકી દે અને જોજે પછી તું આખી દુનિયામાં મોટામાં મોટો પૈસાદાર માણસ થઈ જઈશ.' એ મહામૂર્ખ જોઈ શકયો નહિ કે એને ફસાવવા માટે ગોઠવેલું એ છટકું હતું : વર્ષોથી તે તેના 'પથપ્રદર્શક'થી દોરવાતો રહ્યો હતો અને સફળ થયો હતો; એટલે, એણે એની છેવટની સલાહ પણ માની અને તેની છેલ્લામાં છેલ્લી પાઈ સુધ્ધાં, બધું ગુમાવી બેઠો.

એટલે તમારે જાણી રાખવું કે આ બધાં નાનાં નાનાં સત્ત્વો તમારી મજાક ઉડાવવા માગતાં હોય છે અને તમે તેમની જાળમાં ફસાશો કે નહિ તેની ખાતરી કરી જોવા, કેવળ તમને ઊંચે ચઢાવવા, તેઓ તમને આવા નાના નાના ચમત્કારો કરી આપે છે અને જ્યારે તેમને એમ લાગે છે કે હવે આ બરાબર ફસાયો છે ત્યારે તમારી સાથે એક સરસ પ્રપંચ રમે છે અને પછી બધું ખલાસ થઇ જાય છે.

અમે કહેલું જ છે કે તમારે માટે સહીસલામત રસ્તો એક જ છે: ભાગવત સંકલ્પ સાથે સુસંગત હોય તે સિવાયની બીજી કોઈ વસ્તુથી દોરવાઇ કાર્ય ન કરવું. એમાં માત્ર એક જ પ્રશ્ન રહે છે : તમને કાર્ય કરાવે છે તે ભાગવત સંકલ્પ છે કે નહિ તે કેવી રીતે જાણવું. મને જેણે આ પ્રશ્ન પૂછ્યો હતો તે વ્યકિતને મેં એ પ્રશ્નનો જવાબ આપેલો (જો કે એ વ્યકિત એ બાબતમાં મારી સાથે સંમત થયેલી નહિ) કે પ્રભુની ચેતનાનો સ્વર ઓળખી કાઢવાનું કામ મુશ્કેલ નથી, તેના વિષે ભૂલમાં પડી શકાય તેમ નથી. તમારે એને ઓળખી શકવા માટે સાધનાની બહુ લાંબી મજલ કાપવાની જરૂર નથી હોતી; ફકત તમારા હૃદયની નીરવતામાં જે શાંત અને સ્થિર મૃદુ સાદ પ્રગટ થાય છે તે તમારે ધ્યાનપૂર્વક સાંભળવાનો રહે છે.

એક વસ્તુ કહેવાની હું ભૂલી ગઈ, એ વાણી સાંભળવા માટે તમારે તદ્દન સાચા દિલના થઈ રહેવું જોઈએ. કારણ કે જો તમારામાં અંતરની સચ્ચાઇ નહિ હોય તો તમે તમારી જાતને છેતરવી શરૂ કરશો, તમે બીજું કંઇ નહિ પણ તમારા અહંનો અવાજ સાંભળશો અને (એને સાચો મૃદુ સ્વર માનીને) તમે હિંમતપૂર્વક ભયંકર મૂર્ખાઈભર્યું આચરણ કરશો. પણ તમારામાં દિલની સચ્ચાઈ હશે તો તમારો રસ્તો ખાતરીભર્યો રહેશે. ખરી રીતે એ ભાગવત ચેતનાનો સાદ કોઇ અવાજ નથી હોતો, કોઈ સંવેદન પણ નહિ. એ કોઇ ખૂબ સૂક્ષ્મ વસ્તુ–કેવળ એક નાનો સરખો સંકેત હોય છે. જ્યારે બધું બરાબર ચાલતું હશે, એટલે કે, જ્યારે તમે ભાગવત સંકલ્પથી વિરૂદ્ધ કશું કરતા નહિ હો, ત્યારે કદાચ તમને તેનો કોઈ ચોક્કસ આણસાર નહિ મળે, બધું બરાબર ચાલ્યે જતું જણાશે. અલબત્ત તમે પોતે ભાગવત સંકલ્પ અનુસાર ચાલો છો કે કેમ તે જાણવા માટે તમારે હમેશાં ઉત્સુક રહેવું જોઈએ, કારણ કે કુદરતી રીતે એ તો એવો પ્રથમ મુદ્દો છે કે જે ન હોય તો તમે બીજું કશું જાણી શકો નહિ. પરંતુ એક વાર તમને જાણવાની ઉત્કંઠા થાય, અને તમે ધ્યાન આપો, તો તમને બધું સાહજિક ગતિએ ચાલતું લાગશે, અને પછી અચાનક તમને ક્યાંક કંઈક જરા જેટલી બેચેની જણાય છે, માથામાં, હૃદયમાં કે પેટમાં - પણ સામાન્ય રીતે એમ બને ત્યારે તમે તેનાં તરફ કંઈ ધ્યાન આપતા નથી. તમને દિવસ દરમિયાન એવી લાગણી અનેક વખત થાય છે પણ તેના તરફ ધ્યાન

આપ્યા સિવાય તમે તે લાગણીને દૂર હડસેલી દો છો. પણ આમ છતાં, અંતરમાં પ્રથમના જેવું લાગતું નથી—ત્યારે તમારે એ ક્ષણે જે કંઈ કરતા હો તે કામ બંધ કરીને તમારી જાતનું નિરીક્ષણ કરવું જોઈએ અને જો તમારામાં અંતરની સચ્ચાઈ હશે તો તમને તમારા સ્વરૂપમાં એક નાનું કાળું ટપકું દેખાશે (એક નાનકડો, અધમ વિચાર, એક નાનકડી વક્ર ગતિ, એક નાનકડો અવિચારી સંકલ્પ) અને એમાં પછી તમારી અસ્વસ્થતાનું ઉદ્‌ગમ-સ્થાન છે એમ તમે જોશો. તમે ત્યારે જોશો કે એ નાનું કાળું ટપકું તમારી આસક્તિ-ઓથી ભરપૂર એવા અમારા અહંમાંથી આવે છે. સામાન્ય રીતે તમારો અહં એને ગમતું હોય તે કરે છે; એને જે વસ્તુઓ ગમતી હોય તેને તે સારી ગણે છે અને જે તેને નથી ગમતી તેને તે નરસી ગણે છે. એ તમારી નિર્ણય શક્તિને ગૂંચવણમાં નાખે છે. એ પરિ-સ્થિતિમાં સારાસારનો નિર્ણય કરવો મુશ્કેલ હોય છે. ત્યારે જો સાચી વસ્તુ શું છે તે જાણવું હોય તો, તમારે તમારી અંદર એક ડગલું પાછા હટી જઈ નિહાળવું જોઈએ અને ત્યારે તમને જણાશે કે અહંની આ નાની સરખી ચાલ જ તમારી અસ્વસ્થતાનું કારણ છે. તમે જોશો કે એ એક પોતાનામાં જ મગ્ન રહેતી એવી એક નાની સરખી વસ્તુ છે. તમને એક એવી લાગણી થશે કે એ જ તમારી સામે અવરોધો ઊભા કરનારી એક કાળી કઠોર વસ્તુ છે. પછી ધીરજપૂર્વક તમારે તમારી ચેતનાની ઊંચાઈએથી એ વસ્તુને તેની ભૂલ સમજાવવી જોઈએ અને એમ કરવું જારી રાખશો તો છેવટે એ અદશ્ય થઈ જશે. મારું કહેવું એમ નથી કે તમે તદ્દન એકદમ પહેલા દિવસે જ સફળ થશો, ફક્ત એટલું જ કે જો ખરા દિલથી પ્રયત્ન કરશો તો અંતમાં તમે સફળ થઈને જ રહેશો. આ રીતે ખંતપૂર્વક પ્રયત્ન જારી રાખશો તો તમે જોશો કે તમને પ્રકાશમાં વિસ્તાર પામતા અટકાવનાર કોઈ લઘુતા, ક્રુદરૂપતા અને અપારદર્શકતાનો મોટો બોજો તમારા ઉપરથી ઉંચકાઈ ગયો છે. એ એવી વસ્તુઓ હોય છે કે જે તમને સંકોચ પમાડે છે, તમને વિશાળ થતા અટકાવે છે, જે પ્રકાશમાં પથરાઈ રહેવાથી તમને ખૂબ નિરાંતની લાગણી થાય છે તેમાં તમારો આત્મ- વિસ્તાર થતો અટકાવે છે. તમે જો સતતપણે આ પ્રકારનો પ્રયત્ન કરશો તો છેવટે તમને જણાશે કે જે બિંદુએથી તમે શરૂઆત કરેલી ત્યાંથી તમે ઘણે ઘણે દૂર પહોંચ્યા છો અને જે વસ્તુઓ તમારી સંવેદનશક્તિની બહાર હતી, જે વસ્તુઓ તમે સમજી શકતા ન હતા, તે હવે સ્પષ્ટ થઈ ગઈ છે. તમે દઢ નિશ્ચયવાળા હશો તો જરૂર સફળ થશો. તમારી વ્યકિતતામાં ઐક્ય સ્થાપવાનું આ પ્રથમ પગલું છે: પોતાના કેન્દ્રમાં ભાગવત સંકલ્પની સતત અભિવ્યકિત ધારણ કરનાર વ્યકિત થવું, એ સંકલ્પ અનુસાર કાર્ય કરનાર વ્યકિત થવું. આ પ્રયત્ન કરવા જેવી વસ્તુ છે.

અને હું મારા અંગત અનુભવથી કહું છું કે આખી દુનિયામાં આથી વધુ રસદાયક વસ્તુ બીજી કોઈ નથી. જો તમે આ પ્રયત્ન કરવો શરૂ કરશો તો તમને જણાશે

કે તમારું જીવન રસથી સભર બનેલું છે - સામાન્ય માણસની જિંદગીનો ઓછામાં ઓછો ત્રીજો ભાગ એક પ્રકારના લુખ્ખા ઢસરડામાં વ્યતીત થાય છે (હું ત્રીજો ભાગ કહું છું, પણ કેટલાકને તો બે તૃતીયાંશ ભાગની જિંદગી શુષ્ક કંટાળા ભરેલી હોય છે.), અને એ બધું વરાળ થઈને ઊડી જાય છે, અને પછી દરેક ચીજ, નાનામાં નાની વસ્તુ, નાનામાં નાનો સંપર્ક, ઓછામાં ઓછા શબ્દોની વાતચીત, કોઈક વસ્તુનું જરાક અમસ્તું અસ્થાને હોવું; બધું જ સજીવન અને રસપૂર્ણ બની રહે છે.

૧૦ ફેબ્રુઆરી, ૧૯૫૧.

શ્રી માતાજી, 'માતાજીની વાણી'
પુસ્તકના બીજા વાર્તાલાપમાંથી
વાંચન કરે છે:

> 'ભગવાનના આદેશને અનુસરવાને તમે તૈયાર હો તો જે કાર્ય તમારા હાથમાં સોંપવામાં આવે–મહાન અને મુશ્કેલીભર્યું કાર્ય પણ–તો તે ઉપાડી લેવાની તમારામાં તૈયારી હોવી જોઈએ, અને જેટલી શાંતિપૂર્વક તેને હાથમાં લીધું હોય તેટલી જ શાંતિપૂર્વક બીજે દિવસે તેને છોડી દેવાની તત્પરતા પણ તમારામાં હોવી જોઈએ. આમ છતાં જવાબદારી તમારી છે એવું ભાન પણ તમને ન થવું જોઈએ. કોઈ પણ પદાર્થ ઉપર યા તો જીવનની કોઈ પણ રીતિ ઉપર કોઈ પણ પ્રકારની આસકિત ન હોવી જોઈએ, તમારે સંપૂર્ણપણે મુકત થઈ જવું જોઈએ.'

શ્રી માતાજી: તમારામાંથી કોઇ કહી શકશો કે, 'સંપૂર્ણપણે મુકત થવું' એ શબ્દોનો એ શો અર્થ કરે છે? એ એક ખૂબ અગત્યનો મુદ્દો છે. કઈ રીતે, તે હું તમને કહું. ઘણાખરા લોકો સ્વતંત્રતા અને સ્વેચ્છાચાર એ બંને એક જ વસ્તુ છે એમ સમજે છે. સામાન્ય માણસના મનમાં તો સ્વતંત્ર થવાનો અર્થ એવો હોય છે કે કોઈની રોકટોક વિના ગમે તે પ્રકારની મૂર્ખતા આચરવાની છૂટ. હું

એમ કહું છું ખરી કે વ્યકિતએ 'તદ્દન સ્વતંત્ર' થવું જોઈએ–પણ એ શબ્દોનો જે ખરો અર્થ છે તે જો તમે સમજતા ન હો તો એ ઘણી સલાહ ભયંકર થઈ પડે તેમ છે. મુકિત ખરી, પણ કયી વસ્તુમાંથી–સ્પષ્ટ રીતે, આસકિતઓમાંથી. વાત બરાબર એમ જ છે. બુદ્ધની વાર્તામાં* એવું આવે છે કે એક પ્રસંગે તેમણે એક, સર્વકલાઓમાં પારંગત યુવાનને એવો ઉત્તર આપેલો કે, 'હું આત્મસંયમની કળામાં કુશળ છું. લોકો મને જયારે અભિનંદન આપે છે કે મારી પ્રશંસા કરે છે ત્યારે હું શાંત અને અલિપ્ત રહું છું. એ જ રીતે લોકો જયારે મને ઉપાલંભ આપે છે, ત્યારે પણ હું એટલો જ શાંત અને અલિપ્ત રહું છું.'

એટલે તમે તમારી જાતને પ્રશ્ન કરી જુઓ કે સર્વ પ્રકારની ટીકાઓ અને અભિનંદનોથી તમે કેટલા પ્રમાણમાં અલિપ્ત રહી શકો છો. આનો અર્થ એમ નથી કરવાનો કે તમે તમારી જાતને બીજાઓની સરખામણીમાં એટલી બધી શ્રેષ્ઠ ગણતા થઈ જાઓ કે તેઓ જે કાંઈ કહેતા હોય તે તમને કશી અગત્યની જ ન લાગે-વાત એમ નથી. કહેવાનું એ છે કે તમારામાં અને લોકોમાં જે સર્વ સામાન્ય અજ્ઞાન અવસ્થા આવી રહેલી છે તે વિષે તમારે સભાન થવાનું છે અને એ રીતે જયારે બીજા લોકોને એમ લાગતું હોય કે બધું બરાબર ચાલે છે ત્યારે તમે એમ કહી શકવાની સ્થિતિમાં હો કે, 'દેખાય છે એટલું બધું સારું વાસ્તવિક રીતે જોતાં નથી' અને જયારે લોકોને એમ લાગતું હોય કે પરિસ્થિતિ ખરાબ છે ત્યારે તમે એમ કહી શકો તેમ હોય કે, 'લાગે છે એટલું બધું ખરાબ હકીકતમાં નથી.' બધી વસ્તુઓ તદ્દન ભેળસેળ થઈ ગયેલી છે અને ખરી રીતે જોતાં કોઈ કોઈના વિષે કશી તુલના કરી શકે તેમ નથી. એટલે તમારે સર્વ પ્રકારનાં અભિનંદનો અને ઉપાલંભોથી અલિપ્ત રહેવાનું છે; અને છેવટે એ પ્રકારનું વલણ લેવાનું રહે છે કે "જયાં સુધી મારી અંદર રહેલ ભાગવત ચેતના અથવા મારા પસંદ કરેલા ગુરુ મને એમ ન કહે કે 'આ કર', 'આ નથી કરવાનું', ત્યાં સુધી બીજા લોકો જે કાંઈ કહેશે તે વિષે હું ઉદાસીન છું; કારણ કે મેં જેનામાં મારો વિશ્વાસ મૂકયો છે તે પુરુષ યા સ્ત્રીને અંદર રહેલ દિવ્ય ચેતના, શું સારું અને શું ખરાબ, શું કરવા જેવું છે અને શું નથી કરવા જેવું તે જાણવાને સમર્થ છે." અને મુકત થવાનો એ સારામાં સારો માર્ગ છે. સાચી રીતની સ્વતંત્રતા પ્રાપ્ત કરવાનો માર્ગ એક જ છે: તમારું આગવું છે એમ ગણી કોઈ પણ વસ્તુ બાકી રાખ્યા સિવાય તમારી જાતનું પૂર્ણપણે ભગવાનને સમર્પણ કરો.

---

*શ્રી માતાજી કૃત 'ટેલ્સ ઑફ ઑલ ટાઈમ્સ'માં આ વાર્તા આવે છે.

એ રીતનું સમર્પણ કરવાનું પરિણામ એ આવશે કે જે કોઈ વસ્તુ તમને બંધનમાં રાખતી હશે, જે કોઈ વસ્તુ તમને જકડી રાખતી હશે, જે કોઇ વસ્તુ તમને બેડીમાં બાંધી રાખતી હશે, તે તમામ, તદ્દન સાહજિક રીતે તમારાથી અળગી પડી જશે અને પછી તેમની કોઈ અગત્ય નહિ રહે. જો કોઈ તમારો દોષ કાઢતું આવશે તો તમે કહી શકશો કે, 'એ શા આધારે મારો દોષ કાઢે છે, એને ભગવાનના પરમ સંકલ્પની ખબર છે?' આ વસ્તુ, તમને અભિનંદવામાં આવતા હોય તેવા પ્રસંગને પણ લાગુ પડે છે. આ સર્વનો અર્થ એમ ન કરશો કે બીજા લોકો જે કાંઈ કહેતા કરતા હોય તેમાંથી તમારે લાભ ન ઊઠાવવો. મારા આખા જીવન દરમિયાન મને શીખવાનું મળ્યું છે કે એક નાનું બાળક પણ તમને બોધપાઠ આપી શકે છે. એ પણ તમારા કરતાં ઓછું અજ્ઞાન હોય છે એમ તો નથી, છતાં એ તમારી મુખાકૃતિનું આબેહૂબ પ્રતિબિંબ પાડનાર દર્પણની ગરજ સારી શકે છે. એ શક્ય છે કે એ તમને એવું કાંઈ કહે કે જે વાસ્તવિક રીતનું ન હોય, પણ એમ પણ બની શકે કે એ તમને એવી કોઈ વસ્તુ કહે કે જે તમે જાણતા ન હો. અને આમ, જો તમે તમારામાં કોઈ પણ જાતની અનિચ્છનીય પ્રતિક્રિયા ઉત્પન્ન થવા દીધા સિવાય એમાંથી બોધપાઠ ગ્રહણ કરી શકો તેમ હશે તો તમે એમાંથી ઘણો ફાયદો ઊઠાવી શકશો.

મારા જીવનની હરેક ઘડીએ મને શીખવા મળ્યું છે કે સર્વ પ્રસંગોમાંથી આપણે કંઈ ને કંઈ શીખી શકીએ તેમ છીએ. આમ છતાં બીજા લોકોના અભિપ્રાયોથી હું બંધાયેલી છું એમ મને કદી પણ લાગ્યું નથી; કારણ કે આ દુનિયામાં કંઈક જાણી શકે તેવું સત્ય એક જ છે અને તે પરમ સત્ય છે. અને આમ પછી આપણે સંપૂર્ણપણે મુકત થઈ જઈએ છીએ. હું તમારી પાસે જે પ્રકારના સ્વાતંત્ર્યની અપેક્ષા રાખું છું તે સ્વાતંત્ર્ય આ પ્રકારનું છે—સર્વ પ્રકારની આસકિતઓ, અજ્ઞાન અને પ્રતિકાર્યોમાંથી મુકિત, ભગવાનને પૂર્ણ સમર્પણ કરવા સિવાયની બીજી બધી વસ્તુઓમાંથી મુકિત. દુનિયાદારીની સર્વ જવાબદારીઓમાંથી બહાર નિકળવા માટે એ જ એકમાત્ર માર્ગ છે. સર્વ વસ્તુઓની જવાબદારી ભગવાનની જ છે.

બાળક: શરૂઆતથી જ સમર્પણ સંપૂર્ણ હોય એમ બનવું શકય નથી, નહિ?

શ્રી માતાજી: સામાન્ય રીતે એમ ખરું. એમ થઇ શકે તે માટે દરેકને ઓછોવત્તો સમય તો લાગે છે. પરંતુ તાત્કાલિક પરિવર્તન બની આવે એવું પણ બને છે. એ બધું વિગતવાર સમજાવવામાં ઘણો સમય જાય તેમ છે. કદાચ તમને ખબર

હશે કે સાધનાની દીક્ષા આપવાની સર્વ પદ્ધતિઓમાં એમ કહેવાતું કે વ્યકિતએ પોતાનું બંધારણ બદલવું હોય તો ૩૫ વર્ષ લાગે છે! એટલે આ વસ્તુ એક મિનિટમાં જ થઈ જાય એવી અપેક્ષા તો તમે નહિ રાખી શકો.'

બાળક: જો વ્યકિતએ સર્વ વસ્તુઓ પ્રત્યે અનાસકિત કેળવવાની હોય તો પછી બાળકોને ઈનામો શા માટે આપવામાં આવે છે?

શ્રી માતાજી: તમે એક વિદ્યાર્થી પાસે તે યોગી થાય તેવી અપેક્ષા તો નથી રાખતાને? મેં હમણાં કહ્યું તેમ, એ અવસ્થાએ પહોંચવા માટે અને પોતાનું બંધારણ બદલવા માટે ૩૫ વર્ષ લાગે છે. વાત એમ છે કે કુટુંબના પિતાની, શિક્ષકની કે રાજયના વડા તરીકે માનવ વ્યકિતની જે સત્તા હોય છે તે એક પ્રતિકાત્મક વસ્તુ જ છે. વ્યકિત તરીકે એમને કોઈ સાચી સત્તા હોતી નથી, પણ સત્તા તેમનામાં સ્થાપિત કરવામાં આવી હોય છે કે જેથી તેઓ અત્યારે જે પ્રકારનું સમાજ જીવન છે તેમાં પોતાનો ભાગ ભજવી શકે. અને આ જે સમાજ જીવન છે તે તો સત્ય ઉપર નહિ પણ અસત્ય ઉપર પ્રતિષ્ઠિત છે, કારણ કે સત્યનો અર્થ એકતા અને આ સમાજ જીવન તો ભેદ ઉપર પ્રતિષ્ઠિત છે. કેટલાક લોકો પોતાને હિસ્સે આવેલું કામ, પોતાનું કાર્ય, પોતે જે વસ્તુના પ્રતિક હોય છે તેની ફરજો ઠીક ઠીક સારી રીતે અદા કરે છે–ક્ષતિ વિનાનું કોઈ નથી, આ દુનિયામાં બધું ભેળસેળ થઈ ગયેલું છે. પણ જે વ્યકિત, પોતે ભજવવાના ભાગની ગંભીરતા સમજતી હોય છે અને તેને શકય તેટલી પ્રમાણિકતાથી અમલમાં મૂકવા પ્રયત્ન કરતી હોય છે, તેને એવી પ્રેરણાઓ મળી રહે છે, જેને પરિણામે સામાન્ય માનવી કરતાં તે પોતાનો ભાગ વધુ સારી રીતે ભજવી શકે છે. ગુણ આપનાર શિક્ષક જો એ વસ્તુ ધ્યાનમાં રાખે કે પોતે દિવ્ય સત્યનો પ્રતિનિધિ છે અને સાથે સાથે તે તેનાથી બની શકે તેટલા પ્રમાણમાં ભાગવત સંકલ્પ સાથે સંવાદમાં રહેવા માટે જરૂરી મહેનત લે, તો પછી, એ વસ્તુ ફળદાયી નીવડે છે; કારણ કે સામાન્ય શિક્ષક તેની અંગત પસંદગીઓ પ્રમાણે કાર્ય કરતો હોય છે,–પોતાને શું ગમે છે, શું નથી ગમતું વગરે. અને એ રીતે એ સર્વ–સામાન્ય અસત્યમાં રહેતો હોય છે, પરંતુ જો એ શિક્ષક ગુણ આપતી વખતે પોતાની મર્યાદિત ચેતનાની ભીતરમાં રહેલ કોઈ ગહનતમ સત્ય સાથે પોતાને સંવાદમાં મૂકવાનો પ્રયત્ન કરે તો પછી તે, એ સત્યના વાહક તરીકે કાર્ય કરે એમ બની શકે છે અને એ દ્વારા તેના વિદ્યાર્થીઓને તેમની અંદર આવી રહેલા એ સત્ય વિષે સભાન બનવામાં મદદકર્તા થઈ શકે છે.

અને મારે તમને જે અનેક વાતો કહેવાની છે તેમાં આ પણ એક છે કે કેળવણી એક પ્રકારનું યજ્ઞકાર્ય (sacerdocy) છે, શિક્ષણ પણ યજ્ઞકાર્ય છે અને રાષ્ટ્રના વડાસ્થાને હોવામાં પણ એક પ્રકારનું યજ્ઞકાર્ય આવે છે.

એટલે જે વ્યકિતને આ પ્રકારનો ભાગ ભજવવાનો હોય તેનામાં પોતાનું કાર્ય વધુમાં વધુ ઉત્તમ રીતે અને વધુમાં વધુ સાચી રીતે કરવાની અભીપ્સા હોય તો દુનિયાની સામાન્ય પરિસ્થિતિ ઘણી સારી બને. કમભાગ્યે, મોટાભાગના લોકો આ બાબતમાં જરા પણ વિચાર કરતા નથી હોતા, એમની ફરજો એ લોકો જેમ તેમ અદા કરે છે-આમાં હું પેલા અસંખ્ય લોકો કે જેઓ કેવળ પૈસા કમાઈ લેવા માટે જ કામ કરે છે તેમની તો વાત જ નથી કરતી, પણ એ રીતની એમની કામગીરી તો તદ્દન કચરા જેવી હોય છે અને એમ કરવું તેમને માટે સ્વાભાવિક પણ હોય છે. આશ્રમની રચના કરવામાં મારો પ્રથમ પાયો એ જ હતો કે જે કોઈ કામ કરવામાં આવે તે ભગવાનને સમર્પણ ભાવે જ કરવામાં આવે.

તમારે તમારી જાતને, તમારી પ્રકૃતિના કે તમારા વલણના પ્રવાહોમાં ઘસડાઈ જવા દેવી ન જોઈએ. એને બદલે તમારે તમારા મનમાં સતત એ પ્રકારની લાગણી બનાવી રાખવી જોઈએ કે તમે સર્વોત્તમ જ્ઞાનસ્વરૂપના, સર્વોત્તમ સત્ય સ્વરૂપના, સર્વોત્તમ ન્યાય સ્વરૂપના પ્રતિનિધિ છો અને એ ભાવનાને તમારે ખૂબ પ્રમાણિકપણે, તમારા માટે શકય હોય તેટલી અંતરની સચ્ચાઈપૂર્વક અમલમાં મૂકવી જોઈએ. એમ કરવાથી તમારી પ્રગતિ તો થશે જ પણ સાથે સાથે તમે બીજાઓને પણ પ્રગતિ કરતા કરશો. આ ઉપરાંત તમારા વિદ્યાર્થીઓ તમારા તરફ માનની લાગણી દર્શાવશે, તમારા વર્ગોમાં ગેરશિસ્ત નહિ હોય, કારણ કે દરેક માનવીમાં એવી કોઈ વસ્તુ રહેલી છે જે સાચી મહાનતાને ઓળખે છે અને તેની અદબ કરે છે. નઠારામાં નઠારા ગુન્હેગારો પણ કોઈ કાર્ય ઉમદા હોય તો તેની કદર કરે છે. એટલે જયારે બાળકો તેમના શિક્ષકમાં, તેમની શાળાના અધ્યાપકમાં, સત્ય પ્રમાણે કાર્ય કરવાની ગહન અભીપ્સા આવી રહેલી અનુભવે છે ત્યારે તેઓ તમને અદબપૂર્વક સાંભળે છે અને તેવું, જયારે તમે એક દિવસ ખુશ મિજાજમાં હો અને બીજે દિવસે તેમ ન હોય ત્યારે બનતું નથી; અને એ વસ્તુ તો બધાને માટે નુકશાનકારક હોય છે.

બાળક: જો વ્યકિતને પોતાનું ચારિત્ર્ય બદલવા સારુ ૩૫ વર્ષ લાગતા હોય તો પછી, હાલ તુરત, કોઈ પણ વ્યકિત ભગવાનને સંપૂર્ણ સમર્પણ કરવાનું કાર્ય કયી રીતે કરી શકે?

શ્રી માતાજી: એ વસ્તુ ત્વરાથી પણ કરી શકાય છે, સમજ્યાને? એનો આધાર વ્યકિત એ બાબતમાં કયા માર્ગે જાય છે તેના ઉપર રહે છે. તમને યાદ હશે કે આપણે એક વાર બિલાડીનાં બચ્ચાંનાં* વલણની અને વાંદરીનાં વલણની વાત કરી હતી. જો તમે બિલાડીનાં બચ્ચાનું વિનમ્ર વલણ અપનાવવાનું સ્વીકારો (કેટલાંક બિલાડીનાં બચ્ચાં તદ્દન શિસ્ત વિનાનાં હોય છે, હું એમને ઓળખું છું), એક નાનકડા બાળક જેવા આજ્ઞાંકિત બનો, તો પછી વસ્તુઓ ઘણી ત્વરિત બની શકે છે. ધ્યાનમાં રાખજો કે, 'બિલાડીના બચ્ચાંનું વલણ અપનાવો' એમ બોલવું સહેલું છે પણ એ પ્રમાણે આચરણ કરવું એટલું સહેલું નથી. તમારે એમ ન માની લેવું કે બિલાડીનાં બચ્ચાંનું વલણ અપનાવવું એટલે તમામ વ્યકિતગત પ્રયત્ન મૂકી દેવો. કારણ કે તમે બિલાડીનાં બચ્ચાં નથી, માનવ વ્યકિતઓ બિલાડીનાં બચ્ચાં નથી! તમારી અંદર એવાં અસંખ્ય તત્ત્વો આવી રહેલાં છે જેમને પોતાની ઉપર જ વિશ્વાસ રાખવાની ટેવ પડી ગયેલી હોય છે, તેઓને પોતાનું કામ પોતાની જાતે જ કરવું હોય છે; અને પોતાની જાતને જુદા જુદા પ્રકારની પરિસ્થિતિઓમાં આધીનપણે વહેતી મૂકી દેવા કરતાં આ બધાં તત્ત્વોને અંકુશમાં રાખવાનું કામ અતિશય અઘરું છે, ઘણું ઘણું મુશ્કેલ છે. આમાં પ્રથમ તો વિચારશકિતની આ અદ્‌ભુત ક્રિયા હોય છે જેને, અવલોકન કરવું, વિવેચન કરવું, વિશ્લેષણ કરવું, શંકા કરવી, પ્રશ્નને ઉકેલવા મથવું, કહેવું કે, 'આખરે એ વસ્તુ આવી છે,' 'એના કરતાં આમ કર્યું હોત તો નહિ સારું?' અને એવું બધું કરવું ગમતું હોય છે; અને એની એ ક્રિયા ચાલ્યે જ જાય છે, ચાલ્યે જ જાય છે—આમાં પેલું બિલાડીનું બચ્ચું ક્યાં છે? કારણ કે બિલાડીનું બચ્ચું વિચાર કરતું નથી! એ તો એ બધાથી મુકત હોય છે અને માટે જ પેલી વસ્તુ એને માટે સહેલી હોય છે!

તમે ગમે તે માર્ગનું અનુસરણ કરો પણ જ્યાં સુધી પરમ તાદાત્મ્યની ઘડી આવી ન પહોંચે ત્યાં લગી સ્વપ્રયત્નની જરૂરિયાત રહે છે જ. જ્યારે

---

*શ્રી રામકૃષ્ણ કહેતા હતા કે સાધક પોતાની સાધના માટે બેમાંથી એક પ્રકારનું વલણ લેવાનું પસંદ કરી શકે છે: એક માર્ગ છે બિલાડીનાં બચ્ચાંનો. જેમાં તે સ્વપ્રયત્ન ઉપર આધાર રાખતું નથી. પણ પોતાની મા ઉપર વિશ્વાસ રાખી પોતાને ઊંચકી લઈ જવા દે છે. (આ માર્ગ સમર્પણનો છે, અને તે વધુમાં વધુ નિશ્ચયાત્મક માર્ગ છે) એ બીજો માર્ગ છે વાંદરીનાં બચ્ચાંનો; જેમાં તે સ્વપ્રત્યન ઉપર આધાર રાખે છે અને તે પોતાની માને વળગી રહે છે. એ માર્ગ વ્યકિતગત તપસ્યાનો છે.

એ ઘડી આવી પહોંચે છે ત્યારે તમારા તમામ પ્રયત્નો, તમારી જાત ઉપરથી એક જર્જરિત થઈ ગયેલા અંગવસ્ત્રની માફક ઉતરી પડે છે. અને તમે એક બીજી જ વ્યકિત બની જાઓ છો; જે વસ્તુ કરવી તમારે માટે અશકય હતી તે કેવળ શકય બને છે એટલું જ નહિ પણ તમારે માટે તે અનિવાર્ય બની જાય છે, તમે તેના સિવાયની બીજી કોઈ વસ્તુ કરી શકતા જ નથી.

આ માટે તમારે સચેત, શાંત અવસ્થામાં રહીને આંતરપ્રેરણા પ્રાપ્ત થાય તેની રાહ જોવી જોઈએ, બાહ્ય પ્રતિકાર્યોને કારણે કોઈ પ્રવત્તિ ન કરવી, કેવળ ઊર્ધ્વમાંથી આવતા પ્રકાશ વડે સતત, નિયમિતપણે દોરવાવું, બીજા કશાથી નહિ. કોઈ પણ વિચાર ન કરવો, કોઈ પણ સંદેહ ન લાવવો, કદી પણ પૂછવું નહિ કે, 'મારે આ કરવું, કે પેલું કરવું', કેવળ જાણતા રહેવું, જોતા રહેવું, શ્રવણ કરતા રહેવું. તમારે તમારું કાર્ય એક એવી અંતરની નિષ્ઠાપૂર્વક કરવું કે જે પ્રશ્નો પૂછે નહિ, શંકાઓ કરે નહિ, કારણ કે વસ્તુઓનો નિર્ણય તમારી અંદરથી આવતો નથી, પણ તે ઉપરથી આવે છે. ઠીક, તો આ વસ્તુ કેટલીક વાર સત્વરે બની આવે છે તો કેટલીકવાર તમારે લાંબો સમય રાહ જોવી પડે છે. એનો આધાર તમારી અગાઉની તૈયારી ઉપર અને બીજી ઘણી ઘણી વસ્તુઓ ઉપર હોય છે. જ્યાં સુધી એ વસ્તુ બની ન આવે ત્યાં સુધી તમારે તમારો સંકલ્પ બનાવી રાખવો જોઈએ, ચીવટપૂર્વક એને ટકાવી રાખવો જોઈએ અને એ સર્વ ઉપરાંત એ જરૂરનું છે કે તમારે ધીરજ અને હિંમત ગુમાવવાં નહિ. જો જરૂર પડે તો એકની એક વસ્તુ હજાર વખત કરવાની તમારે તૈયારી રાખવી જોઈએ, એમ માનીને કે કદાચ હજારમી વખતે તમને તેનું પરિણામ પ્રાપ્ત થાય પણ ખરું.

તમારા સ્વરૂપની રચના એક જ વસ્તુમાંથી થયેલી નથી. તમારું હાલનું શરીર કોઈ અકસ્માતને પરિણામે તમને પ્રાપ્ત થયું હોય એમ પણ કેટલીકવાર બન્યું હોય છે. પરંતુ જે આત્માના પ્રભાવ વડે તમારા હાલના શરીરનું ઘડતર થયું હોય છે, તે જો તમારામાં જાગ્રત હોય તો, કોઈ અન્ય વ્યકિત કે જેનો આત્મા પોતે ક્યાં જાય છે તે જાણ્યા સિવાય ઊંધે માથે અનિશ્ચિત રીતે, ગમે તે કોઈ શરીરમાં જઈ પડયો હોય છે તેના કરતાં, તમે ઘણી વધુ સારી રીતે તૈયાર હો છો. જો તમે તમારા શરીરમાં અભાનપણે આવી પડેલા હો તો એ રીતની અભાનાવસ્થામાં જઈ પડેલી તમારી ચેતનાને ઉપર ખેંચી લાવવા માટે તમારે સખત મહેનત કરવાની રહે છે. તમારી આંતરિક તૈયારી તમારા પૂર્વજન્મોનાં કાર્યોમાંથી પ્રાપ્ત થઈ શકે અથવા તો એ આ જન્મનાં કાર્યોમાંથી આવે, અથવા પૂર્ણ વિકાસના સોપાનમાં તમે

અમુક નિર્ણાયક બિંદુએ પહોંચ્યા હો અને છેલ્લું પગલું લેવા માટે જે ચોક્કસ પ્રકારની પરિસ્થિતિની આવશ્યકતા હોય તેની સાથે તમે સંબંધમાં હો, એમ પણ બની શકે. પરંતુ એનો અર્થ એ નથી કે નિર્ણાયક બિંદુએ પહોંચતાં પહેલાં તમે હજારો જિંદગીઓ જીવ્યા નથી.

૧૨ ફેબ્રુઆરી, ૧૯૫૧.

શ્રી માતાજી,' માતાજીની વાણી'
પુસ્તકના બીજા વાર્તાલાપમાંથી
વાંચન કરે છે:

'તમે પૂછો છો : 'હજી સુધી પ્રભુએ દર્શન કેમ દીધાં નથી ?' કારણ કે તમે તૈયાર નથી. એકાદ ટીપું પડે છે અને તમે તેથી જો ગાતા નાચતા અને બૂમો પાડતા થઈ જાઓ છો તો જો આખીએ વસ્તુઓ નીચે આવી જાય તો શું થાય? એટલે જે લોકો પાસે તેમના શરીરમાં, પ્રાણમાં અને મનમાં જરૂરનો હોય તેટલો દ્રઢ અને વિશાળ આધાર તૈયાર હોતો નથી તેમને એમ કહીએ છીએ: 'ખેંચો નહિ.' એટલે કે, 'પ્રભુની શકિતઓને તમારા તરફ જોર કરીને ખેંચવાનો પ્રયત્ન ના કરો, પણ શાંતિ અને સ્વસ્થતામાં રહીને રાહ જુઓ, કેમકે એમનાથી અવતરણ સહન કરી શકાય તેમ નથી. પણ જે લોકો પાસે જરૂરનો આધાર હોય છે તેમને અમે ઉલટું કહીએ છીએ, 'અભીપ્સા કરો અને ખેંચો.' કેમ કે એ લોકો પ્રભુમાંથી અવતરતી શકિતઓને ઝીલી શકે તેમ હોય છે, એ તેમને અસ્વસ્થ કરી મૂકતી નથી.'

બાળક: દિવ્ય શકિત શા માટે માણસોને અસ્વસ્થ બનાવી દે છે?

શ્રી માતાજી: કારણકે એ તેમને માટે ઘણી જોરદાર હોય છે. એમાં તમે જાણે કે કોઈ એક મોટી આંધીની વચ્ચે આવી ગયા હો એના જેવું બનતું હોય છે. કેટલીકવાર એવું બનતું હોય છે કે પવન ખૂબ જ સુસવાટાબંધ વાતો હોય છે અને ત્યારે તમે તેમાં ઊભા રહી શકતા નથી. તમારે નીચે સૂઈ જવું પડે છે, અને પવનને પસાર થઈ જવા દેવો પડે છે. તો પ્રભુની દિવ્ય શકિતઓ તો આંધીના ધસારા કરતાં પણ હજારગણી વધારે જોરદાર હોય છે. એટલે જો તમારામાં એક ઘણી વિશાળ ગ્રહણશકિત નહિ હોય, સ્વસ્થતાનો, આત્માની સમતા અને આંતરિક શાંતિનો એક અત્યંત નક્કર પાયો નહિ હોય તો એ શકિતઓ આવીને તમને વાવાઝોડાની પેઠે ઉપાડી જશે અને તમે એમની સામે થઈ શકશો નહિ. પ્રકાશની બાબતમાં પણ એમ જ છે. કેટલાક માણસો સૂર્યની સામે જૂએ છે, ત્યારે તેમને આંખમાં દર્દ થાય છે અને તેમને કાળાં ચશ્મા પહેરવાં પડે છે, કેમ કે સૂર્યનો પ્રકાશ તેમને ઘણો કરડો લાગે છે. પણ એ તો માત્ર સૂર્યના પ્રકાશની વાત છે. તમે જ્યારે અતિમાનસ પ્રકાશની સામે નજર માંડી શકો તેવી સ્થિતિમાં પહોંચો છો ત્યારે તમને એ એટલો બધો તો તેજસ્વી લાગે છે કે તેની સરખામણીમાં, સૂર્યપ્રકાશ તો તમને કેવળ એક કાળા ટપકા જેવો જ લાગે. એ પ્રકાશને ઝીલવા માટે તમારી પાસે પૂરતી રીતે બળવાન તેવી આંખો અને મગજ હોવાં જોઈશે, તમારે સારી રીતે તૈયાર બનેલા હોવું જોઈશે, કોઈ અતિશય સ્વસ્થ અને વિશાળ વસ્તુમાં તમારે સ્થાપિત થઈ જવું જોઈશે—જાણે કે તમારી પાસે શાંતિનો એક એવો તો બળવાન પાયો છે કે જ્યારે તોફાન ચડી આવે, પ્રકાશ ખૂબ જ તીવ્રરૂપે આવી ચડે ત્યારે તમે સ્થિર રહી શકો છો અને અસ્વસ્થ થયા વિના તમે જે કાંઈ ઝીલી શકો તેમ હો છો તેને ઝીલી લો છો. પણ આવો માણસ તો કરોડોમાં એક પણ હોતો નથી. જે લોકોને આ પૂર્ણ આંતરિક અનુભૂતિનો સ્વાદ મળી ચૂકયો હોય છે તેઓ જ આ વસ્તુ શું છે તે સમજી શકે તેમ હોય છે. આમ તો તમે ચૈત્યપુરૂષમાં સભાન રીતે પ્રવેશ કરો તો તે પણ તમને ઝંખવી નાખે તેવું હોય છે; અને ચૈત્યપુરૂષમાં તો તમે પહોંચી શકો તેમ હો છો, કેમકે એ તો તમારું પોતાનું જ ચૈત્યસ્વરૂપ હોય છે અને છતાં તમારી બાહ્ય ચેતનાથી તે એટલો બધો તો જુદો હોય છે કે જ્યારે તમે એમાં પ્રથમવાર અને સભાન રીતે પ્રવેશ કરો છો ત્યારે એ તમને ખરેખર ઝંખવી નાખે તેવો દેખાય છે; વધુમાં વધુ તેજસ્વી સૂર્યપ્રકાશ કરતાં પણ તે અનંતગણો વધુ તેજસ્વી હોય છે.

ચૈત્યપુરૂષને વિષે આપણે એમ કહી શકીએ કે, 'એ માણસના હાથમાં આવે તેવા ભગવાન છે.'

બાળક: આપણે સાધના માટે તૈયાર છીએ એવું બતાવી આપે તેવાં કોઈ ચિહ્નો હોય છે ખરાં? ખાસ કરીને તો આપણને જ્યારે કોઈ આધ્યાત્મિક શિક્ષક ન મળ્યા હોય ત્યારે?

શ્રી માતાજી: હા, સૌથી વધુ મહત્વનુ ચિહ્ન એ છે કે તમે સર્વ પરિસ્થિતિઓમાં સંપૂર્ણ રીતે સમતા રાખી શકો છો. એ એક બિલકુલ અનિવાર્ય એવો પાયો છે. એમાં તમે કોઈક અતિશય શાંત, અતિશય સ્વસ્થ, ખૂબ જ શાંતિમય અવસ્થા પ્રાપ્ત કરી હોય છે. તમને કોઈ મહાન શકિતનો અનુભવ થતો હોય છે. એ તમસમાંથી આવતી શાંતિ નથી હોતી, પણ એકાગ્ર બનેલી શકિતની લાગણી હોય છે. એ શકિત તમને ભલે ગમે તેવી ઘટના બને તો પણ, હંમેશાં સમતામાં રાખતી હોય છે, તમારા જીવનમાં તમને અતિશય ભયંકર લાગે તેવા સંયોગોમાં પણ—એ પહેલું ચિહ્ન છે.

બીજું ચિહ્ન: તમે એમ અનુભવવા લાગો છો કે તમે તમારી સામાન્ય સ્વાભાવિક ચેતનામાં પૂરેપૂરા કેદ બની રહેલા છો, એ જાણે કે કોઈ ખૂબ જ કઠણ, ગૂંગળાવી નાખે તેવી અને અસહ્ય વસ્તુ છે એમ લાગે છે—જાણે કે તમારે એક કાંસાની ભીંતમાં બાકોરું પાડવાનું છે. એ દબાણ લગભગ અસહ્ય બની જતું હોય છે, અને એ ગૂંગળાવી નાંખતું હોય છે. તમારી અંદરથી, એમાંથી આરપાર નીકળી જવાનો પ્રયત્ન થતો હોય છે, પણ તમારાથી એમ બની શકતું નથી. આ પણ એક પ્રારંભનું ચિહ્ન છે. એનો અર્થ એ છે કે તમારી આંતર ચેતના એક એવા બિંદુએ પહોંચી છે કે જ્યાં તમારો બાહ્ય આકાર એને માટે બહુ જ નાનો બની રહેલો હોય છે. તમારો સામાન્ય જીવનનો ઢાળ, સામાન્ય પ્રવૃત્તિઓ, સામાન્ય સંબંધોનો ઢાળ, એ બધું જ ક્ષુદ્ર બની જતું હોય છે. એ બધું ભાંગી આપે એવી શકિત તમે તમારામાં અનુભવવા લાગો છો.

આ ઉપરાંત બીજું પણ એક લક્ષણ છે. તમે જ્યારે એકાગ્રતા કરતા હો છો, તમારામાં જ્યારે અભીપ્સા જાગતી હોય છે, ત્યારે તમે એવું અનુભવો છો કે તમારી અંદર ઊર્ધ્વમાંથી કશુંક નીચે આવી રહ્યું છે, તમને તમારી અભીપ્સાનો જવાબ મળતો રહે છે. તમે એક પ્રકાશ, શાંતિ, શકિતને નીચે આવતાં અનુભવો છો, અને લગભગ તરત જ, તમારે રાહ જોવાની, લાંબો વખત પસાર કરવાની જરૂર રહેતી નથી—માત્ર એક આંતરિક અભીપ્સા થાય, એક પુકાર થાય અને ઉપરથી જવાબ આવી મળે છે. એનો અર્થ એ પણ થાય છે કે ઊર્ધ્વની સાથે તમારો સંબંધ બરાબર સ્થપાઈ ચૂકયો છે.

બાળક: શકિત નીચે અવતરણ કરી રહી હોય ત્યારે જો અસ્વસ્થતા લાગતી હોય તો એનો અર્થ શું એવો ન થાય કે પ્રાણ હજી તૈયાર નથી અને તેને તૈયાર કરવા માટે આપણે તેની ઉપર દબાણ મૂકવું જોઈએ?

શ્રી માતાજી: એના ઉપર તમે કેવી રીતે દબાણ મૂકી શકશો? એ તો જાણે કે, તમારાં આંગળામાંથી સરી જતો હોય છે. તમારી સંકલ્પશકિત એમ વિચારતી હોય છે કે એણે એને પકડયો છે, પણ એ તો તમારી પકડમાંથી સરકી જતો રહે છે. એને કાબુમાં રાખવો મુશ્કેલ છે. અને વળી એના ઉપર દબાણ મૂકી એની પાસે શું કરાવવાનું છે? તૈયાર કરવાનો છે? ...દબાણ કરીને તો પ્રાણની પાસેથી તમે માત્ર એટલું જ કરાવી શકશો કે એ નિષ્ક્રિય બની જશે, એટલે કે, એક ખૂણામાં સંતાઈ જશે, હાલતો ચાલતો બંધ થઈ જશે, તોફાનને પસાર થઈ જવા દેશે! કેમકે દિવ્ય શકિતઓ સાથેનો સંપર્ક એને માટે તોફાન જેવો હોય છે. એ જ્યારે જુએ છે કે પોતાના ઉપરની કટોકટી પસાર થઈ ગઈ છે ત્યારે તે સામો હોકારો કરીને કહે છે: 'હાં હવે મારો વારો છે!'

તમે જો અસ્વસ્થ થઈ જતા હશો તો એનો અર્થ એ છે કે તમારો પ્રાણ તૈયાર થાય તે પહેલાં તેના ઉપર ઘણું કામ કરવાનું બાકી છે; એટલે કે કયાંક નિર્બળતા છે. કેટલાક માણસો માટે, એ નિર્બળતા મનમાં રહેલી હોય છે. ફ્રાન્સમાં એક છોકરો મારા પરિચયમાં આવ્યો હતો. એ સરસ સંગીતકાર હતો, વાયોલિન ખૂબ સારું વગાડતો હતો. પણ એનું મગજ બહુ મોટું ન હતું. એ એના સંગીતમાં એને મદદ કરી શકે તેટલું જ હતું, એથી વિશેષ નહિ. એ મારી આધ્યાત્મિક બેઠકોમાં આવતો હતો અને એક દિવસ, એકાએક, એને સાંતમાં અનંતની અનુભૂતિ થઈ આવી. એ એક સંપૂર્ણ રીતની અને સાચી અનુભૂતિ હોય છે; સાંત વ્યકિતની અંદર અનંતની અનુભૂતિ આવતી હોય છે. પણ એથી તો એ છોકરો એટલો બધો અસ્વસ્થ બની ગયો કે એ બધું જ સાનભાન ગૂમાવી બેઠો! એ એનું સંગીત પણ હવે વગાડી શકતો ન હતો. એટલે પછી, એ અનુભૂતિ એને માટે બહુ જોરદાર હતી, તેથી તેને બંધ કરવી પડી. કારણ કે આ દાખલામાં મન જ ઘણું દુર્બળ હતું.

તમે જોયું કે એ છોકરાને અનુભૂતિ થઈ હતી: તેના વિષેનો કોઈ વિચાર પ્રાપ્ત થયો ન હતો: સામાન્ય રીતે આવો વિચાર પ્રાપ્ત થવો એ બધા લોકો માટે કોઈ અસંગત જેવી વસ્તુ હોય છે. આપણને વિચાર પ્રાપ્ત થાય તે પહેલાં અનુભૂતિ મળી આવવી જોઈએ, **કારણ કે મોટા ભાગના માણસો માત્ર શબ્દો વડે જ**

વિચાર કરતા હોય છે. તમે જો બે ઊલટાસૂલટી વિચારો એ લોકો આગળ મૂકશો તો તેમને કશું સમજાશે નહિ, પણ તેમને અનુભૂતિ તો જરૂર થઈ શકે છે. એટલે આપણું મગજ થોડું વધારે વિશાળ, સૂક્ષ્મ અને શાંત હોવું જોઈએ; અને એવે વખતે જો તમને એકાએક એમ થવા લાગે કે તમે જે જે કાંઈ વિચારતા હતા તે બધું જ હવે તમારા હાથમાંથી છટકી જઈ રહ્યું છે, તો એવી લાગણી ન થવા દેતાં, તમે શાંતિથી રાહ જોતા રહો; એમ થયા પછી, તમારા મગજમાંથી કોઈક વસ્તુ પેલી અનુભૂતિનાં સામગ્રીને સમજવા લાગશે.

કેટલાક લોકો—ઘણા બધા લોકોનું પ્રાણયમ સ્વરૂપ દુર્બળ હોય છે. એમને જ્યારે, એમના ઘણા નાનકડા સ્વરૂપમાં, એમની નાનકડી શક્તિમાં અનંતતાનું, શાશ્વતીનું આ સંવેદન થાય છે ત્યારે એ સંવેદન, એમને જે ચાલુ રીતનાં સંવેદનો સતતપણે થયા કરતાં હોય છે, તેમના કરતાં એ એટલું બધું ઊલટું લાગે છે કે તેમને કશાનું કશું જ સમજાતું નથી. પછી તેઓ માંદા પડી જાય છે. અથવા તો ગમે તેમ બોલવા માંડે છે કે બૂમો પાડવા અને નાચવા માંડે છે.

પણ તમે જો પૂર્ણપણે સત્યનિષ્ઠ હશો અને તમારી જાતને સ્પષ્ટ રીતે નિહાળતા રહેતા હશો તો તમારી બાબતમાં આવું થશે નહિ; કારણ કે આ પ્રમાણે કોઈ અનુભૂતિ અયાચિત રીતે આવી ચડતી હોય છે તો તેનું કારણ હંમેશાં એમ હોય છે કે તમારામાં કોઈ અભિમાન કે મહત્ત્વાકાંક્ષા કામ કરતી હોય છે, અથવા તો તમારામાં સમતુલાનો કોઈ અભાવ હોય છે, અથવા તો, તમે તમારા સ્વરૂપના કોઈ એક ભાગના લાભને ખાતર બીજા ભાગ તરફ ઉપેક્ષા કરી હોય છે.

જે લોકો એમ ધારતા હશે કે તેમણે પોતાના શરીરને પૂરેપૂરું નિષ્ક્રિય રાખ્યું હશે, પ્રાણને ઊંઘતો રહેવા દીધો હશે, અને મનને એક રીતની મૂર્ખ જડતામાં રહેવા દીધું હશે (કેમ કે ઘણીવાર એ જડતાને તેઓ નીરવતા કહેતા હોય છે). તો પણ, તેઓ પોતે યોગમાં આગળ વધી શકશે તો, તમે ખાતરી રાખજો કે, એમને જ્યારે કોઈ અનુભૂતિ થશે ત્યારે તેઓ બિલકુલ અસ્વસ્થ થઈ જશે. એવા લોકોને કોઈ અનુભૂતિ થાય છે ત્યારે તેમનું મગજ ગૂમ થઈ જાય છે, એ ઘણી અતિરેકભરી વસ્તુઓ કરવા લાગે છે, અથવા તો તેમના ઉપર કોઈ આપત્તિ આવી પડે છે... (તમારું શરીર નક્કર અને સરસ સમતુલાવાળું હોવું જોઈએ, તમારો પ્રાણ સારી રીતે કાબૂમાં રહેતો હોવો જોઈએ, તમારું મન સુવ્યવસ્થિત, સૂક્ષ્મ, તર્કશક્તિવાળું હોવું જોઈએ. એમ હશે તો પછી તમે જ્યારે અભીપ્સાની અવસ્થામાં હશો અને તમને જવાબ મળશે ત્યારે તમારું આખું યે સ્વરૂપ અનુભવશે કે પોતે સમૃધ્ધ બની રહ્યું છે, વિશાળ અને ભવ્ય બની રહ્યું છે, અને તમે પૂરેપૂરા સુખી

બની રહેશો અને તમારો ખ્યાલો છલોછલ ભરેલો હશે—એટલે કોઈ અણઘડ માણસને પાણીથી ભરેલું વાસણ પકડતાં આવડતું ન હોય તેમ, તમે એ ખ્યાલાને ઢોળાઈ જવા દેશો નહિ. વસ્તુ આવી છે: સમજો કે, તમારી પાસે જાણે એક નાનકડું વાસણ છે, સાવ નાનું અને જો તમે તેને કાળજીપૂર્વક વધુ મોટું નહિ કરો તો તે સાવ નાનું જ રહેવાનું છે. અને પછી જો એકાએક એનામાં એને માટે ઘણી જ જલદ હોય એવી કોઈ વસ્તુ છલોછલ ભરાઈ જાય છે તો બધું જ ઉભરાઈને બહાર વહી જાય છે!

બાળક: ચેતના જ્યારે એમ અનુભવતી હોય કે પોતે પોતાના અતિશય નાના ઢાળમાં 'કેદ બની ગયેલી' છે, ત્યારે શું કરવું જોઈએ?

શ્રી માતાજી: સૌથી પહેલું તો એ કે તમારે બળજબરી ન કરવી જોઈએ, કારણ કે તમે જો બળજબરી કરવા જશો તો પછી થાકી જશો, ખલાસ થઈ જશો અને તમને કશું પરિણામ મળશે નહિ. એટલે તમારે તો તમારી અભીપ્સાની સર્વે શકિતઓને એકાગ્ર કરી લેવી. તમે જો તમારી અંદરની જ્યોતિ માટે સભાન હો તો, તમારી અંદરની જે કોઈ વસ્તુ તમને સૌથી વધુ બળવાન લાગતી હોય તેને એ જ્યોતિમાં એક અભીપ્સાના રૂપમાં, પુકારના રૂપમાં મૂકો અને તમારાથી બની શકે તેટલા શાંત રહો અને ખૂબ વિશ્વાસપૂર્વક પુકાર કરતા રહો કે તમને જવાબ મળે. તમે જ્યારે આ અવસ્થામાં હો ત્યારે, તમારી એકાગ્ર બનેલી અભીપ્સા અને શકિત વડે, તમારી આંતરિક જ્યોતિ વડે, તમારી ઉપર જે આ રીતનું બાહ્ય પડળ લાગેલું છે, તેના ઉપર હળવેથી દબાણ મૂકો. એમાં ઉગ્રતા ન લાવશો, પણ આગ્રહપૂર્વક દબાણ મૂકતા રહો, અને તમારાથી ગભરાઈ જવાય નહિ, ઉશ્કેરાઈ કે ઉત્તેજિત થઈ જવાય નહિ ત્યાં સુધી અવિરતપણે એ દબાણ મૂકતા રહો. તમારે પૂરેપૂરા શાંત રહેવું, પુકાર કરતા રહેવું, અને ધક્કો લગાવતા રહેવું.

આ રીતે કદાચ તમને પહેલીવાર સફળતા ન પણ મળે, તો પછી એ વસ્તુ તમારે જેટલીવાર કરવાની જરૂરિયાત રહે તેટલી વાર ફરી ફરીને કરતા રહેવું. પણ પછી એકાએક, એક દિવસ...તમે બીજી બાજુએ પહોંચી ગયા હશો! પછી તમે પ્રકાશના સાગરમાંથી ઉપર આવતા હો તેવું બનશે!

તમે જો ઝપાઝપી કરશો, બેચેન બની જશો, ખેંચતાણ કરશો તો તમને કાંઈ જ નહિ મળે. તમે જો ઊંચાનીચા થતા રહેશો તો પરિણામે માત્ર માથું જ દુઃખશે, એટલું જ.

હા, વસ્તુ એવી છે. એટલે અભીપ્સાની તમારી જે કાંઈ શકિત હોય તેને ભેગી કરી લો, એમાંથી કોઈ ખૂબ જ તીવ્ર રીતે એકાગ્ર બનેલી વસ્તુ બનાવી લો, અને એક સંપૂર્ણ શાંતિમાં રહીને તમારી આંતરજ્યોતિ વિષે સભાન બની રહો, એમાં તમે જે જે કાંઈ હોમી શકો તેમ હો તે બધું હોમતા રહો અને એ જ્યોતિને વધુને વધુ, વધુ ને વધુ ઊંચે ઊઠવા દો; અને પછી તમારી સમગ્ર ચેતના વડે એક આહ્વાન કરો અને એક હળવો ધક્કો મારો. એક દિવસે તમે જરૂર સફળ થશો જ.

(શ્રી માતાજી વાંચન ચાલુ રાખે છે:)

'એવું બને છે કે કેટલાક માણસો પ્રભુ તરફ વળે છે કે તરત, તેમની પાસેથી બધા સ્થૂલ ટેકાઓ ચાલ્યા જાય છે, જેને જેને તે ચાહતા હોય છે તે જતા રહે છે. એમને જો ક્યાંક ખાસ સ્નેહ હોય છે તો તે પણ તેમની પાસેથી લઈ લેવામાં આવે છે'.

અહીં આપણે એક મોટા પ્રશ્નમાં દાખલ થઈએ છીએ...માણસને માટે કઈ વસ્તુ સારી છે અને કઈ વસ્તુ સારી નથી એ વિષેનો જે રીતનો ખ્યાલ તેની વિકાસ પામેલી ચેતનાને હોય છે તે જ ખ્યાલ દિવ્ય ચેતનાને હોતો નથી. તમને જે વસ્તુ સારી, અનુકૂળ લાગતી હોય છે તે, આધ્યાત્મિક દ્રષ્ટિએથી જોતાં, તમારા માટે સારામાં સારી જ હોય એવું હંમેશાં હોતું નથી. આ વાત આરંભથી જ શીખી લેવાની રહે છે. તમને કઈ વસ્તુ વધુમાં વધુ ઝડપે લક્ષ્યમાં પહોંચાડશે–એ અંગેની તમારી દષ્ટિ કરતાં પ્રભુની દષ્ટિ સાવ જુદી જ હોય છે અને તમે તેને સમજી શકો તેમ હોતું નથી. માટે તમારે આરંભથી જ તમારી જાતને કહેતા રહેવું જોઈએ કે,'બધું બરાબર છે. હું બધી જ વસ્તુઓ સ્વીકારું છું. સમજવાનું કામ પછી કરીશ.'

ઘણીવાર તમને એવા માણસો જોવા મળે છે કે જેમનું યોગ શરૂ કર્યા પહેલાંનું જીવન પ્રમાણમાં સરળ રીતે વહેતું હતું, પણ તેમણે જેવું યોગમાં પગલું મૂક્યું કે તરત જ, જે સંજોગો સાથે તેમને ખાસ આસકિત હતી તે બધા જ તેમની પાસેથી વત્તીઓછી ક્રૂર રીતે હઠાવી લેવામાં આવ્યા હોય છે. પછી તેમને દુઃખ થવા લાગે છે. જો કે પોતાની જાત આગળ પણ એ વસ્તુ કબૂલ કરવાની નિખાલસતા તો કદાચ તેમનામાં નથી હોતી. તેઓ બીજી રીતે વિચાર કરવા લાગે છે અથવા તો બીજા શબ્દો વાપરે છે પણ એ બધાનો સાર તો આ જ હોય છે કે: 'આમ કેમ? હું તો સારો માણસ છું અને છતાં મારી સાથે પ્રેમભર્યો વ્યવહાર

થતો નથી!' આમાં માણસના 'ન્યાય' વિષેના જે કંઈ ખ્યાલ હોય છે તે બધા કામ કરતા હોય છે: 'જુઓ તો ખરા, આપણે જ્યારે સારા થવાનો પ્રયત્ન કરીએ છીએ ત્યારે જ આ બધી આપત્તિઓ આવી પડે છે!' જે જે વસ્તુઓ ઉપર તમને પ્રેમ હતો તે બધી હવે તમારી પાસેથી ચાલી જાય છે; તમારી પાસે જે જે આનંદો હતા તે બધા તમારી પાસેથી જતા રહે છે; જે જે લોકોને તમે ચાહતા હતા તે તમને છોડીને જતા રહે છે. સારા થવા માટે અને સાધના કરવા માટે મહેનત કરવાનો કશો જ અર્થ નથી. અને તમારી આ વિચારસરણીને તમે ઠીક ઠીક આગળ લંબાવશો તો, એકાએક તમને આ બધી તકલીફનું મૂળ જડી આવશે—એટલે કે, તમે પોતાના સ્વાર્થને ખાતર યોગ કરવા માગતા હતા, તમારે તમારા પોતાના સ્વાર્થને ખાતર સંત પુરૂષ બનવું હતું; તમે એમ ધારેલું કે યોગ કરશો એટલે તમારી પરિસ્થિતિ વધુ સારી થશે અને તમારી ભલાઈના બદલામાં તમને મેવા મીઠાઈઓનું ઈનામ મળશે! પણ આવું તો કાંઈ બન્યું નહિ! તો, તમને આ જે નકાર મળ્યો છે એ તમારે માટેનો સારામાં સારો પાઠ છે. જ્યાં સુધી તમારી અભીપ્સા પાછળ ઈચ્છા છૂપાઈ રહેલી હશે, તમારા હૃદયમાં પ્રભુ સાથે સોદો કરવાની ભાવના હશે ત્યાં સુધી આવું જ બનતું રહેશે અને તમને ફટકા પડતા રહેશે. તમે સાચી ચેતના પ્રત્યે જાગૃત થશો, અને તેમાં કશી જ શરતો નહિ હોય, સોદા કરવાની વૃત્તિ નહિ હોય ત્યારે જ આ બધું બનતું અટકશે.

બાળક: મેં જ્યારથી યોગ કરવો શરૂ કર્યો છે ત્યારથી હું જોઉં છું કે મારી બધી વસ્તુઓ વધારે સારી બનવા લાગી છે. એટલે હું ધારું છું કે...

શ્રી માતાજી: કદાચ તમારી અભીપ્સા ખરેખર સાચી અને સ્વાર્થ વિનાની હશે. આવા પ્રસંગે વસ્તુઓ એ પ્રમાણે જરૂર બને છે.

બાળક: જો કોઈ માણસ પોતે ખરાબ અને દુષ્ટ રીતનું જીવન ગાળ્યા પછી, એકાએક બદલાવાનો નિર્ણય કરે તો, એને પેલો અંતરનો નાનકડો અવાજ તરત જ સાંભળવા મળે છે ખરો? અને એ માણસ કોઈ ખરાબ વસ્તુ કરે તો એવા દરેક પ્રસંગે એને એ અવાજ તરફથી ચેતવણી મળે છે ખરી?

શ્રી માતાજી: એમાં એ માણસમાં કઈ રીતનો દિશા પલ્ટો થયો છે, કેવું, આંતર પરિવર્તન થયું છે, તેના પર બધો આધાર રહે છે.—માણસમાં જો એકાએક જ ફેરફાર થઈ આવ્યો હશે, તો હા, તેને પેલા નાનકડા આંતર અવાજ વિષે તરત જ

સભાનતા થઈ આવે છે. પણ એ ફેરફાર જો ક્રમે ક્રમે થતો રહ્યો હશે તો સારામાં સારાં પરિણામો પણ ક્રમે ક્રમે આવશે. એમાં વસ્તુસ્થિતિનો આધાર દરેક દાખલામાં અલગ અલગ હોય છે—આપણે કોઈ અફર વિધાન કરી શકતા નથી. એમાં જો કોઈ એક રીતના ચિરાવા જેવું કે પ્રકાશ પ્રગટતો હોય તેના જેવું બનતું હોય છે તો હા, તરત જ તમને આંતરિક સૂચન મળે છે. આ સૂચન ભૂતકાળ અંગે પણ હોય છે. એટલે કે—તમે ભૂતકાળનાં કોઈ કર્મોનો વિચાર કરતા હશો તો તમને એક સ્પષ્ટ દર્શન મળી આવશે કે તમે અત્યારે છો તેની સરખામણીમાં ભૂતકાળમાં કેવા હતા. વળી, જ્યારે જ્યારે તમારા સ્વરૂપમાં સાચો ફેરફાર બની આવે છે, જ્યારે જ્યારે તમે કોઈ એક ખામી ઉપર વિજય મેળવો છો ત્યારે ત્યારે તમને વસ્તુઓનું એક સમગ્ર રીતે સ્પષ્ટ દર્શન થઈ આવે છે; જે વસ્તુઓ તમને તદ્દન સ્વાભાવિક જેવી લાગતી હોય છે તે હવે પડદા ઉપર એક કાળા ટપકારૂપે પસાર થતી રહે છે. તમને વસ્તુઓનું મૂળ દેખાય છે, કારણો અને પરિણામો દેખાય છે. તમારામાં જો એક ચોક્કસ અને સ્પષ્ટ રીતની સ્મરણશકિત હશે અને તમે જો અમુક સમયે, કહો કે દસ વર્ષના ગાળામાં, તમારું રૂપાંતર કરવા માટે, તમારી જાતનું વધુને વધુ સમર્પણ કરવા માટે સાચા દિલથી પ્રયત્નો કર્યા હશે, અને તમને જો, તમે પહેલાં કેવા હતા તે યાદ આવશે તો તમે કહેશો, 'આ તો શક્ય નથી, હું કાંઈ એવો ન હતો!' અને છતાં તમે એવા જ હતા, તમે પહેલાં એવા હતા. તમને પહેલાં જે વસ્તુ તદ્દન સ્વાભાવિક લાગતી હતી અને હમણાં તમને જે વસ્તુ સ્વાભાવિક લાગે છે એ બેના વચ્ચે એક એવી અવસ્થા પસાર થયેલી હોય છે કે તમે પેલા જ માણસ હતા એમ માની શકતા નથી. તમે પ્રગતિ કરેલી છે એનું આ સૌથી વધુ પાકું સૂચન છે.

બાળક: આપણે સાચેસાચ આધ્યાત્મિક માર્ગમાં પ્રવેશ કર્યો છે એમ ક્યારે કહી શકીએ?

શ્રી માતાજી: એમાં પહેલું લક્ષણ (દરેકને માટે એક જ પ્રમાણે, નથી હોતું) હું માનું છું કે, એવું હોય છે કે સમય જતાં તમને બીજી બધી વસ્તુઓ મહત્ત્વ વિનાની લાગે છે. સંજોગો એ રીતના ગોઠવાય છે તો તમારૂં આખુંયે જીવન, તમારી તમામ પ્રવૃત્તિઓ, સર્વે ક્રિયાઓ એમની એમ ચાલુ રહે છે. પરંતુ એ બધું તમને સાવ મહત્ત્વ વિનાનું લાગે છે. એ બધું તમારા અસ્તિત્વના હેતુરૂપ નથી રહેતું. હું માનું છું કે આ પ્રથમ લક્ષણ છે.

બીજી વસ્તુઓ પણ હોઈ શકે છે. દાખલા તરીકે, તમને એવી લાગણી થાય છે કે હવે એકેએક ચીજ બદલાઈ ગઈ છે, તમે હવે જુદી રીતે જીવન જીવી રહ્યા છો, તમારા મનમાં પહેલાં ન હતો તેવો પ્રકાશ આવ્યો છે, હૃદયમાં પહેલાં ન હતી તેવી શાંતિ આવેલી છે. આ રીતનો એક ફેરફાર તો જરૂર થાય છે; પણ ખરો નક્કર ફેરફાર તો સામાન્ય રીતે પાછળથી થાય છે. એવો ફેરફાર, પહેલેથી જ બની આવે એવું તો ભાગ્યે જ બને છે; સિવાય કે તમે આધ્યાત્મિક જીવન ગાળવાનો નિર્ણય કરો, એ પરિવર્તનની ક્ષણે એકાદ ઝબકારામાં આવો ફેરફાર બની આવે. કોઈક વાર, એ ફેરફાર એક મોટા આલોકરૂપે શરૂ થાય છે – તમારી અંદર એક મોટો આનંદ દાખલ થઈ જાય છે, પણ સામાન્ય રીતે પછીથી એ પાછળના ભાગમાં ચાલ્યો જાય છે, કારણ કે તમારામાં હજી ઘણી બધી અપૂર્ણતાઓ ટકી રહેલી હોય છે....(એમાં કોઈ ઘૃણાનો ભાવ નથી હોતો, પણ દરેક વસ્તુ તમને એટલી બધી તો ઓછા રસવાળી લાગે છે કે એને વિષે કશી મહેનત કરવા જેવું તમને લાગતું નથી. દાખલા તરીકે, તમે અમુક સ્થૂલ પરિસ્થિતિઓની વચ્ચે હો છો, આનંદદાયક કે ઉદ્વેગકારક – એ બંને આત્યંતિક છેડા અડતા હોય છે ત્યારે, તમે પોતાની જાતને કહેતા હો છો, 'એ બધું મને બહુ જ મહત્ત્વનું લાગતું હતું. પણ હવે એમાં કશું જ મહત્ત્વ રહ્યું નથી!' તમને એમ લાગે છે કે તમે સાચેસાચ બીજી બાજુએ ચાલ્યા ગયા છો.

કેટલાક લોકો એમ માને છે કે તમે એક ખૂણામાં શાંતિથી બેસી જઈને ધ્યાન કરી શકો તો એ આધ્યાત્મિક જીવનનું લક્ષણ કહેવાય! આ જાતનો વિચાર ખૂબ ખૂબ પ્રચલિત છે. હું બહુ કઠોર થવા તો નથી માગતી–પણ જે લોકો ધ્યાન માટેની પોતાની શકિત વિષે બડાઈ કરતા હોય છે તેઓમાંથી ઘણાખરા, એક કલાકમાંથી એક મિનિટ પણ ધ્યાન કરતા હશે એમ હું માનતી નથી. જેઓ સાચે-સાચ ધ્યાન કરતા હોય છે તેઓ બડાઈ મારતા હોતા નથી; તેમને માટે એ તદ્દન સ્વાભાવિક વસ્તુ હોય છે. આ વસ્તુ જ્યારે સ્વાભાવિક બની જતી હોય છે, એમાં જ્યારે તમને કશું ગૌરવ લેવા જેવું લાગતું હોતું નથી, ત્યારે જ તમે તમારી જાતને એમ કહી શકો છો કે તમે પ્રગતિ કરી રહ્યા છો. જે લોકો આ વિષે વાતો કરતા રહે છે અને એમ માને છે કે એને લીધે તેઓ બીજા કરતાં વધારે ઉચ્ચ કક્ષાના થયા છે, તો એમને માટે તમે ખાતરી રાખજો કે તેઓ પોતાનો મોટા ભાગનો વખત સંપૂર્ણ જડતાની સ્થિતિમાં જ પસાર કરતા હોય છે.

ધ્યાન કરવું એ ઘણું જ અઘરું છે. ધ્યાન અનેક રીતનાં હોય છે.... તમે કોઈ એક વિચાર લઈ શકો છો અને તેની પાછળ પાછળ જઈને અમુક પરિણામમાં

પહોંચી શકો છો-આ સક્રિય રીતનું ધ્યાન હોય છે. અમુક લોકો કોઈ પ્રશ્ન ઉકેલવાનો પ્રયત્ન કરતા હોય છે કે લેખન કરવા ઈચ્છતા હોય છે તો, તેઓ પણ-પોતે ધ્યાન કરી રહ્યા છે, તે જાણ્યા વિના-ધ્યાન કરતા હોય છે. તો બીજા કેટલાક વળી આસન લગાવીને બેસી જતા હોય છે અને કોઈ વિચારનું અનુશીલન કર્યા વિના, કોઈ વસ્તુ ઉપર એકાગ્ર થવાનો પ્રયત્ન કરતા હોય છે. એ લોકો એકાગ્ર થવાનો પ્રયત્ન કરતા હોય છે. એ લોકો પોતાની એકાગ્રતાની શકિતને વધુ તીવ્ર કરવા માટે માત્ર એક બિંદુ ઉપર એકાગ્રતા કરતા હોય છે; અને ત્યાર પછી તમે એક બિંદુ ઉપર એકાગ્રતા કરો અને સામાન્ય રીતે જે બનતું હોય છે તે બને છે. તમે કોઈ એક બિંદુ ઉપર, મનના, પ્રાણના કે શરીરના બિંદુ ઉપર એકાગ્રતાની તમારી શકિતને પૂરતા પ્રમાણમાં એકત્રિત કરવામાં સફળ થાઓ છો, ત્યારે અમુક ક્ષણે તમે એ બિંદુની આરપાર નીકળી જાઓ છો અને બીજી ચેતનામાં પ્રવેશ પામો છો. વળી બીજા કેટલાક લોકો પોતાના મગજમાંથી બધી ક્રિયાઓને, વિચારોને, પ્રતિસંવેદનો અને પ્રત્યાઘાતોને હાંકી કાઢવાનો પ્રયત્ન કરતા રહે છે અને આખરે એક સાચી નીરવ શાંતિમાં પહોંચે છે. આ ખૂબ જ મુશ્કેલ વસ્તુ છે. કેટલાક લોકોએ ૨૫ વર્ષ સુધી આ રીતે કરવાનો પ્રયત્ન કર્યો છે અને સફળ થયેલા નથી કારણ કે એ રીત તો આખલાને તેનાં શિંગડાંથી પકડવા જેવી વસ્તુ છે.

એક બીજી રીતનું ધ્યાન એવું છે કે એમાં તમે બની શકે તેટલા શાંત બની રહો છો, પણ એમાં તમે સર્વ વિચારોને અટકાવવાનો પ્રયત્ન કરતા નથી; કેમકે કેટલાક વિચારો સાવ યાંત્રિક જેવા હોય છે, અને એમને અટકાવવાનો પ્રયત્ન કરશો તો તે માટે તમારે વરસો જોઈશે—અને વળી પરિણામ શું આવશે તેની તમને કશી ખાતરી રહેશે નહિ. એમ કરવાને બદલે તમે તમારી આખીયે ચેતનાને ભેગી કરી લો છો, અને બને તેટલા શાંત અને શાંતિમય રહો છો. બાહ્ય વસ્તુઓમાં તમને જાણે જરા પણ રસ નથી એ રીતે તમે તેમાંથી તમારી જાતને પાછી ખેંચી લો છો. અને એકાએક તમે અભીપ્સાની પેલી જ્યોતિ પેટાવી લો છો અને તમારી પાસે જે જે કાંઈ આવે તે તમામને તમે એ જ્યોતિમાં હોમતા રહો છો અને એ રીતે એ જ્યોતિ વધુ ને વધુ ઊંચી ચડતી જાય છે, વધુ ને વધુ એ જ્યોતિ સાથે તમે તદ્રૂપ થઈ જાઓ છો અને તમારી ચેતના અને અભીપ્સાના અંતિમ બિંદુએ તમે પહોંચી જાઓ છો. તમે બીજા કશાનો વિચાર કરતા નથી-માત્ર, એક અભીપ્સા ઊંચે ચડતી રહે છે, ચડતી રહે છે—પરિણામનો તમે પળ માટે પણ વિચાર કરતા નથી, શું થશે અને ખાસ તો શું નહિ થાય તેનો કોઈ પણ વિચાર તમે કરતા નથી અને સૌથી વિશેષ તો તમને કાંઈક થાય એવી

ઈચ્છા પણ તમે નથી કરતા—એક અભીપ્સાનો આનંદ બની રહે છે, અને એ અભીપ્સા ઊંચેને ઊંચે ચડતી રહે છે, ચડતી રહે છે. એક સતત અખંડ એકાગ્રતામાં પોતાને વધુને વધુ તીવ્ર બનાવતી રહે છે—અને એવે વખતે, હું તમને ખાતરી આપું છું કે, જે વસ્તુ બનતી હોય છે તે શકય તેટલી સારામાં સારી વસ્તુ હોય છે. એટલે કે તમે આ વસ્તુ કરી રહ્યા હો છો તે ક્ષણે તમારી શકયતાઓનું ઊંચામાં ઊંચું શિખર સિદ્ધ થતું હોય છે. આ શકયતાઓ વ્યકિત વ્યકિતએ બહુ જુદા પ્રકારની હોઈ શકે છે; પણ એમાં પછી આપણે આ બધી જે ચિંતા કરીએ છીએ—નીરવતા મેળવવી, આભાસોની પાછળ જવું, જવાબ આપતી શકિતને બોલાવવી, તમારા પ્રશ્નોના જવાબ માટે રાહ જોવી, એ બધું એક અવાસ્તવિક વરાળની માફક અદ્રશ્ય થઈ જાય છે; અને તમે જો આ જ્યોતિમાં, ઊંચે ચડતી અભીપ્સાના આ સ્થંભમાં, સભાન રીતે રહેવામાં સફળ બની શકશો તો તમે જોશો કે તમને તાત્કાલિક પરિણામ કાંઈ ન પણ જણાય તો પણ, થોડા વખત પછી તમને કોઈક વસ્તુ આવી મળશે.

બાળક: આપણે અહીં ભેગાં મળીને જે એકાગ્રતા કરીએ છીએ તે વખતે અમારે શેના ઉપર એકાગ્રતા કરવી જોઈએ ?

શ્રી માતાજી: કોઈ મને કહી શકશે કે આ એકાગ્રતા એ શું છે અને આપણે તે શા માટે કરીએ છીએ ? આ ઘણો રસિક પ્રશ્ન છે અને દરેક જણને તેની સાથે સંબંધ છે. બોલો, કોઈ મને કહી શકશે કે આ એકાગ્રતા અને પેલું જેને 'સામાન્ય ધ્યાન' કહેવામાં આવે છે એ બે વચ્ચે શો તફાવત છે, એ આપણે શા માટે કરીએ છીએ અને એમાં શું થાય છે ?

બાળક: એમાં અમે દિવસમાં કરેલાં બધાં કાર્યોનું સમર્પણ કરીએ છીએ.

શ્રી માતાજી: હા. એ વ્યકિતગત બાજુ છે; અને કહો, સામૂહિક રીતે આ એકાગ્રતા શા માટે થતી હોય છે ? જુઓ, આનો જવાબ મળ્યો છે, પહેલા પગલામાં એણે અર્ધું ભર્યું છે:

બાળક: અમે અમારાં નબળાં સ્થાનો ઉપર એકાગ્રતા કરીએ છીએ અને તે ચાલ્યાં જાય તે માટે અભીપ્સા કરીએ છીએ.

શ્રી માતાજી: એ પણ વ્યકિતગત બાજુ છે.

આપણે પહેલાં (આશ્રમમાં*) જે ધ્યાન કરતાં હતાં તેમાં સવારે કે સાંજે જે ધ્યાન થતું તેમાં હું તમારા દરેકની ચેતનાને એકરૂપ કરીને મારાથી બની શકે તેટલી પ્રભુ પ્રત્યે ઊંચે લઈ જવાનું કામ કરતી હતી. જે લોકોમાં શકિત હતી તેઓ આ ક્રિયાનો અનુભવ કરતા હતા અને એ ક્રિયામાં આગળ વધતા હતા. એ સામાન્ય ધ્યાન હતું અને એમાં અભીપ્સા કરીને પ્રભુ તરફ આરોહણ કરવાનું બનતું હતું. અહીં પ્લેગ્રાઉન્ડમાં, જે કામ થાય છે તેમાં, હાજર રહેલા સર્વ લોકોને એકરૂપ કરવામાં આવે છે, તેમને ખુલ્લા કરવામાં આવે છે અને તેમનામાં દિવ્ય શકિતને નીચે લઈ આવવામાં આવે છે, આ ઉલટી ક્રિયા છે અને તેથી આ એકાગ્રતા, પેલા ધ્યાનનું સ્થાન લઈ શકતી નથી, તેમ જ પેલું ધ્યાન આ એકાગ્રતાનું સ્થાન લઈ શકે તેમ નથી. અહીં જે બને છે તે એક અસાધારણ વસ્તુ છે. પેલું બીજું ધ્યાન (આશ્રમમાંનું) છે. એમાં એમ થતું કે હાજર રહેલા સૌની ચેતનાને એકત્રિત કરી લેવામાં આવતી હતી અને અભીપ્સાની શકિત દ્વારા, તેને પ્રભુ તરફ ઊંચે લઈ જવામાં આવતી હતી; એટલે કે, તમને દરેકને તમારી પોતાની અંદર થોડીક આગળ પ્રગતિ કરાવવામાં આવતી હતી. એથી ઊલટું અહીં હું, તમે જેવા છો તેવા તમને લઈ લઉં છું. દરેક જણ એમ કહેતો આવે છે: 'આ અમે અમારાં આજનાં કાર્યો લઈને આવ્યા છીએ, અમે અમારા શરીર વડે કામ કરતા હતા, આ રહ્યું એ શરીર; અમે અમારી સર્વે ક્રિયાઓ, જે રીતે અમે કરી છે—બરાબર તે જ રૂપોમાં, અમે જેવા છીએ બરાબર તે જ રૂપમાં તમને અર્પણ કરીએ છીએ.' અને મારું કામ એ બને છે કે હું એ બધી વસ્તુઓને એકરૂપ કરું છું, એમાંથી એક સંવાદમય સમગ્રતાવાળી વસ્તુ ઊભી કરું છું અને, આ જે અર્પણ કરવાની ક્રિયા થાય છે (કે જે દરેક જણ પોતપોતાની રીતે જુદી જુદી રીતે કરી શકે છે.) તેના જવાબમાં આખીયે ચેતનાને ખોલી આપું છું, ગ્રહણશીલતાને વિશાળ કરી આપું છું. આ ગ્રહણશીલતાની એક એકતા રચી આપું છું અને શકિતને નીચે લઈ આવું છું; અને એ ક્ષણે પછી તમને દરેક જણને, તમે જો ખૂબ જ શાંત અને ધ્યાનમય હશો તો કાંઈક મળતું રહેશે. તમે હંમેશાં સભાન તો નહિ રહો, પણ તમને કંઈક મળતું રહેશે.

---

*લાંબા વખત સુધી ધ્યાન આશ્રમની અંદર જ થતાં હતાં. પછી શિષ્યોની સંખ્યા વધતી ગઈ તેમ જ રમતોનું મહત્ત્વ વધવા લાગ્યું ત્યારે, આ ધ્યાનને બદલે આશ્રમના પ્લેગ્રાઉન્ડમાં 'એકાગ્રતા' થવા લાગી.

(માર્ચ, ૧૯૬૪માં શ્રી માતાજીને નીચેનો પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો:)

પ્રશ્ન: પરંતુ હવે તો આપ ધ્યેગ્રાઉન્ડની એકાગ્રતા વખતે શરીરથી ત્યાં હાજર હોતાં નથી ત્યારે ત્યાં શું બનતું હોય છે ?

શ્રી માતાજી: હું આશા રાખું છું કે લોકોએ કાંઈક પ્રગતિ કરી હશે અને શક્તિ અને સહાયનો અનુભવ પ્રાપ્ત કરવા માટે શારીરિક હાજરીની તેમને જરૂર નહિ પડતી હોય.

૧૫ ફેબ્રુઆરી, ૧૯૫૧.

શ્રી માતાજી, 'માતાજીની વાણી' પુસ્તકમાંથી
સ્વપ્નો અને દર્શો વિષેના ત્રીજા વાર્તાલાપમાંથી
વાંચે છે, પછી....

બાળક: મને ઘણીવાર રેલ્વેનાં સ્વપ્નો આવે છે. તેમાં હું જોઉં છું કે, હું ઘણીવાર ગાડી ચૂકી જતો હોઉં છું...

શ્રી માતાજી: એ વસ્તુ ખૂબ સૂચક છે!

બાળક: કારણ કે મારી પાસે સરસામાન ઘણો હોય છે. હું ગાડી પાછળ દોડું છું અને કેટલીક વાર હું છેલ્લો ડબો પકડી પાડીને અંદર કૂદી પડવામાં સફળ થાઉં છું.

શ્રી માતાજી: ટ્રેન, સ્ટીમર અને મને લાગે છે કે એરોપ્લેન પણ, જેઓ યોગ કરતા હોય છે તેમને માટે તેમના માર્ગનું અને તેમને દોરી જતી શક્તિનું સૂચન કરે છે. તમે જો તમારો સમય નકામો વેડફી નાખતા હો કે તમારી પાસે ઘણો સરસામાન હોય કે તમે એના વિષે ઘણો મોડો વિચાર કરતા હો તો તમે રસ્તો ભૂલી જઓ છો અને તમારે તેને પકડી પાડવા માટે સખત દોડવું પડે છે.

એના જેવાં ઘણાં સ્વપ્નો એવાં હોય છે કે જે, તમે જે અવસ્થામાં હો છો તેનો સ્પષ્ટ નિર્દેશ કરતાં હોય છે.

બાળક: જ્યારે હું કલકત્તામાં હતો ત્યારે, મને એવું સ્વપ્ન આવેલું કે કોઈ સફેદ પોશાક ધારણ કરેલી વ્યકિત, આપે જેને 'નવસર્જન' (ટયુબ રોઝ) નામ આપ્યું છે તે ફૂલ લઈને મારી પથારી પાસે આવતી. તે વખતે હું એ ફૂલનો અર્થ જાણતો ન હતો. એ તો હું અહીં આવ્યો ત્યારે જ મારા જાણવામાં આવ્યો. જે વ્યકિત-સ્વરૂપને હું જોતો હતો તે આપને મળતું આવતું હતું.

શ્રી માતાજી: જો ઉપયોગ કરતાં આવડે તો સ્વપ્નો ઘણાં રસદાયક બની શકે છે.

બાળક: સ્વપ્ન વિનાની નિદ્રા કયા પ્રકારની હોય છે?

શ્રી માતાજી: જો તમે તમારા મન અને પ્રાણને શાંત કરી દેવામાં સફળ થાઓ, અને શરીરને પણ નિશ્ચલ અને સારી પેઠે નિદ્રાધીન કરી રાખો, અને પછી, જો તમે આ સ્વરૂપોની બહાર નીકળવાની ક્રિયા કરી શકો અને ઊર્ધ્વનાં જગતોમાં પ્રવેશ કરો, તો સાચે જ તમે સચ્ચિદાનંદની સાચી શાંતિમાં પ્રવેશ કરી શકો.

બાળક: જેમને આપણે આપણા સામાન્ય જીવનમાં પાછળથી મળીએ છીએ અને ઓળખીએ છીએ એવી વ્યકિતઓને આપણે એ અગાઉ સ્વપ્નમાં મળીએ છીએ અને જાણીએ છીએ, એવું કેમ બનતું હશે?

શ્રી માતાજી: એમાં અનેક શકયતાઓ રહેલી હોય છે. પરંતુ ઘણું ખરું એનું કારણ એ હોય છે કે મનોમય સ્તર ઉપર કે પ્રાણમય સ્તર ઉપર અથવા સૂક્ષ્મ ભૌતિક સ્તર ઉપર તમારી અને તેમની વચ્ચે કોઈ એક પ્રકારનો સંબંધ સ્થાપિત થયેલો હોય છે અને આ પ્રકારના સંબંધને કારણે જ ભૌતિક જીવનમાં તેમની સાથે મેળાપ થવાની ઘટના પાછળથી બની આવે છે. એમાં તમને જે સ્વપ્ન આવે છે તે કેવળ એક પૂર્વદર્શન હોતું નથી પણ એ એક આવશ્યક જરૂરિયાત પણ હોય છે. તમારે એ લોકો સાથે એટલો બધો નિકટનો આંતર સંબંધ હોય છે કે જેને કારણે તમે એમની સાથે તમારી નિદ્રાવસ્થા દરમિયાન સંપર્કમાં આવો છો અને પાછળથી સંજોગો એવી રીતે ગોઠવાય છે કે જેને પરિણામે તમારે તેમને ભૌતિક-રૂપમાં મળવાનું પણ બને છે. કેટલીકવાર એ ફકત પૂર્વદર્શન જ હોય છે, પણ એવા પ્રસંગે એ સ્વપ્ન અમુક ખાસ પ્રકારનું હોય છે. તમે સ્વપ્નમાં કોઈનું આગમન થતું જુઓ છો અને ખરેખર કેટલાક વખત પછી એ વ્યકિત આવે પણ છે.

સામાન્ય રીતે એમાં એક અગાઉથી સ્થાપિત થઈ ગયેલો સંબંધ હોય છે; એ કોઈ એવી વ્યકિત હોય છે કે જેને તમે મળતા હો છો, જેની પાસે અવારનવાર

જતા હો છો જેની સાથે વાતચીત કરતા હો છો, અને જેની સાથે રાત્રીના કેટલાક કલાક ગાળતા હો છો. એ પછી જ્યારે તમે તેને ભૌતિક જીવનમાં મળો છો ત્યારે તમને એવી લાગણી થાય છે કે તમે એકબીજાને સારી રીતે ઓળખો છો. અને એ વસ્તુ સાચી પણ હોય છે કારણ કે તમે એક બીજાને ભૌતિકરૂપે મળો, તે અગાઉ એકબીજાના પરિચયમાં હો છો.

બાળક : ખોટાં સૂક્ષ્મ દર્શનો ન હોઈ શકે?

શ્રી માતાજી : તમે જે વસ્તુ જોઈ ન હોય તેની તમે વાત કરતા હો તો દેખીતી રીતે એ એક ખોટું દર્શન છે! અને તમે તમને થયેલા દર્શનનું બયાન આપતી વેળાએ તેના ઉપર લપેડા લગાવો, તેની પુનર્રચના કરો, તેમાં ફેરફાર કરો, તો એ એક ખોટું સૂક્ષ્મ દર્શન બને છે. પરંતુ તમે તદ્દન સાદી રીતે, બરાબર જે પ્રમાણે બન્યું હોય તે જ પ્રમાણે કહો તો તેમાં ખોટું શું હોઈ શકે? તમારું અર્થઘટન ખોટું હોઈ શકે-તમે એમ કહેતા હો કે, 'આ સૂક્ષ્મ દર્શનનો અર્થ આ પ્રમાણે છે.' તો તમે એમાં એક મોટી ભૂલ કરતા હો એમ બની શકે. પરંતુ તમે જે જોયું હોય છે તે તો જોયેલું જ હોય છે, અને તમે જે નથી જોયું હોતું તે નથી જ જોયું હોતું! અને એ વસ્તુનું મને હંમેશાં આશ્ચર્ય થાય છે!...તમે જોયું હતું? જો હા, તો તમે જોયેલું છે. તમે જે જોયું હોય તેનો કોઈ ખુલાસો આપો તો એ અલગ વસ્તુ એક બની રહે છે. પણ તમે જે જોયું હોય છે તે તો, તમે જોયેલું જ રહે છે!

સામાન્ય રીતે, પોતે જે કાંઈ જોયું હોય તેની છાપમાં આમતેમ ફેરફાર કરનારા લોકો તરફથી આ પ્રકારનો પ્રશ્ન ઉભો કરવામાં આવે છે. એ લોકોને કદાચ એક ઝબકારામાં એક નાની સરખી વસ્તુનું દર્શન થયું હોય છે અને પછી જાણ્યે કે અજાણ્યે, સભાનપણે કે અભાનપણે એ લોકો એમાં ફેરફાર કરે છે; એકાદ વસ્તુ અહીં ઉમેરે છે તો બીજી વસ્તુ ત્યાં ઉમેરે છે. એક નાની સરખી સમજૂતી આપે છે, વસ્તુને સુસંકલિત કરે છે અને જ્યારે એ આખીયે વસ્તુ બરાબર બંધબેસતી થઈ છે એમ તેમને લાગે છે ત્યારે તેઓ કહે છે કે, 'મને આ વસ્તુનું દર્શન થયેલું; પરંતુ એ લોકો એ વસ્તુનું જે રીતનું વર્ણન કરતા હોય છે તેવું હકીકતમાં હોતું નથી. ...એમાં એક રીતનો મનોમય સત્યનિષ્ઠાનો અભાવ હોય છે. એ આપોઆપ જ કાર્ય કરતી હોય છે-જ્યારે મન એક વસ્તુ અહીં જુએ છે, બીજી વસ્તુ તહીં જુએ છે અને ત્રીજી વસ્તુ વળી ત્રીજેજ ઠેકાણે જુએ છે, ત્યારે એ પ્રકારની વસ્તુસ્થિતિ એને ગમતી નથી. એ વચમાંની ખાલી જગ્યાઓ પૂરી

લે છે; એ કહે છે કે, 'એનો અર્થ આ પ્રમાણે છે.' 'આનું કારણ આ છે,' વગેરે વગેરે. મનને આ બધું કરવામાં ખૂબ મઝા પડે છે, કારણ કે એ આખી વસ્તુ તર્કસંમત હોય છે. જુદાં જુદાં બિંદુઓ વચ્ચે મન જે વસ્તુ વડે ખાલી જગ્યા પુરે છે તે કેટલીક વાર કદાચ સાચી હોય છે, તો કેટલીક વાર એ ખોટી પણ હોઈ શકે છે.

આ રીતનો પ્રશ્ન કરવા કરતાં તો તમે તમારી જાતને એ પૂછો કે તમારી પાસે એવું મન છે કે જે શાંત રહી શકે, જે સમગ્રપણે સત્યનિષ્ઠ હોય, જેનું વલણ તદ્દન વસ્તુગત હોય, જે ચીવટપૂર્વક પોતે જોયેલી હોય તે વસ્તુ વિષે જ કહેતું હોય; કે પછી તમારું મન એવું છે કે જે પ્રવૃત્તિઓથી ઉભરાઈ રહેલું હોય, જે કોઈ પણ વસ્તુ જુઓ કે તરત જ આપોઆપ એમાં પોતાનું મીઠું મરચું ભભરાવી દે, અને એમ કરીને એમાંથી એક મોટી વાત બનાવી લે. તમે માની લો છો કે તમે એવું બધું જોયેલું, જ્યારે હકીકતમાં તમે જે જોયું હોય છે તે કોઈ રીતે એ પ્રકારનું હોતું નથી. અને વસ્તુ સ્થિતિ જો એમ હોય, તો તમે કહી શકો કે દર્શનો સત્યપૂર્ણ નથી. પણ એમાં દર્શનનો દોષ નથી હોતો, તમે જે જોયેલું તે તો જોયેલું જ છે; એમાં જે દોષ હોય છે તે કાંતો એનો જે રીતનો અર્થ ઘડી કાઢવામાં આવ્યો હોય છે તેમાં હોય છે કે પછી તેનું રંગરોગાનવાળું વર્ણન કરવામાં આવે છે તેમાં રહેલો હોય છે. મારી પાસે કેટલાક એવા સરસ દાખલાઓ છે જેમાં એ લોકોને કેટલીક ગૂહ્ય રહસ્યો પ્રગટ કરતી વસ્તુઓનાં દર્શન થયેલાં પણ એ લોકોને એમાં કાંઈ સમજણ પડેલી નહિ. એ ક્ષણે તો એમણે આપોઆપ જે વસ્તુઓ જોયેલી તે જ રીતની કહેલી પણ પછી અર્ધા કલાકમાં એની એ વાત એમણે જરાક જુદી રીતે કરી. એમાં ખાલી જગ્યાઓ પૂરી લેવામાં આવી હતી અને છેવટે એમાંથી એક પાયાદાર લાગે તેવી વાર્તા બનાવી લેવામાં આવી હતી અને એ રીતની એ વાર્તા તો તદન મૂર્ખાઈ ભરેલી વસ્તુ હતી, એમાં કોઈ અર્થ ન હતો; જ્યારે મૂળમાં જે થોડીક વસ્તુઓ એમણે જોઈ હતી તે ખરેખર અદભૂત રહસ્યો ખુલ્લાં કરનારી હતી.

(મૌન)

સૂક્ષ્મ દર્શનો જોવાની તમારી શકિત જો સાહજિક અને સત્યનિષ્ઠાવાળી હોય છે તો તે તમને, તમે જે ઘટનાઓને તમારી બાહ્યચેતના વડે જાણી શકતા નથી, તેમના સંપર્કમાં મૂકી આપી શકે છે...એ એક રસપ્રદ હકીકત છે કે વિશ્વમાં બનતી પ્રત્યેક ઘટનાનું ચોક્કસ અને સંપૂર્ણ વૃત્તાન્ત પાર્થિવ મનના કોઈક ઠેકાણે, પાર્થિવ પ્રાણના કોઈક ઠેકાણે, સૂક્ષ્મ શારીરિકના કોઈક ઠેકાણે, આપોઆપ નોંધાયેલું તમને

મળી આવી શકે છે. એ સ્મરણ ભંડાર એવો તો અતિકાય છે કે જેનો ખ્યાલ તો તમારી કલ્પના શકિત જો વિશાળમાં વિશાળ અને વિસ્તારક્ષમ હોય તો જ આવી શકે. એ સ્મરણિકા કશું ચૂકતી નથી. કશું ભૂલતી નથી, દરેક વસ્તુની નોંધ રાખે છે. અને જો તમે તેમાં પ્રવેશ કરી શકો તો તમે આગળ જઈ શકો છો, પાછળ જઈ શકો છો, સર્વ દિશાઓમાં જઈ શકો છો અને તમને સર્વ વસ્તુઓની સ્મૃતિ પ્રાપ્ત થઈ શકે છે; કેવળ ભૂતકાળની વસ્તુઓની જ નહિ પણ જે વસ્તુઓ ભવિષ્યમાં બનવાની હોય છે તેની પણ; કારણ કે ત્યાં સર્વ વસ્તુઓની નોંધ હોય છે.

દાખલા તરીકે, મનોમય જગતમાં, મનોમય-ભૌતિક તત્ત્વનો એક એવો પ્રદેશ છે જેને ભૌતિક વસ્તુઓ સાથે સંબંધ છે અને જે પૃથ્વી ઉપર બનતી તમામ ભૌતિક વસ્તુઓની નોંધ રાખે છે. એ પ્રવેશમાં પ્રવેશ કરતાં તમને જણાય છે કે તમારી સમક્ષ અનંત સંખ્યામાં એક પછી એક ગોઠવાયેલા અનેક ભંડારો આવી રહેલા છે; એ ભંડારો એક ઉપર એક ગોઠવેલા અસંખ્ય ઘોડાઓથી ભરચક ભરેલા છે અને એ ઘોડાઓને નાનાં નાનાં ખાનાં હોય છે. અને પછી જયારે તમારે કંઈક વસ્તુ જાણવી હોય છે, અને તમે સભાન હો છો તો, ત્યાં તમે તમારી દષ્ટિ નાખો છો; તમને ત્યાં એક નાનું સરખું ટપકું દેખાય છે-એ ટપકું ચળકતું હોય છે. તમને જાણે કે ખબર હોય છે કે તમારે જે વસ્તુ વિષે જાણવું છે તે વસ્તુ ત્યાં છે. અને પછી, એ ખૂલી જાય છે. જયારે એ ખૂલે છે ત્યારે એમાંથી હસ્તપ્રતો જેવી ખૂબ સૂક્ષ્મ વસ્તુઓનો વીંટો ઊકલતો જાય છે. હવે એ સમયે, જો તમારી એકાગ્રતા પૂરતા પ્રમાણમાં સઘન હશે, તો તમે એમાંથી જાણે એક પુસ્તક વાંચતા હો એ રીતે વાંચવા લાગશો અને પછી તમારે જાણવી હતી તે આખી વાત, તેની તમામ વિગતો સાથે ત્યાંથી મળી આવશે. ત્યાં આવાં હજારો નાનાં નાનાં ખાનાં હોય છે. જયારે તમે ત્યાં ચાલતા હો છો ત્યારે જાણે કે તમે અનંતતામાં ચાલતા હો એવી લાગણી થાય છે. અને આ રીતે જે કોઈ વસ્તુ વિષે તમે જાણવા ઈચ્છતા હશો તે વસ્તુની ચોક્કસ વિગતો તમને મળી આવે છે. મારે તમને કહેવું જોઈએ કે ત્યાં જે વસ્તુઓ નોંધાયેલી છે તેમનો ઉલ્લેખ કરવામાં આવેલો નથી. ઈતિહાસો તો હમેશાં ઊપજાવી કાઢેલા હોય છે. એવી કોઈ 'ઐતિહાસિક' ઘટના મેં જોઈ નથી કે જે ખરા અર્થમાં ઈતિહાસ જેવી હોય. મારો આમ કહેવાનો હેતુ તમને ઈતિહાસ વાંચવામાં નિરૂત્સાહ કરવાનો નથી, પણ સત્ય હકીકત તો મેં કહી તેવી જ છે. કહેવાતા ઈતિહાસમાં ઘટનાઓની રજૂઆત જે રીતની કરવામાં આવી હોય છે તેથી તદ્દન જુદી રીતની એ બનેલી હોય છે. એમની એ રીતની રજૂઆત

થવાનું કારણ તદ્દન સાદું છે: વસ્તુઓની ચોક્કસપણે નોંધ લેવાનું માનવમન માટે શકય જ નથી. ઈતિહાસની રચના, વ્યકિતઓનાં સંસ્મરણોમાંથી થાય છે અને સ્મરણો હમેશાં અસ્પષ્ટ હોય છે. તમે લેખિત સંસ્મરણોનો દાખલો લો તો જણાશે કે જે વ્યકિતએ તે સંસ્મરણો લખેલાં હશે, તેણે પોતાને જેમાં રસ પડેલો હશે તેવી ઘટનાઓ જ જોઈ હશે, તે જ તેના ધ્યાનમાં અથવા જાણવામાં આવી હશે. અને તેણે તેવી અને તેટલી ઘટનાઓ વિષે જ લખ્યું હશે. એટલે એનું એ લખાણ આખી યે ઘટનાનો એક નાનો સરખો અંશ જ હશે. જયારે ઈતિહાસકાર કોઈ બનાવનું વિવરણ કરતો હોય છે ત્યારે જેમ સ્વપ્નોનાં વર્ણન આપવાની બાબતમાં બને છે તેવી જ રીતની વસ્તુ તેમાં બને છે. તમે પ્રથમ એક મુદ્દો લો છો, પછી બીજો અને વળી પછી ત્રીજો અને એ રીતે જે વસ્તુ બનેલી તે તમારી આગળ તાદ્રશ ખડી થઈ શકે છે એમ માનવામાં આવે છે. અને વધારામાં તમે એમાં તમારી કલ્પનાશકિતનું થોડુંક ઉમેરણ કરીને ખૂટતી કડીઓ સાંધી લો છો. લોકોને તો ક્રમબદ્ધ વાર્તા જોઈતી હોય છે. ઘટનાઓ અથવા ક્ષણોની વચમાં જે ખાલી લાગતા ગાળાઓ હોય છે તેમને એ લોકો તેમનાથી બની શકે તેમ હોય તે રીતે, અથવા ખાસ કરીને તો એ લોકોની જે માનસિક, પ્રાણમય અને એવી જે બીજી પસંદગીઓ હોય છે, તે રીતની કલ્પનાઓથી તેમને પૂરી લે છે-અને એમાંથી પછી તમારે જે ભણવો પડે છે તે ઈતિહાસ રચાય છે. એકની એક જ વાત, એક દેશમાં એક રીતે અને બીજા દેશમાં બીજી રીતે, એક ભાષામાં એક રીતે અને બીજી ભાષામાં બીજી રીતે કહેવાતી હોય તો એ વસ્તુ કેટલી બધી રમૂજ ઉપજાવનારી હોય છે એનો તમને કદાચ ખ્યાલ પણ નહિ આવે ! જયારે કોઈ દેશ પોતાના ગૌરવ કે પ્રતિષ્ઠા માટે આવી વસ્તુઓમાં રસ લેતો હોય છે ત્યારે મોટે ભાગે આવું જ બને છે. છેવટે, જયારે એ રીતનાં બે ચિત્રો તમારી પાસે રજૂ કરવામાં આવે છે ત્યારે એ પરસ્પરથી એટલા બધાં તો જુદાં હોય છે કે તમને એમ જ લાગે કે બે જુદી જુદી વસ્તુઓની વાત કહેવામાં આવી રહી છે. આ વાત કદાચ માન્યામાં ન આવે! પણ મેં જોયું છે કે જયારે ઘટનાઓ કેવળ બાહ્ય અને સ્થૂલ પ્રકારની જ હોય છે, જેમાં તેમનાં મૂલ્યાંકનનો પ્રશ્ન પણ નથી હોતો, ત્યારે પણ આવું જ બને છે. કોઈ પણ માનવીનું મગજ એવું નથી હોતું કે જે કોઈ પણ વસ્તુને તેના પૂર્ણરૂપમાં સમજવાને સમર્થ હોય. જે લોકો ખૂબ વિદ્વાન, મહાન પંડિત, વધુમાં વધુ સત્યનિષ્ઠ હોય છે તેઓમાં પણ કોઈ વિષયને, ખાસ કરીને વિવિધ વિષયોને પૂર્ણપણે જોવાની દષ્ટિ હોતી નથી. એ લોકો કોઈ પણ વિષયની બાબતમાં જે કાંઈ જાણતા હોય છે, જે કાંઈ સમજતા હોય છે તેટલા પ્રમાણમાં વિવરણ કરે છે. પણ એમાં જે વસ્તુ તેઓ જાણતા નથી હોતા,

જે વસ્તુ તેઓ સમજતા નથી હોતા, એ વસ્તુ હકીકતમાં એ વિષયમાં હોવા છતાં એમના કથનમાં આવતી નથી અને પરિણામે રજૂ થયેલી આખી વસ્તુમાં ફેરફાર થઈ જાય છે.

પરંતુ તમે જો પૃથ્વીના આ સ્મરણ ભંડારમાં પ્રવેશ કરવાની આવડત કેળવી હશે તો હું તમને ખાતરી આપું છું કે એને માટેની મહેનત સાર્થક નીવડે છે. યોગ કરતાં એ તદ્દન જુદી વસ્તુ છે; એને માટે આધ્યાત્મિક જીવનની જરૂર પણ નથી. ફક્ત તમારામાં એક વિશેષ પ્રકારનું સામર્થ્ય હોવું જોઈએ.

સર્વ વસ્તુઓ માટે - મારી પાસે સમય હોય તો આની આજ વાત હું તમને અનંતકાળ લગી વારંવાર કહ્યે જાઉં - સર્વ વસ્તુઓ માટે, તદ્દન સત્યનિષ્ઠ બનવું જરૂરી છે. જો તમારામાં અંતરની સચ્ચાઈ નહિ હોય તો તમે તમારી જાતને છેતરવાની શરૂઆત કરશો અને તમારી સર્વ અનુભૂતિઓ કોઈ પણ જાતના અર્થ વિનાની હશે. પરંતુ તમારામાં જો અંતરની સચ્ચાઈ હશે અને જરૂરી તાલીમ વડે (કારણ કે એ વસ્તુ સહજમાં થઈ શકે તેવી નથી) તમે જગતની મનોમય સ્મરણિકામાં પ્રવેશ કરી શકશો, તો તમને એવી એવી વસ્તુઓ જડી આવશે કે જે તમને તમારી મહેનતનો બદલો આપી રહેશે.

૧૭ ફેબ્રુઆરી, ૧૯૫૧

શ્રી માતાજી 'ખોટાં સૂક્ષ્મ દર્શનો'
('વાર્તાલાપો' - ૧૯૨૯)માંના એક
ફકરાથી શરૂઆત કરે છે:

ભાળક: જો સૂક્ષ્મ દર્શનમાં આપણને અમુક સ્વરૂપ દેખાય, અને જે સ્વરૂપ હોવાનો એ દેખાવ કરતું હોય તે સ્વરૂપ, એ હકીકતમાં ન હોય, તો એ સૂક્ષ્મ દર્શન ખોટું કહેવાય ?

શ્રી માતાજી: જ્યારે લોકો 'ખોટાં સૂક્ષ્મ દર્શનો' વિષે વાત કરતા હોય છે ત્યારે એમના કહેવાનું તાત્પર્ય એ રીતનું હોય છે એમ હું ધારતી નથી. એ લોકો તો જ્યારે એવી કોઈ વસ્તુનું સૂક્ષ્મમાં દર્શન કરે છે જે હકીકતમાં અસ્તિત્વમાં નથી હોતી એમ તેઓ માનતા હોય છે ત્યારે તેઓ એને 'ખોટું સૂક્ષ્મ દર્શન કહે છે,' અને ત્યારે હમેશાં હું તેમને જવાબ દઉં છું, 'જે વસ્તુ તમે જોઈ તેના વિષે તમે વિચાર કરેલો ? તમે એવું દર્શન થાય તે માટે પ્રયત્ન કરેલો? એમાં તમારી કોઈ કલ્પના કે ઈચ્છા સમાયેલી હતી ખરી? જો એવું કાંઈ હોય તો એ ખોટું જ હશે'. પરંતુ હમણાં તમે પૂછી રહ્યા છો એ એક બીજી વસ્તુ છે. જો કોઈ પ્રેતાત્મા એવો દેખાવ કરતો હોય કે તે પોતે અમુક વ્યકિત છે, અને હકીકતમાં તે વ્યકિત ન હોય, અને છતાં તમે એના ઉપર વિશ્વાસ મૂકતા હો, તો એનો અર્થ એ નથી

કે તમે જોયેલું સૂક્ષ્મ દર્શન ખોટું છે, એનો અર્થ તો એટલો જ થાય કે તમે સૂક્ષ્મ દર્શનની જે વ્યાખ્યા બાંધેલી તે ખરી નથી, તમારામાં એવી વિવેક શકિત નથી કે જેથી તમે એ પ્રપંચને સમજી શકો. ઘણા સમય સુધી મારી સાથે એવા લોકો રહેતા હતા કે જેઓ એમ કહેતા હતા કે તેમણે મારાં દર્શન કરેલાં (એ લોકોને મારું દર્શન થયાનાં અત્યંત બૂરાં પરિણામો આવેલાં; એમના ઉપર અનેક પ્રકારની આપત્તિઓ આવી પડેલી); ખરી વાત એમ હતી કે કોઈ એવી શકિતઓએ આવીને એમને ભ્રમમાં નાખેલા કે એ હું છું. એ કૉમિકનો અંત આણવા માટે મેં એ લોકોને એક બહુ સરળ ઉપાય બતાવેલો.

આ સિવાય બીજી કેટલીક વસ્તુઓ પણ હોય છે; મને સાદ કરવામાં આવે અને હું પ્રત્યુત્તર વાળું છું; પરંતુ પાછળથી લોકો જે વસ્તુને જુએ છે તે લગભગ હંમેશાં એમની પોતાની મનોમય રચનાનું જ પરિણામ હોય છે. એ લોકો મારી પાસે કોઈ ખાસ કામ કરાવવા માગતા હોય છે અને એજ વસ્તુ બને છે. જ્યારે એ લોકો મારી પાસે આવીને મને કહે છે કે 'આજ રાત્રીએ આપ પધાર્યાં હતાં.' ત્યારે હું એ વસ્તુની ચકાસણી કરું છું. સાચું પૂછો તો એમાં એવું બન્યું હોય છે કે એ લોકોએ મને પુકાર કરી બોલાવેલી અને હું ત્યાં ગયેલી. પરંતુ તે પછી હકીકતમાં જે વસ્તુ બનેલી અને જે વસ્તુ એ લોકોએ જોયેલી એ બે વસ્તુઓની સરખામણી કરવા જાઉં છું ત્યારે ઘણું ખરું એ બે વચ્ચે ઘણો તફાવત જણાય છે, કારણ કે એ લોકોએ જે વસ્તુ જોઈ હોય છે તેમાં સત્ય વસ્તુ સાથે તેમની કામનાની વસ્તુનું સારા પ્રમાણમાં મિશ્રણ હોય છે. ત્યારે હું એ લોકોને કહું છું, 'તમારું સૂક્ષ્મ દર્શન અમુક અંશે ખોટું છે; એ ખરું કે હું આવેલી ખરી, પરંતુ તમે જે મારી પાસે કરાવેલું તે હકીકતમાં તમે મારી પાસે કરાવેલું.'

(શ્રી માતાજી આગળ વાંચે છે.)

"...એ વસ્તુ જરૂરી છે કે તમે તમારું સમર્પણ જડ પથ્થરની જેમ ન કરો. એને બદલે તમારી સંકલ્પ શકિતને 'પ્રભુની તપઃશકિત'ના હાથમાં સોંપી દો."

માણસો પોતાની સંકલ્પ શકિતનું સમર્પણ કેવી રીતે કરે છે? ...કેટલાક લોકો જ્યારે પોતાની સંકલ્પ શકિતનું સમર્પણ કરે છે, ત્યારે હકીકતમાં તો તેઓ સંકલ્પ કરવાનું જ મૂકી દે છે! આમ કરવું તેમને સહેલું પડે છે, પરંતુ એ તો સ્પષ્ટ જ છે કે એમ કરવું એ યોગ્ય પધ્ધતિ નથી.

ખરી વાત તો એ છે કે કોઈ વ્યકિત 'પ્રભુની તપઃશકિત' શું છે તે જાણતો જ ન હોય તો પછી પોતાના સંકલ્પનું 'પ્રભુ'ને સમર્પણ કયી રીતે કરી શકે? આ સાચે જ એક રસપ્રદ સમશ્યા છે.

બાળક: કેટલાક લોકો એમ માનતા હોય છે કે બહારથી એમની પાસે જે કાંઇ આવે છે તે બધું જ પ્રભુનો 'સંકલ્પ' છે, અને એ લોકો એને એમને એમ સ્વીકારી લે છે.

શ્રી માતાજી: દુર્ભાગ્યે એ એક હકીકત છે! પરંતુ એમાં તો એ લોકો મોટે ભાગે વૈશ્વિક સંકલ્પનો અથવા તો જે કોઇ બળવાન હોય તેવા સંકલ્પનો, જેમને તેમ, સ્વીકાર કરી લે છે.

બાળક: મનુષ્યે પોતાના સંકલ્પ પ્રમાણેના કર્મોનું પ્રભુને સમર્પણ ન કરી દેવું જોઇએ? એટલે કે, સૌથી પહેલાં તો પોતે ધારેલું કર્મ કરવું અને પછી એને અર્પણ કરી દેવું?

શ્રી માતાજી: જો એમાં બની શકે તો તમારે તમારા સંકલ્પોને શાંત કરી દેવા જોઇએ અને પછી અંતરમાંથી શું અવાજ આવે છે તેની રાહ જોવી જોઇએ? આમ કરવું વધુ ડહાપણ ભર્યું ગણાય.

ઠીક તો, હવે આપણે આપણા સંકલ્પને પ્રભુને અર્પણ કરવાના અનેક માર્ગો જાણી લીધા છે: પહેલું તો એ કે કોઈ જાતનો સંકલ્પ જ ન કરવો! બીજું, એ કામ કરવું, જે તમારા સિવાય બીજા બધા લોકો કરવા માગતા હોય છે! ત્રીજું, તમારી ઈચ્છા ગમે તે હોય અને તમે ગમે તે કાંઈ કરો, પણ પાછળથી એનું ભગવાનને સમર્પણ કરી દો!

પરંતુ મનુષ્ય પોતાની જાતમાં જ પોતાના સંકલ્પનું ઘડતર કરી શકે છે અને તેને પોતાના ઉચ્ચતર આદર્શના પરદાની સામે ધરી રાખીને એ વસ્તુ જોવાનો પ્રયત્ન પણ કરી શકે છે કે, એ ઉચ્ચતર આદર્શની સામે પોતાનો સંકલ્પ કેવો દેખાય છે, એટલે કે એ ખરેખર સુંદર લાગે છે ખરો? જો એમાં કોઈ પ્રકારની વસ્તુ લાલક-ટોલક થતી હોય તો તમારે ચોક્કસ એ જાણી રાખવું કે એમાં કોઈક વસ્તુ જરા ચકાસણી માગી લે તેવી છે. એમ ન થાય અને જો એ વસ્તુ કોઈ પ્રકારના અવરોધ વિના પસાર થઈ જાય તો તમે જે કાર્ય કરવાનું વિચારેલું તે કરવાનું જોખમ ઉઠાવી શકો છો અને એનું શું પરિણામ આવે છે તે જોઇ શકો

છો. પરંતુ આમાં પણ આપણી સમક્ષ એક બહુ મુશ્કેલ સમશ્યા નડે છે... જે લોકો એક પ્રકારની આંતરિક શાંતિમાં પડયા રહેવા માગતા હોય છે તેઓ કહે છે કે જે કાંઈ થાય છે તે પ્રભુની ઈચ્છાનુસાર થાય છે - શાંત અને સ્થિરપણે પડયા રહેવાનો આ એક સગવડભર્યો માર્ગ છે, એ માટે આ સારામાં સારો માર્ગ છે, એથી વધુ સારો કોઈ માર્ગ નથી; અને કદાચ કોઈ એવો માર્ગ હોય તો પણ બહુ મુશ્કેલ હોય છે. એટલે પછી જયારે વસ્તુઓ તમારા સંકલ્પથી વિરૂધ્ધની બને છે ત્યારે તમે કહો છો કે પ્રભુની ઈચ્છા એમ હશે અને તમે જરા પણ ક્ષુબ્ધ થતા નથી; તમારાથી જે કાંઈ થઈ શકે તેમ હતું તે તમે કર્યું પણ પરિણામ તમારી આશાથી જુદી રીતનું આવ્યું, છતાં પણ તમારી અંદર શાંતિ બની રહે છે! ધ્યાન રાખો કે આમ કરવું એ કોઈ સહેલી વસ્તુ નથી; અને આટલે સુધી થાય ત્યાં સુધી તો વાત બહુ સારી રહે છે, પરંતુ એનો અંત આટલેથી આવતો નથી. પરંતુ એમ પણ બનવા જોગ છે કે તમારો સંકલ્પ સફળ ન થવામાં અમુક સંજોગો કારણભૂત હોય અને છતાં એ સાચી રીતનો સંકલ્પ હોય. ત્યારે પછી એનો ઉકેલ કાઢવો બહુ મુશ્કેલ પડે છે. પ્રથમ તો, કયી રીતે ખાતરી કરવી કે આપણો સંકલ્પ સાચો હતો કે નહિ? ... જો તમે બિલકુલ તટસ્થ, સ્થિર, શાંતિપૂર્ણ અને શકય તેટલા પ્રમાણમાં ઓછામાં ઓછા અહંકારવાળા બની શકશો, અને પછી જે ઘટના બની ગયેલી હોય તેના પ્રત્યે એક સીધો દૃષ્ટિપાત કરશો તો તમને ત્યાં એક પ્રકારનો આંતર વિરોધ દેખાશે, તમને એમ લાગશે કે કોઈ એક જયોતિ ઓલવાઈ ગઈ છે અને એક પ્રકારના અસત્યની સમક્ષ ઊભા છો, તો પછી તમે આમ તો બિલકુલ શાંત અવસ્થા જાળવી રાખશો, છતાં તમને એ વસ્તુ સમજાઈ જશે કે કોઈ અગમ્ય કારણોસર તમારા સંકલ્પનું ખંડન થયેલું છે અને આમ તો એ સંકલ્પ ખોટો ન હતો, તમે જે વસ્તુ જોઈ હતી તે સત્ય હતી છતાં એક યા બીજા કારણસર એનો આવિર્ભાવ થઈ શકયો નથી. એટલે તમારે તમારું સત્ય કેમ આવિર્ભૂત ન થઈ શકયું તેની શોધ કરવાની સાહસયાત્રાએ નીકળી પડવું જોઈશે. આ એક જરા વધુ મુશ્કેલ સમશ્યા છે. ... પરંતુ જો તમે તમારી દૃષ્ટિને જરા વધુ ઊંચાઈ તેમજ વિસ્તારમાં વિશાળ કરશો તો તમે તરત જ જોઈ શકશો કે જો તમારો સંકલ્પ સિધ્ધ થયો હોત તો શું પરિણામ આવત અને એને લઈને કયી કયી રીતની ઘટનાઓ બનત; અને જો તમે તમારી દૃષ્ટિ પૂરતા પ્રમાણમાં દૂર દોડાવશો તો, તમને જણાઈ આવશે કે તમારો સંકલ્પ ગમે તેટલો સાચો હતો, છતાં એમાં રહેલું સત્ય આંશિક સ્વરૂપનું હતું - એ કોઈ સામૂહિક, સર્વસામાન્ય સત્ય ન હતું અને એથી યે ઓછા પ્રમાણમાં એ વૈશ્વિક સત્ય હતું - અને, પરિણામે, જો આ સત્ય એ ક્ષણે સિધ્ધ થયું હોત તો તેને લઈને

અમુક રીતની વસ્તુ વ્યવસ્થામાં ભાંગફોડ થઈ જાત, અને જે અનેક વસ્તુઓ પ્રભુના કાર્યના ભાગરૂપ છે તેમાં ગેરવ્યવસ્થા ઊભી થાત (કારણ કે, હકીકતમાં તો, દરેક વસ્તુ પ્રભુના કાર્યરૂપ છે, અને એમાં તો સમગ્ર સૃષ્ટિનો, વિશ્વનો પણ સમાવેશ થઈ જાય છે): સમગ્રમાં એક ભાગ વિખૂટો પડીને પાછળ રહી જાત.

લોકો હમેશાં પૂછતા રહે છે, 'પરંતુ પ્રભુ તો સર્વ શકિતમાન છે, તો એવું કયું કારણ છે કે જેને લઈને પરિસ્થિતિમાં હજી સુધી પરિવર્તન આવ્યું નથી?' તો એનું કારણ આ છે.

અને એ વસ્તુ નોંધી રાખજો કે આ જે થનાર છે તે વસ્તુ, તમે જેમ થવું જોઈએ એમ માનો છો તેનાથી એટલું બધું અનંતગણું ભિન્ન છે કે એ જ હકીકતને કારણે, કદાપિ તમે શકય તેટલી પૂર્ણ રીતે જોવા માટે પ્રયત્ન કરશો તો પણ તમે વિશ્વનો એક એટલો બધો વિશાળ અંશ પાછળ છોડી દેશો કે એમાં તમે લગભગ એક સીધી લીટીમાં જતા સાક્ષાત્કાર પ્રાપ્ત કરશો, અને એ રેખા એટલી બધી નાની, સાંકડી હશે કે, મોટા ભાગનું વિશ્વ પરિવર્તન પામ્યા વિનાનું રહી જશે. અને કદાચ તમારામાં સંપૂર્ણપણે જોવાની બહુ વિશાળ દષ્ટિ હશે, કદાપિ તમે કોઈ વધુ સર્વગ્રાહી વસ્તુને તમારા લક્ષમાં ધારણ કરી શકતા હશો અને તમે જે તૈયાર માર્ગ હશે તેની ઉપર આગળ વધ્યે જશો - કારણ કે જે વસ્તુ માર્ગને લાગુ પડે છે તે જ વસ્તુ વ્યકિતઓને લાગુ પડે છે. કેટલીક વ્યકિતઓની તૈયારી પર્યાપ્ત પ્રમાણમાં હોય છે - અને બીજા લોકોનો સંગાથ કરવાની ધીરજ નહિ રાખો, એટલે કે તમે વિશ્વની અત્યારની અવસ્થાની સરખામણીમાં સત્ય પદાર્થની સાવ પાસેની કોઈ સત્યરૂપ વસ્તુને સિધ્ધ કરવા પ્રયત્ન કરશો તો, શું થશે ? એક સુનિશ્ચિત રીતની એકતામાં ભંગ પડશે; કેવળ સામંજસ્યમાં જ નહિ પણ સમતુલામાં પણ ભંગ પડશે, કારણ કે સૃષ્ટિનો એક આખો ભાગ એવો રહી જશે કે જે તમારું અનુસરણ નહિ કરી શકે. અને પ્રભુનો પૂર્ણ સાક્ષાત્કાર થવાને બદલે તમને અમુક રીતનો નાનકડો, તત્કાલ પૂરતો, નજીવો સાક્ષાત્કાર પ્રાપ્ત થશે અને છેવટે જે વસ્તુ કરવાની છે, તેમાંની કોઈ વસ્તુ નહિ થાય.

એટલે, જે સત્યનું તમે દર્શન કર્યું હોય તે કદાપિ તરત જ સિધ્ધ ન થાય તો તમારે અધીરા ન બની જવું; નિરાશ, અવસાદગ્રસ્ત, નિરૂત્સાહિત ન બનવું. એ તો કુદરતી છે કે તમારાથી કોઈ ભૂલ થઈ જાય તો પણ એમાં તમારું હૃદય ભાંગી જવાનો અથવા નિરાશ થવાનો કે દુઃખી થવાનો પ્રશ્ન ઊઠવો ન જોઈએ, કારણ કે દરેક પ્રકારની ભૂલને સુધારી શકાય છે; જે ક્ષણે તમને ખબર પડે કે

આ વસ્તુ ભૂલ ભરેલી છે તે જ ક્ષણથી પોતાની અંદર કાર્ય કરવાનો, પ્રગતિ કરવાનો અને ખૂબ પ્રસન્નચિત્ત રહેવાનો અવસર આવી રહે છે. પરંતુ તમે જ્યારે કોઈ સત્યરૂપ, પૂર્ણ અને પાયાના સત્યરૂપ વસ્તુનું દર્શન કરો છો અને વિશ્વની પરિસ્થિતિ એવી જણાય છે કે એ સત્ય સાકાર થવાને માટે પરિપક્વ નથી હોતું ત્યારે એ પરિસ્થિતિ જરા વધુ ગંભીર અને વધુ મુશ્કેલ બને છે. હું એમ નથી કહેવા માગતી કે આ વસ્તુ બહુ લોકોની બાબતમાં બને છે, પરંતુ કદાચ એ તમારી બાબતમાં બને પણ ખરું, અને તો પછી એવે સમયે તમારે ખૂબ ખૂબ ધૈર્ય રાખવું પડશે, ખૂબ જ સમજદારી સાથે વર્તવું પડશે અને પોતાની જાતને કહેવું પડશે કે "એ વસ્તુ સત્ય તો હતી, પણ પૂર્ણરૂપ સત્ય ન હતી," એટલે કે, એ સત્ય બીજા સત્યો સાથે સમન્વયમાં ન હતું અને સૌથી વધુ તો, એનો વર્તમાન શક્યતાઓ સાથે મેળ ન હતો; એટલે આપણે એ વસ્તુને વધુ પડતી જલદી સિધ્ધ કરવાનો પ્રયત્ન કર્યો હતો, અને એ પ્રયત્ન એ પ્રમાણે વધુ પડતો ઝડપી હતો એટલે એ ખરો ન પડયો. પરંતુ એ ખરો ન પડયો એટલે એ ખોટો હતો એમ ન કહેશો. એને અપરિપક્વ કહેજો, તમે જે કાંઈ કહી શકો તે એટલું જ છે - કે તમને જેનું દર્શન થયેલું એ વસ્તુ સાચી હતી, પણ તેને માટેનો સમય પાકયો ન હતો, અને તમારે ખૂબ જ ધીરજ અને ખંતપૂર્વક, તમે જે નાનકડા સત્યનાં દર્શન કર્યા હોય તેને બરાબર જાળવી રાખજો અને એને સાકાર કરી શકાય તે ક્ષણની રાહ જોજો.

જે સૌથી વધુ ધીરજવાન હશે તેમનો જ વિજય થશે.

(શ્રી માતાજી તેમનું વાંચન ચાલુ રાખે છે.)

> "...તમે કહો છો, 'હું મારો સંકલ્પ પ્રભુને અર્પણ કરું છું ...તો ભલે પ્રભુનો સંકલ્પ એને કારગત બનાવે.' તમારો સંકલ્પ અવિરતપણે કાર્ય કરતો રહેવો જોઈએ, એમાં અમુક ક્રિયાની પસંદગી કે અમુક પદાર્થની માગણી ન રહેલી હોવી જોઈએ; એમાં તો કેવળ એક આતુર હૃદયની અભીપ્સા, પોતે જે ધ્યેયને પામવાનું – છે તેના પ્રત્યે એકાગ્ર થઈ રહેલી હોવી જોઈએ."

અને હવે અહીં જ આપણને આપણા પ્રશ્નનો ઉકેલ મળે છે. તમે તમારી દરેક ક્ષણનું એક એવી અભીપ્સાપૂર્વક પ્રભુને સમર્પણ કરી શકો છો કે જેને શબ્દોમાં 'હે પ્રભુ, તારી જ ઈચ્છા પૂર્ણ થાઓ,' એમ નહિ, પરંતુ 'હે પ્રભુ, એમ કર કે જેથી અમે અમારાથી થઈ શકે તેવું ઉત્તમમાં ઉત્તમ કામ કરીએ અને તે પણ શક્ય તેટલી સારામાં સારી રીતે કરીએ.'

એમ બનવું શક્ય છે કે તમને પ્રત્યેક ક્ષણે એ વસ્તુની ખબર ન હોય કે ઉત્તમમાં ઉત્તમ વસ્તુ કઈ ગણાય અને એને કઈ રીતે કાર્યાન્વિત કરી શકાય, પરંતુ તમે તમારા સંકલ્પને પ્રભુના હાથોમાં સોંપી દઈને સારામાં સારી, શક્ય હોય તેટલી સારામાં સારી વસ્તુ કરી શકો છો. તમે આ વસ્તુને સભાનપણે, સત્ય-નિષ્ઠાપૂર્વક અને ખંતથી કર્યે જાઓ, અને તમે અનુભવશો કે તમે વિરાટ પગલાં ભરતા ભરતા આગળ વધી રહ્યા છો. એમાં એમ જ બને છે, ખરું ને? મનુષ્યે પોતાના આત્માના પૂર્ણ આવેગપૂર્વક, પોતાની સંકલ્પશક્તિના પૂરેપૂરા બળ સાથે કાર્ય કરવું જોઈએ; દરેક ક્ષણે શક્ય તેટલી સારી વસ્તુ, શક્ય તેટલી સારી રીતે કરવી જોઈએ. બીજા લોકો શું કરે છે તેની સાથે તમારે કાંઈ સંબંધ નથી - આ એક એવી વસ્તુ છે જેને હું જેટલીવાર કહું તેટલી તે ઓછી પડે તેમ છે.

કદી એમ ન કહેશો કે 'ફલાણી વ્યક્તિ આમ કરતી નથી', 'અમુક વ્યક્તિ બીજું કાંઈ કરે છે,' 'પેલો માણસ જે કરે છે તે તેણે ન કરવું જોઈએ.' આ બધા સાથે તમારે કશો સંબંધ નથી. તમને આ પૃથ્વી ઉપર એક ભૌતિક શરીરમાં, એક સુનિશ્ચિત ઉદ્દેશપૂર્વક મૂકવામાં આવ્યા છે અને એ ઉદ્દેશ તે એ છે કે તમે તમારા આ શરીરને શક્ય હોય તેટલું સચેતન બનાવો; એને પ્રભુનું અત્યંત પૂર્ણ, અને અત્યંત સચેતન કરણ બનાવો. એ પ્રભુએ તમને ચેતનાની સર્વે ભૂમિકાઓ ઉપર – મનોમય, પ્રાણમય અને અન્નમય અમુક પ્રમાણમાં સાધન અને પદાર્થો આપેલા છે. એ વસ્તુઓ અને તમારી આસપાસના સંજોગો તેઓ તમારી પાસેથી જે વસ્તુની અપેક્ષા રાખે છે તેના પ્રમાણમાં ગોઠવવામાં આવેલાં છે. અને જે લોકો તમને કહે છે કે, 'મારું જીવન ભયંકર રીતનું છે, આખા જગતમાં હું અત્યંત દુઃખપૂર્ણ જીવન જીવું છું.' એ બધા ગધેડા જેવા છે! દરેક વ્યક્તિનું જીવન એવી રીતનું ગોઠવવામાં આવ્યું છે કે જે એના સમગ્ર રીતના વિકાસને માટે ઉપયુક્ત હોય, દરેક વ્યક્તિને જે અનુભવો થાય છે તે એના સમગ્ર રીતના વિકાસમાં સહાયભૂત થાય તેવા હોય છે, અને દરેક વ્યક્તિની મુશ્કેલીઓ પણ એને એની પૂર્ણ સિધ્ધિના માર્ગમાં સહાયકારક થાય તેવી જ હોય છે.

જો તમે તમારી અંદર કાળજીપૂર્વક નિરીક્ષણ કરશો તો તમને જણાશે કે, કે તમારે જે વિશિષ્ટ વસ્તુ સિધ્ધ કરવાની હોય છે તેથી તદ્દન ઊલટી વસ્તુ જ તમારી અંદર આવી રહેલી હોય છે (હું અહીં "સિધ્ધિ" શબ્દનો પ્રયોગ તેના અત્યંત વિસ્તૃત અને ઉચ્ચતમ અર્થમાં કરું છું.) તમારે માટે એક વિશિષ્ટ પ્રકારનું લક્ષ્ય, વિશિષ્ટ જીવનકાર્ય, અને વિશિષ્ટ સિધ્ધિ નિર્માણ થયેલાં છે જે કેવળ તમારા પોતાનાં આગવાં છે. દરેક વ્યક્તિ, તેના વ્યક્તિગત સ્વરૂપમાં આ પ્રકારની

છે, અને તમે પોતાની અંદર પોતાની સિધ્ધિને પૂર્ણ બનાવવા માટે જરૂરી એવી સર્વ મુશ્કેલીઓને ધારણ કરો છો. તમે હમેશાં જુઓ છો કે, છાયા અને પ્રકાશ, તમારામાં સરખા પ્રમાણમાં છે: તમારામાં અમુક રીતની લાયકાત છે તો બીજી બાજુ એ રીતની લાયકાતનો અભાવ પણ હોય છે. પરંતુ જો તમે તમારી અંદર એક અત્યંત કાળો, સઘન સ્વરૂપનો અંધારઘેરો ગર્ત આવી રહેલો જુઓ તો એ વસ્તુ પણ નક્કી જાણજો કે તમારામાં ક્યાંક એક મહાન પ્રકાશ પણ છે. અને એમાંથી, એક વસ્તુની પ્રાપ્તિ માટે પેલી બીજી વસ્તુનો ઉપયોગ ક્યી રીતે કરવો તેનો આધાર તમારા ઉપર નિર્ભર છે.

આ હકીકત વિષે બહુ ઓછું કહેવામાં આવ્યું છે, પણ એ વસ્તુ અત્યંત મહત્ત્વની છે. અને જો તમે કાળજીપૂર્વક નિરીક્ષણ કરશો તો દરેક વ્યકિતની બાબતમાં આમ જ હોય છે. આમાંથી આપણે પરસ્પર વિરોધી લાગે તેવાં વિધાનો પ્રત્યે દોરાઈ જઈએ છીએ, પણ એ દરેકમાં સત્ય રહેલું હોય છે જ; દાખલા તરીકે, જે સૌથી મોટો ચોર હોય છે તે સૌથી વધુ પ્રમાણિક પણ હોઈ શકે છે, (બેશક, આમ કહેવાનો આશય તમને ચોરી કરવાનું ઉત્તેજન આપવાનો નથી!) અને સૌથી વધુ જૂઠાબોલો મહાન સત્યવાદી પુરૂષ પણ બની શકે છે. એટલે, તમારી અંદર સૌથી વધુ મોટી નિર્બળતા આવી રહેલી જુઓ તો તેથી નિરાશ ન થઈ જશો, કારણ કે એમાં કદાચ સૌથી વિશાળ ભાગવત શકિત રહેલી હોવાની નિશાની રહેલી હશે. એમ ન કહેશો કે 'હું તો આવો છું, મારાથી બીજી રીતના નહિ બની શકાય.' એ સાચું નથી. તમે 'એવા' છો એનું ચોક્કસ રીતનું કારણ એ છે કે તમારે એનાથી તદ્દન ઊલટા પ્રકારના થવું જોઈએ છે. અને તમારામાં જે બધી મુશ્કેલીઓ આવી રહેલી છે તે પણ તમે એમનું એમની પાછળ ગુપ્તપણે રહેલ સત્યમાં રૂપાંતર કરતાં શીખો એટલા માટે જ છે.

એકવાર તમે આ વસ્તુને સમજી લેશો, પછી તમારી ઘણી ચિંતાઓનો અંત આવશે અને તમે અત્યંત સુખી, ખૂબ ખૂબ સુખી બની રહેશો. જો કોઈને પોતાની અંદર કાળાં બાકોરાં દેખાશે તો એ કહેશે, 'આ વસ્તુ બતાવી આપે છે કે હું ઘણે ઊંચે આરોહણ કરી શકું તેમ છું. તમે જો એ ખીણ ઘણી ઊંડી હોય, તો 'હું ઘણે ઊંચે ચઢી શકીશ.' વૈશ્વિક દષ્ટિથી જોતાં પણ તેમ જ છે; તમે જે હિંદુ શબ્દપ્રયોગોથી માહિતગાર છો તેમનો ઉપયોગ કરીએ તો એમ કહી શકાય કે, જે લોકો સૌથી મોટા અસુરો હોય છે તેઓ જ અત્યંત મહાન પ્રકાશનાં સ્વરૂપો હોય છે. અને જે દિવસે આ અસુરોનું રૂપાંતર થઈ જશે તે દિવસે એ લોકો સૃષ્ટિના પરમ પુરૂષો બની રહેશે. આમ કહીને તમને 'આસુરી વૃત્તિવાળાં'

બનવા માટે ઉત્તેજન આપવાનો આશય નથી, સમજ્યા ને, પરંતુ વસ્તુ સ્થિતિ એવી છે-અને આનાથી તમારાં મન જરાક વિશાળ બનશે અને તમને પેલા શુભ અને અશુભને લગતા પરસ્પર વિરોધી ખ્યાલોમાંથી મુકિત પ્રાપ્ત કરવામાં મદદ મળશે. કારણ કે, જો તમે એ પ્રકારના હશો તો પછી તમારે માટે કોઈ આશા નથી.

જો આ જગત જેવું છે તેથી તત્ત્વત: તદ્દન ઉલટા પ્રકારનું ન હોત તો કોઈ આશા ન રહેત. કારણ કે જો ખાઈ એટલી બધી અંધારઘેરી અને ઊંડી હોત, અચેતના એટલી બધી સંપૂર્ણ હોત કે તેઓમાં કોઈ સંપૂર્ણ ચેતનાની નિશાની ન હોત, તો પછી આપણે કશું કરવાનું રહેત નહિ; કેવળ ગાંસડાં પોટલાં બાંધીને ચાલતા થવાનું જ બાકી રહેત. શંકર જેવા કેટલાક લોકો, જેઓ પોતાના નાકના ટેરવાથી આગળ જોઈ શકતા ન હતા તેમણે એમ કહેલું કે જગત કાંઈ જીવન ધારણ કરી રાખવાની મથામણ કરવા જેવું મૂલ્યવાન નથી, એ એક મિથ્યા વસ્તુ છે, એને એક ભ્રમ સદૃશ ગણવું અને અહીંથી ચાલ્યા જવું એ જ ઉત્તમ છે, એમાં કાંઈ થઈ શકે તેવું નથી. એથી ઊલટું હું તમને કહું છું કે, જગત ઘણું ખરાબ છે, ઘણું અંધારગ્રસ્ત છે, અત્યંત કુરૂપ છે, ખૂબ અચેતન છે, દુ:ખપૂર્ણ અને પીડાથી ભરેલું છે-અને માટે જ એ પરમ સૌંદર્ય, પરમ જ્યોતિ, પરમ-ચેતના અને પરમ આનંદરૂપ બની શકે તેમ છે.

(શ્રી માતાજી આગળ વાંચન કરે છે.)

> '...જો તમે જાગ્રત હશો, જો તમારું ધ્યાન સજાગ હશે, તો તમને ચોક્કસ તમારે કરવાના કાર્યની પ્રેરણા મળી આવશે, અને પછી તમારે તરત જ એ કામ કરવામાં લાગી જવું જોઈશે.'

હમણાં મેં તમને થોડાક સમય પહેલાં કહ્યું કે તમારાથી શકય તેટલું કરવા માટે, હરેક ક્ષણે ઉત્તમમાં ઉત્તમ વસ્તુ કરવા માટે હજી વધુ ઊર્મિપૂર્વક તમારે અભીપ્સા કરવી જોઈએ, ત્યારે તમે મને પૂછી શકયા હોત કે, 'એ તો બધું ઠીક છે. પણ એ વસ્તુ જાણવી કયી રીતે?' તો, એમાં જાણવાની કોઈ જરૂર નથી! જો તમે તમારા અંતરમાં સત્યનિષ્ઠા રાખીને આ રીતનું વલણ અપનાવશો, તો હરેક પળે, તમારે શું કરવાનું છે તેનું જ્ઞાન તમને મળી રહેશે; અને આ વસ્તુ જ અદ્‌ભુત છે! જેટલી તમારી સત્યનિષ્ઠા વધુ, તેટલા પ્રમાણમાં તમને મળતી પ્રેરણા વધુને વધુ ચોક્કસ રીતની, વધુને વધુ સુનિશ્ચિત પ્રકારની હશે.

(શ્રી માતાજી આગળ વાંચે છે:)

"કેવળ તમારે યાદ રાખવું જોઈશે કે સમર્પણ કરવાનો અર્થ એ છે કે તમારા કર્મનું જે કાંઈ પરિણામ આવે તેનો તમે સ્વીકાર કરશો, ભલે પછી એ તમારી આશાથી તદ્દન ભિન્ન પ્રકારનું હોય. આથી ઊલટું, જો તમારું સમર્પણ નિષ્ક્રિય હશે તો તમે કાંઈ નહિ કરો, કોઈ પ્રકારનો પ્રયત્ન નહિ કરો, તમે બિલકુલ નિદ્રાધીન થઈ રહેશો અને કોઈ ચમત્કાર બને તેની વાટ જોશો.

'અને પોતાનો સંકલ્પ અથવા પોતાની ઈચ્છા, 'પ્રભુની તપઃશક્તિ' સાથે મેળમાં છે કે નહિ તે જાણવા માટે તમારે ધ્યાનપૂર્વક જોવું જોઈએ કે તમને કોઈ પ્રત્યુત્તર મળે છે કે નહિ, તમને ટેકો પ્રાપ્ત થાય છે કે વિરોધ નડે છે. અને આ વસ્તુ કાંઈ મન, પ્રાણ કે શરીર વડે જોવાની નથી, પરંતુ જે વસ્તુ તમારા આંતર સ્વરૂપમાં, હૃદયના ઊંડાણમાં સર્વદા વિદ્યમાન છે તેના વડે જોવાની છે."

આ વસ્તુ હમેશાં એકની એક જ હોય છે. આ વસ્તુ તે આપણો પેલો પરદો છે, જેની સમક્ષ આપણે સર્વે વસ્તુઓને પસાર કરવાની રહે છે કે જેથી આપણને ખબર પડે કે આપણે એમને સ્વીકારવી કે નહિ અને પોતે એમ કરવું કે નહિ.

(શ્રી માતાજી વાંચન કરે છે.)

'ધ્યાનમાં ગાળેલા કલાકોની સંખ્યા એ આધ્યાત્મિક પ્રગતિની સાબિતી નથી. જ્યારે તમારે ધ્યાન કરવાનો પ્રયત્ન જ ન કરવો પડે ત્યારે જ તે તમારી પ્રગતિની નિશાની ગણાય.'

એમાં કહેવાનું તાત્પર્ય એ છે કે જ્યારે તમારે કોઈ વસ્તુ ઉપર તમારા વિચારો કેન્દ્રિત કરવા હોય ત્યારે તમારામાં કોઈ જાતની ઉત્તેજના ઉભી ન થાય, અંતરમાં ચાલતા સંચાને શાંત કરી દેવા માટે અતિશય બળ વાપરવું ન પડે, તમે એ વસ્તુ તદ્દન સરળપણે, સાહજિકતાથી, વિના પ્રયત્ને, આપોઆપ કરી શકતા હો અને જ્યારે તમે ગમે તે કોઈ કારણસર, ધ્યાન કરવાનો નિર્ણય કરો ત્યારે જે વસ્તુ તમે જોવા, જાણવા કે લક્ષમાં લાવવા માગતા હો તે વસ્તુનું અસ્તિત્વ જ તમારામાં બની રહે, જ્યારે બીજી સર્વ વસ્તુઓ એક જાદુની જેમ અદૃશ્ય થઈ જાય, તમારામાંનું સર્વ કાંઈ નીરવ થઈ ગયેલ હોય, તમારું આખું યે સ્વરૂપ શાંત થઈ ગયેલ હોય, તમારી નાડીઓ તદ્દન તૃપ્ત અવસ્થા ધારણ કરી રહી હોય,

તમારી ચેતના નિતાંતપણે એકાગ્ર થઈ ગઈ હોય – કુદરતી રીતે, સ્વાભાવિકપણે – ત્યારે તમે આનંદપૂર્વક, અગાઉના કરતાં વધુ સઘન, એવી એક તીવ્ર ધ્યાનાવસ્થામાં પ્રવેશ કરો છો.

તમે જો આ પ્રકારની અવસ્થાએ પહોંચ્યા હો તો એ તમારી ઉપલબ્ધિની નિશાની છે – જો એમ ન હોય તો નહિ.

(શ્રી માતાજી વાંચન ચાલુ રાખે છે.)

> 'એવી ક્ષણ પણ આવે છે, જ્યારે તમારે તમારું ધ્યાન રોકવા માટે પ્રયત્ન કરવો પડે છે; ધ્યાન ન કરવું મુશ્કેલ બને છે, ભગવાનનું ચિંતન ન કરવું મુશ્કેલ બને છે, સામાન્ય ચેતના તરફ નીચે ઉતરવું મુશ્કેલ બને છે.'

શ્રી માતાજી: મને એમ થાય છે કે બધાની બાબતમાં આ વસ્તુ સાચી પડે તો કેવું સારું !

તમે, વધુમાં વધુ સક્રિયતા માગી લે તેવું કોઈ કામ કરી રહ્યા હો, દાખલા તરીકે, ખૂબ ગતિશીલતા માગી લેતી બાસ્કેટ બોલની રમત તમે રમી રહ્યા હો, તેવા પ્રસંગે, પણ, તમે તમારા અંતરમાં ધ્યાન અને ભગવાન ઉપર એકાગ્રતા જારી રાખવાનું વલણ ન ગૂમાવો એમ બની શકે છે. જ્યારે તમને એવી સ્થિતિ પ્રાપ્ત થશે ત્યારે તમે જે કોઈ કાર્ય કરતા હશો તેની ગુણવત્તા બદલાઈ ગઈ હશે. એ કાર્ય તમે વધુ સારી રીતે કરી શકશો - એટલું જ નહિ પણ એ કરવામાં તમે ધારી નહિ હોય તેવી શક્તિ પણ તમને આવી મળશે. અને સાથે સાથે તમારી ચેતના એટલી બધી ઉચ્ચ અને શુધ્ધ બની રહેશે કે જેને પરિણામે કોઈપણ વસ્તુ તમને સ્પર્શ નહિ કરી શકે. અને યાદ રાખો કે આ વસ્તુ એટલી બધી હદે જઈ શકે છે કે તમને કોઈ અકસ્માત નડે તો પણ તમારે ઈજા ભોગવવી ન પડે, એ તો કુદરતી છે કે આવી વસ્તુ તો અંતિમ અવસ્થામાં બની આવે છે. છતાં એ એક અભીપ્સા સેવવા જેવી ઉચ્ચતમ અવસ્થા છે.

સામાન્ય રીતે એમ માનવામાં આવે છે કે જેને ધ્યાન કરવું હોય તેણે, લોકોની અવર - જવર વિનાના, એક તદ્દન શાંત ખૂણામાં જઈ પધ્ધતિસરનું આસન લગાવીને બેસવું જોઈએ - અને તો જ ધ્યાન કરવું શક્ય બને છે. તમે એવી માન્યતા સેવવાની ભૂલ ન કરશો. કારણ કે એ સાચી નથી. જરૂરની વસ્તુ તો એ છે કે બાહ્ય સંજોગો ગમે તેવા હોય તો પણ તમારાથી ધ્યાન થઈ શકવું

જોઈએ. હું જે આ ધ્યાન કરવાનું કહું છું તેમાં તમારે તમારું મસ્તક ખાલી કરી દેવાનું હોતું નથી; એમાં તો તમારે તમારી ચેતનાને એકાગ્રપણે ભગવાનના ચિંતનમાં પરોવી રાખવાની હોય છે. અને જો તમે આ પ્રકારનું ચિંતન તમારા અંતરમાં ચાલુ રાખશો તો તમે જે કાંઈ કરતા હશો એની ગુણવત્તામાં ફેર પડી જશે - એનો દેખાવ નહિ, કારણ કે દેખાવમાં તો એ વસ્તુ એની એ જ રહેશે, પણ એની ગુણવત્તા બદલાઈ જશે; તમારા જીવનની કાર્યપ્રણાલિ બદલાઈ જશે અને તમે તમને પોતાને પહેલાં હતા તેના કરતાં કોઈ ભિન્ન પ્રકારની વ્યકિત બની ગયેલા અનુભવશો. તમારામાં શાંતિ હશે, નિરાંતની લાગણી હશે, અંતરની નિશ્ચલતા હશે, એક અવિકારી બલ હશે, અને એ એક કદી પણ ચલાયમાન ન થાય એવી અવસ્થા હશે.

જો તમે એવી અવસ્થા પ્રાપ્ત કરી હશે તો કોઈ પણ વસ્તુ તમને નુકશાન પહોંચાડી શકશે નહિ. વિરોધી શકિતઓ હમેશાં એમ કરવા પ્રયત્ન કરે છે; આ જગત વિરોધી શકિતઓથી એટલું બધું ભરેલું પડ્યું છે કે એ શકિતઓ સર્વ કાંઈ ઊંધું વાળવા પ્રયત્ન કરે છે. ...પરંતુ તમારી બાબતમાં તેઓને જરા જેટલી જ સફળતા મળશે, તમે નવેસરથી આગળ પ્રગતિ કરી શકો તે માટે જરૂરી હોય તે તેટલા પ્રમાણમાં જ.

જ્યારે જ્યારે જિંદગીમાં તમારા ઉપર કોઈ પ્રહાર થાય ત્યારે તમારે તરત જ કહેવું કે 'હા, મારે પ્રગતિ કરવાની જરૂર છે,' અને એમ થાય એટલે જે પ્રહાર આવે છે તે તમારે માટે એક આશિષના રૂપમાં ફેરવાઈ જાય છે. તમારું મસ્તક તમારા ખભાની વચમાં ઝૂકાવી દેવાને બદલે તેને પ્રસન્નતાપૂર્વક ઊંચું રાખો અને કહો કે, 'મારે એ જાણવું છે કે મારે માટે કયી વસ્તુ શીખવાની જરૂર છે? મારે એ જાણવું છે કે કયી વસ્તુની બાબતમાં મારે પરિવર્તન કરવાની જરૂર છે?' - તમારે એ પ્રમાણે વર્તવું જોઈએ.

બાળક: આપણે અહીં જે એકાગ્રતા કરીએ છીએ તે, અને પહેલાં આપણે જે ધ્યાન કરતાં હતાં તે બન્ને એક જ પ્રકારની વસ્તુ છે? *

---

* એક સમયે સામૂહિક ધ્યાન આશ્રમના મુખ્ય મકાનમાં થતું. ત્યાર પછી સમયનો એવો ગાળો આવેલો, જ્યારે પ્લે-ગ્રાઉન્ડ ઉપર 'એકાગ્રતા' કરવામાં આવતી.

શ્રી માતાજી: ના, મેં તમને પેલે દિવસે કહ્યું હતું કે આપણે અત્યારે જે 'એકાગ્રતા' કહીએ છીએ તે કંઈક અંશે 'ધ્યાન'થી ઊલટી વસ્તુ છે. આપણે પહેલાં 'ધ્યાન' કરતાં હતાં તેમાં હું હાજર રહેતા બધા લોકોની ચેતના એકરૂપ કરવાનો અને તેને ઊર્ધ્વપ્રદેશો તરફ અભીપ્સામાં ઊંચે લઈ જવાનો પ્રયત્ન કરતી હતી; એ આરોહણની ગતિ અભીપ્સાની ગતિ હતી. જ્યારે આપણે અહીં એકાગ્રતામાં જે કરીએ છીએ તેમાં એક રીતનું અવતરણ થાય છે. ઉપરની બાજુએ ઊઠતી અભીપ્સાને બદલે તમારામાં એક ખુલ્લી થતી ગ્રહણશીલતાની અપેક્ષા રાખવામાં આવે છે કે જેને લઈને (ઊર્ધ્વમાંની) શક્તિ તમારામાં પ્રવેશ કરે. એ વસ્તુ કરવાના અનેક રસ્તા છે. દરેકે પોત-પોતાની પ્રકૃતિ પ્રમાણે સારામાં સારી પધ્ધતિ ખોળી કાઢવી જોઈએ. અહીં જે વસ્તુની અપેક્ષા રાખવામાં આવે તે એક ગ્રહણશીલ સમર્પણની નહિ શરીરના કે નહિ મનના કે નહિ પ્રાણના. તમારા સ્વરૂપના કોઈ એક અંશના સમર્પણની નહિ પણ તમારા સમગ્ર સ્વરૂપના. તમારી પાસે બીજી કોઈ વસ્તુની અપેક્ષા રાખવામાં આવતી નથી, ફક્ત તમારે તમારી જાતને ખુલ્લી કરવાની અને રાખવાની છે. બાકીનું કામ હું ઉપાડી લઈશ.

ત્યાં આશ્રમમાં કરવામાં આવતા ધ્યાનમાં, હું દરેકની પાસે તેઓ પોતાની અંદર અભીપ્સાની એક જ્યોતિ જલાવીને તેઓ તેમનાથી બને તેટલા ઊર્ધ્વ પ્રત્યે ગતિ કરે, તેવી અપેક્ષા રાખતી હતી. સ્વાભાવિક રીતે, એ બન્ને વસ્તુઓ જરૂરની છે; પરંતુ આશ્રમમાં થતાં સવારના ધ્યાનમાં શુભ ભાવનાવાળાં સૌ કોઈ જોડાઈ શકતાં હતાં, જ્યારે અહીંનો નિયમ એવો છે કે જેઓ સાચેસાચ પોતાના ભૌતિકશરીરની પૂર્ણતા ઈચ્છતા હોય તેવા લોકો જોડાઈ શકે છે; જેઓ ઊર્ધ્વમાં પ્રવેશ કરવા કે જીવનમાંથી નાસી જવા ઈચ્છતા હોય, પોતાની જાતમાંથી નાસી છૂટવા માગતા હોય - તેવા લોકો નહિ. એટલા માટે શરૂઆતમાં પસંદગીનું ધોરણ બહુ કડક હતું - એ ધીમે ધીમે વિસ્તૃત થતું ગયું અને મને આશા છે કે એ ફાયદાકારક નિવડ્યું હશે. આપણે એવા લોકો માગતા હતા કે જેઓએ સાચેસાચ તેમનાં મનમાં ઠરાવી રાખ્યું હોય કે તેઓ પોતાના ભૌતિક શરીરને પૂર્ણ કરવા માગે છે - જેઓ એમ સમજતા હોય કે ભૌતિક શરીરને પણ તેનું મૂલ્ય છે અને જેઓ તેને પૂર્ણ કરવા માગતા હોય. આપણે એવા લોકો જોઈતા નથી કે જેઓ તેમના શરીરને 'મને પજવ નહિ' એમ કહીને ફેંકી દેવા જેવું ચીંથરું ગણતા હોય - પણ એવા મનુષ્યો કે જેઓ તેને, ઊર્ધ્વ સત્યને સ્થાપન કરવાનું પાત્ર બનાવવા પ્રયત્ન કરવા માગતા હોય; જેઓ તેની ઉપર કે કાર્ય કરીને તેને બને તેટલું ઉત્તમ સાધન બનાવવા માગતા હોય, તેનો વિકાસ કરવા માગતા હોય, અને જેઓ, પોતાનો દેહ આ પ્રકારની ક્રિયાને અનુકૂળ થાય તેટલા પ્રમાણમાં તેને પૂર્ણ કરવા માગતા હોય.

બાળક: આપ જે અભીપ્સા કે ચિંતનની વાત કરો છો તે વસ્તુઓ, બાહ્ય રીતના કાર્યની વિરોધી નથી?

શ્રી માતાજી : ના; જો એમાં કોઈ પ્રકારનો વિરોધાભાસ લાગતો હોય તો એનું કારણ એ છે કે એકાગ્રતા યોગ્ય પ્રકારે કરવામાં આવતી નથી. ખરેખર, દુનિયા અત્યારે એવી અસત્યની સ્થિતિમાં છે કે તમે બાહ્ય સ્વરૂપ સાથેનો સંબંધ છોડયા વિના પોતાના સ્વરૂપની અંદર રહેલા પ્રભુના સાંનિધ્ય ઉપર એકાગ્રતા કરી શકતા નથી. હું એમ નથી કહેતી કે એમ કરવું એ કોઈ સહેલી વસ્તુ છે; મેં તો તમને એ વસ્તુ કંઈક દૂરના આદર્શ તરીકે આપી છે, પરંતુ એમ કરવું તદ્દન શક્ય છે અને કરવામાં આવેલું પણ છે. અને ખાતરી રાખજો કે એમ કરવાથી તમે દોડતાં દોડતાં તમારું માથું નહિ ભાંગી બેસો!

૧૯ ફેબ્રુઆરી, ૧૯૫૧

બાળક : 'પૃથ્વીના સ્મરણ ભંડાર'માં* સચેતનપણે પ્રવેશ કરવા માટે અમુક પ્રકારની તાલીમની જરૂર રહે છે, એ તાલીમ કઈ જાતની છે ?

શ્રી માતાજી : એ તાલીમ તો યોગની તાલીમ કરતાં પણ ઘણી વધુ કઠણ છે: એ એક પ્રકારની ગુહ્ય વિદ્યાની તાલીમ હોય છે. એમાં પ્રથમ તો, તમને તમારા શરીરમાંથી સભાનપણે બહાર નીકળીને બીજા સૂક્ષ્મતર શરીરમાં પ્રવેશતાં આવડવું જોઈએ; જે સ્થળે જવું હોય તે સ્થળે જવા માટે પોતાના સંકલ્પનો સફળ પ્રયોગ કરતાં આવડવું જોઈએ, કોઈ જાતના ભયની લાગણી ન હોવી જોઈએ; કેટલીકવાર અણધાર્યા તો કોઈકવાર ભયંકર વસ્તુઓ સામે આવી પડે તો તેમનો સામનો કરવાની તૈયારી હોવી જોઈએ; અવિચલ રહેતાં આવડવું જોઈએ; મનની દૃષ્ટિ ખીલવવી જોઈએ, મનને તદ્દન શાંત અને નિસ્પંદ બની રહેવાનો મહાવરો હોવો જોઈએ... આ યાદી લાંબી છે અને કલાકો સુધી હું ગણાવ્યે જાઉં એવી છે, સમજ્યાને !

તમારામાંથી કોને સજ્ઞાનપણે પોતાના શરીરમાંથી બહાર જવાનો અનુભવ છે? હું સ્વેચ્છાએ જવાની તો વાત જ નથી કરતી, કારણ કે એ બીજું પગથિયું છે.

બાળક : હું એક વખત શરીરમાંથી બહાર આવેલો પણ તેમાં તરત જ પાછો ફરી ગયેલો.

---

* જુઓ તા. ૧૫મી ફેબ્રુઆરી, ૧૯૫૧ના 'પ્રશ્નો અને ઉત્તરો'

શ્રી માતાજી : તમે બહાર તમારા નીકળ્યાનો લાભ આમતેમ થોડું ફરીને લીધેલો નહિ, નહિ ને? તો તમારામાં જીજ્ઞાસુવૃત્તિ નથી!

બાળક : આપણે શરીરની બહાર નીકળ્યા છીએ તેની આપણને કેવી રીતે ખબર પડે?

શ્રી માતાજી : એવું બને છે ત્યારે તમે તેને પથારી ઉપર નિશ્ચેષ્ટ પડેલું જુઓ છો. એ વસ્તુ જાણવાનાં બીજાં સાધનો પણ છે.

બાળક : હું ક્લોરોફોર્મની અસર હેઠળ શરીરની બહાર નીકળેલો. મેં મારા શરીરને ટેબલ ઉપર જોયેલું અને ઑપરેશનનું નિરીક્ષણ કરેલું.

શ્રી માતાજી : એમ જ છે. હું એક ગણનાપાત્ર સૂક્ષ્મદર્શી બાઈને ઓળખતી હતી. એક વખત એના શરીર ઉપર એક ઑપરેશન કરવાનું હતું અને તેને ક્લોરોફોર્મ આપવાનું હતું અને ક્લોરોફોર્મ અપાયા પછી એ પોતાના શરીરની બહાર નીકળેલી. એટલે પછી એકદમ એને, ત્યાં હતા એ બધા માણસોનાં મસ્તકમાં શું શું ચાલી રહ્યું હતું તે દેખાવા લાગ્યું. હવે, એ બાઈને ઊંઘમાં હોય ત્યારે પણ બોલવાની ટેવ હતી એટલે બેભાન અવસ્થામાં એણે બોલવા માંડ્યું. ...તેણે કહ્યું કે અમુક અમુક વ્યકિતને અમુક અમુક ચિંતાઓ હતી, બીજાને અમુક પ્રશ્નોનો ઊકેલ કરવાનો હતો, એનો ઊકેલ આમ અને આવો હતો. એ જે બોલતી હતી તે એટલું બધું તો રસપ્રદ હતું કે એના ડોકટરો સમય આવ્યે એને ભાનમાં આણવાનું પણ ભૂલી ગયા! અને અચાનક તેમને ખ્યાલ આવ્યો કે એ બાઈની જીવન શકિત ક્ષીણ થઈ રહી હતી. ત્યારે પછી તેને ભાનમાં આણી. આમ તો એ બાઈ એક કલાક ઉપરાંતથી બેભાન હતી.

એ એક અપવાદરૂપ પ્રસંગ હતો - એવું તો કુદરતી બક્ષીસવાળી વ્યકિતઓની બાબતમાં જ બને છે અને એવી વ્યકિતઓ બહુ નથી હોતી; પરંતુ ક્લોરોફોર્મની અસર હેઠળ સભાન રહેતી વ્યકિતઓની સંખ્યા તમે ધારો છો એથી ઘણી વધુ હોય છે. પરંતુ સામાન્ય રીતે એવું બને છે કે જ્યારે લોકો ક્લોરોફોર્મની અસરમાંથી જાગે છે ત્યારે તેઓ ઘણા અસ્વસ્થ હોય છે અને શરીર બહારની અનુભૂતિઓ તેમને અસ્પષ્ટપણે જ યાદ રહેલી હોય છે. તમારામાંથી અહીં એવું કોઈ છે જે અચાનક દા. ત. અકસ્માતને કારણે બેભાન બની ગયું હોય? એવું બને છે ત્યારે તમે તમારું પોતાનું જ શરીર જુઓ છો અને છતાં તમારી જાતને પૂછો છો, 'પણ આ અહીં આવી કઢંગી હાલતમાં શું કરી રહ્યું છે?' અને તમે તેનામાં ઘૂસી જાઓ છો! મને એવું એક વાર પેરીસમાં થયેલું. મને લાગે છે કે મને એક સારું ભોજન આપવામાં આવેલું અને

પછી હું એક સભાખંડમાં ગયેલી. ત્યાં ઘણાં માણસો હતાં અને ગરમી ઘણી હતી. હું ત્યાં ઊભી હતી. સરસ ખાણું પેટમાં પડેલું હતું અને અચાનક મને અસ્વસ્થતા થવા લાગી. મારી સાથે જે માણસ હતો તેને મેં કહ્યું, 'મારે એકદમ બહાર જવું જોઈશે!' બહાર નીકળી (એ ટ્રોકાડેરોના સ્થળ ઉપર બનેલું) કે તરત જ હું તદ્દન બેભાન બની ગઈ. મેં મારું શરીર ત્યાં લંબાવીને પડેલું જોયું અને એ મને એટલું બધું વિચિત્ર લાગ્યું કે હું તેમાં તરત જ ધસી ગઈ અને એને 'તારે મારી સાથે આવા ખેલ ન કરવા' એમ કહીને ખાસ્સો ઠપકો આપેલો.

ઘણા માણસો આવી રીતે બેભાન બની જાય છે અને પોતાને જુએ છે. આમાં એક જ શરત છે - સૂક્ષ્મ પાર્થિવ શરીરમાંની કે અત્યંત ભૌતિકપ્રાણમય સ્તર ઉપરની દૃષ્ટિશક્તિ ખીલવેલી હોવી જોઈએ.

મારે તમને કહેવું જોઈએ કે આવી શક્તિ કુદરતી રીતે, પ્રયત્ન વિના પણ પ્રાપ્ત થઈ શકે છે - વ્યક્તિ જન્મજાત સૂક્ષ્મદર્શી હોઈ શકે છે. એવા લોકો બહુ બુદ્ધિશાળી હોય જ એમ નથી. એમની પ્રાણમય ચેતના તદ્દન સામાન્ય કક્ષાની હોઈ શકે છે, પણ એ લોકો જન્મજાત સૂક્ષ્મદર્શી હોય છે. એ કોઈ મોટા વિકાસની નિશાની છે એમ પણ નથી-એ કોઈ બીજી વસ્તુમાંથી આવે છે - માતાપિતાની શક્તિ, ભૂતકાળની જિંદગી વગેરેમાંથી. પરંતુ જો તમે જન્મજાત સૂક્ષ્મદર્શી ન હો અને સાથે સાથે તમે તમારી અંદર પેલું બીજું આત્યંતિક તત્ત્વ એટલે કે, એક પૂર્ણપણે સભાન અને વિકસિત ચૈત્ય સત્તા જે શરીરમાં પોતાનું આગવું જીવન જીવતી હોય તેવું કાંઈ તમારી અંદર ન હોય, અને છતાં તમે સૂક્ષ્મ દશ્યો જોતાં શીખવા ઈચ્છતા હો તો તેવા પ્રસંગે તમારે એક ઘણી લાંબી અને ધીમી તાલીમ લેવાની હોય છે. ઘણા ઓછા લોકો એવા હોય છે જેમનામાં તાલીમના અંત સુધી ટકી રહેવા માટે જરૂરી ધીરજ અને સહનશક્તિ હોય.

એ રસદાયક છે, પણ ખાસ જરૂરની વસ્તુ નથી, એના વિના પણ તમારે ચાલે તેવી હોય છે. સ્વપ્નો માટે પણ તેમ જ છે. પરંતુ જો તમે આ પ્રકારની શક્તિ તમારામાં ખીલવો તો તમારું જીવન વધુ ભર્યું ભર્યું બનાવે છે, એના વડે તમારી ચેતના વધુ ઝડપથી પ્રગતિ કરી શકે છે.

બાળક : આપ એમ કહો છો કે એવા બે પ્રકારના લોકો છે, તેમાં એક પ્રકારના લોકોને ધ્યાન કરવાનું કહેવામાં આવે છે અને બીજા પ્રકારના લોકોને ધ્યાન ન કરવાનું કહેવામાં આવે છે. અમને કેવી રીતે ખબર પડે કે અમે કયા વર્ગના લોકોમાં છીએ? *

શ્રી માતાજી : તમને ખબર આપવામાં આવે છે.

બાળક : એટલે આપને એ બાબતમાં અમે પૂછી શકીએ?

શ્રી માતાજી : જરૂર, એના માટે તો હું અહીં છું!

બાળક : કેટલીકવાર આપણે શરીરની બહાર નીકળીએ છીએ ત્યારે જે ભાગ બહાર નીકળતો હોય છે એની પાછળ પાછળ શરીર પણ આવે છે.

શ્રી માતાજી : તમે ઊંઘમાં ચાલતા માણસની વાત કરો છો? પણ એ તદ્દન જુદી વસ્તુ છે. એનો અર્થ તો એ થાય કે જે ભાગ શરીરની બહાર જાય છે (પછી એ મનનો એક ભાગ હોય કે પ્રાણનો કોઈ ભાગ હોય) તેને શરીર પ્રત્યે એટલું બધું મમત્ત્વ હોય છે અથવા શરીરને એ ભાગ પ્રત્યે એટલી બધી માયા હોય છે કે જ્યારે એ ભાગ કંઈ કરવાનું નક્કી કરે છે કે આપોઆપ શરીર તેનું અનુસરણ કરે છે. તમે તમારા આંતર-સ્વરૂપમાં કંઈક નક્કી કરો છો અને તમારું શરીર તમારા આંતરસ્વરૂપ સાથે એટલા પ્રમાણમાં બંધનમાં હોય છે કે વગર વિચાર્યે, વિના ઈચ્છાએ, કંઈ પણ પ્રયત્ન કર્યા વિના એ એને અનુસરે છે અને એ જે વસ્તુ કરે છે તે વસ્તુ એ પણ કરે છે. ધ્યાનમાં રાખો કે આવું હોય છે ત્યારે ભૌતિક શરીરમાં એવી શક્તિઓ હોય છે જે સામાન્ય રીતે તેની જાગ્રત અવસ્થામાં તેનામાં નથી હોતી. દાખલા તરીકે, એ વસ્તુ જાણીતી છે કે જે સ્થળોએ જાગ્રત અવસ્થામાં જવું ભય ભર્યું લાગે તેમ હોય તેવા ભયજનક સ્થાનોમાં પણ વ્યકિત જાય એમ બને છે. શરીર તેના આંતરસ્વરૂપની ચેતનાનું

---

* '... સાધનાને ખાતર આપણે સાધના ઈચ્છતા નથી, આપણે ઈચ્છીએ છીએ કે આપણે જે સર્વ સમયે, સર્વ કાર્યોમાં, આપણી સર્વ ગતિઓમાં, આપણે જે કાંઈ કરતાં હોઈએ તેમાં ભગવાન પ્રત્યે સમર્પિત રહીએ. અહીં કેટલાક લોકો એવા છે જેમને અમે ધ્યાન કરવા કહીએ છીએ પણ એવા લોકો પણ છે જેમને કદી પણ ધ્યાન કરવાનું કહેવામાં આવ્યું નથી હોતું; અને છતાં તમારે એમ ન માનવું કે એ પ્રગતિ કરતા નથી. એ લોકો પણ સાધના કરે છે, પણ તેનો પ્રકાર નિરાળો છે. કાર્ય કરવું, ભકિતપૂર્વક અને અંતરના સમર્પિત ભાવથી કાર્ય કરવું - એ પણ એક આધ્યાત્મિક સાધના છે.'

('શ્રી માતાજીની વાણી' – ૧૯૨૯)

અનુસરણ કરે છે અને તેની પોતાની ચેતના નિદ્રાધીન હોય છે કારણ કે શરીરને પોતાની આગવી ચેતના પણ હોય છે. વ્યકિતના સ્વરૂપના બધા ભાગોને, વધુમાં વધુ પાર્થિવ ભાગને પણ, દરેકને પોતાની સ્વતંત્ર ચેતના હોય છે. એટલે જ્યારે તમે થાકથી લોથ પોથ થઇને સૂઈ જાઓ છો, જ્યારે તમારા ભૌતિક શરીરને તદ્દન આરામની જરૂર હોય છે ત્યારે તમારી ભૌતિક ચેતના ઊંઘી જાય છે. પરંતુ તમારા સૂક્ષ્મ ભૌતિક શરીરની ચેતના કે તમારી મનોમન ચેતના કે તમારી પ્રાણમય ચેતના ઊંઘતી નથી-એ એમની ક્રિયાઓ ચાલુ રાખે છે; પરંતુ તમારી ભૌતિક ચેતના તમારા શરીરથી જુદી પડેલી હોય છે; એ એક અભાન અવસ્થામાં ઊંઘતી હોય છે. તે વખતે જે ભાગ ઊંઘતો નથી હોતો, જે સક્રિય હોય છે, તે પેલી ભૌતિક ચેતનાને સાધન બનાવ્યા વિના શરીરનો સીધો ઉપયોગ કરે છે અને તેની પાસે સીધેસીધું કાર્ય કરાવે છે. આ રીતે લોકો નિદ્રાચરણી બને છે. મારા અનુભવ પ્રમાણે, કોઈ કારણસર (ઘણું ખરું થાક લાગવાને કારણે) જાગ્રત ચેતના ઊંઘી જાય છે. પણ અંતર ચેતના જાગ્રત હોય છે અને શરીર તેની સાથે એટલું બધું બંધનમાં હોય છે કે તે આપોઆપ તેની પાછળ ચાલી નીકળે છે. તમે કેટલીક વાર મર્યાદા બહારની વસ્તુઓ કરો છો તે આ રીતે બને છે. કારણ કે તમે એ વસ્તુઓને ભૌતિક રીતે જોતાં નથી. તમે એમને બીજી રીતે જૂઓ છો.

બાળક : એમ કહેવાય છે કે ગંભીરપણે ઘર કરી ગયેલા ખ્યાલોને કારણે અને ચિંતાઓને કારણે નિદ્રાચરણ ઉદ્‌ભવે છે, એ સાચું હશે? આ પ્રકારની અવસ્થામાં 'તારતિનીએ' એક આખી રાગાવલીની (સૉનાટાની) રચના કરેલી અને જ્યારે તે સવારમાં જાગ્યો ત્યારે આખી લખી લીધેલી.

શ્રી માતાજી : પૂર્વગ્રહો અને ચિંતાઓને કારણે નિદ્રાચરણ ઉદ્‌ભવે એવું હમેશાં નથી હોતું! હા, એવા લોકો હોય છે કે નિદ્રાચરણની અવસ્થા દરમ્યાન અદ્‌ભૂત વસ્તુઓનું લેખન કરે છે. પરંતુ તારતિની નિદ્રાચરણી ન હતો - એણે પોતાની રાગાવલીઓ (સૉનાટા) સ્વપ્નાવસ્થામાં લખેલી.

એ હમેશાં એક ભયાવહ અવસ્થા હોય છે. એમાં ઘણી અનપેક્ષિત વસ્તુઓ, જેવી કે પ્રાણમય સ્વરૂપને દુર્ઘટના નડવી, વગેરે બની શકે છે.

બાળક : નિદ્રાચરણનો ઈલાજ શો?

શ્રી માતાજી : બહુ સાદી રીતે કહીએ તો, સૂવા જતાં પહેલાં શરીર ઉપર એક સંકલ્પ મૂકવો. તમે નિદ્રાચરણી બનો છો, કારણ કે આંતરિક બંધનો તોડી શકે તેટલા પ્રમાણમાં મનનો વિકાસ થયો હોતો નથી. મન હમેશાં બાહ્ય સ્વરૂપને તમારી ગહનતર ચેતનાથી

જુદું પાડે છે. નાનાં બાળકો આ પ્રકારે ઘણાં પ્રમાણમાં બદ્ધ હોય છે. હું એવાં બાળકોને ઓળખતી હતી જેઓ ખરેખર સચ્ચાઈવાળાં હતાં, પણ જે વસ્તુ હકીકતમાં બની રહી હોય અને જે વસ્તુ તેમની કલ્પનામાં પસાર થઈ રહી હોય તે વચ્ચેનો ભેદ તે પારખી શકતાં ન હતાં. એમનાં માટે બાહ્ય જીવન જેટલું જ તેમનું આંતર જીવન સાચું હતું. એ લોકો કંઈ વાર્તાઓ કરતાં ન હતાં, એ જુઠ્ઠાં પણ ન હતાં: ફક્ત એમને માટે એમનું આંતરજીવન એમનાં બાહ્ય જીવન જેટલું જ સાચું હતું. એવાં બાળકો પણ હોય છે જેઓ એક પછી એક રાત્રીએ, જે સ્વપ્ન તેમણે શરુ કર્યું હોય છે તેને આગળ વધાર્યે જાય છે-એ લોકો શરીરની બહાર નીકળવાની કળામાં ઉસ્તાદ થઈ ગયાં હોય છે.

બાળક : શરીરને ઊંઘતું મૂકીને બહાર રખડવા જવું એ સારું કહેવાય? ગમે તે ઘડીએ પોતાને પોતાના શરીરમાં પાછું જવું હોય તો જઈ શકાય?

શ્રી માતાજી : જો તમે ઊંઘતા હો તે ઘડીએ તમારી આસપાસ બીજા લોકો હોય તો એ વસ્તુ ભયજનક થઈ શકે છે, કારણ કે એ લોકો તમને કંઈ થઈ ગયું છે એમ માનીને તમારી પાસે આવીને ઢંઢોળે એમ બને, પરંતુ તમે એકલા હો અને શાંતિથી ઊંઘતા હો તો એમાં કોઈ ભય નથી.

તમારે જ્યારે તમારા શરીરમાં પાછા ફરવું હોય ત્યારે ફરી શકો છો; સામાન્ય રીતે તો શરીરમાં પુનઃ પ્રવેશ કરવા કરતાં બહાર રહેવું વધારે અઘરું હોય છે – જરાક અમસ્થી કાંઈ વસ્તુ બને છે તો તમે ઝડપથી શરીરમાં પેસી જાઓ છો.

બાળક : આપણે આપણું શરીર પથારી ઉપર છોડીને બહાર નીકળીએ ત્યારે બીજું કોઈ એમાં પેસી જાય એમ ન બને?

શ્રી માતાજી : એમ બનવું શકય છે, પણ અત્યંત ઓછા પ્રમાણમાં, લાખે એકાદ કિસ્સામાં.

'બીજું કોઈ' પ્રવેશ ન કરી શકે – કોઈ માનવ વ્યકિત બીજી વ્યકિતના શરીરમાં પ્રવેશ નથી કરી શકતી, સિવાય કે એની પાસે એક અસાધારણ અને વિશિષ્ટ પ્રકારનું રહસ્યજ્ઞાન હોય – અને એવું હોય ત્યારે એવી વ્યકિત એમ કરે નહિ.

પણ જો માનવશકિત પ્રવેશ નથી કરતી તો કેટલીકવાર એવાં પ્રાણમય ભૂમિકાનાં સત્ત્વો હોય છે, જેમને શરીર હોતું નથી અને અનુભવની મજા લેવા માટે એમને

શરીર જોઈતું હોય છે, ત્યારે એવાં સત્ત્વો, જ્યારે જુએ છે, કોઈ પોતાના શરીરની બહાર ગયું છે (અને એ વ્યકિત બરોબર ભૌતિક રીતે બહાર ગયેલી હોવી જોઈએ) અને જો એને પૂરતા પ્રમાણમાં રક્ષણ નથી હોતું તો એ સત્ત્વો એનું સ્થાન લેવા ધસી જાય છે. પરંતુ એ એવી જવલ્લે જ બનતી ઘટના હોય છે કે જો તમે પ્રશ્ન ન પૂછયો હોય તો મેં એની વાત જ ન કરી હોત! છતાં એ વસ્તુ તદ્દન અશકય નથી.

જે લોકોને આવાં દુ:સ્વપ્નો આવતાં હોય તેમણે શરીરની બહાર જતાં પહેલાં તેમને એક ગુપ્ત પ્રકારનું રક્ષણ આપવું જોઈએ–એ વસ્તુ ઘણી રીતે થઈ શકે છે. એની સાદામાં સાદી પદ્ધતિ, જેમાં કોઈ જાતના વિશેષ જ્ઞાનની જરૂર નથી પડતી. તે એ છે કે, પોતાના ગુરુને સાદ કરવો અથવા જો તમે આ પ્રકારના જ્ઞાનવાળી કોઈ વ્યકિતને ઓળખતા હો તો એનું વિચાર વડે કે આત્માથી આવાહન કરવું, અથવા પોતાની જાતને એક જાતની રક્ષણની દિવાલ વડે સુરક્ષિત કરવી (તમે ખરેખર ઘણી વસ્તુઓ કરી શકો તેમ છો), અને એ રીતે આ પ્રકારનાં સત્ત્વોનો પ્રવેશ થતો અટકાવી શકાય છે.

જો તમારામાં તમારી જાતને બહાર લઈ જવાની ખાસિયત હોય અથવા તમે યોગ કરતા હો, તો હમેશાં તમને તમારી નિદ્રાવસ્થાને રક્ષિત બનાવવા કહેવામાં આવે છે–કોઈ એક પ્રકારના ચિંતનથી, કોઈ માનસિક ક્રિયા વડે–પોતાની જાતનું રક્ષણ કરવાના ઘણા રસ્તા છે. પરંતુ હું ધારું છું કે તમારા કોઈને માટે આવો ભય નથી; કદાચ બધાને માટે તો નહિ. આવી વસ્તુ તો ત્યારે જ બની શકે જ્યારે વ્યકિત ભયંકર રીતે મહત્ત્વાકાંક્ષી હોય, ભયંકર પ્રમાણમાં બિનસચ્ચાઈવાળી હોય; ખરેખરાં દુષ્ટ સત્ત્વો સાથે સંપર્કમાં હોય, તો જ આવું બને છે, કારણ કે જે વ્યકિત સંવાદ અને સત્યમાં જીવન ધારણ કરે છે તે કદાપિ બીજાના શરીરમાં ધસી જાય નહિ, એ એક ગેરવ્યવસ્થાનું કાર્ય ગણાય અને એમ કરવાની મનાઈ છે.

બાળક : બહાર જાય છે તે ચૈત્યપુરુષ હોય છે કે ચેતનાનો કોઈ બીજો ભાગ?

શ્રી માતાજી: જો ચૈત્યપુરુષ બહાર જતો હોય તો તેની તમને ખબર જ ન પડે, ખાસ કરીને એટલા માટે કે મોટા ભાગનો સમય એ તમારી અંદર હોતો જ નથી! ઘણા ઓછા માણસો તેમની અંદર ચૈત્યપુરુષને ધારણ કરતા હોય છે, કારણ કે એને રહેવાનું સ્થળ તૈયાર થયેલું હોતું નથી. જે બહાર જાય છે એ કેટલીકવાર સૂક્ષ્મ-ભૌતિક શરીર હોય છે અને ત્યાં વ્યકિત પોતાના શરીરને લંબાવીને પડેલું જુએ છે; ભૌતિક દષ્ટિ જાગ્રત રહેવા માટે એ વસ્તુ જરૂરી છે કે ચેતનાના અત્યંત ભૌતિક સ્વરૂપના ભાગમાંથી કોઈક અંશ બહાર જાય; વ્યકિતએ ખૂબ ભૌતિકરૂપમાં, સૂક્ષ્મ ભૌતિક શરીરમાં કે ખૂબ

ભૌતિક પ્રાણમય સ્વરુપમાં બહાર જવું જોઈએ. પરંતુ વારંવાર વધુ પ્રમાણમાં જે બહાર જતું હોય છે તે પ્રાણમય સ્વરૂપ હોય છે અને એથી પણ વધુ વાર બહાર જાય છે તે મનોમયસ્વરૂપ હોય છે. જો કે જ્યારે મનોમયસ્વરૂપ બહાર જાય છે ત્યારે તેની તમને જરા પણ ખબર પડતી નથી, કારણ કે ચૈત્યપુરુષની જેમ મનોમયસ્વરૂપ પણ ભાગ્યે જ તમારી અંદર હોય છે. તમે કોઈ વસ્તુ કે વ્યકિતનો વિચાર કરો છો ત્યારે તમારા મનનો એક ભાગ તરત જ ત્યાં પહોંચી જાય છે - મન રખડું છે, એ આમ તેમ ફર્યા કરે છે, જાય છે અને આવે છે, અંદર જાય છે અને બહાર આવે છે. એવા ઘણા ઓછા માણસો હોય છે જેઓ તેમના મનને પુરતા પ્રમાણમાં સુવ્યવસ્થિત, દઢ કરીને તેમની અંદર રાખી શકતા હોય અને તેને ભટકવા જવા દેતા ન હોય.

બાળક : હું ઘણીવાર મારા શરીરની બહાર આવું છું અને તેને મૃત અવસ્થામાં જોઉં છું.

શ્રી માતાજી : પણ એ કેવળ સ્વપ્ન હોય છે; કદાચ તમે તમારા શરીરની બહાર બિલકુલ નીકળ્યા નહિ હો. કેટલાક લોકોને પોતે મરી ગયાં છે એવું સ્વપ્ન આવે છે, પણ એની કશી અગત્ય નથી.

બાળક : જ્યારે વ્યકિત પોતાના શરીરની બહાર નીકળે ત્યારે તેણે આપના તરફ દોડી જવા પ્રયત્ન કરવો જોઈએ - હું ધારું છું કે ઘણા લોકો એવું કરે છે, નહિ?

શ્રી માતાજી : સોમાંથી એકે ય નહિ!

જો તમે એમ કરશો તો તમને ખૂબ મઝા પડે એવી વસ્તુઓ બનશે. હું ફ્રાન્સમાં એક એવી વ્યકિતને ઓળખતી હતી કે જે રોજ સાંજે આવીને મને મળતી કે જેથી હું એને પ્રાણમય અને મનોમય જગતોમાં ભ્રમણ કરવા લઈ જાઉં અને હકીકતમાં હું તેને લઈ જતી પણ ખરી. કેટલીક વખત બીજા લોકો પણ તેની સાથે આવતા, કેટલીક વખત એ વ્યકિત એકલી જ આવતી. મેં એને શરીરની બહાર કયી રીતે નીકળવું, કયી રીતે તેમાં પાછા ફરવું, કેવી રીતે ચેતના જાળવી રાખવી, વગેરે તેને બતાવેલું. મેં તેને કેટલાંક સ્થળો બતાવીને કહેલું 'ત્યાં તમારે આ જાતની સાવચેતી રાખવી, અહીં તમારે આ વસ્તુ કરવી અને પેલી વસ્તુ કરવી.' અને આવું ઘણા લાંબા સમય સુધી ચાલેલું.

હું એમ નથી કહેતી કે તમારામાંથી કોઈ જ મને રાત્રીઓ મળવા આવતું નથી, પરંતુ ઘણાં થોડાં એવા છે કે જેઓ એ વસ્તુ સભાનપણે કરે છે. સામાન્ય રીતે (મારી

ભૂલ થતી હોય તો કહેજો, પણ મારો ખ્યાલ એવો છે કે), જ્યારે તમે સૂવા જાઓ છો અને ઊંઘી જતાં પહેલાં મારું સ્મરણ કરવાનો નિર્ણય કરો છો ત્યારે તમે કહો છો તેમ મારા તરફ 'ધસી જવાને' બદલે એ એક પ્રકારનો સાદ જ હોય છે. તમે પથારીમાં પડ્યા હો છો, તમારે આરામ કરવો હોય છે, તમારે સારી ઊંઘ જોઈતી હોય છે, ઉત્તમ ચેતનામાં રહેવું હોય છે, પછી તમે શરીરની બહાર આવીને મને મળવા આવવાને બદલે સાદ કરીને બોલાવો છો.

૨૨ ફેબ્રુઆરી, ૧૯૫૧

'યોગનો અર્થ ભગવાન સાથે એકતા એવો થાય છે અને એ એકતા સમર્પણ વડે સધાય છે. એનો પાયો, તમારું ભગવાનને આત્મસમર્પણ છે.'

('શ્રી માતાજીની વાણી': વાર્તાલાપ-૪)

બાળક : 'આત્મ સમર્પણ' (Surrender) અને 'અર્પણ' (Offering) વચ્ચે શો ભેદ છે?

શ્રી માતાજી : એ બે શબ્દો લગભગ સમાનાર્થી છે : હું મારી જાતનું 'અર્પણ' (Offering) કરું છું. અને મારી જાતનું આત્મ સમર્પણ (Surrender) કરું છું, પરંતુ અર્પણની ક્રિયામાં સમર્પણની ક્રિયા કરતાં કોઈક વસ્તુ વધુ સક્રિય રૂપની હોય છે. ફ્રેન્ચમાં (Soumission) છે તે શબ્દ બરાબર નથી; અંગ્રેજીમાં તમે 'આત્મ સમર્પણ' (Surrender) કહો છો; 'આત્મ સમર્પણ' અને 'અર્પણ' એ બે શબ્દોમાં ભેદ નહિવત્ છે. ફ્રેન્ચ શબ્દ Soumission એક વધુ અક્રિય દશાનું સૂચન કરે છે - એમાં તમે 'સ્વીકારો' છો, જ્યારે 'અર્પણ' એક ભેટ ધરવાની ક્રિયા છે - એક સ્વૈચ્છિક ભેટ.

બાળક : 'સર્વસ્વ સમર્પણ' (Consecration) શબ્દનો ચોક્કસ અર્થ શું છે?

શ્રી માતાજી : 'સર્વસ્વ સમર્પણ' નો અર્થ સામાન્ય રીતે ગુહ્ય પ્રકારનો છે, પણ એ અવિકારી નથી. સંપૂર્ણ સર્વસ્વ સમર્પણ એટલે એ શબ્દ 'સમર્પણ' (Surrender)

સરખો છે, Soumission સરખો નહિ, જે હમેશાં એવી છાપ ઉભી કરે છે કે એક અકર્મક રૂપમાં વ્યકિત એનો સ્વીકાર કરે છે. 'સર્વસ્વ સમર્પણ' (Consecration) શબ્દમાં તમે એક જવાળાની લાગણી અનુભવો છો ; 'અર્પણ' (Offering) શબ્દ કરતાં પણ એક મોટી જવાળા. પોતાનું સર્વસ્વ સમર્પણ કરવું એટલે 'પોતાની જાતને એક કાર્ય માટે હોમી દેવી.' એટલે યોગની પરિભાષામાં એનો અર્થ ભગવાનના કાર્યની સિદ્ધિ માટે પોતાની જાતને ભગવાનના કાર્ય માટે સમર્પિત કરી દેવી.

(શ્રી માતાજી આગળ વાંચન કરે છે :)

> 'તમારું સમગ્ર જીવન ભગવાનને અર્પણ કરવાનો તમે સંકલ્પ કર્યો કે પછી પ્રત્યેક ક્ષણે તેને તમારે સ્મરણમાં રાખવાનો રહે છે, તથા ઝીણી ઝીણી ઘટનાઓમાં તેનો અમલ કરવાનો બાકી રહે છે. ડગલે ને પગલે, પ્રતિક્ષણે, તમને એમ લાગવું જોઈએ કે તમે ભગવાનના જ છો. તમે જે કાંઈ વિચારો યા તો કરો તે કર્મ દ્વારા ભાગવત ચેતના જ તમારામાં કાર્ય કરી રહે છે, એવો અનુભવ તમને અવિરતપણે થયા કરવો જોઈએ. 'મારું' કહી શકો એવું કશું પણ તમારે માટે હોવું ન જોઈએ. સઘળું ભગવાન પાસેથી આવે છે એવો અનુભવ તમને થવો જોઈએ ; અને એ રીતે તમને જે મળેલું હોય તે તેના મૂળ માલિકને જ અર્પણ કરવું જોઈએ. જ્યારે આ સત્યને તમે સમજી શકશો તથા તેનો સાક્ષાત્કાર કરી શકશો, ત્યારે જે જે વસ્તુ તમે સામાન્ય રીતે નજીવી યાને અગત્ય વિનાની ગણી કાઢતા હતા એ નજીવી બાબત પણ નજીવી અને અર્થ વગરની નહિ લાગે. એ સઘળી તમને ઘણી અર્થપૂર્ણ જણાશે. એ નજીવી વસ્તુ પણ તમારી દષ્ટિ આગળ અવલોકન અને અભ્યાસ માટે અજ્ઞાતના વિશાળ પ્રદેશોને ખોલી આપશે.'
>
> ('શ્રી માતાજીની વાણી' : વાર્તાલાપ. - ૪)

આનું કારણ એ છે કે જીવન અને કર્મની નાનામાં નાની વિગત, વિચારની લાગણીની, સંવેદનની કોઈ પણ ગતિ, જેની સામાન્ય રીતે ખાસ અગત્ય નથી હોતી, તે, તમે જે ક્ષણે તેમનું અવલોકન કરીને પોતાને એમ પૂછો છો કે 'મેં એ વિચાર ભગવાનને અર્પણભાવે કરેલો, મેં એ લાગણી ભગવાનને અર્પણભાવે સેવેલી....?' એ રીતે તમારા જીવનની હરેક ક્ષણ તમે તાજી કરતા રહો ત્યારે તમારું વલણ પહેલાં કરતાં તદ્દન જુદું થઈ જાય છે. એ ઘણું વિશાળ થઈ જાય છે. એ રીતે જાણે દરેક વસ્તુ પોતાને યોગ્ય સ્થાને હોય એવી અસંખ્ય નાની નાની વસ્તુઓની પરંપરા બંધાઈ જાય છે - જ્યારે પહેલાં તો તમે એમની ઉપર જરાપણ ધ્યાન આપ્યા સિવાય

બને તેમ બનવા દેતા હતા. આને લઈને ચેતનાનું ક્ષેત્ર વિશાળ થાય છે. તમે તમારા જીવનનો અર્ધો કલાક લઈને તેની સામે આ પ્રશ્ન મૂકો કે 'આ વસ્તુ ભગવાનને આત્મ સમર્પણરૂપ છે?' અને તમે જોશો કે નાની વસ્તુઓ પણ મોટી વસ્તુઓ બની જાય છે અને તમને એમ ભાસે છે કે જીવન વિશાળ અને ઉજ્જવલ બન્યું છે.

બાળક : ભગવાન સાથે અદ્વૈત સાધવું એ યોગનું લક્ષ્ય છે. આપણે એમ કહી શકીએ કે સમર્પણ એ પ્રથમ પગલું છે અને અર્પણ એ બીજું?

શ્રી માતાજી : ના, કેટલાક 'અર્પણ'થી શરૂઆત કરીને સમર્પણની અવસ્થાએ પહોંચે છે. તમે કદાચ એક પ્રકારની દીનતાની લાગણી અનુભવવાની શરૂઆત કરી શકો - તમે કંઈક અંશે ભગવાનની ભવ્યતાથી દબાઈ જતા હો એમ થાય છે. પછી તમે સહેજ મોકળાશ અનુભવો છો અને તમે જે હો છો તે આનંદપૂર્વક અર્પણ કરો છો. જો કે હમેશાં એમ બનતું નથી. ઘણા લોકો આત્મદાનથી શરૂઆત કરે છે; એમને માટે પોતાની જાત સોંપી દેવી એ સહેલામાં સહેલી ક્રિયા હોય છે. શરૂઆતમાં તો અર્પણની ક્રિયા એક તદ્દન સામાન્યરૂપની હોય છે, કેટલીક વાર પોતાની જાતનું વિગત-વાર સમર્પણ કરવામાં તમારે એક પ્રકારનો પ્રયત્ન કરવો પડે છે; તમે તમારી જાત ખૂબ ઉત્સાહપૂર્વક સોંપી દઈ શકો છો પરંતુ જ્યારે તમારે દરેક ક્ષણે ઊર્ધ્વ સંકલ્પને વશ વર્તવાનું થાય છે ત્યારે પરિસ્થિતિ મુશ્કેલ બને છે.

બાળક : અર્પણમાં સમર્પણ ન આવી જાય?

શ્રી માતાજી : જરાપણ નહિ. તમે અર્પણ કરવામાં આનંદપૂર્વક અર્પણ કરી શકો, સમર્પણનો કોઈ ખ્યાલ કર્યા સિવાય. ઉત્સાહના ઉભરાની એક ક્ષણમાં જ્યારે તમે તમારા કરતાં કોઈ અનંતગણી ઉચ્ચ વસ્તુનું દર્શન કર્યું હોય ત્યારે તમે તમારી જાતને આવેગ-પૂર્વક આપી દઈ શકો છો; પણ જ્યારે એ વસ્તુ દરેક મિનિટે જીવવાની વસ્તુ બની જાય છે, જ્યારે દરેકે દરેક મિનિટે પોતાની જાતને ઊર્ધ્વ સંકલ્પને સમર્પણ કરવાની વસ્તુ બને છે અને જ્યારે દરેક મિનિટનો ગાળો આ પ્રકારના સમર્પણરૂપ બની જાય છે, ત્યારે એ વસ્તુ વધુ મુશ્કેલ બને છે. પરંતુ 'અર્પણ'નો અર્થ તમે તમારી સઘળી ગતિઓનું, સર્વ ક્રિયાઓનું, સર્વાંગી સમર્પણ એવો કરતા હો તો એ વસ્તુ, ભલે તમારી અપેક્ષા ન હોય, તો પણ સમર્પણ સરખી જ હોય છે. પરંતુ તો પછી એ ઉત્સાહના ઉભરામાં કરવામાં આવતી વસ્તુ નથી રહેતી. એ કોઈક એવી વસ્તુ હોય છે જે તેની વિગતોમાં સિદ્ધ કરવાની હોય છે. તમે એમ કહી શકો કે આવેશ અને ઉત્સાહમાં કરવામાં આવેલી કોઈ પણ વસ્તુ સાપેક્ષ રીતે સહેલી હોય છે - એનો

આધાર તમારામાં રહેલી ગતિની ઉત્કટતા ઉપર રહે છે. પરંતુ જ્યારે એ પોતાની અભીપ્સાને પોતાના જીવનની દરેક મિનિટે તેની સર્વ વિગતોમાં સિદ્ધ કરવાની વસ્તુ હોય છે, ત્યારે ઉત્સાહ સહેજ મોળો પડી જાય છે અને તમને મુશ્કેલીનો અનુભવ થાય છે.

બાળક : એવી કોઈ અનુભૂતિ હોય છે કે જેનાથી સાબિત થાય કે પોતે ભગવાનના સાંનિધ્યમાં જીવન ધારણ કરે છે?

શ્રી માતાજી : જ્યારે તમે ભગવાનના સાંનિધ્યમાં જીવન ધારણ કરતા હો છો ત્યારે પછી તમારે પ્રશ્ન પૂછવાનો રહેતો નથી. એની ખાતરી એ અનુભૂતિમાં જ રહેલી હોય છે. તમે અનુભવો છો, તમે જાણો છો અને તેમાં શંકા કરવી શક્ય નથી બનતી. તમે ભગવાનના સાંનિધ્યમાં જીવન ધારણ કરતા હો છો અને એ તમારે માટે સ્વયંસિદ્ધ હકીકત હોય છે. જ્યાં સુધી તમને અનુભવ થયો નથી હોતો ત્યાં સુધી તમે પૂછો છો પણ તમને અનુભવ થાય છે ત્યારે એના પોતાનામાં જ એક એવો પૂરાવો હોય છે કે જેની સામે કોઈ દલીલને અવકાશ રહેતો નથી. જે કોઈ કહેતો હોય કે 'મને લાગે છે કે હું ભગવાનના સાંનિધ્યમાં જીવન ધારણ કરું છું એમ લાગે છે, પરંતુ મને ખાતરી નથી,' તો તેને સાચી વસ્તુની અનુભૂતિ થઈ નથી હોતી, કારણ કે એ પ્રકારની અનુભૂતિનો અંતરમાં ધક્કો લાગે પછી કોઈ જાતનો પ્રશ્ન કરવો શક્ય રહેતો નથી. એ, કેટલાક એવું પૂછે છે કે 'ભગવાનનો સંકલ્પ શું હશે?'-એના જેવું છે. જ્યાં સુધી તમને એ સંકલ્પની ઝાંખી નથી થઈ હોતી ત્યાં સુધી તમે એના વિષે જાણી શકતા નથી. તમને એનો તર્કથી, અનુમાનથી ખ્યાલ આવી શકે, પરંતુ જ્યારે તમને ભગવાનના સંકલ્પનો સ્પષ્ટ સંપર્ક થાય ત્યારે પછી તેની ચર્ચા કરવાની રહેતી નથી. તમને ખબર હોય છે.

કોઈ જાતની ગેરસમજુત ન થાય તે માટે હું ઉમેરું કે કોઈ પણ અનુભૂતિની કિંમત જેને અનુભૂતિ થઈ હોય તેના દિલની સચ્ચાઈના પ્રમાણમાં હોય છે. કેટલાક લોકોમાં આવી સચ્ચાઈ હોતી નથી. એવા લોકો અદ્‌ભુત અનુભૂતિઓ બનાવી કાઢે છે અને માને છે કે તેમને એવી અનુભૂતિ થઈ છે. હું એ બધું બાજૂએ મૂકી દઉં છું. એ રસદાયક નથી. પરંતુ હૃદયની સચ્ચાઈવાળા માણસો, જેમને સાચેસાચ અનુભવ થયો હોય છે, જેમને એક વખત પણ ભગવાનની હાજરીનો અનુભવ થયો હોય છે તેઓ પછી, આખી દુનિયા તેમને કહે કે એ સાચું નથી તો પણ તેઓ હઠવાના નથી.

તમારામાં જો અંતરની સચ્ચાઈ ન હોય તો તમને અદ્‌ભુત અનુભવો થાય તેની તમારે માટે કે બીજાને માટે કશી કિંમત નથી. તમને તમારી વિચારશક્તિ ઉપર

ભારે અવિશ્વાસ હોવો જોઈએ, કારણ કે મન એક અદ્‌ભૂત રચનાકાર છે અને તે તેના રૂપ ઘડતરના કાર્ય વડે તમને અદ્‌ભૂત અનુભવો કરાવી શકે છે; પરંતુ એવા અનુભવો કશી કિંમતના નથી હોતા. એટલા માટે શું બનવાનું છે તે પહેલેથી ન જાણવું સારું છે, કારણ કે તમારામાં અંતરની સચ્ચાઈ રાખવાનો ઘણો બળવાન સંકલ્પ હોવા છતાં મન એટલું બધું અને એટલી સરસ રીતે ઉપજાવી કાઢે છે અને તેની રચનાઓ ઘડવાની શકિત માત્રથી એવું અદ્‌ભુત ચિત્ર બનાવી કાઢે છે અથવા તમારે માટે એવું સુખાંત નાટક કરે છે કે તમને તેની બનાવટની જાણ થતી નથી. અને એ વસ્તુ શોધી કાઢવી ઘણી મુશ્કેલ હોય છે. એટલે સાચી અનુભૂતિઓ પ્રાપ્ત કરવા માટેની જરૂરી શરત આ છે: મનરૂપી આ યંત્રને શાંત રાખો; એ જેટલું ઓછું કામ કરે એટલું વધુ સારું અને તમારે માટે એ જે કલ્પનાઓ ઊભી કરતું હોય તેનાથી સાવધ રહો.

બાળક : અભીપ્સા અને માગણી વચ્ચે શું તફાવત છે?

શ્રી માતાજી : જ્યારે તમને બંનેનો અનુભવ થયો હોય છે ત્યારે તમે એ બે વચ્ચેનો ભેદ પારખી શકો છો. અભીપ્સા, હું જેને એક નિસ્પૃહી જ્યોતિ કહું છું તે હોય છે. એ વસ્તુ કામનામાં હાજર નથી હોતી. તમારી અભીપ્સાની ગતિ પોતાની તરફ થતી નથી - કામના એટલે જ પોતાના તરફ વળવું. શુદ્ધ મનોવૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુથી જોતાં અભીપ્સા એ હમેશાં આત્માર્પણ હોય છે, જ્યારે કામના એક એવી વસ્તુ હોય છે જેને વ્યકિત પોતાની તરફ ખેંચે છે; અભીપ્સા કરવામાં કોઈ વસ્તુ પોતાનું અર્પણ કરે છે, એ અર્પણનું સ્વરૂપ મનોમય જ હોય તેવું નથી હોતું, પરંતુ એ એક લાગણી, એક ઊર્મિ, પ્રાણની એક ઉત્કંઠા જેવું હોય છે.

સાચી અભીપ્સાનું ઉદ્‌ગમ સ્થાન મસ્તક નથી હોતું; જ્યારે એ એક વિચારના રૂપમાં વ્યકત થાય છે ત્યારે પણ, એક જ્વાળાની માફક હૃદયમાંથી ભભૂકી ઊઠે છે. શ્રી અરવિંદે વેદ ઉપર જે લેખો લખ્યા છે તે તમે વાંચ્યા છે કે નહિ તેની મને ખબર નથી. એ ક્યાંક એ વસ્તુ સમજાવે છે કે એ ઋચાઓ મન વડે રચવામાં આવેલી ન હતી. લોકો જેમ માને છે તેમ એ પ્રાર્થનાઓ નથી, પણ હૃદયમાંથી જ્વાળાની માફક ઊઠતી આવેગ સરખી અભીપ્સા હતી - જો કે જ્યાંથી એ વસ્તુ ઉપર ઊઠતી હતી તેને 'હૃદય' નહિ, - પણ યોગ્ય શબ્દ વાપરવા હોય તો, - વ્યકિતના 'આંતર તંત્રનું કેન્દ્ર' એમ કહી શકાય. એ 'વિચારો' ન હતા, એમાં અનુભૂતિને શબ્દો વડે વ્યકત કરવામાં આવતી હોય એમ પણ ન હતું, પરંતુ અનુભૂતિઓ પોતે જ ચોક્કસ, સ્પષ્ટ, અસંદિગ્ધ શબ્દોમાં ગોઠવાઈને વ્યકત થતી હતી - એમાં ફેરફાર થઈ શકે તેમ ન હતું. અભીપ્સાની એ જ ખાસિયત છે; એને કોઈ આકાર આપવા તમારે પ્રયત્ન કરવાનો

હોતો નથી, એ એક જવાળાના સ્વ-રચિત રૂપમાં ભભૂકી ઊઠે છે. જો એમાં શબ્દો હોય છે (કેટલીક વાર એમાં કોઈ શબ્દો નથી હોતા) તો તેમને ફેરવી શકાય તેમ નથી હોતું. એમાંનો એક પણ શબ્દ ફેરવીને બીજો શબ્દ મૂકી શકાતો નથી, એકે એક શબ્દ બિલકુલ યોગ્ય શબ્દ હોય છે. જ્યારે અભીપ્સા પ્રગટ થાય છે ત્યારે તે બિલકુલ સ્પષ્ટ હોય છે અને એમાં ફેરફાર કરવાની શકયતા જ હોતી નથી. એમાં હમેશાં કોઈ વસ્તુ ઉછળીને આગળ આવે છે અને પોતાની જાતનું અર્પણ કરી દે છે; જ્યારે કામનાની ખાસિયત વસ્તુને પોતાની તરફ ખેંચવાની હોય છે.

અભીપ્સામાં રહેલ પ્રેમ અને કામનામાં રહેલ પ્રેમમાં મૂળ ભેદ એ છે કે અભીપ્સામાંનો પ્રેમ પોતાની જાતને પૂર્ણપણે અર્પણ કરી દે છે અને કોઈ બદલાની અપેક્ષા રાખતો નથી - કશું પાછું મેળવવા માટે હક્ક દાવો કરતો નથી; જ્યારે કામનામય પ્રેમ પોતાની જાતને શકય તેટલી ઓછામાં ઓછી અર્પણ કરે છે, શકય તેટલું વધુમાં વધુ માગે છે અને પોતાની જાત તરફ ખેંચીને હમેશાં પાછું લેવાની માગણી કરે છે.

બાળક : અભીપ્સા હમેશાં આનંદકારક હોય છે, નહિ?

શ્રી માતાજી : 'આનંદ' શબ્દ છેતરામણો છે, - એના કરતાં એમ કહી શકાય કે અભીપ્સા એક સભરતાની લાગણી જન્માવે છે ; એક ભર્યા ભર્યા હોવાની લાગણી, એક શકિત, એક આંતરજ્યોત તમને ભરીને રહે છે. અભીપ્સા તમને આનંદદાયક હોઈ શકે પણ એ આનંદ એક વિશેષ પ્રકારનો હોય છે – એમાં કશું ઉશ્કેરાટનું તત્ત્વ હોતું નથી.

બાળક : આત્મા અને ચૈત્યસત્તા બંને એક જ વસ્તુ છે?

શ્રી માતાજી : એનો આધાર એ શબ્દોની તમે કેવી રીતની વ્યાખ્યા કરો છો તેના ઉપર છે. ઘણા ખરા ધર્મોમાં અને તત્ત્વજ્ઞાનની શાખાઓમાં 'આત્મા' શબ્દ પ્રાણમય સ્વરૂપના અર્થમાં વપરાય છે. એટલે એમ કહેવામાં આવે છે કે 'આત્મા શરીરને છોડી દે છે.' ખરી રીતે શરીરનો ત્યાગ કરે છે તે તો પ્રાણમય સ્વરૂપ હોય છે. કેટલાક 'આત્માને ઉગારવા'ની, 'દુષ્ટ આત્માઓ'ની 'આત્માનો ઉદ્ધાર કરવા'ની વાતો કહે છે....પણ એ બધું પ્રાણમય સ્વરૂપને લાગુ પડે છે, કારણ કે ચૈત્ય સત્તાને 'બચાવવા'ની જરૂર હોતી નથી! બાહ્યસ્વરૂપની ક્ષતિઓમાં ચૈત્યપુરુષનો હિસ્સો હોતો નથી, એ સર્વ પ્રકારનાં પ્રતિકાર્યોથી પર હોય છે.

બાળક : જ્યારે આપણે કામ કરીએ છીએ અને શકય તેટલી સારામાં સારી રીતે કરવા માગીએ છીએ ત્યારે સમય વધારે પ્રમાણમાં જોઈએ છે. પરંતુ સામાન્ય રીતે આપણી

પાસે બહુ સમય હોતો નથી, અને આપણે ભારે દબાણ હેઠળ હોઈએ છીએ. તો જ્યારે કામનું ભારે દબાણ હોય ત્યારે પોતાનાથી શકય તેટલી ઉત્તમ રીતે કામ કેવી રીતે કરવું ?

શ્રી માતાજી : આ એક ખૂબ રસપ્રદ વિષય છે અને મારે તેના વિષે એક દિવસ વિગતથી કહેવું એવી મારી ઈચ્છા હતી. સામાન્ય રીતે માણસો જ્યારે ઉતાવળમાં હોય છે ત્યારે તેમને કરવાનું કામ તેઓ પૂરી રીતે કરતા નથી અને જેટલું કરે છે તેટલું પણ ખરાબ રીતે કરે છે. પણ તો એક ત્રીજો રસ્તો પણ છે, અને એ છે પોતાની એકાગ્રતાને સઘન કરવાનો. જો તમે એમ કરો તો તમને અડધો સમય વધારે મળે છે અને તમારું કામ થોડા સમયમાં પણ કરી શકો છો. એક તદ્દન સાદો દાખલો લો : સ્નાન કરીને કપડાં પહેરવાની ક્રિયાનો : એ માટે જુદા જુદા લોકોને જુદો જુદો સમય લાગે છે, પણ આપણે એમ માની લઈએ કે, સમય ગૂમાવ્યા સિવાય અને ઉતાવળ કર્યા સિવાય એ માટે અડધો કલાક જોઈએ. હવે પછી તમે ઉતાવળ કરો તો તમે સારી રીતે નહાતા નથી કે પછી તમારાં કપડાં બરાબર રીતે પહેરતા નથી ! પણ એમાં એક બીજો રસ્તો છે – તમારું ધ્યાન અને શકિત એકાગ્ર કરવાનો, તમે જે કરતા હો તેનો જ વિચાર કરો અને બીજી કોઈ વસ્તુ વિષે વિચાર ન કરો, કોઈ વધુ પડતી હિલચાલ ન કરો, બરાબર યોગ્ય રીતે યોગ્ય ક્રિયા કરો, અને (આ એક અનુભવમાં મૂકેલી વાત છે અને હું ખાતરીથી તે માટે કહી શકું છું) તમે પહેલાં જે વસ્તુ અર્ધા કલાકમાં કરતા, તે તમે પંદર મિનિટમાં કરી શકો છો ; અને તમે એટલી જ સારી રીતે કે તેથી પણ વધુ સારી રીતે કે તેથી પણ વધુ સારી રીતે કરી શકો છો ; કશી વસ્તુ ભૂલી જતા નથી, કશી વસ્તુ કરવાની બાકી રાખતા નથી, અને આ સર્વ એકાગ્રતાની સઘનતાને કારણે થઈ શકે છે.

અને જે લોકો એમ કહેતા હોય કે 'ભાઈ, જો વસ્તુઓ બરાબર કરવી હોય તો વખત જોઈએ', તેમને માટે આ સારામાં સારો ઉત્તર છે. એમની વાત સાચી નથી હોતી, કારણ કે તમે જે કંઈ કરતાં હો – અભ્યાસ, રમત, કામ – એક જ ઉકેલ છે; તમારી એકાગ્રતાની **માત્રા** વધારો. કુદરતી રીતે, શરૂઆતમાં એને લઈને તમારામાં ઉશ્કેરાટની લાગણી થાય છે, પણ તમને મહાવરો પડે એટલે એ ઉશ્કેરાટ શમી જાય છે, અને એવો સમય આવે છે જ્યારે જે વસ્તુથી તમને થાક લાગતો હતો તેમ હવે થતું નથી. તમારું ધ્યાન વેરવિખેર, અન્ય વસ્તુઓ તમારું ભક્ષણ કરી જાય, તેવું બનતું નથી. અને આ રીતે તમારા વિકાસના એક સાધન તરીકે તમે કામનો ઉપયોગ કરી શકો છો; નહિ તો પછી તમને એક અસ્પષ્ટ ખ્યાલ રહે છે કે તમારે તમારું કામ 'અંગત રસ વિના' કરવાનું છે. પણ એમાં એક ભયસ્થાન રહેલું છે. કારણ કે, તમે લાગલાજ અંગત રસના અભાવ અને બેદરકારી વચ્ચેનો ભેદ જાળવી શકતા નથી.

૨૪ ફેબ્રુઆરી, ૧૯૫૧

શ્રી માતાજી : પેલે દિવસે મેં તમને કહ્યું હતું કે ઘણોખરો વખત લોકોમાં તેમનો ચૈત્યપુરુષ હોતો નથી. એ વસ્તુ હું જરા વિગતે સમજાવવા માગું છું. ...તમારે યાદ રાખવું જોઈએ કે આંતર સ્વરૂપો ત્રીજા પરિમાણમાં નથી હોતાં. જો તમે તમારું શરીર ખોલીને જોશો તો ત્રીજા પરિમાણમાં તો ફક્ત તમને શરીરના સ્નાયુઓ દેખાશે. આંતર સ્વરૂપો જુદા જ પરિમાણમાં હોય છે, અને જ્યારે હું કહું છું કે કેટલાક લોકોની અંદર તેમનો ચૈત્યપુરુષ હોતો નથી, ત્યારે એ તેમના સ્વરૂપના કેન્દ્રમાં નથી હોતો એમ નથી કહેતી, પણ તેમની બાહ્ય ચેતના એટલી બધી મર્યાદિત એટલી બધી તો અસ્પષ્ટ હોય છે કે, એ ચૈત્ય સત્-તા કે જે તેની બહાર પણ ફેલાઈને રહેલી હોય છે તેની સાથે કશો સંપર્ક, કેવળ સચેતન નહિ પણ તાદાત્મ્યવાળો સંપર્ક રાખી શકતો નથી. એ ચૈત્ય સત્-તા બીજી ચેતનાઓ કરતાં એટલા બધા પ્રમાણમાં ઊર્ધ્વમાં અને ઊંડાણમાં હોય છે કે એમની વચ્ચે ગુણનો કે સ્વભાવનો કોઈ પ્રકારનો સંબંધ હોતો નથી. ધર્મોમાં કહેવામાં આવે છે કે તમારામાં એક દિવ્ય સ્ફુલિંગ હોય છે – એમણે એને 'સ્ફુલિંગ' કહ્યો છે તે વ્યાજબી જ છે, કારણ કે એ એટલો બધો નાનો હોય છે કે, તેને કોઈ પણ જાતની મુશ્કેલી વિના શરીરમાં કોઈ પણ સ્થળે મૂકી શકાય છે. પણ એનો અર્થ એ નથી કે એ શરીરમાં કેવળ સ્થૂળ રીતે રહેલો છે; એ તો ચેતનામાં અન્ય પરિમાણમાં હોય છે. કેટલાક લોકોને એની સાથે સંપર્ક હોય છે અને તો બીજા કેટલાકને નથી પણ હોતો. જો તમે એક અણુમાં ભગવાનની હાજરીનો વિચાર કરો તો એ વાતની છાપ તમારી ચેતનામાં વધુ સહેલાઈથી ઊઠી શકે છે. કારણ કે અણુની ભીતરમાં તો

તમે એક એવા સૂક્ષ્મ પ્રદેશને સ્પર્શ કરો છો જ્યાં બે, ત્રણ, ચાર કે પાંચ પરિમાણો વચ્ચેનો ભેદ તમે તારવી શકતા નથી. તમે જો આધુનિક પદાર્થ વિજ્ઞાનનો અભ્યાસ કરશો તો હું શું કહું છું તે તમને સમજાશે. આણુની રચના જે આંદોલનોની બનેલી છે તેમનું માપ એટલું બધું સૂક્ષ્મ હોય છે કે તે આપણા તૃતીય પરિમાણના જ્ઞાન વડે કળી શકાતું નથી, કારણ કે તેઓ જે નિયમોને આધીન રહીને ગતિ કરે છે તે આપણા તૃતીય પરિમાણના ખ્યાલોના વ્યાપમાં બિલકુલ આવી શકતા નથી. જો તમે ત્યાં આશ્રય લો તો તમે કહી શકો કે દિવ્ય સ્ફુલિંગ દરેક આણુના કેન્દ્રમાં છે અને એમ કહેવામાં તમે સત્યથી દૂર નહિ હો; પરંતુ હું દિવ્ય સ્ફુલિંગની વાત કરતી ન હતી, હું એક સ્વરૂપની વાત કરતી હતી, ચૈત્ય ચેતનાની, જે એક બીજી વસ્તુ છે. ચૈત્ય સત્-તા એક પુરુષ છે, એને એક રૂપ હોય છે; એ એક કેન્દ્રસ્થ ચેતનાની આસપાસ ગોઠવાયેલું હોય છે. અને રૂપ હોવાને કારણે એને પરિમાણ પણ છે. પરંતુ એ પરિમાણ, બાહ્ય ચેતનાના તૃતીય પરિમાણથી તદ્દન જુદા પ્રકારનું પરિમાણ છે.

બાળક : ઘણીવાર એમ કહેવાય છે કે બાળકો જ્યારે સાત વર્ષનાં થાય ત્યારે તેમનામાં ચૈત્યપુરુષ આવે છે. આનો ચોક્કસ અર્થ શું છે?

શ્રી માતાજી : એ નક્કી નથી. એવા લોકો છે જેમનો ચૈત્યપુરુષ તેમના દેહની રચના ઉપર જન્મની પહેલાંથી દેખરેખ રાખે છે, એમની માતાના ગર્ભાશયમાં તેઓ હોય છે તેની પણ પહેલાં. કેટલાંક બાળકો તેમના જીવનનો પ્રથમ અવાજ કરે છે તે જ સમયે તેમનો ચૈત્યપુરુષ તેમના સંપર્કમાં આવે છે. વળી કેટલાક લોકો એવા છે, જેમનામાં ચૈત્યપુરુષ તેમના જન્મ પછી કેટલાક કલાકે આવે છે, કેટલાકની બાબતમાં દિવસો પછી, અથવા અઠવાડિયાં પછી, અથવા મહિનાઓ પછી અથવા વર્ષો પછી અથવા તો... કોઈ દિવસ નહિ!

બાળક : આપે મને એક વખત કહેલું કે બાળકની ઉંમર સાત વર્ષની થાય તે પહેલાં બાળકને માનસિક કામ કરવા કહેવું નહિ.

શ્રી માતાજી : એ તદ્દન જુદી વસ્તુ છે. એમાં તો પ્રશ્ન ભૌતિક મગજના ઘડતરનો છે, જે ધીમે ધીમે, થોડું થોડું કરીને વિકાસ પામતું હોય છે. તમે જો ઘડાતા મગજને તેની શક્તિ બહારનું કામ કરવાનું કહો તો તમે એને થકવી નાખો છો, તેના ગજા બહારનું કામ લો છો અથવા એને માંદું પાડો છો.

બાળક : આપ એમ કહો છો કે ચૈત્ય સ્વરૂપ અને દિવ્ય સ્ફુલિંગ એ એક જ વસ્તુ છે.

શ્રી માતાજી : ના, મેં એવું કદી કહ્યું નથી - એ તો મૂર્ખાઈ કહેવાય ! ચૈત્યપુરુષની રચના દિવ્ય સ્ફુલિંગની આસપાસ થાય છે. દિવ્ય સ્ફુલિંગ એક છે, વિશ્વરૂપ છે, બધે અને બધામાં એકનો એક જ છે, એક અને અનંત, પોતે પોતાના સરખો જ. તમે એને એક પુરુષ નહિ કહી શકો. એ પુરુષ છે એમ તમારે કહેવું હોય તો કહો, પણ એ એક પુરુષ નથી. કુદરતી રીતે, જો મૂળમાં જોવા જાઓ, તો તમે એમ કહી શકો કે આત્મા એક જ છે, કારણ કે સર્વ આત્માઓનું આદિ એ જ છે, જેમ આખા વિશ્વનું આદિ એ જ છે, જેમ આખી સૃષ્ટિનું આદિ એ જ છે. બીજી બાજુ ચૈત્યપુરુષ વૈયક્તિક છે; પોતાનો આગવો અનુભવ, પોતાનો આગવો વિકાસ, પોતાનો આગવો ઉત્કર્ષ, પોતાની આગવી રચનાવાળું એક વ્યક્તિત્વ છે. ફક્ત એટલું જ કે આ રચના, કેન્દ્રસ્થ દિવ્ય સ્ફુલિંગના કાર્યનું સર્જન હોય છે.

બાળક : આણુમાં ચૈત્ય પુરુષ હોય છે ?

શ્રી માતાજી : ના, હજી એ ત્યાં હોતો નથી. એમ કહી શકાય કે ભૌતિક પદાર્થમાં ચૈત્ય ચેતનાની શક્યતા રહેલી છે. દિવ્ય ચેતનાના પ્રસરણનો બીજો કોઈ હેતુ ન હતો : એનો હેતુ કોઈ એક રચના ભગવાનની સીધી અસર હેઠળ રહે તેવી શક્યતા નીપજાવવાનો જ હતો. એટલા માટે જ એ અવ્યવસ્થાની સૃષ્ટિઓને ઓળંગીને ચાલે છે.* એટલા માટે એમ કહી શકાય કે આત્મા આદિમ આણુમાં પણ છે; આણુ જે ઘટકોનો બનેલો છે તે સર્વ ઘટકોમાં પણ એ ફક્ત આદિ છે. ... મારે તમને કહેવું જોઈએ કે જ્યારે ચૈત્યપુરુષ પૂરેપૂરો રચાઈ ગયેલો હોય છે ત્યારે એને આપણા ભૌતિક શરીરને અનુરૂપ વિશિષ્ટ આકૃતિ હોય છે. એ તદ્દન ભૌતિક શરીરના સરખો હોતો નથી પણ એને એક ચોક્કસ સ્વરૂપ હોય છે. દરેક ચૈત્યપુરુષ અન્ય ચૈત્યપુરુષથી જુદો હોય છે - એમને સરખા કકડા કરીને એક જ આકારમાં ઢાળવામાં આવ્યા નથી હોતા. એ જુદા જુદા હોય છે, દરેકને પોતાની અંગત લાક્ષણિકતા હોય છે, વૈયક્તિકતા હોય છે.

---

* આ વાર્તાલાપ પ્રસિદ્ધ થતી વખતે શ્રી માતાજીએ ચોક્કસાઈ માટે નીચેનું ઉમેર્યું હતું. 'પ્રાણમય જીવનના કેટલાક વિભાગો અવ્યવસ્થાનાં જગતો હોય છે અને પ્રાણમય ભૂમિકાનાં સત્ત્વોમાં ચૈત્ય પુરુષ હોતો નથી. ચૈત્યપુરુષ કેવળ પૃથ્વી ઉપર ભૌતિક જગતમાંજ હોય છે. એટલા માટે જ મેં ટૂંકમાં કહેલું કે દિવ્ય સ્ફુલિંગ જે ચૈત્ય પુરુષની રચના કરે છે તેણે અવ્યવસ્થાનાં જગતોને છોડી દઈને પોતાની જાતને ભૌતિક જગતમાં સીધે સીધી પ્રગટ કરી છે કે જેથી દિવ્ય સ્ફુલિંગની આસપાસ આ પ્રકારની રચનાની શક્યતાનું સર્જન થાય.'

(શ્રી માતાજી વાંચન શરૂ કરે છે:)

'ઘણાં માણસોને પોતે ભૌતિક જગતની પેલે પાર ગયેલાં અને ફરી પાછાં આવ્યાં છે એવી યાદ રહે છે.'

('શ્રી માતાજીની વાણી')

બાળક: હું ગંભીર માંદગીમાં હતો, બે કલાકથી બેભાન હતો અને મને એમ ભાસતું હતું કે આ જિંદગીને પેલે પાર પહોંચી ગયો છું અને એક જુદી જ દુનિયામાં હોઉં એમ લાગતું હતું. જ્યારે મને ભાન આવ્યું ત્યારે જાણે હું સામાન્ય રીતે જીવતો હતો તેથી કોઈક જુદી જ દુનિયામાંથી લાંબી મજલ કાપીને આવ્યો હોઉં એમ લાગતું હતું.

શ્રી માતાજી: એ ઘટનામાં તમારો અંશમાત્ર જ શરીર બહાર ગયેલો. તમે, પૂર્ણત: બહાર ગયેલા નહિ, કારણ કે એમ બને છે ત્યારે તો સાચેસાચ મૃત્યુ થાય છે. જો વ્યકિત પૂર્ણત: શરીરની બહાર જાય, એટલે કે શરીરથી સંપૂર્ણપણે અલગ પડી જાય અને મૃત્યુ નીપજે અને પછી જો વ્યકિત પાછી આવે તો એક એવી ઉત્કટ પીડા થાય છે કે તેને સહી ન શકાય. એમ કહેવાય છે, બાળકો જ્યારે જગતમાં જન્મ લે છે ત્યારે રડે છે, કારણ કે હવા સાથેનો પ્રથમ સંપર્ક તેમને રડવા પ્રેરે છે; પણ મને લાગે છે કે એનું કારણ કાંઈક બીજું હોય છે. શરીરમાં પુન:પ્રવેશ એક પ્રકારનું ઘર્ષણ ઉત્પન્ન કરે છે. કારણ કે કોઈ ખૂબ પાર્થિવ વસ્તુ, સૂક્ષ્મ શારીરિક કરતાં પણ વધુ ભૌતિક વસ્તુ શરીરમાંથી બહાર જાય તો જ મૃત્યુ નીપજી શકે છે. અને એ કારણે ઘર્ષણ ખૂબ પીડાકારક હોય છે. આમ ન હોય તો વ્યકિત બહારથી બેભાન હોઈ શકે પણ તેમ છતાં તેનું મરણ થયું નથી હોતું. એ તો જ્યારે શરીરમાંથી કોઈ ખૂબ ભૌતિક વસ્તુ બહાર ચાલી જાય અને તમામ બંધનો તૂટી ગયાં હોય ત્યારે સાચેસાચ 'મૃત્યુ' થાય છે. એટલા માટે (મને લાગે છે કે લોકોએ આ વસ્તુની શોધ કરવાની શરૂઆત કરી છે) મૃત્યુ પછી જ કે સાત દિવસ સુધી લોકો ગુજરી જતા નથી. એટલે કે, આખું શરીર અકબંધ હોય અને શરીરના એકાદ ભાગનું વિઘટન થવાની શરૂઆત થઈ હોય તો પણ વ્યકિતનું મૃત્યુ થતું નથી. આ સમય દરમિયાન, જો કોઈ વ્યકિત પાસે જરૂરી જ્ઞાન, શકિત, અને આવડત હોય તો એવી સ્થિતિમાંથી માણસને પાછો વાળી શકે છે. મને લાગે છે કે 'ચમત્કારથી પુનર્જીવન'ના બધા કિસ્સાઓનો ખુલાસો આમાં રહેલો છે.

બાળક: એક માણસ મરી ગયેલો. દાકતરોએ તેના હૃદયને માલિશ કર્યું અને થોડાક વખત પછી એ વ્યકિત પુનર્જિવિત થયેલી.

શ્રી માતાજી: હા, એ વિદ્યામાં એ લોકોએ ચમત્કારો સર્જવા માંડયા છે!

(શ્રી માતાજી વાંચન ચાલુ કરે છે:)

'જ્યારે તમે ચેતનાની અમુક અવસ્થાને પ્રાપ્ત કરો છો ત્યારે તેની સ્મૃતિ રહે છે. થોડાક સમય માટે, થોડે અંશે ચેતનાની એ સ્થિતિનો સ્પર્શ કરવો એ કાંઈ એટલું બધું અઘરું નથી. સુષુપ્તિની અવસ્થામાં, સ્વપ્નમાં યા તો ધ્યાનમાં કેટલીકવાર સાધકને લાગે છે પોતે આ પૃથ્વી ઉપર પૂર્વે હતો, તથા પોતાને અમુક સાક્ષાત્કાર થયો હતો, અને અમુક સત્યો પોતે જાણે છે. પરંતુ એ સાક્ષાત્કાર કાંઈ સંપૂર્ણ નથી હોતો. એનો સંપૂર્ણ સાક્ષાત્કાર થવા માટે આપણી અંદર જે ચિર:સ્થાયી ચેતના છે અને જે આપણા ભૂત, વર્તમાન અને ભાવિ જીવનને એક સૂત્રમાં બાંધી રાખે છે તેને આપણે પ્રાપ્ત કરવી જોઈએ.'

શ્રી માતાજી: જે લોકો કોઈ મનોમય કે પ્રાણમય પ્રદેશમાં ભ્રમણ કરવા જતા હોય અને જાણે પોતાને ભૂતકાળના જન્મોની સ્મૃતિ છે, એવી મોટી મોટી વાતો કરતા હોય તો એમનો વિશ્વાસ ન કરશો. તમને પેલી ખૂબ જાણીતી થયેલી બાઈની ઉદાહરણરૂપ દાખલાની ખબર હશે - જેમાં તે બાઈ પોતે વાંદરી હતી ત્યારથી માંડીને તે પછીના બધા જન્મોની વાતો કરતી હતી! હું ખાતરીપૂર્વક કહી શકું છું કે એ વસ્તુ, તેની કલ્પના જ હતી; કારણ કે એ રીતે યાદ કરવું અશકય છે.

એમાં વસ્તુ આ રીતે બને છે. આપણે એક એવા દિવ્ય સ્ફુલિંગનો દાખલો લઈએ, જેમાં આકર્ષણ, કે સમભાવ કે પસંદગીને કારણે તે પોતાની આસપાસ ભૌતિક ચેતનાની પ્રાથમિક અવસ્થા એકઠી કરે છે, (આ કાર્ય પશુઓમાં ખૂબ સ્પષ્ટ રીતે જણાઈ આવે તેવું હોય છે - તમે એમ ન માનશો કે કેવળ તમે જ એક વિશિષ્ટ પ્રકારના પ્રાણી છો અને તમારામાં જ ચૈત્યપુરુષ છે અને સૃષ્ટિમાં બીજા કોઈ પ્રાણીમાં તે નથી! એની શરૂઆત ખનીજોમાં થાય છે, વૃક્ષોમાં એ સહેજ વધારે વિકાસ પામે છે અને પશુઓમાં ચૈત્ય હાજરીની પ્રથમ ઝાંખી જણાઈ આવે છે.) પછી એક સમય એવો આવે છે કે જ્યારે આ ચૈત્ય પુરુષ એટલા જરૂરી પ્રમાણમાં વિકાસ પામે છે કે તેનામાં સ્વતંત્ર ચેતના અને વ્યકિતગત સંકલ્પ ઉત્પન્ન થઈ શકે. ત્યાર પછી ઓછાવત્તા પ્રમાણમાં વ્યકિતત્ત્વવાળી અસંખ્ય જિંદગીઓ પછી એ પોતાને વિષે, પોતાની ગતિઓ વિષે અને જે વાતાવરણ તેણે પોતાના વિકાસ માટે પસંદ કર્યું હોય છે તે વિષે સભાન થાય છે. અમુક પ્રકારની દૃષ્ટિ પ્રાપ્ત કરવાની સ્થિતિએ પહોંચ્યા પછી - સામાન્ય રીતે જ્યારે તેણે પૃથ્વી ઉપરની જિંદગી પૂરી કરી હોય છે તેની છેક છેલ્લી મિનિટે - એ

પોતે કેવા પ્રકારના સંજોગોમાં પોતાની હવે પછીની જિંદગી પસાર કરશે તે નક્કી કરે છે. અહીં મારે તમને એક ખાસ અગત્યની વાત કહેવી જોઈએ: ચૈત્યપુરુષ કેવળ પૃથ્વી ઉપર અને પાર્થિવ જીવનમાં જ પોતાનું સ્વરૂપ ઘડવાનું અને વિકાસ કરવાનું કામ કરી શકે છે. જેવો તે શરીરને છોડે છે કે તરત જ તે એક પ્રકારના આરામમાં પ્રવેશે છે અને એ સ્થિતિમાં તે પોતાની પસંદગી અને વિકાસના પ્રમાણમાં વધારે કે ઓછો સમય ગાળે છે—એ આરામ, અનુભવો પચાવવા માટે હોય છે-ત્યાં એક પ્રકારની અકર્મક પ્રગતિ એટલે કે એક પ્રકારનો અકર્મક વિકાસ, એના એ જ ચૈત્યપુરુષને નવા અનુભવો લેવા અને વધુ સક્રિય પ્રગતિ કરવા માટે તૈયાર કરે છે. પરંતુ એક જિંદગી પૂરી કર્યા પછી (અને એનો અંત તેણે જે ધાર્યું હોય તે પૂરું કર્યા સિવાય આવતો નથી), એ પોતાને જે પ્રકારના વાતાવરણમાં જે પ્રકારનો જન્મ લેવો હોય, અંદાજે જે સ્થળમાં તેનો જન્મ લેવો હોય, જે પ્રકારની પરિસ્થિતિ અને જે પ્રકારના જીવનમાં તેને જન્મવું હોય, અને પોતે જે પ્રકારની પ્રગતિ કરવા ધારી હોય તે માટે જે પ્રકારના અનુભવોમાંથી પસાર થવું જરૂરી હોય તે માટેનો એક ચોક્કસ કાર્યક્રમ નક્કી કરે છે.

હું તમને બીજો એક તદ્દન નક્કર દાખલો આપું. ધારો કે એક ચૈત્યપુરુષે ગમે તે કારણસર એક રાજવી થનાર શરીરમાં પ્રવેશ કરવાનું નક્કી કર્યું છે. કારણ કે કેવળ એ પરિસ્થિતિમાં જ એને લેવા યોગ્ય લાગતા શ્રેણીબંધ અનુભવો તે લઈ શકે તેમ હોય છે. એક રાજા તરીકેના અનુભવોમાંથી પસાર થયા બાદ તેને એમ લાગે કે પોતાના જીવનની જે પરિસ્થિતિ છે તેને કારણે જ, અનુભવોનો એક એવો આખો પ્રદેશ રહી જાય છે કે જેમાં તે પ્રગતિ કરી શકતો નથી. પછી, જ્યારે તે પોતાના રાજા તરીકેના જીવનની મુદત આ પૃથ્વી ઉપર પૂરી કરીને પ્રયાણ કરવાનું નક્કી કરે છે, ત્યારે એ નિર્ણય લે છે કે તેની હવે પછીની જિંદગીમાં એ એક સામાન્ય વાતાવરણમાં અને સામાન્ય પરિસ્થિતિમાં જન્મ લેશે, જરાય ઊંચા કે નીચા સ્તરમાં નહિ; જ્યાં પોતે જે શરીર ધારણ કરે તેને પોતે જે કરવું હોય તે કરવાની સ્વતંત્રતા મળી રહે. કારણ કે, જ્યારે હું તમને કહું છું કે રાજવીની જિંદગી એટલે એક ગુલામની જિંદગી હોય છે ત્યારે હું કશું નવું કહેતી નથી. એક રાજવીને પોતાની મહત્તા જાળવી રાખવા ઘણા બધા રાજકીય શિષ્ટાચારો અને અનેક જાતની રીત રસમો પ્રમાણે વર્તન કરવાની ફરજ પડે છે—કદાચ એમ કરવું મિથ્યાભિમાની લોકોને ઘણું સારું લાગતું હશે, પરંતુ ચૈત્યપુરુષને માટે એ વસ્તુ સુખદાયક નથી હોતી. કારણ કે, એને લઈને એને ઘણા અનુભવોથી વંચિત રહેવું પડે છે. એટલે આ પ્રમાણેનો નિર્ણય લીધા પછી, એ પોતાની સાથે રાજવી જીવનમાંથી સાંપડેલાં તમામ સંસ્મરણો સાથે લઈને પ્રયાણ

કરે છે. અને પોતાને જરૂરી લાગે તેટલો સમય આરામ કરે છે (અહીં મારે કહેવું જોઈએ કે હું અહીં એવા ચૈત્યપુરુષની વાત કરું છું જે સર્વાંશે પોતાના સ્વરૂપમાં જ મગ્ન હોય છે. હું એવા ચૈત્યપુરુષની વાત નથી કરતી કે જેણે કોઈ એક કાર્યને પોતાનું આત્મસમર્પણ કરેલું હોય, કારણ કે એવું હોય ત્યારે તેની ભવિષ્યની જિંદગીઓ અને તેમના સંજોગોનો નિર્ણય કાર્ય વડે થાય છે. હું તો અહીં એક એવા ચૈત્યપુરુષની વાત કરું છું જે પોતાનો વિકાસ પૂરો કરવા કાર્યરત હોય છે). એટલે એ નક્કી કરે છે કે અમુક સમયે એ શરીર ધારણ કરશે. એને અનેક અનુભવો થઈ ગયેલા હોય છે એટલે એને ખબર હોય છે કે અમુક દેશમાં ચેતનાનો અમુક ભાગ વિકાસ પામેલો છે, અમુક બીજા દેશમાં અમુક બીજો ભાગ, વગેરે, પછી એ પોતાને અનુકૂળ આવે તેવી વિકાસની શક્યતાઓ જે સ્થળમાં મળી આવે તેમ હોય છે તે સ્થળ પસંદ કરે છે - દેશ, જીવનની પરિસ્થિતિ, અંદાજે માતાપિતાની પ્રકૃતિ અને શરીરની સ્થિતિ એનું શારીરિક ઘડતર અને પોતાને લેવાના અનુભવો માટે તેમાં જરૂરી ગુણધર્મો. એ આરામ કરે છે અને પછી જે સમયે જરૂર હોય છે ત્યારે એ જાગૃત થાય છે, પોતાની ચેતનાનો પૃથ્વી તરફ પ્રક્ષેપ કરે છે અને પોતે પસંદ કરેલા પ્રદેશ અને પસંદ કરેલી પરિસ્થિતિ તરફ તેને કેન્દ્રિત કરે છે - લગભગ એમ જ; વચમાં સહેજ ગાળો રહે છે, કારણ કે ચૈત્ય ચેતનામાં રહેલ પુરુષ ભૌતિક પાર્થિવ ચેતનાથી ઘણો દૂર રહેલો હોઈ, એની પાસે સ્પષ્ટ પ્રકારની ભૌતિક દૃષ્ટિ હોતી નથી, લગભગ અંદાજ હોય છે. એ દેશની બાબતમાં કે વાતાવરણની બાબતમાં ભૂલ કરતો નથી; જે લોકોને તેણે પસંદ કર્યા હોય છે તેમનાં અંતરનાં આંદોલનોને એ તદ્દન સ્પષ્ટ રીતે એ જોઈ શકે છે, પણ એમાં થોડી અનિશ્ચિતતા હોઈ શકે છે. પરંતુ જો એ જ સમયે એવું કોઈ જોડું અથવા ખરી રીતે કોઈ સ્ત્રી એવી હોય કે જેનામાં પોતાનામાં ચૈતસિક અભીપ્સા હોય અને એક યા બીજા કારણે, કેમ અથવા કેવી રીતે તે જાણ્યા સિવાય, કોઈ અસાધારણ પ્રકારનું બાળક પોતાને હોય અને તે કોઈ અસાધારણ પ્રકારની જરૂરિયાતો પૂરી પાડે તેવું હોય તેવી ઈચ્છા કરે છે અને જો તે સમયે પૃથ્વી ઉપર આ પ્રકારની અભીપ્સા હોય છે તો એમાંથી એક આંદોલન સર્જાય છે - એક ચૈતસિક પ્રકાશ ઉત્પન્ન થાય છે, જે પેલો ચૈત્યપુરુષ તરત જ જુએ છે અને એ તરફ ધસી જાય છે. પછી તે ઘડીથી (ગર્ભ રહેવાની ક્ષણથી) એ ચૈત્યપુરુષ તે બાળકના ઘડતર ઉપર દેખરેખ રાખે છે કે જેથી એનું ઘડતર તેની જે યોજના હોય એને માટે જેટલું શક્ય હોય તેટલું અનુકૂળ થાય એટલે એ પોતે ભૌતિક જગતમાં પ્રગટ થાય તે પહેલાં પણ તેની અસર એ બાળક ઉપર હોય છે.

જો બધું સારી રીતે ચાલે અને કોઈ અકસ્માતો ન થાય (અકસ્માતો હમેશાં બનતા હોય છે), જો બાળક જન્મ લેવામાં હોય તે સમયે બધું સારી રીતે ચાલે તો

ચૈતસિક શકિત (કદાચ પૂર્ણપણે નહિ, પણ ચૈત્ય ચેતનાનો એક ભાગ) એ સ્વરૂપમાં ધસી જાય છે અને એના છેક પહેલા રૂદન સ્વરથી એ બાળકને જે અનુભવો મળવા જોઈએ એમ તે ઈચ્છતો હોય તે તરફ 'દોરે' છે. એનું પરિણામ એ આવે છે કે માબાપ સભાન નથી હોતાં તોપણ, અને એ નાનું બાળક પણ પોતે તેની બાહ્ય ચેતનામાં પૂર્ણપણે સભાન નથી હોતું તો પણ (એક નાના બાળકની પાસે એ માટે જરૂરી મગજ હોતું નથી, એ તો ધીમે ધીમે, થોડે થોડે કરીને રચાય છે). બાળકના જીવનની સર્વે ઘટનાઓ અને સંજોગોનું સંચાલન ચૈતસિક પ્રભાવ હેઠળ થાય છે. અને જ્યાં સુધી બાળક તેના ચૈત્યપુરષ સાથે સચેતન સંબંધમાં ન આવે ત્યાં સુધી એ કાર્ય ચાલુ રહે છે.(શરીરની રીતે જોતાં, એ વસ્તુ સામાન્ય રીતે ચાર થી સાત વર્ષની વચમાં બને છે, કેટલીકવાર તે પહેલાં, કેટલાક પ્રસંગે લગભગ તરત જ, પણ એમ બને છે ત્યારે આપણે એવા બાળકોની વાત કરીએ છીએ કે જેઓ 'બાળકો' નથી હોતા, જેમનામાં 'અલૌકિક' કહેવાય તેવા ગુણો હોય છે — એમાં કશું અલૌકિક હોતું નથી, એમાં ફકત ચૈત્યપુરુષની હાજરીની અભિવ્યકિત જ હોય છે.) પરંતુ એવા કેટલાક લોકો હોય છે જેમને પોતાને દોરવણી આપે તેવી કોઈ વ્યકિતનો સ્થૂલ સંપર્ક થવાની તક અથવા, એમ કહીએ કે સદ્‌ભાગ્ય સાંપડતું નથી. આમ છતાં એમને લાગતું હોય છે કે એમના અસ્તિત્વનું દરેક સોપાન, એમના જીવનના દરેક સંજોગો કોઈ સચેતન વસ્તુથી ગોઠવાયે જાય છે કે જેને લઈને તેઓ વધુમાં વધુ પ્રગતિ કરી શકે. જ્યારે તેમને અમુક પરિસ્થિતિની જરૂર હોય છે ત્યારે તે મળી આવે છે. જ્યારે તેમને અમુક માણસોને મળવાની જરૂર હોય છે ત્યારે તેઓ મળી આવે છે; જ્યારે તેમને અમુક પુસ્તકો વાંચવાની જરૂર હોય છે ત્યારે તેમને તે ઉપલબ્ધ થાય છે. એમની દરેક વસ્તુ એવી રીતે ગોઠવાઈ જાય છે કે જાણે તેઓનું જીવન વિકાસની વધુમાં વધુ શકયતાઓવાળું બને તે માટે તેમના ઉપર કોઈ દેખરેખ રાખતું હોય ! આવા લોકો પૂછે પણ ખરા કે 'ચૈત્યપુરુષ તે વળી શું?' — કારણ કે એમની સાથે વાત કરનાર કોઈ વ્યકિતએ આવા શબ્દો વાપર્યા હોતા નથી અને તેમને આ બધું સમજાવે તેવી કોઈ વ્યકિત મળી આવી હોતી નથી. પરંતુ એમને માટે તો કોઈ વ્યકિતને મળવું, કેવળ એક દૃષ્ટિપાત પ્રાપ્ત કરવો, એ એમને જાગૃત કરવા પૂરતું થાય છે; એક શબ્દ માત્ર તેમને આમ સ્મરણ કરાવવા પૂરતો છે કે! 'પણ હું એ બધું જાણું છું.'

જે ચૈત્યપુરુષ પોતાના વિકાસના છેલ્લા તબક્કામાં પહોંચેલો હોય છે તેને માટે બરાબર આમ જ બને છે. એની ઉપર ત્યાર પછી, પૃથ્વી ઉપર આવવાની જરૂરિયાતનું બંધન રહેતું નથી. એણે એનો વિકાસ પૂરો કર્યો હોય છે અને તે પોતે સ્વતંત્રપણે

નક્કી કરી શકે છે કે પોતે પૃથ્વી ઉપરના ભગવાનના કાર્ય માટે પોતાની જાત સોંપી દેવી કે બીજે કંઈ, એટલે કે, ઊર્ધ્વનાં જગતોમાં જવું? પરંતુ સામાન્ય રીતે, આ તબક્કે પહોંચતાં તેને પોતાને જે જે વસ્તુ બનેલી તે યાદ આવે છે, અને જેઓ હજી પણ મુશ્કેલીમાં તરફડિયાં મારતાં હોય છે તેમની મદદે જવાની ખાસ જરૂરિયાત તેને સમજાય છે. આવા ચૈત્યપુરુષો પોતાના જીવનની, ભગવાનના કાર્યને ભેટ આપે છે. આમ થવું બિલકુલ અનિવાર્ય નથી, તેઓ પોતાની પસંદગી કરવા સ્વતંત્ર હોય છે; પણ સોએ નેવું ટકા એમ જ કરે છે.

સામાન્ય લોકોના જીવનમાં - અને એમ કરીને હું ઠીક ઠીક પ્રમાણમાં વિકાસ પામેલા ઉચ્ચ સ્તરના લોકોનાં જીવનની વાત કરું છું — પણ બાહ્ય જીવન અને ચૈત્યપુરુષ વચ્ચેનો સંપર્ક તૂટક તૂટક જ હોય છે; એ સંપર્ક બની આવવાનું કારણ કોઈ અનુભવો અથવા કોઈ આંતરિક જરૂરિયાતના પરિણામે હોય છે. એવા સમયે જેમ શ્રી અરવિંદ કહે છે તેમ, ચૈત્યપુરુષ 'અગ્રભાગમાં' હોય છે, એટલે કે, એ ચેતનાની સપાટી ઉપર આવે છે અને ખૂબ ટૂંકા સમય માટે અમુક ભૌતિક સંજોગો, અમુક રૂપો અને શબ્દો અને ધ્વનિઓ વગેરે સાથે સંપર્કમાં આવે છે; અને તે એ પછી બધું એક ફોટોગ્રાફ કે સિનેમાની માફક નોંધી લે છે — પણ એ વસ્તુ જીવનની એકાદ મિનિટ માટે જ, થોડીક ક્ષણો માટે જ હોય છે. આવી ક્ષણો વારંવાર કે ફરી ફરીને આવે તેમ બની શકે છે, પણ તે ટકતી નથી; અને ચૈત્યપુરુષને જેની સ્મૃતિ રહે છે તે તેવી ક્ષણોની જ હોય છે. જ્યારે તમારામાં ખરેખરી ચૈતસિક સ્મરણશક્તિ હોય છે, જે અંતરની સચ્ચાઈવાળી હોય, સ્વયંભૂ હોય, મન કે પ્રાણે તેને ગોઠવી કાઢેલ ન હોય, એટલે કે નિર્ભેળ ચૈતસિક સ્વરૂપની હોય, ચોક્કસ હોય, ત્યારે તે **તૂટક તૂટક હોય છે.** પોતાના ભૂતકાળના જન્મો શોધી કાઢવા અને કહેવું કે 'હું આ હતો કે તે હતો' એમ કહેવું ઘણીવાર અતિશય મુશ્કેલ હોય છે. ફક્ત જ્યારે એમ બન્યું હોય કે તમારા જીવનની ખાસ અગત્યની ક્ષણે જ તમારો ચૈતસિક અનુભવ બની આવ્યો હોય અને સંજોગોની આખી એ સંરચના જાણે કે, તમને એ પ્રસંગની ચાવી મેળવી આપે (પહેરવેશ, બોલાયેલા શબ્દો, રીતરિવાજ, અથવા કોઈ વાતાવરણ તમને વસ્તુની ચાવી મેળવી આપે) તેવું હોય ત્યારે જ તમે કહી શકો કે, 'હા, એ જીવન હું જીવેલો.' પરંતુ કોઈ વ્યક્તિ આવીને તમને વાંદરીથી માંડીને બધા જ અગાઉના જન્મોનું વર્ણન, ઢગલાબંધ વિગતો સાથે વર્ણવવા માંડે ત્યારે ખાતરી રાખજો કે એ બધું બનાવટ છે!

બાળક : આપ ચૈત્યપુરુષને તેનું જે શરીર બનવાનું હોય તેનો ભેટો થવાની 'શક્યતા'ની વાત કરતાં હતાં.

શ્રી માતાજી : ના હું 'અકસ્માત'ની વાત કરતી હતી, અકસ્માત અને શકયતા એ બંને એક જ વસ્તુ નથી.

જીવનમાં હમેશાં પરસ્પર વિરોધી શકિતઓ વચ્ચે અથડામણ ચાલતી હોય છે, અને આ અથડામણનું પરિણામ અગાઉથી જોઈ શકાતું નથી, સિવાય કે તમે ઉચ્ચતમ ચેતના વિષે સભાન હો. જ્યારે માનવ ચેતનાથી આગળ ન જઈ શકે તેવી ચેતના સાથેની અથડામણનું પરિણામ તમે જાણી શકતા નથી, ત્યારે તમે એને અકસ્માત કહો છો. એમાં ચાન્સ હોતો નથી, એ અકારણ અકસ્માત પણ હોતો નથી, પરંતુ જે કારણોને તમે અગાઉથી જોઈ શકવાની સ્થિતિમાં નથી હોતા, તેના કારણે નિપજેલો અકસ્માત હોય છે.

બાળક : સ્વપ્નમાં મેં જાણે પૂર્વ - જન્મમાં મારૂં ત્યાગીનું જીવન હોય તેવાં દૃશ્યો જોયેલાં.

શ્રી માતાજી : અહીં (ભારતમાં) એક એવી અપેક્ષા રહે છે કે આધ્યાત્મિક જીવન જીવવા માટે તમારે સંન્યાસીનું જીવન અંગીકાર કરવું જોઈએ, અને કદાચ તમે જે દૃશ્યો જોયેલાં તેનાં મૂળમાં એ વસ્તુ હશે. ગમે તેમ હોય, પણ જો એ ખરેખર પૂર્વની જિંદગી હોય તો પણ એ છેલ્લી ન હતી. વચગાળામાં તમે બીજા જન્મો લીધેલા હોવા જોઈએ, કારણ કે એક પછી એક અનેક જન્મો સુધી કોઈ જીવ એના એજ દેશમાં જન્મ લે એવું બહુ ઓછું બને છે—એ ખાસ ફાયદાકારક નથી હોતું. દાખલા તરીકે, જો તમે શરૂઆતમાં ખ્રિસ્તિ લોકોની ત્યાગી જિંદગી જીવ્યા હો, તો તમારા લક્ષમાં થોડીક વિગતો પણ આવી હશે, તમારી ત્વચાનો જુદો રંગ, કપડાં વગેરે; જ્યારે ઘણું ખરું તમે ભારતીય જીવનનાં સામાન્ય દૃશ્યો જોયેલાં. ...અલબત્ત, સર્વ કાંઈ શકય છે. આ વિશ્વનું બંધારણ એવું ઘડવામાં આવેલું છે કે તેમાં તમામ શકયતાઓ સિદ્ધ કરવામાં આવે; પરંતુ મેં જેમ કહ્યું તેમ, કોઈ વ્યકિત એકના એક દેશમાં અનેક વખત જન્મ ધારણ કરે તેવું બહુ ઓછું બને છે, સિવાય કે એ કોઈ ખાસ કાર્ય સિદ્ધ કરવા માટે, કોઈ ખાસ હેતુ લક્ષમાં રાખીને હોય; અને તેમ હોય તો વ્યકિત, તે બાબત વિષે અજ્ઞાન હોય તેમ બનતું નથી. કારણ કે એવું ત્યારે જ બને છે કે જ્યારે ચૈત્યપુરુષ પૂર્ણપણે વિકસિત હોય અને તેણે પોતે એકના એક જ દેશમાં પાછા આવવાનું પસંદ કર્યું હોય કે જેથી પોતે કોઈ ખાસ પ્રકારનું કાર્ય કરી શકે, અથવા જે કાર્ય શરુ કર્યું હોય તેને ચાલુ રાખી શકે.

ઘણા લોકો પૂર્વજન્મમાં ત્યાગીઓ હતા, કારણ કે અહીંનું સામુહિક સૂચન ઘણું તીવ્ર છે. કોઈ વ્યકિતને આધ્યાત્મિક જીવન ગાળવા માટે દુનિયાનો ત્યાગ કરવાનો વિચાર ન આવે એવું ઘણું ઓછું બને છે.

એવાં સ્વપ્નો પણ હોય છે જે રૂપકાત્મક અને ભાવિનો સંકેત આપનાર હોય. પરંતુ ભૂતકાળના જન્મોનાં, તે સ્મરણોનો જેમાં સમાવેશ થતો હોય તેવાં સ્વપ્નો આવવાં, તેવું બહુ ઓછું બને છે; કારણ કે તેમ થવાને માટે તમારે તમારી ચૈત્ય ચેતનામાં સ્વપ્ન અનુભવવું જોઈએ અને એમ કરવાની શકિત બહુ માણસોમાં હોતી નથી. તમે મનોમય કે પ્રાણમય ચેતનામાં સ્વપ્નો અનુભવી શકો છો પણ ચૈત્ય ચેતનામાં ભાગ્યે જ સ્વપ્ન અનુભવી શકો છો. એમ બની શકે, પણ બહુ ઓછું બને છે.

કેટલીકવાર સ્વપ્નો આવે તેને, વ્યકિત 'સ્મરણો' છે એમ માની લે છે પણ એ કેવળ રૂપકો હોય છે; જે વસ્તુ તમે સ્વપ્નમાં જુઓ છો તે એવી કોઈ માનસિક રચનામાંથી આવે છે કે જે અંતરના પડદા ઉપર અલગ વસ્તુ તરીકે દેખાય છે અને એમ કહી શકાય કે તે એક એવું દૃશ્ય નાટક રચે છે, જેમાં તમે અભિનેતા હો છો.

બાળક : અહીં ભારતમાં એવું ઘણીવાર બને છે કે બાળકોનો જન્મ ગામડાંમાં થાય છે અને જ્યારે તેઓ ખૂબ નાનાં હોય છે ત્યારે પોતે અગાઉના જન્મમાં જે ગામમાં રહેતાં હતાં, પોતાનાં માબાપ કોણ હતાં, વગેરેની ચોક્કસ માહિતી આપે છે. એ સાચું હશે ?

શ્રી માતાજી : હા, પણ એવા પ્રસંગે એ બાળકો એવાં હોય છે જે આગલા જન્મમાં, બાલ્યાવસ્થામાં કે ખૂબ નાની વયમાં ગુજરી ગયેલાં હોય છે અને જેમણે તેમની આગલી જિંદગી પૂરેપૂરી વિતાવી હોતી નથી ત્યારે, એ બની શકે તેવું હોય છે.

બાળક : ચૈત્ય સ્વરૂપની પ્રગતિમાં કયી કયી વસ્તુઓનો સમાવેશ થાય છે?

શ્રી માતાજી : વ્યકિતત્વને ખીલવવું, અને પોતાના સૌ અનુભવોને એકત્ર કરીને દિવ્ય કેન્દ્રની આસપાસ સુસંયોજિત કરવા.

ચૈત્ય સ્વરૂપનું ધ્યેય એક વ્યકિત સ્વરૂપ રચવાનું, તેને વ્યકિતત્વવાળું કરવાનું અને દિવ્ય કેન્દ્રની આસપાસ 'પુરૂષ' રૂપે રચાય તેમ કરવાનું હોય છે. સામાન્ય રીતે બાહ્યજીવનના સર્વે અનુભવો (સિવાય કે વ્યકિત યોગ કરતી હોય અને સચેતન બનતી હોય) આંતર જીવનનું સંયોજન કર્યા સિવાય પસાર થઈ જાય છે, પરંતુ ચૈત્યપુરુષ એ બધા અનુભવોને ક્રમાનુસાર તંત્રબદ્ધ કરે છે. એને ભગવાન તરફ એ નિશ્ચિત પ્રકારનું વલણ સિદ્ધ કરવું હોય છે. પછી તે પોતાને અનુકૂળ આવે તેવા અનુભવો જેમાંથી મળી શકે તેવા સંજોગોની સળંગ હારમાળાની પ્રતિક્ષા કરે છે જેને લઈને, એમ

કહીએ કે, તેણે જે પ્રકારનું વલણ ભગવાન તરફ સિદ્ધ કરવાનું નક્કી કર્યું હોય તે શકય બને. દાખલા તરીકે એવી કોઈ વ્યકિતનું ઉદાહરણ લો કે જે ઉચ્ચવર્ગના માનવ જીવનનો અનુભવ લેવા માગતી હોય - એમાં એક એવી મહાનતા હોય કે જેને લઈને તમે એક સામાન્ય માણસની માફક વર્તી શકો નહિ, જે તમારામાં એક પ્રકારની બહાદુરી પ્રેરે, એક એવા પ્રકારની હિંમત, જે દુ:સાહસ જેવી ગણાય, કારણ કે તમે લીધેલું વલણ, અને અનુભવ એમ માગી લેતા હોય છે કે તમે જરા પણ ભય પામ્યા સિવાય જોખમનો સામનો કરો. હું હમણાં તમને કહેતી હતી કે એક રાજવીના શરીરમાં દાખલ થઈને વ્યકિત શું મેળવી શકે તે હું તમને સમજાવીશ. એક રાજવી બીજા જેવો જ સામાન્ય માણસ હોય છે, નહિ? એની પાસે કોઈ વિશિષ્ટ પ્રકારની ચેતના નથી હોતી પરંતુ એના જીવનની જરૂરિયાતને કારણે, એ એની પ્રજાનું એક પ્રતીક હોવાને કારણે, અને કેટલીક એવી વસ્તુઓ કરવાની ફરજ પડે છે જે એ સામાન્ય માનવી હોય તો કદાપિ કરી ન શકે. હું અનુભવથી જાણું છું; વળી મેં એવા ફોટા જોયા છે જે આબેહૂબપણે રાજવીના જીવનની પરિસ્થિતિ દર્શાવતા હતા - કંઈક ઘટના બની હતી, જે એના જીવન ઉપર હૂમલો બની શકી હોત પણ જે નીવારવામાં આવી હતી. એ ફોટામાં રાજાને સલામી લેતો બતાવેલો હતો; અચાનક કોઈ ધસી આવ્યું, કદાચ કોઈ ખરાબ ઈરાદાથી કે કદાચ તે સિવાય; ગમે તેમ તોય રાજા સંપૂર્ણપણે અવિચલ, બિલકુલ શાંત, સ્થિર રહેલો; એનું એ જ સ્મિત એના હોઠ ઉપર હતું, જે સ્થળે તે હતો ત્યાંથી તે જરાપણ ખસ્યો ન હતો; જે કોઈને તેના ઉપર ધસી જઈને ઈજા પહોંચાડવી હોય તેને માટે નિશાન લેવું સહેલું હતું. જ્યાં સુધી હું જાણું છું ત્યાં સુધી એ રાજા કોઈ વીરપુરુષ ન હતો, પણ એ રાજા હતો માટે તેનાથી નાસી છૂટાય તેમ ન હતું! એવું કરે તો તેને માટે નામોશીભર્યું કહેવાય એટલે તે હાલ્યા વિના, કોઈ પણ પ્રકારનો ભય લાગ્યો છે એમ બતાવ્યા સિવાય, શાંત રહ્યો. એક રાજવીના જીવનમાંથી વ્યકિત શું શીખી શકે તેનું આ ઉદાહરણ છે.

રાણી ઈલિઝાબેથની એક સાચી વાર્તા કહેવાય છે. તે તેના જીવનના છેલ્લા દિવસો ગણતી હતી અને ખૂબ માંદી હતી. પરંતુ દેશમાં મુશ્કેલીઓ હતી, અને કરના પ્રશ્નની બાબતમાં, લોકોનું એક ટોળું, (મને લાગે છે એ વેપારીઓ હતા) લોકોના એક પક્ષને નામે પ્રતિનિધિમંડળના રૂપમાં એક અરજી આપવા ગયેલું. એ એના ઓરડામાં ખૂબ માંદી હાલતમાં સૂતી હતી, એ એટલી બધી માંદી હતી કે તે મહામહેનતે ઊભી રહી શકતી; પણ તે ઊભી થઈ અને પેલા લોકોને મળવા માટે તેણે વસ્ત્રો ધારણ કર્યા. જે લોકો તેની ચાકરી કરતા હતા તે બોલી ઊઠયા 'પણ એ અશકય છે, તમે મરી જશો!' રાણીએ શાંતિથી જવાબ દીધો - 'આપણે પછીથી મરી જઈશું!'

એક રાજવીના જીવનમાં મળી શકે તેવા અનુભવોની શ્રેણીમાંથી આ એક નમૂનો છે, અને જે ચૈત્યપુરુષ એ પ્રકારની જિંદગી ધારણ કરે છે તે તેની પસંદગી યોગ્ય ઠરાવે છે.

અનુભવની સત્યતા આ પ્રકારના અનુભવોનાં સ્મરણોથી પૂરવાર થાય છે; કારણ કે જ્યારે લોકો તેમના પાછલા જન્મોની વાત કરે છે ત્યારે સામાન્ય રીતે આમ બનતું હોય છે. કુદરતી રીતે એ કહેવાના જન્મોમાં હમેશાં પ્રગતિ થતી હોય છે; પછી એ લોકો વધુને વધુ નોંધપાત્ર મહાપુરુષો બને છે, સંજોગો વધુને વધુ અદ્‌ભુત બને છે! પણ એ ખરું નથી. વસ્તુઓ એ રીતે કદી બનતી નથી. ચૈત્યપુરુષ અમુક પ્રકારના જીવનની રેખાને અનુસરે છે, જેમાં તેનામાં અમુક પ્રકારના ગુણો, અમુક શકિતઓ વગેરે ખીલે છે; પરંતુ પોતાનામાં જે વસ્તુ ખૂટતી હોય છે તે ચૈત્યપુરુષ હમેશાં જોઈ શકે છે અને ભવિષ્યના જન્મમાં, એ હાલની રેખાથી તદ્દન વિરુદ્ધની દિશા પસંદ કરી શકે છે. જાણે કે, તે હાલના અનુભવોની નકારાત્મક બાજૂ પસંદ કરે છે, જેને લઈને તેને પૂરક અનુભવો પ્રાપ્ત થઈ શકે.

૨૬ ફેબ્રુઆરી, ૧૯૫૧

શ્રી માતાજી વાચન કરે છે :

> 'યોગની આરંભની અવસ્થાઓમાં સામાન્ય પુસ્તકોનું વાચન કરવું એ સાધક માટે સારૂં રહે ખરું?'
>
> ('માતાજીની વાણી' : વાર્તાલાપ - ૪)

શ્રી માતાજી : આ પ્રશ્ન મને લોકોએ ઘણી વાર પૂછયો છે. સામાન્ય પુસ્તકો વાંચવાથી પોતાના પર શી અસર થઈ છે. એ મને તમારામાંથી જો કોઈ કહી શકે, તો મને એ બહુ ગમશે.

એક બાળક : સામાન્ય પુસ્તકો મને થાક લગાડે છે.

શ્રી માતાજી : એ સારૂં ચિહ્ન છે.

બીજો બાળક : મને એ આરામ આપે છે અને મારા ઉપર તેની કશી અસર થતી નથી.

શ્રી માતાજી : ના ! અવચેતના દરેક વસ્તુની નોંધ લે છે અને તમને જો એમ લાગતું હોય કે સામાન્ય પુસ્તકના વાંચન પછી કશી અસર રહેતી નથી તો એનો અર્થ એ થાય કે તમે, તમારામાં જે બની રહ્યું છે, તેના વિષે સભાન નથી. જ્યારે જ્યારે તમે એવું પુસ્તક વાંચતા હો કે જેમાં બહુ હલકી કોટિની ચેતના હોય ત્યારે ત્યારે એ વાચન તમારા અવચેતન ભાગ અને અચેતન ભાગને બળવાન બનાવે છે; એ વસ્તુ તમારી ચેતનાને ઉપર ચડતાં અટકાવે છે. એને લઈને જાણે કે તમે તમારા અવચેતન ભાગને વિશુદ્ધ કરવા માટે જે કાંઈ પ્રયત્નો કર્યા હોય તેના ઉપર તમે ગંદા પાણી ભરેલી ડોલ ઠાલવતા હો એવું બની રહે છે.

આમ બનવું અનિવાર્ય છે. પણ કેટલાક લોકો એવા હોય છે કે એમના ધ્યાનમાં પણ આવતું નથી કે તેમની ચેતના ઘણી ઘણી નીચે સરી ગઈ છે.

એક અવસ્થા એવી હોય છે કે એમાં તમે કોઈ સાદી વાતચીત કરી હોય અને એ તમને સામાન્ય જીવનની ભૂમિકા પર રહેવાની ફરજ પાડતી હોય તો એ વાતચીત તમને માથાનો દુઃખાવો લાવી દે છે. તમારા જઠરમાં ઉથલપાથલ કરી મૂકે છે અને એ જો ચાલુ રહે તો તાવ લાવી શકે છે. બેશક, આ હું જેને 'ગપ્પાં' કહેવાય એવી રીતની વાતચીત વિષે કહું છું. હું માનું છું કે દરેક માણસ, થોડાક અપવાદો સિવાય, આ રીતની કસરત રસપૂર્વક કરતો રહે છે અને જે વસ્તુઓ વિષે તેણે મૂંગા રહેવાની જરૂર હોય છે તેની તે વાતો કરતો રહે છે. આ તમે એટલું તો સ્વાભાવિક રીતે કરતા હો છો કે તમે તેથી કશી તકલીફ અનુભવતા નથી; પરંતુ તમે જો આવી જ સ્થિતિમાં રહેવાનું ચાલુ રાખશો તો તમારી ચેતનાને તમે ઉપર ચડતાં પૂરેપૂરી અટકાવી દેશો, તમે તમારી જાતને સામાન્ય ચેતના સાથે લોખંડી સાંકળો વડે બાંધી રાખશો અને અવચેતનામાં જે કામ કરવાનું હોય છે તે થવા પામશે નહિ અથવા તો તેની શરૂઆત પણ નહિ થાય. જે લોકોને ઉપર ચડવું હોય છે તેમને તો, બહારની દિશામાંથી આવતાં પ્રોત્સાહનો માટે તે નજર ન દોડાવે તો પણ, પુરતી મુશ્કેલીઓ આવી રહેલી હોય છે.

ચેતનાને એક ઊંચી ભૂમિકા ઉપર ટકાવી રાખવાનો પ્રયત્ન શરૂઆતમાં તો સ્વાભાવિક રીતે જ થકવી નાખે તેવો હોય છે - તમે તમારા સ્નાયુઓને કેળવવા કસરતો કરતા હો છો તેની માફક. પણ તેથી કાંઈ તમે કસરત કરવાનું છોડી નથી દેતાં ! એટલે માનસિક બાબતોમાં પણ તમારે એ જ વસ્તુ કરવી જોઈએ. તમારે તમારા મનને નીચે ડૂબવા દેવું ન જોઈએ; 'ગપ્પાં' ની ક્રિયા તમને નીચે ઉતારી નાખે છે અને, તમારે જો યોગ કરવો હોય તો, તેમાંથી તમારે બચી જવું જોઈએ.

(શ્રી માતાજી વાચન ચાલુ રાખે છે:)

'તમે પવિત્ર પુસ્તકો વાંચી શકો છો, અને છતાં ભગવાનથી ઘણા દૂર રહી શકો છો; અને તમે અત્યંત અર્થ વગરનાં પુસ્તકો, કહેવાતાં સાહિત્યનાં પુસ્તકો વાંચી શકો છો અને છતાં ભગવાન સાથે સંબંધમાં રહી શકો છો. ...ચેતનાની એક એવી અવસ્થા છે કે જેમાં તમારું પ્રભુ સાથે મિલન થયેલું હોય છે અને એ અવસ્થામાં તમે જે કાંઈ વાંચતા હો છો, તમે જે કાંઈ અવલોકતા હો છો, તેમાં આનંદ લઈ શકતા હો છો. ...કારણ કે જગતમાં એવી કશી જ વસ્તુ નથી કે જેનો અંતીમ ટેકો તથા જેનું સત્ય ભગવાનમાં ન રહેલું હોય. ...અને તમે જો બાહ્ય દેખાવો આગળ, શારીરિક, નૈતિક કે કલાત્મક રીતના બાહ્ય આભાસો આગળ અટકી નહિ જશો તો તમે જે કોઈ વસ્તુ સામાન્ય ઈન્દ્રિયોને અડતી હશે અને એ ઈન્દ્રિયોને કદરૂપી, દરિદ્ર, વેદનામય કે વિસંવાદી લાગતી હશે તે વસ્તુ દ્વારા પણ તમે પરત સૌન્દર્ય અને આનંદમાં પહોંચી શકશો.' (એજન)

હું ચેતનાની જે અવસ્થાની વાત કરુ છું, એ પ્રાપ્ત કરવી બહુ મુશ્કેલ હોય છે. એ સાધના કરતાં ઘણાં વરસો લાગે છે અને દરેક માણસ એ સાક્ષાત્કાર મેળવી શકતો નથી, પરંતુ એમાં એક વચલી અવસ્થા આવતી હોય છે અને એમાં થઈને તમારે પસાર થવાનું રહે છે. એમાં તમે, તમારે જે કાંઈ સાંભળવું કે જોવું ન હોય, તેની અને તમારી વચ્ચેનો સંબંધ કાપી નાખી શકો છો.

(માતાજી બીજો પ્રશ્ન હાથ લે છે:)

'એ વાત તો દેખીતી છે કે જે કાંઈ વસ્તુ બની છે તે બનવાની જ હતી; જે વસ્તુ ન બનવા જેવી હોય તે બની શકતી નથી. આપણે જે ભૂલો કરેલી છે અને આપણા ઉપર જે વિપત્તિઓ આવી પડેલી છે તે પણ બનવાની જ હતી; કારણ કે આપણાં જીવનમાં એ વસ્તુઓની કંઈક જરૂર હતી, તેમનો કાંઈક ઉપયોગ હતો, પણ સાચું કહેવું હોય તો, આ વસ્તુઓને માનસિક રીતે સમજાવી શકાય તેમ નથી તેમજ એ રીતે સમજાવવી ન જોઈએ, કારણ કે જે કાંઈ બનતું હોય છે તે જરુરનું હોય છે અને તે માનસિક કારણોની રીતે નહિ, પણ મન જે કાંઈ વસ્તુની કલ્પના કરી શકે તેમ છે તેનાથી આપણને પર લઈ જવા માટે તે જરુરનું હોય છે. અને છેવટે તો, આમાં ખુલાસો કરવાની જરૂર રહે છે ખરી? આખુંયે વિશ્વ પ્રત્યેક પળે પ્રત્યેક વસ્તુનો ખુલાસો આપી રહેલું છે, અને એક અમુક વસ્તુ બનતી હોય છે તેનું કારણ એ છે કે વિશ્વ પોતે જે છે તે, તેના સમગ્રરૂપમાં આવી રહેલું છે. ...' (એજન)

શ્રી માતાજી : આખુંયે વિશ્વ પ્રત્યેક પળે પ્રત્યેક વસ્તુનો ખુલાસો આપતું રહે છે. આ વસ્તુ ઘણી અગત્યની છે.

બાળક : અને આપણે જો કોઈ ભાષા શીખવી હોય તો સામાન્ય પુસ્તકો વાંચવાની જ જરૂર રહે એવું ખરું કે નહિ? દાખલા તરીકે એલેકઝાન્ડર ડ્યૂમા?

શ્રી માતાજી : હા, તમે જો ભાષાનો અભ્યાસ કરવા માટે, એક લેખક કેવી રીતે પોતાને વ્યકત કરે છે તે સમજવા માટે વાંચતા હો તો એ વસ્તુ તદ્દન બરાબર છે. પરંતુ એને તમારે કંઈ પણ વાંચવા માટેનું બહાનું ન બનાવી લેવું જોઈએ.

બાળક : કલ્પનામાંથી લખેલી વાર્તાઓ શું મહત્ત્વની નથી હોતી?

શ્રી માતાજી : એમાં કલ્પના કઈ રીતની છે તેના પર આધાર રહે છે. તમે જો એમ કહો કે પોતાની કલ્પના શકિતનો વિકાસ કરવો એ સારી વાત છે તો એ સાચું છે. એમાં માત્ર એટલું જ કે તમે અસત્ય ભરેલી કલ્પના શકિત ખીલવો નહિ એ અંગે તમારે કાળજી રાખવી જોઈએ.

બાળક : કલ્પનામાંથી લખેલી વાર્તાઓ આપણને જીવન સાથે, સત્ય સાથે શું સંપર્કમાં મૂકી આપતી નથી?

શ્રી માતાજી : હમેશાં નહિ! અને 'સત્ય સાથે સંપર્ક' એટલે શું? રેતીના એક કણમાં પણ સત્ય રહેલું છે. એનો અર્થ કાંઈ નથી.

તમને શું એમ નથી લાગતું કે તમે કદરૂપી વસ્તુઓનું પુસ્તકમાં ચિત્ર ન આપો તો પણ આ જગતમાં જોઈએ તેટલી કદરૂપી વસ્તુઓ રહેલી છે? આ વસ્તુ જોઈને મને હંમેશાં આશ્ચર્ય થયેલું છે, હું નાની બાળક હતી ત્યારે પણ મને એમ લાગતું. જીવન એટલું બધું તો કદરૂપું છે, એટલું બધું તો હલકી, દયાજનક, અને કદીક તો ઘૃણાજનક વસ્તુઓથી ભરેલું છે કે પછી વસ્તુઓ જેવી છે તેના કરતાં વધારે કદરૂપી વસ્તુઓ કલ્પવાની શી જરૂર છે? તમે જો કોઈ વધારે સુંદર વસ્તુની, સુંદર જીવનની કલ્પના કરો તો એ બાબતમાં કરેલી મહેનત ફળદાયી ગણાય. પરંતુ જે લોકો કદરૂપી વસ્તુઓ લખવામાં આનંદ લેતા હોય છે તેઓ એટલું જ બતાવી આપે છે કે તેઓ આત્મામાં અત્યંત દરિદ્ર છે; એ હંમેશા આત્માની દરિદ્રતાનું જ લક્ષણ છે. કોઈ નાટકીય ઢબની કે મહાવિપત્તિની અંદર અંત પામતી હોય તેવી વાર્તા લખવા

કરતાં, આદિથી અંત સુધી સુંદર હોય એવી વાર્તા કહેવી એ ખૂબ જ અઘરું કામ છે. લેખકોને જો કોઈ સારી રીતે અંત પામતી, વાર્તા લખવાનું કહેવામાં આવે તો એવી વાર્તા લખી શકે તેવા લેખકો બહુ નહિ નીકળે. એમનામાં એ માટે પૂરતી કલ્પના જ હોતી નથી. બહુ જ થોડી વાર્તાઓનો અંત આપણને ઊર્ધ્વગામી કરે તે રીતનો હોય છે. લગભગ બધી જ વાર્તાઓનો અંત નિષ્ફળતામાં આવે છે. અને તેનું કારણ બહુ સાદું છે; ઊંચે ચડવું તેના કરતાં નીચે પડવું ઘણું વધારે સહેલું છે. તમારી વાર્તાનો અંત તમે કોઈ મહાન અને ભવ્ય રીતે લાવો. તમારા નાયકને તમે, પોતાની જાતથી પર થવાનો પ્રયત્ન કરનાર કોઈ પ્રતિભાશાળી પુરુષ તરીકે ચીતરો, એ કામ ઘણું વિકટ છે; કારણ કે આ કરવા માટે તમારે પોતે એક પ્રતિભાશાળી વ્યકિત બનવાની જરૂર રહે છે અને આ વસ્તુ કાંઈ દરેકને મળેલી હોતી નથી.

આપણે જ્યારે સામાન્ય પુસ્તકો વાંચીએ છીએ ત્યારે એમ લાગે છે કે આપણે લેખકના મનમાં પ્રવેશ કરીએ છીએ અને એ વાત હમેશાં આનંદદાયક હોતી નથી. મેં જોયું છે કે આપણે જ્યારે એક બહારના માણસ સાથે ધંધા અંગે કે કામને અંગે વાત કરતા હોઈએ છીએ ત્યારે એ વાતચીત સારી તેમ જ રસિક રીતની હોઈ શકે છે, પણ તમે એ જ માણસ સાથે તેના અંગત જીવન વિષે વાતચીત કરવા લાગો છો ત્યારે એ વાતચીત સાવ ઉદ્વેગકર બની જાય છે.

હા, કારણ કે, કામ, ખાસ તો એ ટેકનિકલ પ્રકારનું હોય છે ત્યારે તે, માણસના ઉત્તમોત્તમ ભાગની અભિવ્યકિત જેવું બનતું હોય છે, પણ એ માણસ એના ખાનગી જીવનમાં એક નીચલી ભૂમિકા ઉપર ઉતરી આવતો હોય છે. આમાં ભાગ્યે જ અપવાદ હોય છે. અનેક જાણીતા વિદ્વાનો, લેખકો, કળાકારો આમ તો મોટી મોટી વસ્તુઓનું સર્જન કરનારા હોય છે પરંતુ એ પોતાના ઘરમાં દાખલ થાય છે ત્યારે તરત જ તેમની આસપાસનાં માણસો માટે તિરસ્કારપાત્ર પતિઓ બની જતા હોય છે, અણગમતા પિતાઓ, અસહ્ય માણસો બની જતા હોય છે. અને આ હું સમાજની શ્રેષ્ઠ વ્યકિત-ઓની વાત કરું છું, જેમણે ખાસ અભ્યાસો કર્યા હોય છે, શોધખોળો કરી હોય છે, જે મોટી સંસ્થાઓ ચલાવનારા હોય છે એવા માણસોની આ વાત છે. બહાર તેઓ અસાધારણ માણસો હોય છે, મહાન શકિતવાળી વ્યકિતઓ હોય છે; પણ ઘરમાં આવતાં તે સામાન્ય માણસો અને ઘણી વાર અસહ્ય એવા માણસો બની જાય છે. ઘેર આવી એ લોકો આનંદ કરવા માંડે છે, આરામ કરે છે, હળવા થાય છે; અને એ લોકો જો ગમ્મત કરવા લાગે છે, તો તો આવી જ બન્યું! મેં એવા મહાન બુદ્ધિશાળી, સરસ કળાકારો જોયા છે કે એ લોકો જ્યારે 'હળવા' બનવા લાગતા કે તરત જ પૂરેપૂરા

મૂર્ખ બની જતા! એ લોકો ખૂબ જ જંગલી વસ્તુઓ કરતા. ખરાબ રીતે ઊછેરેલાં બાળક જેવું વર્તન કરતા. એ 'હળવા' થતા હતા. અને આ બધું હળવા થવાની 'જરૂર' -માંથી આવતું હોય છે. મોટા ભાગના માણસો માટે આ વસ્તુઓનો અર્થ શો હોય છે? એટલો જ કે એમાં હંમેશાં એ લોકો એક નીચી ભૂમિકા ઉપર આવી જતા હોય છે. આ લોકોને ખબર હોતી નથી કે સાચી રીતની વિશ્રાંતિ મેળવવા માટે, હળવા થવા માટે, માણસે એક ડિગ્રી ઊંચા ચડવાનું રહે છે. તમારે તમારી જાતથી પર થવાનું રહે છે. તમે જો નીચે જાઓ છો તો તમે તમારી જાતને વધુને વધુ થકવી નાખો છો અને મંદ અને મૂર્ખ બની રહો છો. વળી જ્યારે જ્યારે તમે નીચે આવી જાઓ છો ત્યારે ત્યારે તમે અવચેતનાનો ભાર વધારો છો. આ અવચેતનાનો જે પ્રચંડ બોજો છે; એને તો તમારે જો ઊંચે ચડવું હશે તો, અનેક વાર સાફ કરવાનો રહે છે, એ તો તમારા પગ પરની જંજીર જેવો હોય છે. પરંતુ આ વસ્તુ શીખવવી અઘરી છે. આપણે બીજાને તે શીખવી શકીએ તે પહેલાં આપણે પોતે તે જાણી લેવાની રહે છે.

આ વસ્તુ બાળકોને કદી કહેવામાં આવતી નથી. બાળકોને વિશ્રાંતિની જરૂર છે એ બહાના હેઠળ તેમને હરેક રીતની મૂર્ખતાઓ આચરવાની રજા આપવામાં આવે છે.

આપણે આપણી જાતથી નીચે ઉતરીને થાક દૂર કરી શકતા નથી. આપણે સીડી ઉપર ઊંચે ચડવું જોઈએ અને ત્યાં આપણને સાચો આરામ મળે છે. કારણ કે ત્યાં આપણને આંતરિક શાંતિ, પ્રકાશ, વિશ્વરૂપ શકિત મળતી હોય છે; અને થોડે થોડે કરીને તમે, જે સત્ય માટે તમારું અસ્તિત્વ છે તે સત્યના સંપર્કમાં તમારી જાતને મૂકતા થાઓ છો.

એ વસ્તુને તમે જો ચોક્કસ રીતે અડી શકો તો તે તમારો થાક પૂરેપૂરો દૂર કરી દે છે.

બાળક: આપણે આપણી ભૂલો સ્વીકારીએ તો પછી આપણે તે ફરી કરી શકતા નથી, નહિ?

શ્રી માતાજી: તમારામાં જો સચ્ચાઈ હોય તો, હા. તમે જો એની એ ભૂલો ફરી ફરીને કરતા રહો તો ખાતરી રાખજો કે તમારામાં કોઈ ઠેકાણે સચ્ચાઈ નથી. તમે તમારી ભૂલને ઓળખી લો અને ફરી પાછી તે કરવા લાગો, તો એનો અર્થ એટલો થાય કે

ચેતનાના માત્ર સપાટી પરના એક ભાગે જ એ ભૂલને ઓળખી છે અને બાકીનો ભાગ એ ભૂલથી પૂરેપૂરો સંતોષ અનુભવતો હોય છે અને સામાન્ય રીતે તેને સાચી ઠેરવતો હોય છે. આમાં તમે લેશ પણ ભૂલના જોખમ વિના તમારી જાતને કહી શકો છો: 'હું જો એ ભૂલ ફરી વાર કરૂં તો હું સાચો નથી.' એટલે સાચા થવાનો પ્રયત્ન કરો.

બાળક: આપણે જ્યારે બીજા લોકો સાથે વાતચીત કરતા હોઈએ છીએ ત્યારે ભાગ્યે જ આપણે એકમત થતા હોઈએ છીએ, કેમ કે આપણે વસ્તુઓ એક જ રીતે જોતા નથી હોતાં. અથવા તો, હું બીજાનું દૃષ્ટિબિંદુ જોતો હોઉં છું તો તે હું સ્વીકારી શકતો નથી.

શ્રી માતાજી: એનો અર્થ એ છે કે તમે મુલાયમ નથી. એ વાતની તમે ખાતરી રાખજો કે કોઈ માણસ તમને જો કંટાળારૂપ લાગતો હશે તો તમે પણ તેને કંટાળારૂપ લાગતા હશો. તમારે તમારી જાતને બીજા માણસની જગાએ મૂકવાનું વલણ લેતા થવું જોઈએ. આ જો તમે નહિ કરી શકો તો કાંઈ વળવાનું નથી. આ વસ્તુ અનિવાર્ય છે. તમને જ્યારે કોઈ કાંઈ કહે અને તમને તે સમજાય નહિ તો તમારે એમ ન કહેવું જોઈએ કે, 'એ કશું જાણતો નથી.' પણ તમારે સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ. તમારે જો પૂરેપૂરા સત્યનિષ્ઠ બનવું હોય તો એક બાળક પણ તમને આવીને કાંઈ કહે, તમને તે ન સમજાય તો તમારે એમ ન કહેવું જોઈએ, 'એ તો અક્કલ વિનાનું છોકરું છે.' પણ 'હું પોતે અક્કલ વિનાનો છું, કારણ કે હું પોતે સમજતો નથી.'

એક પ્રશ્નને જોવાની સો રીતો હોય છે. તમારે જો કોઈ ઊકેલ મેળવવો હોય તો બધાં તત્વોને તમારે એક પછી એક હાથમાં લેવાં જોઈએ. તમારી જાતને તમારે એ બધાંથી ઉપર લઈ લેવી જોઈએ અને એ બધાં કેવી રીતે મેળમાં છે તે જોવું જોઈએ.

ચેતનાની એક એવી અવસ્થા છે કે જેને તમે 'જ્ઞાનપૂર્ણ' એવું નામ આપી શકો છો. એ અવસ્થામાં તમે માણસોએ પોતાની ઉચ્ચમાં ઉચ્ચ ચેતનામાં રહીને પ્રગટ કરેલા બધા જ સિદ્ધાંતોને, બધા જ વિચારોને એકી સાથે જોઈ શકતા હો છો. એક બીજાથી અત્યંત વિરુદ્ધના વિચારો, જેમ કે બૌદ્ધ ધર્મના, વેદાન્તના, ખ્રિસ્તી ધર્મના સિદ્ધાંતો, તત્વજ્ઞાનના બધા સિદ્ધાંતો. માણસનું મન જ્યારે સત્યનો એકાદ નાનકડો ખૂણો પકડવામાં સફળ થાય છે ત્યારે તે જે જે વસ્તુઓ વ્યકત કરે છે તે બધું જ અને એ અવસ્થામાં તમે દરેક વસ્તુને તેના સ્થાનમાં મૂકી આપો છો એટલું જ નહિ,

પરંતુ બધી જ વસ્તુઓ તમને અદ્‌ભૂત રીતે સાચી લાગે છે અને કોઈ પણ વસ્તુ અંગે તમારે કાંઈ પણ સમજી શકવું હોય તો તે માટે તે સર્વથા અનિવાર્ય લાગે છે. ચેતનાની એક એવી અવસ્થા છે કે...ઓહ, હું તમને કાંઈક એવું કહેવા જતી હતી કે જે તમે હમણાં સમજી શકો તેમ નથી. પણ તમને હું એક વધુ સાદો દાખલો આપીશ. આનાતોલ ફ્રાન્સે તેના એક પુસ્તકમાં કહ્યું છે: 'માણસોએ જ્યાં સુધી જગતને પ્રગતિ કરાવવાનો પ્રયત્ન કર્યો ન હતો ત્યાં સુધી બધું બરાબર ચાલતું હતું અને દરેકને સંતોષ હતો. પોતાની જાતને સંપૂર્ણ કરવાનાં કે જગતને સંપૂર્ણ કરવાની કોઈ ચિંતા ન હતી અને પરિણામે બધું બરાબર ચાલતું હતું. એટલે બીજાઓને પ્રગતિ કરાવવાની ઈચ્છા કરવી એ જ સૌથી વધુ ખરાબ વસ્તુ છે. લોકોને જેમ કરવું હોય તેમ કરવા દેવું અને કશાની પણ સાથે કશોય સંબંધ ન રાખવો, એ ઘણું વધારે ડહાપણ ભરેલું રહેશે.' તો આથી ઊલટું બીજા લોકો તમને કહે છે: 'એક સત્ય પ્રાપ્ત કરવાનું છે, જગત અજ્ઞાનની અવસ્થામાં છે અને આપણે કોઈ પણ ભોગે યાત્રામાં વચ્ચે વચ્ચે મુશ્કેલી આવતી રહેતી હોય તો પણ, લોકોની ચેતનાને પ્રકાશિત કરવી જોઈએ અને માણસને તેના અજ્ઞાનમાંથી બહાર ખેંચી લાવવો જોઈએ.' પરંતુ હું તમને કહીશ કે ચેતનાની એક એવી અવસ્થા છે કે જ્યાં આ બન્ને દૃષ્ટિઓ એકસરખી રીતે પૂરેપૂરી સાચી હોય છે. એ તો સ્વાભાવિક છે કે તમે માત્ર જો બે જ પાસાં લઈ વિચાર કરો તો સ્પષ્ટ રીતે જોવું મુશ્કેલ થઈ પડે છે. માણસની બુદ્ધિ જોતી હોય છે તે મુજબ સત્યનાં બધાં પાસાંઓ આપણે જોઈ શકવાં જોઈએ...અને તેથીયે કાંઈ વિશેષ અને પછી એ અવસ્થામાં કોઈ પણ વસ્તુ સર્વથા અસત્ય હોતી નથી, કોઈ પણ વસ્તુ નરી ખરાબ નથી હોતી. એ અવસ્થામાં આપણે સર્વ પ્રશ્નોમાંથી સર્વ મુશ્કેલીઓમાંથી સર્વ લડાઈઓમાંથી મુકત હોઈએ છીએ, અને આખીયે વસ્તુ તમને સરસ રીતે સંવાદમય લાગે છે.

પરંતુ આ અવસ્થાનું તમે જો માનસિક રીતે અનુકરણ કરવા પ્રયત્ન કરશો એટલે કે, એમાંથી એક માનસિક અનુકરણ ઊભું કરશો તો તમે જરૂર અક્કલ વગરની ચીજો કરવા લાગશો. કેટલાક લોકો મનમાં ગોટાળાવાળા હોય છે અને એમને ખબર પડયા વિના તેઓ સાવ ઉલટાસુલટી વસ્તુઓ કહેતા હોય છે, તેમના જેવા એક માણસ તમે બની જશો.

એ અવસ્થામાં કોઈ વિરોધાભાસ હોતો નથી. એ એક સમગ્રતા હોય છે. અને એ સમગ્રતામાં તમે જગતમાં જે જે સત્યો પ્રગટ થયેલાં છે તેમના વિષેનું પૂર્ણજ્ઞાન પ્રાપ્ત કરો છો (અને તે સમગ્ર સત્યને વ્યકત કરવા માટે પૂરતાં નથી હોતાં). એ સર્વ

સત્યો વિષે તમે પૂરેપૂરા સભાન હો છો, એ અવસ્થામાં તમે સર્વ વસ્તુઓનું પોતપોતાનું સ્થાન જાણતા હો છો, — વિશ્વ શા માટે અને શાનું બનાવાયેલું છે તે જાણતા હો છો. એમાં માત્ર એટલું જ - હું તમને સમયસર જણાવી દઉં - કે આ અવસ્થામાં તમે અંગત પ્રયત્નથી પહોંચી શકતા નથી. એ અવસ્થા માટે તમે પ્રયત્ન કરતા હો છો એટલે તે મળી આવતી નથી. તમે પોતે, આપોઆપ, એ અવસ્થારૂપ **બની રહો છો.** તમે એમ પણ કહી શકો છો કે એ અવસ્થા તમારામાં પૂરેપૂરી માનસિક સત્યનિષ્ઠા આવી ગઈ હોય, તમારાંમાં કોઈ પક્ષપાત ન રહ્યો હોય, પસંદગી ન રહી હોય, કોઈ વિચાર સાથે આસકિત ન રહી હોય, તમે સત્યને જાણવાનો પ્રયત્ન પણ કરતા નથી હોતા, ત્યારે એવી સ્થિતિના શિખર રૂપે આવી બને છે.

તમે બસ, પ્રકાશની અંદર ખુલ્લા થઈ જાઓ છો, એટલું જ.

આજે સાંજે હું તમને આ વસ્તુ કહી રહી છું તે એટલા માટે કે, એક માણસે કોઈ વસ્તુ કરી હોય, સિદ્ધ કરી હોય તો તેને બીજાઓ સિદ્ધ કરી શકે છે. એક શરીર - એક માનવ શરીર આ વસ્તુને સિદ્ધ કરી શક્યું હોય તો બસ છે, એમાંથી એ ખાતરી મળી શકે છે કે એ વસ્તુ થઈ શકે છે. એ વસ્તુને તમે તમારી સમક્ષ હજી કોઈ દૂર દૂરની વસ્તુ તરીકે મૂકી શકો છો, પરંતુ તમે કહી શકો છો : 'હા, જ્ઞાનપૂર્ણ જીવન જરૂર સિદ્ધ થવાનું છે. કારણ કે એનો સાક્ષાત્કાર થવાની શરૂઆત થઈ ચૂકી છે.

૧ માર્ચ, ૧૯૫૧

(શ્રી માતાજી વાચન કરે છે:)

'...દિવ્ય ચેતનાની એક એવી ભૂમિકા છે કે જ્યાં સર્વજ્ઞાન સંપૂર્ણપણે વિદ્યમાન હોય છે, જ્યાં આખા વિશ્વની યોજના આગળથી જાણવામાં તથા નિર્મિત કરવામાં આવે છે. એ દૃષ્ટિ પ્રાપ્ત થાય છે, અતિમનસની ઉચ્ચતમ ભૂમિકાઓમાં. એ દૃષ્ટિ એટલે સ્વયં ભગવાનની જ ઈશ્વરી દૃષ્ટિ. પરંતુ જ્યારે એ આપણે ચેતનામાં જીવન ધારણ કરતા હોઈએ નહિ ત્યારે તે ભૂમિકામાં યા તો તે સ્થિતિ પૂરતું જે સાચું અને વાસ્તવિક હોય તેને લગતા કેવળ શબ્દો વાપરવા નકામા છે. ચેતનાની નિમ્ન ભૂમિકામાં કશું પણ આગળથી તૈયાર કે નક્કી કરવામાં આવતું જ નથી. ત્યાં તો સઘળું સર્જનની પ્રક્રિયામાં હોય છે. એ ભૂમિકામાં આગળથી નક્કી કરી મૂકેલી એવી ઘટના છે જ નહિ. ત્યાં તો શક્યતાઓની લીલા ચાલતી હોય છે. અનેક શક્યતાઓની અથડાઅથડીમાંથી પસાર થતાં જે બનવાનું હોય છે તેનો પ્રાદુર્ભાવ થાય છે. આ ભૂમિકા પર આપણી મરજીને પસંદગીને સ્થાન છે. એક શક્યતાનો ઈન્કાર કરીને બીજીનો આપણે સ્વીકાર કરી શકીએ છીએ. આપણે એક માર્ગ સ્વીકારીને બીજાને છોડી દઈ શકીએ છીએ. અત્યારે બની રહેલી ઘટના ઉચ્ચતર ભૂમિકામાં પહેલેથી જોવામાં આવી હોય. પૂર્વનિર્મિત હોય, તે છતાં આપણે એ પ્રમાણે કરી શકીએ છીએ.'

('શ્રી માતાજીની વાણી': વાર્તાલાપ-૪)

શ્રી માતાજી: આ 'પૂર્વનિર્મિત' શબ્દ છે તે સત્યવસ્તુને અનુરૂપ નથી; એના કરતાં 'પૂર્વસ્થિત' શબ્દ વધુ ચોક્કસ ગણાય. ક્રમે ક્રમે પોતાનો આત્મ વિસ્તાર કરવો અને ખુલ્લા થવું એ ચેતનાનું એક સત્ય છે. એ વસ્તુ કેવળ એક પ્રતીતિ કે આભાસ જ નથી હોતી.

ધારો કે આ વિશ્વ એ એકમાત્ર સમગ્રતા છે અને અમુક ખાસ અર્થમાં, સાંત અને મર્યાદિત છે, છતાં એની અંદર અસંખ્ય શકયતાઓ બીજ રૂપે રહેલી છે. એ શકયતાનાં સંયોજનો એટલાં બધાં અગણિત હોય છે કે, જેમને આપણે અનંત સરખાં ગણી શકીએ. (તમારે શબ્દોથી સાવધ રહેવું જોઈએ; મને વસ્તુઓ વ્યકત કરવામાં શબ્દોનો અવરોધ ખૂબ નડે છે, મારે જે કહેવું હોય છે તે, તેમનાથી ચોક્કસ રીતે વ્યકત થતું નથી). એટલે વિશ્વ એ ભાગવત ચેતનાનું દશ્ય સ્વરૂપ છે. અને એ વિશ્વ પરમેશ્વરે, આપણે જેની વાત પછીથી કરીશું તે, નિર્ધારિત કરેલા નિયમો અનુસાર બનેલું છે. વિશ્વ એ એક અનન્ય સમગ્રતા છે. એનો અર્થ એ છે કે તે ભગવાન જ છે—એમાં ભગવાન પૂર્ણપણે સમાયેલા નથી, પણ જાણે એમ બન્યું છે કે ભગવાને પોતાની જાતને દશ્યસ્વરૂપ કરવા માટે પોતાની જાતનો આત્મ વિસ્તાર કરેલો છે; વિશ્વની અભિવ્યકિત થવાનું મૂળ પ્રયોજન એ છે. આમાં એમ થાય છે કે જાણે દિવ્ય ચેતના પોતે પસંદ કરેલા માર્ગે તમામ દિવ્ય શકયતાઓની વચમાં ભ્રમણ કરે છે. પછી તમે એક લક્ષાવધિ શકયતાઓની કલ્પના કરો શકયતાઓની કરો — જેનાં તમામ શકય સંયોજનોની સંખ્યા અનંત સરખી છે. ભાગવત ચેતના તેના મૂળ સ્વરૂપમાં સ્વતંત્ર છે—એ એમાં ભ્રમણ કરે છે અને પોતાની જાતને દશ્યસ્વરૂપ કરે છે. જે રસ્તે તે નિઃસરણ કરે છે તે તેણે સ્વતંત્રપણે લીધેલો હોય છે. અનંત બહુવિધતાઓ જેઓ પૂર્વનિર્મિત હોવાની સાથે સાથે ભગવાનના સ્વતંત્ર સંકલ્પના કાર્ય પ્રમાણે બિલકુલ અનિર્ણિત હોય છે તેમાં થઈને એ ચેતના પોતાને માર્ગે જાય છે. તમે સમજી શકશો કે આ સંકલ્પ સ્વતંત્ર હોવાને કારણે આત્મ વિસ્તારની ધારાને, માર્ગને બદલી શકે છે. અને બધી વસ્તુઓ પૂર્વ સ્થિત અને તેથી અનિવાર્ય હોવા છતાં એનો પંથ યા માર્ગ સ્વતંત્ર અને તદ્દન અણધાર્યો હોય છે. જો તમારે એમ કહેવું હોય તો એમ કહી શકો કે આ રીતે માર્ગ બદલવામાં આવે તો તેને પરિણામે વસ્તુઓ અને સંજોગો વચ્ચેના સંબંધો બદલાઈ જાય છે અને તેથી નિયતિ પણ બદલાય છે. આ પ્રકારે ભ્રમણ માર્ગ બદલાય છે તેને 'કૃપાનું પરિણામ' કહેવાય છે; એટલે કે એ કૃપા જો એવો નિર્ણય કરે તો, એની મદદથી સર્વ વસ્તુઓ બદલાઈ જઈ શકે છે અને રસ્તો પણ ફરી જાય છે. વસ્તુઓ તેમનું સ્થાન બદલી શકે છે અને સંજોગોનું ચક્ર કોઈ એક માર્ગે જવાને બદલે અન્ય માર્ગનું અનુસરણ કરી શકે છે. દાખલા તરીકે, અમુક

પ્રકારની નિયતિને કારણે અમુક સંજોગો અમુક સ્થળે અગાઉથી હોવા જોઈએ, તે કૃપાને કારણે સમય ક્રમમાં પાછળ જઈ શકે છે, અને એવી જ રીતે અન્ય વસ્તુઓ બની શકે . અને એને કારણે વસ્તુઓ વચ્ચેના સંબંધો બદલાઈ જાય છે.*

બાળક : કાળની શરૂઆત કયી ક્ષણે થાય છે? જે ચેતના (વસ્તુઓને) પસંદ કરે છે, તે આત્મવિસ્તરણની શરૂઆતની પ્રથમ ક્ષણથી જ કાળમાં હોય છે?

શ્રી માતાજી : ના, કાળ એ એક પ્રકારનો અનુક્રમ છે. તમારે તમારા લક્ષમાં એ વસ્તુ લાવવી જોઈએ કે પુરુષોત્તમ ચેતના, પોતાની જાતને વસ્તુગત કરતાં પહેલાં પોતાની અંદર જ પોતાના વિષે સભાન બને છે. એમાં એક સાથે, સર્વવ્યાપી અને સંપૂર્ણ સ્વાનુભુતિ હોય છે, એમાં કાળ હોતો નથી. એ રીતે એ જ કારણે આપણે 'સ્થળ'ની પણ વાત કરી શકતા નથી કારણ કે ત્યાં સર્વ કાંઈ સમકાલિનરૂપે બનતું હોય છે. એમાં કંઈક વધારે હોય છે; એ ચેતનાની અવસ્થા બહિર્મુખ ચેતના કરતાં સ્વગત ચેતનાને વધુ મળતી આવતી અવસ્થા હોય છે; કારણ કે સર્જનનો હેતુ, લક્ષ્ય, વસ્તુગત થવાનો હોય છે; પરંતુ આ વસ્તુગત થવાની ક્રિયામાં પ્રથમ સોપાનમાં સ્થળ અને કાળથી પર એવી, સર્વાંગીણ, એકીભૂત, અને સભર ચેતના હોય છે. એ ચેતના પાછળથી આ વિશ્વની સામગ્રીના ઘટક તત્ત્વરૂપ બને છે. અને ત્યાં આ વિશ્વ અનાવિર્ભૂત અવસ્થામાં પહેલેથી રહેલું હોય છે. જ્યારે એ બહિર્મુખ બને છે, ત્યારે કાળની શરૂઆત થાય છે.

બાળક : એમ કહી શકાય કે અતિમાનસ ભૂમિકાથી કાળની શરૂઆત થાય છે?

શ્રી માતાજી : એમાં કાળનો પ્રકાર આપણા જેવો હોતો નથી. એમાં ફકત કાળની અને રૂપની શરૂઆત માત્ર હોય છે. એ કાળ જુદા જ ગુણધર્મવાળો હોય છે. અતિમાનસ ભૂમિકાનું સોપાન આવતા પહેલાં એક વિશ્વરૂપ સમગ્રતાવાળી અક્રિય ચેતના હોય છે,

---

* આ વાર્તાલાપ પ્રસિદ્ધ થતી વખતે (ફેબ્રુઆરી, ૧૯૬૫) શ્રી માતાજીએ 'પૂર્વ સ્થિત' શબ્દની વ્યાખ્યાને અનુલક્ષીને આ પ્રમાણેનું વિવરણ ઉમેરેલું; सत्, એટલે કે, પરાત્પર સત્-તા, આવિર્ભાવમાં આવી રહેલી નથી; એ આવિર્ભાવ પામ્યા સિવાય સ્થિત રહે છે; એ અનાવિર્ભૂત સત્‌ની અવસ્થા છે. तत् છે તે અ-સત્-તાની અવસ્થા છે અને सत् એ સત્-તાની અવસ્થા છે; અને तत् નો આવિર્ભાવ થતો નથી, सत्‌નો પણ આવિર્ભાવ થતો નથી; એ તો જ્યારે चित्–तपस् સચેતન-શકિત; પરિણામ સિદ્ધિ કરનાર ચેતના આવે છે ત્યારે सत् પોતાનો આવિર્ભાવ કરે છે.

જેમાં સર્વ વસ્તુઓ એક સામટી દેખાય છે. સમગ્રતાના તંત્રની રચનામાં ક્રમાનુસરણ દાખલ થવાને કારણે કાળ આવે છે, પરંતુ અતિમનસ ભૂમિકામાં તમે એક સાથે જે સમગ્રતાનું દર્શન કરો છો તે અક્રિય સમગ્રતા નથી હોતી, - અક્રિય સમગ્રતાનું સ્થાન એક બીજા પ્રકારની સમગ્રતા લે છે, જેને લઈને કાળનું અસ્તિત્વ હોવાની લાગણી થાય છે. અતિમાનસ ભૂમિકામાં આંતર સંબંધો હોય છે પરંતુ તે એવા પ્રકારના હોય છે કે જેને લઈને પોતાના સ્વરૂપની બહાર બનતી કોઈ વસ્તુ પ્રત્યે આપણે સભાન હોતા નથી. આપણે પોતાની આંતરિક, અંદરની કોઈ વસ્તુ વિષે સભાન હોઈએ છીએ પણ આંતરિક સંબંધો બદલાતા રહે છે અને તેને લઈને કાળનું અસ્તિત્વ હોવાની લાગણી થાય છે.

બાળક : ચેતનાની આ પ્રકારની અવસ્થામાં તમને વસ્તુઓનો જન્મ થવાની, મરણ થવાની અને વિલય થતો હોવાની લાગણી થતી નથી, નહિ?

શ્રી માતાજી : ના! એવું કાંઈ થતું નથી!

(શ્રી માતાજી ફરીથી વાંચન શરૂ કરે છે:)

> '...પરમ ભાગવત ચેતના, પુરુષોત્તમની ચેતના, આગળથી બધું જ જાણે છે, કારણ કે તેની સનાતનતામાં સઘળું સિદ્ધ થયેલું હોય છે. પરંતુ પોતાની લીલાને ખાતર અને તેના પોતાના પરમ દિવ્યસ્વરૂપમાં જે નિર્માણ થઈ ચૂકેલું છે તેનો આ સ્થૂલ પાર્થિવ ભૂમિકા ઉપર અમલ કરવા ખાતર તે આ પાર્થિવ ભૂમિકા ઉપર જાણે કે આખી વાતની ખબર જ ન હોય તેમ, અજાણ્યાની પેઠે વર્તે છે. પોતે જાણે કોઈ તદ્દન નવો નહિ અજમાવેલો તાંતણો લઈને પટ વણતી હોય એ પ્રમાણે તે કાર્ય કરે છે.....'

તમે એક કામ માથે લો અને તમને અગાઉથી કહેવામાં આવે કે એ બધું નકામું જવાનું છે અને તમે જે કરવા ઈચ્છો છો તે નહિ કરી શકો, તો તમે તે કરશો? નહિ કરો, નહિ? બસ, એવું જ કાંઈ અહીં બને છે. તમે જે કાંઈ કરો છો તેમાંનું નેવું ટકા, ધાર્યા મુજબનું પરિણામ લાવતું નથી. જો કોઈ વ્યકિતને એમ કહેવામાં આવે કે, 'ભલે કરો, પણ તમે ઈચ્છો છો તેવું પરિણામ બિલકુલ નહિ આવે'- તો લાખે એક માણસ પણ એવો નહિ નીકળે કે જે પોતાનું કામ કરે. પરંતુ શકિતઓની લીલામાં એવું છે કે શકિતઓના સમૂહ માટે, શકિતઓની સમગ્રતા માટે ઘણાંઓએ કાર્ય

કરવું પડે છે; જો કે વ્યકિતગત રીતે જોતાં જે વ્યકિત તે કાર્ય કરતી હોય તેને તે અંગત રીતે ઉપયોગી નીવડે તેવું હોતું નથી. એટલે વ્યકિતને એવી જાણ હોય કે સમગ્રતામાં પોતે જે ભાગ ભજવે છે તેનું પ્રમાણ સૂક્ષ્માતિસૂક્ષ્મ છે, તો તે ભાગ ભજવે જ નહિ, પરંતુ જેવા તમે તેને પેલેપાર જાઓ છો ત્યારે તમે કોઈ નક્કી કરેલ હેતુને લક્ષમાં રાખીને વસ્તુઓ કરતા નથી, કારણ કે તમે તમારી ભીતરમાં જાણતા હો છો કે પરિણામ ગમે તે આવે તો પણ એ વસ્તુ કરવાની છે. મોટા ભાગે તમારી દષ્ટિ તમારા કાર્યનું પરિણામ, કંઈ નહિ તો અસ્પષ્ટપણે પણ, જાણવા જેટલી સ્પષ્ટ હોય છે. કારણ કે તમે તે જાણો તેથી તમારી કાર્ય કરવાની રીતમાં કાંઈ પણ ફરક પડવાનો હોતો નથી.

નીચેની ભૂમિકામાંથી ઉપરની ભૂમિકાની બાબત સમજૂતી મેળવવા કરતાં ઉપરની ભૂમિકામાંથી નીચેની ભૂમિકાની સમજૂતી ખોળવી એ વધુ ડહાપણ ભર્યું છે; અથવા તો એમ સમજવું કે થોડે થોડે કરીને ચેતના નીચેની બાજુએ જાય છે અને જેમ જેમ નીચેની બાજુએ જાય છે તેમ તેમ તે અસ્પષ્ટ થતી જાય છે અને વ્યકિતને સમજ નથી પડતી કે વસ્તુઓ કયા પ્રકારના વ્યવસ્થા તંત્ર વડે બને છે - એ સ્થિતિને જ અજ્ઞાનદશા કહેવામાં આવે છે.

(શ્રી માતાજી આગળ વાંચે છે:)

> '...કોઈ પણ ચિત્ર કરવા માટે રંગ અને વિભાગોની વહેંચણીવાળી નિશ્ચિત યોજનાની જરૂર પડે છે. ચિત્રમાં મર્યાદાઓ મૂકવી પડે છે. આખું ચિત્ર એક ચોક્કસ ફ્રેમમાં, ચોકઠામાં, મૂકવું પડે છે. પરંતુ એ મર્યાદાઓ અવાસ્તવિક છે, અને ફ્રેમ પણ કેવળ સગવડ ખાતર અને રૂઢિને લઈને હોય છે. વિશ્વરૂપી ચિત્ર ઘણું વિસ્તર્ણ છે; એટલું જ નહિ પરંતુ સનાતન કાળમાં સતત ગતિમાન હોઈ કોઇ પણ ચોકઠા કરતાં તે વિશાળ જ રહેવાનું, એટલે તે ચિત્રપટના દરેક ભાગને અનંત તખ્તાઓની શ્રેણીમાં મૂકીને આપણો હેતુ 'આ' છે કે 'તે' છે એમ આપણે કહીએ છીએ ખરાં; છતાં આપણે જાણીએ છીએ કે એ તો માત્ર તેનાથી પર રહેલા બીજા ચિત્રનો આરંભ માત્ર જ છે. એ પ્રમાણે વિશ્વની ચિત્રશ્રેણી હમેશાં આગળને આગળ વિકસતી જ જાય છે, તે કદી અટકતી જ નથી.'
>
> ('માતાજીની વાણી' - ૪)

શ્રી માતાજી: જો મને એમ કહેવામાં આવે કે વસ્તુઓ અમુક બિંદુએ અટકી જવાની છે તો મને એનો ઘણો કંટાળો આવે, એટલો બધો કંટાળો આવે કે હું હાલવા ચાલવાનું પણ બંધ કરું!

મને આશ્વાસન એ વસ્તુનું છે કે દરેક વસ્તુ અવિરતપણે ગતિમાન છે, સનાતન કાળ સુધી, અને હમેશાં કંઈકનું કંઈક નવું કરવાનું રહે છે.

ગમે તે ધ્યેય સિદ્ધ કરવામાં આવે, પણ એ એક શરૂઆત માત્ર હોય છે.

બાળક: 'આધ્યાત્મિક' શબ્દ અને 'ચૈતસિક' શબ્દ વચ્ચે શો ભેદ છે?

શ્રી માતાજી: એ બંને એક જ વસ્તુ નથી. ચૈત્યપુરુષની રચના ભગવાનની હાજરીને કારણે થાય છે અને એ પૃથ્વીની વસ્તુ છે. હું વિશ્વની વાત કરતી નથી - ફક્ત પૃથ્વીની; કેવળ પૃથ્વી ઉપર જ તમને ચૈત્યપુરુષ મળી આવે છે. બાકીના વિશ્વની રચના બિલકુલ ભિન્ન પ્રકારની કરવામાં આવી છે.

વિશ્વમાં ભૌતિક પ્રદેશ કરતાં ઉચ્ચતર એવા અનેક પ્રકારના પ્રદેશો આવેલા છે: એક વૈશ્વિક ભૌતિક પ્રદેશ છે જેમાં મનોમય, પ્રાણમય, વગરે પ્રદેશો આવી રહેલા છે અને મનોમય પ્રદેશની ઉપરના ભાગમાં આધ્યાત્મિક સ્તરોના પ્રદેશો છે. એ પ્રદેશો આપણે માટે આત્માના પ્રદેશો છે, અને આ 'આત્મા' જ, આપણે જેને ભૌતિકતત્ત્વ માનીએ છીએ તે અવસ્થાએ પહોંચવા, ધીમે ધીમે, ઉત્તરોત્તર, વધુને વધુ ભૌતિક સ્વરૂપ ધારણ કરતો જાય છે. દાખલા તરીકે અધિમનસનાં સત્ત્વો અને ઊર્ધ્વપ્રદેશોનાં સર્વ સત્ત્વોમાં ચૈત્યપુરુષ હોતો નથી - 'દેવદૂતો'માં ચૈત્યપુરુષ હોતો નથી. કેવળ પૃથ્વી ઉપર જ ચૈત્ય જીવનની શરૂઆત થાય છે અને કેવળ એ પ્રક્રિયા વડે જ ભગવાને ભૌતિક જીવનમાં પોતાના દિવ્ય સ્રોતની સાથે પુનર્મિલન કરવાની આવશ્યકતા જાગૃત કરી છે. ચૈત્ય સત્તા વિના પદાર્થતત્ત્વ તેની અચેતનામાંથી કદી પણ જાગૃત ન થાત: તેના આદિસ્થાન, આધ્યાત્મિક જીવન પ્રત્યે, તેનામાં કદાપિ અભીપ્સા જાગૃત ન કરી હોત. એટલા માટે માનવ જીવમાં ચૈત્યપુરુષ એ આધ્યાત્મિક અભીપ્સાની અભિવ્યક્તિ છે; પરંતુ ચૈત્ય જીવનથી ભિન્ન એવું આધ્યાત્મિક જીવન પણ છે.

બાળક: ચૈતસિક જગત અને પૃથ્વી વચ્ચે કોઈ સંબંધ છે?

શ્રી માતાજી: પણ મેં તમને પહેલાં કહ્યું જ છે કે કેવળ પૃથ્વી ઉપર જ ચૈત્ય પુરુષ પોતાની જાતની વ્યક્તિતા રચવા માટે અનુભવો પ્રાપ્ત કરે છે. એટલે આ પૃથ્વી અને ચૈતસિક જગત વચ્ચે લગભગ એક પરસ્પરાવલંબન છે.

બાળક: ચૈત્યપુરુષ જાગૃત કરવા માટે સૌથી વધુ અસરકારક સાધન શું છે?

શ્રી માતાજી: પણ એ તો ખાસ્સો જાગૃત હોય છે! અને એ કેવળ જાગૃત નથી હોતો, કાર્ય પણ કરતો હોય છે, ફક્ત તમે એના વિષે સભાન નથી હોતા. એ તમને સુષુપ્ત ભાસે છે, કારણ કે તમે એના વિષે સભાન નથી!

ખરી રીતે, જો એ પ્રકારનો ચૈત્યપુરુષનો આંતર સંકલ્પ ન હોત તો, મને લાગે છે કે, માનવ જીવો બિલકુલ નિરસ, જડ, થઈ જાત અને તેમનું જીવન પશુઓ સરખું થઈ જાત. જ્યાં સહેજ અમથી પણ અભીપ્સા હોય ત્યાં નક્કી જાણવું કે એ ચૈતસિક અસરનું પરિણામ છે. ચૈત્યપુરુષની હાજરી વિના પ્રગતિનો કોઈ અર્થ ન રહે. એના વિના પ્રગતિ કરવાનો સંકલ્પ પણ થઈ શકત નહિ.

બાળક: એમાં સૌંદર્યની ભાવના હોય છે?

શ્રી માતાજી: હા, કદાચ સૌંદર્યની ઉચ્ચતમ ભાવના નહિ, પણ પ્રાણમય ચેતનામાં આપણને પૂર્ણપણે એક સૌંદર્ય અને સંવાદની ભાવના જણાય છે, જે સૌંદર્ય મૂળભૂત, ગહન, વ્યાપક અને સ્થાયી હોય છે તે ચૈત્યપુરુષનું હોય છે; પરંતુ આકાર, બાહ્યરૂપ અને રંગની ભાવના કેળવાયેલ અને સંસ્કારી પ્રાણમાં પૂરતા પ્રમાણમાં હોય છે.

બાળક: અને પ્રેમ નહિ?

શ્રી માતાજી: એનો આધાર તમે 'પ્રેમ' શબ્દનો શું અર્થ કરો છો તેના ઉપર છે! પ્રાણમાં દિવ્ય પ્રેમ તો કુદરતી રીતે હોય નહિ, પરંતુ સર્વ પ્રકારની કામનાઓ, આકર્ષણો અને ઈચ્છાઓ એમાં હોય છે. ફક્ત દિવ્ય ચેતનાના ભૌતિક તત્ત્વમાં અવતરણ અને પ્રસારને કારણે એ ક્રિયાઓની ગુણવત્તા પૂર્ણપણે બદલાઈ ગઈ છે. એને લઈને સાચા પ્રેમની શક્યતા જાગી છે; નહિ તો પેલી બધી વસ્તુઓ જેને પ્રેમ કહેવામાં આવે છે, સર્વ પ્રકારની કલ્પનાઓ, આકર્ષણો અને ઈચ્છાઓ - અન્યનો ગ્રાસ કરવાની આવશ્યકતા - એ બધું તો પ્રાણમાં સારી પેઠે હોય છે. પદાર્થ તત્ત્વમાં પ્રેમનું પ્રથમ રૂપ પ્રગટ થાય છે તેનું સ્વરૂપ ગ્રાસ કરવાની જરૂરિયાતનું હોય છે. વ્યકિત અન્યનો કબજો મેળવવાની - આત્મસાત્ કરવાની ઈચ્છા કરે છે; અને એ કામ સારામાં સારી રીતે કરવું હોય તો કોળીઓ કરી જઈને પચાવી દેવાથી થાય છે! એમ કહેવાય છે કે બિલાડી જ્યારે તેનાં બચ્ચાંને ખાઈ જાય છે ત્યારે તેમના માટે તેને ભરપૂર પ્રેમ હોય છે; વાઘ જ્યારે ઘેટાંને ગળી જાય છે ત્યારે તેમના ઉપર તેને ભરપૂર પ્રેમ હોય છે!

બાળક : ફૂલોમાં સૌંદર્યની ભાવના હોય છે?

શ્રી માતાજી : દેખીતી રીતે જ ફૂલોનું જીવન એક સેન્દ્રિય પ્રકારનું જીવન હોય છે, એટલે એમાં જીવનતત્ત્વ યા પ્રાણમય તત્ત્વ હોય છે. અને એ પ્રાણમય તત્વ જ ફૂલોમાં સૌંદર્યની ભાવના ઉત્પન્ન કરે છે. કદાચ એ વસ્તુ આપણે જે અર્થમાં સમજીએ છીએ તે રીતના વૈયકિતક પ્રકારની નહિ પણ તેની જીવ - જાતિની ભાવના હોય છે. અને એ જીવ જાતિ, એ ભાવનાને સાકાર કરવા માટે પ્રયત્ન કરે છે. મેં ફૂલોમાં ચૈતસિક હાજરીના પ્રાથમિક રીતના પ્રારંભિક તત્વ અને સ્પંદનને જોયેલું છે, અને એ વસ્તુ જયારે બહારની બાજુએ ખીલી ઊઠે છે તેને આપણે ફૂલ કહીએ છીએ. એ વસ્તુ ચૈતસિક ઉપસ્થિતિની પ્રથમ અભિવ્યકિત હોય છે. ચૈત્ય સત્તા મનુષ્યમાં જ વ્યકિતરૂપ લે છે, પણ તેની હાજરી તે પહેલાં પણ હોય છે; જો કે એનું સ્વરૂપ મનુષ્યમાં હોય છે તેવા પ્રકારના વ્યકિતત્વવાળું નથી હોતું પણ એ વધુ પ્રવાહી હોય છે - એ એક શકિત તરીકે, ચેતના તરીકે વ્યકત થાય છે, વ્યકિતરૂપે નહિ. ગુલાબનો દાખલો લો, એના રૂપ, રંગ, અને સુગંધ, એક અભીપ્સા અને ચૈત્ય તત્ત્વના ઉપહારની અભિવ્યકિત કરે છે. સૂર્યના પ્રથમ સ્પર્શે ખીલતા ગુલાબને જોશો તો એમાં એક અદ્‌ભૂત આત્મદાનની અભીપ્સા જણાઈ આવશે.

બાળક : દરેક ફૂલનો પોતાનો આગવો અર્થ હોય છે, ખરું ને?

શ્રી માતાજી : એ અર્થ આપણે મનથી જે રીતે સમજીએ છીએ તે રીતનો હોતો નથી. જયારે તમે કોઈ ફૂલને અમુક ચોક્કસ અર્થ આપો છો ત્યારે તેમાં એક પ્રકારનો માનસિક પ્રક્ષેપ હોય છે. એ ઉત્તર આપી શકે છે, પ્રક્ષેપના સંપર્કથી સ્પંદિત થઈ શકે છે, અર્થનો સ્વીકાર પણ કરી શકે છે. પણ એનામાં માનસિક ચેતના જેવી વસ્તુ હોતી નથી. વનસ્પતિ સૃષ્ટિમાં ચૈત્ય તત્ત્વનો આરંભ હોય છે પણ માનસિક ચેતનાનો નહિ. પશુઓની વાત જુદી છે, ત્યાં માનસિક જીવનની રચના શરૂ થઈ ગઈ હોય છે, અને તેમને માટે વસ્તુઓનો કોઈ અર્થ હોય છે. પરંતુ ફૂલની બાબતમાં તો એ એક નાના બાળકના હલન ચલન જેવું કાંઈક હોય છે – એ સંવેદન નથી હોતું, તેમ લાગણી પણ નથી હોતી. પણ એ બન્નેમાંનું કાંઈક હોય છે; એ એક સ્વયંભૂ ક્રિયા હોય છે, એક ખાસ પ્રકારનું સ્પંદન હોય છે. એટલે જો તમે એના સંપર્કમાં હો, જો તમે તે પ્રકારનું સંવેદન અનુભવી શકતા હો, તો તમારામાં એક એવા પ્રકારની અસર ઉત્પન્ન થાય છે, જે વિચારના રૂપમાં ફેરવાઈ જઈ શકે છે. મેં ફૂલોને અને છોડવાઓને, અર્થ એ રીતે જ આપેલા છે – ફૂલોના સ્પંદ સાથે એક પ્રકારનું તાદાત્મ્ય સિદ્ધ કરવામાં આવે છે

ત્યારે એ જે ગુણોને વ્યકત કરતું હોય તેનું ભાન થાય છે, અને ધીમે ધીમે, એક પ્રકારના અનુમાનથી (કેટલીકવાર તે એકદમ અચાનક બની આવે છે તો અન્ય વખતે થોડો સમય લાગે છે), આ આંદોલનો (જે ઊર્મિમય-પ્રાણમય વર્ગનાં હોય છે) અને મનોમય વિચારનાં આંદોલનો વચ્ચે એક પ્રકારનો ઘનિષ્ટ મેળ રચાય છે, અને જો એમાં પૂરતા પ્રમાણમાં મેળ હોય છે તો એ છોડ જે જે વસ્તુનું સૂચન કરતો હોય છે, તે સીધે સીધું લક્ષમાં આવી જાય છે.

કેટલાક દેશોમાં (ખાસ કરીને અહીં ભારતમાં), કેટલાક છોડ પૂજા, અર્પણ, ભકિત વગેરે કાર્યોના સાધન તરીકે વપરાય છે. કેટલાક છોડ, વિશેષ પ્રસંગોએ આપવામાં આવે છે. મેં ઘણીવાર જોયું છે કે મારું તાદાત્મ્ય છોડની પ્રકૃતિ સાથે સંપૂર્ણપણે મેળમાં હતું. અને એ સ્વયંભૂ રીતે બની આવેલું હોઈ, અગાઉથી કંઈ પણ જાણ્યા વિના, મેં એમને જે અર્થ આપેલો તે જ અર્થ ધાર્મિક વિધિઓમાં આપવામાં આવેલો છે એમ પણ મેં જોયું છે. એમાં જે આંદોલન હતું તે ફૂલની પોતાની અંદર હતું. ...એ વસ્તુ, એનો જે પ્રકારે ઉપયોગ કરવામાં આવેલો, તેમાંથી આવેલી કે કોઈ દૂરના, ગહરાઈમાં રહેલ સ્થાનની, ચૈત્ય જીવનના આરંભસ્થાનથી?—એનો જવાબ આપવો કઠિન છે.

બાળક: એવું બની શકે ખરું કે ચૈત્યપુરુષને પોતાને જે સ્થળે જન્મ લેવો હોય તે સ્થળે તે જન્મ લઈ શકે?

શ્રી માતાજી: જો ચૈત્યપુરુષ, ચૈતસિક જગતમાંથી પૃથ્વી ઉપર એક પ્રકાશ જુએ તો એ કયાં આવેલો છે, તે કયા સ્થાને આવેલો છે, તે સ્પષ્ટપણે જાણ્યા વિના તેની તરફ દોડી જાય તે શકય છે. એમાં સર્વપ્રકારની ઘટનાઓ સંભવી શકે છે. પરંતુ ચૈત્યપુરુષ બહુ સભાન હોય, પૂરતા પ્રમાણમાં સચેતન હોય તો કોઈ ચોક્કસ સ્થળે અભીપ્સાની જ્યોતિની શોધ કરી શકે, અને પોતાના શિક્ષણ અને સંસ્કારને કારણે તેને ખોળી પણ શકે છે. આપણે માનીએ તેનાથી વધુ વાર આવું બને છે - ખાસ કરીને સુશિક્ષિત વર્તુળોમાં કોઈ બુદ્ધિમતિ સ્ત્રી કે જેને કંઈક પ્રમાણમાં કળા કે તત્ત્વજ્ઞાનના સંસ્કાર મળ્યા હોય, જેનામાં સચેતન વ્યકિતત્વ હોય, તે એવી અભીપ્સા કરી શકે છે કે તેને થનાર બાળક એની માન્યતા પ્રમાણેનું અથવા એણે જે સંસ્કારો વિષે વાંચેલું હોય તે પ્રમાણેનું અને ઉત્તમોત્તમ થાય. જન્મ લેનાર ચૈત્ય સત્તાઓની સંખ્યા હમેશાં મોટા પ્રમાણમાં હોવાને કારણે, જો કોઈ ચૈત્ય સ્વરૂપને દરેક વખતે વિશેષ પ્રકારની પરિસ્થિતિ જોઈતી હોય તો એ વસ્તુ મુશ્કેલ બને છે. એ સાચું છે કે એવા કિસ્સાઓ પણ બને છે જેમાં ચૈત્યપુરુષ મૂર્ચ્છિત થઈ ઊંધે માથે પડયો હોય. પણ એમ બને તો એ એક દુર્ભાગ્ય કહેવાય. એવા

પ્રસંગે, સામાન્ય રીતે, એને જાગૃત થતાં લાંબો સમય લાગે છે. એ વસ્તુ એ અર્થમાં દુર્ભાગ્ય છે કે એનામાં અમુક પ્રકારની વિવેકશકિતનો અભાવ હશે કે પછી એને એવી કોઈ શકિતઓનો સામનો કરવો પડયો હશે કે જે એના નિર્ણયનો વિરોધ કરતી હશે અને જે તેના ઉપર અમુક અંશે વિજયી નીવડી હશે. આપણે એમ ન કહી શકીએ કે બધું એક જ યોજના અનુસાર બને છે - પ્રત્યેક ચૈત્યપુરુષ અન્ય ચૈત્યપુરુષથી જુદા પ્રકારનો હોય છે.

૩ માર્ચ, ૧૯૫૧

શ્રી માતાજી,
'માતાજીની વાણી' -
પુસ્તકમાંથી વાચન કરે છે :

'...વિરોધી શકિતઓની પણ સાધનામાં જરૂર છે. તેમને લીધે તમારો સંકલ્પ વધારે દઢ અને તમારી અભીપ્સા વધારે વિશુદ્ધ બને છે. પરંતુ એ પણ ખરું છે કે તમે તેમને કંઈક કારણ આપ્યું હોય છે. માટે જ તેઓ ઉત્પન્ન થયેલી હોય છે. જ્યાં સુધી વિરોધી શકિતઓને પ્રત્યુત્તર આપનાર એવો એક પણ ભાગ તમારી પ્રકૃતિમાં રહેલો હશે ત્યાં સુધી એ શકિતઓની દખલગીરી રહે એ તદ્દન સ્વાભાવિક છે. તમારી પ્રકૃતિમાંથી તેમને કશો પણ પ્રત્યુત્તર ન મળે, તમારી પ્રકૃતિના કોઈપણ ભાગ ઉપર તેમનો કાબુ ન હોય તો તેઓ જરૂર પાછી ફરી જશે અને તમારો કેડો મૂકી દેશે.'

(વાર્તાલાપ - ૫)

શ્રી માતાજી : વિરોધી શકિતઓનો સામનો કરવાનો સારામાં સારો રસ્તો એ છે કે હમેશાં અભીપ્સા કરવાનું, પ્રભુને સાદ કર્યા કરવાનું, ચાલુ રાખવું, અને કદીપણ ભયભીત ન થવું.

('માતાજીની વાણી'નું વાચન ચાલુ રહે છે:)

તેમાં આ પ્રશ્ન આવે છે 'વિરોધી શકિતઓ બહારથી આવે છે કે ભીતરમાંથી?'

એક શિષ્ય જવાબ આપે છે કે એ ચેતના અથવા સ્વરૂપની બહારથી આવે છે.

શ્રી માતાજી: સ્વરૂપની મર્યાદાનો અંત કયાં છે? ...જો સર્વ સ્થળે ચેતના આવી રહેલી છે તો પછી અંદર અને બહારમાં શો ફેર છે?

જીજ્ઞાસુઓને હમેશાં એમ કહેવામાં આવે છે કે, 'જો તમારે કોઈ વસ્તુનો ત્યાગ કરવો હોય તો એમ કહેવું કે તે બહારથી આવેલી છે.'- આ એક પ્રકારની ધારણા હોય છે, પરંતુ કોઈ મુશ્કેલીને ફેંકી દેવી હોય અને આપણે એમ માનીએ કે તે આપણી બહાર છે, તો એને ફેંકી દેવી વધુ સરળ બને છે; છતાં મેં તમને હમણાં જ તેથી ઊલટી વાત કરી કે જો 'તમારામાંનું' કંઈ પણ વિરોધી શકિતઓને પ્રત્યુત્તર વાળતું ન હોય તો તે તમારા ઉપર કદી હુમલો નહિ કરે. એટલે જે અંદર છે તે બહાર પણ છે અને જે બહાર છે તે અંદર પણ છે. એમાં રહસ્ય એ છે કે જે જગ્યાએ તેના ઉપર તાત્કાલિક કાર્ય કરવું સગવડભર્યું હોય તે જગ્યાએ તેમને ગોઠવવી.

દાખલા તરીકે તમારા સ્વભાવમાં કોઈ મોટી મુશ્કેલી હોય, તમને ગુસ્સે થઈ જવાની ટેવ હોય અને તમે નિશ્ચય કરો કે, 'મારે ગુસ્સે ન થવું જોઈએ' તો એ વસ્તુ ઘણી મુશ્કેલ બને છે, પણ જો આથી ઊલટું જો તમે તમારી જાતને એમ કહો કે, 'ક્રોધ એ એક એવી વસ્તુ છે જે સંસારમાં ફરતી રહે છે; એ કેવળ મારી જ નહિ પણ સર્વની વસ્તુ છે, એ બધી જગાએ ફરતી રહે છે અને જો હું મારો દરવાજો બંધ કરી દઉં તો એ અંદર નહિ આવી શકે.' તો એના ઉપર વિજય પ્રાપ્ત કરવો વધુ સહેલો બને છે, પણ જો તમે એમ માનો કે, 'મારો સ્વભાવ જ એવો છે, હું એની સાથે જ જન્મ્યો છું' તો એના ઉપર કાબૂ મેળવવો લગભગ અશકય બની જાય છે. એ સાચું છે કે તમારા સ્વભાવમાં કોઈ એવી વસ્તુ છે જે ક્રોધની એ શકિતનો પ્રત્યુત્તર વાળે છે - બધી ક્રિયાઓ, બધાં આંદોલનો સર્વ સામાન્ય હોય છે - એ અંદર પ્રવેશ કરે છે, બહાર જાય છે, બધે ફરતાં રહે છે; પણ તેઓ તમારી ઉપર હુમલો કરવા ધસી આવે અને તમારી અંદર પ્રવેશ કરે, તો તમે તમારું દ્વાર જેટલા પ્રમાણમાં ખુલ્લું રાખ્યું હશે તેટલા પ્રમાણમાં જ તે બનશે. અને જો તમારામાં એ શકિતઓ પ્રત્યે થોડું પણ આકર્ષણ હશે તો તમને ખબર પણ નહિ પડે કે તમે કેમ ગુસ્સે થયા, અને છતાં ગુસ્સે થઈ જશો. બધી વસ્તુઓ સર્વ સ્થળે છે, એમાં કોઈ ઠેકાણે મર્યાદા બાંધવી એ મનસ્વીપણું છે.

મેં એક ચુસ્ત ભૌતિકવાદીના લખેલા પુસ્તકમાં કોઈક સ્થળે વાંચેલું કે માનવ પ્રાણીઓ એક ચામડાના થેલામાં પૂરાયેલાં છે અને તેમને અન્ય પ્રાણીઓ સાથે કોઈ સંબંધ હોતો નથી. સ્પષ્ટ છે કે આ એક મૂર્ખાઈભરી વાત છે, પરંતુ કેટલાક લોકો એવા છે કે જેમને આવી વાતોથી મદદ મળે છે. આ વિચાર કે તેઓ એક કોટલાની અંદર પૂરાયેલા છે અને તેમને બાહ્ય જગત સાથે, આ કોટલા દ્વારા જે સબંધ થાય તે સિવાય બીજી કોઈ રીતનો સંબંધ નથી, એ વસ્તુ એમને બહારથી કોઈ વસ્તુ ગ્રહણ કરતાં અટકાવે છે. ખરું છે કે એ એક મૂર્ખાઈ છે, પણ મૂર્ખાઈ પણ કેટલીકવાર ઉપયોગી હોય છે! આપણે પેલે દિવસે વાત કહેલી કે મન એ જ્ઞાનનું સાધન નથી, અને વિચારોના પ્રદેશમાં સર્વ વસ્તુઓ સાપેક્ષ હોય છે. વસ્તુ માત્ર તમે જે રીતે જોતા હો અથવા જીવન ધારણ કરતા હો તેને અનુસરીને બને છે. દરેક વિજ્ઞાનશાસ્ત્રને તેની ભાષા હોય છે. દરેક ધર્મને તેની ભાષા હોય છે, દરેક તત્ત્વજ્ઞાનને તેની ભાષા હોય છે, દરેક ક્રિયાને તેની ભાષા હોય છે; અને તમે જેટલા વધુ પ્રમાણમાં આ ભાષાઓ જાણો તેટલા વધુ પ્રમાણમાં તમને લાગે છે કે તમે ઘણી વસ્તુઓ જાણો છો. અગત્યની વસ્તુ એ છે કે તમારે બધી ભાષાઓ જાણવી જોઈએ. તમારે એ બિંદુએ પહોંચવું જોઈએ કે જ્યાં મનની આ બધી ગતિઓ તમારે માટે કેવળ સાપેક્ષ રમતમાત્ર હોય. તમે સારી રીતે રમતા હો કે ખરાબ રીતે, પણ છતાં એ રમતમાત્ર હોય છે. એવા લોકો હોય છે જેઓ એનો ઉપયોગ કરી જાણે છે, એ લોકો 'બુદ્ધિશાળી' કહેવાય છે અને જેઓ એનો ઉપયોગ કયી રીતે કરવો તે જાણતા નથી હોતા, એ લોકોને 'મૂર્ખ' કહેવામાં આવે છે.

બાળક : અમે જેટલા પ્રમાણમાં વસ્તુઓ સાથે તાદાત્મ્ય કરીએ તેટલા પ્રમાણમાં તે અમારામાં હોય છે - અમે જો આ તાદાત્મ્યને પાછું ખેંચી લઈએ તો તે બહાર હોય છે?

શ્રી માતાજી : કહેવાની આ એક વ્યક્તિગત રીત છે. કાર્ય કરવા માટે તમારે અમુક વર્ગીકરણ કરવાની જરૂર રહે છે અને ખાસ એટલા માટે જ મન ઉપયોગી છે - એ રચના કરે છે, દરેક વસ્તુને તેના સ્થાને ગોઠવે છે, અને તે રમત રમે છે; આ પ્રકારની કાર્યવાહીને પરિણામે તે રમતના નિયમોનું સર્જન કરે છે અને તે નિયમોનું પાલન કરવાથી એ રમત જીતે છે. પરંતુ સાચું જ્ઞાન બીજે ક્યાંકથી આવે છે.

(શ્રી માતાજી બીજો પ્રશ્ન લે છે.)

> '... કેવળ માનસિક શ્રદ્ધા પૂરતો નથી. એ શ્રદ્ધાને પૂર્ણ અને બળવાન કરવા માટે પ્રાણમાં અને શરીરમાં પણ શ્રદ્ધા પ્રગટાવવી જોઈએ. શરીરને પોતાને પણ એક પ્રકારની દૈહિક શ્રદ્ધા પ્રાપ્ત થવી

જોઈએ. તમારા સમગ્ર આધારમાં જો તમે આ પ્રકારનું એક સર્વવ્યાપી શ્રદ્ધાબળ પ્રગટાવી શકો તો તેનો વિરોધ કરી શકે એવી કોઈ વસ્તુ નથી. પરંતુ તમારે છેક અવચેતનાના સ્તર લગી પહોંચવું જોઈએ. તમારા દેહના ઠેઠ અણુઓમાં તમારે એ શ્રદ્ધાને સ્થાપન કરવી જોઈએ. ઉદાહરણ તરીકે, આજકાલ ભૌતિક-શાસ્ત્રવેત્તાઓમાં 'મૃત્યુ જરૂરી નથી' એવું જ્ઞાન પ્રગટવા માંડયું છે. પરંતુ સમગ્ર માનવજાતિ મૃત્યુમાં દૃઢપણે માને છે. આ માન્યતાને પ્રથમ સચેતન મનોમય ભૂમિકામાંથી, ત્યાર પછી પ્રાણની ભૂમિકામાંથી અને છેવટે સ્થૂળ દેહના અવચેતન સ્તરોમાંથી દૂર કરવામાં આવે તો મૃત્યુ અનિવાર્ય નથી.'

(વાર્તાલાપ - ૫)

શ્રી માતાજી: પ્રશ્નને જોવાની આ એક નકારાત્મક રીત છે. જો તમે એમ માનો કે અમરતા શકય છે તો એ એક વધુ સક્રિય રીત કહેવાય; અને જો એમ માનો કે તે શકય છે એટલું જ નહિ પણ ભવિષ્યમાં સિદ્ધ થનાર પણ છે તો પછી એનો વિરોધ કરવો અશકય બનશે.

(શ્રી માતાજી આગળ વાંચે છે:)

...'વ્યકિતરૂપે રચાયેલી ચેતનાને સ્થિર આધાર મળે એટલા માટે જ કોઈ નિશ્ચિતરૂપની (આકારની) આવશ્યકતા હતી; અને છતાં રૂપના એ નિશ્ચિત ઘાટને કારણે જ મૃત્યુ અનિવાર્ય બન્યું.'

(વાર્તાલાપ - ૫)

શ્રી માતાજી: વ્યકિત શાની બનેલી છે તે મને કોઈ કહેશો? એવી કયી વસ્તુ છે જેને લઈને તમે પોતાનું અસ્તિત્વ ધરાવતી એક વ્યકિત છો તેવું લાગે છે?

બાળક: દેકાર્તની માફક આપણે કહી શકીએ કે, "હું માનું છું કે 'હું, છું' માટે મારું અસ્તિત્વ છે."

શ્રી માતાજી: ના, ના, એથી એ સાબિત નથી થતું કે તમે વ્યકિતરૂપ બનેલા છો.

કયીં વસ્તુને કારણે તમને એમ લાગે છે કે તમે એક વ્યકિત છો?...

તમે જ્યારે દસ વર્ષના હતા ત્યારે, તમે જન્મ્યા ત્યારે જેવા હતા તેથી જુદા હતા; અને અત્યારે તમે, દસ વર્ષના હતા ત્યારે જેવા હતા તેથી જુદા છો, નહિ? તમારું સ્વરૂપ અમુક મર્યાદાઓમાં વિકસે છે અને એમાં એક રીતનું સરખાપણું હોય છે

અને છતાં તમારું સ્વરૂપ તમે જન્મ્યા ત્યારે જેવું હતું તેથી જુદું હોય છે; લગભગ તમે એમ કહી શકો કે 'એ હું ન હતો'. આ વસ્તુ શરીરને માટે છે. હવે આંતર ચેતનાની વાત લો - તમે પાંચ વર્ષના હતા ત્યારની, અને અત્યારની; કોઈ એમ નહિ કહી શકે કે આ એની એ જ વ્યકિત છે. અને તમે પાંચ વર્ષના હતા ત્યારના વિચારો અને અત્યારના વિચારો?—બધું જ જુદું છે. આ સર્વ હોવા છતાં એવી કયી વસ્તુ છે જેને લઈને તમને એમ લાગે છે કે જે વિચાર કરે છે તે **એની એ જ વ્યકિત છે** ?

પોતાને રસ્તે વહેતી જતી એક નદીનો દાખલો લઈએ; એમાં એનું એ જ પાણી વહેતું હોય એમ કદી પણ નથી હોતું. ત્યારે નદી શું છે? એમાં એક ટીપું પણ એવું નથી હોતું કે જે એનું એ હોય, એમાં કોઈ સ્થિરતા નથી હોતી, ત્યારે નદી ક્યાં છે? (કેટલાક આ દાખલાનો ઉપયોગ એ વસ્તુ સાબિત કરવા કરે છે કે વ્યકિતત્વ જેવું કાંઈ છે જ નહિ. વ્યકિતત્વ નથી એવું સાબિત કરવા એ ઘણા આતુર હોય છે!) જીવોને માટે પણ એમ જ છે; ચેતના બદલાય છે, વિચારો બદલાય છે, સંવેદનો બદલાય છે, ત્યારે જીવ શું છે? કેટલાક કહે છે કે વ્યકિતપણાનો આધાર સ્મરણશકિત ઉપર છે - યાદદાસ્ત ઉપર; તમને યાદ રહે છે માટે તમે, તમે એક વ્યકિતરૂપ જીવ છો; એ તદ્દન ખોટું છે, કારણ કે તમારામાં યાદદાસ્ત ન હોત તો પણ તમે વ્યકિતરૂપ જીવ હોત.

બાળક: નદીનું પાત્ર એ જ નદી છે.

શ્રી માતાજી: પાત્ર નદીનો આધાર છે, પણ પાત્ર પણ ઘણું ઘણું બદલાય છે, અને એનો અર્થ એ થાય છે કે બધી વસ્તુઓ અસ્થાયી છે, ચલાયમાન છે, અને એ સાચું છે. પરંતુ એ સત્યનો અંશ માત્ર છે, પૂરેપૂરું સત્ય નથી. તમને સારી રીતે અનુભવ થાય છે કે તમારી અંદર કોઈ વસ્તુ **સ્થાયી** છે, નહિ? પણ આ સ્થાયિત્વનું 'ભાન' ક્યાં રહે છે?

બાળક: જો મારે એને ભૌતિક રીતે નક્કી કરવું હોય તો હું કહી શકું કે એ છાતીમાં કોઈક સ્થળે છે. જ્યારે હું કહું છું કે, 'હું' અમુક વસ્તુ કરવાનો છું, ત્યારે એમાં સાચો 'હું' બોલતો નથી. સાચો 'હું' વિચારની ક્રિયાને નિહાળે છે, એ વિચારોના આગમનને જુએ છે. કુદરતી રીતે આ પણ એક કહેવાની રીત છે.

શ્રી માતાજી: જ્યારે મોટા ભાગના લોકો 'હું' કહીને વાત કરે છે ત્યારે એ તેમનો એક અંશ હોય છે, એમની લાગણીનો, એમના શરીરનો, એમના વિચારોનો, એક

તટસ્થ અંશ બોલતો હોય છે; અને એ એક એવી વસ્તુ છે જે હમેશાં બદલાતી રહે છે. એટલે એમનો 'હું' બહુસંખ્યક છે અથવા એ 'હું' બદલાતા રહે છે. ભીતરમાં સ્થાયીપણે કયી વસ્તુ રહેલી હોય છે? ...એ તો દેખીતું છે કે એ ચૈત્યપુરુષ છે; કારણ કે સ્થાયી હોવાને માટે વસ્તુ અમર હોય એ જરૂરી છે, નહિ તો એ સ્થાયી ન હોઈ શકે. વળી એ જે અનુભવોમાંથી પસાર થતો હોય તેમનાથી સ્વતંત્ર હોવો જોઈએ. એ અનુભવ-રૂપી ન હોઈ શકે, એટલે એ ચોક્કસ છે કે નદીનું પાત્ર એ નદી નથી; પાત્ર તો એક પરિસ્થિતિ છે અને જો સરખામણી સહેજ આગળ લઈ જઈએ (આમ તો બધી સરખામણીઓ પણ નકામી છે; લોકોને જે જોઈતું હોય તે તેમાંથી મળી રહે છે) તો એમ કહી શકાય કે નદી એ જીવનનું એક સારું પ્રતીક છે; નદીમાં જે સ્થાયી વસ્તુ તે પદાર્થ 'પાણી' છે.એમાં એનું એ ટીપું હમેશાં હોતું નથી, પણ પાણી હમેશાં હોય છે. પાણી વિના નદી હોત નહિ. માનવ જીવમાં જે વસ્તુ સ્થાયી રહે છે તે માનવ-જાતની ચેતના છે. એનામાં ચેતના છે માટે તે ટકી રહે છે. રૂપો ટકતાં નથી, ટકે છે ચેતના; બધાં રૂપોને સાથે બાંધી રાખનારી, આ બધી વસ્તુઓમાં થઈ પસાર થનારી, કેવળ એમની યાદદાસ્ત રાખી ને નહિ, (યાદદાસ્ત તો એક તદ્દન બાહ્ય વસ્તુ છે) પણ ચેતનાનું એનું એજ આંદોલન જાળવી રાખીને.

સર્જનનું આ એક મહાન રહસ્ય છે, કારણ કે એ એજ ચેતના છે, ચેતના એક જ છે. પરંતુ જે ક્ષણે આ ચેતના પોતાને અભિવ્યકત કરે છે, બહિર્ગામી કરે છે, વિસ્તૃત કરે છે, કે તરત એ પોતાને અગણિત ખંડોમાં વિભકત કરે છે અને આમાંનો દરેક ટૂકડો વ્યકિતગત જીવનું આરંભ અને ઉદ્‌ગમ સ્થાન હોય છે. દરેક વ્યકિતગત રૂપનું મૂળ એ તેના સ્વરૂપનો નિયમ અને સત્ય હોય છે. જો કોઈ નિયમ ન હોત, દરેક સ્વરૂપનું પોતાનું સત્ય ન હોત, તો વ્યકિતરૂપ ઉત્પન્ન થવાની શક્યતા જ ન હોત. તો પછી એ કોઈ વસ્તુ અનિશ્ચિતરૂપે વિસ્તાર પામતી જતી વસ્તુ હોય તેના જેવું હોત. એમાં કદાચ કેન્દ્રીભૂત થવાનાં, એકત્રિત થવાનાં બિંદુઓ હોત, પણ વૈયકિતક ચેતના ન હોત. એટલે દરેક રૂપ, એકમેવનું 'બહુ'માં પરિવર્તન થવાની ક્રિયામાં રહેલા એવા એક તત્ત્વનું પ્રતિનિધિ છે. આ બહુત્વમાં અગણિત સંખ્યાના નિયમો, ચેતનાનાં તત્ત્વો હોય છે,જે સત્યોનાં પ્રતિનિધિ હોય છે. આ બહુત્વમાં અગણિત સંખ્યાના નિયમો, ચેતનાનાં તત્ત્વો, જે સત્યો વિશ્વમાં ફેલાઈ જતાં હોય છે, અને છેવટે જુદી જુદી વ્યકિતઓ બને છે તે અંતર્હિત રહેલા હોય છે. એટલે વ્યકિતરૂપ થવાની આવશ્યકતાને કારણે જ દરેક વ્યકિત તેના મૂળથી વધુ ને વધુ દૂર જતી જણાય છે. પરંતુ એક વાર આ વ્યકિતતા, એટલે કે, અંતરમાં રહેલા સત્ય વિષે સભાનતા પૂર્ણ બને છે, ત્યારે એક આંતરિક તાદાત્મ્ય વડે, વિવિધતામાં રહેલી મૂળ એકતા પુનસ્થાપિત થઈ શકે છે; આપણે જોઈએ છીએ તેવા વિશ્વના

અસ્તિત્ત્વનું કારણ એ જ છે. આ ઘટના બને એટલા માટે જ વિશ્વનું સર્જન કરવામાં આવેલું છે. પરમાત્માએ પોતાની જાતને, પોતાના આગળ અભિવ્યકત કરી છે તે એટલા માટે કે પોતે પોતાના વિષે સભાન બને.

ગમે તેમ તોય, આ વિશ્વસર્જનનો હેતુ તો એ જ છે. આપણે આપણા વિશ્વથી સંતુષ્ટ રહીએ, પૃથ્વી ઉપરના આપણા જીવનનો સારામાં સારો ઉપયોગ કરીએ, બાકીનું બીજું બધું એના સમયે બની આવશે.

ધ્યાન રાખજો, મેં જાણી જોઈને, વ્યકિતતાની લાગણીના કારણ રૂપે અહંને જણાવ્યો નથી. કારણ કે અહં એ એક અસત્ય અને મિથ્યા વસ્તુ હોઈ, વ્યકિતતાની લાગણી જાતે જ અસત્ય અને ભ્રાંતિપૂર્ણ (જેમ બુદ્ધ અને શંકર કહે છે તેમ) હોત, જ્યારે વ્યકિતતાનું આદિસ્થાન તો પરમાત્મા પોતે છે. અહં તો એક કામચલાઉ વિકૃતિ છે, અમુક ક્ષણ માટે જરૂરી, જે તેની ઉપયોગિતા થઈ રહેશે ત્યારે અદૃશ્ય થઈ જશે, ત્યારે ઋત-ચેતના સ્થાપિત થઈ હશે.

૫ માર્ચ, ૧૯૫૧

શ્રી માતાજી 'વાર્તાલાપો'માંથી
કુદરતી આફતો વિષે
એક ફ્રેંચ વાંચે છે અને પછી પૂછે છે:

'દુર્ઘટનાઓ બનવાનું શું કારણ હશે?'

બાળક: કારણ કે એક ઊર્ધ્વ ચેતના પોતાની જાતને જગતમાં અભિવ્યકત કરવા ઈચ્છે છે અને માનવી અને પ્રકૃતિ તેમાં અવરોધ નાંખે છે.

શ્રી માતાજી: એ અંશત: સત્ય છે. પણ હું નથી ધારતી કે કુદરતની લાગણી એ પ્રકારની હોય. દાખલા તરીકે, કોઈ ઠેકાણે ધરતીકંપ થાય અથવા કોઈ જ્વાળામુખી ફાટી નીકળે અને ત્યાં પાસે માણસોની વસ્તી હોય અને આ ઘટનાને કારણે તેમનાં મરણ નીપજે તો દેખીતી રીતે એ માણસોને માટે એ એક હોનારત હોય, પણ આપણે એમ પણ વિચારી શકીએ કે કુદરતને માટે એ સરસ મજાક હોય! આપણે એમ કહીએ છીએ કે, કેવો ભયંકર પવન ફૂંકાય છે! ત્યારે સ્વાભાવિક રીતે, માણસને માટે એ 'ભયંકર' હોય છે પણ કુદરતને માટે નહિ. એમાં પ્રશ્ન પ્રમાણનો છે; નહિ? એમાં પોતાની જાતની અભિવ્યકત કરવા માગતી ઊર્ધ્વ શકિત અને તેની સામે વિરોધ કરતી પ્રકૃતિને ચિત્રમાં લાવવાની જરૂર છે કે કેમ તે હું નથી જાણતી, એ શકય છે, પણ અનિવાર્ય નથી. એ વસ્તુ તદ્દન સહેલાઈથી સમજાય તેવી છે કે આ પ્રકારની

ઘટનાઓ કેવળ પ્રકૃતિની મહાબલી શકિતઓ સાથેની રમત હોય છે અને તેને માટે તો એ વસ્તુ એક મનફેર હોય છે, ગમે તેમ તોય એમાં કોઈ હોનાહાની જેવું નથી હોતું. કારણ કે કુદરતની ચેતના માટે અથવા તો ભૌતિક ચેતના માટે, ભૌતિક કલેવરો અને પૃથ્વી ઉપરની માનવજાત કેવળ કીડીઓ જેવાં હોય છે! તમે પોતે પણ જ્યારે ચાલતા હો છો ત્યારે કીડીઓ ચગદાઈ ન જાય તે માટે રસ્તો છોડી ચાલતા નથી, સિવાય કે તમે ચૂસ્ત 'અહિંસક' વ્યકિત હો! તમે ચાલો છો, અને એમ કરવામાં તમારાથી સો-બસો કીડીઓ ચગદાઈ જાય તો એનો ઉપાય નથી! ત્યારે, પ્રકૃતિને માટે પણ એવું જ છે. એ આગળ ગતિ કર્યે જાય છે અને તેની કૂચના માર્ગમાં એનાથી કેટલાક હજાર માણસોનો સંહાર થઈ જાય તો તેને માટે એની અગત્ય નથી હોતી, એ ફરીથી થોડાક લાખ માણસો બનાવી શકે છે! એમાં એને કોઈ મુશ્કેલી પડતી નથી. આ ઉપરથી હું જ્યારે સત્તાર અઢાર વર્ષની હતી ત્યારે પેરીસમાં બનેલી એક ઘટના મને યાદ આવે છે. ત્યાં એક 'ચૅરિટિ બજાર' ભરવામાં આવેલું હતું. એ ચૅરિટિ બજારમાં આખી દુનિયામાંથી અનેક પ્રકારની વસ્તુઓ વેચવા અને ખરીદવા માટે આવતી, અને વેચાણ ઉપરનો નફો સખાવતનાં કામો માટે વાપરવા કાઢવાનો હતો (એનો હેતુ તો સત્કર્મ કરવા કરતાં આનંદ-પ્રમોદ કરવાનો વધુ હતો, છતાં, એમનાથી સખાવતનાં કામોને લાભ તો મળતો જ હતો.) સમાજના ઉચ્ચ વર્ગના બધા શિષ્ટ અને સંસ્કારી લોકો ત્યાં એકઠા થયેલાં હતાં. હવે, એ બજાર હતું તો ઘણું સુંદર પણ તેની બાંધણી મજબુત ન હતી, કારણ કે એ ત્રણ ચાર દિવસ જ ચાલવાનું હતું. એનું છાપરૂં રંગેલી તાડપત્રીનું બનાવી લટકાવવામાં આવેલું હતું. બધી વસ્તુઓ વીજળીના દીવાઓથી પ્રકાશિત કરેલી હતી; આખું કામ ઓછાવત્તા અંશે સુઘડ રીતે કરેલું હતું-પણ કુદરતી રીતે એ વિચાર સાથે કે એ થોડા દિવસ માટે હતું. ત્યાં પછી વીજળીના પ્રવાહના ખામીભર્યા જોડાણને કારણે આગ લાગી, બધું ભડકે બળવા માંડ્યું; છાપરાને આગ લાગી અને તે અચાનક તૂટીને માણસો ઉપર પડ્યું. મેં તમને જેમ કહ્યું તેમ, સમાજના ઉચ્ચ વર્ગના લોકો ત્યાં હતા. એમને માટે, માનવ દષ્ટિબિંદુથી જોતાં એ એક ભયંકર હોનારત હતી. ત્યાં પ્રવેશ દ્વાર પાસેના લોકોએ નાસી છૂટવા પ્રયત્ન કરવા માંડ્યો; બીજા લોકો સળગતે લૂગડે દોડીને બારણાને પહોંચી, બહાર નાસવા પ્રયત્ન કરવા માંડ્યા. ત્યાં એક ભારે ધમાચકડી મચી ગઈ! એ બધા સંસ્કારી શિષ્ટ વર્ગના લોકો કે જે સામાન્ય રીતે ખૂબ સુંદર રીતભાતવાળા હતા તે રસ્તાના રખડેલાની જેમ અંદર અંદર ઝઘડવા લાગ્યા, એમાં એક કોઈ ઠેકાણાના ઠાકોર હતા, એક જાહેર જીવનમાં ખૂબ જાણીતા સદ્‌ગૃહસ્થ હતા, એક કવિ હતા, અને એક સંપૂર્ણપણે શિષ્ટતાવાળા સદ્‌ગૃહસ્થ તો ઝબકીને નાસતાં તેમના હાથમાંથી ચાંદીની મૂઠવાળી લાકડી વડે સ્ત્રીઓનાં માથાં ઉપર પ્રહાર કરતા અને તેમની આગળ જવા પ્રયત્ન કરતા

જણાયા હતા. દેખાવ ખરેખર સુંદર થઈ રહ્યો હતો, એક સરસ સંસ્કારી વસ્તુ! અને પછી સમાજમાં શોક પ્રદર્શિત કરવાના પ્રસંગો, મોટી મરણોત્તર ક્રિયાઓ, અને મોટાઈની વાતો...હવે એક ડોમિનિકન કે જે એક વિખ્યાત વકતા હતા તેમને આગમાં સળગી મરેલી એક કમનસીબ વ્યકિતની કબર પાસે ભાષણ કરવા કહેવામાં આવ્યું. એણે કંઈક આવી મતલબનું કહેલું: 'તમે બરાબર એ દાવના જ છો. તમે ભગવાનના નિયમ પ્રમાણે જીવન જીવતા ન હતા અને તેણે તમને સળગાવી મૂકીને શિક્ષા કરી છે.'

અને જ્યારે જ્યારે કોઈ હોનારત બનતી ત્યારે એ, આની આજ વાત કહેતો. સ્વાભાવિક રીતે એની સામે ઘણા માણસો વાંધો લેતા અને કહેતા 'આવો ઈશ્વર અમારે જોઈતો નથી.' પણ આવા વિચારો તો સામાન્ય માનવ જાતની વિશિષ્ટ પ્રકારની ખાસિયત છે.

'પાપી માનવજાત' એ કેવળ ખ્રિસ્તી ધર્મનો વિચાર છે અને તે આપણે ભગવાનને જે રીતના માનીએ છીએ તેથી ઊલટો છે - જે ભગવાન ગરીબ લોકોને તેઓ તેમના કમનસીબે 'આ-જન્મ પાપી' હોવાને કારણે દંડતો હોય તે બહુ ઉદાર સ્વભાવવાળો તો ન હોય! છતાં.....

(શ્રી માતાજી વાચન ચાલુ રાખે છે:)

> 'વસ્તુઓનાં રહસ્ય છતાં કરવામાં તત્ત્વજ્ઞાન નિષ્ફળ ગયેલ છે, કારણ કે એણે આખા વિશ્વને માનવ મનનાં ચોકઠામાં બંધ બેસાડવા પ્રયત્ન કરેલો છે.'

('માતાજીની વાણી': વાર્તાલાપ - ૫)

શ્રી માતાજી: 'વિશ્વને માનવ મનનાં ચોકઠામાં બંધ બેસતું કરવું.' બરાબર એ રીતે જ દરેક વ્યકિત કરે છે. અને એ લોકો આખા વિશ્વનો ન્યાય કરવા બેસે છે એટલું નહિ પણ જે દિવ્ય નિયમો તેણે બનાવેલું છે તેનો ન્યાય તોલવા પણ બેસી જાય છે અને એમ માને છે કે તેઓ કંઈક જાણે છે.

બાળક: 'સ્વાતંત્ર્ય'નો અર્થ સર્વ પ્રકારની આસકિતઓમાંથી મુકિત એવો થાય ખરો?

શ્રી માતાજી: એમાં કેવળ તમામ આસકિતઓમાંથી મુકિત એટલું જ નહિ, પણ કાર્ય-કારણના નિયમના બંધનમાંથી મુકિત હોય છે. પાર્થિવ જગતમાં કર્મના, કાર્ય-કારણના નિયમથી એક પ્રકારની નિયતિ આવી રહેલી છે; આથી આંતરિક મુકિત તમને કેવળ

આસક્તિઓમાંથી નહિ પણ તમામ કાર્ય પરિણામોમાંથી મુક્તિ આપે છે. મેં તમને ઘણી વાર કહ્યું છે તેમ, આંતરિક મુક્તિને પરિણામે તમામ ચેતના, પાર્થિવ જગતને ચલાવી રહેલી ચેતનાના સ્તરથી ઘણે ઊંચે જાય છે, અને એ ઉચ્ચ ભૂમિકા ઉપરથી શક્તિઓ ઊતરીને ભૌતિક કાર્ય પરિણામોને રદ કરી શકે છે.

બાળક: ઉપરની ચેતનામાં આપણે કોઈ સત્યને પામીએ પણ મન તે સામે પ્રતિકાર કરતું હોય તો આપણે આ નૂતન સત્યનો સ્વીકાર કરવા મન ઉપર દબાણ કરવું જોઈએ કે નહિ?

શ્રી માતાજી: તમે તેના ઉપર દબાણ કરવામાં સફળ થાઓ તો તો સારું. પણ એ એટલું સહેલું નથી. એમ બનવા માટે મન ઉપર કેવળ દબાણ કરવાનો નિશ્ચય કરવો એટલું પૂરતું નથી! એ બળવો કરે છે. અને બળવો કરવામાં એ એકલું નથી હોતું. પછી એ બળવાખોર મનને તમે શું કરશો? એને જે કરવું હોય તે કરવા છૂટું મૂકી દેશો? એને સાહજિક રીતે શમી જવા દેશો? એ કંઈ બહુ સારી પદ્ધતિ નથી લાગતી!

બધામાં એની ક્રિયા એક સરખી નથી હોતી. કેટલાક માણસોના મનમાં પ્રકાશ હોય છે (અથવા એ તેમનામાં છે એમ તેઓ માનતા હોય છે!) એ લોકો બધી વસ્તુઓ જાણતા હોય છે, દુનિયાએ અને લોકોએ કેમ વર્તવું જોઈએ તેનું તેમને જ્ઞાન હોય છે, અને પાછું તેમને ખાતરી હોય છે કે તેઓ ખૂબ આગળ વધેલા છે; પણ જ્યારે તેઓ આચરણ કરવા બેસે છે, ત્યારે તેઓ રસ્તામાં રખડતા બાળક કરતાં પણ વધુ મૂર્ખ નીવડે છે, આમ કેમ? કારણ કે વસ્તુઓનું નિર્માણ મન નથી કરતું. અને મને તેમના વિષે નિર્ણય કરેલો હોય તો પણ તેમનું ઘડતર તેણે કરેલું નથી. જેણે વસ્તુઓનું નિર્માણ કરેલું છે તે વસ્તુ મનની સત્તાનો લેશ માત્ર સ્વીકાર કરતી નથી, ઊલટું એને કહે છે: 'મારું નામ ના દઈશ, મને એકલી છોડી દે! હું મારી પોતાની પ્રેરણા પ્રમાણે કાર્ય કરું છું!' તો તમે શું કરશો? તમારા મનને પાઠ શીખવવા પ્રયત્ન કરશો? તમે એવો પ્રયત્ન તો હમેશાં કરી શકો છો, પણ તમે સફળ થશો તેની ખાતરી નથી. એ કોઈ સહેલો પ્રશ્ન નથી. ...માનવસ્વભાવ ઘણો અસ્થિર હોય છે: એ એક રીતનો વિચાર કરે છે; એને એક રીતની લાગણી થાય છે, અને એમને એમ બધું; પણ કશું લાંબો સમય ટકતું નથી - સારું પણ નહિ અને ખોટું પણ નહિ; જો કે સારા કરતાં ખોટું સહેજ લાંબું ચાલે છે! પણ આમ છતાં, એ અનિશ્ચિત કાળ સુધી ચાલતું નથી. એટલે, તમારામાં રાહ જોવા જેટલી ધીરજ હોય તો એમાં જરૂર ફેરફાર થશે!

બાળક : પણ બધું પાછું આવે છે!

શ્રી માતાજી : હા. ચોક્કસ, કારણ કે આ રીતે કોઈ વસ્તુમાં ફેરફાર નથી થતો, એમાં ફક્ત વસ્તુઓનો ધ્વનિ જ બદલાય છે. એ પેલાં રંગ-ચક્રો જેવું છે; એક વખતે તમને એક રંગ દેખાય છે તો અન્ય સમયે બીજો, અને જો ઠીક ઠીક સમય રાહ જુઓ તો તમને લાલ, ભૂરો, સફેદ, લાલ, ભૂરો, સફેદ ... રંગો અનિશ્ચિત કાળ સુધી દેખાયા કરશે. કેટલાક લોકો પાસે તેમની એક ખાસ માનીતી માન્યતા હોય છે, મેં એ ઘણીવાર સાંભળેલી છે. એ લોકો એમ કહે છે કે પ્રાણ ઉપર અંકુશ રાખવો નહિ, એને જે કરવું હોય તે બધું કરવા દેવું, એ એની મેળે-થાકી જશે- સારો થઈ જશે! આ તો મૂર્ખાઈની હદ કહેવાય! પહેલું તો એ કે, પ્રાણ તેના સ્વભાવે કરીને સંતુષ્ટ રહેતો નથી, અને જો કોઈ એક પ્રકારની પ્રવૃત્તિ તેને કોઠે પડી જાય છે તો એ એની માત્રા બેવડાવે છે: જો એની મૂર્ખાઈઓ તેને કંટાળો પેદા કરે છે તો એ એની મૂર્ખાઈઓ અને અતિચારોમાં વધારો કરે છે, અને એનાથી એ થાકી જાય છે તો જેવો એનો થાક ઉતરે કે તરત જ એ ફરીથી એવી પ્રવૃત્તિ શરૂ કરે છે; કારણ કે એનામાં કશો ફેર પડ્યો નથી હોતો. બીજા કેટલાક લોકો એમ કહે છે કે તમે જો તમારા પ્રાણ ઉપર ચડી બેસશો તો એ દબાઈ જશે અને પછી એક દિવસ એ વરાળની ધારાની માફક ફૂટી નીકળશે...અને આ સાચી વાત છે. એટલે પ્રાણને દબાવી દેવાથી પ્રશ્નનો ઉકેલ આવતો નથી પણ એને ગમે તે કરવા દેવું એ પણ પ્રશ્નનો ઉકેલ નથી, અને એમાંથી તો સામાન્ય રીતે ઠીક ઠીક ગંભીર પ્રકારની ગેરવ્યવસ્થા સર્જાય છે. એનો ઉકેલ કોઈ ત્રીજા પ્રકારનો હોવો જોઈએ.

બાળક : ઉપરની જ્યોતિ આવીને તેને શુદ્ધ કરે તેવી અભીપ્સા કરવી?

શ્રી માતાજી : દેખીતી રીતે એમ જ, પણ છતાં પ્રશ્ન તો ઊભો રહે છે. તમે તમારામાં ફેરફાર થાય તે માટે અભીપ્સા કરો, કદાચ અમુક ચોક્કસ પ્રકારના ફેરફાર માટે અભીપ્સા કરો, પણ તમારી અભીપ્સાનો પ્રત્યુત્તર તાત્કાલિક નહિ આવે અને તે દરમિયાન તમારી પ્રકૃતિ વિરોધ કરશે. વસ્તુઓ આમ બને છે; કોઈ એક ક્ષણે તમારી પ્રકૃતિએ તમને નમતું આપ્યું હોય તેમ લાગે છે અને તમે ધારો છો કે તમારે જોઈતું પરિણામ મળી ગયું છે. પણ પેલો બીજો ભાગ, જે ખૂબ લૂચ્ચો છે અને શાંતિથી ખૂણામાં રાહ જોતો હોય છે તે તમે જ્યારે અસાવધ હો છો ત્યારે પેટીમાં પૂરેલા ગધેડાની માફક ઉછળીને તમારા ઉપર તૂટી પડે છે અને પછી તમારે બધું એકડે એકથી શરુ કરવાનું રહે છે.

બાળક : પણ જો આપણે વસ્તુને જડમૂળમાંથી ઉખેડી નાખી શકીએ તો ?

શ્રી માતાજી : આહ્! તમારે એની એટલી બધી ખાતરી ન રાખવી. હું એવા કેટલાક લોકોને જાણું છું કે જેઓ જગતનો ઉદ્ધાર એ પ્રકારે કરવા માગતા હતા કે ઓછું કરતાં કરતાં જગતનું અસ્તિત્વ જ ન રહે! એ ત્યાગીઓનો માર્ગ છે - એમાં તમે પ્રશ્ન ઊભો થવાની શકયતાને જ દૂર કરીને તમે પ્રશ્નને હલ કરવા માગો છો - પરંતુ આ રીતે તો કોઈ વસ્તુમાં કયારેય કશો ફેરફાર નહિ થાય.

ના, એક એવી પદ્ધતિ છે - ખાતરી લાયક પદ્ધતિ - પરંતુ તમારી એ પદ્ધતિ ખૂબ સ્પષ્ટ દૃષ્ટિવાળી હોવી જોઈએ, અને એમાં તમારી જાત, તેમાં શું શું ચાલી રહ્યું છે અને વસ્તુઓ કયી રીતે બને તે બધા વિષે તમારામાં સંપૂર્ણપણે સભાન એવી ચેતના હોવી જોઈએ. આપણે કોઈ વારંવાર ક્રોધ અને હિંસાના ઉછાળાને વશ થતી વ્યકિતનો દાખલો લઈએ. એક પદ્ધતિ પ્રમાણે તેને કહેવામાં આવશે કે, 'તમારાથી થવાય તેટલા ગુસ્સે થાઓ. તમારે તમારા ગુસ્સાનાં પરિણામો ભોગવવાં પડશે, અને એથી તમારામાં સુધારો થશે.' - આ વસ્તુ ચર્ચાસ્પદ છે. બીજી પદ્ધતિ પ્રમાણે એને એમ કહેવામાં આવશે, 'તમારા ગુસ્સા ઉપર ચડી બેસીને દબાવી દો અને એ અદૃશ્ય થઈ જશે.' - આ વસ્તુ પણ ચર્ચાસ્પદ છે. ગમે તેમ તોય તમારે હમેશાં એની ઉપર પલાંઠી વાળીને બેસી રહેવું પડશે, કારણ કે જો તમે એક મિનિટ માટે પણ ઊભા થયા તો પછી તરત જ જોશો કે શું બને છે! તો પછી શું કરવું ?

તમારે વધુને વધુ સભાન થવાનું છે. તમારે વસ્તુઓ કયી રીતે બને છે તેનું નિરીક્ષણ કરવું જોઈએ. જે રસ્તેથી ભય આવી પડતો હોય ત્યાં તે આવીને તમારો કાબૂ લઈ લે, તે પહેલાં વચમાં જઈ ખડા રહેવું જોઈએ. જો તમારે તમારી જાતમાંથી કોઈ ખામી કે મુશ્કેલી સુધારવી હોય તો એક જ રીત છે: પૂર્ણપણે જાગૃત રહેવું, એક ખૂબ સાવધ અને જાગૃત ચેતના ધારણ કરવી. પહેલાં તમારે જે વસ્તુ કરવી હોય તેને ખૂબ સ્પષ્ટપણે જોઈ લેવી. તમારે ખચકાટ અનુભવીને કે કુશંકાપૂર્ણ થઈને એમ ન વિચારવું જોઈએ, 'આમ કરવું સારૂં કે નહિ, આ વસ્તુ સમન્વયમાં આવવી જોઈએ કે નહિ?' તમે જોશો કે તમે તમારા મન ઉપર ભરોસો રાખશો તો તે હમેશાં આઘું પાછું થયા કરશે; એ હમેશાં લોલકની ગતિમાં હોય છે. જો તમે કોઈ નિર્ણય લીધો હશે તો મન તમારી સમક્ષ તમે લીધેલો નિર્ણય સારો નથી એમ બતાવી આપવા માટે ઘણી બધી દલીલો ઊભી કરશે અને તમે 'હા' અને 'ના', કાળા અને ધોળા વચ્ચે અથડાયા કરશો અને એમ તો તમે ક્યાંય નહિ પહોંચો. આથી, પ્રથમ તો તમારે

શું જોઈએ છે તે ચોક્કસપણે જાણવું જોઈએ - જાણવું એટલે મનથી નહિ, પણ એકાગ્રતા દ્વારા, અભીપ્સા દ્વારા અને સચેતન સંકલ્પ દ્વારા જાણવું. આ એક અગત્યનો મુદ્દો છે. પછી ધીમે ધીમે, નિરીક્ષણ કરીને, એક સતત આત્મજાગ્રતિની તમારે તમારી એક આગવી પદ્ધતિ નીપજાવવી જોઈએ; બીજાઓ તમારી જ પદ્ધતિ અપનાવે તેવું તેમને ઠસાવવાનો પ્રયત્ન વ્યર્થ છે, કારણ કે એ સફળ નહિ થાય, દરેકે પોતાની આગવી પદ્ધતિ શોધી કાઢવાની છે. દરેકને પોતાની આગવી પદ્ધતિ જોઈએ, અને જેટલા પ્રમાણમાં તમે તમારી પદ્ધતિ અમલમાં મૂકતા જશો તેટલા પ્રમાણમાં તે વધુને વધુ સ્પષ્ટ થતી જશે અને વધુને વધુ ચોક્સાઈથી થશે. તમે તમારી પદ્ધતિની અમુક બાબતમાં સુધારો કરી શકશો, બીજી બાબત વધુ સ્પષ્ટ કરી શકશો, અને એમને એમ આગળ, એટલે આમ તેમ કામ શરૂ કરો છો ...થોડો વખત બધું બરાબર ચાલશે. પછી એક દિવસ તમારી સમક્ષ એક, પાર ન જઈ શકાય તેવી મુશ્કેલી ખડી થયેલી જોશો. અને તમે તમારી જાતને કહેશો, 'મેં આ બધું કર્યું અને અહિં તો પહેલાં જેવું જ બધું ખરાબ છે!' પછી, આવા પ્રસંગે, તમારે એક વધુ સાતત્યવાળી એકાગ્રતા કરીને તમારી ભીતરમાં એક અંતરદ્વારને ઉઘાડવું અને એ ઉઘાડવાની ક્રિયામાં પ્રથમ ન હોય તેવી એક શકિત ગતિમાન કરવી, એક એવી ચેતના મૂકવી કે જે પ્રથમ ત્યાં ન હોય અને પછી ત્યાં, ત્યાં એક એવી શકિત હશે જ્યાં તમારી અંગત શકિત વિરમી જશે અને પહેલાંની જેમ અસરકારક નહિ રહે. જ્યારે વ્યકિતગત મન ખલાસ થઈ જાય છે ત્યારે સામાન્ય લોકો કહે છે 'સારું થયું, હવે મારાથી કંઈ થઈ શકે તેમ નથી, પતી ગયું.' પરંતુ હું તમને કહું છું કે જ્યારે તમે તમારી જાતને આ દિવાલ સમક્ષ જુઓ છો ત્યારે કોઈ નવી વસ્તુની શરૂઆત થતી હોય છે. એક હઠાગ્રહી એકાગ્રતા વડે તમારે આ દીવાલ ઓળંગી જવી જોઈએ અને ત્યાં તમને એક નવું જ્ઞાન, એક નવી શકિત, એક નવું બળ, એક નવી સહાય મળશે અને તમે એક, નવું એવું તંત્ર, એવી નવી પદ્ધતિ ઉપજાવી કાઢી શકશો કે જેનાથી તમે ઘણે દૂર સુધી આગળ વધી શકશો.

આ બધું હું તમને નિરુત્સાહી કરવા કહેતી નથી. ફકત વસ્તુઓ એ પ્રમાણે જ બને છે અને એમ બને ત્યારે હતોત્સાહ થવું એ ખરાબમાં ખરાબ છે. તમારે તમારી જાતને કહેવું જોઈએ, 'મારી પાસે ઊપલબ્ધ પ્રવાસના સાધનો વડે હું અમુક સ્થળ સુધી પહોંચ્યો છું. પણ એ સાધનો વડે હું, હવે આગળ જઈ શકું તેમ નથી. મારે શું કરવું? ત્યાં બેસી પડીને હાલવું ચાલવું નહિ? ના, એમ તો ન બને. મારે પ્રવાસ માટે બીજા સાધનો શોધી કાઢવાં જોઈએ.'

આવું ઘણીવાર બનશે, પણ અમુક સમય પછી તમને એની ટેવ પડી જશે. તમારે એક ક્ષણ માટે બેસી જઈ ધ્યાન કરવું અને પછી અન્ય સાધન શોધી કાઢવું.

તમારે તમારી એકાગ્રતામાં તમારી અભીપ્સામાં અને તમારા વિશ્વાસમાં વધારો કરવો જોઈએ અને નૂતન મદદ તમને આવી મળે તેના વડે એક નવી યોજના બનાવી લઈને જે સાધનો તમે પાછળ છોડી આવ્યા છો તેને બદલી લઈને તેને સ્થાને એ નવાં સાધનો મૂકવાં જોઈએ. આ રીતે તમે એક પછી એક પગથિયું કરીને પ્રગતિ કરી શકશો.

પરંતુ દરેક પગથિયે તમે જે કંઈ મેળવ્યું હોય કે શીખ્યા હો તે વસ્તુ શક્ય તેટલી પૂર્ણ રીતે લાગુ કરતા રહેવાની ખાસ કાળજી રાખવી જોઈએ. જો તમે ચેતનાની અંતઃસ્થ અવસ્થામાં બન્યા રહેશો અને તમારી આંતરિક પ્રગતિને બાહ્ય જગતમાં લાગુ નહિ કરો તો એક સમય એવો જરૂર આવશે જ્યારે તમે જરા પણ ખસી નહિ શકો, કારણ કે તમારું બાહ્ય સ્વરૂપ બદલાયેલું નહિ હોય અને તે એક બેડીની માફક તમને આગળ વધતા અટકાવતું અને પાછા પાડતું રહેશે. એટલે ખાસ અગત્યનો મુદ્દો એ છે કે (જે બધા જ કહે છે છતાં થોડાક જ કરે છે.) તમે જે જાણતા હો એનો અમલ કરવો. સફળ થવા માટે એ રીતે તમારે માટે એક સારી તક રહેશે અને ખંતપૂર્વક મંડયા રહેવાથી જરૂર તમે ત્યાં પહોંચી શકશો.

જ્યારે તમે એક દીવાલ સમક્ષ જઈ ઊભા રહો ત્યારે કદી પણ હતોત્સાહ ન થશો, કદી પણ એમ ન કહેશો કે, 'અરે, હવે હું શું કરું? આ તો ત્યાંનું ત્યાં છે.' એ રીતે તો તમારી મુશ્કેલી ત્યાંની ત્યાં, ત્યાંની ત્યાં, છેક સુધી બની રહેશે. એ તો જ્યારે તમે તમારા ધ્યેયને પહોંચશો ત્યારે જ એ બધું અચાનક ભાંગીને ભૂક્કો થઈ જશે.

૮ માર્ચ, ૧૯૫૧

(શ્રી માતાજી વાચન કરે છે:)

'પૂર્ણજ્ઞાનમાં પૂર્વ જન્મોની સ્મૃતિને જરૂર સ્થાન હોઈ શકે, પણ કાલ્પનિક તરંગોના ફુક્કા ઉડાડવાથી તે મળતું નથી; એ જ્ઞાન એક બાજુએ વસ્તુગત-બહિર્લક્ષી છે; અને બીજી બાજુએ, એ વ્યકિત ઉપર આધાર રાખતું હોઈ, આત્મલક્ષી અનુભૂતિ ઉપર પ્રતિષ્ઠિત છે. એ આત્મલક્ષી અનુભૂતિના પ્રદેશમાં કેવળ બનાવટને, સત્યની વિકૃતિને તથા અસત્યની તદ્દન ખોટી ઈમારત ચણવાને પણ ઘણું વિશાળ સ્થાન રહે છે. આવી બાબતનું સત્ય જાણવા માટે એ અનુભવ લેનારી તમારી ચેતના સ્ફટિક જેવી શુદ્ધ અને નિર્મલ તથા બુદ્ધિની યા તો પ્રાણની દખલગીરીથી મુકત હોવી જોઈએ. તમારા અંગત વિચારો અને લાગણીઓથી પણ મુકત હોય, તથા પોતાની રીતે સમજુતી આપવાની યા અર્થ ઘટાવવાની મનને પડેલ ટેવથી પણ વિમૂકત હોય એ જરૂરનું છે."

('માતાજીની વાણી' : વાર્તાલાપ-૫)

બાળક: મનના હસ્તક્ષેપથી મુકત થવા માટે શું કરવું જોઈએ?

શ્રી માતાજી: મનને મૌન ધારણ કરતાં શીખવવું જોઈએ, શાંત, એકાગ્ર રહેતાં શીખવવું જોઈએ, અને એણે ગરબડ કરવી જોઈએ નહિ. જો તમે એને સીધે

સીધું નીરવ બનાવવા પ્રયત્ન કરશો, તો એક અઘરું કાર્ય છે, લગભગ અશક્ય; કારણ કે મનનો સૌથી વધુ ભૌતિક ભાગ, એનું કાર્ય કદી પણ બંધ રાખતો નથી-એ એક રેકૉર્ડિંગ મશીનની માફક વણથંભ્યું ચાલ્યેજ જાય છે, ચાલ્યે જ જાય છે. એનામાં જે વસ્તુ રેકૉર્ડ થયેલી હોય છે એનું પુનરુચ્ચારણ કર્યે જાય છે; અને જો તેને બંધ કરવાની સ્વિચ તમારી પાસે ન હોય તો એ અનિશ્ચિત કાળ સુધી ચાલ્યે જ જાય છે, ચાલ્યે જ જાય છે. એને બદલે તમે તમારી ચેતનાને, સામાન્ય મનથી ઉપરના પ્રદેશમાં ઊઠાવી શકો તો પ્રકાશ પ્રત્યેનું એ પ્રકારનું ઉદ્‌ઘાટન મનને શાંત કરે છે. ત્યાર પછી એ હલનચલન કરતું નથી, અને એ રીતે મળેલી નીરવતા સતત બની રહે છે. એકવાર તમે આ પ્રદેશમાં પ્રવેશ કરો પછી એમાંથી પાછા ન આવો એમ પણ બને-બાહ્ય મન હમેશાં શાંત રહે છે.

ઊર્ધ્વતર પ્રકાશ માટે અભીપ્સા એ સાચો ઉકેલ છે.

બાળક : આપણી પ્રકૃતિના હઠીલા ભાગોને પોતાનું સમર્પણ કરવા કયી રીતે સમજાવવા?

શ્રી માતાજી : જેમ કોઈ અણસમજુ બાળક હોય અને તમે તેને અનેક પ્રકારે સમજાવો છો, ઉપમાઓ આપીને વિવિરણ કરીને, રુપકોનો ઉપયોગ કરીને - તે રીતે તેમને સમજાવવા પ્રયત્ન કરો. ચેતનાના બીજા ભાગો સાથે એકતા અને સંવાદની જરૂર હોવા વિષે તેમને સમજાવો. એમને એમના કાર્યો અને તેમનાં પરિણામો વિષે સમજાવો; અને સૌથી મોટી વાત એ કે, તમારે ધીરજ રાખવી, એકની એક વસ્તુ વારંવાર કહેવી પડે તો કંટાળવું નહિ.

બાળક : આ કામમાં મન મદદકર્તા થઈ શકે?

શ્રી માતાજી : હ., જો મનનો કોઈ ભાગ પૂર્ણરૂપે આલોકિત હોય, ચૈત્ય પ્રકાશ પ્રત્યે સમર્પિત હોય અને સત્ય સમજવાની શકિતવાળો હોય તો મન ખૂબ મદદકર્તા થઈ પડે છે, એ વસ્તૂઓને સાચી રીતે સમજાવી શકે છે.

બાળક : પૂર્વજન્મો માટે કોઈ સામાન્ય નિયમો, કોઈ માર્ગદર્શક રેખાઓ હોય છે કે પછી સર્વ કાંઈ શક્ય છે એવું હોય છે?

શ્રી માતાજી : વ્યકિત કયા પ્રકારની છે એના ઉપર એનો આધાર છે, એનો ચૈત્યપુરુષ કેટલા અંશે વિકસેલો છે એના ઉપર એનો આધાર છે. જો ચૈત્ય પુરુષ આગલી કક્ષાનો હોય, લગભગ પરિપક્વ હોય તો મેં પેલા દિવસે કહ્યું હતું તેમ તેની પસંદગી તદ્દન વાસ્તવિક હોય છે. અને આ પ્રકારની પસંદગી એટલે એમાં સર્વ કાંઈ શક્ય હોય

છે; પણ એ સિવાયના કિસ્સાઓમાં લગભગ આપોઆપ પુનર્જન્મ થાય છે. ચૈત્ય પુરુષની સંકલ્પશકિત વિકાસ પામેલી હોતી નથી અને એ પસંદગી કરી શકતો નથી. એટલે એમાં કોઈ નિયમો નથી હોતા. એ વસ્તુ સંજોગો ઉપર આધાર રાખે છે, ખાસ કરીને ચૈત્યપુરુષ પોતાના સ્વરૂપની રચના માટે જે માર્ગનું અનુસરણ કરનાર હોય તેના ઉપર એ આધાર રાખે છે, અને વળી તે વસ્તુ તેના મૂળ ઉપર આધાર રાખે છે. એ વસ્તુ કહેવી મુશ્કેલ છે. જાતિની બાબતમાં એમ કહી શકાય કે તે લાંબા સમય સુધી જુદા જુદા પ્રકારની હોઈ શકે. જેમ જેમ ચેતના વિકાસ પામતી જાય છે અને કાર્યની-ચેતનાની કંઈક એકતા પ્રાપ્ત કરે છે, તેમ તેમ તે અમુક માર્ગોમાંથી એકની પસંદગી કરી શકે છે, પણ આ પ્રકારની પસંદગી થાય તે પહેલાં, અગણિત જન્મોમાં તમે જુદી જુદી જાતિના હો એમ બનવું શકય છે. કદાચ એટલા માટે જ કેટલીક સ્ત્રીઓમાં પુરુષના ગુણ હોય છે, અને કેટલાક પુરુષોમાં સ્ત્રીના ગુણ હોય છે, અથવા તેમની વૃત્તિઓ તેમની જાતિથી ઊલટી જાતિની હોય છે. પરંતુ જ્યારે 'પસંદગી' કરવાનો સમય આવે ત્યારે 'સર્જક ચેતના'ના પક્ષે રહેવું કે 'અવિચલ સાક્ષી પુરુષની ચેતના'ના પક્ષે રહેવું તે નક્કી કરી શકાય છે. એ વસ્તુ પોતાના આદિ સ્રોત ઉપર આધાર રાખે છે.

બાળક : બધા ચૈત્ય પુરુષોનું ઉદ્‌ગમ સ્થાન એક જ હોય છે?

શ્રી માતાજી : એમાં વાત આમ બને છે. એ તો જાણીતું છે કે પદાર્થતત્ત્વમાં આવી રહેલ ભાગવત અસ્તિત્વ, ચૈત્ય જીવનનો આદિ સ્રોત, એકનો એક જ છે. પરંતુ ઊર્ધ્વના જગતમા એવાં સત્ત્વો હોય છે, જેમણે પૃથ્વી ઉપર કદી શરીર ધારણ કર્યું નથી હોતું અને તે અહીં, પાર્થિવ ભૂમિકા ઉપર કાર્ય કરવા ઈચ્છતાં હોય છે. એટલે એ લોકો કોઈ ચૈત્ય પુરુષો તેમનો પૂર્ણ વિકાસ સાધે તેની રાહ જોતાં હોય છે અને તેમ બને ત્યારે તેમની સાથે એકતા કરીને પોતાની પ્રકૃતિ પ્રમાણે કોઈ કાર્ય કરવા ઈચ્છતાં હોય છે. એમની ચેતના પૃથ્વી ઉપરની ચૈત્ય ચેતનામાં ઉમેરાય છે. આ એવાં સત્ત્વો હોય છે, જેમણે પૃથ્વી ઉપર કદી પણ જન્મ લીધો હોતો નથી; જેમણે, જેમ જેમ સૃષ્ટિ આગળ વધતી ગઈ તેમ તેમ પોતાની જાતને વધુને વધુ ભૌતિક સ્વરૂપ આપ્યું હોય છે. આ જગતની એ પ્રથમ વિભૂતિઓ હોય છે; ખાસ કારણોસર વિશ્વમાં મોકલવામાં આવેલાં સત્ત્વો હોય છે. માણસો એમને દેવો અથવા દેવ પુરૂષો કહે છે. એટલે આમાંનું કોઈ સત્ત્વ કોઈ ખાસ હેતુસર કોઈ વિકાસશીલ ચૈત્ય પુરુષને પસંદ કરે છે.-એ એને મદદ કરે છે, એના વિકાસનું અનુસરણ કરે છે અને જ્યારે એ ચૈત્ય પુરુષ પોતાની અને તેની એકતાને આધાર આપી શકે તેટલા પૂરતા પ્રમાણમાં તૈયાર અને શકિતશાળી થાય છે ત્યારે તે તેની સાથે જોડાઈ જાય છે, અને પૃથ્વી ઉપર કોઈ કાર્ય સિદ્ધ કરવા તેની સાથે એકતા કરે છે. એવું બહુવાર બનતું નથી, પણ એવું બનેલું છે

અને હજી પણ બને છે. તમને પ્રાચીન પરંપરાઓમાં એવી વાતો મળી આવે છે કે જેમાં દેવોએ પોતે પૃથ્વી ઉપર અવતાર લીધેલો; કેટલીક પુરાણ કથાઓમાં એવી વાતો આવે છે. એ વાતો કંઈક અંશે સત્ય હકીકતને મળતી હોય છે. પરંતુ સર્વે ચૈત્ય પુરુષો ઊર્ધ્વ જગતનાં સત્વો સાથે જોડાયેલા હોય જ એમ બનતું નથી.

[આ પછી શ્રી માતાજી એક બીજો પ્રશ્ન, 'વળગણ'નો અથવા પ્રાણમય જગતનાં સત્વોનાં પૃથ્વી ઉપર શરીરમાં પ્રવેશ કરવાને લગતો, હાથ ધરે છે.]

બાળક: આ પ્રાણમય સત્ત્વોમાં ચૈત્ય પુરુષ હોય છે?

શ્રી માતાજી: ના. મેં કહેલું છે કે એ સત્ત્વોને જ્યારે શરીર ધારણ કરવું હોય ત્યારે પહેલું કામ એ કરવાનું હોય છે કે જે વ્યકિતનું શરીર તેમને ધારણ કરવું હોય તેના ચૈત્ય પુરુષને હાંકી કાઢવો. આ વસ્તુ જન્મ સમયથી પણ હોઈ શકે. કેટલાંક બાળકો લગભગ અધૂરા સમયે જન્મેલાં હોય છે, એ મરેલાં છે એમ માનવામાં આવતું હોય છે અને અચાનક તેમનામાં જીવ આવતો લાગે છે-એનો અર્થ એ કે કોઈ પ્રાણમય સત્ત્વે એનામાં પ્રવેશ કર્યો હોય છે. હું એવી કેટલીક ઘટનાઓ જાણું છું. આ વસ્તુ માંદગી દરમિયાન પણ બની શકે. કોઈ વ્યકિત ખૂબ માંદી હોય છે, અને ધીમે ધીમે કરીને તે ચૈત્ય પુરુષ સાથેનો પોતાનો સંપર્ક ઢીલો કરતી જાય છે, પછી કોઈ મૂર્ચ્છામાં કે એવી જ કોઈ અવસ્થામાં એ તેનો સંબંધ તદ્દન તોડી નાખે છે અને પ્રાણમય સત્ત્વ એના શરીરમાં ઘસી જાય છે. હું આવા કિસ્સાઓ પણ જાણું છું. આ સિવાય એક ધીમી ક્રિયા પણ હોય છે. વ્યકિતના વાતાવરણમાં પ્રાણમય સત્ત્વ પ્રવેશ કરે છે, એના ઉપર અસર ઉપજાવે છે અને એના ઉપર પોતાનો પ્રભાવ નાંખ્યે જ જાય છે અને છેવટે કોઈ માંદગી કે આંચકી નિપજાવે છે, ખાસ કરીને માનસિક રોગો ઉત્પન્ન કરે છે: પછી એક સમય એવો આવે છે કે જ્યારે પેલી વ્યકિતનો તેના ચૈત્ય પુરુષ સાથેનો સંબંધ બિલકુલ કપાઈ જાય છે અને પ્રાણમય સત્ત્વ શરીરનો કબજો લઈ લે છે. એવા કિસ્સાઓ બને છે જેમાં લોકો ખૂબ જ બિમાર પડે છે અને માંદગીમાંથી પહેલાં કરતાં તદ્દન જુદા જ પ્રકારની વ્યકિત બનીને બહાર આવે છે,-આ રીતે ઘણીવાર બને છે.

બાળક: આપે એમ કહેલું કે પ્રાણમય જગતનાં આ સત્ત્વો આધ્યાત્મિક જીવન પ્રત્યે આકર્ષાય છે,-એમ કેમ હશે?

શ્રી માતાજી: તેઓ આકર્ષાય છે, એટલે એનો અર્થ એ નથી થતો કે તેઓ આધ્યાત્મિક જીવન ગાળવાનો નિર્ણય કરે છે. એ સત્ત્વોનું ખાસ લક્ષણ હોય છે જૂઠ-એમની પ્રકૃતિ આખી છળકપટની બનેલી હોય છે. એમનામાં ભ્રાંતિ ઉત્પન્ન કરવાની શકિત હોય છે, એ દિવ્ય સત્ત્વો કે ઊર્ધ્વ ભૂમિકાનાં સત્ત્વોનો વેશ લઈ શકે છે, એ સત્ત્વો

પ્રકાશના ઝબકારા સાથે દર્શન દઈ શકે છે, પરંતુ ખરેખરા સાચદિલ માણસો એમનાથી છેતરાતા નથી, એમને એવી કોઈ લાગણી થઈ આવે છે જેને લઈ, એ લોકો ચેતતા રહે છે, પરંતુ જો તમને ચમત્કારી-અણધારી વસ્તુઓ ગમતી હોય, તમને કાલ્પનિક વસ્તુઓ પ્રત્યે પ્રેમ હોય, તમે કોઈ રોમાંચક અનુભવ મેળવવા માગતા હશો તો તમારા માટે સહેલાઈથી છેતરાઈ જવાનો સંભવ છે.

હાલમાં એક ઐતિહાસિક કિસ્સો, હિટલરનો બની ગયો છે. એ એક એવા સત્ત્વના સંપર્કમાં હતો જેને તે પરમાત્મા માનતો હતો; આ સત્ત્વ તેની પાસે આવીને તેને સલાહ આપતું હતું, અને તેણે જે કંઈ કરવાનું હોય તે કહેતું હતું. હિટલર એકાંતમાં જઈને બેસતો અને પોતાના 'માર્ગદર્શક'નો સંપર્ક મેળવવા માટે જેટલો સમય જરૂરી હોય તેટલો સમય એ રીતે રહેતો, તેની પાસેથી પ્રેરણાઓ મેળવતો અને પછીથી તદ્દન વફાદારીપૂર્વક એનો અમલ કરતો. આ સત્ત્વ જેને હિટલર 'પરમાત્મા' સમજતો હતો તે ફકત એક અસુર હતો, જેને ગુહ્ય વિદ્યામાં 'અસત્યનો પ્રભુ' કહેવામાં આવે છે અને એ સત્ત્વે પોતે રાષ્ટ્રોનો પ્રભુ છે એમ જાહેર કરેલું. એનો દેખાવ જાજવલ્યમાન હતો અને જે લોકો પાસે સાચી ગુપ્ત વિદ્યા હોય અને બહારના દેખાવ પાછળ શું વસ્તુ આવી રહેલી છે તે જોઈ શકે તેમ હોય તેવા લોકો સિવાય બીજા બધાને છેતરી શકે તેવો હતો. ગમે તે વ્યકિત તેનાથી છેતરાઈ જાય તેમ હતું. એનો દેખાવ સાચે જ ભવ્ય હતો. મોટા ભાગે એ હિટલર પાસે એક ચાંદીનો ટોપ અને કવચ પહેરીને પ્રગટ થતો, એના મસ્તકમાંથી એક જાતની જવાળા નીકળતી, અને એની આસપાસ અંજાઈ જવાય તેવો પ્રકાશ રહેતો, એ એટલો બધો ઝળહળતો પ્રકાશ રહેતો કે હિટલર પણ મહા મુશ્કેલીએ તેની સામે નજર માંડી શકતો. એ હિટલરને જે કંઈ કરવાનું હોય તે બધું કહેતો-એ એને વાંદરા કે ઉંદરની માફક નચાવતો. એણે એવી યોજના ગોઠવી કાઢી હતી કે જેને પરિણામે તે હિટલર પાસે તેનું માથું ભાંગી જાય ત્યાં સુધી તમામ શક્ય અત્યાચારો કરાવે, અને બનેલું પણ એમ જ. આવા ઘણા કિસ્સાઓ હોય છે, પણ અલબત્ત, એનું પ્રમાણ જરા ઓછી કક્ષાનું હોય છે. હિટલર એક અતિ અનુકુળ માધ્યમ હતો, એનામાં માધ્યમ તરીકેની મોટી શકિતઓ હતી, પરંતુ બુદ્ધિ અને વિવેકશકિતનો અભાવ હતો. એ સત્ત્વ એને ગમે તે કંઈ કહે તે બધું તે સ્વિકારી લેતો. એ સત્ત્વ જ હિટલરને થોડે થોડે કરીને ધકેલતું હતું. અને એ જે આ રીતે કરતું હતું તે તો કેવળ મનોરંજન માટે જ, એને માનવ જીવનનો કશો હિસાબ ન હતો. આ સત્ત્વોને માટે માણસ એ એક ઘણી ક્ષુદ્ર વસ્તુ હોય છે, એની સાથે એ, બિલાડી જેમ ઉંદરની સાથે રમત રમે છે તેમ તેને સ્વાહા કરી જતાં સુધી રમ્યા કરે છે.

બાળક : ખસેલા મગજના લોકોને કોઈ વળગણ હોય છે?

શ્રી માતાજી : હા, સિવાય કે કોઈના મગજમાં સોજો હોય, એની રચનામાં કોઈ ક્ષતિ, હોય, અથવા કોઈ અકસ્માત નડયો હોય કે કોઈ ઠેકાણે લોહી જામી ગયું હોય. એ સિવાય બીજા બધા કિસ્સાઓ વળગણના હોય છે. એનો પુરાવો એ છે કે તમારી પાસે જેનું મગજ તદ્દન ખસી ગયેલું હોય તેવી કોઈ વ્યકિત લાવવામાં આવે અને તેના મગજમાં સોજો હોય તો, જ્યાં સુધી એ સોજો હોય ત્યાં સુધી તમે એને સાજો કરી શકશો નહિ, પણ જો આ પ્રકારનો શારીરિક સોજો ન હોય અને એ કિસ્સો વળગણનો હોય તો તમે તેને સાજો કરી શકો છો. કમનસીબે આવી વસ્તુઓ જેને ગમતી હોય તેની બાબતમાં જ બને છે. એવી વ્યકિતના સ્વરૂપમાં વધુ પડતી મહત્ત્વાકાંક્ષા, અતિમૂર્ખતા સાથે મિથ્યાભિમાન અને ભયંકર આત્મપ્રેમ હોવાં જોઈએ - આવી વસ્તુઓ સાથે જ પેલાં સત્ત્વો ખેલ કરે છે. મને અંશત: વળગણવાળી વ્યકિતઓના કિસ્સાઓની ખબર પડેલી અને હું એમને જે સત્ત્વોનું વળગણ હતું તેમાંથી મુકત કરવામાં સફળ થએલી. પરિણામે કુદરતી રીતે એમને એક પ્રકારની રાહત લાગેલી, કેટલોક સમય એમને એક પ્રકારની આસાયેશની લાગણી થયેલી. પણ એમ લાંબું ચાલેલું નહિ; એ વસ્તુ લગભગ તરત જ ઓસરી ગયેલી અને એ લોકો વિચારવા માંડેલા 'હવે હું તદ્દન સામાન્ય માનવપ્રાણી બની ગયો છું, પહેલાં હું એક અસાધારણ વ્યકિત હતો!' ખોટું કરવાનું હોય તો પણ તેમને પોતાનામાં એક અસાધારણ શકિત લાગતી હતી અને એમાંથી તેમને સંતોષ હતો. પછી તેઓ શું કરે? એમણે જે શકિત ગુમાવેલી તેને પોતાના સમગ્ર બળ વડે પાછી બોલાવતા. અલબત્ત, જે સત્ત્વનો નાશ કરી નાખવામાં આવેલો તે તો પાછું આવી શકે તેમ ન હતું, પણ એવાં સત્ત્વો તો હજારોની સંખ્યામાં અસ્તિત્વમાં છે. એટલે એનું સ્થાન બીજા સત્ત્વે લીધું. એક કિસ્સામાં તો સળંગ ત્રણ વખત આવું બનેલું, એટલે પછી મારે તે માણસને કહેવું પડયું, 'હું થાકી, હવે એને તારી જાતે કાઢ, હું એ વસ્તુમાં માથું મારવા નથી માગતી.'

બાળક : એવા કિસ્સાઓમાં ચૈત્ય પુરુષનું શું થાય છે?

શ્રી માતાજી : સામાન્ય રીતે, તે વિદાય લઈ લે છે. મારે તમને કહેવું જોઈએ કે પ્રાણમય જગતનાં સત્ત્વો અમર હોય છે – તે મરી શકતાં નથી. એમનો નાશ કરી શકાય પણ એ રીતે નાશ કરવા માટે શુદ્ધ આધ્યાત્મિક શકિત જોઈએ. દાખલા તરીકે, એક પ્રાણમય યુદ્ધમાં (કેટલાક લોકો એવા હોય છે, જેમનામાં પ્રાણમય યુદ્ધ કરવાની શકિત હોય છે.) એ પ્રકારનો જ અનુભવ થાય છે. તમે જો પ્રાણમય જગતમાં કોઈ પ્રાણમય સત્ત્વ સાથે લડાઈ કરો તો તમે એને કચડી શકો, મારી નાખી શકો, પરંતુ એ સત્ત્વો હમેશાં

પોતાની ફરીથી રચના કરી શકે છે. હું ધારું છું કે આ વસ્તુમાં જ બહુ મસ્તકોવાળા જળસર્પો કે રાક્ષસોની પુરાણકથાઓનું મૂળ છે.

જગતમાં એક જ શકિત એવી છે જે તેમનો સર્વાંશે નાશ કરી શકે છે, એટલે કે, જેથી તેમનું પુનરાગમન ન થાય તે રીતે, અને એ શકિત પરમ સર્જક શકિતની છે... એ શકિત અતિમનસની પેલે પારના ધામોમાંથી આવે છે, એ શકિત બધાને માટે લભ્ય હોતી નથી. એ એક જાજવલ્યમાન શકિત છે, એક ઉજ્વલ શુભ્રરંગની, એટલી બધી પ્રકાશિત કે જો સામાન્ય ચક્ષુઓ વડે તેને જોવામાં આવે તો આપણે અંધ થઈ જઈએ. એનું તેજ સહેજ માત્ર અડકે એટલું જ કોઈ પ્રાણમય ભૂમિકાના સત્યને તત્કાળ ઓગાળી નાખવા પૂરતું છે જેમ – પાણીમાંના પેલા જંતુઓ, તેમાં સહેજ મીઠું નાખીએ ને તુરત પાણીમાં ઓગળી જાય છે, તેમ.

બાળક : રાસ્પુટિન કોઈ પ્રાણમય સત્ત્વ હતો ?

શ્રી માતાજી : લોકોને મેં એના વિષે ઘણી અસાધારણ વસ્તુઓ કહેતા સાંભળ્યા છે. કેટલાક એને માનવ દેહધારી દેવ સમજતા, કેટલાક એને નરપિશાચ. હું કંઈ કહી શકું તેમ નથી. મારે એની સાથે કોઈ સંપર્ક થયેલો નથી.

બાળક : જ્યારે હિટલર મરણ પામ્યો ત્યારે પેલો અસત્યનો પ્રભુ સ્ટેલિનમાં પ્રવેશેલો ?

શ્રી માતાજી : વસ્તુઓ બરાબર એજ રીતે બનતી નથી પણ કંઈક અંશે એના જેવું જ હોય છે. આ સત્ત્વે હિટલરના મરણ સુધી રાહ જોયેલી નહિ, એ બાબતમાં તમારી ભૂલ થાય છે. આ સત્ત્વો ભૌતિક અસ્તિત્ત્વની સાથે બંધાયેલા નથી હોતા. આપણે જે સત્ત્વની વાત કરીએ છીએ એ હિટલરને વળગેલું રહેવા ઉપરાંત સાથે સાથે બીજી ઘણી વ્યકિતઓ ઉપર પોતાનો પ્રભાવ નાંખી શકે તેમ હતું. હિટલરનો નાશ કરવામાં આવેલો, કારણ કે એની પાછળ એક આખું રાષ્ટ્ર અને ભૌતિક બળ હતાં, અને એને જો સફળતા મળી હોત તો માનવ જાત માટે એક સર્વનાશની બાબત બનત. પરંતુ અમને આ બાબતમાં કોઈ ભ્રાંતિ ન હતી. એની પાછળની શકિતનો નાશ કરવા માટે એનો નાશ કરવો પૂરતો ન હતો - એ સહેલી વસ્તુ ન હતી. મારે તમને કહેવું જોઈએ કે આ સત્ત્વની ઉત્પત્તી દેવોની પહેલાં થયેલી છે; એ સત્ત્વો પ્રથમ પ્રાદુર્ભાવ છે. જગતનાં પ્રથમ વ્યકિત સ્વરૂપો, એટલે એમનો એટલી સહેલાઈથી, એક જ યુદ્ધમાં વિજય મેળવીને નાશ થઈ શકતો નથી.

વિશ્વમાં ઉત્ક્રાંતિના હેતુ માટે જ્યાં સુધી એ સત્ત્વોની જરૂર રહેશે ત્યાં સુધી એ ટકશે. જે દિવસે એમની ઉપયોગિતા તેઓ ખોઈ બેસશે તે દિવસે તેમનું રૂપાંતર થઈ જશે.

વળી એમને ખબર છે કે એમની ઘડી ભરાઈ ગઈ છે અને એટલા માટે જ એ સત્ત્વો જેટલો ઉત્પાત થઈ શકે તેટલો કરે છે.

એ ચાર સત્ત્વો હતાં. પહેલા સત્ત્વનું રૂપાંતર થઈ ગયું, બીજું એના આદિ સ્રોતમાં ઓગળી ગયું છે. બે હજી અસ્તિત્વમાં છે અને આ બે બીજા બધા કરતાં વધુ માથાભારે છે. ગુહ્ય વિદ્યામાં એક ને 'અસત્યનો દેવતા' કહેવામાં આવે છે, મેં એની વાત તમને કરી; બીજો છે મૃત્યુનો દેવતા, અને જ્યાં સુધી આ બે સત્ત્વોનું અસ્તિત્વ હશે ત્યાં સુધી મુશ્કેલીઓ પણ રહેશે.

૧૦ માર્ચ, ૧૯૫૧

શ્રી માતાજી વાંચન કરે છે:

'... હમણાં ધનની શકિત પ્રાણની ભૂમિકાની શકિતઓના અને સત્ત્વોના હાથમાં છે, યા તો તેમની અસર તળે છે. એ અસરને લીધે સત્યને ખાતર બહુ મોટા પ્રમાણમાં પૈસો અપાતો કદી જોવામાં આવતો નથી. પૈસો હંમેશાં આડે રસ્તે ખર્ચાતો રહે છે. તે વિરોધી શકિતઓના કબજામાં છે અને પૃથ્વી ઉપર પોતાનો કાબૂ કાયમ રાખવા માટે તેમનું તે એક મુખ્ય સાધન છે. ધન ઉપર વિરોધી શકિતઓએ પોતાનો આ કાબૂ અત્યંત પ્રબળ રીતે, પૂરેપૂરો વ્યવસ્થિત રીતે જમાવેલો છે. એમના મજબૂત સકંજામાંથી કોઈ પણ વસ્તુ મેળવવી એ ઘણું જ મુશ્કેલ કાર્ય છે. આજે જેમને હવાલે ધન રહ્યું છે તેમની પાસેથી થોડુંક ધન પણ કઢાવવા માટે તમારે હર વખતે દારુણ યુદ્ધ કરવું પડે છે.'

(શ્રી 'માતાજીની વાણી': વાર્તાલાપ - ૬)

બાળક: પરીઓની વાતોમાં ઘણી વાર એમ કહેવામાં આવે છે કે અમુક ખજાનાનું રક્ષણ સર્પો કરી રહ્યા હતા. આ સાચું હશે?

શ્રી માતાજી: હા, પણ એ સાપ ભૌતિક જગતના હોતા નથી, પ્રાણમય જગતના હોય છે.

ધનના ભંડારોની ચાવી પ્રાણમય જગતમાં હોય છે અને એક ખૂબ ભયાનક વિરાટ કાયાવાળો સર્પ એની રક્ષા કરે છે-એ સામાન્ય સાપથી દસ ગણો નહિ, બલ્કે સો ગણો મોટો છે. એ ખજાનાના દ્વાર ઉપર ચોકી કરે છે. એનો રંગ કાળો અને દેખાવે ખૂબ ભવ્ય છે, એ હમેશાં ટટાર, સાવધ હોય છે. એક વખત મેં મારી સામે એવા સાપને જોયો (એ સત્ત્વો સામાન્ય રીતે મારી આજ્ઞા માને છે), ત્યારે મેં એને કહ્યું, 'મને માર્ગ આપ.' એણે કહ્યું, 'હું તમને જરૂર જવા દેત, પણ હું તમને જવા દઉં તો એ લોકો મને જાનથી મારશે, એટલે હું તમને માર્ગ આપી શકતો નથી.' મેં એને પૂછ્યું, 'હું તારે માટે શું કરું તો તું મને જવા દઈ શકે?' એણે કહ્યું, 'આહ્! કેવળ એક વસ્તુ જ તમને રસ્તો આપી શકે તેવી છે-જો તમે મનુષ્યમાંની કામવાસનાને વશ કરી શકો, જો આખી માનવજાતિની આ પ્રવૃત્તિને તમે વશ કરી લો, તો હું રસ્તો રોકી શકીશ નહિ, હું તમને જવા દઈશ.'

એણે હજી સુધી મને રસ્તો આપ્યો નથી. હું માનું છું કે મેં એની શરત પૂરી કરી નથી, મેં એ પ્રવૃત્તિને એવા પ્રકારે વશ નથી કરી કે આખા સંસારની એ પ્રવૃત્તિ ઉપર વિજય મેળવ્યો હોય-એ ખૂબ મુશ્કેલ કાર્ય છે.

બાળક: પ્રાણમય સત્ત્વો સાથે જોડાયેલાં એ સત્ત્વોના સંબંધને છોડાવતાં પહેલાં એ વિષયમાં ચોકસાઈભર્યું જ્ઞાન હોવું જોઈએ, એ જ્ઞાન કેવી રીતે મળી શકે?

શ્રી માતાજી: એ તો દેખીતું છે કે, જ્યાં સુધી તમારામાં પ્રાણમય જગતની બાબતમાં સ્પષ્ટ રીતની અંતરની સૂઝ ન હોય, એટલે કે જ્યાં સુધી તમે પ્રાણમય જગતમાં સીધે સીધા જોઈ શકતા ન હો, ત્યાં સુધી એ વિષયમાં જાણવું મુશ્કેલ છે. મેં એવું અનેક વાર જોયું છે. ...અંતે બે વસ્તુઓ હોઈ શકે છે, અને સાધારણ રીતે એમ જ બને છે. જ્યારે કોઈ કારણસર તમારે કોઈ બીજી વ્યકિત સાથે મેળ રહેતો નથી-જ્યારે બે વ્યકિતનાં હિત ટકરાય છે, તકરાર થાય છે ત્યારે એક બીજા માટે એમ કહેવામાં આવે છે કે 'એ પ્રાણમયસત્ત્વ છે.' આમાં પહેલાં તો તમારે તમારી પોતાની જાતથી સાવચેત રહેવાનું હોય છે અને બીજું પેલી બીજી વ્યકિતએ જે કહ્યું હોય તેનાથી. એક બીજો દાખલો પણ છે, એ અગાઉ કહ્યું તેનાથી વધારે રોચક છે: હું ઓછામાં ઓછી એવી બે વ્યકિતઓને ઓળખું છું જે કેવળ પ્રાણમય પ્રભાવ હેઠળ ન હતી પણ હકીકતમાં તેઓ પોતે પ્રાણમય જગતમાંનાં સત્ત્વો જ હતી. એ લોકો બીજાઓની એમ કહીને નિંદા કરતા કે તેઓ પ્રાણમય જગતની સત્તાઓના અંકુશમાં છે. એટલે આ બાબત પોતાની જાતે કોઈ વસ્તુ નિશ્ચિત રૂપે માની ન લેવી એ જ સારું છે.

અમુક અવસ્થામાં અર્ધજ્ઞાન કરતાં અજ્ઞાન વધારે સારું ગણાય તેવું છે, કારણ કે જો તમને એ ખબર નહિ હોય કે તમે પ્રાણમય જગતના કોઈ સત્ત્વ સાથે પ્રસંગ પાડી રહ્યા છો, તો તમે તેની સાથે તે એક સામાન્ય જગતનું મનુષ્ય હોય તેવી રીતનો જ વ્યવહાર કરશો અને એમ તમે મોટા ભાગે તમારી જાતની રક્ષા કરી શકશો. જો એ શત્રુ હશે તો તમે એને તમારી જાત સોંપી નહિ દો, સાથે સાથે તમે એનાથી સાવચેત રહેશો અને ખૂબ ધીરજપૂર્વક વર્તશો. છેવટે જતાં, એ વ્યકિત તમારી સાથે કેવી રીતે વર્તે છે અને કેવી રીતે વર્તતી નથી તે બાબત તમે જરા પણ ધ્યાન નહિ આપો. જે લોકોએ પ્રાણમય પૂર્ણતા પ્રાપ્ત કરી લીધી હોય છે અને જેમનામાં સ્વાર્થ જેવું કંઈ હોતું નથી, એવા લોકો જ કોઈને માટે એમ કહી શકે કે આ કે પેલી વ્યકિત એક ભયાનક સત્ત્વ છે.

(શ્રી માતાજી આગળ વાંચે છે:)

> '...સ્થૂલ દેહને માણસ પોતાનું ઘર માને છે અને એમાં જ એ પોતાને સુરક્ષિત અનુભવે છે. અને શરીર જ એનું રક્ષણ છે. કેટલાક લોકોને પોતાના દેહ પ્રત્યે ભારે તિરસ્કાર હોય છે. તેઓ એમ માને છે કે મૃત્યુ પછી, સ્થૂલ દેહની ગેરહાજરીમાં બધું સરસ થઈ જશે અને સાધના પણ સહેલી બનશે. પરંતુ ખરું જોતાં સ્થૂલ દેહ તમારો કિલ્લો છે, તમારું આશ્રય સ્થાન છે. જ્યાં સુધી તમે સ્થૂલ દેહમાં હો છો ત્યાં સુધી પ્રાણમય લોકનાં વિરોધી સત્ત્વોને તમારા ઉપર સીધે સીધી પકડ મેળવવામાં મુશ્કેલી રહે છે. રાત્રે બિહામણાં સ્વપ્ન આવે છે તે શું હોય છે? પ્રાણની સૂક્ષ્મ ભૂમિકામાં માનવ રખડવા નીકળે છે તેના પરિણામ રૂપે એવાં સ્વપ્ન આવે છે. અને એવા બિહામણા સ્વપ્નમાં, ઓથારમાં, સૌથી પ્રથમ તમે શું કરો છો? તમે ખૂબ ઝડપથી પોતાના શરીર તરફ ધસી જાઓ છો અને જ્યાં સુધી તમે તમારી ભૌતિક ચેતના ફરી-વાર પ્રાપ્ત ન કરો ત્યાં સુધી પોતાને આમ તેમ હલાવ્યા કરો છો.'
>
> ('શ્રી માતાજીની વાણી': વાર્તાલાપ - ૬)

બાળક: મૃત્યુ પછી પ્રાણનું શું થાય છે?

શ્રી માતાજી: એનું વિઘટન થઈ જાય છે. એમ ન બને તેવા પ્રસંગો વિરલ હોય છે. પરંતુ જો તમારામાં કોઈ ખૂબ ઉગ્ર વાસના હોય, જો કોઈ રૂઢ આવેગોને કારણે તમારા સ્વરૂપમાં ભાગલા પડી ગયા હોય છે તો તમારું પ્રાણમય સ્વરૂપ નાના નાના ટુકડાઓમાં

વહેંચાઈ જાય છે. એક પ્રવાહી કે વરાળની જેમ ઊડી જવાને બદલે તે કકડે કકડે કરીને જાય છે. આવા પ્રાણમય પદાર્થના દરેક ટુકડા એમની કેન્દ્રસ્થ કામનાની, મધ્યવર્તી લાલસાની કેન્દ્રસ્થ આવેગની આસપાસ ગોઠવાઈ જાય છે. અને એમાંથી પછી એવાં સત્ત્વો પેદા થાય છે જેને માનવ જેવું રૂપ નથી હોતું. છતાં કેટલીક વાર એ વસ્તુ એક અનિશ્ચિત પ્રકારનું રૂપ ધારણ કરે છે. કેટલીક વાર એ સત્ત્વોનો આકાર, જે સ્વરૂપના તે ટુકડાઓ હોય છે, તેને મળતો હોય છે તો કેટલીક વાર જે કામનાને તે પ્રગટ કરતાં હોય છે તેને અનુરૂપ આકારવાળાં હોય છે. અને સ્વાભાવિકપણે એમનો એકમાત્ર હેતુ તેમની કામના કે લાલસાની તૃપ્તિ કરવાનો હોય છે. એટલે તેઓ દરેક સ્થળે પોતાનો સ્વાર્થ સંતોષવાનાં સાધનો ખોળતાં ફરે છે.

ઉદાહરણરૂપે, પોતાના ધન પ્રત્યે લોલુપતાવાળા એક કંજુસનો આપણે દાખલો લઈએ. એનું મરણ થાય છે. એનું પ્રાણમય સ્વરૂપ ઓગળી જાય છે પણ પોતાના પૈસા માટેની એની લોલુપતા જીવતી રહે છે. એ વ્યકિત પ્રાણમય જગતમાં એક જીવંત અને સભાન સ્વરૂપ ધારણ કરવા માટે કેટલાંક તત્ત્વો પોતાની આસપાસ એકઠાં કરે છે. જો આ માણસે પોતાના જીવન દરમિયાન કોઈક જગાએ પોતાનો ખજાનો સંતાડી રાખ્યો હશે તો એ સત્ત્વ, જાણે એનું રક્ષણ કરવાનું હોય અને લોકોને તે ખજાનાની પાસે ન આવવા દેવાં હોય તેમ બરાબર એ જગ્યાની ઉપર જ પોતાનું સ્થાન જમાવે છે. પરંતુ કેટલાક લોકો સૂક્ષ્મગ્રાહી હોય છે, અને જ્યારે તેમને ખબર પડે છે કે, કોઈ જગ્યાએ ખજાનો સંતાડેલો છે ત્યારે તેની હાજરીનું સંવેદન અનુભવે છે અને કહે છે, 'અહીં ખજાનો છે.' આ એનું પ્રથમ પરિણામ હોય છે. બીજું પરિણામ એ આવે છે કે પેલું સત્ત્વ પોતાના ખજાનાને કોઈ અડે નહિ તેવી ઈચ્છા ધરાવતું હોવાને કારણે તેના રક્ષણ માટે હંમેશાં કોઈ વિપત્તિ આણે છે. જે લોકો એની સમીપમાં જાય છે. તેમને તે કાં તો માંદા પાડી દે છે કે તેમને માટે કોઈ અકસ્માત ખડો કરે છે, અથવા કોઈ હત્યાનો પ્રસંગ આ ઊભો કરે છે; એને માટે ગમે તે રસ્તો હોય તે સારો જ હોય છે; અને ત્યાં પાસે જનાર વ્યકિત જો વધુ પડતી સંવેદનશીલ હોય તો એને તે સત્ત્વ એવી તો ડરાવી મૂકે છે કે તે પાગલ થઈ જાય છે.

પેલી અધમ કામવાસનામાંથી ઉત્પન્ન થયાં હોય તેવાં અસંખ્ય નાનાં નાનાં, તદ્દન જુગુપ્સાપ્રેરક સત્ત્વોના અસ્તિત્વનું પ્રમાણ ઘણું છે. જો આ કામના (એને અનુરૂપ સત્ત્વો સાથે) મરણ સમયે ઓગળી ગઈ નથી હોતી તો, આ સત્ત્વનું અસ્તિત્વ બન્યું રહે છે અને સંવેદનશીલ માણસોની આસપાસના વાતાવરણમાં પહોંચી જઈને તેમને ઉશ્કેરવા, તેમને ઘોંચપરોણો કરવા પ્રયત્ન કરે છે. જાતીય ક્રિયા વખતે ઉત્પન્ન

થતી પ્રાણમય શકિત આ સત્ત્વોનું ભોજન હોય છે અને કુદરતી રીતે, પોતાને બને તેટલો વધુ આહાર મળે તેની જ તેમને કામના હોય છે. આ પ્રકારનાં ડઝનબંધ સત્ત્વોથી વિંટળાયેલા માણસો પણ મેં જોયેલા છે. એ એક ઘણી સઘન વસ્તુ છે. ...અહીં એકવાર આવેલા એક લેખક મોરીસ માગ્રે વિષે તમે સાંભળ્યું છે કે નહિ તે હું જાણતી નથી. એણે એના એક પુસ્તકમાં લખ્યું છે કે જે લોકોમાં અતિશય ઉગ્ર જાતીય વાસના હોય છે એમની આસપાસ આ પ્રકારનાં નાનાં નાનાં સત્ત્વોનું એક ઝુંડ ફેલાયેલું રહે છે, એ સત્ત્વો તેની પ્રાણમય શકિતનો આહાર કરવાને ઈરાદે, પોતાની પરિતૃપ્તિ માટે પજવતા રહે છે. એને (મોરીસ માગ્રેને) એ વસ્તુની બરાબર જાણ હતી, એણે એ ઘટના જોયેલી હતી. જે લોકો જરાક અમસ્તા સંવેદનશીલ હોય છે તેમને પણ તેમનો અનુભવ થઈ શકે છે. જે લોકોની તે સત્ત્વો પજવણી કરતાં હોય છે તેમને પણ લાગે છે કે તેમનામાં આવતા આવેગો જ્યારે બહારથી આવે છે ત્યારે એ એમનામાં અમુક વસ્તુ ઉત્પન્ન કરે છે, – પણ તેમને લાગે છે કે એનાં સૂચનો બહારથી આવે છે. અને એમની સંખ્યા સેંકડો અને હજારોની છે, કારણ કે દુર્ભાગ્યવશાત્ એ તો માનવ જાતની મહાનમાં મહાન મુશ્કેલીઓમાંની એક છે. એ એક ભયંકર ગુલામી છે.

બાળક : પ્રાણમય દુ:સ્વપ્નોમાં, સ્વરૂપનો કયો ભાગ શરીરની બહાર જતો હોય છે?

શ્રી માતાજી : તમારો પ્રાણ – સમગ્ર પ્રાણ નહિ, કારણ કે એમ બને તો તો એક મૂર્છા જેવી અવસ્થા પેદા થાય, પણ પ્રાણમય સ્વરૂપનો એક અંશ બહાર ફરવાને માટે બહાર જાય છે. કેટલાક લોકો હંમેશાં ખરાબમાં ખરાબ સ્થળોએ જતા હોય છે અને એમની રાત્રિઓ ખરાબ રીતે વીતે છે – આ નિશાચરણમાં અનેક વસ્તુઓ બનવાની શકયતાઓ રહે છે. એ એક ખૂબ નાની વસ્તુ હોઈ શકે, તમારા સ્વરૂપનો એક તદ્દન નાનો સરખો અંશ, પણ જો એ સભાન હોય છે, તો એટલા માત્રથી તમને એક મજાનું નાનું સરખું દુ:સ્વપ્ન આવી શકે છે!

એટલે એમ છે કે, જ્યારે તમે ઊંઘી જાઓ છો ત્યારે તમારાં આંતરસ્વરૂપો શરીર ઉપર કેન્દ્રિત હોતાં નથી, તે બહાર જાય છે અને ઓછાવત્તા અંશે સ્વતંત્ર થઈ રહે છે – એ સ્વતંત્રતા મર્યાદિત હોવા છતાં સ્વતંત્રતા તો હોય છે જ – એટલે એ આંતરસ્વરૂપો બહાર નીકળીને તેમની પોતાની ભૂમિકાઓમાં વસવા ચાલ્યાં જાય છે. મનની બાબતમાં એ વાત વધુ અંશે સાચી છે, કારણ કે આમેય તે શરીરની અંદર ભાગ્યે જ સમાઈને રહેલું હોય છે, એ શરીરમાં કેન્દ્રિત થયેલું હોવા છતાં શરીરની અંદર આવી રહેલું હોતું નથી. પ્રાણ પણ શરીરની મર્યાદાની બહાર સુધી આવી રહેલો હોય છે, જો કે એ

શરીર ઉપર વધુ પ્રમાણમાં કેન્દ્રિત હોય છે. પરંતુ મન તો એક એવો સ્થિતિસ્થાપક પદાર્થ છે કે કોઈક વ્યકિત વિષે તમે વિચાર કરો એટલે તરત જ તમે તેની સમીપમાં જઈ પહોંચો છો, કંઈ નહિ તો અંશત: રીતે, મનોમય રીતે. જો તમે કોઈ સ્થળ વિષે પ્રબળ સંકલ્પ કરો તો તમારા મનનો એક ભાગ ત્યાં હોય છે; જાણે કે અંતર જેવી કોઈ વસ્તુનું અસ્તિત્વ જ ન હોય. અલબત્ત, તમારું મન તમારા શરીરની આસપાસ કેન્દ્રિત થઈને રહે તે માટે સારા પ્રમાણમાં તાલીમની જરૂર રહે છે. એવા ઘણા ઓછા લોકો છે કે જેમનું મન એક સુનિશ્ચિત આકૃતિવાળું હોય, મોટા ભાગે તો એ રસળતાં વાદળો જેવું હોય છે, આવે છે ને જાય છે. તમારો પ્રાણ પણ તમારા સ્થૂલ શરીરના જેવા આકારવાળો હોય, એનું સ્વરૂપ સ્થૂલ સ્વરૂપને મળતું હોય, તેટલું બનવા માટે પણ તેનામાં ખૂબ ખૂબ વ્યકિતગતતા, ખૂબ ખૂબ કેન્દ્રીભૂતપણું હોવું જોઈએ. મનની બાબતમાં તો એ વસ્તુ ખાસ વધુ પ્રમાણમાં હોવી જોઈએ. એ સંપૂર્ણપણે વ્યકિતભૂત, કેન્દ્રીભૂત, થઈને ચૈત્ય કેન્દ્રની આસપાસ ગોઠવાય ત્યારે જ એને એક સુનિશ્ચિત આકૃતિ પ્રાપ્ત થઈ શકે છે.

કેટલાક લોકો પોતાનું મન વ્યવસ્થિતપણે ગોઠવવામાં તેમનું જીવન વ્યતીત કરે છે. જે લોકોએ પોતાના મનનું એક ભવ્ય કિલ્લાની જેમ ઘડતર કરેલું છે તેવા કેટલાક લોકોને હું ઓળખું છું. એમણે એમના મનનો એક મહાન દુર્ગ બનાવી લીધેલો, એટલો બધો મજબૂત અને પાકો, એટલી બધી સુદઢ દીવાલોવાળો કે તેમણે બહારના મનોમય જગત સાથેનો સંપર્ક સદંતર ગુમાવી દીધેલો : એ લોકો સંપૂર્ણપણે પોતાની રચનામાં વસતા હતા અને એમની ચેતનાની સર્વ ઘટનાઓ તેમની પોતાની જ બનાવેલી રહેતી. તેમને બાહ્ય મનોમય જગત સાથે જરાપણ સંપર્ક રહેલો નહિ. તેમને તેમના પોતાના પ્રાણ અને શરીર સાથે અમુક પ્રકારનો સંપર્ક રહેલો, પરંતુ તેમની ચેતનાની સર્વ ઘટનાઓ તેમની મનોમય રચનાઓમાં જ આવી રહેલી હતી—એ લોકો એની બહાર નીકળી શકે તેમ રહેલું નહિ. ખાસ કરીને આ વસ્તુ એવા લોકોની બાબતમાં બની આવે છે, જેઓ ભૌતિક ચેતનાના ત્યાગ અને પોતાના આંતરસ્વરૂપ ઉપર એકાગ્રતા દ્વારા આત્મા સાથે અદ્વૈત પ્રાપ્ત કરવાની શાસ્ત્રીય પદ્ધતિઓ દ્વારા આધ્યાત્મિક જીવન પ્રાપ્ત કરવાની ઈચ્છા રાખતા હોય છે. જો એમનામાંથી કોઈનાં નામ તમને આપું તો તમને ખૂબ નવાઈ લાગે. તેઓ પોતાને માટે એક ખ્યાલની રચના કરે છે, જેમાં તેમને મનના સર્વ સ્તરો મળી આવે, એ રચના એટલી બધી સઘન અને એટલી બધી જડ હોય છે કે તેઓ એમાં કેદ થઈ જાય છે અને જ્યારે તેઓને એમ લાગતું હોય છે કે તેઓ પરમ સત્યને પામ્યા છે ત્યારે વસ્તુત: તેઓ તેમની પોતાની મનોમય રચનાના કેન્દ્રને જ પામ્યા હોય છે.

અને એ લોકોએ પ્રથમથી ધાર્યા હોય તેવા જ અનુભવો તેમને થાય છે, મુકિતનો અનુભવ, શરીરની બહાર જવાનો અનુભવ, પરમાત્મા સાથે તાદાત્મ્યનો અનુભવ, બધું જ. સર્વ કાંઈ તેમનું પોતાનું જ બનાવેલું અને વિશ્વવ્યાપી સત્ય સાથે કોઈ સંબંધ હોતો નથી. અને પછી જ્યારે કોઈ તેમના આ મનના કિલ્લાને સ્પર્શ કરે છે, ગમે તે કારણે કોઈનામાં તેનો સ્પર્શ કરવાની શકિત હોય કે પછી કેવળ તેની દીવાલો પૈકી એકાદમાં છેદ કરવાની શકિત હોય, ત્યારે પ્રથમ તો એ લોકો તદ્દન અસ્વસ્થ થઈ જાય છે. જે શકિત દ્વારા આ વસ્તુ કરવામાં આવી હોય એને તેઓ એક ભયંકર વિનાશની શકિતરૂપે કે ખરાબમાં ખરાબ વિરોધી શકિતના આવિર્ભાવ રૂપે જ નિહાળે છે.

બાળક: 'મનોમય દુ:સ્વપ્ન' શું વસ્તુ હોય છે?

શ્રી માતાજી: જ્યારે મગજમાં અવ્યવસ્થા ઊભી થઈ હોય અથવા અમુક અંગ જ્વર-ગ્રસ્ત હોય, મગજમાં કોઈ એક પ્રકારનો ઉકળાટ ઉત્પન્ન થયો હોય, મગજ થાકી ગયું હોય, અથવા એનામાં અંકુશનો અભાવ હોય, ત્યારે તમે તમારી જાતને મનોમય રચનાઓની પકડને આધીન થવા દો છો, ઘણું ખરું આમ જ બનતું હોય છે - અને વળી આ મનોમય રચનાઓ પણ ઘણે ભાગે તમારી જ બનાવેલી હોય છે. અને સતર્ક જાગૃત ચેતનાનો અંકુશ ચાલ્યો ગયેલો હોય છે એટલે આ બધી વસ્તુઓ મગજમાં એક તીવ્ર ઉન્માદની સાથે કૂદાકૂદ કરી મૂકે છે; વિચારો ગૂંચવાઈ જાય છે, એક બીજા સાથે ભટકાય છે, ઝઘડા કરે છે, અને એ બધું ખરેખર ચિત્તભ્રમ ઉત્પન્ન કરે તેવું હોય છે. આવા પ્રસંગે જો તમારા મસ્તકમાં એક વિશાળ શાંતિ, એક મહાન સ્થિરતા, એક બળવાન અને શુદ્ધ પ્રકાશ લાવવાની તમારામાં શકિત ન હોય, તો પ્રાણમય દુ:સ્વપ્ન કરતાં આ મનોમય દુ:સ્વપ્ન દસ ગણું વધારે ખરાબ હોય છે. પ્રાણમય દુ:સ્વપ્નમાં સૌથી ખરાબ વસ્તુ એ હોય છે. તમને મારી નાખવા ઈચ્છતા એક દુશ્મન સામે તમે લડી રહ્યા હો છો; તમે એના ઉપર ભયંકર પ્રહારો કરો છો, અને તમારા પ્રહારો તેને વાગતા નથી; તમે તમારી બધી શકિત, બધું બળ વાપરો છો અને છતાં તમે તમારા વિરોધીને અડકી પણ શકતા નથી. એ તમારી સામે ઊભો હોય છે, ધમકીઓ આપતો હોય છે. તમારું ગળું દબાવી દેવા માગતો હોય છે. અને ત્યારે તમે તમારું સર્વ બળ એકઠું કરો છો, તમે એના ઉપર પ્રહાર કરો છો, પણ એને કશી વસ્તુ સ્પર્શ કરતી નથી. જ્યારે લડાઈ એવી હોય, હાથોહાથની હોય, એક એવા સત્ત્વ સાથે કે જે તમારી ઉપર તૂટી પડતું હોય, ત્યારે એ વધુ દુ:ખદાયી હોય છે. એટલા જ માટે, જો તમારામાં જોઈતા પ્રમાણમાં શકિત અને શુદ્ધિ ન હોય તો તમારે તમારા શરીરની બહાર

ન જવું એવી સલાહ આપવામાં આવે છે. વાત એમ છે કે, આ પ્રકારના દુ:સ્વપ્નમાં તમે જે શકિતનો પ્રયોગ કરવા માગતા હો છો તે ભૌતિક શકિતની 'સ્મૃતિ' હોય છે. તમારામાં શારીરિક બળ ખૂબ હોય, તમે કોઈ પ્રથમ કક્ષાના મુક્કાબાજ હો, અને છતાં પ્રાણમય જગતમાં તદ્દન શકિતહીન હો એમ બની શકે છે, કારણ કે તમારામાં જરૂરી પ્રાણમય શકિત હોતી નથી. મનોમય દુ:સ્વપ્નોની બાબતમાં તો જ્યારે તમારા મસ્તકમાં પેલી ભયંકર કૂદાકૂદ ચાલતી હોય ત્યારે તમને એમ જ લાગે કે તમે ગાંડા થઈ ગયા છો.

બાળક : મૃત્યુ સમયે ચૈત્ય પુરુષ વિશ્રાંતિ લેવા ચાલ્યો જાય છે, ખરું ને? પરંતુ પ્રાણમય પુરુષ પ્રાણમય જગતમાં રોકાઈ પડે છે; તો આ વસ્તુ, ચૈત્ય પુરુષના વિશ્રાંતિ માટે જવાની બાબતમાં આડે આવે છે ખરી?

શ્રી માતાજી : પણ પ્રાણમય પુરુષ વિશ્રાંતિ માટે જતો જ નથી, મનોમય પુરુષનું પણ તેમ જ છે. સામાન્ય રીતે તેઓ ઓગળી જાય છે. એ તો જ્યારે તમે આખી જીંદગી કોઈ પ્રકારની યોગ સાધનામાં ગાળી હોય અને પ્રાણમય સ્વરૂપ અને મનોમય સ્વરૂપને એક વ્યકિતત્વ અર્પવાની, તેમને તમારા ચૈત્યપુરુષની આસપાસ ગોઠવવાની ખાસ કાળજી રાખી હોય છે ત્યારે તેઓ ટકી રહી શકે છે - એવું દસ લાખ પ્રસંગોમાંથી એકાદની બાબતમાં જ બને છે, એમ બનવું ખૂબ અસામાન્ય હોય છે. ઉદાહરણ તરીકે એક એવા તત્ત્વચિંતક કે લેખકનો દાખલો લો જેણે તેના મગજમાં ઠીક ઠીક પ્રમાણમાં કાર્ય કર્યું હોય, તેને વ્યવસ્થિત રીતે કાર્ય કરતું કરવા પ્રયત્ન કર્યો હોય; તો એ ટકી રહે છે. પરંતુ એમાં પણ જે વસ્તુ ટકી રહેતી હોય છે તે કેવળ ચિંતનની શકિત માત્ર, બીજું કંઈ નહીં. ચિંતનની આવી સ્વતંત્ર શકિતઓ હોય છે, જે વ્યકિતના મૃત્યુ પછી ટકી રહે છે અને સ્વાભાવિક રીતે તે પોતાની અભિવ્યકિત માટે બીજા કોઈ ભૌતિક મગજની શોધ કરવા પ્રયત્ન કરે છે. કોઈ મહાન ચિંતકનું મન આ પ્રકારે બીજી જીવંત વ્યકિતના મન સાથે તાદાત્મ્ય સાધીને પોતાની અભિવ્યકિત કરી શકે છે.

પ્રાણમય દૃષ્ટિબિંદુથી જોતાં, કોઈ એવા મહાન સંગીતકારનો દાખલો લો જેણે પોતાના આખા જીવન દરમિયાન પોતાના બાહ્ય સ્વરૂપને સંગીત પ્રગટ કરવાના એક સુંદર સાધન તરીકે કેળવવા પ્રયત્ન કર્યો હોય. એણે એના શરીરની આ પ્રાણમય શકિતને, સંગીત પ્રગટ કરવા સારુ સંગઠિત કરી હોય છે. તો પછી, દાખલા તરીકે, એના હાથમાં સંગીત પ્રગટ કરવાની ક્ષમતાને કારણે એટલી બધી શકિત આવેલી હોય છે કે મૃત્યુ પછી પણ તે સૂક્ષ્મ સ્વરૂપે ટકી રહી શકે છે. એમનો આકાર સચવાઈ રહે છે. મૂળ ભૌતિક રૂપમાં જેવો આકાર હોય છે, તેવો જ તે હોય છે. તે પ્રાણમય જગતમાં તરતા રહે છે અને જે માણસોમાં મૃત માનવીના જેવી શકિતઓ હોય છે તેમનાથી

તેઓ આકર્ષાય છે; તેઓ તેમની સાથે તાદાત્મ્ય સાધવા પ્રયત્ન કરે છે. જો કોઈ માણસ યોગ્ય પ્રમાણમાં સંવેદનશીલ હોય, જરૂરી ગ્રહણશીલતા ધરાવતો હોય, તો એ સૂક્ષ્મ હાથ સાથે એકતા સાધી શકે છે અને અદ્‌ભુત રચનાઓ બજાવી શકે છે અને એ હાથના ભૂતકાળના વ્યકિતત્વનો લાભ લઈ શકે છે.

બાળક : જે વૈજ્ઞાનિકોએ કરેલ કાર્યની સિદ્ધિ તેમના મરણ બાદ થોડાક સમય પછી બની આવે છે તેમની બાબતમાં પણ આમ જ બનતું હશે?

શ્રી માતાજી : હા, દાખલા તરીકે પીયરી અને મૅરી ક્યૂરીની બાબતમાં એમ જ બનેલું. પીયરી ક્યૂરીના કાર્યની શકિત એના મરણ સમયે એની સ્ત્રીમાં પ્રવેશેલી.

બાળક : ઈજિપ્તની કબરોનું ખોદકામ હાથ ધરનારાઓ ઘણી વાર અકસ્માતના ભોગ બને છે, એવું કેમ બનતું હશે?

શ્રી માતાજી : એ લોકો એને જ લાયક છે? જ્યારે તેઓ કબરોનો ભંગ કરે છે ત્યારે એમ બને છે કે... આ પ્રકારની અસંખ્ય વાતો છે, પરંતુ એ એક અલગ પ્રકારની ઘટના હોય છે.

જુઓ હું સમજાવું : ભૌતિક આકૃતિમાં 'આકૃતિનો આત્મા' ઘડાયેલો હોય છે, અને વ્યકિત જ્યારે બહારથી મરણ પામી છે એમ કહેવામાં આવતું હોય છે ત્યારે પણ કેટલાક સમય સુધી આકૃતિનો, આ આત્મા ટકી રહેતો હોય છે. જ્યાં સુધી આકૃતિનો આત્મા ટકી રહે છે ત્યાં સુધી દેહનો નાશ થતો નથી. પુરાતન સમયના ઈજિપ્તના લોકાને આ વસ્તુનું જ્ઞાન હતું; એમને ખબર હતી કે શરીરને તેઓ અમુક રીતે બનાવીને રાખે તો આકૃતિનો આત્મા તેને છોડી જશે નહિ અને શરીરમાં વિકૃતિ પેદા નહિ થાય. કેટલાક દાખલાઓમાં તેઓ અદ્‌ભુત રીતે સફળ થયેલા છે. અને હજારો વર્ષોથી આ પ્રકારે રહેલા સ્વરૂપોના આરામમાં કોઈ વિક્ષેપ કરે તો, એ સમજાય તેવી બાબત છે કે, એ સ્વરૂપોને કંઈ ખાસ ખુશી ન થાય. - ખાસ કરીને જ્યારે એમની શાંતિનો ભંગ એક વિકૃત જિજ્ઞાસા, જેને યોગ્ય ઠરાવવા માટે 'વિજ્ઞાનના હેતુ માટે'નું નામ આપવામાં આવ્યું હોય તેને કારણે કરવામાં આવ્યો હોય.

પૅરીસના 'મ્યુઝે ગીમે'માં બે મમી રાખવામાં આવેલાં છે. એક મમીમાં લગભગ કંઈ જ અવિશિષ્ટ રહ્યું નથી, પણ બીજામાં આકૃતિનો આત્મા ખૂબ જીવંત રહેલો છે—એટલો બધો જીવંત કે તમે ધારો તો એની ચેતના સાથે સંબંધ સાધી શકો. એટલે સ્પષ્ટ છે કે જ્યારે કોઈ મૂર્ખાઓનું ટોળું તેમની શૂન્ય ભમરડા જેવી આંખોને લઈને

તમારી સામે આવીને તાકી રહે અને કંઈ પણ સમજ્યા વિના કહે કે, 'ઓહ્, એ તો આમ છે, આવું છે.' ત્યારે એ કંઈ ખાસ આનંદ ઉપજાવે તેવું નથી હોતું.

એટલે વાત એમ છે કે, એ લોકોની શરૂઆત જ આક્રમક હોય છે, આ મમીઓને વ્યકિતના પ્રમાણમાં રચેલી એક ખાસ પ્રકારની પેટીમાં તેમને સુરક્ષિત રાખવા માટે જરૂરી વસ્તુઓ સાથે રાખવામાં આવેલી હોય છે; અને પછી એ પેટીને ઓછાવત્તા અંશે આઘાતજનક રીતે ખોલવામાં આવે છે, તે મમીનું બરાબર નિરીક્ષણ થઈ શકે તે માટે તેની ઉપરનાં કેટલાંક આવરણોને આમ તેમ ખેંચી લેવામાં આવે છે. અને અહીં યાદ રાખવાનું રહે છે કે જે લોકોનાં મમી રચવામાં આવેલા તે લોકો કોઈ સાધારણ માણસો ન હતા, એ લોકો જેમણે ઠીક ઠીક પ્રમાણમાં આંતર્ - પ્રગતિ કરી હોય તેવા અથવા રાજવી કુટુંબના, ઓછાવત્તા પ્રમાણમાં દીક્ષા પ્રાપ્ત કરેલી હોય એવા લોકો હતા.

એક મમી એવું છે જે મોટી સંખ્યામાં દુર્ઘટનાઓનું કારણ બન્યું છે; એ એક ફારોની પુત્રી, એક રાજકુમારી હતી, અને ગુપ્તપણે થિબ્સના ધર્મવિદ્યાલયની આચાર્યા હતી.

તો, માણસોનું કામ એવું હોય છે. ...

૧૨ માર્ચ, ૧૯૫૧

બાળક: પ્રાણમય જગતમાં બળો હોય છે: તો મનોમય જગતમાં શું મનોમય રૂપો હોય છે ખરાં?

શ્રી માતાજી: હા, એક સઘન એવું મનોમય જગત છે અને તેમાં મનોમય રૂપો હોય છે, પણ તે પ્રાણમય બળોના જેવાં નથી હોતાં, તેમને તેમનો આગવો નિયમ હોય છે. આવાં અનેક અનેક, અગણિત મનોમય રૂપો છે. એ લગભગ અવિનાશી જેવાં છે; એમને વિષે આપણે માત્ર એટલું જ કહી શકીએ કે એ પોતાનાં રૂપ અને સંબંધો બદલતાં રહે છે,—એ કોઈક અતિશય પ્રવાહી વસ્તુ જેવાં હોય છે અને બધો વખત હરતાં ફરતાં હોય છે.

(શ્રી માતાજી બીજો વિષય લે છે.)

> 'તમે તમારા પોતાના આંતર સ્વરૂપમાં પહેલેથી જે જાણતા હો છો તે જ માત્ર તમે સમજી શકતા હો છો. કોઈ પુસ્તકમાં તમને જો કાંઈ અસર કરી જાય તેવી વસ્તુ લાગતી હોય છે તો તે તમે પહેલેથી તમારી અંદર ઊંડે ઊંડે અનુભવેલી હોય છે. ...તમને જે જ્ઞાન, તમારી બહારથી આવતું લાગે છે એ તો તમારામાં જે જ્ઞાન રહેલું છે તેને બહાર લાવવા માટેનું માત્ર એક નિમિત્ત જ હોય છે.'
>
> ('માતાજીની વાણી': વાર્તાલાપ - ૭)

બાળક: શા માટે અમુક વિષયો અત્યંત અઘરા લાગે છે?

શ્રી માતાજી: એમ થવાનાં ઘણાં કારણો હોય છે. મગજની રચના, આનુવંશિક સંસ્કારો, કેળવણીનાં શરૂઆતનાં વર્ષો, પરંતુ ખાસ કરીને તો પૂર્વજોના આનુવંશિક તત્ત્વો. પરંતુ આ બાબતમાં એક ઘણી રસિક ઘટના બનતી હોય છે. દરેક નવો વિચાર મગજની અંદર એક નાનકડો આમળો પાડી આપતો હોય છે અને તેની રચના થવામાં સમય લાગે છે. તમે કદી સાંભળી ન હોય એવી વસ્તુ તમને કહેવામાં આવે છે, તમે તે સાંભળો છો, પણ તમને તે સમજાતી નથી, એ તમારામાં ઊંડે ઊતરતી નથી. પણ એ જ વસ્તુ તમે બીજી વાર સાંભળશો, થોડા વખત પછી, તો તે સમજાવા લાગે છે. કારણ કે, પેલા નવા વિચારના આઘાતે મગજની અંદર થોડુંક કામ કર્યું હોય છે. અને સમજવાને માટે જેટલી વસ્તુની જરૂર હતી તેટલી જ માત્ર તૈયાર કરી આપી હોય છે. એ વસ્તુ પોતાની જાતની રચના કરતી રહે છે એટલું જ નહિ પણ, તે પોતાને સંપૂર્ણ પણ બનાવતી રહે છે. એટલે જ તો તમે જો કોઈ અઘરું પુસ્તક વાંચતા હો છો તો, છ મહિના કે વરસ પછી તમે તેને પ્રથમ વાંચને જેટલું સમજ્યા હશો તેના કરતાં ઘણું ઘણું વધારે સારી રીતે સમજવા લાગશો અને, કોઈક વાર તો, તે ઘણી જુદી રીતે સમજશો. મગજમાં થતું આ કામ, એમાં તમારી ચેતના ભાગ ન લેતી હોય તો પણ બનતું રહે છે. અત્યારે માનવની રચના જે રીતે થયેલી છે તે રીતે જોતાં, કાળના તત્ત્વનો પણ આપણે ખ્યાલ રાખવાનો રહે છે.

બાળક: આ જે આઘાત થાય છે તે મગજને લીધે થતો હોય છે કે વિચારની હાજરીને લીધે થતો હોય છે?

શ્રી માતાજી: ના, એ ચેતનાને લીધે હોય છે. મોટા ભાગના લોકોને તેનો ખ્યાલ હોતો નથી, પણ એ ચેતના દરેક જાગૃમાં બધો વખત કામ કરતી હોય છે.

(માતાજી વાંચન ચાલુ કરે છે.)

'આપણે કોઈ વસ્તુ કહેતા હોઈએ છીએ તે પૂરેપૂરી સ્પષ્ટ હોય છે પણ જે રીતે તેને સામા માણસો સમજતા હોય છે તે દિંગ કરી નાખે તેવું હોય છે! આપણા કહેવાની પાછળ જે હેતુ હોય છે તેના કરતાં કોઈ બીજી વસ્તુ દરેક જણ તેમાં જોતું હોય છે અને કોઈ વાર તો તેનો ઊલટો અર્થ જ ઘટાવાતો હોય છે. તમારે જો સાચી રીતે સમજવું હોય અને આવી ભૂલ ન થવા દેવી હોય તો તમારે શબ્દોનો અવાજ અને તેની ગતિની પાછળ જવું જોઈએ અને નીરવતામાં સાંભળતાં શીખવું જોઈએ.'

(એજન)

બાળક : નીરવતામાં સાંભળવાનું કઈ રીતે શીખી શકાય?

શ્રી માતાજી : એ ધ્યાનની વસ્તુ છે. તમે જો તમારું ધ્યાન જે વસ્તુ કહેવાતી હોય તેના પર એકાગ્ર કરશો, અને તેમાં સાચી રીતે સમજવાને સંકલ્પ રાખશો તો નીરવતા આપોઆપ થઈ આવશે - ધ્યાનને લીધે નીરવતા બની આવે છે.

બાળક : 'મનના કિલ્લા' માંથી બહાર નીકળી શકાય ખરું? *

શ્રી માતાજી : પણ કેટલાક લોકો તો એ કિલ્લામાંથી બહાર નીકળે જ છે! આપણે એ કિલ્લામાંથી એક લશ્કર પણ બહાર મોકલી શકીએ છીએ.

ના, આમાં કિલ્લાનો રાજા બહાર નથી જતો હોતો. એ તો કિલ્લામાં બરાબર બેઠેલો રહે છે અને સિપાઈઓને હુકમ આપી બહાર મોકલે છે. કિલ્લા ઉપર તો એક સજ્જડ પકડ રાખવામાં આવે છે; કેમકે એને લીધે જ કિલ્લાના માલિકને એમ ભાન રહે છે કે પોતે અસ્તિત્વમાં છે અને પોતે એક વ્યકિત છે.

બાળક : આપણે કિલ્લાનો ત્યાગ કરી દઈએ તો શું થાય?

શ્રી માતાજી : ઓહ, પણ એમ કરવા જતાં સાવધાન રહેજો! તમે કિલ્લા વિના જીવી શકો એવી સ્થિતિમાં ન હો તો તમે એને છોડો નહિ એ જ વધુ સારી વસ્તુ છે - કિલ્લા વિના જીવવું એ તો ઘણી જ અઘરી વસ્તુ છે. માણસો સામાન્ય રીતે તો, ખૂબ ખૂબ મહેનત કરીને, ખૂબ ખૂબ કષ્ટ વેઠયા બાદ, કિલ્લાને તોડી પાડવાનું કામ કરતા હોય છે, અને એમાં એમને એમ થતું હોય છે કે પોતે મોટું પરાક્રમ કર્યું છે. ...પણ એ રીતે તો તેઓ તરત જ બીજા કિલ્લામાં દાખલ થઈ જતા હોય છે! સત્યની દૃષ્ટિએ જોતાં આ ફેરબદલીથી કશો ઝાઝો ફેર પડતો નથી. પણ એ ક્રિયાથી એમને એવો ભાસ થાય છે કે પોતે ઘણી મોટી પ્રગતિ કરી છે. કેમ કે જૂનો કિલ્લો જ તોડી નાખવામાં આવ્યો હોય છે અને તેને બદલે તેમણે બીજો કિલ્લો બાંધ્યો હોય છે.

કિલ્લા વિના રહેવું એ અત્યંત મુશ્કેલ વસ્તુ છે - એ સ્થિતિમાં માણસોને એમ થાય છે કે પોતે જ જીવતા નથી, પોતાને કોઈ વ્યકિતત્વ રહ્યું નથી, પોતે હવામાં આમ તેમ તરતા રહ્યા છે. કોઈ અનંત રીતે વિશાળ હોય તેવી, હરતી ફરતી, સતત પલટાતી રહેતી, સદાય પ્રગતિમાં રહેતી વસ્તુમાં રહેવું એ ઘણી જ મુશ્કેલ વસ્તુ છે. 'હું આ છું,

* જુઓ તા. ૧૦મી માર્ચનો વાર્તાલાપ.

આ મારી વિચાર કરવાની રીત છે.' એમ કહીને તમે જેનો આધાર મેળવી શકો એવી કોઈ વસ્તુ સાથે બંધાયા વિના રહેવું એ મહા મુશ્કેલ છે. એ ઘણી જ અઘરી વસ્તુ છે. એ કરવાને માણસે વધુ પડતો ઉતાવળીયો પ્રયત્ન ન કરવો જોઈએ. એમ કરવા જતાં કેટલાકનું મગજ ખસી ગયાના દાખલા બન્યા છે.

બાળક : મનોમય રચના કોણ ઊભી કરતું હોય છે?

શ્રી માતાજી : માનસિક અહંકાર આ રચના કરતો હોય છે અને એ રચનાને તે મરણિયો થઈને વળગી રહેતો હોય છે.

બાળક : 'હું' ભાવ અને અહંકાર એ બે એક જ વસ્તુ હોય છે?

શ્રી માતાજી : સામાન્ય રીતે એમ જ હોય છે.

બાળક : લોકો મનમાં એક વસ્તુનો વિચાર કરતા હોય છે અને બોલતા બીજું હોય છે, એમ કેમ બનતું હશે?

શ્રી માતાજી : હા, એ ઘણી વાર બને છે. લોકો વિચાર એક વસ્તુનો કરતા હોય છે અને બોલવા લાગે છે ત્યારે તદ્દન ઊલટી વસ્તુ જ કહેતા હોય છે. જીભ ઉપર જો વિચારનો કાબૂ રહેતો હોય તો ઘણી મૂર્ખાઈઓને અટકાવી શકાય તેમ હોય છે. તમે જ્યારે કાબૂ ગુમાવી દેતા હો છો અને અંદરથી ઉછળો આવે તે મુજબ ગમે તેમ અર્થ વિનાનું બોલી નાખતા હો છો; ત્યારે એ વસ્તુ જાણે કે કોઈ યંત્ર બોલતું હોય તેમ થાય છે; એ યંત્ર બોલવાની મજાને ખાતર જ બોલવા લાગતું હોય છે. આ એક સાવ અર્થહીન વસ્તુ લાગે છે પણ એ ઘટના આખોયે વખત થતી રહે છે. આનો ભોગ ન બનતા હોય તેવા માણસો બહુ જ ઓછા છે. લોકો ભાત ભાતની વસ્તુઓ બોલી નાખે છે અને પછી પૂછે છે. 'આ બધું શા માટે કહ્યું?' અને એ માટે શા બોલાયું, એ તેઓ જાણતા પણ નથી હોતા. હું એવા માણસો જાણું છું કે તેઓ બીજા માણસો જે વસ્તુ સાંભળવા માગતા હોય તે જ હમેશાં બોલતા હોય છે. એમાં જે માણસની સાથે વાત થતી હોય છે તે પોતાના મનમાં કહેતો હોય છે: 'આ હવે, મને આ વસ્તુ કહેશે,' અથવા એને એમ ડર લાગતો રહે છે કે, 'હું આશા રાખું છું કે એ મને પેલું નહિ કહે,' અને પેલો બીજો માણસ, એક મહેરબાની કરતા પૂતળાની માફક, પોતે શા માટે બોલે છે તે જાણ્યા વિના સામા માણસે જે વસ્તુ સાંભળવાની આશા રાખી હોય છે તે જ વસ્તુ શાંતિથી બોલવા લાગતો હોય છે!

બાળક : આ શું સંકલ્પશક્તિના અભાવને લીધે બનતું હશે?

શ્રી માતાજી : ના, એ એક પ્રકારની માનસિક વિકૃતિ હોય છે. એ રીતે બોલવામાં સંકલ્પશકિતનો બહુ ઉપયોગ થતો હોતો નથી. એમાં જો સંકલ્પશકિત ખરેખર ભાગ લેતી હોય છે તો એ વાતચીત કદાચ ઓછી અર્થહીન બને છે. ના, આ બધી માનસિક ક્રિયાઓ હોય છે, મનની રચનાઓ હોય છે, એક માનસિક શકિત આખો વખત ગતિ કર્યા કરતી હોય છે, આવજા કર્યા કરતી હોય છે, પાંજરામાં ખિસકોલી કશા ખ્યાલ વિના ગોળ ગોળ દોડયા કરતી હોય છે તેના જેવું એ હોય છે.

બાળક : તો પછી એ શું વૈશ્વિક લીલા છે?

શ્રી માતાજી : ના, એમાં ખાસ વૈશ્વિક તત્ત્વ હોતું નથી. એ માનવજાતિમાં રહેલી વસ્તુ છે, ઘણી જ માનવીય પ્રકારની વસ્તુ છે, કેટલા માણસોને એમનો પોતાનો આગવો વિચાર હોય છે? હું નથી માનતી કે સામાન્ય મન ધરાવતી સામાન્ય કક્ષાની માનવ-જાતિમાં આવું કોઈ હોય. પોતે ચિંતન કરીને વિચાર બનાવ્યો હોય એવા કેટલા માણસો છે? બહુ થોડા. લોકો જો આવી રીતે વિચાર બનાવતા હોય છે તો તેમને ભયંકર રીતે કઠોર ગણવામાં આવે છે; યા તો અસાધારણ બુદ્ધિશાળી ગણવામાં આવે છે. અથવા આપખુદ કે સત્તાશીલ ગણવામાં આવતા હોય છે—એમને હરેક રીતના વિશેષણોથી નવાજવામાં આવે છે! અને તેનું કારણ માત્ર એટલું જ કે તેમની પાસે વિચાર કરવાની એક ચોક્કસ પદ્ધતિ હોય છે.

દાખલા તરીકે, કોઈ એક સર્વ સામાન્ય વિચાર લો: 'જગતનું અસ્તિત્વ અનિશ્ચિત રૂપનું છે કે તેને કોઈ આદિ અને અંત છે?' આ વિષય ઉપર કોની પાસે ચોક્કસ વિચાર હોય છે? અથવા વળી, 'પૃથ્વીનો આરંભ કેવી રીતે થયો અને પૃથ્વી ઉપર માનવજાતિ કેવી રીતે આવી?' મન આ પ્રશ્નનો ઉકેલ કરવાને અશકત છે: એની પાસે કેટલીક શકયતાઓ ખડી થાય છે અને એમાંથી કેવી રીતે પસંદગી કરવી તેની એને સમજ પડતી નથી. તો પછી એ શું કરે છે, કઈ રીતે પસંદગી કરે છે? —એમાં પછી અંગત પસંદગીની રીતે કામ થાય છે. જે વિચાર માણસને એક અનુકૂળ અને આરામ આપે તેવી લાગણી અનુભવાવે છે તે દ્વારા તે પસંદગી કરી લે છે; મન કહે છે, 'હા, એમ જ હોવું જોઈએ.' પરંતુ તમે જો સાવ પ્રમાણિક અને વિવેકશીલ હશો અને તમારી પસંદગીઓને વશ નહિ થતા હશો તો તમે આ બે વસ્તુ કઈ રીતે નક્કી કરશો? માનવજાતિને માટે આ વિષય ઘણો નિકટનો છે અને એટલે તેમાં તે રસ લેતી હોય છે, નહિ?—આખરે તો, પૃથ્વી એ એનો પ્રદેશ છે. વારુ, તો તમે જો કોઈ પુસ્તક વાંચશો તો એ તમને એક વાત કહેશે; તમે જો બીજું પુસ્તક વાંચશો તો તે તમને બીજી વાત કહેશે. અને પછી ધર્મો પણ આ બાબતમાં પોતાના સિદ્ધાંતો લઈને માથું મારે છે અને એ તો વળી તમને એમ કહે છે કે આ અમુક વિચાર તો 'પરમ

સત્ય' છે અને તમારે તે માનવો જ જોઈશે, નહિ તો તમારું આવી બનશે! તમે વિજ્ઞાનશાસ્ત્રીઓના લખાણો વાંચો – એ તમને વૈજ્ઞાનિક વસ્તુઓ કહેશે. તમે તત્ત્વજ્ઞાનીઓને વાંચો – એ તમને તત્ત્વજ્ઞાનની વસ્તુઓ કહેશે. તમે આધ્યાત્મવાદીઓને વાંચો. તેઓ તમને આધ્યાત્મિક ઝોકવાળી વાત કહેશે અને ... તમે જ્યાંથી નીકળેલા ત્યાં જ પાછા આવીને ઊભા રહેશો. પણ કેટલાક માણસોને પોતાના મનમાં અમુક રીતની સ્થિરતા હોય એ ગમતું હોય છે: ખાસ કરીને તો જે લોકો કિલ્લા બાંધતા હોય છે – એ લોકોને કિલ્લામાં રહેવું બહુ ગમતું હોય છે. એમાંથી એમને એક પ્રકારની સભરતાની લાગણીનો અનુભવ થાય છે: તો, આવા લોકો પસંદગી કરે છે, અને તેમની પાસે જો પૂરતા પ્રમાણમાં બળવાન એવી માનસિક શકિત હોય છે તો તેઓ ઘણાએક વિચારોમાંથી એક વિચારને પસંદ કરે છે. એ વિચારને તેઓ પછી તમારે માટે કાપી-કૂપીને ઠીકઠાક કરે છે. દરેક વસ્તુને માટે તેનું સ્થાન અમુક છે એમ માનીને એ વસ્તુને ત્યાં ગોઠવી તેઓ એક મજબૂત દીવાલ ઊભી કરે છે: એટલે એમ કે, એ વિચારમાં એટલા બધા વિરોધાભાસો પાસે પાસે ન હોવા જોઈએ કે જેથી એ બધા અથડાઈ પડે! એ વિચાર એક સુસંયોજિત બનેલી વસ્તુ હોવો જોઈએ: અને એ લોકો મક્કમ રીતે બોલે છે; 'લો હવે હું જાણું છું!' – એ લોકો કશું જ જાણતા નથી હોતા!

આ વસ્તુ બહુ જ રસપ્રદ છે કેમકે તમે જેમ જેમ વધારેને વધારે માનસિક પ્રવૃત્તિ કરતા હો છો; તેમ તેમ, તમે આ ક્ષુદ્ર રમતમાં વધુ ને વધુ ઊતરતા જાઓ છો. અને માણસો વિચારો સાથે કેવા તો જકડાઈ જતા હોય છે! – જાણે કે એના ઉપર જ આખું જીવન ટકી રહ્યું હોય એમ એ વિચારને તેઓ પકડી રાખે છે! મેં એવા માણસો જોયા છે કે તેઓ મુખ્ય વિચારને પકડીને બેસી રહેતા અને કહેતા 'બીજાં બધું ભલે જહન્નમમાં જાય. મને તેની કાંઈ પડી નથી, પણ આ વિચાર તો સ્થિર રહેશે જ: આ જ સત્ય વસ્તુ છે!' અને એ લોકો જ્યારે રોગ કરવા આવે છે: (અને એ રમૂજ આપે તેવું હોય છે.) ત્યારે એમના એ જ વિચાર ઉપર સતત મારો ચાલતો રહે છે, આખોયે વખત! બધા જ બનાવો, બધી જ પરિસ્થિતિઓ, એ વિચાર ઉપર ફટકા લગાવતાં રહે છે અને આખરે એ વિચાર ડગમગવા લાગે છે, અને એક શુભ દિવસે તેઓ નિરાશ થઈને બોલી ઊઠે છે: 'આહ્! મારો વિચાર ચાલ્યો ગયો છે.'

કોઈ એક જણે જરા કાવ્યમય રીતે કહ્યું છે, 'તમારે બધી જ વસ્તુઓ મેળવવી હોય તો તે માટે જ વસ્તુઓ કેવી રીતે ગુમાવી દેવાય તે જાણવું જોઈએ.' અને એ વસ્તુ સાચી છે, ખાસ તો મનને માટે, કારણ કે, તમને બધું જ ગુમાવતાં નહિ આવડતું હોય તો તમે કાંઈ જ મેળવી શકવાના નથી.

બાળક : આ પૃથ્વીનો આરંભ કેવી રીતે થયો ?

શ્રી માતાજી : પંડિતોને પૂછો, એ તમને કહેશે.

બાળક : આખરે, જો પ્રગતિ એટલે આપણે ભણ્યા હોઈએ તે ભૂલી જવું એમ જ હોય તો પછી ભણવાનો અર્થ શો છે ?

શ્રી માતાજી . પણ આ તો કસરતમાં થાય છે, તેના જેવું છે. તમારું શરીર ઘડવા માટે તેમ જ તેને મજબૂત કરવા માટે તમે હરેક રીતની ક્રિયાઓ કરતાં હો છો. પણ એનો અર્થ એમ નથી કે તમે તમારી આખીયે જિન્દગી સુધી વજન ઊંચકયા કરશો અને પેરેલલ બાર કર્યા કરશો ! એક ગૌણ પ્રવૃત્તિ તરીકે તમે તે ચાલુ રાખી શકો છો, એક વિનોદના સાધન તરીકે, પણ એ કાંઈ ઉત્તમોત્તમ ધ્યેય નથી ! મન માટે પણ એમ જ છે. તમારું મન પ્રગતિ કરી શકે એવું બને, એક નવા જીવન સાથે તે અનુકૂળ બની જાય એવું બને, ઊર્ધ્વ શકિતઓ પ્રત્યે તે પોતાને ખુલ્લું કરી શકે તેવું બને, તે માટે તમારે તેને હરેક રીતની કસરતોમાંથી પસાર કરવાનું છે. એટલા માટે તો બાળકોને શાળામાં મોકલવામાં આવે છે; બાળક જે કાંઈ શીખે છે તે બધું તે યાદ રાખે એટલા માટે નહિ — પોતે જે જે ભણ્યા હોય છે તે બધું કોણ યાદ રાખતું હોય છે ? માણસને પછીથી જયારે બીજાઓને ભણાવવાનું કામ કરવું પડે છે ત્યારે તે બધું પાછું ફરીથી ભણવું પડે છે. એ બધું જ ભુલાઈ ગયું હોય છે. જો કે એ બધું ભુલાઈ ગયું હોય છે તો પણ તે ઝડપથી પાછું તાજું થાય છે. પણ માણસો જો કદી પણ નિશાળે ગયા જ ન હોય, કદી કશું ભણ્યા જ ન હોય અને બધી વસ્તુઓ નવેસરથી શરૂ કરવાની હોત તો તો....તમે પિસ્તાળીસની ઉમ્મરે પેરેલલ બાર કરવા શરૂ કરો, તો એ કામ કષ્ટદાયક જ થાય, ખરું કે નહિ ? જે મગજમાં મુલાયમતા નથી હોતી, તેને અંગે પણ આવી જ સ્થિતિ હોય છે. સારામાં સારી કસરત કયી એ તમે જાણો છો ? કોઈ મીમાંસક સાથે દરરોજ વાર્તાલાપ કર્યા કરવો તે, કારણ કે એમાં કશી નક્કી નિશ્ચિત વસ્તુ હોતી નથી. એમાં તમે કોઈ એવી વસ્તુ ઉપર એકાગ્ર થઈ શકતા નથી જેને કોઈ આકાર હોય. તત્ત્વજ્ઞાનમાં બધું કેવળ શબ્દોની સૃષ્ટિમાં જ ચાલતું હોય છે, એ નર્યો અમૂર્તનો પ્રદેશ હોય છે. એ શુદ્ધ માનસિક વ્યાયામ હોય છે. અને તમે જો કોઈ મીમાંસકની માનસિક રચનામાં દાખલ થઈ શકો અને તેને સમજી શકો તેમ હો, તો એ એક સંપૂર્ણ વ્યાયામ બની રહે છે !

(એક ગણિતશાસ્ત્રી શિષ્ય :)

શિષ્ય : ગણિતશાસ્ત્રીઓ વિષે પણ આવી જ સ્થિતિ છે એમ હું ધારું છું, ખરું કે નહિ !

શ્રી માતાજી : હા.

બાળક : મૃત્યુ વખતે પ્રાણમય સ્વરૂપ ઉપર પ્રાણમય જગતમાં વિરોધી શકિતઓ કે તત્ત્વો તરફથી હુમલા થાય તો તે શું કોઈ ઠેકાણે આશ્રય શોધતું નથી હોતું? –

શ્રી માતાજી : હા, આટલા માટે બધા જ દેશોમાં તથા બધા જ ધર્મોમાં, માણસનું મૃત્યુ થાય તે પછી, કાંઈ નહિ તો સાત દિવસ સુધી, મૃત્યુ પામેલી વ્યકિતનું એકાગ્ર ભાવે સ્મરણ કરવું જોઈએ એમ કહેવામાં આવ્યું છે. કારણ કે એ વ્યકિતને વિષે તમે જ્યારે પ્રેમપૂર્વક વિચાર કરતા હો છો : કોઈ પણ આંતરિક અસ્વસ્થતા વિના, રુદન કર્યા વિના, પેલી વ્યકિત વિષે કોઈ પણ વ્યગ્ર લાગણી વિના; ત્યારે તમે જો શાંત થઈ શકતા હશો તો, તમારું વાતાવરણ એ વ્યકિતને માટે એક રીતની જ્યોતિ જેવું બની રહેશે. એના ઉપર જ્યારે વિરોધી શકિતઓનો હુમલો થતો હોય (હું માણસના પ્રાણમય સ્વરૂપની વાત કરું છું. પોતાની વિશ્રાંતિની અવસ્થા પ્રતિ જઈ રહેલા ચૈત્ય પુરુષની નહિ) ત્યારે એને સાવ નિઃસહાયતા અનુભવાય, અને પોતે શું કરવું તેની કશી ખબર ન પડે, અને પોતે મહા કષ્ટમાં આવી પડયો છે એમ તે અનુભવે તે બનવા જોગ છે. એવે વખતે પછી તેને જે લોકો એને વિષે વિચાર કરતા હોય છે તેમની સાથેના સંબંધને લીધે તેમનો પ્રકાશ દેખાય છે અને એ ત્યાં ધસી જાય છે. એ વાત લગભગ સતત બનતી રહે છે કે મૃત્યુ પામેલા માણસની પ્રાણમય રચના, તેના પ્રાણમય સ્વરૂપનો એક ભાગ : અથવા માણસનો પ્રાણ જો સારી રીતે સંગઠિત બનેલો હોય છે તો કોઈક વાર તો આખોયે પ્રાણ એની સાથે સ્નેહ ધરાવતી રહેલી વ્યકિતના અથવા તો માણસોના પ્રકાશમાં, તેમનાં વાતાવરણમાં આશ્રય લેતો રહે છે. કેટલાક માણસોની સાથે મૃત્યુ પામેલા માણસના પ્રાણનો એક ભાગ હમેશાં રહેતો હોય છે. આ કહેવાતી વિધિઓની સાચી ઉપયોગિતા આ પ્રમાણેની છે. એ સિવાય એનો બીજો કોઈ અર્થ નથી હોતો.

આ વસ્તુ કશી વિધિઓ વિના કરવી એ વધુ સારું છે, કેમકે એ વિધિઓ કાંઈ નહિ તો નુકશાન જ કરતી હોય છે, અને તેનું કારણ તદ્દન સાદું હોય છે. તમે જ્યારે વિધિ અંગે કાંઈ હિલચાલ કરતા હો છો, ક્રિયા કરતા હો છો, ત્યારે તમે મૃત્યુ પામેલી વ્યકિત કરતાં એ બધી વિધિઓને લગતી વસ્તુઓનો જ વધુ વિચાર કરતા હો છો. અને વળી, લોકો ઘણે ભાગે આ બધી વિધિઓ આટલા માટે જ કરતા હોય છે. ભૂલી જવાનો પ્રયત્ન કરવાની માણસોને ટેવ પડી હોય છે. એ ટેવ પ્રમાણે જ બધું થતું હોય છે, ખરી વાત એ છે કે માણસ મોટે ભાગે બે જ પ્રવૃત્તિઓ કરતો રહે છે: એક તો એને માટે જે વસ્તુ દુઃખદાયક હોય છે તેને તે ભૂલી જવાનો પ્રયત્ન કરતો રહે છે, અને બીજું એ કે કંટાળામાંથી બચવા માટે તે બીજી વસ્તુઓની ખોજ કરવાનો પ્રયત્ન કરતો રહે છે. માણસ જાતિની આ બે મુખ્ય પ્રવૃત્તિઓ છે. અર્થાત્ માણસ જાતિ પોતાનો અર્ધો વખત એવી વસ્તુ કરવામાં ગાળતી રહે છે કે જેમાં સત્ય હોતું નથી.

લોકોને જ્યારે કંટાળો આવતો હોય છે (કેટલાક માણસો એવા હોય છે કે જેમને કામ કરતા રહેવાની કશી અનિવાર્ય જરૂર નથી હોતી, અથવા તો તેમને પૈસાદાર હોવાનું દુર્ભાગ્ય પ્રાપ્ત થયેલું હોય છે ત્યારે તેઓ મૂર્ખાઈ ભરેલી વસ્તુઓ કરવા લાગે છે! માણસ જે વધુ પડતી વસ્તુઓ કરી બેસતો હોય છે, જે જે મૂર્ખાઈઓ કરતો હોય છે તે તમામનું મૂળ કંટાળામાં રહેલું છે, શુષ્કતાની લાગણીમાં રહેલું છે. એ સ્થિતિમાં તમે એક ભીના લોચા જેવા બની જતા હો છો. તમે કોઈ પણ વસ્તુ પ્રત્યે પ્રતિકાર્ય કરી શકતા નથી અને તમારી જાતને હરતી ફરતી કરવા માટે અને કાંઈક કરવા માટે તમારે તમારી જાતને, (અલંકારિક રીતે કહેતાં) ફટકારવાની રહે છે.

કુદરતે જે વ્યવસ્થા ગોઠવી છે તેમાં તો માણસને જે આરામની ક્ષણો મળે છે તે તાજા થવાને માટે હોય છે, પણ એ ક્ષણોનો કેવી રીતે ઉપયોગ કરવો તેનું જ્ઞાન માણસોને નથી હોતું.

આ વાર્તાલાપના અંત ભાગ ઉપર ફરીથી નજર નાખતાં
શ્રી માતાજીએ નીચે મુજબ વિચાર વ્યક્ત કર્યો હતો. (૧૦-૩-૬૫)

અત્યારે હવે મને ઘણી વધારે વસ્તુઓ કહેવાનું મન થાય છે. દાખલા તરીકે, પ્રભુ જ્યારે માણસો સાથે એક સભાન રીતનો સંબંધ સ્થાપવાને માટે તેમની ખૂબ જ નિકટમાં આવતા હોય છે ત્યારે, એજ વખતે માણસો મૂર્ખભાવે ગંભીરમાં ગંભીર મૂર્ખતાઓ કરી બેસતા હોય છે.

આ સાચું છે. અત્યંત સાચું છે, માણસને તેના પોતાના આદિ મૂળ તત્ત્વનું ભાન આપવા માટે જ્યારે બધી જ વસ્તુઓને શાંત કરી દેવામાં આવતી હોય છે તે જ વખતે માણસ, એની મૂર્ખાઈને કારણે પોતાની જાતને બીજી વસ્તુમાં રોકવા માટે ખરાબમાં ખરાબ મૂર્ખતાઓનો વિચાર કરવા લાગે છે અથવા એવી મૂર્ખતાઓ કરવા લાગી જાય છે.

બાળક: માણસ પ્રકાશના બળને ઝીલી શકે તેમ હોતો નથી. એટલા માટે જ શું તે બીજા વિષયમાં મન દોડાવવા લાગી જાય છે?

શ્રી માતાજી: હા.

બાળક: દબાણ બહુ વધારે હોય છે?

શ્રી માતાજી: હા, કેટલાક લોકોને ડર લાગી જતો હોય છે, તેઓ એકદમ ભયભીત થઈ જતા હોય છે. એ દબાણને તેઓ સહન કરી શકતા નથી એટલે એમાંથી નીકળી જવા માટે તેઓ ગમે તે વસ્તુ કરવા લાગી જતા હોય છે.

૧૪ માર્ચ, ૧૯૫૧

શ્રી માતાજી વાંચન કરે છે:

> '...જ્યારે ભગવાન પ્રત્યે વળો ત્યારે તમારા મનના ઘડેલા સઘળા વિચારોનો સંપૂર્ણ ત્યાગ કરવો જોઈએ. પરંતુ તેમ કરવાને બદલે ઊલટા તમે તમારા માનસિક વિચારોનો ભગવાન ઉપર અધ્યારોપ કરો છો. માટીના નરમ લોચા જેવા આકારગ્રાહી થવું અને ભગવાનની ગમે તે આજ્ઞાને આધીન બની વર્તવા તૈયાર રહેવું એ યોગીને માટે સાચું વલણ છે.'
>
> ('માતાજીની વાણી' : વાર્તાલાપ - ૭)

બાળક: 'નમનીયતા' (આકારગ્રાહીપણું) એટલે શું?

શ્રી માતાજી : જે કાંઈ પોતાનો આકાર સહેલાઈથી બદલી શકે તેને 'નમનીય' કહેવાય છે. અલંકારની રીતે, એને લયબદ્ધતા, સંજોગો અને જરૂરિયાત મુજબ વળી શકવાની શકિત અથવા મુલાયમતા કહી શકાય. જ્યારે હું તમને ભગવાન સાથેના સંબંધમાં નમનીયતાવાળા બનવાનું કહું છું ત્યારે મારો કહેવાનો અર્થ એ હોય છે કે પૂર્વનિર્ણિત વિચારો અને રૂઢ સિદ્ધાંતોની અકડાઈ વડે તેમનો વિરોધ ન કરો. હું એક એવા માણસને ઓળખતી હતી જે આમ કહેતો: 'મેં ભગવાનને પૂર્ણપણે આત્મ-સમર્પણ કરેલું છે, હું એ જે કાંઈ કહે તે કરવાને તૈયાર છું, પણ મને ચિંતા નથી. કારણ કે હું જાણું છું કે એ મને કોઈને મારી નાખવાનું નહિ કહે.' મેં કહ્યું: 'એની તમને શી રીતે ખબર પડી'? એને એ ન ગમ્યું. આ વસ્તુ નમનીયતાનો અભાવ સૂચવે છે.

બાળક: આપણે સર્વ પ્રસંગે નમનીય રહીએ તે એક પ્રકારની નિર્બળતા ન કહેવાય?

શ્રી માતાજી: પણ તમને બીજા માણસોની ઈચ્છાઓ તરફ નમનીય રહેવાનું કહેવામાં આવ્યું નથી. બીજાઓની સાથેના સંબંધોમાં નમનીય રહેવાનું તમને કોઈ કહેતું નથી. તમને ભગવાનના સંકલ્પ પ્રત્યે નમનીય રહેવાનું કહેવામાં આવે છે. અને એ, એની એ વસ્તુ નથી! અને એમાં તમારામાં ઘણા બળની જરૂર રહે છે. કારણ કે સૌ પ્રથમ તો એમ બનશે કે તમારી આસપાસ આવી રહેલ વ્યકિતઓની ઈચ્છાઓ સાથે તમે અથડામણમાં આવશો. તમારું કુટુંબ હોય તો તેનું વલણ કેવું છે તે તમે જોશો! જેટલા પ્રમાણમાં તમે ભગવાનના સંકલ્પ પ્રત્યે નમનીય હશો તેટલા પ્રમાણમાં બીજા માણસો જે એ સંકલ્પ સાથે સંબંધમાં રહેવા ટેવાયેલા નથી હોતા તેમના તરફથી વધુ વિરોધ અનુભવશો.

જો બધા માણસો ભગવાનના સંકલ્પને મૂર્ત કરતા હોય તો કોઈ ઠેકાણે ઝગડો ન રહે, બધાના મત એક સરખા હોય. આપણે એજ વસ્તુ કરવા પ્રયત્નશીલ છીએ પણ એ સહેલી વસ્તુ નથી.

બાળક: પણ ભગવાનની ઈચ્છા શું છે તે જાણવું અઘરું છે, નહિ?

શ્રી માતાજી: આપણે એ પ્રશ્ન વિષે લંબાણથી વાત થઈ ગયેલી છે. આપણે જે વાત કરેલી તે તમને યાદ નથી? ભગવાનનો સંકલ્પ જાણવા માટેની ચાર શરતો છે:—

પહેલી આવશ્યક શરત - પૂરેપૂરી અંતરની સચ્ચાઈ રાખવી.

બીજી - કામનાઓ અને અભિરુચિઓ ઉપર વિજય પ્રાપ્ત કરવો.

ત્રીજી - મનને નીરવ કરી શ્રવણ કરવું.

ચોથી - તમને આદેશ મળે કે તરત તેનો અમલ કરવો.

એમાં પણ આપણે એમ કહી શકીએ કે અનેકાનેક માણસોમાંથી ભાગ્યે જ કોઈ એકાદ ભગવાનના સંકલ્પ અનુસાર કાર્ય કરે છે.

જો તમે ખંતપૂર્વક મંડ્યા રહેશો તો તમે વધુને વધુ સ્પષ્ટપણે ભગવાનના સંકલ્પને જાણતા થશો. પરંતુ એ શું છે તે તમે જાણો તે પહેલાં પણ, તમે તમારા પોતાના સંકલ્પનું સમર્પણ કરી શકો છો અને પછી તમે જોશો કે તમારા બધા સંજોગો એવી રીતે ગોઠવાય છે કે તમે કરવા યોગ્ય વસ્તુ જ કરી શકો છો. પણ તમારે પેલા જે માણસને હું ઓળખતી હતી તેના જેવા થઈને એમ ન કહેવું જોઈએ કે 'હું બીજાઓમાં ભગવાનનો સંકલ્પ નિહાળું છું.' એવું વલણ તમને ક્યાં લઈ જશે તે કહેવાય નહિ, - એના જેવી ભયંકર વસ્તુ બીજી કોઈ નથી, કારણ કે તમે બીજાઓના સંકલ્પમાં ભગવાનનો સંકલ્પ જોશો તો તમારું વર્તન તેમના સંકલ્પ પ્રમાણે હશે, ભગવાનના નહિ.

તમને પેલા જલદી ચિડાઈ જાય તેવા હાથી, તેના મહાવત અને તે હાથીને માર્ગ ન આપનાર માણસની વાતની ખબર હશે. રસ્તા વચ્ચે ઊભા રહીને એ માણસે મહાવતને કહ્યું કે, 'મારામાં પ્રભુનો સંકલ્પ, કાર્ય કરે છે અને તે ઈચ્છે છે કે મારે રસ્તામાંથી જરાપણ ખસવું નહિ.' પેલો મહાવત, જે સહેજ મજાકખોર હતો તેણે તેને કહ્યું કે: 'પણ હાથીમાં રહેલો ભગવાનનો સંકલ્પ ઈચ્છે છે કે તારે ખસી જવું!'

(શ્રી માતાજી બીજો પ્રશ્ન હાથ ધરે છે જેમાં કોઈએ પૂછેલું કે,
માંદગી આવવા માટે 'વિરોધી શક્તિઓ' કે યોગના વારા-
ફેરા કરતાં કરતાં કિટાણુઓ વધુ જવાબદાર છે કે કેમ?
શ્રી માતાજીએ જવાબ આપેલો કે:)

'યોગ ક્યાં શરૂ થાય છે અને ક્યાં પૂરો થાય છે? તમારું આખું જીવન જ શું યોગ નથી? વ્યાધિની શક્યતાઓ તમારા શરીરની અંદર અને તમારી આજુબાજુ હમેશાં રહેલી જ છે. તમારી અંદર તથા તમારી આજુબાજુ દરેક જાતની માંદગીના જંતુઓ ટોળાબંધ આવી રહેલાં છે. વર્ષો સુધી તમને નહિ થયેલ એવા એકાદ વ્યાધિના તમે શા માટે એકાએક ભોગ થઈ પડો છો? તમે કહેશો, પ્રાણશક્તિમાં ઓટ આવવાને લીધે એ પ્રમાણે થાય છે. પરંતુ એ ઓટ ક્યાંથી આવે છે? અંતરમાં પ્રવર્તતા એક પ્રકારના વિસંવાદમાંથી અને ભગવાનની દિવ્ય શક્તિનો પોતાનામાં સ્વીકાર કરવાની અશક્તિને પરિણામે તે આવે છે. તમને ટકાવી રાખનાર જ્યોતિ અને શક્તિના સંસર્ગમાંથી દૂર થઈ જાઓ છો, ત્યારે ઓટ આવે છે. વૈદકશાસ્ત્ર જેને 'વ્યાધિને અનુકૂળ સ્થિતિ' કહે છે તે ઉત્પન્ન થાય છે અને અદૃશ્ય દુશ્મનો એ પરિસ્થિતિનો લાભ લે છે. શંકા, નિરાશા, વિશ્વાસની ખામી, સ્વાર્થી, અહં કેન્દ્રિત વૃત્તિ, વગેરે દિવ્ય જ્યોતિ અને શક્તિ જોડેની તમારી સંસર્ગ દોરી કાપી નાખે છે, અને તમારા ઉપર થનાર હુમલાને તક આપે છે. આવા પ્રકારની આંતર સ્થિતિ તમારી માંદગીનું કારણ હોય છે, જંતુઓ નહિ.'

('માતાજીની વાણી': વાર્તાલાપ - ૭)

હવે એક વસ્તુનો સ્વીકાર સર્વ કોઇ, ચિકિત્સકવર્ગ પણ કરે છે કે, આરોગ્ય જાળવવાની બાબતના નિયમો, દાખલા તરીકે, જેટલા પ્રમાણમાં વ્યકિતને શ્રદ્ધા હોય તેટલા પ્રમાણમાં જ અસરકારક બને છે. કોઈ રોગના ઉપદ્રવનો દાખલો લો. ઘણાં વર્ષો પહેલાં અહીં કોલેરાનો ઉપદ્રવ થયેલો — ઘણા ખરાબ પ્રમાણમાં — પણ હોસ્પિટલનો મુખ્ય તબીબી અધિકારી ઘણો ઉત્સાહી હતો. તેણે બધા માણસોને રસી મૂકવાનું

નક્કી કર્યું. લોકોને રસી આપીને વિદાય કરતાં તે કહેતો 'તમને રસી મૂકી છે એટલે હવે તમને કંઈ નહિ થાય, જો તમને રસી ન મૂકી હોત તો જરૂર તમારું મૃત્યુ નીપજત!' આ વાત તેમને એ ખૂબ ભારપૂર્વક કહેતો હતો. સામાન્ય રીતે આવો ઉપદ્રવ લાંબો સમય ચાલે છે અને તેને અટકાવવો મુશ્કેલ હોય છે. પણ મને લાગે છે, કે પંદરેક દિવસમાં એ દાકતર એને કાબુમાં લાવવા શકિતમાન બનેલો. ગમે તેમ તોય એ વસ્તુ એણે અદ્‌ભુત લાગે તેવી ઝડપથી કરેલી. પણ એને બરાબર ખબર હતી કે એણે આપેલી રસીની સારામાં સારી અસર તો તેની મારફત જે વિશ્વાસ લોકોમાં રેડાતો હતો તેને કારણે હતી.

હવે હાલમાં જ એ લોકોએ એક બીજી વસ્તુ શોધી કાઢી છે. અને મને એ આશ્ચર્યકારક લાગે છે. એમણે શોધી કાઢયું છે કે દરેક રોગ માટે તેને મટાડી શકે તેવો એક કિટાણુ હોય છે (તમારે એને કિટાણુ કહેવો હોય તો તેમ કહો, એ ગમે તે પ્રકારનો જીવાણુ હોય.) * પણ એમાં આશ્ચર્યકારક વસ્તુ એ છે કે આ 'કિટાણુ' અતિશય ચેપી હોય છે, રોગના કિટાણુ કરતાં પણ વધુ ચેપી. સામાન્ય રીતે એ બે પ્રકારની પરિસ્થિતિમાં વિકસે છે: જે લોકોમાં એક સાહજિક ખુશમિજાજીપણું અને શકિત હોય છે તેમનામાં અને જે લોકોમાં સાજા થઈ જવાનો તીવ્ર સંકલ્પ હોય છે તેમનામાં! આવા લોકોને અચાનક 'કિટાણુ' લાગી જાય છે અને તેઓ સાજા થઈ જાય છે. આમાં આશ્ચર્યકારક વસ્તુ એ છે કે કોઈ એક વ્યકિત એ ઉપદ્રવમાંથી સાજી થાય તેની સાથે જ બીજી ત્રણ ચાર વ્યકિતઓ સાજી થઈ જાય છે. અને જે બધા સાજા થઈ ઊઠે છે, તે બધામાં આ 'કિટાણુ' મળી આવે છે.

પણ હું તમને એક વાત કહેવા માગું છું: લોકો જેને કિટાણુ કહે છે તે હકીકતમાં એક આત્મા જગતમાંના સંકલ્પ અને આંદોલનનું માત્ર ભૌતિકરૂપ હોય છે. મેં જ્યારે આ તબીબી શોધો વિષે જાણ્યું ત્યારે કહેલું કે: 'સાચે જ વિજ્ઞાનશાસ્ત્ર પ્રગતિ કરી રહ્યું છે.' એથી પણ વધુ સકારણ રીતે તમે કહી શકો કે 'પદાર્થ તત્ત્વ પ્રગતિ કરી રહ્યું છે, એ વધુને વધુ પ્રમાણમાં ઊર્ધ્વના સંકલ્પ પ્રત્યે ગ્રહણશીલ બની રહ્યું છે.' એમના શાસ્ત્રમાં જે વસ્તુને 'કિટાણુ' ગણવામાં આવે જે તે, તમે જો વસ્તુઓના મૂળમાં જઈને જુઓ તો જણાશે કે એ એક આંદોલનનો પ્રકાર માત્ર છે. અને આ આંદોલનનો પ્રકાર એ કોઈ વધુ શકિતશાળી સંકલ્પનું ભૌતિક રૂપાંતર છે. જો તમે આ શકિત, કે સંકલ્પ, કે બળ, કે આંદોલન (તમારે એને જે નામ આપવું હોય તે આપો) અમુક નક્કી કરેલી પરિસ્થિતિમાં લાવી મૂકો તો એ કેવળ તમારામાં જ નહિ પણ સંસ્પર્શ દ્વારા તમારી આસપાસ પણ કાર્ય કરશે.

---

* આ વાત કદાચ આજકાલ જેને 'એન્ટિબૉડી' કહેવાય છે, તેના વિષે છે.

(એક સાધકે પૂછેલું કે, 'અહીં કોઈ 'કિટાણુઓ'માં માનતું નથી છતાં ગાળેલું પાણી કેમ પીવામાં આવે છે? શ્રી માતાજીએ જવાબ આપેલો કે:)

" તમારામાં રોગનાં સૂચનોને વશ ન થાય એવો શુદ્ધ અને બળવાન કોણ છે તે મને કહેશો? તમે ગાળ્યા વિનાનું પાણી પીઓ અને માનો કે 'હું અશુદ્ધ પાણી પીઉં છું' તો ઘણે ભાગે તમે માંદા પાડવાના જ. અને તમારી જાગ્રત બુદ્ધિમાં એ સૂચનો તમે ન આવવા દો તો પણ તમારી સમગ્ર અવચેતના એવાં સૂચનો પ્રત્યે નિરાધારપણે ખુલ્લી પડી છે....સાધારણ માણસની આંતરિક સ્થિતિ ભય અને બીકથી ભરેલી હોય છે. તમે માત્ર દશ મિનિટ પણ ઊંડા ઊતરીને તમારું સ્થૂલ મન તપાસી જોશો તો તમને જણાશે કે એ દસમાંથી નવ મિનિટ ભયથી વ્યાપ્ત હોય છે....નિયંત્રણ અને પ્રયત્ન વડે તમે તમારા મન અને પ્રાણને સર્વ પ્રકારના ભયથી મુકત કર્યા હોય તો પણ સ્થૂલ દેહની પાસે એ મુકિતનો સ્વીકાર કરાવવો ઘણો મુશ્કેલ છે.'

('વાર્તાલાપ' - ૭)

બાળક: આપણે આપણા મન અને પ્રાણને મુકત કરવામાં સફળ થયા હોઈએ છીએ છતાં શરીરને પ્રતીતિ કરાવવામાં કેમ મુશ્કેલી જણાય છે?

શ્રી માતાજી: એનું કારણ એ કે ઘણા ખરા કિસ્સાઓમાં, શરીર એની પ્રેરણા અવચેતનામાંથી મેળવતું હોય છે અને અવચેતનાની અસર હેઠળ હોય છે. સક્રિય ચેતનામાંથી કાઢી મૂકેલી ભીતિઓ અવચેતનામાં જઈને આશ્રય લે છે અને પછી કુદરતી રીતે તમારે તેમનો પીછો પકડીને અવચેતનામાંથી તેમને નિર્મૂલ કરવાની રહે છે.

બાળક: વ્યકિતમાં ભય હોવાનું કારણ શું?

શ્રી માતાજી: હું ધારું છું કે એનું કારણ એ હોય છે કે વ્યકિત અહંભાવવાળી હોય છે.

એનાં ત્રણ કારણ હોય છે: પહેલું કારણ એ કે વ્યકિતને પોતાની સલામતી માટે વધુ પડતી ચિંતા હોય છે. બીજું ,અજ્ઞાત વસ્તુ એક એવી અસ્વસ્થાની લાગણી ઊભી કરે છે, જે ચેતનામાં ભયનું રૂપ ધારણ કરે છે. અને આ સર્વ ઉપરાંત વ્યકિતને ભગવાન ઉપર સાહજિકપણે શ્રદ્ધા રાખવાની ટેવ નથી હોતી. જો તમે વસ્તુઓની અંદર પૂરતા પ્રમાણમાં ઊંડા ઊતરી જોશો તો એ કારણ જ સાચું જણાશે. એવા લોકો પણ છે કે જેમને 'તે' પ્રભુનું અસ્તિત્વ છે કે નહિ તેની પણ ખબર નથી. પરંતુ એવા લોકો પાસે આ જ વસ્તુ તમે બીજા શબ્દોમાં મૂકી શકો — 'તમને તમારામાં શ્રદ્ધા નથી'

અથવા 'તમે કરુણા વિષે કંઈ જાણતા નથી' અથવા બીજી ગમે તે પ્રકારની ભાષા વાપરો — તમને ગમે તે રીતે એ વસ્તુ રજૂ કરો, પણ એ બધાના પાયામાં રહેલી વસ્તુ તો શ્રદ્ધાનો અભાવ જ હોય છે. જો તમારામાં એવી ભાવના હમેશાં બની રહે કે સર્વ સંજોગોમાં જે કાંઈ બને છે તે સારામાં સારું બને છે. તો તમને ભય લાગશે નહિ.

ભયની પ્રથમ ક્રિયા આપોઆપ જ બની આવે છે. એક ઠેકાણે એક મોટો વિદ્વાન માણસ હતો, એ એક મોટો માનસશાસ્ત્રી પણ હતો (મને એનું નામ યાદ નથી આવતું). એણે એની આંતર ચેતનાનો વિકાસ કરેલો હતો પણ એને એ વિકાસ બાબતની પરીક્ષા કરી જોવી હતી. એણે એક પ્રયોગ કર્યો. એને જાણવું હતું કે ચેતનાના સંયમ વડે શરીરનાં આપોઆપ થતાં કાર્યો ઉપર કાબૂ મેળવી શકાય કે નહિ (કદાચ એ એટલું બધું થઈ શકે તેટલો આગળ નહિ વધ્યો હોય, કારણ કે એ થઈ શકે તેમ તો છે પણ એને માટે એ શકય ન હતું). એ એક પ્રાણીસંગ્રહસ્થાનમાં જ્યાં એક કાચની પેટીમાં સર્પોને રાખવામાં આવતા હતા ત્યાં ગયો. ત્યાં એક ખૂબ ઝનૂની નાગને પણ રાખેલો હતો. એ નાગ જ્યારે ઊંઘતો ન હોય ત્યારે લગભગ સતત એક ક્રોધભરી અવસ્થામાં રહેતો હતો, કારણ કે કાચમાં થઈને એ લોકોને જોઈ શકતો હતો અને એનાથી એ ઉશ્કેરાઈ જતો હતો. આપણો વિદ્વાન પુરુષ ત્યાં જઈને એ પિંજરા સામે જઈને ઊભો રહ્યો. એને બરાબર ખબર હતી કે પિંજરું એવી સારી રીતે બનાવેલું હતું કે સાપ કદી પણ એનો કાચ ભાંગી શકે તેમ ન હતું અને તેને એ સર્પ તરફથી હુમલો થવાનો કોઈ ભય ન હતો. એટલે એણે ત્યાંથી એ સાપને બૂમબરાડા અને ચાળા કરીને સાપને ઉશ્કેરવા માંડયો. એ નાગે, ક્રોધે ભરાઈને કાચ તરફ પોતાના શરીરને પછાડવા લાગ્યો. જ્યારે જ્યારે એ એમ કરતો ત્યારે પેલો વૈજ્ઞાનિક પોતાની આંખો મીંચી દેતો! આપણો એ માનસશાસ્ત્રી પોતાની જાતને એમ કહેતો કે, 'પણ અરે, હું જાણું છું કે આ સાપ એ કાચને ભેદીને આવી શકે તેમ નથી, તેમ છતાં હું મારી આંખો કેમ મીંચી દઉં છું?' તો, આપણે સ્વીકાર કરવો રહ્યો કે શારીરિક પ્રત્યાઘાત ઉપર વિજય મેળવવો અઘરું કામ છે. એ આપણને એક પ્રકારની રક્ષણની લાગણી અર્પે છે. અને જો આપણને એમ લાગે કે આપણે આપણી જાતનું રક્ષણ કરી શકતા નથી, તો ભયની લાગણી ઊભી થાય છે. પણ ભયની જે ક્રિયા આંખો મીંચાઈ જવાની ક્રિયામાં વ્યકત થાય છે તે મનોમય કે પ્રાણમય ભીતિ નથી; એ શરીરના કોષાણુઓમાં રહેલ ભયની લાગણી છે, કારણ કે તેમનામાં એવું જ્ઞાન રેડવામાં આવેલું નથી હોતું કે આમાં કોઈ ભયનું કારણ નથી અને એમને ભયનો કેવી રીતે પ્રતિકાર કરવો તેની જાણ નથી હોતી. એનું કારણ એ છે કે વ્યકિતએ યોગ કર્યો હોતો નથી, સમજ્યા ને. જો તમે યોગ કર્યો હોય તો તમે ઉઘાડી આંખે નિહાળી

રહી શકો છો અને આંખો મીંચી દેતા નથી. એમાં આંખો મીંચી દેવાની જરૂર નથી પડતી, કારણ કે તમે કોઈ બીજી એક વસ્તુને પુકાર કરો છો અને આ 'બીજી વસ્તુ' એ વ્યકિતમાંની ભાગવત ઉપસ્થિતિ વિષેની સભાનતા હોય છે જે બીજી સર્વ વસ્તુઓ કરતાં વધુ બળવાન હોય છે.

આ એક જ વસ્તુ એવી છે કે જેના વડે તમે ભયથી મુકત થઈ શકો.

(આ વાર્તાલાપ થયા પછી એક સાધકે એક પ્રશ્ન પૂછેલો. ૧૯મી મે, ૧૯૬૫):

બાળક: આપ કહો છો કે, 'જો તમને હમેશાં એવી લાગણી રહેતી હોય કે સર્વ સંજોગોમાં સારામાં સારું બને છે તો તમને ભય નહિ લાગે.' એ ખરું છે કે સર્વ સંજોગોમાં સારામાં સારું જ બને છે?

શ્રી માતાજી: જે પ્રકારની દુનિયાની પરિસ્થિતિ છે તેમાં સારામાં સારું બને છે-જો કે એ વસ્તુ સર્વાંશે ઉત્તમ હોય જ, એવું નથી.

એમાં બે વસ્તુઓ છે: ગમે તે કોઈ એક ક્ષણે વસ્તુ સમસ્તના દિવ્ય ગંતવ્યને લક્ષમાં લેતાં વધુમાં વધુ સારું બનતું હોય છે, અને જે વ્યકિત ભગવાનના સંકલ્પ સાથે સભાનપણે જોડાયેલી હોય છે તેને માટે એના પોતાના દિવ્ય સાક્ષાત્કાર માટે વધુમાં વધુ અનુકૂળ વસ્તુ હોય છે.

મને લાગે છે કે આ સ્પષ્ટીકરણ યથાર્થ છે.

સમષ્ટિની દષ્ટિએ જોતાં, દરેક ક્ષણે જે વસ્તુ બને છે તે ભાગવત ઉત્ક્રાન્તિને માટે વધુમાં વધુ અનુકૂળ વસ્તુ હોય છે. અને સમષ્ટિનાં જે તત્ત્વો ભગવાન સાથે સભાનપણે જોડાયેલાં હોય છે તેમને માટે જે કાંઈ બને છે તે તેમની એકતાની પૂર્ણતા સિદ્ધ થવા માટે સારામાં સારી વસ્તુ હોય છે.

ફકત તમારે એ વસ્તુ ભૂલવી ન જોઈએ કે એ વસ્તુ સતત બદલાતી રહે છે; એ કોઈ ફેરફારની શકયતા વિનાની સારી વસ્તુ નથી હોતી. એ એક એવી સારી વસ્તુ હોય છે કે જેને આપણે એમને એમ રાખી મૂકીએ તો પછીની ક્ષણે સારામાં સારી વસ્તુ નહિ રહે. માનવચેતનાને પોતાને જે વસ્તુ સારી લાગે, કે સારી છે એવી માન્યતા હોય, તેને સ્થિરરૂપે રાખી મૂકવાની ટેવ હોય છે અને પરિણામે એને જણાય છે કે એ વસ્તુ હાથમાં આવે તેવી નથી. આ જે વસ્તુને એમની એમ રાખી મૂકવાનો પ્રયત્ન કરવામાં આવે છે તેને લઈને જ વસ્તુઓ જુઠી પડી જાય છે.

(મૌન)

જ્યારે જગતના આવિર્ભાવને તેની અનિત્યતાને કારણે દોષ દેનાર બુદ્ધનું દૃષ્ટિબિંદુ હું સમજવા માગતી હતી ત્યારે આ વસ્તુ વિષે મેં વિચાર કરેલો. બુદ્ધ એમ માનતા હતા કે નિત્યતા અને પૂર્ણતા એક જ વસ્તુ છે. સૃષ્ટિ સાથેના તેમના સંબંધમાં તેમણે નિત્ય પરિવર્તન જ જોયું, એટલે એમણે એ નિષ્કર્ષ કાઢયો કે આવિર્ભૂત જગત અપૂર્ણ છે અને તેનો લય થઈ જવો જોઈએ. સૃષ્ટિમાં આવિર્ભૂત ન થયેલ પરાત્પરમાં પરિવર્તન (અનિત્યતા)નું અસ્તિત્વ નથી એટલે પરાત્પર જ પરમાત્માનું સાચું સ્વરૂપ છે. આ મુદ્દા ઉપર ધ્યાનપૂર્વક એકાગ્રતા કરી જોતાં મને જણાયું કે એકંદરે એમનું કથન ખરું છે; આવિર્ભાવ અનિત્ય છે, એમાં સતત પરિવર્તન રહેલ છે.

પરંતુ ભગવાન સાથે સમરૂપ એવા રૂપાંતરની કે વિકાસની ગતિ ધારણ કરવી એ આવિર્ભાવમાં પૂર્ણતા છે, એ પ્રકારની ગતિ જ મૂળભૂત ગતિ છે. આથી ઊલટું, જે કાંઈ અચેતના અથવા તામસિક સૃષ્ટિને લગતું હોય છે તે પોતાને સતત રૂપાંતરની ક્રિયા દ્વારા નિત્ય બનાવવાને બદલે પોતાને એકસરખી રીતે એકની એક સ્થિતિમાં રાખી મૂકવા માગે છે.

એટલા માટે કેટલાક વિચારકોએ એવી માન્યતા રજૂ કરી છે કે સૃષ્ટિસર્જન એક ભૂલનું પરિણામ છે. પરંતુ એ રીતે તો આપણને તમામ શક્ય પ્રકારની માન્યતાઓ જોવા મળે છે: પૂર્ણસૃષ્ટિ, જેમાં પછીની આવતી એક 'ક્ષતિ' જેને પરિણામે ભ્રમની ઉત્પત્તિ થઈ; સૃષ્ટિ પોતે પરમાત્માની એક નિમ્નપ્રકારની ક્રિયા જેનું આદિ હોવાથી અંત હોવો જોઈએ; અને પછી વેદનો સિદ્ધાંત જે પ્રકારે શ્રી અરવિંદે રજૂ કર્યો છે તે, જેના પ્રમાણે સૃષ્ટિ એ સર્વમયનો પોતાના વડે જ કરવામાં આવતો આવિષ્કાર અથવા ઉત્તરોત્તર પ્રગતિ કર્યે જતી અસીમ—અનંત અને અસીમ—ખોજ છે. કુદરતી રીતે, આ બધાં વસ્તુસ્થિતિનાં માનવની રીતનાં અર્થઘટન છે. અત્યારની ઘડીએ, જ્યાં લગી તમે તમારી જાતને માનવ ભાષામાં વ્યકત કરો ત્યાં સુધી એ કેવળ એક માનવ રીતનું અર્થઘટન છે, છતાં વસ્તુસ્થિતિનું શરૂઆતમાં અર્થઘટન કરનારાઓએ જે પાયાનું દૃષ્ટિબિંદુ અપનાવેલ છે તે પ્રમાણે (એટલે કે, એ પછી એ પ્રકારનું દૃષ્ટિબિંદુ હોય જેમાં સૃષ્ટિસર્જનમાં 'મૂળની ભૂલ' અથવા 'અકસ્માત'નો સ્વીકાર કરવામાં આવતો હોય છે. એક પરમ સચેતન તપઃશકિત પ્રથમથી જ પોતાનું ઉત્તરોત્તર અનાવરણ કરવાનું નિર્માણ કરે છે એ પ્રકારનું દૃષ્ટિબિંદુ અપનાવવામાં આવ્યું હોય) યોગીઓનાં એ બાબતનાં વલણો, તેમના નિષ્કર્ષો, 'અવતરણો' ભિન્ન ભિન્ન પ્રકારનાં હોય છે. ...એ સિવાય શૂન્યવાદીઓ, નિર્વાણવાદીઓ, માયાવાદીઓ પણ છે; એવા અનેક ધર્મો છે જેમાં એક યા બીજા પ્રકારે ચેતનાના હસ્તક્ષેપને સ્વીકારવામાં આવે છે; આ

સિવાય શુદ્ધ વૈદિક સિદ્ધાંત પણ છે જેમાં આ સૃષ્ટિને પરમાત્માનો ક્રમે ક્રમે દશ્ય-વ્યાપારમાં પરિણમવારૂપ થઈ રહેલો શાશ્વત આવિષ્કાર માનવામાં આવે છે. અને વ્યકિતઓ પોતાની રુચિ પ્રમાણે પોતાને આ, તે, કે બીજા કોઈ વાદના પક્ષમાં મૂકે છે અને એમાં પણ અનેક સૂક્ષ્મભેદો હોય છે. પરંતુ શ્રી અરવિંદ જેને વધુમાં વધુ પૂર્ણ સત્ય માને છે તે પ્રમાણે, આ પ્રગતિશીલ સૃષ્ટિની માન્યતા પ્રમાણે, આપણે એમ કહેવા પ્રેરાઈએ છીએ કે દરેક મિનિટે જે કાંઈ બને છે તે, તે ક્ષણે થતા સમગ્રતાના આવિષ્કારની શકય તેટલી ઉત્તમ વસ્તુ હોય છે. આ એક તદ્દન તર્કસંગત વાત છે. અને મારું માનવું છે કે એક બીજાથી વિરુદ્ધ મતો ઊભા થવાનું કારણ એ હોય છે કે વ્યકિતઓ ઓછેવત્તે અંશે આ કે તે તરફ, આ દષ્ટિબિંદુ કે તે દષ્ટિબિંદુ તરફ વધુ પડતા ઢળેલા હોય છે. જે લોકો કોઈ 'ક્ષતિ' કે 'ભૂલ' ની અંદર ઘૂસી જવાનો અને તેના પરિણામરૂપે આગળ ખેંચતી કે પાછળ ખેંચતી શકિતઓનો સ્વીકાર કરે છે તે લોકો આ બાબતમાં વિવાદ કરી શકે છે.

પરંતુ આપણે કહેવું જોઈએ કે જે વ્યકિત આધ્યાત્મિક રીતે પરમ સંકલ્પ સાથે કે પરમ સત્ય સાથે સંકળાયેલી છે તેને માટે તો જરૂર, દરેક ક્ષણે એની અંગત સિદ્ધિને માટે જરૂરી હોય એવું સારામાં સારું બનતું હોય છે. બધાને માટે એમ જ હોય છે. જે લોકોની દષ્ટિ એ હોય છે કે આ વિશ્વ એ પરમાત્માની પોતાની ચેતનાને ઉકેલતા જવાની, પોતાને વિષે આત્મ-સભાન થવાની ક્રિયા છે તે લોકો જ નિરપેક્ષ ઉત્તમતાનો સ્વીકાર કરી શકે છે.

(મૌન)

સાચું કહું તો, આ બધી વસ્તુઓની કોઈ અગત્ય નથી, કારણ કે જે 'છે' તે સંપૂર્ણ અને નિઃશેષ રીતે માનવ ચેતના જે કોઈ વસ્તુ વિચારી શકે તેને પેલે પારની વસ્તુ છે. એ તો જ્યારે તમે માનવતાથી પેલે પાર ચાલી જાઓ ત્યારે જ તમે 'જાણો' છો, પણ જેવું તમે એ જ્ઞાનને વ્યકત કરો છો કે તુરત જ માનવ મર્યાદાઓ પાછી તેના ઉપર લાગી જાય છે અને તમારું જ્ઞાન ભૂંસાઈ જાય છે.

આ વસ્તુ સામે દલીલ થઈ શકે તેમ નથી.

અને આ અશકિતને કારણે જ માનવબુદ્ધિ સમજી શકે તે રીતની કોઈ વસ્તુના રૂપમાં આ પ્રશ્નને સમાવવા પ્રયત્ન કરવો એ એક નિરર્થક પ્રવૃત્તિ જેવું છે. આ બાબતમાં તો હું એક વ્યકિતને ઓળખતી હતી તેની માફક કહેવા જેવું છે: 'આપણે અહીં છીએ, આપણે એક કામ કરવાનું છે, અને ખરું જરૂરી એ છે કે આપણાથી

બને તેટલી સારી રીતે એ કરવું, કેમ અને કેવી રીતેની ચિંતા જ ન કરવી.' દુનિયા જેવી છે તેવી કેમ છે? ...જ્યારે આપણામાં સમજવાની શકિત આવશે ત્યારે આપણે સમજી લઈશું.

વ્યાવહારિક રીતે જોતાં આ વસ્તુ જાતે જ સ્પષ્ટ રીતની છે.

ફકત, દરેક વ્યકિત અમુક જાતનું દષ્ટિબિંદુ અપનાવે છે. ...અહીં મારી પાસે દરેક જાતના દાખલાઓ છે. મારી પાસે સર્વ પ્રકારનાં વલણોના નમૂનાઓનો સંગ્રહ છે અને હું તેમનામાં થતાં પ્રતિકાર્યો બરાબર નિહાળી શકું છું. હું એની એ જ શકિત-એ જ એકમાત્ર શકિત-આ નમૂનાઓના સંગ્રહ ઉપર કાર્ય કરતી અને કુદરતી રીતે જુદી જુદી અસરો ઉપજાવતી જોઉં છું, પણ આ 'જુદી જુદી' અસરો, ઊંડાણમાંથી જોતાં, તદ્દન ઉપરછલ્લી છે - એમને એ રીતે જોવામાં આવે છે કે, એમને એમ માનવું ઠીક લાગે છે, ભલે, એમને એમ માનવા દો.' પરંતુ હકીકત એ છે કે એનાથી અંતરની ખોજને, અંતરના વિકાસને, જરૂરી આંદોલનને કંઈ અસર પહોંચતી નથી - બિલકુલ નહિ. એક જણ પોતાના પૂરા હૃદયથી નિર્વાણની અભીપ્સા કરે છે, બીજો જણ પોતાના તમામ સંકલ્પથી અતિમાનસ આવિર્ભાવ માટે અભીપ્સા કરે છે, અને બંને જણની બાબતમાં પરિણામરૂપ આંદોલન લગભગ સરખું જ રહે છે. અને એ રીતે આંદોલનોનો એક મોટો સમુદાય રચવામાં આવે છે, વધારે ને વધારે, ...જે વસ્તુ બનવાની છે તેને સત્કારવા માટે.

એક એવી અવસ્થા હોય છે, એક બિલકુલ વ્યવહારુ, આધ્યાત્મિક રીતે વ્યવહારુ, જેમાં માનવની રીતે જોતાં નિરર્થક, નિરર્થકમાં નિરર્થક વસ્તુ પણ તત્ત્વ-વિચાર હોય છે.

૧૭ માર્ચ, ૧૯૫૧

'...વિશ્વના વિકાસક્રમમાં જે કાંઈ વસ્તુ બને છે તે અગાઉ જે કાંઈ બની ગયું હોય તેના પરિણામરૂપ હોય છે...'

('માતાજીની વાણી': વાર્તાલાપ - ૮)

બાળક: આમાં આપ શું કહેવા માગો છો?

શ્રી માતાજી: આ વિશ્વ એક શાશ્વત ગતિ છે અને એ પરમ ચેતનાનો આવિષ્કાર છે. એટલે જે કાંઈ બને છે તે તેના અગાઉ બની ગયેલી વસ્તુઓના માળખાથી પરિવ્યાપ્ત હોય છે. વિશ્વ જેવું છે તેવું હોવાનું કારણ અગાઉ જે વસ્તુઓ બની ગઈ છે તે છે અને જે વસ્તુ આ અગાઉ બની ગઈ છે તે તેની પહેલાં બનેલી વસ્તુઓનું પરિણામ હતી. અને જે બનશે તે... જે છે તેના પરિણામરૂપ હશે.

બાળક: વિશ્વનો વિકાસક્રમ એ કોઈ સતત બનતી રહેતી વસ્તુ છે કે એનો કોઈ ઠેકાણે અંત હોય છે? એવી કઈ વસ્તુ છે જેને લઈને આપણને વિશ્વનું આદિ હોવાની, શરૂઆત કરવાનો નિર્ણય થયાની લાગણી થાય છે?

શ્રી માતાજી: વિશ્વના સર્જનની શરૂઆત કરવાનો સંકલ્પ ક્યાંથી આવે છે?... (શ્રી માતાજી હસે છે.) કદાચ પરમાત્મામાંથી, પણ હું જાણતી નથી! બનવા જોગ કે કો'ક દિવસ એણે અત્યારે છે તેવું વિશ્વ સર્જવાનો નિર્ણય કર્યો હશે અને વિશ્વ પેદા થાય તે માટે પોતાની જાતને વસ્તુગત કરવા માંડી હશે.

આ વિશ્વમાંનું દરેક તત્ત્વ શાશ્વત છે, કારણ કે વિશ્વ શાશ્વત છે. શાશ્વતીમાં કોઈ 'શરૂઆતની' વાત કરવી મુશ્કેલ છે. કારણ કે એ દેખીતું છે કે આ વિશ્વ હમેશાં અસ્તિત્વમાં હતું અને હમેશાં હશે. દાખલા તરીકે, (આ એક રૂપક જ છે તે ધ્યાનમાં રાખજો, મેં ન કહી હોય તેવી વસ્તુઓ મારી પાસે કહેવડાવશો નહિ), આપણે એક એવા ગોળાની કલ્પના કરીએ જેમાં અગણિત સંખ્યામાં ઝીણી ઝીણી વસ્તુઓ ભરપૂર ભરેલી હોય. હવે તમે જો આ તત્ત્વોના સંબંધમાં ફેરફાર કરો તો, એમની સંખ્યા એટલી બધી છે, શકય સંબંધોની સંખ્યા એટલી બધી છે કે તમે તેમને સહેલાઈથી અનંતગુણ કહી શકો, જો કે તાત્ત્વિક દૃષ્ટિએ જોતાં એ અનંત નથી પણ વર્ણનાત્મક દૃષ્ટિએ તમે કહી શકો કે એ અનંત છે. દરેક તત્ત્વ શાશ્વત છે. બધા સંયોજનો અનંત છે. પરંતુ એકનું એક સંયોજન કોઈ સમયે બે વાર બનતું નથી. આમ વિશ્વ સતતપણે નૂતન છે અને છતાં શાશ્વત રીતે એનું એ જ છે.

બાળક: પરંપરાઓ અનુસાર એમ કહેવાય છે કે...

શ્રી માતાજી: હા, હા, પણ એ પરંપરાની વસ્તુ નથી. મને ખબર છે કે કેટલાક લોકો 'પ્રલય'* ની વાત કરે છે, એનો અર્થ કેવળ એટલો જ કે (માફ કરજો, પણ આને માટે જરા મજાકની રીતે વાત કરવી પડશે, નહિ તો આ બધું અસહ્ય બની જાય છે) કદાચ એમ બને કે કો'ક દિવસ પરમાત્માને કંટાળો આવે, પોતે જે પ્રકારનું વિશ્વ બનાવ્યું છે તે પ્રત્યે તેમને અસંતોષ જાગે અને બીજું બનાવવાની ઈચ્છા કરે! પછી, સર્વ કાંઈ એ પોતે જાતે જ છે એટલે બધું પોતાની અંદર સમાવી દે અને વળી પાછું બહાર કાઢે! એને 'પ્રલય' કહે છે. પણ એથી વસ્તુસ્થિતિમાં કોઈ ફેર પડતો નથી. વિશ્વનાં સર્વ તત્ત્વો શાશ્વત છે અને તેમનાં સંયોજનો પણ શાશ્વતકાળમાં ભિન્ન ભિન્ન પ્રકારનાં રહેવાનાં.

બાળક: પદાર્થવિજ્ઞાન શાસ્ત્ર પ્રમાણે આપણું ત્રણ પરિમાણનું બનેલું વિશ્વ અનંત નથી; એ પોતે પોતાના તરફ, એક ત્રણથી વધારે પરિમાણોવાળા અવકાશમાં વળેલું છે. આમ બંધ થયેલું ત્રણ પરિમાણોવાળું વિશ્વ લગાતાર વિસ્તરતું જાય છે અને વિશ્વમાંના સર્વ પદાર્થો એક બીજાથી દૂર ભાગતા જાય છે, અને એમની દૂર ભાગવાની ઝડપ તેમના અંતરના પ્રમાણમાં વધતી જતી હોય છે. જો કોઈ વ્યકિત ભૂતકાળમાં જાય તો એવા સમયમાં પહોંચે કે જ્યારે આખું વિશ્વ લગભગ એક બિંદુના પ્રમાણમાં ઘનીભૂત હતું અને એમ થઈ શકે તો, જડ પદાર્થ કે જેના ૯૨ મૂળતત્ત્વોને હજી સુધી સમજાવી શકાયાં નથી, તેમની રચનાને સમજવાની ચાવી મળી આવે તેમ છે. એ 'ઘનીભૂત બિંદુ'

---

* પ્રલય એટલે વિશ્વનું વિસર્જન.

અથવા 'આદિ અણુ' ત્રણથી ચાર અબજ વર્ષ પહેલાં હતો. ભારતીય પરંપરામાં એને 'હિરણ્યમય અંડ' કહેવામાં આવે છે. પણ એ પહેલાં શું હતું? તેની કંઈ ખબર નથી. હજી હમણાં એક અમેરિકન વૈજ્ઞાનિકે એવો સિદ્ધાંત રજૂ કર્યો છે કે આ અનંત વિસ્તૃતીકરણની ગતિ ચાલ્યે જ નહિ જાય, એક એથી વિરુદ્ધની ગતિનો આરંભ થશે અને ફરી પાછું બધું ભેગું થઈ જશે.

શ્રી માતાજી: એક વૈશ્વિક શ્વાસોચ્છ્વાસની ગતિ.

બાળક: જો કોઈ વ્યકિત સૂર્યથી નીકળીને પૃથ્વી તરફ પ્રકાશની ગતિએ પ્રવાસ કરી શકે તો નીકળવાની અને પહોંચવાની ઘટના એક સાથે બને કારણ કે પ્રવાસીનો 'અંગત કાળ' બંધ થઈ ગયો હશે.

શ્રી માતાજી: મને લાગે છે કે, ઘટનાઓના એક સાથે બનવાપણાની અનુભૂતિ ઉત્પન્ન કરવા માટે પ્રકાશ એ વધુ પડતી જડ વસ્તુ છે.

દેખીતી રીતે, જ્યારે વ્યકિત રૂપમાંથી બહાર નીકળી જાય છે અને રૂપ અને અરૂપ વચ્ચેના 'સીમા' ક્ષેત્રમાં પ્રવેશે છે ત્યારે સર્વ વસ્તુઓ એક સાથે અનુભવાય છે, પણ એ વસ્તુ પ્રકાશના ઘટત્વથી ઘણી દૂર છે.

હું ધારું છું કે (એ શકય છે કે નહિ તે જોવાનું રહે છે) કોઈ ભૌતિક વસ્તુમાં વિશ્વની વસ્તુઓના આ એક સાથે બનવાપણાની અનુભૂતિ પ્રાપ્ત કરાવવાની શકિત હોઇ શકે કે કેમ તે એક શંકાસ્પદ વસ્તુ છે.

બાળક: હકીકતમાં કોઈ પાર્થિવ વસ્તુ કે વ્યકિત પ્રકાશની ઝડપે પ્રવાસ કરી શકે તેમ નથી, પરંતુ ધારો કે એમ બનવું શકય છે એમ માનીએ, તો પછી, પ્રકાશનાં કિરણો લગભગ અનંત જેટલાં છે અને આખા વિશ્વને વ્યાપીને રહેલાં છે એટલે આપણે સર્વ વસ્તુઓને જાણી શકીએ, સર્વ વસ્તુઓનું જ્ઞાન પામી શકીએ.

શ્રી માતાજી: પરંતુ એ રીતનો અનુભવ પણ સમગ્ર વિશ્વની તો શું પૃથ્વીની પણ પૂર્ણ ચેતનાની એક સાથે થતી અનુભૂતિ નહિ હોય. જેને અપાર્થિવ પ્રકાશની સ્મૃતિ છે, જેને ઊર્ધ્વ પ્રકાશની ગતિઓની યાદ છે, તેને પાર્થિવ પ્રકાશ મંદ લાગે છે કારણ કે તે નિસ્તેજ છે; પરંતુ એ કોઈ ઉચ્ચતર વસ્તુની અભિવ્યકિત તો હશે...મને ખબર નથી.

પ્રકાશ એ એક સારું રૂપક છે પણ મને એ સંપૂર્ણ લાગતું નથી.

પ્રકાશની ઝડપ વિચાર કરતાં વધુ હોય છે?... તમે વિચારની સાથે કોઈ સ્થૂલ રીતનો પ્રયોગ કરી શકતા નથી. ધ્વનિ એક ખૂબ ખૂબ ધીમી વસ્તુ છે, પણ વિચાર તો પ્રકાશ કરતાં ઘણી ત્વરિત વસ્તુ છે...કદાચ ન હોય. વિચાર તત્કાલીનતાની લાગણી જન્માવે છે. દાખલા તરીકે, તમે સ્થૂલ શરીરમાં વિચારને જુઓ છો? તમે વિચારને એક ભૌતિક ગુણ કરતાં જુદો જોઈ શકો છો? એ જોવાનું રહે છે, નહિ? જુઓ હું તમને સમજાવું: તમે જો તમારા શરીરની બહાર જાઓ, પ્રાણમય જગતની બહાર જાઓ અને મનોમય જગતમાં પ્રવેશ કરો તો, ત્યાં તમામ સંબંધો, શરીરમાં બંધનમાં રહેલા વિચારના કરતાં જુદા પ્રકારના હોય છે. દાખલા તરીકે, શરીરના સંબંધમાં વિચાર એ પ્રકાશની માફક એક સાથે બનતી વસ્તુ લાગે છે, પ્રકાશના કરતાં પણ વધુ તત્કાલિન લાગે છે. પરંતુ જ્યારે તમારે સ્થૂલ વસ્તુઓ સંબંધમાં કંઈ કરવાનું હોતું નથી અને જ્યારે તમે મનોમય ચેતનાની આગવી ભૂમિકામાં પ્રવેશ કરો ત્યારે ત્યાં જે સંબંધો ગોઠવાયેલા હોય છે તે અમુક પ્રકારના કાળ અને અમુક પ્રકારના દેશ વડે સમજાવી શકાય તેવા હોય છે. અને એ પ્રકારના દેશ અને કાળ ભૌતિક ચેતનામાં અસ્તિત્વમાં હોતા નથી છતાં મનોમય ચેતનામાં અસ્તિત્વ ધરાવતા હોય છે. કાળ બદલાય છે એમ જે તમે કહો છો તેની સમજૂતી જો તમારે જોઈતી હોય તો એ રીતે આપી શકાય. કારણ કે એ તો સ્પષ્ટ છે કે જગતની રચનામાં એક વિકસતી જતી ચેતનાનો સંચાર રહેલો છે જે ચિત્તતંત્રમાં નૂતન જગતો કે નૂતન 'પરિમાણો' સાથેના સંબંધરૂપે આપણા લક્ષમાં આવે છે.

દાખલા તરીકે, એમ કહેવામાં આવેલું છે કે, અમુક સમયથી આ પાર્થિવ જગત ઉપર 'અધિમાનસિક' શકિતઓનું રાજ્ય હતું અને હવે એ રાજ્યથી આગળ જઈને દુનિયા અતિમાનસિક શકિતઓ વડે સંચાલિત થવાની છે. તો, જ્યારે જ્યારે પૃથ્વી ઉપર નવી શકિતઓનું અવતરણ થાય છે, ત્યારે એક પરિવર્તન બની આવે છે અને ચેતનામાં થતા પરિવર્તનને અનુરૂપ ફેરફાર ક્રિયામાં પણ બની આવવો જોઈએ. તમે કહો છો કે વિસ્તાર પામવાની ક્રિયા વધુને વધુ ઝડપી બનતી જાય છે. એનો અર્થ એ કે જગતમાં એક એવી ચેતના પૂરવામાં આવી છે જે જગતની ક્રિયાઓ વધુ ને વધુ ત્વરિત બનાવી રહી છે. આધ્યાત્મિક ઘટનાનું આ એક તદ્દન ભૌતિક રીતનું સ્પષ્ટિકરણ કહી શકાય. (આપણી ચેતનાની અપેક્ષાએ) વધુ ને વધુ ઊર્ધ્વમાં રહેલા પ્રદેશોમાંથી આવતી શકિતઓ વડે આ પૃથ્વીને વધુ ને વધુ સભર બનાવવામાં આવી રહી છે અને એને લઈને વધુ ને વધુ ત્વરિત ગતિ આવે છે; પરિણામે વસ્તુઓ વધુ ને વધુ પ્રમાણમાં એક સાથે બનવાની લાગણી પ્રગટ થાય છે. જે વસ્તુની શોધ કરવામાં આવી છે તે આ ઘટનાનું ભૌતિક રૂપક છે, અને એના ઉપરથી વૈજ્ઞાનિક રીતે સાબિત થઈ શકે કે જગત પ્રગતિ કરી રહ્યું છે.

બીજી શકયતા એ છે કે એ એક આંદોલનમય ગતિ, શ્વાસ અને પ્રશ્વાસની ગતિની બાબત છે – એ તદ્દન શકય છે. પરંતુ એમાં પણ ઘનીભૂત થવાની ઘટના એટલે અવગતિ જ, એમ નથી; એ કેવળ એક ગતિમાંથી બીજી ગતિમાં પસાર થવાની ઘટના માત્ર છે.

બાળક : તારાઓ એકબીજાથી તેમના અંતરની સાથે વધતી જતી ઝડપે દૂર જઈ રહ્યા છે. ...આનો શો અર્થ હશે ?

શ્રી માતાજી : આ બધાં રૂપકો છે, નહિ વારુ ? તમે એક વિશ્વને મોટું ને મોટું થતું જતું કલ્પી શકો છો, પરંતુ એ વિશ્વ કયી વસ્તુમાં રહેલું હશે ? વિશ્વને પેલે પાર શું હશે ? તરત જ આપણું લઘુ મન કોઈક તદ્દન ખાલી અવકાશની કલ્પના કરે છે અને આ વિશ્વ તે અવકાશમાં વધુને વધુ જગ્યા રોકતું જતું કલ્પે છે, પણ એ એક અર્થ વગરની વાત છે. ખરી રીતે, તમારે એમ કહેવું જોઈએ કે 'જાણે કે', કારણ કે ખરેખર જે બને છે તે એવી રીતનું નથી, એ તો ઘટનાને વ્યકત કરવાની એક રીત માત્ર છે. કંઈક થોડો વધુ ચોક્કસ ખ્યાલ બાંધવા માટે તમારે ભૌતિક સમજૂતીમાંથી મનોવૈજ્ઞાનિક સમજૂતી તરફ જવું જોઈએ, અને તમે મનોવૈજ્ઞાનિક સમજૂતી સુધી પહોંચો તો પણ, સત્યથી તમે ઘણા દૂર હશો, કારણ કે એ વસ્તુ મનોવૈજ્ઞાનિક કે સ્થલગત નથી, પણ એ કંઈક બીજી જ વસ્તુ છે જે પોતાની જાતને આપણા શબ્દોમાં વ્યકત કરતાં મુશ્કેલી અનુભવે છે. એ એક ઘણો જાણીતો અનુભવ છે : જ્યારે જ્યારે તમે આપણી ચેતનાને, (હું એને દેશગત નથી કહેતી) આપણી પાર્થિવ ચેતનાને (તદ્દન પાર્થિવ ચેતના પણ નહિ, પણ વ્યકિતગત ચેતનાને) પેલે પાર જાઓ છો ત્યારે દરેક વખતે તમને એક એવો અનુભવ થાય છે જે આપણી વ્યકિતગત ચેતનાની મર્યાદા બહારનો હોય છે, એટલે કે, અખંડની ચેતનામાં પ્રવેશ કરવા માટે અંશની મર્યાદાઓ વટાવી જવાની હોય છે. જ્યારે તમે આ અનુભૂતિને વ્યકત કરવા પ્રયત્ન કરો છો ત્યારે સામાન્ય શબ્દો અર્થ વિનાના લાગે છે, કારણ કે આપણી ભાષાની રચના કેવળ માનવમનને માટે અને માનવીય અનુભવોને વ્યકત કરવા માટે જ થયેલી છે. આપણી પાસે માનવીય અનુભવોને વ્યકત કરવા માટે બધા જરૂરી શબ્દો, તેમની અનેક અર્થચ્છાયાઓ અને સૂક્ષ્મતાઓ સાથે, ઉપલબ્ધ છે કારણ કે ભાષાની રચના એ માટે જ થયેલી છે, પરંતુ જે વસ્તુ વાણીથી પર છે તેને તમે કઈ ભાષામાં વ્યકત કરી શકશો ? એ અતિશય અઘરી વસ્તુ છે. એટલે તમે એમ કહો છો કે, 'એ આવું છે, તે તેવું છે,' અને તમે બોલતા હો છો તેવામાં જ તમને જણાય છે કે એમાં થયેલ અનુભવ એટલી હદે વિકૃત રીતે રજૂ થઈ જાય છે કે કેટલીક વાર તે જે રીતનો હોય છે, તેથી તદ્દન અવળી રીતનો સમજવામાં આવે છે.

બાળક: એ કારણસર જ પદાર્થ વિજ્ઞાનશાસ્ત્રમાં ઘણાં વિરોધાભાસી વિધાનો છે.

શ્રી માતાજી: હા, અને બીજા જગતના અનુભવોનું વર્ણન કરતાં બધાં ધાર્મિક પુસ્તકોમાં પણ ઘણાં વિરોધાભાસી વિધાનો હોય છે. તમને સ્પષ્ટ ખ્યાલ આવી શકે તેવી નમનીયતા તમારામાં લાવવાના પ્રયત્નરૂપે એ લોકો, 'એ વસ્તુ આમ છે, તે વસ્તુ તેમ છે,' એમ કહે છે - પરંતુ તેમ છતાં તમને સ્પષ્ટ ખ્યાલ આવતો નથી.

સાચી વાત તો એ છે કે આ બધી અનુભૂતિઓનું જ્ઞાન મૌન દ્વારા જ બીજાને આપી શકાય છે.

અને છતાં એમ કહેવામાં આવેલું છે (અને એ સાચી હકીકત છે) કે આ સર્વ જગતો, અતિમાનસ જગતની માફક, તેમની અભિવ્યકિત સ્થૂલરૂપે કરનાર છે. ત્યારે પછી શું થશે? તેઓ નવાં જગતોની શોધ કરશે? એમને માટે નવાં જગતો શોધવાં તો જરૂરી છે. ...એ મુશ્કેલ વસ્તુ છે, કારણ કે નવાં જગતો શોધીએ તો તેમની સમજૂતી પણ આપવી પડે છે!

એકંદરે જોતાં, પુરાતન કાળની દીક્ષા આપવાની પદ્ધતિઓ એ અર્થમાં વજૂદ-વાળી હતી કે તેમના દ્વારા જ્ઞાનનું દર્શન એવા લોકોને જ કરાવવામાં આવતું કે જેઓ શબ્દોની મદદ વિના તેને સીધેસીધું ગ્રહણ કરી શકે તે ભૂમિકાને પહોંચેલા હોય. અને મને ભય છે કે અહીં પણ એવું બને - જેને આ અતિમાનસિક જ્ઞાન પ્રાપ્ત થયું હશે તે પણ કદાચ પોતાને જે કહેવાનું હશે તે બીજા લોકોને નહિ સમજાવી શકે, સિવાય કે એ લોકો પોતે જ એ જ્ઞાનમાં પ્રવેશ કરવાની શકિત ધરાવતા હશે. એટલે આનું પરિણામ તર્કની રીતે જોતાં એવું હશે કે, જેમ મેં લોકોને કહેતા સાંભળ્યા છે તેમ, એમ કહેવામાં આવશે કે, 'અરે! આ તો તદ્દન સામાન્ય જીવનમાં હોય છે તેવું જ છે.' અને એમ એટલા જ માટે કે જે કાંઈ સામાન્ય જીવનને લગતું નથી હોતું તે આપણી જ્ઞાન મર્યાદાઓમાંથી સાવ સરકી જાય છે. એને શબ્દો વડે વ્યકત કરી શકાય તેમ નથી હોતું.

આપણે અહીં છે એવા સ્થળનો દાખલો લો. જ્યાં વિશેષ પ્રકારની શકિતઓ અને આંદોલનો સભર ભરેલ છે; આ આંદોલનો પોતાને જોઈ શકાય તેવી અને ઈન્દ્રિયગમ્ય વસ્તુઓ દ્વારા વ્યકત કરતાં નથી — એ પરિવર્તનો લાવી શકે છે, પણ એ પરિવર્તનો અમુક પદ્ધતિસર રીતે બને છે (જેમ બધી ભૌતિક વસ્તુઓ બાબતમાં બને છે તેમ), તમે લગભગ તર્કની રીતે એક અવસ્થામાંથી બીજી અવસ્થામાં જાઓ છો

અને આ તાર્કિકતા તમને એ જોવા દેતી નથી. અહીં એવી કોઈ વસ્તુ છે જે સામાન્ય જીવનમાં નથી, જે લોકોની પાસે સામાન્ય મનની દૃષ્ટિ સિવાય બીજી કોઈ દૃષ્ટિ નથી અને જે લોકો પોતે જે રીતે જોવાને ટેવાયેલા છે તે રીતે જ વસ્તુઓને બનતી, અથવા બનતી દેખાતી જુએ છે, તેઓ તમને કહેશે, 'અરે એ, એ તો તદ્દન કુદરતી વસ્તુ છે.' જો એમનામાં તદ્દન ભૌતિક દૃષ્ટિ સિવાય બીજી કોઈ પ્રકારની દૃષ્ટિ નહિ હોય, જો તેમનામાં આંદોલનના ગુણોને અનુભવી શકવાની શકિત નહિ હોય (કેટલાક એને અસ્પષ્ટપણે અનુભવે છે), પણ જેમનામાં એટલું અનુભવવાની શકિત પણ નહીં હોય, જેમનામાં તે આંદોલનને મળતી કોઈ વસ્તુ નહિ હોય, અથવા જેમનામાં એવું કાંઈ હશે પણ જાગ્રત થયેલ નહિ હોય, તેઓ અહીંનું જીવન જોઈને તમને કહેશે, 'આ પણ દુનિયાદારી ઉપરના જીવન જેવું જ છે—કદાચ તમારી પાસે તમારા પોતાના ખ્યાલો હશે, પણ એમ તો ઘણાને પોતાના ખ્યાલો હોય છે; કદાચ તમે વસ્તુઓ અમુક ખાસ રીતે કરતા હશો, પણ એમ તો ઘણા લોકો વસ્તુઓને ખાસ રીતે કરતા હોય છે. એકંદરે અહીંનું જીવન, હું જે રીતનું જીવન જીવું છું તે રીતનું જ છે...' અને હવે, એમ બનવાનો પૂરો સંભવ છે કે એક નક્કી કરેલ ક્ષણે અતિમનસનો આવિર્ભાવ થાય, એ અહીં સચેતન રૂપે ઉપસ્થિત હોય, એ પાર્થિવ તત્ત્વ ઉપર કાર્ય કરતું હોય, છતાં જે લોકો એનાં આંદોલનોની ગતિમાં સભાનપણે ભાગ નહિ લેતા હોય તેમને તે જણાશે જ નહીં. લોકો એમ કહે છે, 'જ્યારે અતિમાનસ શકિતનો આવિર્ભાવ થશે ત્યારે અમને બરાબર ખબર પડશે, એ દેખાઈ આવશે'—એવું કાંઈ નથી. ઓછી સંવેદનશીલતાવાળા જે લોકો અહીં આવી જાય છે, અગર અહીં રહે છે; તેમને જેમ અહીંનું વાતાવરણ બહારના વાતાવરણ કરતાં જુદું જ છે એવો અનુભવ થતો નથી, તેવી જ રીતે એ લોકોને પણ કંઈ અનુભવ નહિ થાય—સોગંદપૂર્વક જણાવી શકાય એવી ચોક્કસ રીતે તમારામાંથી કોને એનો અનુભવ છે?...તમે તમારા હૃદયમાં અનુભવો, તમારા મનમાં અનુભવો, પણ એ અનુભવ પૂરતો નથી. એમાં કંઈક અસ્પષ્ટતા રહે છે, નહિ? પરંતુ આ પ્રકારનો સ્પષ્ટ અનુભવ થવા માટે...દાખલા તરીકે, જેમ હું જાપાનથી આવી હતી ત્યારે બન્યું હતું તેમ. હું સમુદ્રમાં બોટ ઉપર હતી, કોઈ વસ્તુની હું ધારણા રાખતી ન હતી (અલબત્ત હું એક આંતરજીવનમાં મગ્ન હતી, પણ શારીરિક રીતે તો હું બોટ ઉપર જ રહેતી હતી) અને પછી એકદમ, એક ધક્કો લાગે તેવી રીતે, પોંડીચેરીથી લગભગ બે દરિયાઈ માઈલ દૂરથી, વાતાવરણનો પ્રકાર, હું એમ પણ કહી શકું કે વાતાવરણના અને હવાના ગુણધર્મ પણ એટલા બધા બદલાઈ ગયેલા અનુભવાવા લાગ્યા કે મને ખબર પડી ગઈ કે હું શ્રી અરવિંદના પ્રભામંડળમાં પ્રવેશ કરી રહી છું. એ એક સ્પર્શક્ષમ અનુભૂતિ હતી અને હું ગેરંટી આપી શકું છું કે જે કોઈનામાં પૂરતા પ્રમાણમાં જાગ્રત ચેતના હશે તેને આ જ રીતનો અનુભવ થશે.

જ્યારે હું ઘણાં વર્ષો અહીં રહ્યા બાદ પહેલી જ વખત બહાર ગઈ ત્યારે આથી ઊલટો અનુભવ પણ મને થયેલો. હું જ્યારે લેઈકથી જરા આગળ ગઇ ત્યારે મને અચાનક લાગ્યું કે વાતાવરણ બદલાઈ ગયું છે — જે સભરતા, બલ, પ્રકાશ અને શકિત હતાં તે બધાં ઓછાં થતાં ગયાં, ઓછાં થતાં ગયાં, અને પછી ... કંઈ પણ ન રહ્યું. હું કોઈ મનોમય કે પ્રાણમય ચેતનામાં ન હતી, હું તદ્દન ભૌતિક ચેતનામાં હતી. તો, જે લોકો તેમની ભૌતિક ચેતનામાં સંવેદનશીલ છે તેમને આ રીતનો અનુભવ તદ્દન સ્થૂલ રીતે થવો જોઈએ. અને હું તમને ખાતરીથી કહું છું કે જે વિસ્તારને આપણે 'આશ્રમ' કહીએ છીએ તેમાં જે જાતની સઘન શકિત છે તેવી ગામમાં નથી અને આસપાસના ગ્રામ્યવિસ્તારમાં તો એથી પણ ઓછી છે.

હું તમને પૂછું છું: તમારામાં એવું કોણ છે જે આ પ્રકારની સઘન શકિત (જેના વડે તમને એક વિશિષ્ટ પ્રકારની ચેતનાના આંદોલનનો અનુભવ થાય છે) વિષે ખરેખર સભાન હોય?... મને ખબર છે કે, તમારામાંના ઘણાને એની અસ્પષ્ટ લાગણી હોય છે, બહારના લોકો પણ એને અસ્પષ્ટપણે અનુભવે છે; એમને એમનામાં એક અસર વર્તાય છે, એ લોકો એ વિષે કહે છે પણ ખરા, પરંતુ એક ચોક્કસ સભાનતા, વૈજ્ઞાનિક ઢબની સભાનતા, જેનાથી તમને એનું ચોક્કસ પ્રમાણ પ્રાપ્ત થાય, એવી સભાનતા કોનામાં છે? હું કોઈ વ્યકિતને ખાસ લક્ષમાં રાખીને આ કહેતી નથી. સૌએ પોતાની ભીતરમાં નિહાળી જોવાનું છે. અને અહીં જે સઘનતા છે તે તો અતિમાનસ શકિતનું દૂર-સુદૂરનું પ્રતિબિંબ માત્ર છે. જ્યારે આ અતિમાનસ શકિતને અહીં નિશ્ચિતરૂપમાં સ્થાપિત કરવામાં આવશે ત્યારે એ અહીં છે અને તેને સર્વ વસ્તુઓમાં સ્થાપિત કરવામાં આવી રહી છે એવું ભાન થવાને માટે લોકોને કેટલો સમય લાગશે?...અને એમાં તો પછી આખી વસ્તુ જ બદલાઈ જાય છે. તમને સમજાય છે ને? અને જ્યારે હું કહું છું કે મન આનો નિર્ણય કરી શકે તેમ નથી ત્યારે મારા કહેવાનો પાયો આવી હકીકતો ઉપર હોય છે — મન એ જ્ઞાન મેળવવાનું સાધન નથી, એ જાણી શકે તેમ નથી. કોઈ એક વિજ્ઞાની તમને કોઈ અમુક હવામાંના જુદાં જુદાં તત્ત્વોનું પ્રમાણ પૃથક્કરણ કરીને કહી શકશે. પણ આ અહીં જે તત્ત્વ છે તે કેટલા પ્રમાણમાં છે તે કોણ કહી શકશે? કોણ એમ કહી શકશે કે : અહીં આમ ને આવું આંદોલન છે, આનું પ્રમાણ આટલું છે, પેલાનું પ્રમાણ એટલું છે, અતિમાનસ આટલી માત્રામાં છે?...હું આ વસ્તુ તમારામાં ચિંતન પ્રેરવા માટે રજૂ કરું છું.

૧૯ માર્ચ, ૧૯૫૧

'મન એ ચેતનાની ગતિનો એક પ્રકાર છે; પરંતુ મનની પોતાની ગતિના પાછા અનેક પ્રકારો છે, તેના ઘણા સ્તરો પણ છે. તેઓ એકબીજાનો સ્પર્શ કરે છે; અને એકબીજામાં પ્રસરે છે. વળી આપણે જેને 'મન' કહીએ છીએ તેની ગતિ ચેતનાના બીજા પ્રદેશોમાં પણ પ્રસરે છે...પ્રાણમય ભૂમિકાથી ખૂબ ઊંચે અને તેની અસરથી તદ્દન અલિપ્ત એવી મનોમય ભૂમિકાઓ છે. ત્યાં વિરોધી સત્ત્વો કે શકિતઓ છે જ નહિ. પરંતુ બીજી એવી ભૂમિકાઓ છે, અને તે ઘણી છે, કે જેમને પ્રાણમય સત્ત્વો સ્પર્શી શકે છે અને તેમાં પ્રવેશ કરી શકે છે....'

('માતાજીની વાણી' : વાર્તાલાપ – ૮)

બાળક : આપ કયી મનોમય ભૂમિકાઓની વાત કરો છો?

શ્રી માતાજી : ભૌતિક મનની. ઊર્ધ્વમનની તો નહિ જ, કારણ કે ત્યાં કોઈ વિરોધી શકિતઓ નથી હોતી. ઉપરની વાત જે મન ભૌતિક વસ્તુઓ સાથે કામ પાડે છે તેને અનુલક્ષીને કહેલી છે.

બાળક : મનોમય ભૂમિકામાં સત્ત્વો હોય છે?

શ્રી માતાજી : હા, ઘણાં. એ પૂર્ણપણે સ્વતંત્ર હોય છે; બીજા જગતોની માફક તેમને પણ તેનું પોતાનું જીવન, તેમના અંદરોઅંદરના સંબંધો હોય છે. ફકત ભૌતિક ચેતના

માટે, ભૌતિક જગતમાં જે પ્રકારનાં સ્થળ અને કાળ હોય છે તેવાં મનોમય અને પ્રાણમય જગતોમાં હોતાં નથી. દાખલા તરીકે, તમે ભૌતિક ચેતનામાં હો તો તમને લાગે છે – એક સ્થાનથી બીજે સ્થાને જવાની ક્રિયા મન વડે તત્કાળ થઈ શકે છે; ઊર્ધ્વ ચેતનાની અપેક્ષાએ એ ક્રિયા તત્કાલીન નથી હોતી, છતાં ભૌતિક ચેતનાની અપેક્ષાએ તે તત્કાલીન, અતિશય વેગવાન હોય છે.

મનોમય જગતનાં સત્ત્વોને તેમનું આગવું વ્યકિતત્વ હોય છે, એમની ઈચ્છા હોય તો એક સ્થાયીરૂપ પણ ધારણ કરી રાખી શકે છે. એમનું સ્વરૂપ તેમના વિચારની અભિવ્યકિત કરનારું હોય છે અને એ તેમના વિચારના ફેરફાર સાથે બદલાઈ શકે તેટલું નમનીય હોય છે, છતાં એ એક પ્રકારનું એવું સાતત્ય જાળવી રાખે છે જેથી તમે એને ઓળખી શકો છો. તમે જો શરીરની બહાર જાઓ અને મનોમય જગતમાં પ્રવેશ કરો તો આ સત્ત્વોને મળી શકો છો, તેમની સાથે વાત કરી શકો છો, અરે, ફરીવાર મળવાની મુલાકાતનો સમય પણ તેમની સાથે નક્કી કરી શકો છો!

બાળક: પ્રાણમય ભૂમિકાનાં સત્ત્વોની જેમ, મનોમય ભૂમિકાનાં સત્ત્વો પણ માનવ-વ્યકિત ઉપર તેમનો પ્રભાવ નાખી શકે છે?

શ્રી માતાજી: ઘણાં મનોમય સ્વરૂપો પોતાને પૃથ્વી ઉપર વ્યકત કરવાને પ્રયત્ન કરે છે. પણ ઘણું ખરું એ સ્વરૂપો માનવસર્જિત હોય છે. પછી એ સ્વરૂપો માનવીઓનાં મન ઉપર અસર કરવાના હેતુથી મનોમય જગતમાં કામ કરવું જારી રાખે છે. પરંતુ મનોમય ભૂમિકાનાં પોતાનાં સત્ત્વો સામાન્ય રીતે સર્જન કરનારાં હોય છે, અને એ રૂપનાં સર્જક હોઈ બીજાં રૂપો ઉપર અસર કરવાની તેમને પડી હોતી નથી — તેઓને પોતે સર્જેલાં રૂપો દ્વારા પોતાને વ્યકત કરવામાં સંતોષ હોય છે.

બાળક: 'આધ્યાત્મિક ભૂમિકા' અને 'ચૈત્યભૂમિકા' વચ્ચે કોઈ તફાવત છે? એ બે જુદી જુદી ભૂમિકાઓ છે?

શ્રી માતાજી: આ વિષયે માણસોના વિચારોમાં ઘણો ગોટાળો ઊભો કરેલો છે. મને લાગે છે કે તત્ત્વજ્ઞાન, યોગ, અને અન્ય પ્રણાલિકાઓમાં 'આધ્યાત્મિક' શબ્દ ઘણી અસ્પષ્ટ અને અનિશ્ચિત રીતે વપરાયેલો છે. જે કાંઈ સ્થૂલ નથી હોતું તે બધું 'આધ્યાત્મિક' ગણાય છે! ભૌતિક જગતની સરખામણીમાં બીજા બધાં જગતો આધ્યાત્મિક જગતો ગણાય છે. જે વિચારો કે કર્મો ભૌતિક જીવનને લગતા ન હોય તે આધ્યાત્મિક કાર્યો કહેવાય છે. જે કોઈ વૃત્તિ ચુસ્તપણે માનવીય અને અહંભાવવાળી ન હોય તે વૃત્તિ અને આધ્યાત્મિક ગણવામાં આવે છે. આ શબ્દ બધી જાતની રસોઈના મસાલા તરીકે વપરાય છે.

બાળક: મેં હમણાં જ 'ઈલસ્ટ્રેશન' નામના સામયિકમાં વાંચેલું કે 'ઉત્તમમાં ઉત્તમ આધ્યાત્મિક પ્રવૃત્તિ વાંચવાની અને લખવાની છે. આધ્યાત્મિક જીવનનું કેન્દ્ર રાષ્ટ્રિય પુસ્તકાલય છે.'

શ્રી માતાજી: એ સસ્તી આધ્યાત્મિકતા છે!

એ પછી શ્રી માતાજી 'આધ્યાત્મિક' અને
'ચૈતસિક' વચ્ચેના તફાવત વિષે બોલ્યાં ('માતાજીની વાણી' - વાર્તાલાપ - ૮)
અને ઉમેર્યું કે:

'...જ્યાં સુધી વસ્તુને સમજવા માટે તમારે શબ્દના બાહ્યરૂપ ઉપર આધાર રાખવો પડે છે ત્યાં સુધી સાચા અર્થ વિષે ભૂલ થવાનો ઘણો સંભવ રહે છે; પરંતુ જે સૃષ્ટિમાંથી વિચારો નીચે ઊતરીને રૂપ ધારણ કરે છે, તેમાં તમે ચિત્તની ગંભીર નીરવતા પ્રાપ્ત કરીને આરોહણ કરી શકો તો તરત જ સત્યનું ગ્રહણ શક્ય બનશે...અવ્યકત મનની ઊર્ધ્વ ભૂમિકામાં અને તેના વિશુદ્ધતર ઉચ્ચ પ્રદેશોમાં તમે મુકત હો છો. તમે જ્યારે ત્યાં જાઓ છો, ત્યારે તમે તમારા પોતાપણામાંથી બહાર નીકળો છો, અને એક વિશ્વવ્યાપી મનોમય ભૂમિકામાં પ્રવેશ કરો છો. ત્યાં પ્રત્યેક મનોમય સૃષ્ટિ જાણે કે એક વિશાળ ચિત્તસાગરમાં આવી રહી હોય તેવું લાગે છે. ત્યાં તમે બીજાના મનમાં શું ચાલી રહ્યું છે તે સંપૂર્ણપણે જાણી શકો છો. એ મન જાણે તમારું પોતાનું જ હોય તે પ્રમાણે તમે તેને જોઈ શકો છો, કારણ કે ત્યાં મન, અને મન વચ્ચે કોઈ પણ પ્રકારના ભેદની દીવાલ હોતી નથી. એ ભૂમિકા ઉપર જ્યારે તમે બીજાઓ જોડે એકતા સાધો છો ત્યારે જ તમે તેમને સમજી શકો છો. એવું ન થાય ત્યાં સુધી તમે બીજા સાથે સંવાદ પામી શકતા નથી, તેનો સ્પર્શ કરી શકતા નથી, તમારાથી જૂદા મનમાં શી ક્રિયા ચાલી રહી છે તેનું બરાબર જ્ઞાન તમે મેળવી શકતા નથી...'

('માતાજીની વાણી': વાર્તાલાપ - ૮)

શ્રી માતાજી: કેવળ નીરવતામાં જ વ્યકિત સાચું જ્ઞાન પામી શકે છે.

એવું ઘણીવાર બને છે કે કોઈ બે વ્યકિતઓ એક જ વિષય ઉપર વાત કરતી હોય છે, અને અચાનક, કોઈ કારણસર અમુક વખતે એ બંને બોલતા બંધ થઈ જાય છે; પછી સહસા, બેમાંથી એક, કોઈ એવો શબ્દ બોલી ઊઠે છે જે બરાબર બીજી વ્યકિત જેનો વિચાર કરી રહી હોય છે તે જ હોય છે. એ એવા લોકો હોય છે જે મૌન દ્વારા એકબીજાને સમજી શકે છે. એ બંનેની ગતિની રેખા એક જ હોય છે,

તેઓ એક જ પરિણામે પહોંચ્યા હોય છે અને એક જણ બીજાના વિચારની પૂર્તિ કરતો હોય છે. આ વસ્તુ ઘણી વાર જે લોકો લાંબો સમય એકબીજા સાથે રહેલા હોય છે અને જેમણે આપસની વચ્ચે એક પ્રકારની માનસિક મૈત્રી સ્થાપિત કરેલી હોય છે જેને પરિણામે શબ્દોની પાછળ જઈને એક બીજાને સાચી રીતે સમજી લે છે તેમની બાબતમાં બને છે. હું એવા માણસોને ઓળખું છું જેઓ જૂદા જૂદા દેશના હતા-તમને ખબર છે કે લોકોની, પોતપોતાના દેશ પ્રમાણે, વિચાર કરવાની પદ્ધતિ ઘણી નિરાળી હોય છે, વિચારોનો એકબીજા સાથે મેળ જોડવાની રીત જૂદા પ્રકારની હોય છે, અને તે એટલે સુધી કે અન્ય દેશ કરતાં વિરુદ્ધ પ્રકારની પણ હોય — પરંતુ એકબીજાથી ઘણી રીતે અલગ પ્રકારની પ્રજાઓના લોકોના મને એવા અનુભવો થયેલા છે કે તેઓ પોતાને એકબીજાને મનોમય ભૂમિકા ઉપર એટલી સુંદર રીતે સંવાદી બનાવી શકેલા કે શબ્દોના ઉપયોગ વિના એકબીજાને સમજી જતા.

બાળક: જો એક વ્યકિત નીરવ હોય અને બીજી ન હોય તો તેઓ એક બીજાને સમજી શકે?

શ્રી માતાજી: શકય છે. કદાચ એમ બને કે જે વ્યકિત નીરવ હોય તે, જે વ્યકિત નીરવ ન હોય તેને સમજી લે!...પરંતુ જ્યારે આ પ્રકારની સંવાદિતા પૂર્ણ રીતની હોય ભલે પછી એ કાયમની ન પણ હોય, અને તમે પેલી બીજી વ્યકિતની સાથે હો અને તમારા વિચારમાં એટલી હદ સુધી આગળ જઓ કે બાહ્ય ઘોંઘાટની બહાર નીકળી જઓ, અને પેલી બીજી વ્યકિત પણ એ જ વિચારનું અનુસરણ કરતી હોય, તો તમે બંને કંઈ પણ બોલ્યા નહિ હો કે એ રીતનો પ્રયત્ન પણ નહિ કર્યો હોય છતાં એકબીજાને એક જ મતના હોવાનું અનુભવશો. મોટા ભાગે નીરવતાની ક્ષણ બંનેને માટે એક જ સમયે કે લગભગ એક જ વખતે આવી પહોંચે છે — જાણે કે તમે નીરવતામાં સરી પડયા હો. અલબત્ત એમ પણ બને કે એક વ્યકિતના માથામાં ઘોંઘાટ થવો ચાલુ રહે જ્યારે બીજી વ્યકિતઓ એ બંધ કરી દીધો હોય, પણ જે વ્યકિતઓ પોતાનામાંથી ઘોંઘાટ બંધ કરી દીધો હશે તે વ્યકિત બીજાનામાં શું ચાલી રહ્યું છે તે સમજી જવાનો ઘણો સંભવ છે!

બાળક: અમે જ્યારે વર્ગની* બહાર આવીએ છીએ ત્યારે આપે શું કહ્યું તે પૂછવામાં આવે છે. અમારાથી તે કહી શકાય?

---

* આ વાર્તાલાપો વિષે જ્યારે બાળકો વાત કરતાં ત્યારે તેને 'શ્રીમાતાજીનો વર્ગ' એમ કહીને ઉલ્લેખ કરતાં.

શ્રી માતાજી : તમે કહી શકો કે 'જૂઓ, મેં મારો બનતો પ્રયત્ન કરેલો, પણ મને ખાતરી નથી કે હું તેમણે કહેલું બરાબર સમજ્યો છું. એટલે એમણે જે કહેલું તે કહેવા જાઉં તો, એ તદ્દન શકય છે કે હું તેમના શબ્દોની વિકૃત રજૂઆત કરું.' આમ કહેવાથી તમે સલામત અને સ્વસ્થ રહી શકો છો.

બાળક : ચૈત્ય જગતના પદાર્થના વિશેષ ગુણધર્મો કયા હોય છે?

શ્રી માતાજી : ચૈત્ય જગતનો પદાર્થ તેની પોતાનો આગવી એક રીતનો પદાર્થ હોય છે, અને એને એના પોતાના ચૈતસિક ગુણધર્મો હોય છે: અમરતાની લાગણી, ભાગવત પ્રભાવ પ્રત્યે પૂર્ણ ગ્રહણશીલતા, એ પ્રભાવ પ્રત્યે એકાત્મભાવે સમર્પણ, અને એ પ્રભાવથી પૂર્ણપણે સભર હોવાપણું —બિલકુલ આ વસ્તુ વડે જ ચૈત્ય તત્ત્વ, ચેતનાના બીજા ભાગોથી અલગ પડે છે. દાખલા તરીકે, હું જ્યારે મન અને પ્રાણને ચૈત્ય કેન્દ્રની આસપાસ ગોઠવવાની વાત કરું છું ત્યારે હું એમ નથી કહેવા માગતી કે મન અને પ્રાણ પોતે ચૈતસિક બની જાય છે; એ પોતાના સ્વરૂપમાં મન અને પ્રાણ જ બન્યાં રહે છે, પણ જેમ એક લશ્કર પોતાના આગેવાનની આસપાસ ગોઠવાય છે તેમ તેઓ પોતાના વડા ઉપરી ચૈત્ય પુરુષની આસપાસ સંગઠિત થાય છે—લશ્કર આગેવાની લેતું નથી, તે એના આગેવાનને અનુસરે છે, નહિ? તો, અહીં પણ એવું જ બને છે; પ્રાણ અને મન ચૈત્ય પુરુષની આસપાસ ગોઠવાય છે, તેઓ ચૈત્ય પુરુષ પાસેથી આદેશો મેળવે છે, અને એમનાથી બને તેટલો સારો તેનો અમલ કરે છે. પણ એના પરિણામે તેમનું પોત ચૈતસિક પદાર્થનું બની જતું નથી. તેઓ ચૈત્ય પુરુષના પ્રભાવ હેઠળ હોઈ શકે છે. અને એની પ્રકૃતિ ઓછાવત્તા અંશે ગ્રહણ કરે છે પણ એનું સત્ત્વ નહિ.

બાળક : આપ કહેતાં હતાં કે આપણું શરીર અમુક પ્રદેશો કે અમુક દેશોમાં કેન્દ્રિત થયેલ શકિતઓ પ્રત્યે ગ્રહણશીલ બની શકે છે. પરંતુ ચેતનાની પ્રાથમિક તૈયારી સિવાય એનું શારીરિક સંવેદન અનુભવી શકાય? કે પછી, ગરમી, ઠંડી, કે ભયના જેવી એ સ્વયંભૂ લાગણી* હોય છે?

શ્રી માતાજી : જો એ લાગણી કોઈ વિચાર કે સંકલ્પનું પરિણામ હોય તો એને અનુભૂતિ ન કહેવાય અને એની કોઈ કિંમત નથી રહેતી. તમે લક્ષમાં રાખો, હું

---

* આગલા વાર્તાલાપમાં શ્રી માતાજીએ પોતે જાપાનથી પાછા ફરતાં તેમણે અચાનક શ્રી અરવિંદના વાતાવરણની બે દરિયાઈ માઈલ દૂરથી કેવી રીતે શારીરિક રીતની અસર અનુભવાયેલી તે વિષે વર્ણન કરેલું.

બિલકુલ ભારપૂર્વક જણાવું છું કે જે કોઈ અનુભૂતિ, કોઈ વિચાર કે પૂર્વગૃહિત સંકલ્પનું પરિણામ હોય છે તેની આધ્યાત્મિક દૃષ્ટિએ કોઈ કિંમત નથી.

બાળક: પરંતુ આપ, જેને આ પ્રકારના સંવેદન માટે 'સાનુકૂળ' કહેવાય એવી અવસ્થામાં ન હતાં?

શ્રી માતાજી: કેટલીક વ્યકિતઓ એવી હોય છે જે નિરંતર ઊર્ધ્વ ચેતનામાં વસતી હોય છે, જ્યારે કેટલાકને એમાં પ્રવેશ મેળવવા માટે પણ મહેનત કરવી પડે છે. પરંતુ અહીં તો એક જુદી જ વસ્તુ છે. જે અનુભૂતિની હું વાત કરતી હતી તેમાં તો એ, એ કારણે મૂલ્યવાન હતી કે હું એની જરાપણ આશા રાખતી ન હતી, જરા પણ નહિ. મને બરાબર જાણ હતી, હું લાંબા સમયથી, જેને હું શ્રી અરવિંદનું પ્રભામંડળ કહી શકું, તેની સાથે સતત સંપર્કમાં હતી, પણ એ પ્રભાવની અસર ભૌતિક હવામાં પણ વર્તાય એવી શકયતાની કદી કલ્પના પણ નહિ કરેલી અને એની હું જરા પણ ધારણા રાખતી ન હતી. એ એક એવી વસ્તુ હતી જે, એ અનુભૂતિને મૂલ્યવાન બનાવતી હતી, એટલી બધી એવી રીતે, અચાનક આવી, જેમ કોઈ વ્યકિત કોઈ જૂદા ઉષ્ણતામાનવાળા કે જુદી ઊંચાઈવાળા સ્થળમાં પ્રવેશ કરતી હોય ત્યારે બને તેમ... મને ખબર નથી કે તમે જે હવા શ્વાસમાં લો છો તે હમેશાં એક સરખી નથી હોતી, એક દેશની હવામાંનાં આંદોલનો કરતાં બીજા દેશની હવામાંનાં આંદોલનો જૂદા પ્રકારનાં હોય છે, એક સ્થળની હવામાંનાં આંદોલનો બીજા સ્થળની હવાનાં આંદોલનો કરતાં જૂદાં હોય છે, એ બધું તમારા લક્ષમાં આવ્યું છે કે નહિ. જો તમને આ રીતની સૂક્ષ્મ પદાર્થ તત્ત્વને અનુભવી શકવાની ટેવ હોય તો તમે તરત કહી શકશો કે, 'આ હવા તો ફ્રાન્સ'ના જેવી છે, અથવા 'આ હવા જાપાન'ના સ્વાદ કે ગંધની છે, એ વસ્તુ સ્વાદ કે ગંધની માફક એક અવર્ણનીય વસ્તુ હોય છે—પણ અહીંની બાબતમાં એવું નથી, એ એક જુદી જ ઈન્દ્રિયનો અનુભવ છે, એ એક ભૌતિક પ્રકારનું તત્ત્વ છે, એ કોઈ મનોમય કે પ્રાણમય લાગણી નથી; એ એક ભૌતિક લાગણી જ છે, પણ આપણે જેનો ઉપયોગ કરી શકીએ છીએ તે પાંચ ઈન્દ્રિયોથી જુદી ઈન્દ્રિયોનું અસ્તિત્વ છે—એવી ઘણી ઈન્દ્રિયો છે.

ખરી રીતે, ભૌતિક સ્વરૂપને માટે—યાદ રાખો કે હું ભૌતિક સ્વરૂપની વાત કરું છું – પૂર્ણ રીતે વિકાસ પામવા સારુ બાર ઈન્દ્રિય હોવી જોઈએ. આમાંની એક ઈન્દ્રિય હું જે લાગણીની વાત કરું છું તેનો અનુભવ કરાવે છે. તમે એને સ્વાદ, ગંધ, શ્રવણ, વગેરે નહિ કહી શકો. પરંતુ એ એક એવી વસ્તુ છે જે તમને ગુણધર્મના ભેદ

વિષે ચોક્કસ ખ્યાલ આપે છે, અને એ ખૂબ ચોક્કસ હોય છે. કાળું અને ધોળું જોઈ શકવા જેટલો સ્પષ્ટ, સાચેસાચ એ એક ઈન્દ્રિયગત જેવો અનુભવ હોય છે. મોટા ભાગે, જ્યારે તમે ગુહ્યવિદ્યાનો અભ્યાસ આદરો છો ત્યારે તમારા ગુરુ પહેલી વસ્તુ એ કરે છે કે એ વિષયમાં તેઓ તમને કંઈ કહેતા નથી, કદી પણ સમજાવતા નથી, એનું કારણ એ કે જો પહેલેથી એમ સમજાવવામાં આવે તો આ મનની હાસ્યાસ્પદ ટેવને લઈને તે એના વિષે 'વિચારવા' બેસી જાય છે અને એ તમને એવી એવી 'અનુભૂતિઓ' આપે છે કે જેની કશી કિંમત નથી હોતી — એ કેવળ માનસિક ઘડતરો હોય છે અને એ બધાં તમને રમકડાની જેમ રમાડે છે, બીજું કંઈ નહિ — એમનામાં કોઈ સત્ય હોતું નથી.

જ્યારે તમે અનુભૂતિઓની દુનિયામાં પ્રવેશ કરવા ઈચ્છતા હો ત્યારે તમારે મનથી ખાસ સાવચેત રહેવા જેવું છે. જેવું મનને સતેજ કરવામાં આવે છે કે તુરત તે બોલી ઊઠે છે: 'આ — હા, શું ચાલી રહ્યું છે?', પછી એમ બને કે, વસ્તુઓ જરૂર બને, પણ એ ખરી વસ્તુ નહિ હોય, એ બનાવટ હશે.

પહેલી શરત — મૌન રહો. કેવળ તમારી જીભ બંધ રાખો એટલું નહિ પણ તમારા મસ્તકને શાંત, નીરવ રાખો. જો તમારે કોઈ સાચી, સચ્ચાઈભરી અનુભૂતિ જોઈતી હોય કે જેના પાયા ઉપર રચના થાય તો તમારે શાંત રહેતાં શીખવું જોઈએ, નહિ તો તેમને તમે પોતે જ ઉપજાવી કાઢો, તે સિવાય બીજું કંઈ નહિ પ્રાપ્ત થાય, અને એનો અર્થ શૂન્ય. બહુ બહુ તો તમે એટલું કહી શકો, 'ભલા ભગવાન, મારું મન કેવી કેવી વાતો ઉપજાવી કાઢી શકે છે!'

૨૨ માર્ચ, ૧૯૫૧

બાળક: આપ કહો છો કે 'કાળ એક સાપેક્ષ વસ્તુ છે.' એનો શો અર્થ થાય છે?

શ્રી માતાજી : કાળની લંબાઈની ગણના તમારી ચેતનાની અવસ્થા ઉપર આધાર રાખે છે. તમે જો સામાન્ય પ્રકારની માનવ ચેતનામાં જીવતા હો છો તો, તમે પોતે જેટલા વર્ષ જીવવાની અપેક્ષા રાખતા હો તેના પ્રમાણમાં કાળની લંબાઈનું માપ કાઢો છો. દાખલા તરીકે, જે વસ્તુ સિદ્ધ કરવાને પચાસ વર્ષ લાગે તેમ હોય તે તમને ભારે લાંબો ગાળો લાગે છે, કારણ કે તમને એમ થાય છે, 'પચાસ વર્ષ...પચાસ વર્ષ પછી હું ક્યાં હોઈશ?' આ બાબતનું તમને સ્પષ્ટપણે ભાન ન હોય તો પણ એ વસ્તુ તમારી ચેતનામાં તો હોય છે જ. પરંતુ આ બાબતને તમે એક મનોમય ચેતનાના દૃષ્ટિ-બિંદુથી જુઓ. કોઈ યોગ્ય રીતે ઉત્તમ પ્રકારનો ગણાય તેવા ગ્રંથનો દાખલો લો. આવું લખાણ સેંકડો અને હજારો વર્ષ સુધી જીવંત રહી શકે છે; અને પછી તમને જો આમ કહેવામાં આવે કે, 'તમારા વિચારોનો પ્રસાર થવામાં એકસો જેટલાં વર્ષ જશે' તો તમને એ ગાળો એટલો બધો લાંબો નથી લાગતો. અને જો તમે તમારી ચેતનાનું, ચૈત્ય ચેતના સાથે અનુસંધાન કરો તો તમારું જીવન, એ અગાઉ પસાર થઈ ગયેલી એવી અનેક ક્ષણોમાંથી એક ક્ષણ માત્ર સરખું બની જાય છે; એટલે એક જીવન વધારે કે ઓછું તેની કોઈ ખાસ અગત્ય રહેતી નથી. આથી આગળ જઈને, જો તમે તમારી ચેતનાનું શાશ્વતી સાથે અનુસંધાન કરો, તો પછી કાળને કોઈ સત્યતા રહેતી નથી.

સર્વ કાંઈ સાપેક્ષ છે.

બાળક : જ્યારે આપણે સ્વરૂપના જુદા જુદા ભાગો વિષે સભાન હોઈએ છીએ ત્યારે એમાંનો કયો ભાગ સચેતન હોય છે?

શ્રી માતાજી : કદાચ એ વસ્તુ હમેશાં એક સરખી હોતી નથી. સામાન્ય રીતે, સભાન થવાની ક્રિયા ચૈત્ય સત્-તાએ કરવી જોઈએ પણ જે વસ્તુ સભાન થવાની ક્રિયા કરે છે તે ચૈત્ય સત્-તા હોય એવું તો જવલ્લે જ બને છે. મોટા ભાગે એ ક્રિયા મનનો એક ઓછાવત્તા અંશે સજ્ઞાન થયેલો ભાગ, જેણે ઘટનાઓથી સહેજ પાછળ ઊભા રહીને અન્ય સર્વનું અવલોકન કરવાની શકિત પ્રાપ્ત કરી હોય છે, તે કરે છે. પરંતુ એ વસ્તુ તમે સહેલાઈથી જાણી શકો છો : તમે જો તમારી મનોમય ચેતનામાં સભાન હો છો તો મનનો એક ભાગ એક વસ્તુ કહે છે અને બીજો ભાગ તેનો પ્રત્યુત્તર વાળે છે અને એમને એમ એ બંને ભાગની વચ્ચે અસ્ખલિત ચર્ચાઓ ચાલ્યા કરે છે. ઘણા માણસોના મનમાં આવા સંવાદો ચાલ્યા કરતા હોય છે.

ચેતનાનો કયો ભાગ સચેતન બન્યો છે તે કહેવું સામાન્ય રીતે અઘરું હોય છે; પરંતુ એ વસ્તુ, જો અન્ય વસ્તુઓનું અવલોકન કરી રહેલો કોઈ ભાગ હોય તો હમેશાં, એમાં દ્રષ્ટા તરીકે એ ભાગમાં રહેલ 'સાક્ષી' તત્ત્વ હોય છે—અને સ્વરૂપના દરેક ભાગમાં એવી કોઈ વસ્તુ આવી રહેલી હોય છે જે વસ્તુઓનો દ્રષ્ટા, 'સાક્ષી' હોય છે. અને આ 'સાક્ષી'ઓમાં શરીરની ચેતનાનો સાક્ષી પણ હોય છે, અને એ ઘણી વાર હરકતો ઊભી કરે છે; દાખલા તરીકે તમે જો રમત રમી રહ્યા હો અને શરીરની ચેતનાનો સાક્ષી તેનું અવલોકન કરવા માંડે તો શકય છે કે એને લઈને તમારી ક્રિયાઓ ઠીક ઠીક પ્રમાણમાં કુંઠિત થઈ જાય. એક પ્રાણમય 'સાક્ષી' પણ હોય છે જે તમને નિહાળી રહ્યો હોય છે, તમારી કામનાઓને જોતો રહે છે અને તમારામાં જે કાંઈ બનતું હોય છે તે જોવામાં એને ખૂબ મઝા પડે છે. એ એક બ્રેક તરીકે પણ કામ કરે છે. એવો એક મનોમય 'સાક્ષી' પણ હોય છે જે તમારા વિચારોની તુલના કરે છે, અને કહે છે, 'આ વિચાર પેલા વિચારથી વિરુદ્ધ છે', અને એ બધી વસ્તુઓને વ્યવસ્થિત કરે છે અને પછી એક ચૈતસિક સાક્ષી પુરુષ પણ હોય છે, જે વસ્તુત: અંતરમાં રહેલ ભાગવત ચૈતન્ય હોય છે.

કેટલીક વાર આ જુદા જુદા સાક્ષી પુરુષો વચ્ચે કોઈ સંબંધ હોતો નથી—હોવો તો જોઈએ, પણ એ હોય એવું હમેશાં બનતું નથી. પરંતુ જો તમારી ચેતનામાં પૂર્ણતા પામવા માટેનો સંકલ્પ હોય તો, એ સાક્ષી પુરુષો વચ્ચે બહુ ઝડપથી સંબંધ બંધાઈ જાય છે; એક સાક્ષી પુરુષ બીજા સાક્ષી પુરુષનો આધાર લઈ શકે છે અને જો તમારામાં પૂરતા પ્રમાણમાં હૃદયની સચ્ચાઈ હોય, પૂરતા પ્રમાણમાં એકાગ્રતા હોય તો તમે

છેવટે સર્વોપરી આંતરસાક્ષી પુરુષ પાસે પહોંચી જઈ શકો છો. એ સાક્ષી પુરુષ સર્વ વસ્તુઓની યોગ્ય તુલના કરી શકે છે. પરંતુ સામાન્યપણે એમ કહી શકાય કે સામાન્ય રીતે સામાન્ય સંજોગોમાં માનવમાં રહેલો સાક્ષી પુરુષ હમેશાં, ઓછાવત્તા પ્રમાણમાં જાગ્રત થયેલો, આંતરચેતના સાથે કંઈક વધુ પ્રમાણમાં સંપર્કમાં આવેલો મનોમય ભાગ જ હોય છે અને અવલોકન કરવાનું અને તુલના કરવાનું કામ એ મનોમય ભાગ જ કરતો હોય છે.

બાળક : ચેતના શું વસ્તુ છે?

શ્રી માતાજી : (થોડીકવાર મૌન રહ્યા બાદ) એના ઘણા ઉત્તરો હોઈ શકે છે, એમાં કયો પસંદ કરી આપવો તે હું વિચારી રહી છું! એક ઉત્તર, મજાકમાં કહું તો એ છે કે અચેતનાથી ઊલટી વસ્તુ ચેતના છે. બીજો ... વિશ્વનું એ સર્જક સત્ત્વ છે — ચેતના વિના વિશ્વ સંભવે નહિ; કારણ કે ચેતના એટલે જ વસ્તુલક્ષિત્વ. મારે કહેવું હોય તો એમ પણ કહી શકું કે ચેતના એટલે 'હોવાપણું' - કારણ કે ચેતનાના અસ્તિત્વ વિના કોઈ વસ્તુ 'હોઈ' શકતી નથી — આ સારામાં સારી દલીલ છે. ચેતના વિના કોઈ જીવન, કોઈ પ્રકાશ, કોઈ વસ્તુત્વ, કોઈ સર્જન, કોઈ વિશ્વ, કશું કાંઈ હોઈ શકતું નથી.

કદાચ અનાવિર્ભૂત પરમતત્ત્વમાં પણ એક પ્રકારની ચેતના હશે (પણ જ્યારે આ પ્રશ્ન ઉપર આપણે બોલવા માંડીએ છીએ ત્યારે ન બોલાય તેવું બોલવા માંડીએ છીએ.) એમ કહેવાય છે કે શરૂઆતમાં પરમાત્મા પોતાના વિષે સભાન થયા (એમ કહેવાનો અર્થ એ થાય કે તે અગાઉ તેઓ પોતાના વિષે સભાન ન હતા! આપણે મનુષ્યો જેને 'સચેતન' કહીએ છીએ તેવી રીતની અવસ્થામાં તે ન હતા!) એમની પ્રથમ ક્રિયા પોતાના વિષે સભાન થવાની થઈ અને એક વાર તેઓ પોતાના વિષે સભાન થયા એટલે તેમણે પોતાની જાતનો પ્રક્ષેપ કર્યો, અને એનાથી આ સર્જન બની આવ્યું. કંઈ નહિ તો, જૂની પરંપરાઓમાં આ પ્રમાણે કહેવામાં આવે છે. એ તો માનીને જ ચાલવાનું કે હકીકતમાં સૃષ્ટિની 'શરૂઆત' જેવી કોઈ વસ્તુ છે જ નહિ, કારણ કે જે બનેલું છે તેને રજૂ કરવાની માનવની રીતે પ્રમાણે આપણે એમ કહીએ છીએ : વસ્તુઓની 'શરૂઆત' અથવા આદિ તો પરમાત્મા છે — અનાવિર્ભૂત પરમાત્માનું પોતાને વિષે સભાન થવું એ 'શરૂઆત' છે. કદાચ એમને એમ જણાયું હશે કે પોતાની એ ચેતના સર્વાંશે સંતોષ ઉપજાવે તેવી ન હતી (!) એટલે એમણે એનો પ્રક્ષેપ કર્યો, પોતાની બહાર નહિ, કારણ કે એમની બહાર હોય એવું કાંઈ નથી, પરંતુ એમણે તેને એક સક્રિય ચેતનાનું રૂપ આપ્યું કે જેથી તે પોતાની જ ચેતના

પોતાની જાતનું લક્ષ્ય સ્વરૂપ બને. એટલે આપણે ખાતરીપૂર્વક કહી શકીએ છીએ કે આખાય સર્જનનું મૂળ ચેતના છે. વસ્તુને વ્યકત કરવામાં શબ્દોનો ઉપયોગ કરીને વધુમાં વધુ ચોક્કસ રજુઆત કરવી હોય તો એ પ્રમાણે કહી શકાય. સર્વ સર્જનનું મૂળ ચેતના છે — ચેતના વિના સર્જન શકય નથી. અને આપણે જેને 'ચેતના' કહીએ છીએ તે તો તદ્દન દૂર દૂરનો, ચોકસાઈ કે યથાર્થતા વિનાનો, પરમ ચેતના સાથેનો સંપર્ક માત્ર છે. અથવા તમને ઠીક લાગે તો એમ કહી શકો કે આપણે જેને 'ચેતના' કહીએ છીએ તે તો આદિ ચેતનાનું એક ખાસ સ્વચ્છ ક્ષતિવિનાનું ન હોય તેવા દર્પણમાંનું પ્રતિબિંબ માત્ર છે. આપણે જેને ચેતના કહીએ છીએ તે તો મૂળ ચેતનાનું કંઈક અંશે ધૂંધળા દર્પણમાં (કેટલીક વાર ખૂબ ધૂંધળા, કેટલીક વાર ખૂબ વિકૃત દર્પણમાં) એક વ્યક્તિગત દર્પણમાં પ્રતિબિંબ માત્ર હોય છે. અને પછી આપણે આ પ્રતિબિંબ દ્વારા ધીમે ધીમે, જે મૂળ વસ્તુની એ છાયા હોય છે તેના તરફ પાછા ફરીએ છીએ તો આપણે એ ચેતનાના, — સત્ય ચેતનાના, સંપર્કમાં પ્રવેશીએ છીએ. અને એક વાર આપણે એ સત્ય ચેતનાના સંપર્કમાં આવીએ છીએ ત્યારે આપણને ભાન થાય છે કે સર્વસ્થળે એ સરખી જ છે અને એમાં ભેદ થવાનું કારણ દર્પણમાંની વિકૃતિ જ છે, એ વિકૃતિ ન હોય તો સર્વ વસ્તુઓ એ એકની એક ચેતનામાં જ આવી રહેલી હોય છે. એટલે કે, ચેતનામાં નાનાત્વ અને ભેદ ઉત્પન્ન કરનાર વસ્તુ પેલી વિકૃતિ, વિકૃતિ ઉત્પન્ન કરનાર દર્પણમાંનું પ્રતિબિંબ માત્ર છે, નહિ તો, એ એક જ ચેતના છે. પરંતુ આ વસ્તુઓ અનુભવ વડે જ સમજી શકાય છે.

બાળક: બાર ઈન્દ્રિયો* કયી કયી છે?

શ્રી માતાજી: આપણને પાંચ ઈન્દ્રિયો આપવામાં આવેલી છે, નહિ? ગમે તેમ પણ, એ સિવાયની એક ઈન્દ્રિય એવી છે જે સ્પષ્ટ રીતે ચેતના સાથે સંબંધ ધરાવતી હોય છે. હું જાણતી નથી કે આ બાબતમાં તમને કોઈવાર કાંઈ કહેવામાં આવ્યું હશે કે નહિ, પણ દાખલા તરીકે કોઈ માણસ આંધળો હોય તો તે દેખી શકતો નથી, છતાં તેને અમુક અંતરે આવેલી વસ્તુ વિષે ભાન થઈ શકે છે. એ વસ્તુ એક એવી જાતના સંવેદન દ્વારા બને છે જેને સ્પર્શ ન કહી શકાય કારણ કે તે તેનો સ્પર્શ કરતો નથી હોતો, એને દૃષ્ટિ પણ ન કહી શકાય કારણ કે એ જોઈ શકતો હોતો નથી. એ એક એવી વસ્તુ હોય છે જે એને સાંભળ્યા વિના, જોયા વિના કે સ્પર્શ કર્યા વિના પેલી વસ્તુના સંપર્કમાં મૂકી આપે છે. આપણને સામાન્ય રીતે જે ઈન્દ્રિયોનો ઉપયોગ કરવાની ટેવ હોય છે તેનાથી વધારાની વધુમાં વધુ વિકસિત ઈન્દ્રિયો પૈકીની એક એ

---

* આની આગળના વાર્તાલાપમાં શ્રી માતાજીએ બાર ઈન્દ્રિયોનો ઉલ્લેખ કરેલો.

હોય છે. એ સિવાય એક બીજી ઈન્દ્રિય પણ હોય છે જેમાં વસ્તુની સમીપતાનું ભાન થતું હોય છે: એનાથી આપણે જ્યારે કોઈ વસ્તુની પાસે જઈએ છીએ ત્યારે આપણે જાણે તેનો સ્પર્શ કર્યો હોય તેવી લાગણી અનુભવીએ છીએ. એક બીજી ભૌતિક ઈન્દ્રિય એવી હોય છે જેને લઈને દૂર બનતી ઘટનાઓ સાથે તમે સંપર્કમાં આવી શકો છો, એ કેવળ મનોમય ઈન્દ્રિય નથી હોતી, એ ભૌતિક જગતની ભૌતિક ઈન્દ્રિય જ હોય છે: એનું સંવેદન અનુભવી શકાય છે. કેટલાક લોકો ઘણે દૂર બનતી હોય તેવી ઘટના સાથે સંપર્ક થયાનું સંવેદન અનુભવી શકે છે. તમારે એ વસ્તુ ભૂલવી ન જોઈએ કે ભૌતિક ચેતનાના અનેક સ્તરો હોય છે. વળી ઈન્દ્રિયગત ન હોય એવાં ભૌતિક પ્રાણ અને ભૌતિક મન પણ હોય છે. સ્થૂલ ભૂમિકા ઉપર અગમચેતીની દૃષ્ટિ પણ એક પ્રકારની ભૌતિક ઈન્દ્રિય છે.

આમ આપણે જોઈએ છીએ કે આપણામાં એવી એક વસ્તુ હોય છે, જે થોડાક અંતરે આવેલી વસ્તુનું જ્ઞાન પામી શકે છે; બીજી એક વસ્તુ એવી હોય છે જે લાંબા અંતરની વસ્તુનું જ્ઞાન પામી શકે છે અને એવી પણ વસ્તુ હોય છે જે અગાઉથી જ્ઞાન પામી શકે છે; અને આ રીતે ત્રણ ઈન્દ્રિયો તો થાય છે. આ સર્વ વસ્તુઓ આપણી ઈન્દ્રિયોની સુધારેલી આવૃત્તિ જેવી હોય છે; દાખલા તરીકે, દૂરની વસ્તુઓ સાંભળવાની શકિત. કેટલાક લોકો ઘણે દૂરનો કોલાહલ સાંભળી શકે છે તો કેટલાક લોકો ઘણે દૂરની વાસ પારખી શકે છે. એટલે એમાં આપણી ઈન્દ્રિયોની શકિતને પરિપૂર્ણ કરવામાં આવી હોય તેવું હોય છે.

બાળક: જમીનની સપાટી નીચે રહેલ પાણી વિષેનું જ્ઞાન કઈ ઈન્દ્રિય દ્વારા મળે છે?

શ્રી માતાજી: દરેક વ્યકિતમાં એ વિષેનું સંવેદન અલગ અલગ પ્રકારનું હોય છે. કેટલાક લોકો માટે તેઓ જાણે પાણીને જોઈ શકતા હોય તેવું બને છે; બીજા કેટલાકને પાણીની વાસ આવતી હોય તેવું થાય છે; તો વળી બીજા કેટલાકને એક પ્રકારની મનોમય સહજ સ્ફુરણા થતી હોય તેવું બને છે; પણ ત્યારે એ જ્ઞાન ભૌતિક સંવેદનના પ્રકારનું નથી હોતું, એ એક પ્રકારનું પ્રત્યક્ષ જ્ઞાન હોય છે. અહીં એક માણસ એવો હતો કે જે પોતે પાણીને સૂંઘી કાઢી શકે છે એમ કહેતો હતો — એની પાસે એક સાધન હતું પણ એ તો દેખાવ પૂરતો આધાર હતો...તમને ખબર હશે કે એ સાધનમાં એક દંડૂકો હોય છે અને જ્યારે તમને એમ લાગણી થતી હોય કે અહીં કંઈક છે ત્યારે તમે ગમે તેટલા નિષ્ક્રિય રહેવા પ્રયત્ન કરો તો પણ તમારાથી કંઈક હિલચાલ થઈ જાય છે. આ બાબતનો મેં ઘણી વાર અખતરો કરેલો છે. તમે કોઈ માણસના હાથમાં એક દંડૂકો આપો અને તેને ચાલતો રહેવાનું કહો; તમે અને તે માણસ શાંતિ જાળવી રાખો,

એકદમ એકાગ્ર અવસ્થા જાળવી રાખો; અને અચાનક તમારામાં એક બળવાન સંકલ્પ ઊભો થાય છે. 'અહીં પાણી છે' અને આશ્ચર્ય! તે જ વખતે પેલો દંડૂકો સહેજ ગતિ કરે છે—એમાં તમારું સૂચન જ કામ કરી ગયું હોય છે એ તો દેખીતું છે. મેં જ્યારે અખતરો કરેલો ત્યારે મને જરાપણ ખ્યાલ ન હતો કે અમુક ઠેકાણે પાણી છે પણ મારામાં એ વખતે એ રીતનો સંકલ્પ આવેલો; અને જે પાણી શોધનારો હતો તેના હાથમાંનો દંડૂકો તરત નીચો નમેલો; એણે એના અવચેતન ભાગમાં મારામાં આવેલા સંકલ્પનું સૂચન ગ્રહણ કર્યું હતું માટે.

બાળક: જો આપણે પૂરતા પ્રમાણમાં શાંત હોઈએ તો આપણું નાડીતંત્ર પાણીનાં આંદોલનો ગ્રહણ કરી શકે?

શ્રી માતાજી: પણ મેં જે અખતરો કરેલો તેમાં ત્યાં પાણી ન હતું! કેવળ મેં સંકલ્પ કરેલો કે અહીં પાણી હોવું જોઈએ (ત્યાં કદાચ પાણી હશે પણ ખરું, મને તેની ખબર નથી, કારણ કે મેં તેમને તે જગ્યાએ ખોદી જોવા કહેલું નહિ). પરંતુ એ અખતરો એ વસ્તુ પુરવાર કરે છે કે કેવળ મારામાં ઉત્પન્ન થયેલ સંકલ્પે, દંડૂકો પકડનારી આંગળીઓ ઉપર કાર્ય કરેલું અને પરિણામે દંડૂકો નીચો નમેલો...તમે કદાચ એમ પણ કહી શકો કે ત્યાં ખરેખર પાણી હશે માટે જ મારામાં પાણી હોવાનો સંકલ્પ ઉત્પન્ન થયો હશે!

બાળક: કેટલાંક પ્રાણીઓની ઈન્દ્રિયો સારા પ્રમાણમાં વિકાસ પામેલી હોય છે નહિ?

શ્રી માતાજી: હા, જરૂર, કેટલાંક પ્રાણીઓ આપણા કરતાં ઘણાં વધુ આગળ વધેલાં હોય છે.

બાળક: અમે એક વખત વાઘનો શિકાર કરવા ગયેલા ત્યારે એક હાથી અમને સીધો જ્યાં પાણી હતું ત્યાં દોરી ગયેલો.

શ્રી માતાજી: માણસની ઈન્દ્રિયો કરતાં પ્રાણીઓની ઈન્દ્રિયો ઘણી વધારે પૂર્ણરૂપની હોય છે. દાખલા તરીકે હું તમારી સાથે હોડ બકી શકું કે કોઈ માણસનાં પગલાં ઉપરથી જે રીતે કૂતરાં તેને શોધી કાઢે છે તે રીતે તમે શોધી શકશો નહિ!

આનો અર્થ એ છે કે ઉત્ક્રાંતિના વળાંક કિંવા ઊર્ધ્વગામી ચક્રમાં, પ્રાણીઓ (અને ખાસ કરીને આપણી સાથે વધુ પ્રમાણમાં સરખાપણું હોવાને કારણે જેમને આપણે 'ઉચ્ચ કક્ષાના' પ્રાણીઓ કહીએ છીએ) તેમનું નિયંત્રણ તે પ્રાણી—જાતિના આત્મા વડે થતું હોય છે અને એ આત્મા એક ખૂબ સભાનપણે વર્તતી ચેતના હોય છે. મધમાખો, કીડીઓ વગેરે આ રીતે તેમની જાતિના આત્માના નિયંત્રણને વશ વર્તે

છે અને એ એક તદ્દન ખાસ પ્રકારની ગુણવત્તા ધરાવતો આત્મા છે. અને પ્રાણીઓમાં કાર્ય કરતી 'અંધપ્રેરણા' એ બીજું કંઈ નહિ પણ તેમની જાતિના આત્માને વશ વર્તતી તેમની આજ્ઞાધીનતા જ હોય છે અને એ આત્માને શું કરવા જેવું છે અને શું કરવા જેવું નથી તેની ખબર હમેશાં હોય છે. તમે એક ગાયને ખુલ્લા મેદાનમાં ચરવા મૂકો; એ આમતેમ ફરતી જાય છે. સૂંઘતી જાય છે અને અચાનક જીભ કાઢીને ઘાસની કોઈ એક પાંદડીને મોઢામાં મૂકી દે છે. પછી પાછી એ આગળ ચાલતી જાય છે. સૂંઘતી જાય છે અને ઘાસની બીજી એક ડાખળીને આરોગે છે, અને એમ ને એમ ચાલ્યે જાય છે. આ પ્રકારની પરિસ્થિતિમાં ગાય ઝેરી ઘાસ ખાઈ ગઈ હોય એવું કોઈના જાણવામાં આવ્યું છે? પરંતુ એ ગરીબ પ્રાણીને તમે એક ગમાણમાં પૂરી મૂકો અને થોડુંક ઘાસ એકઠું કરીને તેની સામે મૂકો. અને પછી (મને માફ કરજો, પણ મારે કહેવું જોઈએ કે) પેલું ગરીબ પ્રાણી, જેણે માનવીને આધીન વર્તવાને કારણે પોતાની સહજબુદ્ધિ ગુમાવી દીધી હોય છે, તે એ ઘાસ તેમાંના ઝેરી ઘાસ સાથે ખાઈ જાય છે. આપણે અહીં એવું ત્રણેક પ્રસંગે બનેલું, ઝેરી ઘાસ ખવાઈ જવાને કારણે ત્રણ ગાયો મરણ શરણ થયેલી. અને આ કમનસીબ પ્રાણીઓને, બધાં પ્રાણીઓની જેમ (જેને હું અઘટિત કહું છું તેવું) માનવીની વરિષ્ઠતા માટેનું માન હોય છે—માનવી ગાય પાસે ઝેરી ઘાસ મૂકીને એને એ ખાવાનું કહે તો એ ખાઈ જાય છે! પરંતુ એને પોતાની સ્વતંત્ર રીતે વર્તવા દેવામાં આવે, એની જાતિના આત્માની વચ્ચે કોઈ વસ્તુને આડખીલી ન કરવા દેવામાં આવે તો એ કદાપિ એમ ન કરે. જે કોઈ પ્રાણીઓ માણસના સહવાસમાં રહેતાં હોય છે તે બધાં તેમની સહજબુદ્ધિ ગુમાવી બેસે છે કારણ કે માણસ કે જે તેમને કશી તકલીફ વિના આશરો અને ખોરાક આપી શકે છે તેને માટે તેમનામાં એક પ્રકારની ભક્તિભાવભર્યા માનની લાગણી હોય છે—થોડોક ભય પણ હોય છે, કારણ કે તેમને ખબર હોય છે કે માણસ તેમની પાસે જે કરાવવા માગે છે તે તેઓ નહિ કરે તો માર પડશે!

એ પ્રાણીઓ તેમની શક્તિ ગુમાવી બેસે છે એ એક વિચિત્ર ઘટના છે. દાખલા તરીકે, ભરવાડી કૂતરાઓ જે માણસોથી ઘણે દૂર ઘેટાંનાં ટોળાં સાથે રહેતા હોય છે તેમની પ્રકૃતિ ઘણી સ્વતંત્ર હોય છે (એ કૂતરાઓ અવારનવાર ઘેર આવતા હોય છે અને તેમના માલિકને સારી પેઠે ઓળખતા હોય છે, પણ તેને મળવાના પ્રસંગો ઝાઝા હોતા નથી). એવા કોઈ કૂતરાને સાપ કરડે છે ત્યારે તે એક ખૂણામાં બેસીને ઘાને ચાટયા કરે છે અને પોતે સારો થઈ જાય ત્યાં સુધી જે કંઈ કરવા જેવું હોય તે કર્યે જાય છે. પણ એ જ કૂતરો જો તમારી સોબતમાં રહેતો હોય અને તેને સાપ કરડે તો એ માણસની માફક નિઃસહાય રીતે મરણને ભેટે છે.

મારી પાસે એક ઘણી વહાલી લાગે તેવી નાનકડી બિલાડી હતી. તદ્દન સંસ્કારી હોય તેવી, અદ્‌ભુત બિલાડી હતી. એનો જન્મ ઘરમાં જ થયો હતો અને બધી બિલાડીઓની ટેવ હોય છે તે એને પણ હતી, એટલે કે, કોઈ વસ્તુ હાલતી ચાલતી જુએ તો તે તેની સાથે રમત કરવા બેસી જતી. એક વખત ઘરમાં એક મોટો વીંછી નીકળેલો અને આ બિલાડી તેની ટેવ પ્રમાણે એ વીંછી સાથે રમત કરવા લાગી, અને પછી વીંછીએ તેને ડંખ દીધો. પણ એ બિલાડી અસામાન્ય પ્રકારની હતી; વીંછી કરડેલો એટલે એ મરવાની અણી ઉપર હતી તો પણ મારી પાસે આવી અને જે પંજા ઉપર તેને ડંખ લાગેલો તે મને બતાવવા લાગી — એનો પંજો સૂજી ગયો હતો અને ખૂબ પીડા આપતો હતો. મેં એ મારી વહાલી બિલાડીને ઊંચકી લીધી અને તેને એક ટેબલ ઉપર બેસાડીને શ્રી અરવિંદને બોલાવ્યા. મેં તેમને કહ્યું: 'કીકીને વીંછી કરડયો છે. તેને સાજી કરી આપો.' એ બિલાડી એની બોચી ખંજવાળવા લાગી અને પોતાની લગભગ કાચ જેવી લાગણીશૂન્ય થવા આવેલી આંખો વડે શ્રી અરવિંદ સામે જોઈ રહી. શ્રી અરવિંદ તેની સામે બેઠા અને એ પણ તેની સામે જોઈ રહ્યા. અને પછી અમે જોયું કે એ નાનકડી બિલાડીને ધીમે ધીમે સારું થઈ રહ્યું છે, ભાનમાં આવી રહી છે, અને એકાદ કલાકમાં તો એ તદ્દન સાજીનરવી થઈને કૂદકો મારીને બહાર ફરવા ચાલી ગઈ... એ દિવસોમાં શ્રી અરવિંદ જે રૂમમાં સૂતા હતા તેમાં હું ધ્યાન કરાવતી હતી (હાલ આ જે રૂમ વાપરે છે ત્યાં) અને તેમાં નિયમિતપણે અમુક જ માણસો આવતા હતા, બધું બરાબર વ્યવસ્થિત રીતે ગોઠવેલું હતું. એ રૂમમાં એક આરામખુરસી હતી અને એમાં પેલી બિલાડી પહેલેથી જ જઈને પોતાનું આસન જમાવી બેસતી — કોઈ એ ખુરસીમાં બેસવા આવે તેની રાહ એ જોતી નહિ પણ પોતે જ ગોઠવાઈ જતી! અને રોજ નિયમિતપણે એ સમાધિ અવસ્થામાં પહોંચી જતી! એ ઊંઘતી ન હતી, બિલાડીઓ જ્યારે ઊંઘી જાય છે ત્યારે જે રીતે તેમનું શરીર વળેલું હોય છે. તેવું તેની બાબતમાં બનતું નહિ. એને સમાધિ જ આવી જતી, એ અવારનવાર ચમકી ઊઠતી, નક્કી એને આંતર દૃશ્યો દેખાતાં હતાં, અને એ નાના નાના ઊંહ્‌કારા કરતી. એ ગહન સમાધિમાં ચાલી જતી. એ, એ રીતની અવસ્થામાં કલાકો સુધી રહેતી, અને જ્યારે એ અવસ્થામાંથી તે બહાર આવતી ત્યારે ખાવાનું સ્વીકારતી નહિ. એને જગાડીને ખાવાનું આપવામાં આવતું પણ એ ઈન્કાર કરતી: એ પાછી જઈ એની ખુરસીમાં બેસી જતી અને સમાધિમાં પાછી ચાલી જતી! અને એક નાનકડી બિલાડી માટે આ એક ભયંકર વસ્તુ બનતી જતી હતી... પણ એ બિલાડી સામાન્ય પ્રકારની ન હતી.

એટલે મારી વાત હું એમ કહીને પૂરી કરીશ કે જો તમે કોઈ પ્રાણીને તેની સાહજિક અવસ્થામાં, માણસોથી દૂર, રહેવા દો તો એ એની જાતિના આત્માથી દોરાય છે, એનામાં ચોક્કસ કહી શકાય તેવી અંતઃસ્ફુરણા રહે છે અને એ કદી કોઈ મૂર્ખામીભરી ભૂલ કરતું નથી, પરંતુ તમે એને લાવીને તમારી પાસે રાખો ત્યારે એ પ્રાણી તેની અંતઃસ્ફુરણા ગુમાવી બેસે છે અને ત્યારે પછી તમારે એની સંભાળ લેવાની રહે છે કારણ કે હવે એને શું કરવા જેવું છે અને શું નથી કરવા જેવું એનું ભાન રહેતું નથી. હું એક પ્રકારનો પ્રયોગ કરવા સારુ બિલાડીઓમાં રસ લેતી હતી, એને જો તમારે કહેવું હોય તો એક પ્રકારનો ઊલટી દિશામાંનો જન્માંતર કહી શકાય, એટલે કે મારે એ જોવું હતું કે એ પ્રાણીઓ જો તેમના હવે પછીના જન્મમાં માનવ દેહમાં પ્રવેશવા માટે તૈયાર હોય તો, આ તેમનો પ્રાણી તરીકેનો છેલ્લો જન્મ હતો કે કેમ. મારો પ્રયોગ સંપૂર્ણપણે સફળ થયેલો. મારી પાસે તદ્દન ખાતરીલાયક એવા ત્રણ દાખલાઓ બનેલા જેમાં તે પ્રાણીઓનો ચૈત્યપુરુષ એટલા પ્રમાણમાં વિકસિત થયેલો હતો કે જેથી તેઓ માનવ દેહમાં પ્રવેશી શકે. પરંતુ સામાન્ય રીતે માણસો આ રીતે કરતા નથી હોતા; સામાન્ય રીતે તો માણસો પ્રાણીઓની ચેતના, અથવા ખરું કહીએ તો તેમની અંતઃસ્ફુરણાને દુષિત કરી મૂકે છે.

૨૪ માર્ચ, ૧૯૫૧

બાળક : આપ કહો છો કે, 'પ્રેમ સર્વવ્યાપી છે. એનો સ્પંદ વનસ્પતિઓમાં, કદાચ ખુદ પથ્થરોમાં પણ હોય છે.'

('માતાજીની વાણી' : વાર્તાલાપ - ૯)

જો પથ્થરમાં પ્રેમનું અસ્તિત્વ હોય તો આપણે તેને કઈ રીતે પારખી શકીએ?

શ્રી માતાજી : કદાચ એમ હશે કે પથ્થર જે મૂળ તત્ત્વોમાંથી બન્યો હોય છે તેની વ્યવસ્થાનું સંયોજન પ્રેમના સ્ફુલિંગ વડે થયેલું હોય. એ બાબતની તો મને ખાતરી છે કે જ્યારે દિવ્ય પ્રેમનું પદાર્થતત્ત્વમાં અવતરણ થયું ત્યારે તે પદાર્થતત્ત્વ તદ્દન અચેતન હતું, એને કોઈ જાતનો આકાર ન હતો; એમ પણ કહી શકાય કે પદાર્થતત્ત્વમાં ચેતના લાવવાનો પ્રેમે પ્રયત્ન કર્યો તેને પરિણામે આ સર્વ રૂપસૃષ્ટિ બની આવી છે. જો તમારામાંથી કોઈ અચિત્‌ની ભૂમિકામાં નીચે ઊતરે (જે થઈ શકવા વિશે મને શંકા છે, પણ છતાં), તો તમને ખ્યાલ આવે કે એ શું વસ્તુ છે. એ અચિત્‌ની સરખામણીમાં તો એક પથ્થર પણ અદ્‌ભુત રીતે સચેતન પદાર્થ છે એમ તમને જણાશે. તમે પથ્થર વિષે તુચ્છકારપૂર્વક વાત કરો છો કારણ કે તમારામાં તેના કરતાં જરાક વધુ પ્રમાણમાં ચેતના છે, પરંતુ આખી અચિત્‌ની ચેતના અને પથ્થરની ચેતના વચ્ચે જે ગાળો છે તે કદાચ તમારી ચેતના અને પથ્થરની ચેતના વચ્ચેના ગાળા કરતાં વધુ મોટો છે. અને અચિત્‌માંથી ચેતનાની બહાર આવવાની ઘટના સર્વાંશે ભાગવત ચેતનાની

આત્માહુતિને પરિણામે, ભાગવત પ્રેમના અચિત્માં અવતરણને પરિણામે જ બની આવેલી છે. એટલે મેં જે કહેલું કે 'કદાચ પથ્થરોમાં પણ' ત્યારે હું એ 'કદાચ' શબ્દને દૂર કરી શકી હોત — હું ભારપૂર્વક જણાવી શકું છું કે પથ્થરમાં પણ એ પ્રેમ આવી રહેલ છે. દિવ્યપ્રેમની હાજરી વિના પથ્થર કે ધાતુઓ કે આણુઓનું વ્યવસ્થાતંત્ર કાંઈ પણ સંભવી શકયું ન હોત.

ઘણા લોકો એમ કહે છે કે જ્યારે તેઓ વિચાર કરવા માંડે છે ત્યારે 'ચેતના' હોય છે — જ્યારે તેઓ વિચાર કરતા નથી હોતા ત્યારે તેઓ સચેતન નથી હોતા. પરંતુ વૃક્ષો પૂર્ણપણે સચેતન હોય છે છતાં તેઓ વિચાર કરતાં હોતાં નથી. એમનામાં ખૂબ ચોક્કસ પ્રકારનાં સંવેદનો હોય છે જે એક ચેતનાનો આવિષ્કાર કરતાં હોય છે, છતાં તેઓ વિચાર કરતાં હોતાં નથી. વિચાર કરવાની શરૂઆત પ્રાણીઓ કરે છે અને તેમનાં પ્રતિકાર્યો વધુ પ્રમાણમાં સંકુલ હોય છે. પરંતુ વૃક્ષો અને પ્રાણીઓ બન્ને સચેતન હોય છે. વિચાર માત્રના અભાવમાં પણ તમે લાગણીઓ વિષે સભાન હોઈ શકો છો.

બાળક : દિવ્ય પ્રેમના અવતરણ પહેલાં ભૌતિક પદાર્થ અસ્તિત્વ ધરાવતો હતો?

શ્રી માતાજી : ત્યારે ભૌતિક પદાર્થનું અસ્તિત્વ હતું એમ કહી શકાય એમ મને લાગતું નથી. અચિત્ ... એ અચિત્ છે. આ વસ્તુ તમને કઈ રીતે સમજાવવી તેની મને ખબર પડતી નથી. જો કોઈ વસ્તુનો ઈનકાર હોય તો એ ખરેખર અચિત્ છે, એમાં સર્વ વસ્તુઓનો ઈનકાર આવી રહેલો છે. એનામાં ખાલીપણાની પણ ક્ષમતા નથી. અને સમજાવવા માટે તો તમારે એમાં ઊતરવું જોઈએ અને તે શું છે તે જાણવું જોઈએ. શબ્દો વડે તેના વિષે સમજાવી શકાય તેમ નથી. એ સર્વ વસ્તુઓનો ઈનકાર છે. કારણ કે સર્વ વસ્તુઓની શરૂઆત ચેતનાથી થાય છે અને ચેતનાનો અભાવ હોય ત્યાં કશું હોતું નથી.

બાળક : દિવ્ય પ્રેમના આ અવતરણ પહેલાં કોઈ જીવો હતા? એ જીવો સચેતન હતા?

શ્રી માતાજી : ત્યારે કોઈ પાર્થિવ જીવો ન હતા. પાર્થિવ જગત, પૃથ્વી, તો દિવ્યપ્રેમે અચિત્માં અવતરણ કર્યું તે પછી અસ્તિત્વમાં આવી, પહેલાં નહીં.

પરમ તત્ત્વથી માંડીને તદ્દન ભૌતિક પ્રદેશ સુધી અસ્તિત્વની જે ભિન્ન ભિન્ન ભૂમિકાઓ ક્રમે ક્રમે બની આવી છે તે, અચિત્ની પછી બની આવી છે. જ્યારે પરમ ચેતનાએ નિશ્ચિતપણે સૃષ્ટિની 'શરૂઆત' કરી (હું જે કહું છું તે વસ્તુને તે જાણે

કોઈ એક દેશનો ટૂંક ઈતિહાસ હોય અ રીતે ગણીને શબ્દોને ન વળગી રહેશો, કારણ કે હું જે કહું છું તે કોઈ ઈતિહાસની વાત નથી, હું તમને વસ્તુસ્થિતિ સમજાવવા પ્રયત્ન કરું છું, એટલું જ), ત્યારે સર્જક ચૈતન્યમાંથી પ્રથમ પ્રાદુર્ભાવ તરીકે એક ચેતના પ્રગટ થયેલી—એક સચેતન જ્યોતિ—અને જ્યારે એ પ્રાદુર્ભાવે પોતાની જાતને પોતાના મૂળથી અલગ કરી, પ્રતિભાવ દ્વારા, ત્યારે અચિત્‌નો જન્મ થયો; એ વાત કઈ રીતે કહેવી? ...હા, ખરેખર, પ્રતિભાવ દ્વારા જ, એ કારણે અચિત્‌નો જન્મ જગતની રચના પહેલાં થયેલો છે; અને જ્યારે એ વસ્તુ લક્ષમાં આવી કે આખું વિશ્વ મિથ્યા સર્જન થઈ રહેશે ત્યારે એક પુકાર ઊઠયો અને દિવ્ય પ્રેમે અચિત્‌માં ઝંપલાવ્યું કે જેને લઈને તેનું ચેતનામાં રૂપાંતર થાય. માટે એમ કહી શકાય કે આપણે જે રીતનાં ભૌતિક જગતોને જાણીએ છીએ તેમની રચના પરમ ચેતનાનું અચિત્‌માં અવતરણ થવાને કારણે બની આવેલી છે. આપણે વસ્તુઓને ભૌતિક જગતમાં જે રીતે ઓળખીએ છીએ તે રીતનું કાંઈક તે પહેલાં હશે એમ કહી શકાય તેમ નથી (હું જે કહું છું તેમાં રહેલી સંદિગ્ધતા માટે માફી ચાહું છું, પરંતુ તમે સમજી શકશો કે આ બધી વસ્તુઓને આપણી સામાન્ય ભાષામાં વ્યકત કરી શકાય તેમ નથી.)

આપણે પૃથ્વીને જે રીતની હોવાનું જાણીએ છીએ તે તો અમાપ વિશ્વમાં એક અતિ સૂક્ષ્મ બિન્દુ માત્ર છે, અને જાણી જોઈને તેની એવી લઘુ રચના કરવામાં આવેલી છે કે જેથી રૂપાંતરની પ્રક્રિયા સઘનપણે એ એક બિંદુ ઉપર થઈ શકે; એ પૃથ્વીનું સર્જન તે એક પ્રતીકાત્મક બિંદુ હોય તે રીતે કરવામાં આવ્યું છે જેને લઈને એ એક બિંદુ ઉપર સીધેસીધું કાર્ય કરતાં, એના દ્વારા, રૂપાંતરની ક્રિયાનું આખા વિશ્વમાં પ્રસારણ થઈ શકે.

આ પ્રશ્નને જરા વધુ સમજાય તેમ કરવું હોય તો, આપણી વાતને સર્જન અને પૃથ્વીના ઈતિહાસ પૂરતી મર્યાદિત રાખીએ, કારણ કે વિશ્વના ઈતિહાસનું એ એક યોગ્ય પ્રતીક છે.

ખગોળશાસ્ત્રીની દૃષ્ટિએ પૃથ્વીની કોઈ વિશિષ્ટ અગત્ય નથી, એક નાનકડો આકસ્માત જ છે. આધ્યાત્મિક દૃષ્ટિએ જોતાં એ એક સંકલ્પપૂર્વક રચવામાં આવેલું પ્રતીક છે. અને મેં જેમ પહેલાં પણ કહેલું છે તેમ, આ પૃથ્વી જ એક એવું સ્થળ છે જ્યાં આ અસ્તિત્વ સાથે, આ પરમ મૂળતત્ત્વ સાથે, સર્વમાં અંતર્હિત દિવ્ય ચેતનાની હાજરી સાથે, સંપર્ક સાધવાનું બની શકે તેમ છે.

અન્ય વિશ્વોની રચના, એમ કહી શકાય કે, ઓછેવત્તે અંશે ઉત્તરોત્તર ઉચ્ચતાના ક્રમમાં કરવામાં આવી છે, જ્યારે પૃથ્વીની રચના એક ખાસ પ્રકારે, પરમ ચેતનાએ

વચગાળાના કોઈ તત્ત્વને વચમાં લાવ્યા સિવાય સીધેસીધું અચિત્ તત્ત્વ ઉપર કાર્ય કરીને કરેલી છે.

બાળક: સૂર્યમાળાના અન્ય ખંડોમાં પૃથ્વીના જેવું જ પદાર્થતત્ત્વ હશે?

શ્રી માતાજી: મેં જે વાત કરી તેમાં એ વસ્તુ કાળજીપૂર્વક જણાવી છે કે ચેતના શકિતએ કરેલ આત્મ-પ્રક્ષેપ, એ એક પ્રતીકાત્મક સર્જન હતું અને આ વિશિષ્ટ બિંદુ ઉપર કરવામાં આવતા કાર્યનો પ્રસાર આખા વિશ્વમાં થઈ જતો હતો. પૃથ્વીની રચના સૂર્યમાંથી છૂટા પડેલા કોઈ ભાગમાંથી કે કોઈ નિહારિકાના વિઘટનાને પરિણામે સૂર્ય અને સૂર્યમાળાના ગ્રહો, વગેરે સાથે થઈ છે એમ કહેવાને બદલે મેં કહી તે વસ્તુ યાદ રાખવા જેવી છે.

બાળક: પરંતુ શું એ ખરું છે કે સૂર્યમાં આવી રહેલ પદાર્થ તત્ત્વમાં અને પૃથ્વીના પદાર્થ તત્ત્વમાં કોઈ ફેર નથી? સૂર્ય અને સૂર્યમાળાના અન્ય ગ્રહો પૃથ્વીની સાથે જ એક જ વખતે ઉત્પન્ન થયેલા?

શ્રી માતાજી: દરેક વસ્તુ એક જ વખતે રચાયેલી, આખી સૃષ્ટિનું સર્જન એક સાથે જ કરવામાં આવેલું, તેમાં પૃથ્વી ઉપર ચેતના ખાસ પ્રકારે ઘનીભૂત કરવામાં આવેલી

બાળક: અન્ય વિશ્વો અને ગ્રહો ઉપર આવેલાં સત્ત્વોમાં ચૈત્યસત્તા હોય છે?

શ્રી માતાજી: ના, એ વસ્તુ કેવળ પૃથ્વી ઉપર બનતી ઘટના છે. ફકત, પોતાને ઠીક લાગે તો ચૈત્ય — સત્તાઓ બીજાં વિશ્વો ઉપર જઈ શકે છે એમ માનવામાં આવે તો તે ખોટું ન ગણાય. તમે બીજા કોઈ ગ્રહ ઉપર જાઓ તો તમને ચૈત્ય સત્તાઓનો ભેટો ન થાય એવું માનવાને કોઈ કારણ નથી; એ અશકય નથી; ફકત ત્યાં જે ચૈત્ય સત્તાઓ હશે તે, મૂળે પૃથ્વી ઉપર ઉત્પન્ન થયેલ ચૈત્ય સત્તાઓ હશે, જે સ્વતંત્રપણે ગતિ કરતી હશે અને પોતાની સ્વેચ્છાએ એક યા બીજે ઠેકાણે, એક યા બીજા કારણે ગમન કરતી હશે. દુનિયાના જુદા જુદા ભાગના દેશોની બધી જ્ઞાનપરંપરાઓમાં એમ કહેવામાં આવે છે કે ચૈત્યસત્તાની ઉત્પત્તિ એ એક પાર્થિવ રચના છે અને ચૈત્ય પુરુષનો વિકાસ પણ એક એવી વસ્તુ છે, જે પૃથ્વી ઉપર જ બની આવે છે. પરંતુ એક વખત તેમનું સર્જન થઈ તેઓ સ્વતંત્ર ગતિ કરતા થઈ જાય તે પછી તેઓ વિશ્વમાં ગમે ત્યાં વિચરી શકે છે, તેમની ગતિઓને કોઈ મર્યાદા હોતી નથી; પરંતુ ચેતનાના કાર્યની સઘનતા જરૂરી હોવાને કારણે તેમની રચના અને વિકાસ પાર્થિવ જીવનમાં જ થાય છે.

બાળક : દિવ્ય પ્રેમ અને કૃપા એક જ વસ્તુ છે?

શ્રી માતાજી : મૂળમાં સર્વ વસ્તુઓ એક જ છે. પોતાના મૂળ તત્ત્વમાં દરેક વસ્તુ એક જ છે, દરેક વસ્તુ ચેતનાનો આવિષ્કાર છે: પણ કૃપા ન હોય ત્યારે પણ પ્રેમ અસ્તિત્વ ધરાવી શકે છે અને પ્રેમ ન હોય ત્યારે પણ કૃપાનું અસ્તિત્વ હોઈ શકે છે. પરંતુ માનવ ચેતના માટે જ્યારે કૃપાની અભિવ્યકિત થાય ત્યારે અનિવાર્યપણે એમાંના ભાગવત પ્રેમની અભિવ્યકિત હોય છે જ.

બાળક : આપણે ભાગવત પ્રેમ વિષે કઈ રીતે સભાન થઈ શકીએ અને કઈ રીતે તેની અભિવ્યકિતના સાધન બની શકીએ?

શ્રી માતાજી : પ્રથમ તો, કોઈ પણ વસ્તુ વિષે સભાન થવું હોય તો તેનો સંકલ્પ કરવો જોઈએ. હું જ્યારે એમ કહું છું કે 'સંકલ્પ કરવો' એનો અર્થ એમ નથી કે એક દિવસ તમે એમ કહો કે 'ઓહ! મને એ વસ્તુ ખૂબ ગમે છે,' અને પછી બે દિવસ પછી તે વસ્તુ બિલકુલ ભૂલી જાઓ.

સંકલ્પ કરવો એટલે એક નિરંતર, સતતપણે, એકાગ્રપણે અભીપ્સા સેવવી જેમાં સમગ્ર ચેતના લગભગ પૂર્ણપણે રોકાયેલી રહે. અને આ પ્રથમ પગલું છે. અને એના પછી બીજાં અનેક પગથિયાં છે: એક ખૂબ ધ્યાનપૂર્વકનું અવલોકન, એક આગ્રહપૂર્વકનું વિશ્લેષણ, અને પોતાની ગતિમાં શું શુદ્ધ છે અને શું શુદ્ધ નથી તેનો સ્પષ્ટ વિવેક. જો તમારામાં કલ્પનાશકિત હોય તો તમે વસ્તુસ્થિતિ વિષે તમારી છાપ તમારી કલ્પનામાં ખડી કરો અને પછી જુઓ કે તમારી કલ્પના હકીકત સાથે મળતી આવે છે કે નહીં. કેટલાક લોકો એમ માને છે કે એક દિવસ અમુક પ્રકારના મૂડમાં જાગીને પોતાની જાતને એમ કહીએ કે, 'આહ! દિવ્ય પ્રેમ વિષે હું સભાન થઉં, ભાગવત પ્રેમની હું અભિવ્યકિત કરી શકું તો કેવું સારું...' ધ્યાન રાખજો, હું કહી શકતી નથી કે કેટલી લાખ વાર એવું બનતું હશે કે જ્યારે તમારામાં કોઈ માનવ લાગણીનો જરાક જેટલો સળવળાટ થતો અનુભવાતો હશે અને તમને એવી કલ્પના આવતી હશે કે જો તમારી પાસે દિવ્યપ્રેમનું સાધન હોય તો તમે મહાન વસ્તુઓ સિદ્ધ કરી શકો તેમ છો, અને પછી તમે કહેતા હો છો 'હું ભાગવત પ્રેમની શોધ કરવા પ્રયત્ન કરવાનો છું અને જોઈએ પછી શું પરિણામ આવે છે.' આ ખરાબમાં ખરાબ રીત છે. કારણ કે સિદ્ધિની શરૂઆતનો સ્પર્શ સરખો પ્રાપ્ત કર્યા વિના જ તમે પરિણામને બગાડી મૂકો છો. તમારે તમારી શોધની શરૂઆત શુદ્ધ અભીપ્સા અને સમર્પણ દ્વારા કરવી જોઈએ અને એમની પ્રાપ્તિ પણ સહેલી નથી હોતી. આ પ્રેમ અભીપ્સા માટે કરવા જેટલી

તૈયારી કરવા માટે પણ તમારે તમારી જાત ઉપર ઘણું કાર્ય કરવું પડે તેમ હોય છે. તમે તમારી જાત તરફ જો તદ્દન સચ્ચાઈપૂર્વક, તદ્દન સીધી દૃષ્ટિ નાખશો તો જણાશે કે જેવું તમે પ્રેમ વિષે વિચારવાની શરૂઆત કરો છો કે તરત તમારામાં આ અંદરનો ઉત્પાત ચક્કર લેવા લાગે છે. જે કાંઈ તમારામાં અભીપ્સા કરી રહ્યું હોય છે તે અમુક પ્રકારની ગતિનાં આંદોલનોની જ માગણી કરી રહ્યું હોય છે. યોગસાધનાના પંથે સારા પ્રમાણમાં પ્રગતિ કર્યા સિવાય, પ્રેમ વિષેના તમારા ખ્યાલમાંથી પ્રાણમય તત્ત્વ, પ્રાણમય આંદોલનને જુદું પાડવું લગભગ અશક્ય હોય છે. હું જે કહું છું તે માણસોના કાળજી-પૂર્વકના અનુભવોને પરિણામે કહું છું. તો તમારા માટે, તમે જે અવસ્થામાં છો તેમાં, તમે જેવા છો તેવા હોવાને કારણે, જો તમને શુદ્ધ દિવ્ય પ્રેમનો સંપર્ક થશે તો તે તમને બરફ કરતાં પણ વધુ ઠંડો, અથવા ખૂબ દૂર દૂરનો, એટલો બધો ઊંચાઈવાળો લાગશે કે તમારો શ્વાસ અધ્ધર થઈ જાય; એ વસ્તુ એવી હશે કે જાણે તમે કોઈ પર્વતના શિખરે ઊભા હો અને ત્યાં તમે ઠરી જતા હો અને શ્વાસ લેવામાં મુશ્કેલી પડતી હોય; તમારી સામાન્ય લાગણીઓથી એ એટલો બધો દૂર હશે. દિવ્ય પ્રેમની આસપાસ જો ચૈતસિક કે પ્રાણમય આંદોલનનું આવરણ નથી હોતું તો માનવપ્રાણીને તેનું સંવેદન થવું મુશ્કેલ વસ્તુ બને છે. તમને કૃપાના અસ્તિત્વનો આભાસ થઈ શકે છે, એક એવી કૃપા કે જે એટલી બધી દૂરની, એટલી ઊંચાઈએ આવેલી, એટલી બધી શુદ્ધ, એટલી બધી નિર્વ્યક્તિક હશે કે... હા, તમને કૃપાના અસ્તિત્વનો આભાસ થઈ શકે છે પણ પ્રેમની લાગણી થવી મુશ્કેલ હોય છે.

બાળક : પરંતુ તો એમ કહી શકાય કે ચૈતસિક આંદોલન એ દિવ્ય પ્રેમનું આંદોલન છે?

શ્રી માતાજી : તમારામાંની દરેક વ્યક્તિએ પોતાના ચૈત્ય પુરુષ સાથે સંપર્ક સાધી શકવો જોઈએ, એ કોઈ અગોચર વસ્તુ નથી, તમારામાં આવી રહેલા ચૈત્યપુરુષના અસ્તિત્વનો હેતુ તમને દિવ્ય શક્તિઓના સંબંધમાં મૂકવાનો છે. અને જો તમે તમારા ચૈત્યપુરુષના સંપર્કમાં હશો તો તમને ભાન થશે, એક પ્રકારનું જ્ઞાન થશે કે દિવ્ય પ્રેમ કેવો હોઈ શકે. મેં જેમ હમણાં કહ્યું તેમ, તમે એક દિવસ સવારમાં ઊઠીને કહો કે, 'ઓહ! મારે દિવ્ય પ્રેમનો સ્પર્શ પામવો છે' તો એ પૂરતું નથી, વસ્તુ એ રીતે ન થઈ શકે. જો તમે સતત પ્રયત્ન વડે, એક ઊંડી એકાગ્રતા વડે, પોતાની જાતને પૂરેપૂરી વીસરી જવા વડે, તમે જો તમારા ચૈત્ય પુરુષના સંપર્કમાં આવવામાં સફળતા પ્રાપ્ત કરશો તો તમને 'ઓહ! મારે દિવ્ય પ્રેમનો સંપર્ક પ્રાપ્ત કરવો છે' એવું કહેવાને સ્વપ્ને પણ ખ્યાલ નહિ આવે — તમે એવી અવસ્થામાં હશો જેમાં દરેક વસ્તુ આ દિવ્ય પ્રેમરૂપ

જણાશે અને બીજું કાંઈ નહિ. અને છતાં, એ એક આવરણ જ છે, જો કે એ આવરણ એક સુંદર પોતવાળું હોય છે.

બાળક : એટલે, દિવ્યપ્રેમ અને જ્ઞાનની શોધ ચૈત્યપુરુષ સિવાય બીજે કોઈ સ્થળે ન કરવી જોઈએ?

શ્રી માતાજી : ના, તમારા ચૈત્ય પુરુષને શોધી કાઢો એટલે તમને સમજાશે કે દિવ્યપ્રેમ શું છે. દિવ્યપ્રેમ સાથે સીધો સંપર્ક સાધવાનો પ્રયત્ન ન કરશો કારણ કે એ રીતની શોધ કરવાની વૃત્તિ પણ તમને પ્રેરી રહેલી પ્રાણની કામનાને કારણે હશે; તમે એ બાબત વિષે સજ્ઞાન નહિ હો, પણ એ હશે તો પ્રાણની કામના જ.

તમારે તમારા ચૈત્યપુરુષ સાથે સંપર્ક સાધવા, એના વિષે સભાન થવા અને એની ચેતનાના સ્વાતંત્ર્યને પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો જોઈએ, અને પછી, તદ્દન સ્વાભાવિકપણે તમને ખબર પડશે કે દિવ્ય પ્રેમ એ શું છે.

બાળક : આ પૃથ્વી કે જે એક આધ્યાત્મિક પ્રતીક છે તેના ઉપર ચૈત્યપુરુષ સાથે જન્મ લેવાની હકીકત એ વસ્તુ સાબિત કરે છે - અમારામાંના દરેક જણ ઉપર એક ભારે જવાબદારી રહેલી છે, ખરું કે નહિ?

શ્રી માતાજી : અલબત્ત. આપણી એક ભારે જવાબદારી છે, એક ખાસ પ્રકારનું કાર્ય સિદ્ધ કરવા માટે જ આપણા દરેકનો જન્મ થયેલો છે. કેવળ એટલું જ કે, સ્વાભાવિક રીતે, આપણો ચૈત્યપુરુષ ખિલવણીની અમુક કક્ષાએ પહોંચેલો હોવો જોઈએ; નહિ તો એમ કહી શકાય કે આખી પૃથ્વી ઉપર એ જવાબદારી છે. આપણે જેટલા વધુ પ્રમાણમાં સચેતન અને વ્યકિતતાવાળા બનીએ તેટલા પ્રમાણમાં આપણામાં જવાબદારીની ભાવના વધારે હોવી જોઈએ, પરંતુ જ્યારે નિર્મિત ઘડી આવી પહોંચે છે ત્યારે બને છે એવું કે આપણને ખ્યાલ આવે છે કે આપણે આ પૃથ્વી ઉપર કોઈ હેતુ કે કારણ વિના આવેલા નથી. અચાનક આપણને ખ્યાલ આવે છે કે આપણે કોઈ વસ્તુ સિદ્ધ કરવા આવેલા છીએ અને એ વસ્તુ કોઈ અહંમૂલક વસ્તુ નથી. આ પ્રકારનો ખ્યાલ આવવો એ વસ્તુ મને યોગમાર્ગમાં પ્રવેશ કરવા માટેનો વધુમાં વધુ તર્કયુકત રસ્તો લાગે છે — અચાનક તમને ખ્યાલ આવે છે, 'હું અહીં જન્મ્યો છું એનો અર્થ એ છે કે મારે કોઈ ખાસ પ્રકારનું કાર્ય સિદ્ધ કરવાનું છે. અને મારી જાતમાં એક ચેતના મૂકવામાં આવેલી છે એટલે એ ખાસ પ્રકારનું કાર્ય એ ચેતનાના સંબંધમાં હોવું જોઈએ — એ શું હશે?'

સામાન્ય રીતે, દરેક વ્યકિતએ પોતાની જાતને પ્રથમ આ પ્રશ્ન પૂછવો જોઈએ: હું અહીં શા માટે છું?

આ વસ્તુ મેં બાળકોમાં પણ જોઈ છે, પાંચ-છ વર્ષનાં બાળકોમાં પણ, 'હું અહીં શા માટે છું, શા માટે હું જીવન ધારણ કરી રહ્યો છું?' આ પછી પોતાનામાં જેટલી સચેતનતા શકય હોય, ચેતનાના એકે એક, નાનામાં નાના અંશ વડે આ વસ્તુની ખોજ કરવી જોઈએ: હું અહીં શા માટે છું, એનું કારણ શું છે?

સામાન્ય રીતે સર્વ કોઈ આ બિંદુએથી શરૂઆત કરી શકે છે.

૨૬ માર્ચ, ૧૯૫૧

બાળક : 'હરેક પળે, આપણે સર્વ કાંઈ પ્રાપ્ત કરવા માટે સર્વ વસ્તુઓ કેવી રીતે છોડી દેવી તે શીખવું જોઈએ.' આ વાક્યનો શો અર્થ થાય છે?

શ્રી માતાજી : આપણે અગાઉ આ વસ્તુની વાત કરી ગયા છીએ. આપણે યોગસાધનાના માર્ગમાં પ્રવેશીએ છીએ ત્યારે આપણાં સ્વજનો આપણને કેમ છોડી જાય છે? આપણી સર્વ દુન્યવી મિલકતો, આપણા સર્વ સંબંધો, કેટલીક વાર આપણું સ્થાન પણ આપણે છોડી દઈએ છીએ, અને શાની પ્રાપ્તિ માટે? — એક વધુમાં વધુ મહત્ત્વની વસ્તુ માટે, એક એવી વસ્તુ માટે જે ખરેખર કીમતી છે: ભાગવત ચેતના. અને એને પ્રાપ્ત કરવા માટે જગતના સર્વ પદાર્થોનો ત્યાગ કરતાં આપણે શીખવું જોઈએ, પોતાની સર્વ વસ્તુઓનો, સર્વ કામનાઓનો, સર્વ સંબંધોનો, સર્વ ભોગસામગ્રીનો; જો આપણે ભાગવત ચેતના પ્રાપ્ત કરવી હોય તો આ સર્વ વસ્તુઓથી અલગ થતાં આપણે શીખવું જોઈએ. આ વસ્તુ કરવી માનવમનને જરા ગૂંચવણભરી લાગે છે.

બાળક : આપ કહેતાં હતાં કે પોતાની ખિલવણી પૂરી કર્યા પછી ચૈત્યસત્તાઓ અન્ય જગતોમાં જઈ શકે છે. છતાં ચૈત્ય પુરુષ મૂળભૂત રીતે તો પૃથ્વીના જ રહે છે, ખરું ને?

શ્રી માતાજી : પરંતુ ચૈત્ય સત્તા પદાર્થ તત્ત્વની બનેલી નથી હોતી, એ તો ચૈત્ય સત્ત્વની હોય છે! ભૌતિક જગતથી એ બંધાયેલી નથી હોતી; શરીરમાં પોતાનું જીવન ધારણ કરવું બંધ કરે કે તરત જ તે ચૈતસિક જગતમાં ચાલી જાય છે અને એ જગત ભૌતિક જગતથી તદ્દન અલગ પ્રકારનું હોય છે.

બાળક: પ્રાણમય ચેતનાનું રૂપાંતર કરવા માટે અમારે શું કરવું જોઈએ?

શ્રી માતાજી: પ્રથમ પગલું છે: સંકલ્પ. બીજું, સાચદિલી અને અભીપ્સા. પરંતુ સંકલ્પ અને અભીપ્સા લગભગ એક જ વસ્તુ હોય છે, એકની પાછળ પાછળ બીજી ચાલી આવે છે. પછી, ખંત. કોઈ પણ પ્રક્રિયામાં ખંતની જરૂર રહે છે, અને આ પ્રક્રિયા એટલે શું?...પ્રથમ, તમારામાં અવલોકન અને વિવેકની શકિત હોવી જોઈએ, તમારામાં રહેલ પ્રાણમય ચેતના શોધી કાઢવાની તમારામાં શકિત હોવી જોઈએ, એમ નહિ હોય તો તમને 'આ વસ્તુ પ્રાણમાંથી આવે છે, આ મનમાંથી, આ શારીરિક ચેતનામાંથી' એ રીતે જાણવામાં મથામણ અનુભવવી પડશે. તમને સર્વ વસ્તુઓ અસ્પષ્ટ અને ભેળસેળ થઈ ગયેલી લાગશે.

તમે લાંબા સમય સુધી સતત અવલોકન કરતા રહેશો તો તમને ચેતનાના જુદા જુદા વિભાગોને ઓળખતાં આવડશે અને તમારામાં ઉત્પન્ન થતી કોઈ ગતિનું મૂળ ક્યાં છે તે તમે જાણી શકશો. આ વસ્તુને માટે ઠીક ઠીક લાંબો સમય જરૂરી છે, પણ તમે આ વસ્તુ ઝડપથી પણ કરી શકો, એમાં આધાર, વ્યકિત ઉપર રહે છે. પરંતુ એક વાર તમે તમારી ચેતનાના જુદા જુદા ભાગોને શોધી કાઢો પછી તમારી જાતને પૂછો, આમાં પ્રાણમય ચેતનાની શી વરતુ છે? તમારી ચેતનામાં પ્રાણમય ચેતના શી વસ્તુ લાવી મૂકે છે? તમારી ગતિઓમાં એ કયા પ્રકારે ફેરફાર લાવે છે, તમારી ક્રિયાઓમાં એ કઈ વસ્તુ ઉમેરે છે અને કઈ વસ્તુ ઓછી કરે છે? પ્રાણમય ચેતનાના હસ્તક્ષેપને કારણે તમારી ચેતનામાં શું વસ્તુ બને છે? એક વાર તમને આની ખબર પડી જાય પછી તમારે શું કરવાનું રહે છે?...પછી તમારે આ હસ્તક્ષેપ કરનારી વસ્તુ ઉપર ધ્યાન રાખવાનું રહે છે, એનું અવલોકન કરતા રહેવાનું રહે છે, અને એ કયા પ્રકારે કાર્ય કરે છે તે શોધી કાઢવાનું રહે છે. દાખલા તરીકે, તમારે તમારી પ્રાણમય ચેતનાનું રૂપાંતર સિદ્ધ કરવું છે, તમારી અભીપ્સા ખૂબ સાચા હૃદયની છે અને તમે છેવટ સુધી કાર્ય કરવાનો સંકલ્પ કરેલો છે. અને તમે અવલોકન કરવાની શરૂઆત કરો છો અને તમે જુઓ છો કે બે વસ્તુઓ બની શકે છે (આમ તો, અનેક વરતુઓ બની શકે છે, પણ મુખ્યત્વે કરીને બે).

પહેલી વસ્તુ એ થાય છે કે એક પ્રકારનો ઉત્સાહ તમારો કાબૂ લઈ લે છે. તમે આતુરતાપૂર્વક તમારા કાર્યની શરૂઆત કરો છો, તમારા ઉત્સાહમાં તમે વિચારો છો કે, 'હું આ અને પેલું કરી નાખીશ, હું મારા ધ્યેયને એકદમ પહોંચી જઈશ, બધું અદ્‌ભુત રીતે બન્યે જવાનું છે! અને આ પ્રાણ, જો મારી આજ્ઞાનું પાલન નહીં કરે તો એની શી વલે હું કરું છું તેની તેને ખબર પડશે!' અને જો તમે કાળજીપૂર્વક

જોશો તો પ્રાણ પોતાની જાતને કહે છે, 'આહા, હવે ખરી તક આવી છે!' એ વસ્તુ-સ્થિતિનો સ્વીકાર કરી લે છે, એના સંપૂર્ણ ઉત્સાહ અને જોમ સામે એ કાર્યની શરૂઆત કરી દે છે અને...એમાં એની અધીરતા પણ હોય છે.

બીજી વસ્તુ ઉપરનાથી તદ્દન ઊલટી હોઈ શકે છે. એક પ્રકારની અસ્વસ્થતાની લાગણી થઈ આવે છે: 'મારી તબિયત સારી નથી, જીવન કેટલું બધું કંટાળો આપે એવું છે, દરેક વસ્તુ કેવી કંટાળાજનક છે? એ બધું હું કઈ રીતે કરી શકીશ? મને કદી પણ ધ્યેયની સિદ્ધિ થશે? આ બધું આરંભવા સરખું ખરું? એ શક્ય પણ છે ખરું? એ અશક્ય નથી?' આમાં જે વસ્તુ એના માટે કરવામાં આવનાર હોય તેની બાબતમાં પ્રાણને ખાસ ખુશી ઊપજતી નથી, એને એની બાબતમાં માથું મારવામાં આવે તે પસંદ હોતું નથી, એને એ બધું ખાસ ગમતું નથી હોતું. એટલે એ પછી અવસાદ, નિરુત્સાહ, અશ્રદ્ધા, શંકાનાં સૂચનો વહેતાં મૂકે છે—આ બધું કરવા જેવું ખરું?

આ બે પરસ્પર વિરોધી છેડાઓ છે, બંનેમાં પોતપોતાની મુશ્કેલીઓ અને વિઘ્નો આવી રહેલાં છે. અવસાદ એ એક એવી વસ્તુ છે કે જો તમારામાં દૃઢ સંકલ્પ-શક્તિ ન હોય તો આવું સૂચન મૂકે છે, 'આ કંઈ કરવા જેવું નથી, આમાં તો આખી જિંદગી રાહ જોવી પડે.' ઉત્સાહ એ એક એવી વસ્તુ છે કે જે રાતોરાત પ્રાણનું રૂપાંતર થઈ જાય એમ ઈચ્છે છે અને કહે છે: 'હવે પછી કોઈ મુશ્કેલી મને આવવાની નથી, હું યોગસાધનાના માર્ગે ત્વરાથી આગળ વધવાનો છું, કોઈ પણ જાતની તકલીફ વેઠયા વિના હું ભાગવત ચેતના પ્રાપ્ત કરવાનો છું.' આ સિવાય બીજી પણ મુશ્કેલીઓ હોય છે...તમારે થોડો સમય તો જોઈએ, ખંતપૂર્વકનો પ્રયત્ન પણ સારા પ્રમાણમાં જોઈએ. એટલે, થોડાક કલાકો પછી—કદાચ થોડાક દિવસો કે મહિનાઓ પછી—પોતાની જાતને કહેવા લાગો છો: 'આપણે આપણા ઉત્સાહને લઈને કંઈ બહુ આગળ વધ્યા નથી, કોઈ વસ્તુ ખરેખર શક્ય બની છે? આ પ્રકારની ગતિ આપણે જ્યાંથી શરૂઆત કરી હતી ત્યાંને ત્યાં રાખનારી નથી?—કદાચ આપણે હતા તેથી પણ ખરાબ દશામાં મૂકે છે, કંઈક દુઃખિત, કંઈક ક્ષુબ્ધ? પહેલાં હતું એમ હવે કોઈ વસ્તુની બાબતમાં રહ્યું નથી, અને વસ્તુઓ જેવી હોવી જોઈએ એવી રીતની હજી બની આવી પણ નથી. આ હું જે કરી રહ્યો છું એ તો બહુ થકવી નાખે તેવી વસ્તુ છે.' અને જો તમે સહેજ વધારે દબાણ કરો છો તો પછી આ સદ્‌ગૃહસ્થ આમ કહે છે, 'ના ભાઈ ના? બસ બહુ થયું, હવે મને જંપીને બેસવા દો. મારે કંઈ જવું નથી, હું મારા ખૂણામાં પડયો રહીશ, હું તમને નહીં પજવું. પણ મને હવે હેરાન ન કરશો!' અને આમ તમે પહેલાં હતા તેથી ખાસ આગળ ગયા નથી હોતા.

ખૂબ કાળજીપૂર્વક જેનાથી દૂર રહેવું જોઈએ એવી આ મુશ્કેલી છે. તમારામાં જરા સરખી પણ અસંતોષની કે કંટાળાની નિશાની વર્તાય કે તરત તમારે તમારા પ્રાણને આ પ્રમાણે કહેવું, 'ભાઈ મારા, જો તારે શાંત રહેવાનું છે, તને કહેવામાં આવે તેમ તારે કરવાનું છે, નહિ તો પછી હું છું ને તું છે.' અને પેલા બીજા ઉત્સાહી સદ્‌ગૃહસ્થને કે જે કહે છે કે, 'સર્વ કંઈ હમણાં જ, તાત્કાલિક થઈ જવું જોઈએ' તેને તમારે કહેવાનું છે કે, 'જરા શાંત થાવ, તમારી શકિત ઉત્તમ પ્રકારની છે, પણ એ આપણે પાંચ મિનિટમાં વાપરી નાખવાની નથી. આપણને એની લાંબા સમય સુધી જરૂર પડવાની છે અને એટલે જ્યારે જ્યારે તમારી શુભેચ્છાની જરૂર પડશે ત્યારે હું તમારી પાસે માગીશ. તમારે એ બતાવી આપવાનું છે કે તમારામાં સભરપણે શુભ ભાવના છે, તમારે આજ્ઞાધારક થઈ રહેવાનું છે, તમારે બબડાટ કરવાનો નથી તમારે સામા પણું થવાનું નથી, બળવો પણ કરવાનો નથી, અને હા એ હા કરતા રહેવાની છે. જ્યારે તમારી પાસેથી કોઈ વસ્તુના ત્યાગની માગણી કરવામાં આવે ત્યારે તમારે એ વસ્તુ બાબતમાં ખરા હૃદયથી હા કહેવાની છે.'

આ રીતે આપણે સાધનાપથ ઉપર ચાલવાની શરૂઆત કરીએ છીએ. પણ રસ્તો ઘણો લાંબો છે. રસ્તે ઘણી વસ્તુઓ બને છે. અચાનક તમને એમ લાગે છે કે તમે કોઈ વિરોધને ઓળંગી ગયા છો, હું કહું કે 'લાગે છે', કારણ કે, જો કે તમે વિરોધને ઓળંગી ગયા હો છો પરંતુ તેના પર સંપૂર્ણપણે જીત મેળવી નથી હોતી. હું આ બાબતમાં એક સામાન્યપણે જોવામાં આવતી વસ્તુનો દાખલો લઈશ. કોઈ એક વ્યકિતને એમ લાગતું હોય છે કે તેનો પ્રાણ નિરંકુશ અને અસંયમી છે, એ નકામો ઉશ્કેરાઈ જતો રહે છે. હવે એ વ્યકિત એ પ્રાણને, વસ્તુઓની પછવાડે ન ખેંચાઈ જવા અને નજીવી બાબતમાં ન ભભૂકી ઊઠવા, સ્વસ્થતા જાળવી રાખવા અને જીવનના આઘાતો પ્રત્યે તીવ્ર પ્રતિકાર્ય કર્યા સિવાય સહી લેતાં શીખવાની શરૂઆત કરે છે. જો એ વ્યકિત આ કાર્ય આનંદપૂર્વક કરે છે તો વસ્તુઓ સારી રીતે ઝડપથી આગળ વધે છે (આ વસ્તુ ખાસ યાદ રાખજો, એ બહુ અગત્યની છે: જ્યારે તમારે તમારા પ્રાણમય સ્વરૂપ સાથે કામ પાડવાનું હોય ત્યારે તમારો મિજાજ આનંદમાં રહે તેની ખાસ કાળજી રાખવાની જરૂર રહે છે, નહિ તો તમે મુશ્કેલીમાં આવી પડો છો). તો તમે તમારો મિજાજ ઠેકાણે રાખો છો, એટલે કે, જ્યારે તમારામાં તોફાન ઊઠતું જુઓ છો ત્યારે તમે હસો છો. તમે ઢીલા થઈ જઈને એમ કહેતા નથી કે, 'અરે! મારા બધા પ્રયત્નો હોવા છતાં આ તો ફરીથી એનું એ શરૂ કરે છે.' એને બદલે તમે હસો છો અને કહો છો, 'ઠીક, ઠીક, તો હજી આનો અંત નથી આવ્યો, એમને! જો ભાઈ પ્રાણ, આ રીતે વર્તવું વિચિત્ર નથી? તને પોતાને જ ખબર છે કે તું વિચિત્ર રીતે

વર્તી રહ્યો છે! આમ ગુસ્સે થવાથી કંઈ ફાયદો છે?' તમે એને આ રીતનું શિક્ષણ સ્વસ્થપણે આપો છો. અને સાચેસાચ, થોડા સમય પછી, એ ફરી વાર ગુસ્સે થતો નથી, એ શાંત રહે છે--અને ત્યારે તમે તમારી ધ્યાન રાખવાની દોરી જરા હળવી મૂકો છો. તમને એમ લાગે છે કે મુશ્કેલીનો અંત આવ્યો. તમને એમ લાગે છે કે કંઈક પરિણામ આવ્યું છે: 'મારો પ્રાણ હવે મને પજવતો નથી, હવે તે ગુસ્સે થતો નથી, હવે બધું બરાબર ચાલે છે.' અને પછી બીજે દિવસે તમે તમારો મિજાજ ગુમાવી બેસો છો. અને એવે વખતે તમારે ખાસ કાળજી રાખવાની રહે છે, ત્યારે પણ તમારે એમ નથી કહેવાનું કે, 'આપણે તો હતા ત્યાંને ત્યાં છીએ, આમાં કંઈ થઈ શકે તેમ નથી, મારાથી કશું થઈ શકવાનું નથી, મારા બધા પ્રયત્નો એળે જવાના છે; આ બધું એક ભ્રમ છે, આ અશક્ય વસ્તુ છે.' એને બદલે તમારે એમ કહેવું કે, 'મેં બરાબર ધ્યાન જાળવ્યું લાગતું નથી.' તમે એમ કહી શકો કે, 'હા, હવે આ વસ્તુ પૂરેપૂરી સિદ્ધ થઈ ગઈ છે.' એ માટે તો લાંબા સમય સુધી, ઘણા લાંબા સમય સુધી રાહ જોવાની રહે છે, કેટલીક વાર, વ્યકિતને આ માટે વર્ષો સુધી, ઘણાં વર્ષો સુધી રાહ જોવી પડે છે....

આ બધું હું તમને નિરુત્સાહ કરવા માટે કહેતી નથી, પરંતુ તમારામાં ધીરજ અને ખંત ઉત્પન્ન થાય તેટલા માટે કહું છું—કારણ કે છેવટે એક ઘડી એવી આવે તો છે જ કે જ્યારે તમે તમારું ધ્યેય સિદ્ધ કરો છો. અને યાદ રાખજો કે આ પ્રાણ એ તમારા સ્વરૂપનો એક નાનકડો ભાગ જ છે—જો કે ઘણો અગત્યનો છે, અમે એની બાબતમાં કહેલું જ છે કે પ્રાણ એ આપણું સક્રિય સ્વરૂપ, આપણી પરિણામો સિદ્ધ કરવા માટેની શકિત હોઈ ઘણો અગત્યનો છે; છતાં એક નાનકડો ભાગ જ છે, અને મન!...જે રખડતું રહે છે, જેને શાંત રાખવા માટે બધી જ લગામોનો ઉપયોગ કરી ખેંચી રાખવાનું રહે છે! તમને એમ લાગે છે કે આ બધું રાતોરાત થઈ શકે? અને તમારું શરીર?...તમારામાં કોઈ અશકિત હોય છે, કોઈ મુશ્કેલી, કોઈક વાર એક લાંબા સમયની માંદગી, કંઈ વધારે પ્રમાણમાં તો નહિ, પણ છતાં એ એક કંટાળાજનક વસ્તુ હોય છે, નહિ? તમારે એનાથી મુકત થવું હોય છે. તમે પ્રયત્ન કરો છો, તમે એકાગ્રતા કરો છો; તમે એના ઉપર કાર્ય કરો છો, તમે એનામાં સંવાદની સ્થાપના કરવા પ્રયત્ન કરો છો, તમને એમ લાગે છે કે કામ થઈ ગયું છે, અને પછી... દાખલા તરીકે કેટલાક માણસોને ખોંખારા ખાવાની ટેવ હોય છે; એ લોકો પોતાને કાબૂમાં રાખી શકતા નથી અથવા લગભગ કાબૂ ન ધરાવતા હોય તેવું હોય છે. આ વસ્તુ કાંઈ ખાસ ગંભીર પ્રકારની નથી હોતી પણ છતાં કંટાળાજનક તો ખરી જ, અને એ વસ્તુ બંધ ન થવા માટે કોઈ ખાસ કારણ પણ નથી હોતું. તો, તમે તમારી જાતને કહો

છો, 'હું હવે આને કાબૂમાં લેવાનો છું? તમે એ માટે પ્રયત્ન કરો છો — એક યોગીની માફક, કેવળ સ્થૂલ રીતનો નહિ — તમે એક ચેતનાને, શકિતને ઉતારી લાવો છો અને ઉધરસને શાંત કરો છો. અને તમને લાગે છે કે, 'શરીર ઉધરસ ખાવાનું ભૂલી ગયું છે.' અને જ્યારે તમે ખરી રીતે કહી શકો કે 'હું સાજો થઈ ગયો છું', શરીર પેલી ટેવ ભૂલી ગયું હોય, એ તો ઘણી મોટી વસ્તુ કહેવાય. પરંતુ કમભાગ્યે, હમેશાં એમ બનતું નથી હોતું, કારણ કે પેલી વસ્તુ અવચેતનામાં નીચે ચાલી જાય છે. અને એક દિવસ જ્યારે પ્રકૃતિનાં બળોની સમતુલા સુસ્થાપિત નથી હોતી, જ્યારે શકિત બરાબર નથી હોતી ત્યારે પાછી એ શરૂ થઈ જાય છે. ત્યારે તમે વિલાપ કરવા માંડો છો, 'હું ધારતો હતો કે હવે એ મટી ગયું છે! મને સફળતા પણ મળેલી અને હું મારી જાતને કહેતો હતો કે, 'આધ્યાત્મિક શકિત શરીર ઉપર અસર ઉપજાવી શકે એ સત્ય છે, ખરેખર એ વસ્તુ કંઈક કાર્ય કરી શકે છે' અને હવે, એ કંઈ સાચું નથી. અને આ તો એક નાની સરખી વાત હતી, અને પાછો હું તો અમરતા પ્રાપ્ત કરવા ઈચ્છનાર છું! આ રીતે તો હું કઈ રીતે સફળ થઈશ?... વર્ષોથી આ નાની સરખી વસ્તુથી હું મુકત હતો અને હવે પછી એ નવેસર ચાલુ થઈ ગઈ છે!' અને એવે વખતે તમારે ખાસ કાળજી રાખવાની રહે છે.

તમારે તમારી જાતને એક અવિરત ધીરજ અને સહનશકિત વડે સજ્જ કરી રાખવાની રહે છે. તમારે એક વસ્તુ એક વખત, દસ વખત, સો વખત અને જરૂર પડે તો હજાર વખત, જ્યાં સુધી એ વસ્તુ સિદ્ધ ન થાય ત્યાં સુધી કરવાની રહે છે. અને તે આમતેમ નહિ પણ સર્વ સ્થળે અને સર્વ સમયે સર્વવ્યાપીપણે. આ રીતે તમે તમારી સમક્ષ એક મોટો પ્રશ્ન ઊભો કરો છો. એટલા માટે, જે લોકો મારી પાસે આવીને કેવળ હળવા મને એમ કહે છે કે, 'મારે યોગ કરવો છે,' ત્યારે હું જવાબ આપું છું, વિચાર કરી જોજો, યોગ કરવા છતાં વર્ષો સુધી પરિણામ લક્ષમાં ન આવે એવું બની શકે છે. પરંતુ જો તમારે યોગ કરવો જ હોય તો પછી તે માટે મંડયા રહેવાની તૈયારી રાખવી જોઈએ, તમારો સંકલ્પ એવો હોવો જોઈએ કે સિદ્ધિ પામવાને માટે જો જરૂરી હોય તો દસ જન્મો લગી કે સો જન્મો સુધી મંડયા રહેવાની તમારી તૈયારી હોય.' હું એમ નથી કહેતી કે તમારે એમ કરવું પડશે પણ તમારું વલણ તો એ પ્રકારનું જ હોવું જોઈએ. કોઈ વસ્તુથી તમારે નિરુત્સાહ ન થવું જોઈએ; કારણ કે માર્ગમાં, સ્વરૂપના અનેક ભાગોના અજ્ઞાનની મુશ્કેલીઓ રહેલી છે અને એમાં વળી જગતમાં આવી રહેલ પ્રભુવિરોધી શકિતઓનો અનંત દ્વેષ અને નિરંકુશ છળકપટો વધારો કરે છે... એમનું અસ્તિત્વ કેમ છે તે તમે જાણો છો? એમને કેમ નિભાવી લેવામાં આવેલાં છે તેની તમને ખબર છે? — કેવળ એટલા જ માટે કે તમે કેટલો

વખત તેમની સામે ટકી શકો છો અને તમારા હૃદયની સચ્ચાઈ છે તે જોવા માટે. કારણ કે સર્વ વસ્તુ તમારી દિલની સચ્ચાઈ ઉપર આધાર રાખે છે. જો તમારો સંકલ્પ ખરા હૃદયપૂર્વકનો હશે તો કોઈ વસ્તુ તમને અટકાવી શકશે નહિ અને તમે છેવટ સુધી આગળ વધ્યે જશો, અને એમ કરવાને માટે જો તમારે એક હજાર વર્ષ જીવન ધારણ કરવાની જરૂર હશે તો તમે એક હજાર વર્ષ સુધી જીવન ધારણ કરશો.

● **બાળક :** પ્રાણને પોતાને પોતાનું રૂપાંતર સિદ્ધ કરવાની ઈચ્છા નથી હોતી? એ અભીપ્સા તો કરે છે પરંતુ એ વસ્તુઓનો અને બહારથી આવતા આવેગોનો ભોગ થઈ પડે છે.

શ્રી માતાજી : જો એ પોતાનું રૂપાંતર ઈચ્છતો હોય તો તો એ ખરેખર અદ્‌ભુત વસ્તુ કહેવાય! અને જો એનામાં રૂપાંતર સિદ્ધ કરવાની અભીપ્સા હશે તો એ પોતાની મુક્તિને માટે પણ પ્રયત્ન કરશે. જો પ્રાણ નિર્બળ હશે તો એની અભીપ્સા પણ નિર્બળ રહેવાની. અને યાદ રાખો કે નિર્બળતા એ હૃદયની સચ્ચાઈનો અભાવ સૂચવે છે, પોતાની જાતને પોતે એક બહાનું શોધી આપવાની એક વૃત્તિ છે — કદાચ ખાસ ખૂબ સભાનપણે નહિ, પણ તમને મારે કહેવું જોઈએ કે અવચેતના એ એક એવું સ્થાન છે જેમાં બિનસચ્ચાઈ ભરપૂરપણે રહેલી છે. અને જે નિર્બળતા એમ કહેતી હોય કે 'આમ થાય એવું હું ઘણું ઈચ્છું છું, પણ મારાથી બની શકતું નથી', તો એ એક બિનસચ્ચાઈ છે. કારણ કે જો તમારામાં સાચદિલી હશે તો જે વસ્તુ તમે આજે નથી કરી શકતા તે તમે કાલે કરી શકશો, જે વસ્તુ કાલે નહિ કરી શકો તે પરમ દિવસે, અને એમ ને એમ આગળ, તમે જ્યાં સુધી સિદ્ધિ ન પામો ત્યાં સુધી. જો તમે કાયમને માટે એક વસ્તુ સમજી રાખો કે આખું વિશ્વ (અથવા, પ્રશ્નને મર્યાદિત રાખવા માટે તમને ઠીક લાગે તો, પૃથ્વી) એ પ્રભુ સિવાય અન્ય કોઈ વસ્તુ નથી અને એ પ્રભુએ પોતાની જાતને વિસારી દીધેલી છે, આમાં તમે નિર્બળતાને ક્યાં સ્થાન આપી શકશો? પ્રભુમાં તો નહિ જ! તો પછી, ભૂલી જવાની ક્રિયામાં. અને જો તમે વિસ્મૃતિની સામે પરિશ્રમ કરશો તો તમે નિર્બળતાનો સામનો કરી શકશો અને જેટલા પ્રમાણમાં તમે પ્રભુની સમીપ પહોંચશો તેટલા પ્રમાણમાં તમારી નિર્બળતા ઓગળી જશે.

અને એ વસ્તુ કેવળ મન માટે નહિ, પણ પ્રાણ માટે અને શરીર માટે પણ વધુ સાચી છે. સર્વ પીડાઓ, સર્વ નિર્બળતાઓ, સર્વ અશક્તિઓ, એકંદર પૃથક્કરણ કરતાં બિનસચ્ચાઈનાં સ્વરૂપો છે.

બિનસચ્ચાઈ છુપાઈ રહે તેવાં અનેક સ્થળો છે, અને એટલે, જેમ લોકો મને ઘણી વાર કહે છે તેમ, તમારે કદી પણ ન કહેવું કે 'હું સંપૂર્ણપણે સાચદિલ છું,' એ

વસ્તુ કેટલાક લોકો જેમ ખાતરીપૂર્વક કહે છે કે, 'હું કદી જૂઠું બોલ્યો નથી' તેના જેવું છે. જો તમે સંપૂર્ણપણે સાચદિલ હોત તો તમે ભગવાન થઈ જાત, જો તમે કદી પણ જૂઠું એટલે કે અસત્ય ન બોલ્યા હોત તો તમે જાતે સત્યસ્વરૂપ બની જાત! એટલે' હકીકતમાં તમે નથી ભગવાન કે નથી સત્યસ્વરૂપ (તમે તમારા મૂળ સ્વરૂપમાં તે છો, પણ હકીકતમાં નથી) એટલે સત્ય અને સાચદિલીને પામવા માટે તમારે લાંબો પંથ કાપવાનો રહે છે.

તમારે દુ:ખી થવાની જરૂર નથી કારણ કે વસ્તુસ્થિતિ એ પ્રમાણે જ છે.

એ પેલા કેટલાક લોકો નાસીપાસ થઈને કહે છે કે, 'જગત આવું ભયંકર કેમ હશે?' તેના જેવું છે. વસ્તુસ્થિતિ એવી છે જ પછી એ બાબત વિલાપ કરવાનો શો અર્થ છે? એનો ઉપાય તો એ જ છે કે એને બદલવાનો તમારે પ્રયત્ન કરવો જોઈએ. કુદરતી રીતે, તર્કની રીતે તમે વસ્તુઓને સમજવાનો પ્રયત્ન કરી શકો, પણ માનવમન આવી વસ્તુઓને સમજી શકવા અસમર્થ છે. અત્યારે તો તે તદ્દન નિરુપયોગી છે: જે કાંઈ ઉપયોગી વસ્તુ છે એ તો એને બદલવાનો પ્રયત્ન કરવો તે છે. આપણે સર્વ એ વસ્તુમાં સંમત થઈએ છીએ કે જગત ઘૃણાજનક છે, જેવું હોવું જોઈએ તેવું નથી, ત્યારે આપણે કરવા જેવી વસ્તુ એ જ રહે છે કે એને બદલવું. પરિણામે, જગત અત્યારે છે તેના કરતાં અન્ય પ્રકારનું કરવા ઉપર જ આપણું સર્વ ધ્યાન કેંદ્રિત થઈ રહેવું જોઈએ, અને આપણે એક વસ્તુ સમજી શકીએ છીએ કે એ કરવા માટેનું શ્રેષ્ઠ સાધન (જો કે એ પણ હજી આપણે બરાબર જાણતા નથી) આપણે પોતે જ છીએ, ખરું ને? અને એ તો નક્કી છે કે તમે તમારા પડોશી કરતાં તમારી જાતને વધુ સારી રીતે ઓળખો છો — દાખલા તરીકે, કોઈ એક મનુષ્યમાં અભિવ્યકત થયેલ ચેતનાને, એક તારામાં અભિવ્યકત થયેલ ચેતના કરતાં તમે વધુ સારી રીતે જાણો છો. એટલે, થોડા ચળકાટ પછી તમે એમ કહી શકશો કે 'છેવટે આ બાબતમાં શ્રેષ્ઠ સાધન હું પોતે જ છું. હું પોતે કોણ છું? હું કોણ છું તેની તો મને બરાબર ખબર નથી, પણ મારે કરવાનું કાર્ય આ જ છે અને મારાથી શકય તેટલા પ્રમાણમાં હું જો એ સારી રીતે કરીશ. કદાચ વધુમાં વધુ સારું કાર્ય કરી શકીશ.' આ એક ભારે મોટી શરૂઆત હશે, ઘણી મોટી. એ તમને ગભરાવી મૂકે તેવું કે તમારી શકિત મર્યાદા બહારનું કાર્ય છે, એ હંમેશાં તમે પહોંચી વળી શકો તેવું હોય છે, એમ પણ કહી શકાય કે તમે એની શરૂઆત કરો તેની રાહ જોવાતી હોય છે — એ કાર્યક્ષેત્ર તમારી શકિતના પ્રમાણમાં જ હોય છે અને છતાં તેમાં તમને રસ પડે તેટલા પ્રમાણમાં વિવિધતા, સંકુલતા, વિશાળતા, વિશાળતા અને ગહનતાવાળું હોય છે. અને તમારે એ અજ્ઞાત જગતનો તાગ લેવાનો હોય છે.

ઘણા 'લોકો' તમને કહેશે, 'પણ આ તો અહંકાર છે!' જો તમે એ વસ્તુ અહંભાવપૂર્વક કરો, તમારા અંગત લાભ માટે કરો, તમે શકિતઓ પ્રાપ્ત કરવાના હેતુસર કરો, બીજાઓ ઉપર તમારો પ્રભાવ પાડી શકો તેટલા પ્રમાણમાં શકિતશાળી થવા પ્રયત્ન કરો, અથવા તમારા માટે એક આરામદાયક જીવન પ્રાપ્ત કરવાના સાધન તરીકે એ વસ્તુ કરો તો એ અહંકાર છે. કુદરતી રીતે, તમે જો એ વસ્તુ આ પ્રકારની ભાવનાથી કરો તો એ અહંકાર છે. પરંતુ એમાં મજાની વાત એ છે કે એમ કરવામાં તમે કોઈ વસ્તુ નહિ પામો! તમે તમારી જાતને છેતરવાની શરૂઆત કરશો, તમે વધુને વધુ પ્રમાણમાં મિથ્યાભ્રમોમાં વસતા રહેશો અને તમે વધુને વધુ અચેતનતામાં પડતા જશો. એટલે, તમે ધારો છો એના કરતાં વસ્તુઓ વધુ સારી રીતે પ્રયોજવામાં આવેલી છે; જો તમે અહંભાવપૂર્વક કાર્ય કરશો (આપણે આગળ કહી ગયા છીએ કે આપણું કાર્યક્ષેત્ર હંમેશાં આપણે પહોંચી શકીએ તેટલું પાસે હોય છે) તો પછી એનું કાંઈ પરિણામ નહિ આવે. એટલે એમાં જરૂરી શરત એ છે કે દિવ્ય કાર્યની સિદ્ધિ અર્થે કાર્ય કરવાની તદ્દન ખરા દિલની અભીપ્સા તમારામાં હોવી જોઈએ. જો તમે એ રીતે શરૂઆત કરશો તો હું તમને ખાતરી આપું છું કે, ભલે સમય કદાચ લાંબો લાગે, છતાં તમારો પ્રવાસ એટલો બધો રસપ્રદ હશે કે તમને કદી પણ થાક નહિ લાગે. પરંતુ એ રીતનું કાર્ય તમારે દૃઢ સંકલ્પ, ખંત, અને મુશ્કેલીઓને અને ભૂલોને હસતાં હસતાં પાર કરી જાય તેવી અનિવાર્ય ખેલદિલીપૂર્વક કરવાનું રહે છે. એમ હશે તો સૌ સારાંવાનાં થશે.

બાળક: પરમાત્માનું પ્રતિબિંબ પાડી શકે એવું દર્પણ કઈ વસ્તુ છે?

શ્રી માતાજી: ચેતના પોતે જ. એ પરમાત્મા એ ચેતનામાં છે માટે જ, એના વિના કોઈ ગતિ શકય નથી. જો સર્વ સૃષ્ટિના કેંદ્ર સ્થાને પરમાત્મા ન હોત તો સૃષ્ટિ કદી પણ પરમાત્માને જાણી શકત નહિ.

બાળક: પ્રાણનું રૂપાંતર કરવા માટે વ્યકિતમાં સંકલ્પશકિત, ખંત, સાચદિલી, વગેરે હોવાં જોઈએ. પરંતુ ચેતનાના કયા ભાગમાં આ વસ્તુઓ આવી રહેલી હોય છે?

શ્રી માતાજી: સાચદિલી, સંકલ્પશકિત, ખંત વગેરેનું ઉદ્‌ગમસ્થાન ચૈત્યસત્તા છે, પણ એ વસ્તુઓ જુદી જુદી વ્યકિતઓમાં જુદી જુદી રીતે પ્રગટ થાય છે. મોટા ભાગે આ વસ્તુ મનના ઊર્ધ્વ ભાગમાં આકાર લેવાનું શરૂ કરે છે, પણ એ અસરકારક થઈ શકે તે માટે પ્રાણનો ઓછામાં ઓછો એકાદ ભાગ તેને પ્રત્યુત્તર વાળતો હોય એ જરૂરી છે, કારણ કે તમારા સંકલ્પમાંની ઉત્કટતા એનામાંથી આવે છે. તમારા સંકલ્પમાં

પરિણામગામીપણું પણ પ્રાણના સંપર્કમાંથી બની આવે છે. પ્રાણમાં જો કેવળ પ્રત્યાઘાતી તત્ત્વો જ આવી રહેલાં હોત તો તમે કોઈ વસ્તુ કરી ન શકત. પરંતુ હમેશાં એમાં ક્યાંક એવી કોઈ વસ્તુ હોય છે જે પ્રત્યુત્તર વાળવા રાજી હોય છે — કદાચ એ વસ્તુ તદ્દન નજીવી હશે, પણ હંમેશાં એવી વસ્તુ તો હોય છે જ, જે તૈયાર હોય છે. અને આ બાબતમાં, ભલે ક્ષણજીવી હોય તો પણ, એક મિનિટ માટે પણ, ભગવાન વિષે સભાન થવા માટે, પરમાત્માનો સાક્ષાત્કાર કરવા માટેની અભીપ્સા અને સંકલ્પ ધારણ કરવો એ આખા સ્વરૂપને એક વીજળીના ઝબકારાની જેમ ઝળ-ઝળાં કરી મૂકવા માટે પૂરતું થઈ પડે છે — કારણ કે શરીરમાં એવા કોષાણુઓ પણ હોય છે જે એનો પ્રત્યુત્તર વાળે છે. આ સર્વ એકદમ દેખાઈ આવે તેવું નથી હોતું, પણ સર્વ સ્થળે એનો પ્રત્યુત્તર તો હોય છે જ. અને પછી ધીમે ધીમે, કાળજીપૂર્વક, આ જે બધા ભાગો પ્રત્યુત્તર વાળતા હોય તેમને એક સાથે જોડીને, ભલે પછી એક વખત પણ એમ કરી શકાય, આપણે એક એવી સુગ્રથિત અને વ્યવસ્થિત વસ્તુનું ઘડતર કરી શકીએ છીએ જે આપણા કાર્યને સંકલ્પપૂર્વક, સહૃદયતાથી અને ખંતથી આગળ વધવામાં સહાય કરે છે.

કોઈ બાળકમાં તેની બાલ્યાવસ્થામાં જ્યારે તેનો ચૈત્યપુરુષ વધુમાં વધુ અગ્ર-ભાગમાં હોય છે ત્યારે કોઈ એક ક્ષણે અછડતો તરંગ પણ, જો તેની બાહ્ય ચેતનાને ભેદીને કોઈ એક સુંદર વસ્તુ સિદ્ધ કરવા જેવી છે તેવી છાપ ઉત્પન્ન કરવામાં સફળ થાય છે તો એ વસ્તુ એક માંડણી માંડી આપે છે અને એના ઉપર તમે તમારા કાર્યની રચના કરી શકો છો. માનવજાતનો મોટો સમૂહ એવો છે જેને આપણે કદી એમ ન કહી શકીએ કે, 'તમારે ભગવાનનો સાક્ષાત્કાર કરવો જોઈએ' અથવા 'ભગવાનની શોધ માટે યોગ કરો.'. જો તમે બરાબર નિરીક્ષણ કરશો તો તમને જણાશે કે આ વસ્તુ તો તમે એ તદ્દન નાની એવી લઘુમતીને જ કહી શકશો. એનો અર્થ એ કે માનવોની આ લઘુમતી જ યોગ કરવા માટે 'તૈયાર' હોય છે, એમ જ. એનો અર્થ એટલો કે એમનામાં વસ્તુઓ સિદ્ધ થવાની શરૂઆત થઈ ગઈ છે અને શરૂઆત પૂરતી છે. બીજા લોકોમાં કદાચ એ કોઈ જૂની વસ્તુ હોય છે, ભૂતકાળના જન્મોમાંની જાગૃતિ. પરંતુ આપણે તો જેઓ ઓછા પ્રમાણમાં તૈયાર હોય છે તેમની વાત કરીએ છીએ; એ લોકો એવા હોય છે જેમના જીવનમાં કોઈ એક ક્ષણે એક એવો ઝબકાર પ્રાપ્ત થયેલો હોય છે જે તેમના આખા સ્વરૂપની આરપાર પસાર થયેલો છે, પણ એટલું પૂરતું છે. આ વસ્તુ ઘણા લોકોની બાબતમાં બનતી નથી. જો તમે અભાન એવા માનવ સમૂહને લક્ષમાં લો તો યોગ કરવાને તૈયાર હોય એવા માણસો મોટી સંખ્યામાં નહિ જણાય પરંતુ એક વસ્તુ નક્કી છે, તમે સર્વ અહીં છો એ વસ્તુ સાબિત કરે છે કે કંઈ નહીં

તો તમને તે વસ્તુ પ્રાપ્ત થયેલી છે—એવા પણ છે જેઓ સાધનાના માર્ગે ઘણા આગળ ગયેલા છે (કેટલીક વાર તેમને તેનો ખ્યાલ નથી હોતો), પણ કંઈ નહિ તો તમને બધાને એક સ્વયંભૂ પૂર્ણ આંતર સ્પર્શ પ્રાપ્ત થયેલો છે જે એક વીજળીના આંચકાની જેમ અથવા વિદ્યુતના ઝબકારની જેમ પોતાના સ્વરૂપની આરપાર ચાલ્યો જઈને તમને કોઈક વસ્તુ પ્રત્યે જાગ્રત કરી દે છે: અને એમાં પછી સિદ્ધ કરવા જેવી વસ્તુ આવી જાય છે. એમ બનવું શક્ય છે કે એ અનુભૂતિ શબ્દોમાં વ્યકત ન થઈ હોય, કેવળ એક જ્યોતિમાં, પરંતુ એ પૂરતું છે. અને એ માંડણીની આસપાસ વ્યકિતએ પોતાની જાતનું ધીમે ધીમે, પ્રગતિ કરતાં કરતાં, સંયોજન કરવાનું છે. અને એક વાર વસ્તુ તમારામાં આવી હોય તો તે કદી પણ અદૃશ્ય થઈ જતી નથી. એ તો તમે વિરોધી શકિતઓ સાથે તમારી જાતને બાંધી દીધી હોય અને પેલી ભાગવત વસ્તુ સાથેના સંબંધનો વિચ્છેદ કરવા માટે અને તેના અસ્તિત્વને ગણનામાં ન લેવા માટે ભારે પ્રયત્ન કર્યો હોય તો જ તમને એમ લાગે કે એ વસ્તુ ચાલી ચાલી ગઈ છે. અને છતાં, એક જ ઝબકારો એ વસ્તુને પાછી લાવવા માટે પૂરતો થઈ રહે છે.

જો વસ્તુ તમને કેવળ એક વખત પણ પ્રાપ્ત થઈ હોય તો તમે તમારી જાતને કહી શકો છો કે આ જન્મે કે પછીના જન્મે તમારી સિદ્ધિ નિશ્ચિત છે.

૨૯ માર્ચ, ૧૯૫૧

શ્રી માતાજી, 'માતાજીની વાણી'—પુસ્તકમાંથી વાચન કરે છે:

'ધર્મનાં મંતવ્યો અને સિદ્ધાંતો માનવ મનનાં જ બનાવેલાં છે. તમે જો એ મંતવ્યોને જ વળગી રહેશો, તમારે માટે કોઈએ ઘડી આપેલી જીવન-પ્રણાલીમાં જ પુરાઈ રહેશો તો એનો અર્થ એ છે કે આ સર્વ મંતવ્યો અને સિદ્ધાંતોથી પર આવેલું એક વિશાળ, મહાન અને નિર્બંધ આધ્યાત્મિક સત્ય તમે જાણતા નથી...દરેક ધર્મમાં ઉચ્ચ પ્રકારનું આધ્યાત્મિક જીવન પ્રાપ્ત કરેલું હોય એવી વ્યકિતઓ મળી આવે છે. પરંતુ તેમની આધ્યાત્મિકતા ધર્મને આભારી નથી હોતી. ઊલટું તેમણે પોતે જ પોતાની આધ્યાત્મિકતા ધર્મને ધીરેલી હોય છે. તેઓ બીજે કોઈ સ્થળે મુકાયા હોત કે બીજા કોઈ સંપ્રદાયમાં જન્મ્યા હોત તો ત્યાં પણ તેમને એની એ આધ્યાત્મિકતા મળી રહેત, અને ત્યાં પણ તેઓ એ જ આધ્યાત્મિક જીવન ગાળતા હોત. એટલે કે તેમણે જે ઉન્નતિ પ્રાપ્ત કરી છે તે તેમણે સ્વીકારેલા ધર્મના બળે નહિ પરંતુ તેમની પોતાની શકિતને તેમના પોતાના અંતરાત્માની શકિતને જ આભારી હોય છે.'

('માતાજીની વાણી': વાર્તાલાપ – ૧૦)

બાળક: શું બધા ધર્મો કેવળ માનવ મનની રચનાઓ જ હશે?

શ્રી માતાજી: શરૂઆતમાં કદાચ બધા ધર્મો એ રીતે માનસિક રચનાઓ નહિ હોય, પણ સમય જતાં તો ચોક્કસ એ માનસિક રચનાઓ હોય તેવા બની રહ્યા છે.

બાળક: 'Little Vehicle' અને 'Great Vehicle' એ શું વસ્તુઓ છે?

શ્રી માતાજી: એ શબ્દો બૌદ્ધ ધર્મના છે. મૂળ પાલિ ભાષાના 'હીનયાન' અને 'મહાયાન' શબ્દોનું એ ભાષાંતર હોય એમ મને લાગે છે. એમ કહેવાય છે કે ઉત્તરનો ધર્મ મહાયાન છે અને દક્ષિણનો ધર્મ હીનયાન છે. બુદ્ધનાં જે કથનો સચવાઈ રહેલાં છે, અથવા જેમને સચવાઈ રહેલા કથનો માનવામાં આવે છે, તેમનું હીનયાન પંથમાં કડક રીતે પાલન કરવામાં આવે છે.

તમને ખબર હશે કે બુદ્ધ એમ કહેતા કે ઈશ્વર જેવી કોઈ વસ્તુનું અસ્તિત્વ નથી.; 'હું'ભાવ સતત ટકી રહેલો નથી; અહીં આવી સાકાર થઈ શકે તેવાં ઊર્ધ્વનાં જગતોનાં સત્ત્વોનું અસ્તિત્વ નથી; આ નથી, તે નથી... એમણે લગભગ દરેક શક્ય વસ્તુના અસ્તિત્વનો ઈન્કાર કરેલો છે. દક્ષિણનો હીનયાન પંથ એવો છે, તદ્દન શૂન્ય-વાદી, એમાં હરેક વસ્તુ માટે નથી, નથી, નથી એમ કહેવામાં આવે છે. એથી ઊલટું ઉત્તરનો પંથ, જેનું તિબેટમાં અનુસરણ કરવામાં આવે છે અને જે તિબેટમાંથી ચીનમાં અને ચીનથી જાપાનમાં ફેલાયો છે તેમાં બૌધિસત્ત્વોની વાર્તાઓ આવે છે (આ બોધિ-સત્ત્વો બીજા ધર્મોમાં જેમને સંત મહાત્માઓ કહેવામાં આવે છે તેવા હોય છે) અને પૂર્વ થઈ ગયેલા દેવો કે દેવપુરુષો જેવા બુદ્ધોની વાતો પણ આવે છે. મને ખબર નથી કે તમારામાંથી કોઈને ઉત્તરમાંના કોઈ બૌદ્ધ મંદિરની મુલાકાત લેવાની તક મળી હશે કે નહિ (મેં એવાં મંદિરો ચીન અને જાપાનમાં જોયેલાં). એ મંદિરોના ઓરડા-ઓમાં પ્રવેશ કરીએ તો ત્યાં આપણને અનેક બોધિસત્ત્વો, એ બોધિસત્ત્વોના શિષ્યો, પ્રકૃતિની દૈવીભૂત સર્વશક્તિઓ વગેરેની અસંખ્ય મૂર્તિઓ આવી રહેલી જણાય છે — એ દેવોની સંખ્યા આપણને ખરેખર આભા કરી દે તેટલી હોય છે! બીજા પક્ષે, આપણે જો દક્ષિણમાં જઈએ તો ત્યાંના મંદિરોમાં કાંઈ પણ હોતું નથી, ઓકાદ છબી પણ નહિ. મને લાગે છે કે મહાયાન શબ્દ ઉપયોગમાં એ કારણસર લેવામાં આવ્યો હશે કે એ 'યાન'માં ઢગલા બંધ વસ્તુઓ આવી રહેલી હોય છે અને હીનયાન શબ્દ વપરાવાનું કારણ એ કે એ 'યાન'માં ઘણી ઓછી વસ્તુઓ સમાયેલી હોય છે! એ બે શબ્દો કઈ વસ્તુમાંથી ઉત્પન્ન થયા હશે તેની મને ચોક્કસ ખબર નથી.

(શ્રી માતાજી તેમનું વાંચન ચાલુ રાખે છે.)

'જ્યારે તમે અમુક વસ્તુનો તમારી પોતાની સ્વતંત્ર ઈચ્છાથી સ્વીકાર કરો ત્યારે જ તેમાં આધ્યાત્મિક મૂલ્ય પ્રગટે છે, તે તમારે માટે વાસ્તવિક બને છે, તમારા પર એ વસ્તુ લાદવામાં આવેલી હોય ત્યારે નહિ. તમારે માટે ખરેખર કયો ધર્મ નિર્માયો છે, કયો દેશ નિર્માયો છે, અરે, તમારું ખરેખરું કુટુંબ પણ કયું છે તે તમારે પોતે જ પસંદ કરીને શોધી લેવાનું છે.'

('માતાજીની વાણી': વાર્તાલાપ – ૧૦)

બાળક: 'પોતાના કુટુંબની પસંદગી કરવી' એટલે શું?

શ્રી માતાજી: તમે આ દુનિયામાં અમુક જાતના લોકોમાં, અમુક પ્રકારની વસતીમાં આવેલા હો છો. તમારા પૈકી અમુક જૂજ અપવાદોની વાત બાદ કરતાં, તમારા પૈકી ઘણા ખરાને જ્યારે તમે સાવ નાની ઉંમરના હો છો ત્યારે તમારી આસપાસ આવી રહેલી વસ્તુઓ તદ્દન સ્વાભાવિક લાગતી હોય છે, કારણ કે તમે તે બધાની વચ્ચે જન્મેલા હોઈ તેમનાથી સારા પ્રમાણમાં ટેવાઈ ગયેલા હો છો. પરંતુ એમ બનવું શક્ય છે કે કેટલાક સમય બાદ, તમારામાં અમુક પ્રકારની આધ્યાત્મિક અભીપ્સા જાગ્રત થાય ત્યારે, તમે જે પ્રકારના વાતાવરણમાં જીવતા હોય તેમાં રહેવા બાબત તમારામાં સારા પ્રમાણમાં અણગમો ઉત્પન્ન થાય. દાખલા તરીકે, તમારામાં જે પ્રકારની અભીપ્સા જાગ્રત થઈ હોય તેવી તમને ઉછેરનાર લોકોમાં ન હોય કે તેમના વિચારો, તમારામાં વિકાસ પામી રહેલી વસ્તુથી તદ્દન ઊલટા હોય તો તેમ બનવું તદ્દન શક્ય છે. જો વસ્તુસ્થિતિ એ પ્રકારની હોય તો તમારે એમ ન કહેવું કે 'જુઓને, આવા કુટુંબમાં હું આવી પડયો છું, શું કરું? મારે મા, બાપ, ભાઈઓ, બહેનો બધાં છે...' એમ કરવાને બદલે, તમારે તમારામાં જેવી અભીપ્સા હોય તે પ્રકારની જ અભીપ્સા ધરાવનાર લોકો, તમારા જેવી જ લાગણીઓ ધરાવનાર લોકોની શોધમાં નીકળી પડવું જોઈએ. (આમ કહેવાનો મારો અર્થ એ નથી કે આ વસ્તુ કરવા માટે તમારે કોઈ પ્રવાસ આરંભવો જ). જો તમારામાં તમારી જેમ જ કોઈ ખાસ વસ્તુની શોધમાં રહેલ વ્યકિતઓને ખોળી કાઢવાની ખરા અંતરની અભીપ્સા હશે તો, એક યા બીજા પ્રકારે, તદ્દન અણકલ્પેલા સંજોગો દ્વારા તમને તેમનો મેળાપ થવાના પ્રસંગો આવી મળશે. અને આ રીતે જ્યારે બરાબર તમારા જેવી જ મનોદશા અને અભીપ્સા ધરાવનાર એક યા વધુ વ્યકિતઓનો તમને મેળાપ થશે ત્યારે કુદરતી રીતે જ તમારી વચ્ચે નિકટતા, તાદાત્મ્ય, અને મિત્રતાના સંબંધોની રચના ઊભી થશે, તમારો એક

જાતનો ભ્રાતૃવર્ગ ઊભો થશે. અને એ રીતે તમારા સાચા કુટુંબની રચના થશે. તમે એક બીજાની સાથે વસતા હશો, કારણ કે તમે એક બીજાની નિકટ હશો, તમે એક સાથે રહેતા હશો, કારણ કે તમારામાં એક સરખી અભીપ્સા હશે, એક બીજાની સાથે હશો, કારણ કે તમારામાં એક ધ્યેયનું નિર્માણ કરવાની ઈચ્છા હશે. જ્યારે તમે વાતચીત કરતા હશો ત્યારે તમે એક બીજાને અંતરથી સમજતા હશો અને તેથી તમે જે વસ્તુ બોલતા હશો તે અંગે તમારે ચર્ચા કરવાની જરૂર નહીં રહે અને તમે એક પ્રકારના અંતરના સંવાદમાં જીવન ધારણ કરતા હશો. સાચું કુટુંબ આ છે, આ કુટુંબ અભીપ્સાનું, આધ્યાત્મિક વલણોનું કુટુંબ હશે.

હવે, દેશ વિષે. એ વસ્તુ અનેક પ્રકારની બાબતો ઉપર આધાર રાખી શકે છે. એમાં આધાર વસ્તુઓના એક બીજા સાથેના આંતરિક સંબંધ ઉપર હોય છે. દાખલા તરીકે, તમે કોઈ દેશમાં જાઓ અને ત્યાં તમને અમુક પ્રકારનો આવકાર મળે, તમારી અભીપ્સાનો અંતરનો સહકાર મળે, ત્યાં તમારી આસપાસના સંજોગો તમને તમારી રુચિ અને વૃત્તિઓ મુજબના લાગે, તો તમે પછી એ દેશમાં રહેવું પસંદ કરો છો, ભલે પછી એ દેશમાં તમારો જન્મ ન થયો હોય. તમે જો એ દેશમાં વસવાટ કરવાનું પસંદ કરો તો તમે કહી શકો કે, 'આ મારો દેશ છે.' મોટા ભાગે કેટલાક લોકો, ઘણા લોકો કેવળ તદ્દન સ્થૂલ અને શુષ્ક કારણોસર બીજા સ્થળે જઈને વસવાટ કરે છે. પણ એવા લોકો પણ હોય છે જે પોતાના અંતરની રુચિ, પોતાની અભીપ્સાને અનુકૂળ આવે તેવા વાતાવરણની શોધમાં રહેતા હોય છે અથવા પોતાની આંતરિક પ્રકૃતિને અનુકૂળ આવે એવી રહેણીકરણીવાળા સ્થળ કે પ્રદેશની શોધમાં હોય છે. એવા લોકો પછી ક્યાંક રહી પડે છે અને ત્યાંથી બીજે કોઈ ઠેકાણે જતા નથી. આમ ત્યાં તેઓ કેટલાંક વર્ષો રહે છે ત્યારે તેમને લાગે છે કે સાચેસાચ એ દેશ એમનો પોતાનો દેશ જ છે અને એ વાત, જે લોકો એ ઘર, ગામ કે શહેરમાં જન્મ્યા હોય છે તેમના કરતાં પેલા બહારથી આવી વસવાટ કરનારની બાબતમાં વધુ સાચી હોય છે.

બાળક : પ્રાણમય ચેતનામાં વિકૃતિ શું જન્મથી જ હોય છે?

શ્રી માતાજી : જો તમારો જન્મ આકસ્મિક રીતે ન બની આવ્યો હોય તો તમે માની લઈ શકો છો કે તમારા પ્રાણમાં કોઈ વિકૃતિ નહિ હોય. પરંતુ મોટા ભાગે જન્મ સમયે તમે જે અવસ્થામાં હો છો તે તમારા માતાપિતા અને તેમના દ્વારા તમારા દાદા — દાદીએ જે રીતનું ઘડતર કર્યું હોય છે તેના ઉપર આધાર રાખનારી હોય છે. આ સિવાય, કેટલાંક કુટુંબોમાં અમુક પ્રાણમય કહી શકાય તેવા રીતરિવાજો હોય છે અને ચેતનાની જે પ્રકારની અવસ્થામાં તમે ગર્ભસ્થ થયા હો, ઘડાયા હો — જે ક્ષણે તમે ગર્ભસ્થ થયા

હો તે ક્ષણ — અને એ બધું, લાખોમાં એકાદ પ્રસંગે પણ સાચી અભીપ્સાને અનુરૂપ નથી હોતું. અને સાચી અભીપ્સા હોય તો જ તમારું પ્રાણમય સ્વરૂપ કોઈ પ્રકારના મિશ્રણ વિનાનું રચાઈ શકે, એવી અભીપ્સા જ તમારા પ્રાણમય સત્ત્વને શુદ્ધ સ્વરૂપમાં કોઈ પ્રકારનો ચેપ લાગ્યા વિનાના રૂપમાં ઘડવા માટે આકર્ષી શકે. જગત જે પ્રકારની અવસ્થામાં છે તેમાં વસ્તુઓ એવી બધી ભેળસેળ થઈ ગયેલી છે, એટલી બધી રીતે ગૂંચવાઈ ગયેલી છે કે જેના પરિણામે બીજા રોગી સત્ત્વોનો ચેપ લાગ્યા વિનાનાં શુદ્ધ પ્રાણમય તત્ત્વો પ્રાપ્ત કરવાં એ લગભગ અશક્ય જેવું હોય છે.

મને લાગે છે કે બાળકના જન્મ પહેલાં તેનાં માતાપિતામાં કયા પ્રકારની અભીપ્સા હોવી જોઈએ એ વિષે આ અગાઉ મેં વાત કરેલી છે. પણ ત્યારે મેં જેમ કહેલું તેમ, એ પ્રમાણે લાખમાં એક પ્રસંગે પણ બનતું હોતું નથી. બાળકનું ગર્ભાધાન સંકલ્પપૂર્વકનું થાય એવું જવલ્લે જ બની આવે છે. પોતાનું બાળક કેવું હોવું જોઈએ તે માટે વિચાર કરવાની તકલીફ પણ અસંખ્ય માબાપોમાંથી કોઈક જ લે છે. મોટા ભાગનાં માબાપોને તો ખબર પણ નથી હોતી કે પોતાનું બાળક કેવું થશે તેનો આધાર તે પોતે કેવાં છે એના ઉપર છે. આ વસ્તુનો ખ્યાલ હોય એવાં ઉચ્ચ કોટીનાં માબાપોની સંખ્યા ઘણી જ મર્યાદિત હોય છે. મોટા ભાગે તો વસ્તુઓ આપોઆપ જ બન્યે જતી હોય છે, ગમે તે કોઈ વસ્તુ બને છે અને લોકોને ખબર પણ નથી હોતી કે શું બની રહ્યું છે. તો, પરિસ્થિતિ આવી છે ત્યારે તમે એવી આશા તો કઈ રાખી શકો કે તમારું પ્રાણમય સ્વરૂપ એવું શુદ્ધ હોય કે તમને મદદ રૂપ થઈ પડે? તમે જન્મીને તમારું જીવન જીવવાની શરૂઆત કરો તે પહેલાં જ તમારે તમારા માર્ગમાંના અમુક પ્રકારના વલણને સાફ કરવું પડે તેવી જરૂરિયાત તમારી સામે ઊભી હોય છે. એ શું વસ્તુ છે એનો ખરો ખ્યાલ તો તમને ત્યારે આવે છે કે જ્યારે તમે તમારા અંતરનું રૂપાંતર કરવાના માર્ગે પ્રમાણ કરવા માટે યોગ્ય રીતે શરૂઆત કરીને તમારા સ્વરૂપના અવચેતન મૂળ સુધી ઊંડા ઊતરો છો — એ વસ્તુ તમને તમારાં માબાપ તરફથી કે દૂરના પૂર્વજો તરફથી વારસામાં મળેલી હોય છે. એ અવચેતન મૂળમાં જ લગભગ બધી મુશ્કેલીઓની જડ આવી રહેલી હોય છે. જીવનમાં શરૂઆતનાં વર્ષોમાં એમાં બહુ થોડી વસ્તુઓનો ઉમેરો થવાનું બને છે. પણ એ રીતનો ઉમેરો થવાનો પ્રસંગ ગમે તે ક્ષણે બની આવી શકે છે. જો તમે ખરાબ લોકોની સોબતમાં હો કે તમે ખરાબ પુસ્તકો વાંચતા હો તો તમારામાં ઝેર પ્રવેશી શકે છે. પણ તમારે જેમની સામે ઝઝૂમવું પડે છે તેવા સંસ્કારો અને કુટેવો તમારા અવચેતન સ્વરૂપમાં પડેલી જ હોય છે. દાખલા તરીકે કેટલાક લોકો એવા હોય છે કે જેઓ મોઢું ખોલતાની સાથે અસત્ય બોલી બેસે છે અને આ વસ્તુ તેઓ હમેશાં જાણી જોઈને કરતા હોય તેમ પણ નથી (અને એ

વસ્તુ જ ખરાબ છે.) બીજા કેટલાક લોકો એવા હોય છે કે જેઓ અન્યની સાથે સંપર્કમાં આવતાં જ લડી પડે છે. આવી બધી અનેક પ્રકારની મૂર્ખાઈઓ અવચેતનામાં ઊંડાં મૂળ નાખીને પડેલી હોય છે. હવે જો તમારામાં સાચી ભાવના હશે તો એવું કાંઈ બને તેવા પ્રસંગો ટાળવા અથવા શક્ય હોય તો કાંઈક સુધારો કરવા માટે તમારાથી બાહ્ય રીતે થઈ શકે તેટલા પ્રયત્નો તમે કરશો. તમે એ બધી વસ્તુઓનો સામનો કરવા પ્રયત્ન કરશો, એમને લડત આપશો, અને ત્યારે તમને એમ જણાઈ આવે છે કે એ વસ્તુ સતત ઊભરાઈ આવતી રહે છે. સ્વરૂપના એવા ભાગમાંથી એ આવતી હોય છે કે જેના ઉપર તમારો કાબૂ હોતો નથી. પરંતુ જો તમે આ અવચેતન ભાગમાં પ્રવેશ કરશો અને તેમાં તમારી ચેતનાને પ્રસરવા દેશો અને પછી ધ્યાનપૂર્વક નિરીક્ષણ કરશો તો ધીમે ધીમે તમારી સર્વ મુશ્કેલીઓનાં મૂળ અને ઉદ્‌ગમસ્થાનો તમે શોધી શકશો. ત્યારે તમને જણાઈ આવશે કે તમારાં માતા અને પિતા અને દાદા અને દાદી કેવાં હતાં. અને પછી કોઈ પ્રસંગે જ્યારે તમે તમારી જાત ઉપર કાબૂ નહિ રાખી શકો ત્યારે તમને સમજાઈ જશે કે, 'હું આવો છું, કારણ કે તેઓ આવાં હતાં.'

જો તમારામાં તમારો ચૈત્ય પુરુષ તમારા ઉપર દેખરેખ રાખી શકે, તમારો માર્ગ તૈયાર કરી શકે તેટલા પ્રમાણમાં જાગ્રત હશે તો એ તમને મદદરૂપ થાય તેવી વસ્તુઓ તમારી પ્રત્યે આકર્ષી લાવશે. એ તમારી પ્રત્યે એવા લોકો, પુસ્તકો, સંજોગો અને હરેક પ્રકારની જોગાનુજોગ બનતી હોય તેવી લાગે તેવી ઘટનાઓ આકર્ષી લાવશે કે જાણે તમારું શુભ ઈચ્છનાર કોઈ કલ્યાણમયી સંકલ્પશક્તિની દોરવણી દ્વારા તે સર્વ બનતું હોય તેમ લાગે. એના વડે તમારે કયા પ્રસંગે કઈ રીતે વર્તવું તેનો ઈશારો તમને મળી આવશે, એક પ્રકારની મદદ કે ટેકો તમને મળી રહેશે કે જેને લઈને તમે જરૂરી નિર્ણયો લઈ શકશો અને યોગ્ય દિશામાં જઈ શકશો. પરંતુ આમ જ્યારે તમે તમારા જીવનનું સત્ય શોધવાનો નિર્ણય કર્યો હશે અને તમે તમારા માર્ગે અંતરની સચ્ચાઈ સાથે આગળ વધતા હશો ત્યારે તમને જણાઈ આવશે કે તમે તમારા માર્ગે પ્રગતિ કરો તે માટે હરેક વસ્તુ જાણે પૂર્વયોજના પ્રમાણે કાર્ય કરતી રહે છે. અને પછી તમે કાળજીપૂર્વક નિરીક્ષણ કરશો તો ધીરે ધીરે તમને તમારી મુશ્કેલીઓનું મૂળ જણાઈ આવશે. અને તમે જાણે તમારી જાતને કહેશો, 'અરે જરા ઊભા રહો, આ ખોડ તો મારા પિતામાં હતી, અને કુટેવ તો મારી માતામાં હતી, અને મારાં દાદી આવાં હતાં, મારા દાદા આવા હતા'... અને આ રીતે તમારી મુશ્કેલીઓના મૂળમાં તમે નાના હતા ત્યારે તમારી દેખભાળ રાખનારી આયા પણ હોઈ શકે, કે પછી તમારી સાથે રમનાર ભાઈ બહેનો, કે તમારા નાનકડા મિત્રો પણ હોઈ શકે. તમને જણાઈ આવશે કે આ બધું ત્યાં હતું, આ વ્યકિતમાં કે તે વ્યકિતમાં. પરંતુ જો તમે તમારા અંતરની

સચ્ચાઈ જાળવી રાખશો તો તમને જણાઈ આવશે કે આ બધું તમે શાંતિથી ઓળંગી જઈ શકો છો અને કેટલાક સમય પછી તમે જે બંધનો સાથે જન્મેલા હશો તેમનાથી અલગ થઈ શકશો, તમને જકડી રાખનાર બેડીઓ તોડી નાખશો અને તમારા માર્ગે વિના અવરોધે આગળ વધશો.

વ્યકિતએ પોતાના ચારિત્ર્યમાં પરિવર્તન કરવું હોય તો આ પ્રમાણે જ કરવાનું રહે છે. હમેશાં એમ કહેવામાં આવે છે કે માણસ માટે પોતાની પ્રકૃતિ બદલવી શકય નથી, તત્ત્વજ્ઞાનનાં અનેક પુસ્તકો અને યોગમાં પણ તમને એજ વસ્તુ કહેવામાં આવે છે: તમે તમારું ચારિત્ર્ય બદલી શકતા નથી, તમે જન્મથી જેવી પ્રકૃતિવાળા હો છો તેવા જ રહો છો. આ વસ્તુ તદ્દન અસત્ય છે, હું તમને ખાતરી આપું છું કે એ અસત્ય છે. પરંતુ વ્યકિત માત્ર માટે પોતાનું ચારિત્ર્ય બદલશું એટલે એક મહામુશ્કેલ કાર્ય કરવાનું રહે છે. કારણ કે એમાં પ્રશ્ન કેવળ તમારા એકલાનું ચારિત્ર્ય બદલવાનો નથી હોતો પણ જેને બદલવાનું હોય છે તે ચારિત્ર્ય તમારા પૂર્વજીવનમાં આવેલી વ્યકિતઓનું પણ હોય છે. એ લોકોમાં રહેલી અશુભ વસ્તુઓને તો તમે બદલી શકશો નહિ (કારણ કે તેમ કરવાનો એમનો ઈરાદો પણ હોતો નથી) પણ તમારામાં આવેલી એમની એ વસ્તુઓને તમારે બદલવાની રહેશે. એમણે તમને જે કંઈ આપેલું હોય છે — તમારા જન્મ સમયે તમને આપેલી નાની નાની સુંદર ભેટો -એ બધું તમારે બદલવાનું રહે છે. પરંતુ એક વખત તમે એ વસ્તુઓને કાબૂમાં લેવાનો તાંતણો હાથમાં લઈ શકશો, જો એ તંતુ યથાયોગ્ય પ્રકારનો હશે અને તમે તમારું ચારિત્ર્ય બદલવા માટે જરૂરી ખંત અને સચ્ચાઈપૂર્વક કાર્ય કરતા રહેશો તો એક દિવસ અચાનક તમને જણાઈ આવશે કે તમે પેલી અશુભ વસ્તુઓથી મુકત થઈ ગયા છો, એ બધી વસ્તુઓ તમારી ઉપરથી ખરી પડી છે અને પછી તમે તમારા જીવનમાં કોઈ પણ પ્રકારના બોજ વિના આગળ વધી શકશો, પછી તમે એક નવી જ વ્યકિત બની જશો, તમે એક નવા પ્રકારનું જીવન ધારણ કરતા હશો, તમારી પ્રકૃતિ લગભગ નવા જ પ્રકારની હશે. અને તમે ભૂતકાળમાં ડોકિયું કરીને જોશો તો તમને જાણે એમ લાગશે, 'હોય નહિ, હું કદી એવો ન હતો.'

૩૧ માર્ચ, ૧૯૫૧

શ્રી માતાજી વાંચન કરે છે:

'સર્વ પ્રકારની શારીરિક માંદગીઓની પાછળ કોઈને કોઈ પ્રકારની અવ્યવસ્થા રહેલી જણાઈ આવે છે એ સાચું?'

('માતાજીની વાણી': વાર્તાલાપ - ૧૧)

શ્રી માતાજી: અનેક પ્રકારના વ્યાધિઓ ઉત્પન્ન કરી શકે એવી જો કોઈ એક માનસિક અવ્યવસ્થા હોય તો, તે ભય છે.

પરંતુ આ બાબતમાં દરેક વ્યકિતએ પોતે પોતાની રીતે પ્રયોગ કરી જોવો જોઈએ. જો તમારું ગળું આવી ગયું હશે તો શકય છે કે આગલે દિવસે તમે અવસાદની દશામાં ડૂબી ગયેલા હશો. અથવા, તમારામાં જો અસંતોષ, નારાજી વગેરે લાગણીઓ પ્રવર્તતી હશે અને તમને તમારી આસપાસનું સર્વ કાંઈ અસુખકર લાગતું હશે તો, બનવા જોગ છે કે બીજે દિવસે તમને માથામાં શરદી થઈ આવે...દરેક વ્યકિતએ પોતે આ બાબતમાં પોતાની રીતે અવલોકન કરવું જોઈએ.

(શ્રી માતાજી તેમનું વાંચન ચાલુ કરે છે.)

"સ્થૂલ દેહનું પ્રત્યેક બિંદુ આંતર ચેતનાના ક્રિયાના કોઈ પ્રતીક જેવું હોય છે. એ બેની વચ્ચે સૂક્ષ્મ સંવાદો અને સંબંધોની એક આખી દુનિયા આવેલી છે

...વ્યાધિની અસર શરીરના જે વિશિષ્ટ અવયવ ઉપર થઈ હોય તે ઉપરથી કેવા પ્રકારનો આંતરિક વિસંવાદ ઊભો થયો છે તે જાણી શકાય છે. એ અંગ વ્યાધિનું મૂળ દર્શાવી આપે છે, અને વ્યાધિના કારણોનું એ એક ચિહ્ન બની રહે છે. વળી સમગ્ર ચેતનાને એક સરખી ત્વરિત ગતિથી કૂચ કરતાં અટકાવી રહેલો એ વિરોધ કેવા પ્રકારનો છે તે પણ વ્યાધિ ઉપરથી જાણી શકાય છે. અને આ રીતે રોગનો ઉપાય અને ઉપચાર તે સૂચવે છે. ક્યાં આગળ ભૂલ થઈ છે એનું ચોક્કસ જ્ઞાન જો સાધકને થાય અથવા કયો ભાગ ઊર્ધ્વ ચેતનાની મદદ ગ્રહણ કરવાને અશકિતમાન છે તે શોધી કાઢે, અને તેને ખુલ્લો કરીને ત્યાં જ્યોતિ અને શકિતને લાવી શકે, તો શારીરિક આરોગ્યની સમતુલાનો જે ભંગ થયો હતો તેને એક ક્ષણમાં પાછો સ્થાપન કરી શકાય છે અને પછી વ્યાધિ એકદમ દૂર થઈ જાય છે."

('માતાજીની વાણી' : વાર્તાલાપ – ૧૧)

બાળક : આપ અમને સમજાવશો કે શરીરનો પ્રત્યેક ભાગ કઈ રીતે આંતર ચેતનાની ક્રિયાના કોઈ પ્રતીક જેવો હોય છે?

શ્રી માતાજી : પુરાતન કાળમાં દીક્ષા આપવાની જે પદ્ધતિઓ હતી તેમાં તો જે લોકોને આ વિષયનું જ્ઞાન પહેલેથી હોય તેમને જ કેવળ 'આ સત્ય છે' અથવા 'આ અસત્ય છે' એમ કહેવાનો રિવાજ હતો.

આ બાબતમાં તમારામાંથી કોઈને કોઈ જાતનો અનુભવ હોય તો જણાવી શકશો? અલબત્ત, તમારે એમ કરતાં અમુક પ્રકારની અંતરની અવસ્થા અને તેની સાથે શરીરના અમુક ચોક્કસ ભાગ વચ્ચે સંબંધ છે એમ બતાવી આપવું જોઈએ.

બાળક : એક વાર મને અમુક અંગમાં પીડા થતી હતી અને મેં તે બાબતમાં આપની પાસે ફરિયાદ કરેલી ત્યારે શરીરના કયા ભાગ ઉપર અસર થયેલી છે તે વિષે પૂછેલું. જ્યારે મેં એ ભાગ વિષે આપને જણાવ્યું ત્યારે એ ભાગનો મારા સ્વરૂપના પ્રાણમય, મનોમય વગેરે ભાગો સાથે કયા પ્રકારનો સંબંધ હશે તે હું જાણતો ન હતો, છતાં મારી પીડા તો અલોપ થઈ ગઈ હતી.

શ્રી માતાજી : મને એમાં કોઈ જાતનો વિરોધાભાસ જણાતો નથી!...કોઈ પણ માંદગીને દૂર કરવા માટે આધ્યાત્મિક રીતે બે રસ્તા છે: એક પ્રકારમાં, જે ભૌતિક બિંદુને અસર થયેલી હોય તેના ઉપર સત્ય અને ચેતનાની શકિતનો પ્રયોગ કરવામાં

આવે છે. આ પદ્ધતિમાં પરિણામ કયા પ્રકારનું આવશે તેનો આધાર વ્યકિતની ગ્રહણશીલતા ઉપર રહે એ સ્વાભાવિક છે. ધારો કે કોઈ વ્યકિતમાં જરૂરી ગ્રહણશીલતા છે; અને અસરગ્રસ્ત અંગ ઉપર ચેતનાની શકિતનો પ્રયોગ કરવામાં આવે છે, તો પરિણામ એ આવશે કે ચેતનાની એ શકિતના દબાણને કારણે સ્વરૂપમાં સંવાદની સ્થાપના થશે. તમારામાંના ઘણા કહી શકશે કે શ્રી અરવિંદે તમને કઈ રીતે સાજા કરી દીધેલા. એમાં જાણે અધ્ધરથી કોઈ હાથ આવીને પીડાને ઉપાડીને લઈ જતો હોય એમ બનતું. એ કાર્ય એટલું બધું સ્પષ્ટ રીતે થતું હતું.

અન્ય પ્રકારના કિસ્સાઓમાં. જો શરીરમાં ગ્રહણશીલતાનો તદ્દન અભાવ હોય અથવા તેની ગ્રહણશીલતા અપૂરતી હોય ત્યારે વ્યાધિ ઉપર કાર્ય કરનાર વ્યકિતએ, માંદગી ઉત્પન્ન કરવામાં કારણરૂપ અંતરની અવસ્થા અને વ્યાધિ વચ્ચેનો અંદરનો સંબંધ શોધી કાઢીને તેના ઉપર કાર્ય કરવાનું રહે છે. પરંતુ આવા કિસ્સાઓમાં જો માંદગીના કારણરૂપ વસ્તુ હઠીલી (Refractory) હોય છે તો ખાસ કંઈ થઈ શકતું નથી. ધારો કે વસ્તુનું મૂળ પ્રાણમાં છે. હવે જો પ્રાણ પોતાની અંદર ફેરફાર કરવાની સાફ ના પાડતો હોય અને પોતે જે અવસ્થામાં હોય તેને જડસુપણે વળગી રહેતો હોય તો પરિણામ નિરાશાજનક આવે છે. આપણે શકિતનો પ્રયોગ કરીએ, પણ આવા કેસમાં તેનું પરિણામ એ આવે છે કે માંદગીમાં વધારો થાય છે, કારણ કે જે પ્રાણને કારણે તે ઉત્પન્ન થઈ હોય છે તે કંઈ પણ સ્વીકારવા તૈયાર હોતો નથી અને વિરોધ કરતો હોય છે. આ વાત હું પ્રાણની બાબતમાં કરું છું પરંતુ આ પ્રકારની ઘટનામાં મનોમય કે બીજો કોઈ ભાગ પણ આ રીતે કાર્ય કરતો હોય તેમ હોઈ શકે છે.

જ્યારે શરીર ઉપર સીધેસીધું કાર્ય કરવામાં આવે, એટલે કે અસરગ્રસ્ત ભાગ ઉપર કાર્ય કરવામાં આવે છે ત્યારે શક્ય છે કે એમ બને કે એ વ્યકિતને તરત થોડી રાહત થાય, પરંતુ થોડાક જ કલાકો કે દિવસો પછી વળી એની એ માંદગી પાછી આવે. આનો અર્થ એ કે આવા કિસ્સામાં માંદગીનું મૂળ કારણ બદલાયું નથી હોતું; એ મૂળ પ્રાણમાં હોય છે અને જે ત્યાં મોજૂદ રહેલું હોય છે, અને શકિતના પ્રયોગના પરિણામે એ મૂળ કારણે ઉત્પન્ન કરેલી અસર જ નાબૂદ થઈ હોય છે. પરંતુ જો આપણે એકી સાથે, માંદગી ઉત્પન્ન કરનાર કારણ અને તેણે ઉપજાવેલી અસર ઉપર કાર્ય કરી શકીએ, અને એ કારણરૂપ વસ્તુ પરિવર્તન સાધવાનું સ્વીકારવા જેટલી ગ્રહણશીલ હોય તો, રોગી સંપૂર્ણપણે, કાયમને માટે નીરોગી થઈ જાય છે.

બાળક : હું એક વાર માંદો પડેલો. તેમાં મારો વ્યાધિ લગભગ એક પ્રકારની અનુભૂતિ જેવો હતો. મારે મારી અંદરથી ઈર્ષ્યાના તત્ત્વને દૂર કરવું હતું. આખી રાત્રી

દરમિયાન મારા ઉપર એક ભારે દબાણ થતું રહ્યું, અને આખા શરીરમાં છેક હાકડાં સુધી કળતર થતું રહ્યું. બીજે દિવસે સવારે મને પેટમાં દુ:ખાવો થવા લાગ્યો ત્યારે મેં મારા ભાઈ મારફત આપને સંદેશો મોકલ્યો. આપે એને કહ્યું કે જો મને થોડા જ કલાકોમાં સારું નહિ થાય તો આપ ડૉકટરને મોકલશો. મારો ભાઈ પોતે આપને મળ્યો હતો અને આપે એને શું કહેલું તે એ મને કહેવાનું ભૂલી ગયેલો. પણ પાછળથી મને ખબર પડી ત્યારે જણાયું કે બરાબર જે ક્ષણે આપ એની સાથે વાત કરતાં હતાં તે જ ક્ષણે હું સારો થઈ ગયો હતો!

શ્રી માતાજી: મને એની ખબર હતી!

બાળક: અમારે અમારા શરીરની ગ્રહણશકિતમાં વધારો કરવો હોય તો શું કરવું જોઈએ?

શ્રી માતાજી: એનો આધાર કયા ભાગની વાત છે એના ઉપર છે. જો કે સ્વરૂપના સર્વ ભાગો માટે પદ્ધતિ લગભગ એકસરખી છે. એમાં શરૂઆત કરવા માટે પ્રથમ શરત તો એ છે કે તમારે બને તેટલા શાંત બની રહેવું જોઈએ. તમે જોશો કે તમારા સ્વરૂપના જુદા જુદા ભાગોમાં કોઈ વસ્તુ આવે અને તમે એને ગ્રહણ ન કરી શકો તો એને પરિણામે તમારામાં કોઈક વસ્તુ ચિમળાઈ જતી હોય તેવી લાગણી ઊભી થાય છે—પ્રાણ, મન, કે શરીરમાં કોઈક વસ્તુ સખત થઈ જાય છે. એમાં એક પ્રકારનો અકડાટ આવી જાય છે જેને પરિણામે દુ:ખાવો ઉત્પન્ન થાય છે અને તમને એથી મનોમય, પ્રાણમય કે શારીરિક પીડા થાય છે. એટલે આવે પ્રસંગે પ્રથમ તો તમારે તમારી સંકલ્પશકિતનો પ્રયોગ કરીને, જેમ તમે જ્યારે તમારી કોઈ નસ ખેંચાતી હોય કે માંસપેશીનો ગોટલો ચઢી ગયો હોય ત્યારે તેને શિથિલ કરવા પ્રયત્ન કરો છો તે જ પ્રમાણે તમારે પેલા કરમોડને નરમ કરવાનો રહે છે. તમારે સ્નાયુઓને શિથિલ કરીને આરામ પ્રાપ્ત કરતાં શીખવું જોઈએ અને જ્યારે તમારા સ્વરૂપના કોઈ પણ ભાગમાં તાણ આવવાની લાગણી થતી હોય ત્યારે એ જ રીતે ભંગ અવસ્થાને શિથિલ કરીને આરામ પ્રાપ્ત કરતાં શીખવું જોઈએ.

આ પ્રકારનું સંકુચન જે સ્થળે ઉત્પન્ન થયું હોય, મન, પ્રાણ કે શરીરના જે ભાગમાં તે હોય, તે પ્રમાણે તેને નરમ કરવાની પદ્ધતિમાં ફેર પડે છે. પરંતુ એ સર્વ પદ્ધતિઓ પાછળનો સિદ્ધાંત તાર્કિક રીતે તો એક જ પ્રકારનો હોય છે. તમે એક વાર આ તંગ દશાને શિથિલ કરો પછી તમારે જોવું જોઈએ કે પેલી અસ્વસ્થતાની લાગણી દૂર થઈ છે કે નહિ. જો આમ થાય તો એનો અર્થ એ કે એ વસ્તુ એક થોડા સમય

માટે ઊભી થયેલા અવરોધને કારણે હતી. પરંતુ જો પીડા ચાલુ રહે અને તેને દૂર કરવા માટે ઉપયોગી નીવડે તેવી લાભદાયી વસ્તુ મેળવવા અને સ્વીકારવા સારુ ગ્રહણશીલતાને પણ વધારવાની ખરેખરી જરૂરિયાત ઉત્પન્ન થાય તો પછી પ્રથમ તો તમારે પેલા અકડાટને શિથિલ કરવો જોઈએ અને પછી પોતાની જાતને વિસ્તૃત કરવાની શરૂઆત કરવી જોઈએ — તમે પોતે વિશાળતા પ્રાપ્ત કરી રહ્યા છો એવું તમારે અનુભવવું જોઈએ. આમાં અનેક પદ્ધતિઓ છે. ઘણા લોકો એવી કલ્પના કરે છે કે જાણે પોતે પાણી ઉપર તરતા એક પાટિયા ઉપર સૂતેલા છે અને પછી તેઓ પોતાની જાતને વિસ્તૃત કરવા માંડે છે, તેઓ પોતાની જાતને વિશાળ કરતાં કરતાં પાણીના સમગ્ર પ્રવાહી સમૂહ જેટલી કરી મૂકે છે અને એ રીતે તેઓ લાભ પ્રાપ્ત કરે છે. બીજા કેટલાક લોકો પોતાની જાતનું આકાશ અને તારાઓ સાથે તાદાત્મ્ય કરવા પ્રયત્ન કરે છે, તેઓ પોતાની જાતને વિશાળ કરતા કરતા, વધુને વધુ પ્રમાણમાં આકાશ સાથે એકતાનો અનુભવ કરે છે. બીજા કેટલાક લોકોને આવાં કોઈ પ્રતીકોનો આધાર લેવાની જરૂર પડતી નથી; તેઓ પોતાની ચેતના વિષે સીધા સીધા સભાન થઈ શકે છે અને તેને વધુને વધુ વિશાળ કરતાં કરતાં છેવટે તમામ મર્યાદાઓને વટાવી જાય છે. તમે ધારો તો તમારી ચેતનાને એટલી બધી વિશાળ કરી શકો કે એ પૃથ્વી અને વિશ્વ જેટલી વિસ્તૃત થઈ જાય. જ્યારે વ્યકિત આમ કરે છે ત્યારે ખરેખર તેનામાં જરૂરી ગ્રહણશીલતા આવી જાય છે. મેં જેમ કહેલું છે તેમ, એમાં સવાલ જરૂરી તાલીમ લેવાનો છે. ગમે તેમ હોય, પણ વસ્તુનો તાત્કાલિક ઉકેલ લાવવાની દૃષ્ટિએ જોતાં, જ્યારે તમારામાં કોઈ વસ્તુ આવી પડે અને તમને એમ લાગે કે એ વસ્તુ વધુ પડતી જોરદાર છે, કે એનાથી માથું દુઃખી આવે છે અને તે તમારાથી સહન થાય તેવું નથી, તો પછી તમારે પેલી પદ્ધતિનો જ પ્રયોગ કરવાનો રહે છે. તમારે પેલા સંકુચન ઉપર જ કાર્ય કરવાનું રહે છે. તમે આ બાબતમાં વિચારના ઉપયોગ વડે શાંતિ, અને અક્ષુબ્ધતાને (શાંતિની લાગણી ઘણી ખરી મુશ્કેલીઓને દૂર કરી શકે છે) સાદ કરી બોલાવી શકો, આમ 'શાંતિ:, શાંતિ:, શાંતિ:,...નિસ્પંદતા...નીરવતા,' તો અનેક પ્રકારના ઉપદ્રવો, છેક શારીરિક ઉપદ્રવો, વક્ષસ્થળમાં* ડચૂરો બાઝવા જેવા ઉપદ્રવો કે જે ખૂબ અસુખકર હોય છે અને જેને કેટલીક વાર ઊબકા પણ આવે છે, ગુંગળામણની લાગણી થાય છે, જાણે શ્વાસ પણ ફરી નહિ લેવાય તેવી લાગણી થાય છે, એ બધા ઉપદ્રવો આ રીતના પ્રયોગના ઉપયોગથી અદશ્ય થઈ જાય છે. એમાં જે ભાગના ઉપર વ્યાધિની અસર થઈ હોય છે તે વસ્તુ નાડીતંત્રનું કેન્દ્ર હોય છે અને એના ઉપર

---

* મૂળમાં શબ્દ Solar Plexus છે. વક્ષસ્થળ અને ઉદરપટલની વચમાં આવેલું નાડી તંત્ર.

એવી અસર જરા જરામાં થઈ આવે છે. જ્યારે જ્યારે તમારા વક્ષસ્થળના નાડીતંત્રને અસર થાય એવી કોઈ પણ વસ્તુ બને ત્યારે બોલો, 'શાંતિ:', શાંતિ:, શાંતિ:,' અને તમારામાં ઉત્પન્ન થયેલી તંગદશા તદ્દન લુપ્ત ન થઈ જાય ત્યાં સુધી વધુને વધુ શાંત બની રહો.

વિચારોની બાબતમાં પણ એમ જ છે. દાખલા તરીકે તમે જે કાંઈ વાંચતા હો તેમાં કોઈ એક એવો વિચાર રજૂ થયેલો હોય કે જેને તમે સમજી ન શકો—એ તમારા ગજા ઉપરવટની વસ્તુ હોય એમ લાગે, તમે એની બાબતમાં કાંઈ પણ સમજી શકતા ન હો, એટલે એ તમારા મસ્તકમાં ઈંટની જેમ પડયો હોય છે, અને જો એને સમજવા માટે તમે વધુ પ્રયત્ન કરો છો તો એ વધુને વધુ ઈંટ જેવો સખત, જડ બનતો રહે છે, અને તમે એથી પણ વધુ પ્રયત્ન કરતા રહો તો તમારું માથું દુ:ખી આવે છે. આમાં એક જ વસ્તુ કરવાની હોય છે: શબ્દો સાથે ખેંચતાણમાં ન ઊતરો, ફકત આવા બની રહો (શ્રી માતાજી લાંબાં થઈને હાલ્યા ચાલ્યા વિના પડી રહ્યાનો અભિનય કરે છે), તમારામાં શિથિલતા ઉત્પન્ન કરો અને કેવળ વિશાળ, વિશાળ બનતા રહો. અને કાંઈ પણ સમજવાનો પ્રયત્ન ન કરો; યાદ રાખો, કાંઈ પણ સમજવાનો પ્રયત્ન નથી કરવાનો—કેવળ એને એમને એમ પ્રવેશ પામવા દો, તદ્દન હળવે રહીને, અને શિથિલ, શિથિલ બની રહો, આ પ્રકારે ઢીલા બની રહેવાથી તમારું શિરદર્દ મટી જાય છે. તમે વિચાર કર્યા વિના કેટલાક દિવસ રાહ જુઓ છો અને થોડા દિવસો પછી તમને અંદરથી જણાય છે: 'આહ, વાત કેટલી બધી સ્પષ્ટ થઈ ગઈ છે, જે વસ્તુ હું સમજી શકતો ન હતો તે હવે મને બરાબર સમજાઈ ગઈ છે.' એ વસ્તુ એટલી બધી સરળ છે. જ્યારે તમે કોઈ પુસ્તક વાંચી રહ્યા હો, જેને સમજવું તમારા ગજા ઉપરાંતનું કામ હોય, ત્યારે ઘણી વાર તમારા વાંચવામાં એવાં કેટલાંક વાક્યો આવે છે જે તમે સમજી શકતા નથી, માથામાં કંઈ મેળ જ બેસતો નથી. આવું બને ત્યારે તમારે આમ કરવું: એક વખત વાંચો, બે વખત વાંચો, ત્રણ વાર વાંચો. પછી શાંતિથી મનને નીરવ કરીને બેસી રહો. એકાદ પખવાડિયા પછી તમે એનો એ ફકરો ફરીથી વાંચવા બેસો. અને ત્યારે તમને બધું દીવા જેવું સ્પષ્ટ સમજાઈ ગયું હોય છે. આમાં બન્યું હોય છે એમ, કે મસ્તકમાં જરૂરી વસ્તુઓના સંયોજનની રચના થઈ હોય છે, વસ્તુને સમજવા માટે જે તત્ત્વો ખૂટતાં હશે. તેમની રચના કરવામાં આવી હોય છે. આ બધું ક્રમે ક્રમે કરવામાં આવેલું હોય છે અને એટલે વસ્તુની સમજણ તમને પછીથી પડે છે. હું એવા ઘણા લોકોના પરિચયમાં હતી જેઓ હું જે કહેતી તે સમજતા નહિ અને કંઈ પણ સમજ્યા વિના સામી દલીલો કરતા. એ લોકો એમના મગજના કોટલામાં પુરાઈ રહેલા હતા એટલે જે વિચાર તેમના તરફ આવતો

તેને પકડી શકવાનું તો બાજુએ રહ્યું પણ હઠપૂર્વક અસ્વીકાર કરી તેઓ તેને પોતાના મનની બહાર ફેંકી દેતા હતા. એટલે તમારે જો કંઈ કહેવાનું હોય તો તે કહો. પરંતુ એના સ્વીકારની બાબતમાં આગ્રહ ન સેવો; તમારે કહેવાનું હતું તે તમે કહ્યું, એટલેથી વાત પતી જાય છે; કદાચ જરૂર હોય તો તમે એ વાત બીજી વાર કહો, પણ આગ્રહ ન સેવવો; એકાદ અઠવાડિયું, એકાદ માસ વીતશે અને એના એ લોકો તમને શોધતા આવશે અને તમને પૂર્ણ આત્મવિશ્વાસ સાથે કહેશે, 'પણ વસ્તુસ્થિતિ એવી છે, તમે સમજતા નથી, વસ્તુસ્થિતિ આમ જ છે!' અને જાણો છો, આ લોકો જે વસ્તુ તમને કહેતા હશે તે તમે તેમને કહેલી તે જ હોય છે. પણ એ લોકો તમને કહે છે, 'મેં આ બાબતમાં વિચાર કરી જોયો, અને હવે મને સમજાયું કે વસ્તુસ્થિતિ આમ છે, સાચેસાચ આમ જ છે.' અને જો તમે કમનસીબે એમને એમ કહેશો કે, 'આ વાત તો મેં તમને કહેલું તે પ્રમાણેની જ છે.' તો એ લોકો તમારી સામે મોઢું ચઢાવશે; અને પછી એ લોકો આગળ કંઈ સમજશે નહિ.

બાળક : માંદગીઓ સૂક્ષ્મ શરીર દ્વારા દાખલ થાય છે, નહિ? એમને કઈ રીતે અટકાવી શકાય ?

શ્રી માતાજી : આહ ! તો વાત આમ છે...જો તમે ખૂબ સંવેદનશીલ હશો, અતિશય સંવેદનશીલ - જે ક્ષણે એ વસ્તુઓ તમારા સૂક્ષ્મ શરીરને સ્પર્શ કરે અને તેમાં પેસવાનો પ્રયત્ન કરે ત્યારે તમને તરત જ એક પ્રકારની લાગણી થાય એમ બનવા માટે – તમે ખૂબ જ સંવેદનશીલ હો એ જરૂરી છે. એમાં શરીરને કોઈ વસ્તુ સ્પર્શ કરતી હોય એવું પણ નથી હોતું, એ એક પ્રકારની લાગણી જ હોય છે. જો તમે તે ક્ષણે તેને પારખી શકો તો તમારામાં તેને 'ના' કહેવાની શકિત હોય છે, અને એ જતી રહે છે. પરંતુ આમ થઈ શકે તે માટે વ્યકિત અત્યંત સંવેદનશીલ હોય એ જરૂરી છે. પરંતુ એ વસ્તુનો વિકાસ પણ થઈ શકે છે. તમારામાં એ માટે જરૂરી સંકલ્પ હોય તો આ બધી વસ્તુઓ પદ્ધતિસર તમારી અંદર વિકસાવી શકો છો. તમે તમારી આસપાસના આવરણ વિષે સભાન થઈ શકો છો, અને એ સભાનતા તમે યોગ્ય પ્રમાણમાં વિકસાવેલી હશે તો, પ્રસંગ પડયે તમારે ખાસ દૃષ્ટિ કરીને જોવાની જરૂર પણ નહિ ઊભી થાય, તમને એક એવી લાગણી થઈ આવશે કે કોઈ વસ્તુએ તમને સ્પર્શ કર્યો છે. આ બાબતમાં ઉદાહરણરૂપે હું તમને એક બનેલા પ્રસંગની વાત કહું છું, જો કે એવા તો ઘણા પ્રસંગો બનેલા છે.

એક સન્નારીએ પોતાના અંતરમાં રહેલા પ્રભુ સાથે સતત અને સભાન - બિલકુલ અવિરત અને સચેતન - સંપર્ક સાધવાનું નક્કી કર્યું હતું. આમાં કેવળ ચૈત્ય સ્વરૂપ સાથે

નહિ પરંતુ ચૈત્ય સ્વરૂપમાં આવી રહેલ ભાગવત હાજરી સાથે સંપર્ક સ્થાપવાની વાત હતી. એ બાઈએ નક્કી કર્યું હતું કે તે આ રીતે કરશે, બીજું કાંઈ કરશે નહિ, એટલે કે, એ બાઈ ગમે તે કાર્ય કરી રહી હોય ત્યારે પણ એની એકાગ્રતા આ વસ્તુ ઉપર જ રહેતી, જ્યારે એ રસ્તે ચાલતી જતી હોય ત્યારે પણ એ આ વસ્તુ ઉપર જ એકાગ્ર રહેતી. એ બાઈ એક મોટા શહેરમાં રહેતી હતી: અને ત્યાં બસો, ટ્રામો, વગેરે ઘણી વસ્તુઓની અવરજવર રહેતી, અને ત્યાં જો કોઈએ એ રસ્તો ઓળંગી સામેની બાજુએ જવું હોય તો ઠીકઠીક પ્રમાણમાં જાગ્રત, સાવચેત અને ચારે તરફ ધ્યાન રાખતા રહેવું પડે તેમ હતું, એમાં જો ચૂક થાય તો વ્યકિત કોઈ વાહન નીચે કચરાઈ જાય એમ બની શકે, પણ આ બાઈએ તો નક્કી જ કર્યું હતું કે પોતાની એકાગ્રતામાંથી બહાર આવવું જ નહિ. એક દિવસ એ બાઈએ શહેરના મોટરો અને ટ્રામો ભરેલો એક મોટો રસ્તો ઓળંગી રહી હતી, પોતાની ગહન એકાગ્રતામાં ડૂબેલી અવસ્થામાં. પોતાની આંતરખોજની સ્થિતિમાં, એ બાઈને અચાનક એકાદ હાથ જેટલા અંતરેથી એક હળવો આંચકો લાગ્યો, આમ; અને એ બાઈ એકદમ કૂદીને પાછી ફરી અને તરત એક મોટરગાડી ત્યાં થઈને પસાર થઈ ગઈ. જો એ બાઈ પાછી ન ફરી હોત તો ચગદાઈ ગઈ હોત...આ એક અંતિમ બિંદુની વાત છે, પણ તમે એટલા બધા આગળ ન જાઓ તો પણ તમને સહેલાઈથી એક પ્રકારની હળવી અસ્વસ્થતાની લાગણી થઈ આવી શકે છે (એ વસ્તુ જ એવી છે કે એ બહુ જોર કરીને તમારા ઉપર ઠોકી બેસાડવામાં આવતી હોય એમ બનતું નથી) એક જરાક અમસ્થી અસ્વસ્થતા તમારામાં ગમે તે બાજુથી આવે છે: સામેથી, પાછળથી ઉપરથી, નીચેથી, ગમે ત્યાંથી. જો એ ક્ષણે તમે પૂરતા પ્રમાણમાં સાવધ હો છો તો તમે 'નહિ' કહી દો છો, જાણે કોઈ વસ્તુ સાથેનો સંપર્ક તમે બળપૂર્વક કાપી નાખતા હો એવી રીતે એ ક્રિયા થાય છે, અને પછી વાત પતી જાય છે. જો તમે એ ક્ષણે સભાન હો, તો તેની પછીની ઘડીએ અથવા થોડી મિનિટો પછી, તમને એક વિચિત્ર પ્રકારની, તમારી અંદર ગોટાળા વળતા હોય એવી લાગણી થાય છે, તમારા બરડામાં ટાઢ વાતી હોય એવું લાગે છે, જરાક અસ્વસ્થતા લાગે છે, કોઈ વિસંવાદી વસ્તુનો આરંભ થતો હોય એવી લાગણી થાય છે. તમને લાગે છે કે કોઈક ઠેકાણે કંઈક ગેરવ્યવસ્થા થઈ ગઈ છે. જાણે કે સામાન્ય રીતે અસ્તિત્વ ધરાવતી સંવાદની સ્થિતિમાં ભંગ પડયો હોય. આમ બને ત્યારે પછી તમારે વધુ એકાગ્ર થવાનું રહે છે અને સંકલ્પશકિતના સંપૂર્ણપણે જોરદાર બળપૂર્વક શ્રદ્ધા બનાવી રાખવાની રહે છે કે તમને કોઈ વસ્તુ નુકસાન પહોંચાડી શકવાની નથી. તમને કોઈ અપાયકારક વસ્તુ સ્પર્શી શકવાની નથી. એ જ ક્ષણે એ માંદગીને દૂર હડસેલી મૂકવા માટે આટલી વસ્તુ પૂરતી થઈ પડે છે. પરંતુ તમારે આ વસ્તુ તાત્કાલિક કરવી જોઈએ એ યાદ

રાખજો. તમારે પાંચ મિનિટ પણ રાહ જોવાની નથી, જે કંઈ કરવાનું હોય છે તે તાત્કાલિક કરવાનું હોય છે. જો તમે વધુ પડતી રાહ જુઓ અને તમારી અંદર કોઈક ઠેકાણે સાચેસાચ કંઈક અસ્વસ્થતાની લાગણીનો અનુભવ શરૂ થઈ જાય અને કોઈક વસ્તુ ખરેખર ક્ષુબ્ધ થઈ જવાની શરૂઆત થઈ ગઈ હોય તો પછી સારી વસ્તુ એ છે કે તમારે ક્યાંક બેસી જઈને એકાગ્રતા કરવી અને શકિતને સાદ કરી બોલાવવી, જે સ્થળે ક્ષુબ્ધતાનો અનુભવ થવાની શરૂઆત થઈ હોય, એટલે કે જે ભાગમાં માંદગીની શરૂઆત થઈ હોય તે સ્થળ ઉપર તે શકિતને કેન્દ્રિત કરવી. પરંતુ તમે આવું કાંઈ ન કરો તો કોઈ પ્રકારની માંદગી કોક ઠેકાણે મૂળ નાખે છે. અને એ બધું બનવાનું કારણ એ હોય છે કે તમે યોગ્ય ક્ષણે જોઈતા પ્રમાણમાં સાવધ રહેલા નથી હોતા. અને કેટલીક વાર આપણે એ આખી ગતિના વળાંકને માર્ગે માર્ગે પાછા જઈ આપણને અનુકૂળ આવે તેવી ક્ષણ ફરીથી શોધી કાઢીને પેલી વસ્તુને દૂર કરવાનું કાર્ય કરવું પડે છે. મેં કોઈક ઠેકાણે કહેલું જ છે કે પાર્થિવ ભૂમિકા ઉપર સર્વ વસ્તુઓ અમુક પ્રક્રિયા ઉપર આધાર રાખે છે—દરેક વસ્તુ સિદ્ધ કરવા માટે તમારે અમુક પદ્ધતિએ કામ લેવાનું હોય છે. અને જો માંદગી સ્થૂલ પાર્થિવ ભાગને સ્પર્શ કરવામાં સફળ થઈ હોય તો એને દૂર કરવા માટેની પ્રક્રિયાનો તમારે પ્રયોગ કરવો જોઈએ. આ વસ્તુને તબીબી શાસ્ત્રમાં 'રોગની મુદત' કહે છે. આ મુદત વહેલી પૂરી થાય તે માટે આપણે આધ્યાત્મિક શકિતઓની મદદ મેળવી શકીએ. પરંતુ તેમ છતાં રોગને દૂર કરવાની જે પ્રક્રિયા છે એ તો અનુસરવી પડે જ છે. આમાં ચાર પગથિયાં હોય છે. પ્રથમ પગથિયામાં કામ તાત્કાલિક કરવામાં આવે છે, બીજામાં કામ થતાં કેટલીક મિનિટો લાગે છે, ત્રીજામાં કેટલાક કલાકો જાય એમ બને છે અને ચોથામાં ઠીક ઠીક દિવસો પણ જાય એમ બને. અને પછી, જો પેલી વસ્તુ અમુક ભાગમાં ચોંટી જ ગઈ હોય તો બધી વસ્તુઓનો આધાર કેવળ શરીરની ગ્રહણશકિત ઉપર નહિ પણ તેથી પણ આગળ જઈને અંદરનો જે ભાગ અવ્યવસ્થાના કારણરૂપ પણ હોય છે, તેની ગ્રહણશકિત ઉપર આધાર રાખે છે. જ્યારે આવી વસ્તુ બહારથી આવે છે ત્યારે તેને તમારી અંદરની કોઈ વસ્તુ સાથે મેળ હોય છે માટે જ તે આવી હોય છે. એટલે તમારી જાણ બહાર એવી વસ્તુ અંદર દાખલ થઈ જવાની વ્યવસ્થા કરી શકે છે. એનો અર્થ જ એ કે તમારી અંદર એ વસ્તુ સાથે મેળવાળી કોઈ વસ્તુ છે, અને ત્યારે સ્વરૂપના જે ભાગે બહારથી આવનાર વસ્તુને આવકારી હોય તેને સમજાવવાની જરૂર રહે છે.

હું આવી અનેક, ખરેખર આશ્ચર્ય પમાડે તેવી ઘટનાઓ જાણું છું. જો તમે તે ક્ષણે...જરા થોભો, આપણે એક તદ્દન નક્કર હકીકતનો દાખલો લઈએ: લૂ લાગવાનો બનાવ. આ વસ્તુ બને છે ત્યારે તમે ખૂબ અસ્વસ્થ બની જાઓ છો, એ એક એવી

વસ્તુ છે કે તમને ખૂબ માંદા પાડી દે છે, ઘણું ખરું એવે પ્રસંગે મસ્તકમાં સોજો આવે છે અને ખૂબ તાવ ચઢે છે. એટલે આમ બન્યું હોય, એટલે કે એ વસ્તુ તમારી આસપાસના સંરક્ષણના આવરણને ભેદીને તમારી અંદર દાખલ થવામાં સફળ થઈ હોય, તો પછી તમારે આમ કરવાનું રહે છે: એક તદ્દન શાંત સ્થળે ચાલ્યા જાઓ, ત્યાં જઈ ચત્તાપાટ સૂઈ જાઓ, અને તમારા શરીરની બહાર ચાલ્યા જાઓ (સ્વાભાવિક રીતે આ વસ્તુ તમને આવડતી હોવી જોઈએ. કેટલાક લોકો એ વસ્તુ આપોઆપ કરી શકે છે જ્યારે બીજા કેટલાક લોકોને લાંબો સમય અભ્યાસ કરીને એ વસ્તુ શીખવી પડે છે); તો, તમારા શરીર બહાર જઈને તમે એવી રીતે કહો કે તમે તમારા શરીરને જોઈ શકો (તમે તમારા શરીરની બહાર રહીને તેને જોતા હો એવી અસાધારણ ઘટના બની શકે છે તે વિષે જાણો છો ? એ વસ્તુ સંકલ્પબળના ઉપયોગથી ઈચ્છા થાય ત્યારે કરી શકાય છે, શરીરની બહાર નીકળીને બરાબર તેની ઉપર સ્થાન લઈ શકાય છે), શરીર પથારી ઉપર, બાંકડા ઉપર, જમીન ઉપર કે ગમે તે ઠેકાણે લંબાવીને સૂતું હોય છે; તમે બરાબર એની ઉપર લંબાવીને સૂતેલા હો છો અને ત્યાંથી તમે ઊર્ધ્વમાંથી શકિતને આમંત્રો છો, એ વસ્તુ કરવાનો તમને મહાવરો હોય, અને તમારી અભીપ્સા જોઈતા પ્રમાણમાં તીવ્ર હોય તો તેનો ઉત્તર મળે છે. અને પછી, ત્યાં ઉપર રહ્યા રહ્યા, તમારા શરીરમાં ફરી દાખલ ન થઈ જવાય તેની સાવચેતી રાખીને તમે જે પેલી શકિતઓ આમંત્રી લાવ્યા હો છો તેમને તમારા શરીરમાં બળપૂર્વક પ્રવેશ કરાવવાની શરૂઆત કરો છો. એ રીતે, નિયમિતપણે, જ્યાં લગી તમે શરીરને એ શકિતઓ પોતાની અંદર ગ્રહણ કરતું જુઓ ત્યાં સુધી (કારણ કે શરૂઆતમાં થોડીક ક્ષણો સુધી એ શકિતઓ શરીરમાં પ્રવેશ કરતી નથી. કારણ કે માંદગીને કારણે શરીર તદ્દન અસ્વસ્થ બની ગયું હોય છે, એ ગ્રહણશીલ નથી હોતું, એ સંકોચાઈ ગયું હોય છે), તમે એ શકિતઓને ધક્કો મારી પ્રવેશ કરાવો છો, હળવે હળવે કરીને, શાંતિથી, જરા પણ માનસિક ક્ષોભ વિના, ખૂબ શાંતિપૂર્વક, શરીરમાં એમનો પ્રવેશ કરાવો છો. આ ક્રિયા કરવામાં તમને કોઈ ખલેલ ન કરે તે જોવું જોઈએ. જો કોઈ વ્યકિત આવે વખતે આવી ચઢે અને તમને શિથિલપણે લંબાવીને પડેલા જુએ અને તમને ઢંઢોળે તો એનાં ખૂબ ગંભીર પરિણામો આવી શકે છે. આ વસ્તુ તમારે એવા ઠેકાણે કરવી જોઈએ. જ્યાં તમને કોઈ ખલેલ કરે તેમ ન હોય. તમારા માણસોને તમારે કહી દેવું કે તમને કોઈ જાતની ખલેલ ન કરે અથવા એથી વધુ સારી વસ્તુ એ રહે છે કે એક એવે ઠેકાણે પહોંચી જવું જ્યાં જઈ અંદરથી સાંકળ મારી દેવાય કે જેથી એ લોકો તમને ખલેલ ન પહોંચાડી શકે. પણ તમે ધીમે ધીમે એકાગ્રતાની અવસ્થા પ્રાપ્ત કરી શકો છો (આ વસ્તુ થવામાં ઓછાવત્તા પ્રમાણમાં સમય લાગે છે – દસ મિનિટ, અડધો કલાક, કલાક, બે કલાક એનો આધાર તમારી

અંદર જે અવ્યવસ્થા દાખલ થઈ ગઈ હોય છે તે કેટલા ગંભીર પ્રકારની છે તેના ઉપર રહે છે), હળવેથી, ઉપર રહ્યા રહ્યા[1] તમે શકિતને આમંત્રીને તમારા શરીર ઉપર કેન્દ્રિત કરીને વહાવો છો અને એ પ્રકારની ક્રિયા તમે શરીરને એ શકિતને ગ્રહણ કરતું જ જુઓ, શકિતને તેમાં પ્રવેશ કરતી નિહાળો, એના દ્વારા શરીરમાંની અવ્યવસ્થાને યોગ્ય રીતે વ્યવસ્થિત કરવામાં આવતી જુઓ અને તમારું શરીર રાહત અનુભવતું થાય ત્યાં સુધી ચાલુ રાખો. એક વખત એ વસ્તુ થઈ જાય પછી તમે તમારા શરીરમાં પાછા જઈ શકો છો અને તમે સાજા થઈ ગયા હો છો. લૂ લાગવી એ ઠીક ઠીક પ્રમાણમાં ભયંકર પ્રકારની માંદગી હોય છે તેમાં આ પ્રકારનો પ્રયોગ મેં કરેલો છે. ટાઈફોઈડ તાવના કેસમાં પણ આ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવેલો, અને એવા ઘણા ભયંકર રોગો, જેવા કે કોઈ કેસમાં વ્યકિતનું કલેજું ગમે તે કારણે ખરાબ થઈ ગયું હોય (અપચાને કારણે નહિ પણ એવો કેસ કે જેમાં લીવર બરાબર કામ આપતું ન હોય), તો, એ પણ આ પદ્ધતિએ સારું થઈ શકે. એક કોલેરાના કેસમાં પણ આ રીતે સારું કરવામાં આવેલું. એમાં કોલેરાની ઝપટ જ લાગેલી હતી, એણે પ્રવેશ કર્યો હતો. પણ રોગ પોતાનું સ્થાન જમાવી બેઠો ન હતો; એમાં સંપૂર્ણ આરામ થઈ ગયેલો. આ કારણસર જ્યારે હું એમ કહું છું કે તમે આધ્યાત્મિક શકિત ઉપર કાબૂ પ્રાપ્ત કરો અને તેનો કેવી રીતે ઉપયોગ કરવો તે તમે જાણતા હશો તો એવું કોઈ દર્દ નથી કે જે તમે સારું ન કરી શકો, ત્યારે હું કેવળ હવાઈ વાતો કરતી નથી. મેં એ વસ્તુનો અનુભવ કરેલો છે માટે કહું છું. અલબત્ત, તમે એમ કહી શકો છો કે તમને તમારા શરીરની બહાર નીકળતાં આવડતું નથી, ઊર્ધ્વમાંથી શકિતને ખેંચી લાવતાં આવડતું નથી, એને કેન્દ્રિત કરવી વગેરે પ્રકારની સિદ્ધિ તમારી પાસે નથી... એ પ્રકારનું જ્ઞાન સર્વ સામાન્ય તો નથી પણ સાથે સાથે અશકય પણ નથી. અને જો તમને ઉપરથી સહાય કરવામાં આવતી હોય તો તો ખાતરી રાખવી કે...ખરું જોતાં, એ એક વધુ સરળ પદ્ધતિ છે, સહાય જોઈતી હોય તો તેને સાદ કરી ઉપરથી બોલાવવી.

પરંતુ પરિસ્થિતિ ગમે તે પ્રકારની હોય - દરેક કેસમાં - એક વસ્તુ નિશ્ચિત છે. પ્રથમ શરત એ છે કે તમારે ભયભીત ન થતાં કેવળ શાંત સ્વસ્થતા ટકાવી રાખવી જોઈએ, પછી પેલી વસ્તુનો પ્રયોગ કેવળ પોતાના ઉપર જ આધાર રાખી પોતાના ઉપર જ કરવાનો હોય કે એ વસ્તુ બીજાને વિનંતી કરી તેની પાસે કરાવવાની હોય. જો તમે તમારા શરીરમાં ઊકળી ઊઠશો અને અસ્વસ્થ બની જશો. તો પછી થઈ રહ્યું, તમારાથી કંઈ થઈ શકશે નહિ.

દરેક વસ્તુ માટે—આધ્યાત્મિક જીવન જીવવું હોય કે માંદાઓને સાજા કરવા હોય - દરેક વસ્તુ માટે તમે તમારી સ્વસ્થતા જાળવી રાખો એ જરૂરનું છે.

૨ એપ્રલ, ૧૯૫૧

બાળક: આપે કહેલું છે કે:

'સૃષ્ટિમાં આંતર ચેતનાના રૂપાંતરનું જે કાર્ય ઉત્ક્રાન્તિ વાટે ધીમું અને સતત ચાલુ હોય છે તે યોગ સાધનાને પરિણામે વધારે ત્વરિત અને તીવ્ર બને છે એ ખરું; પણ બાહ્ય પ્રકૃતિના રૂપાંતરની ગતિ તો સામાન્ય માનવ જીવનમાં હોય છે તેટલી જ લગભગ રહે છે. પરિણામે, યોગસાધના કરનારના જીવનમાં આંતર અને બાહ્ય ચેતના વચ્ચેનો વિસંવાદ ઊલટો વધારે દેખાઈ આવે તેવો બને એ સંભવિત છે, સિવાય કે તેને અટકાવવાને માટે સાવચેતી રાખવામાં આવી હોય.....

('માતાજીની વાણી' : વાર્તાલાપ – ૧૧)

આ સાવચેતી કયા પ્રકારની હોઈ શકે ?

શ્રી માતાજી: એનો આધાર વ્યકિત ઉપર રહે છે. દરેક પ્રસંગે એ જુદા પ્રકારની હોઈ શકે છે. વ્યકિતગત સાવચેતીના પ્રકાર, વ્યકિતમાંનાં પ્રતિકાર્યો, મુશ્કેલીઓ, અવરોધો વગેરે પ્રમાણે જુદા જુદા હોઈ શકે છે. દરેક વ્યકિતએ એક કાર્યક્રમ ઘડીને તે પ્રમાણે કામ કરવાનું હોય છે અને તે વસ્તુ એ વ્યકિતને માટે જ સુયોગ્ય હોય છે. આ બાબતમાં કોઈ સર્વ સામાન્ય નિયમ હોતો નથી. આવી વસ્તુઓ કંઈ મિઠાઈની માફક વહેંચવાની હોતી નથી. જો કોઈ વ્યકિત આવીને મને પૂછે કે 'મારે શું કરવાનું છે.' તો ભલે, એનો કોઈ જવાબ હોઈ શકે.

બાળક : અકસ્માતો બનવાનાં શાં કારણો હોય છે ? એનું કારણ કોઈ પ્રકારની અસમતુલા હોઈ શકે ?

શ્રી માતાજી : એનો જવાબ ઊંડાણમાંથી આપવો હોય તો ...બાહ્ય દૃષ્ટિએ જોતાં એનાં અનેક કારણો હોય એમ જણાય છે. પરંતુ ઊંડાણમાંથી જોતાં એ સર્વમાં એક જ મૂળભૂત કારણ રહેલું હોય છે. મેં તે દિવસે કહ્યું હતું કે સ્વરૂપની આસપાસ આવી રહેલું નાડી તંત્રનું બનેલું બાહ્ય આવરણ જો અકબંધ હોય છે તો અકસ્માતો બનતા નિવારી શકાય છે. અને અકસ્માતની ઘટના કદાચ બને તો પણ તેની કોઈ અસર થઈ શકતી નથી. જ્યારે જ્યારે વ્યકિતના આ નાડીતંત્રના આવરણમાં તિરાડ પડે છે કે કોઈ ક્ષતિ ઉત્પન્ન થાય છે ત્યારે એ તિરાડ જે પ્રકારની હોય અથવા તો આપણે એમ કહેવું હોય તો એમ કહી શકીએ કે એ જે સ્થળે પડેલી હોય છે, એ જે પ્રકારની હોય, એના પ્રમાણમાં નાડીતંત્રમાં આવરણની અવરોધ શકિત ઓછી થાય છે અને અકસ્માતનો પ્રકાર પણ તેને અનુરૂપ જ હોય છે. હું માનું છું કે લગભગ બધા લોકો માનસિક રીતે એ વસ્તુ પ્રત્યે સભાન હોય છે જ કે જ્યારે જ્યારે અકસ્માતો બને છે ત્યારે કાં તો વ્યકિતને એક પ્રકારની અસુખની લાગણી અનુભવાઈ રહી હોય છે, ત્યારે વ્યકિત પૂર્ણપણે સભાન અને સ્વસ્થ હોતી નથી, ત્યારે તેને અસ્વસ્થતાનો અનુભવ થઈ રહ્યો હોય છે. ગમે તે પ્રસંગ હોય, પરંતુ સામાન્ય રીતે લોકોને એમ લાગતું હોય છે કે જાણે પોતે પોતાની જાતમાં નથી, પોતે શું કરી રહ્યા છે તેનો તેમને પૂરો ખ્યાલ હોતો નથી. જો તમે પૂર્ણપણે સભાન હો, તમારી ચેતના પૂરેપૂરી જાગૃત હોય તો અકસ્માતની ઘટના બનવી સંભવિત થઈ શકતી નથી. એવા પ્રસંગે તમે અમુક યોગ્ય પ્રકારનું વલણ અખત્યાર કરો છો, અમુક જરૂરી ક્રિયા કરો છો જેને લઈને અકસ્માતની ઘટના બનતી અટકી જાય છે. એટલે એ વસ્તુ લગભગ ચોક્કસપણે કહી શકાય કે અકસ્માત બનવામાં મૂળ કારણ તમારી ચેતનાનો દોર ઢીલો પડયો હોય છે તે હોય છે. અથવા તો એમ પણ બન્યું હોય કે ચેતના કોઈ ઉપરની ભૂમિકામાં સ્થિર થયેલી હોય; દાખલા તરીકે, આધ્યાત્મિક વસ્તુઓની વાત ન કરીએ, તો કોઈ વ્યકિત કોઈ માનસિક પ્રશ્નના ઊકેલમાં મગ્ન થઈ ગઈ હોય, અને પોતાના એ મનોમય પ્રશ્ન ઉપર ખૂબ એકાગ્ર થઈ ગયેલી હોય, એવી વ્યકિત ભૌતિક વસ્તુઓ પ્રત્યે બેધ્યાન બની જાય છે, અને આવા સંજોગોમાં એ જો કોઈ રસ્તામાં કે ટોળામાં જતી હોય અને એનું ધ્યાન એના પ્રશ્નમાં ગુંથાયેલું હોય તો, એ વ્યકિત અકસ્માત નિવારી શકે તેવી ક્રિયા નહિ કરે, અને એને અકસ્માત નડશે. રમત-ગમતની બાબતોમાં પણ આમ જ થતું હોય છે; આ વસ્તુ સહેલાઈથી તમારા ધ્યાનમાં આવી શકે તેવી છે, જ્યારે જ્યારે અકસ્માતની ઘટના બને છે ત્યારે ચેતનાનો દોર ઢીલો પડેલો હોય છે, અથવા પૂરતું ધ્યાન આપવામાં

આવેલું હોતું નથી, કંઈક અંશે બેધ્યાનપણું હોય છે; અચાનક તમે કોઈ બીજી વસ્તુ વિષે વિચારવા લાગ્યા હો છો, તમારું ધ્યાન કંઈ બીજે દોરવાઈ ગયું હોય છે-તમે શું કરી રહ્યા છો તે વિષે તમે પૂરતા પ્રમાણમાં સભાન હોતા નથી અને આવું હોય છે ત્યારે અકસ્માતની ઘટના બને છે.

મેં તમને શરૂઆતમાં જ કહ્યું તેમ, જ્યારે આ કે તે કારણને લઈને, દાખલા તરીકે, તમને પૂરતી ઉંઘ ન મળી હોય, પૂરતો આરામ ન મળ્યો હોય અથવા તમે કોઈ વસ્તુમાં ઊંડા ધ્યાનમગ્ન થઈ ગયા હો, આવી બધી વસ્તુઓ કે જેને લઈને તમે થાકી જાઓ છો, એટલે કે, જ્યારે તમે એ બધાથી પર ગયેલા નથી હોતા—જ્યારે પ્રાણમય આવરણને કંઈક નુકસાન પહોંચેલું હોય છે, જ્યારે એનું કામ એ સંપૂર્ણ રીતે કરતું નથી હોતું ત્યારે કોઈ પણ પ્રકારનો શકિતપ્રવાહ જો એની આરપાર થઈને પસાર થાય તો એટલી ઘટના માત્રથી અકસ્માત બનવાની ઘટના બને છે. એકંદરે પૃથ્થક્કરણ કરીને જોઈએ તો અકસ્માતો આમાંથી બને છે, એને તમારે કહેવું હોય તો બેધ્યાનપણું અથવા ચેતનાનો દોર ઢીલો મૂકવાપણું કહી શકો. કેટલાક દિવસો એવા હોય છે જ્યારે તમને જરા...ખાસ અસ્વસ્થતા જેવું તો નહિ, પણ એમ લાગતું હોય છે કે જાણે કે તમે કોઈક વસ્તુને પકડવાનો પ્રયત્ન કરી રહ્યા છો પણ એ હાથ આવતી નથી, તમે તમારી જાતને પૂર્ણપણે પોતાની જાત તરીકે ધારણ કરી રાખી શકતા નથી, જાણે તમારી ચેતના અર્ધ સઘનતાવાળી હોય છે, એવે વખતે અકસ્માતો બને છે. આવે વખતે તમારે સાવધાન રહેવું જોઈએ. કુદરતી રીતે, આમ કહેવામાં મારો આશય એ નથી કે આવા દિવસોમાં તમારે તમારા રૂમમાં જ પુરાઈ રહેવું અને એવું લાગતું હોય તો ઘરની બહાર પગ જ ન મૂકવો ! હું એમ નથી કહેવા માગતી. ઊલટું, મારો કહેવાનો આશય એ છે કે તમારે એવા પ્રસંગે વધારે પ્રમાણમાં સાવચેત રહેવું જોઈએ, તમારે તમારા રક્ષણ માટે તૈયારીની સ્થિતિમાં રહેવું જોઈએ. અને ખાસ કરીને આ બેધ્યાનપણું, ચેતનાનો દોર ઢીલો પડવાપણું તમારી અંદર ન આવી જાય તેની કાળજી રાખવી જોઈએ.

બાળક : કેટલાક અકસ્માતો લગભગ અનિવાર્ય હોય એવું નથી હોતું ? મેં હમણાં જ એક અમેરિકન ભવિષ્યવેત્તાએ કહેલો કિસ્સો વાંચેલો. એક નાનું બાળક રેલ્વેના પાટાઓ ઉપર રમતું હતું અને એનું જીવન ભયમાં હતું. આ ઘટના જોનાર સાક્ષીએ અચાનક એક અપાર્થિવ ઓળો એ બાળકની પાસે જોયો અને તે જોઈને એણે નિરાંતનો શ્વાસ લીધો, એમ વિચારીને કે, 'એ બાળક બચી જશે.' પરંતુ એ જોનારને માટે આશ્ચર્ય લાગે તેવી વાત તો એ બની કે એ ઓળાએ એ બાળકની આંખો પોતાના હાથ વડે ઢાંકી દઈને ગમે તે રીતે એને ટ્રેનની નીચે નાખી દીધું. આ જોનાર વ્યકિતને એ

જોઈને ખૂબ દુ:ખ થયું કે જે સત્ત્વને તેણે કોઈ ઉચ્ચ ચેતના ધરાવતું માન્યું હતું તે આમ એ બાળકને કેવી રીતે એના મોતના મોંમા ધકેલી દઈ શકે.

શ્રી માતાજી : ચોક્કસ આ વાત સાચી હોઈ શકે છે, પણ જે વસ્તુ આપણે જોયેલી ન હોય એ ઘટના અંગે ખુલાસો આપણે ન આપી શકીએ.

એમાં એક બીજાથી તદ્દન અલગ અલગ એવી બે વસ્તુઓ સંડોવાયેલી હોઈ શકે છે. કદાચ ખરેખર, એ વસ્તુ એ બાળકના ભાવિમાં નિર્માણ થયેલી હોય, એ અર્થમાં કે એના ચૈત્ય પુરુષના હેતુની સિદ્ધિ અર્થે એની જિંદગીનો અંત આવવો જરૂરી હોય, અથવા એવા જ કોઈ અન્ય કારણે એની એ પ્રકારનું મૃત્યુ પૂર્વ નિર્મિત હોય, કારણ કે એમ હોવું સંભવિત છે. અથવા એ કોઈ વિરોધી શકિતનું કાર્ય પણ હોઈ શકે, જેને એ વ્યકિતએ પ્રકાશના દેવદૂત જેવી માની લીધી હોય, કારણ કે લોકો ઘણી વાર એવા પ્રકારની ભૂલ કરે છે - જ્યારે જ્યારે તેઓ કોઈ અપાર્થિવ ઓળો કે છાયા જુએ છે ત્યારે તે વસ્તુ સ્વર્ગીય છે એમ જ માની લે છે. તમારે માનવું હોય તો એને સ્વર્ગીય વસ્તુ માની લઈ શકો છો, પણ પછી એ કયા સ્વર્ગમાંથી આવે છે એના ઉપર બધો આધાર રહે છે !

એ એક વિચિત્ર વસ્તુ છે, કારણ કે... હા, સભાનાવસ્થાની એ ક્ષણ જેમાં ચેતનાનો દોર ઢીલો પડે છે તે ઘટના અહીં કોઈ આંખો ઉપર હાથ ઢાંકી દેવાની ક્રિયામાં રૂપાંતરિત થઈ શકે છે.

આ બધાં પરેશાન કરનારાં નાનાં સત્ત્વો જે માણસોમાં અને ભૌતિક વાતાવરણમાં આવી રહેલાં હોય છે તેમની એક સામાન્ય પ્રવૃત્તિ બીજાને ભોગે પોતે મજા માણવાની રહે છે, એ સત્ત્વો તમને એટલે બધે અંશે દૃષ્ટિહીન કરી મૂકી શકે છે કે વસ્તુ તમારી આંખો સામે તાકીને પડી હોય અને છતાં તમે એને જુઓ જ નહિ ! ! આવું ઘણી વખત બને છે. તમે નકામા ખોળાખોળ કર્યા કરો છો, તમે બધી વસ્તુઓને તળે ઉપર કરી મૂકો છો, તમે જ્યાં તે હોઈ શકે તે બધા જ ખૂણેખાંચરે જોઈ વળો છો, પણ તમને કાંઈ જડતું નથી. ત્યારે પછી તમે તે પ્રશ્ન બાજુએ મૂકી દો છો અને થોડા સમય પછી (બરાબર) એ વખતે જ્યારે 'તમારી આંખો ઉપરથી હાથ' લઈ લેવામાં આવે છે, ત્યારે તે અગાઉના જ સ્થળે પાછા આવો છો અને તમારી જોઈતી વસ્તુ શાંતિથી હાલ્યાચાલ્યા વિના તમે જે જે સ્થળે તપાસ કરી ગયેલા ત્યાં જ પડી હોય છે ! આમાં તમે જ અભાન અવસ્થામાં હતા, તમે જ જોયેલું નહિ. આ બધાં નાનાં નાનાં સત્ત્વો આ રીતે ઘણી ઘણી વાર મજા ઉડાવે છે. ઘણી વાર એ સત્ત્વોને વસ્તુઓ ઉઠાવી

લેવામાં અને પાછળથી પાછી મૂકી દેવામાં ખૂબ ગમ્મત પડે છે, પણ કેટલીક વાર એ વસ્તુઓ પાછી મૂકતાં ન હોય એમ પણ બને છે ! એ વસ્તુઓને બીજે ઠેકાણે ખસેડી મૂકે છે, અને એમને આવી બધી નાની નાની ઘણી રમતો આવડતી હોય છે. ખરેખર એ લોકો અસહ્ય હોય છે. મૅડમ બ્લેવેટસ્કી તેમનો ઘણો ઉપયોગ કરતાં, જો કે મને ખબર નથી કે એ લોકોને એ કયી રીતે એટલાં બધાં મળતાવડાં બનાવતાં હતાં, કારણ કે ઘણા ભાગે એ સત્ત્વો તદ્દન અણગમો ઉપજાવે તેવાં હોય છે.

મારી પાસે એક ખાસ કિસ્સો છે — આમ તો મારી જાણમાં અસંખ્ય દાખલાઓ છે — પણ આ દાખલામાં બે ધ્યાન ખેંચે તેવી, એક-બીજાથી તદ્દન વિરુદ્ધ વસ્તુઓનો દાખલો છે, ફક્ત એમાં સંડોવાયેલાં સત્ત્વો એકનાં એક ન હતાં...કેટલાંક એવા નાનાં પરીઓ જેવાં સત્ત્વો હોય છે જે ઘણાં મીઠડાં, ઘણાં પરોપકારી હોય છે, પણ હમેશાં એવાં સત્ત્વો હાજર હોતાં નથી, એ લોકો અવારનવાર આવે છે, જ્યારે તેમની મરજી થાય ત્યારે. શ્રી અરવિંદને માટે હું રસોઈ બનાવતી હતી તે સમયની મને યાદ છે, હું એ વખતે એકી સાથે ઘણાં કામ કરતી રહેતી હતી, એટલે એવું ઘણીવાર બનતું કે હું દૂધ ગરમ કરવા મૂકીને બીજા કોઈ કામે જતી અથવા એમની પાસે કોઈ વસ્તુ જોવા જતી કે પછી કોઈની સાથે કોઈ મુદ્દો ચર્ચવા જતી, અને ખરેખર કેટલો સમય વીત્યો એનો મને ખ્યાલ રહેતો નહિ, અને દેવતા ઉપર મૂકેલા દૂધને વિષે હું ભૂલી જતી. અને જ્યારે જ્યારે ગરમ કરવા મૂકેલા દૂધને વિષે હું ભૂલી જતી ત્યારે (એ દિવસોમાં હું સાડી પહેરતી હતી) અચાનક કોઈ નાનો સરખો હાથ મારી સાડીનો પાલવ પકડીને ખેંચતો હોય એમ મને લાગતું, આમ. અને પછી તરત હું જ ઝડપથી દોડી જઈને જોતી તો મને દૂધ ઉભરાઈ જવાની અણી ઉપર હોય એમ દેખાતું. આવું એકાદ વખત નહિ, અનેક વખત બનેલું, દરેક વખતે જાણે કોઈ નાના બાળકનો હાથ સાડીને પકડીને ખેંચતો હોય એમ લાગતું.

બીજો કિસ્સો એ દિવસનો છે જ્યારે શ્રી અરવિંદને તેમના ઓરડામાં એક છેડેથી બીજે છેડે ફરવાની ટેવ હતી. શ્રી અરવિંદ એ રીતે કલાકો સુધી ચાલતા રહેતા, એમની ધ્યાન કરવાની એ રીત હતી. ફક્ત એમને સમય જાણવાની જરૂર પડતી એ કારણસર દરેક ઓરડામાં એક એક ઘડિયાળ મૂકવામાં આવેલું, જેથી એ કોઈ પણ ક્ષણે કેટલા વાગ્યા છે તે જાણી શકે. એવાં ત્રણ ઘડિયાળ ગોઠવેલાં હતાં. એમાંનું એક ઘડિયાળ જે ઓરડામાં હું કામ કરતી હતી તેમાં હતું, એક રીતે કહીએ તો એ એમનું ચાલવાની શરૂઆત કરવાનું સ્થળ હતું. એક દિવસ એમણે આવીને પૂછયું 'કેટલા વાગ્યા છે ?' એમણે નજર નાખીને જોયું તો ઘડિયાળ બંધ પડી ગયેલું હતું. એ બીજા ઓરડામાં જતાં

જતાં કહેતા ગયા કે, 'હું ત્યાં જઈ સમય જોઈ લઈશ' — ત્યાં પણ ઘડિયાળ બંધ હતું અને પહેલું ઘડિયાળ જે મિનિટ ઉપર બંધ થયેલું હતું તેજ સમયે તે બંધ થયેલું હતું, સમજ્યાને, ફક્ત થોડીક સેકન્ડોનો ફેર હતો. અને એ ત્રીજા રૂમમાં ગયા...ત્યાં પણ ઘડિયાળ બંધ હતું. એ રીતે ત્રણ વખત ચાલતા ગયા — અને બધાં ઘડિયાળ બંધ પડી ગયાં હતાં ! પછી એ મારા રૂમમાં પાછા આવ્યા અને કહે, 'પણ આતો અશક્ય ઘટના છે ! આવી મશ્કરી સારી નહિ.' અને પછી પેલાં ઘડિયાળો એક પછી એક ચાલુ થઈ ગયાં. મેં મારી જાતે આ જોયેલું, સમજ્યાને, એ એક રમુજી કિસ્સો હતો. તેઓ ગુસ્સે થઈને બોલ્યા કે, 'આવી મશ્કરી સારી નહિ.' અને બધાં ઘડિયાળ પાછાં ચાલુ થઈ ગયાં !

બાળક : એમ કહેવાય છે કે ભૌતિક જગત તેની અચેતનાને કારણે ભગવાનને ભૂલી ગયું છે. આ ભૂલવાની ક્રિયા પહેલેથી જ બની હશે ?

શ્રી માતાજી : એ આનુષંગિક છે. આપણે એમ ન કહી શકીએ કે ભૌતિક જગત એ તમોગ્રસ્તતા અને અજ્ઞાનનું પરિણામ છે, અને આપણે એમ પણ ન કહી શકીએ કે જગતની ભૌતિકતાને કારણે જ તમોગ્રસ્તતા અને અજ્ઞાનનું અસ્તિત્વ છે; બંને આનુષંગિક છે એટલે કે બંનેનું કારણ એક જ છે. આપણે જેને ભૌતિક જગત કહીએ છીએ તે, અને તમોગ્રસ્તતા અને અજ્ઞાન એક જ સમયે અસ્તિત્વમાં આવેલાં છે, તેઓ એક-બીજા સાથે ઘનિષ્ઠપણે બંધાયેલા છે, પરંતુ તેઓ વચ્ચે સમયાનુક્રમથી ગોઠવાયેલો હોય તેવો કાર્ય અને કારણનો સંબંધ નથી. એ વસ્તુ આનુષંગિક છે, બંને વસ્તુઓ એક ત્રીજા જ કારણના કાર્ય અથવા પરિણામરૂપ છે; જે વસ્તુએ તમોગ્રસ્તતા અને અજ્ઞાનની ઉત્પત્તિ કરી છે તે જ વસ્તુએ તેના એ જ સપાટામાં એને એ જ સમયે આપણે જેને ભૌતિક જગત તરીકે ઓળખીએ છીએ તેને અસ્તિત્વમાં આણ્યું છે.

૫ એપ્રિલ, ૧૯૫૧

શ્રી માતાજી વાંચન કરે છે:

'આ જગતમાં જે કાંઈ બને છે તે સર્વનું નિરીક્ષણ અતિમનસ કરી રહ્યું છે: મનની ક્રિયાઓમાં, પ્રાણની પ્રવૃત્તિઓમાં તથા સ્થૂળ પદાર્થોની ગતિમાં પણ, કહો કે સમસ્ત વિશ્વની લીલામાં, અતિમનસ ઘણો ઊંડો રસ લે છે, પણ તે જુદી રીતે. પૂતળાંના ખેલ કરનારનો રસ અને એ ખેલને જોનારનો રસ એ બે વચ્ચે રહેલા ભેદ જેવો એ ભેદ છે. પૂતળાંના સૂત્રધારે પોતાનાં હાથમાં દોરી રાખેલી હોય છે. પૂતળાએ શું કરવાનું છે, તેમને કોની ઇચ્છા-શકિત પ્રેરી રહી છે. એ ઇચ્છાશકિતની પ્રેરણા પ્રમાણે જ તેમણે હલનચલન કરવાનું છે, એ બધું તે જાણતો હોય છે. જ્યારે પ્રેક્ષક તો તેની સામે પ્રત્યેક ક્ષણે શું બનતું હોય છે તેટલું જ જાણે છે, એને બીજી કાંઈ ખબર હોતી નથી. નાટકના ભેદથી અજ્ઞાત રહીને બહાર રહ્યાં રહ્યાં જોઈ રહેલા પ્રેક્ષકને નાટકની ઘટનાઓમાં એક પ્રકારે વધારે આતુરતા રહે છે. એનો રસ વધારે તીવ્ર હોય છે. નાટકમાં બનતા અણધાર્યા બનાવોને, ઓચિંતી ઘટનાઓને તે રસપૂર્વક જુએ છે. પરંતુ પૂતળાંની દોરી હાથમાં રાખી તેમને ચલાવી રહેલો સૂત્રધાર એ પ્રમાણે ઉત્તેજિત નથી બનતો. એ શાંત જ હોય છે. રસની અમુક પ્રકારની આતુરતા અજ્ઞાનને લીધે જ જન્મે છે, એમા ભ્રાંતિનું તત્ત્વ ભળેલું હોય છે. જ્યારે તમે અજ્ઞાનમાંથી નીકળી જાઓ ત્યારે એ આતુરતા પણ

ચાલી જાય છે. માણસોને જગતમાં જે રસ છે તેના મૂળમાં આ ભ્રમ રહેલો છે. જો ભ્રમનું નીરસન કરવામાં આવે તો એમને એ રમતમાં જરા પણ રસ ન રહે; તેમને એ શુષ્ક અને રસહીન લાગે. આ કારણે જ આ બધું અજ્ઞાન અને ભ્રમ અત્યાર સુધી ટકી રહ્યાં છે; એનું કારણ એ છે કે માણસોને એ ગમે છે, કારણ કે તેઓ એને અને એનામાં રહેલ એક ચિરસ્થાયી આકર્ષણ રહેલું છે તેને એ વળગી રહ્યા હોય છે.'

('માતાજીની વાણી' : વાર્તાલાપ-૧૨)

બાળક : કોઇ વસ્તુમાં રસ પડવામાં ભ્રમ કઈ રીતે કારણભૂત હોઈ શકે?

શ્રી માતાજી : એટલે તમે એમ માનો છો કે તમે સર્વવ્યાપી ભ્રમમાં આવી રહેલા નથી? તમારી કલ્પના એવી છે કે તમે ભ્રમથી પર છો ? જગત અત્યારે જેવું છે તેમાં સર્વ કાંઈ મિથ્યા છે. કદાચ એ એક ફાયદાકારક વસ્તુ હશે, પણ તમે જે કાંઈ જુઓ છો તે તો વસ્તુની સપાટી માત્ર હોય છે, બહુ બહુ તો એક નાનો સરખો અંશમાત્ર. તમે વસ્તુઓની ગહરાઈઓને જોઈ શકતા નથી, તમે વસ્તુઓના નાભિકેન્દ્રને જોઈ શકતા નથી, તમે વસ્તુઓનાં ઉપાદાન કારણોને જોઈ શકતા નથી. કાલે શું થવાનું છે તેની તમને ખબર છે ?...તમે કાંઈક અંશે અંદાજ બાંધી શકો, તમારી જાતને એમ કહી શકો કે આવતી કાલ આજ જેવી જ હશે, પણ એમાં ખરેખર તમે કંઈ જાણતા હોતા નથી. આવતી કાલે શું થવાનું છે તેની તમને ખબર નથી હોતી, એથી પણ ઓછી ખબર એક માસ પછી શું થશે તે બાબતમાં હોય છે, અને એક વર્ષ પછીની બાબતમાં તો એથી પણ ઓછી જાણ હોય છે. અને તમને ખબર છે કે તમારા જન્મ પહેલાં તમે ક્યાં હતા ? અને તમને ખબર છે કે તમારા મરણ પછી તમારું શું થવાનું છે ?...તમે જે વસ્તુ કરી રહ્યા હો છો તેમાં તમે રસ લેતા હો છો. એનું કારણ એ છે કે ભાવિમાં શું બનવાનું છે તેનું તમને જ્ઞાન હોતું નથી. જે વસ્તુ બનવાની છે તેની તમને પૂરેપૂરી ખબર હોય તો મને ખાતરી છે કે હજારમાંથી નવસો નવાણુ માણસો શાંતિથી એ વસ્તુ બને તેની રાહ જોઈને બેસી જ રહેશે. જે વસ્તુ બનવાની છે તે તમે ચોક્કસપણે જાણશો તો તમારો બધો ઉત્સાહ વરાળ થઈ ઊડી જશે અને ઘણા ખરા પ્રસંગે તમે એમ કહેશો, 'એ સ્થિતિએ પહોંચવા માટે મારે આ બધું કરવાનું છે? ના, ભાઈ ના.'

બાળક : તો ભ્રાંતિ જરૂરી છે ?

શ્રી માતાજી : હું એમ નથી કહેતી કે એ જરૂરી છે જ, પરંતુ એ એક હકીકત છે, અને એ બે વસ્તુઓ એક જ નથી. જે જરૂરી વસ્તુ છે તે વસ્તુઓનાં રૂપાંતરની છે.

જુઓ, અનેક જરૂરી વસ્તુઓમાં મુખ્ય વસ્તુ એ છે કે તમે પરિણામ શું આવવાનું છે તે પૂર્ણપણે જાણતા હો અને એ પરિણામ તમે જે રીતની આશા રાખતા હો તેથી વિપરીત પ્રકારનું હોય તો પણ તમે જે કોઈ વસ્તુ કરતા હો તે પૂરેપૂરા રસ સાથે, પૂરેપૂરી દૃઢતા સાથે અને પૂરેપૂરી તાકાત લડાવીને કરતા રહો. એમ કરવું સહેલું નથી અને છતાં એ અનિવાર્ય છે.

બાળક : એ અનિવાર્ય કઈ રીતે છે એ મને સમજાતું નથી.

શ્રી માતાજી : હું એ વસ્તુ અનિવાર્ય છે એમ કહું છું, કારણ કે એ સ્થિતિએ પહોંચવું અનિવાર્ય છે. જ્યારે વ્યકિતને ખબર હોય કે પરિણામ શું આવવાનું છે અને એ પરિણામ પોતાની આશાથી વિપરીત પ્રકારનું હોય અને છતાં એ કાર્ય કરે, કામ કર્યે જાય. આ પ્રકારની અનાસકત અવસ્થાની પ્રાપ્તિ અનિવાર્ય છે - ભ્રાંતિમાં પડયા રહેવાનું નહિ !

(કોઈએ એમ પ્રશ્ન કરેલો કે વ્યાધિ મટાડવા માટે વ્યકિતએ શું કરવું, પોતાની સંકલ્પ શકિતનો પ્રયોગ કરવો જોઈએ કે પછી એવી શ્રદ્ધાપૂર્વક જીવવું જોઈએ કે એ વસ્તુ કરવામાં આવશે અથવા ભગવાનની શકિત ઉપર પૂર્ણપણે શ્રદ્ધા રાખવી જોઈએ. ત્યારે શ્રી માતાજીએ જવાબ આપેલો : 'આ બધા એક જ પરિણામ લાવવાના જુદા જદા ઉપાયો છે...પરંતુ ચાહે તે વસ્તુ માટે તમે પ્રાર્થના કરો કે પુરુષાર્થ કરતાં કરતાં તમારી શકિતનો કે જ્ઞાનનો સારામાં સારી રીતે પ્રયોગ કરતાં કરતાં તમારામાં એ ભાન જાગ્રત રહેવું જોઈએ કે એ સઘળા પ્રયત્નનું પરિણામ કેવળ પ્રભુની કૃપા ઉપર જ અવલંબે છે.)

('માતાજીની વાણી' : વાર્તાલાપ-૧૨)

પરંતુ પ્રથમ તો તમારે એ વસ્તુ માટે સંકલ્પ કરવો જોઈએ, મને લાગે છે કે એ વસ્તુ ખૂબ અગત્યની છે ! આમાં કોઈ **એક જ** પદ્ધતિનો ઉપયોગ કરવો જોઈએ એમ પણ નથી...હું આ વાંચું છું અને સાથેસાથે મારી જાતને પ્રશ્ન પણ કરું છું કે આ બધું સાંભળીને કેટલા લોકોને સંતોષ થશે. લોકોને ભગવાનની કરુણા તેમની પ્રવૃત્તિઓની વચમાં આવે તે બિલકુલ જોઈતું નથી હોતું અને એટલા માટે જ જડવાદ અને ઈંદ્રિયજ્ઞાનના વાદોની રચના કરવામાં આવેલી છે. જો તેઓને સાજા કરવામાં આવે છે તો તેઓ એમ કહે છે કે, 'મેં મારી જાતને વ્યાધિમુકત કરી છે,' જો તેઓની પ્રગતિ થાય છે તો તેઓ એમ વિચારવા માગે છે કે, 'પ્રગતિ કરનાર તો હું છું.' જો તેઓ કોઈ વ્યવસ્થાની ગોઠવણી કરે છે તો તેઓ જાહેર કરવા માંગે છે કે, 'આ સંયોજન

કરનાર હું છું.' અને ઘણા, બીજા ઘણા લોકો જે એ રીતે વર્તવા નથી માગતા તેઓ જ્યારે પોતાના અંતરમાં દૃષ્ટિ નાખે છે ત્યારે જુએ છે કે કેટલી જૂજ વખત તેઓ સ્વભાવિકપણે ખરા અંતરમાંથી (એમ નહિ કે જ્યારે એ વ્યકિત એ પ્રમાણે કહે છે એ કહેવા ખાતર એમ કહે છે અથવા અમુક રીતે વિચારવું એવી ફેશન હોવાને કારણે એમ વિચારે છે. પણ સ્વાભાવિકપણે, ખરા અંતરમાંથી) તેમના સમગ્ર હૃદય વડે **જાણતા** હોય છે કે વસ્તુ કરનાર તેઓ પોતે નથી પણ ભગવાનની શકિત જ છે. જ્યારે તેઓએ કોઈ પ્રગતિ કરી હોય છે, જ્યારે તેઓની પોતાની જાતમાં કોઈ વસ્તુનું પરિવર્તન કર્યું હોય છે, જ્યારે તેઓએ કોઈ વસ્તુનું જ્ઞાન મેળવ્યું હોય છે ત્યારે તદ્દન સ્વાભાવિકપણે, સંકલ્પશકિતનો બિલકુલ પ્રયોગ કર્યા વિના, વગર વિચાર્યે, પોતાની જાતને એમ કહેવાની જરૂર વિના કે 'મારે આ પ્રયોગ કરવો જોઈએ.' તેઓને સ્વાભાવિક રીતનું **જ્ઞાન હોય છે** કે ભગવાનની શકિત વિના તેમનાથી કાંઈ પણ સિદ્ધ ન થઈ શકયું હોત. તમારી ભીતરમાં જુઓ, અને એ બહુ રસપ્રદ વસ્તુ છે, ખૂબ મજા પડે તેવી વસ્તુ છે, (તમે તમારી જાતને કહ્યા વિના પણ) તમે દિવસમાં કેટલીયે વાર એમ વિચારતા હશો, '**મેં** આ વસ્તુ કરી', 'પેલી વસ્તુ **મારા** વડે જ શકય બની.' 'પેલું કરવામાં **મને** સફળતા મળી.' 'પેલી બાબતમાં હું નિષ્ફળ ગયો,' અને જ્યારે તમે સારા પ્રમાણમાં પ્રયત્ન કર્યો હોય અને કોઈ પરિણામ સિદ્ધ કર્યું હોય છે ત્યારે પણ તમે સાચી રીતે તમારી જાતને કહી શકો છો: 'જો ભગવાનની શકિતએ મને મદદ ન કરી હોત તો કદાચ હું એ વસ્તુ ન કરી શકયો હોત.' એવું કથન કરવું તમારે માટે શકય બને તે માટે તમારે ઠીક ઠીક પ્રમાણમાં સમય લઈ ચિંતન કરવું પડે છે. સ્વાભાવિક રીતે તો વસ્તુ આમ થાય છે, 'આહા! **મેં** સફળતા મેળવી' ખરું ને? એ સાચું છે કે આપણા મનનો એક ભાગ એવો હોય છે જે સંસ્કારી હોય છે, જેણે જ્ઞાન મેળવ્યું હોય છે, જેણે ચિંતન કર્યું હોય છે, સમજશકિત મેળવી હોય છે, જેનામાં યોગ્ય રીતનું વલણ હોય છે અને એને સાચેસાચ એમ લાગતું હોય છે કે સત્ય વસ્તુ આમ છે, પરંતુ મનનો એ એક ભાગ જ એવો હોય છે અને એ હંમેશાં સક્રિય હોતો નથી. એટલે કેટલીક વાર એને યાદ કરીને બોલાવવો પડે છે અને એની સલાહ માગવી પડે છે કે, 'મારે સારામાં સારું વલણ કયા પ્રકારનું રાખવું જોઈએ?' 'મારે શું વિચારવું જોઈએ?' હું માનું છું કે જે કોઈ લોકો યોગ કરે છે તેઓ જો અંતરની સચ્ચાઈવાળા હોય છે અને ઘડીભર વિચારી જુએ છે તો પોતાને કહે છે, 'હું એ વસ્તુ વિષે સભાન ન હતો એટલું જ, બાકી જો મને સફળતા મળી હોત તો એનું કારણ કદાચ એ જ કે ભગવાનની શકિતએ મને મદદ કરેલી, નહિ તો મારી સફળ થવાની શકયતા ન હતી.' આ તો જાણે બરાબર. પણ એવી ઘડી પણ આવે છે જ્યારે પોતાને ખબર પડે છે કે ભગવાનની એ શકિતઓની

હાજરી ન હોત તો પોતે આંગળી સરખી પણ ઉંચી કરી શકયો નહોત. એ તો જાણે પાછળથી આવે છે...પણ શરૂઆતની વાત લઈએ તો પણ, આપણે જો જરાક વિચાર કરીએ, ફકત પોતાની જાતનું થોડુંક જ નિરીક્ષણ કરીએ, તો આપણે પોતાની જાતને એમ કહેતી પકડી પાડી શકીએ કે, 'એ તો **હું** !' અને પછી, કેટલીક વાર આપણે જોઈએ છીએ કે આપણે પોતે પોતાની જાતનાં જો વખાણ કરીએ છીએ, કહીએ છીએ, 'આખરે હું પણ કંઈ કરી જાણું છું, **હું** કંઈ જાઉં એવો નથી !' આથી જરા આગળ જઈને કહું તો : એવા કેટલા માણસો નીકળશે જેમની પાસેથી જો '**મેં** આ વસ્તુ કરી, પેલી વસ્તુ **મેં** સિદ્ધ કરી છે, **મેં** પ્રગતિ કરી છે, આ રમતમાં હું કેવી સરસ રીતે રમ્યો ?' એવું બધું કહેવાની મજા જ લઈ લેવામાં આવે તો તેઓ કાંઈ પણ કરી શકે ? એવા કેટલા માણસો નીકળશે જેઓ તેમની પાસેથી આ આનંદ લઈ લેવામાં આવે તો કોઈ પણ વસ્તુ અંતરની સચ્ચાઈ સાથે કરી શકે ? હું એવા ઘણા માણસોને ઓળખું છું જેમનું મન, તેમના સ્વરૂપના બીજા ભાગો કરતાં ઘણા વધુ પ્રમાણમાં વિકાસ પામેલું હતું, એ લોકો વસ્તુઓને બરાબર સમજી શકતા હતા (કદાચ વધુ પડતા સારી રીતે): એ લોકો જ્યારે ધ્યાન કરવા બેસતા ત્યારે તેમની સર્વ શકિત વરાળ થઈને એક પ્રકારની શાંતિના રૂપમાં ઊડી જતી, એ શાંતિ કોઈ રીતે અસુખકર હોય છે એમ તો નથી પરંતુ એ તદ્દન નીરવતાવાળી હોય છે. પછી તમારે આગળ કંઈ કરવાનું રહેતું નથી, કોઈ જાતનું હલનચલન કરવાનું નથી હોતું, કેવળ સ્વપ્ન સેવવાનું ...એક વૃક્ષની નીચે, અદબ વાળીને બેસી રહેવાનું, અને પોતાને માટે જે કાંઈ જરૂરી હોય તે કરવા ભગવાન ઉપર છોડી દેવાનું. અને એમાં જો તમારે ભોજનની જરૂર પડે તેમ હોય તો તેનો પણ સમાવેશ થાય છે. આ કદાચ બરાબર હશે, પણ આ વસ્તુ બતાવી આપે છે કે વ્યકિતનું કરણ તૈયાર નથી: એ ભગવાનની સેવા માટે સમર્પિત થયેલું નથી, એ તો પોતાના અહંની સેવાને અર્પિત થયેલું છે અને જ્યારે એ અહંકારને લઈ લેવામાં આવે છે ત્યારે એ કાંઈ પણ કરી શકતું નથી. એટલે જ્યાં લગી તમે અહંકાર સાથે જીવન જીવતા હો છો ત્યાં સુધી અને જ્યાં સુધી તમારું પૂર્ણપણે રૂપાંતર ન થઈ જાય અથવા કંઈ નહિ તો, સત્ય ચેતનાની તમારામાં સ્થપના ન થાય, ત્યાં લગી કાર્ય કરવાની પ્રેરણા પૂરી પાડવા માટે અને કર્મની ધારા ચાલુ રહે તે માટે આ ભ્રાંતિ એક જરૂરની વસ્તુ બની રહે છે.

આ વસ્તુ મેં કહેલી છે અને ફરીથી કહું છું :

(શ્રી માતાજી તેમનું પુસ્તક હાથમાં લે છે) :

'પરંતુ તમે ગમે તે કરો, ગમે તે ઉપાય કે ગમે તે રીત અજમાવો,

અને તેનો પ્રયોગ કરવામાં ભલે તમે ઘણી હોશિયારી અને શકિત મેળવી હોય છતાં છેવટનું પરિણામ તો તમારે ભગવાનના હાથમાં જ સોંપવું જોઈએ. પ્રયત્ન તો તમે હમેશાં કરી શકો છો. પરંતુ તમારા પ્રયત્નનું ફળ આપવું કે ન આપવું એ તો ભગવાનના હાથમાં છે, તમારી પોતાની શકિત પ્રયત્ન આગળ જ અટકી જાય છે. જો પરિણામ આવે છે તો તે પ્રભુની શકિત લાવી આપે છે, નહિ કે તમારી શકિત.'

('માતાજીની વાણી' : વાર્તાલાપ - ૧૨)

ત્યારે, આ વસ્તુ, જે લગભગ તમામ ધર્મોમાં શીખવવામાં આવે છે એને કારણે જ માણસો નાસ્તિક બને છે, એમને એટલો બધો ગુસ્સો ચઢે છે—એક બંડખોરનો હોય તેવો ગુસ્સો: 'હું હું નહિ !'

અને આ 'હું' એ કેટલો બધો મોટો છે એની તમને ખબર નહિ હોય! આખી જગ્યા રોકીને બેઠો છે...તમામ પ્રકારના જડવાદના પાયામાં એ જ રહેલો છે.

બાળક: શાંત ધ્યાન કરવાનું હોય ત્યારે વ્યકિતએ પોતાની જાતને પૂર્ણપણે ખાલી ન કરી નાખવી જોઈએ ? તો પછી એમાં કોણ ધ્યાન કરે છે એના ઉપર કઈ રીતે આધાર રહે છે ?

શ્રી માતાજી: મને લાગે છે કે અહીં મનની નિ:સ્પંદતા અને સારાયે સ્વરૂપનું ખાલીપણું એ બે જુદી જુદી વસ્તુઓ વચ્ચે ગોટાળો કરવામાં આવે છે. વળી, મને એ પણ સમજાતું નથી કે વ્યકિત પોતાની જાતને પૂર્ણપણે ખાલી કઈ રીતે કરી શકે—એમ થાય તો તે વ્યકિતનું અસ્તિત્વ જ ન રહે!

(શ્રી માતાજી તેમનું વાંચન ચાલુ રાખે છે:)

'ધ્યાનમાં પોતાની જાતને નિ:સ્પંદ, યા તો શૂન્યવત્ કરવાથી એક આંતરિક નીરવતા પ્રગટે છે. પણ એનો અર્થ એ નથી કે તમે પોતે શૂન્ય થઈ ગયા છો, યા તો તદ્દન જડ પદાર્થ બની ગયા છો. તમારી જાતને એક ખાલી પાત્ર જેવી કરીને તેમાં ભરાનારી વસ્તુને તમે આમંત્રણ આપો છો. એનો અર્થ એ છે કે તમારી આંતર ચેતનાના પ્રયત્નને શાંત કરીને તમે તેને સાક્ષાત્કાર પ્રત્યે દોરો છો. તમારી ચેતના જે પ્રકારની હશે અને તેના પ્રયત્નમાં જે કોટિનું બળ હશે તે પ્રમાણેનાં અનુકૂળ કે પ્રતિકૂળ, સહાયક અને કદી વિઘાતક પણ હોય તેવાં બળોને તમે ગતિમાં લાવશો.'

('માતાજીની વાણી' : વાર્તાલાપ-૧૨)

બાળક: 'જે કોટિનું બળ હશે' એનો શો અર્થ થાય છે?

શ્રી માતાજી: અભીપ્સા અને સંકલ્પ આપણા સ્વરૂપમાં એક પ્રકારનું દબાણ ઉત્પન્ન કરે છે. પરંતુ હું અહીં 'કોટિ'ની વાત કરું છું કારણ કે એક એવું બિંદુ પણ હોય છે જેના ઉપર દબાણનું કાર્ય થાય છે. હું કહું છું કે, 'તમારી જાતને નિ:સ્પંદ કરો' એટલે એનો અર્થ એ કે તમારે તમારી ચેતનાનું બળ સાક્ષાત્કાર પ્રત્યે, તમે જે ધ્યેય સિદ્ધ કરવા માગતા હો તેના પ્રત્યે છૂટું મૂકવું. આ જે 'બળ' છે તે એક બિંદુ ઉપર મૂકવામાં આવતું દબાણ છે, એમાં એક બિંદુ ઉપર એકાગ્રતા કરવામાં આવે છે અને નિર્ધારિત વસ્તુ સિદ્ધ થાય તેનો આગ્રહ રાખવામાં આવે છે. ચેતના – સ્વરૂપની ચેતના, વ્યકિતગત ચેતના – એક બિંદુ ઉપર દબાણ મૂકે છે, સમજ્યાને. આપણે હમણાં જ જેની વાત કરતાં હતાં તેનો દાખલો લઈએ: તમારામાં કોઈ ઘર કરી ગયેલો વ્યાધિ હોય, શરીરમાં કોઈ ખોડ હોય, કોઈ શારીરિક ક્ષતિ હોય. પછી તમારી ચેતના, એની અભીપ્સા અને સંકલ્પ સાથે ઓછાવત્તા અંશે સતતપણે એ જે વસ્તુ સિદ્ધ કરવા માગે છે, જે વસ્તુને તમારે મટાડવી હોય છે એના ઉપર દબાણ મૂકે છે. તો, જ્યારે તમે તમારા ધ્યાનમાં તમારી જાતને ભીતરમાં શૂન્યવત્ કરી મૂકો છો (એ તમને ઠીક લાગે તો ધ્યાનનો એક પ્રકાર ગણી શકાય) ત્યારે એનો અર્થ એ થાય કે તમે તમારા સંકલ્પની એકાગ્રતા પણ બંધ કરી દો છો: તમારી ચેતના એટલી ક્ષણ પૂરતી સંજ્ઞાહીન બની જાય છે. એનું દબાણ આ બિંદુ ઉપર હોય છે (એ બીજાં બિંદુઓ ઉપર હોઈ શકે, વસ્તુઓ ઓછા કે વત્તા પ્રમાણમાં સ્થૂલ કે સૂક્ષ્મ હોઈ શકે, પણ દબાણ અક જ બિંદુ ઉપર હોય છે) અને જ્યારે તમે તમારી જાતને ખાલી કરો છો ત્યારે તમે આ દબાણ ઉઠાવી લો છો, અને તમે એક એવા કોરા પૃષ્ઠ જેવા બની રહો છો જેના ઉપર કાંઈ પણ લખેલું ન હોય. 'પોતાની જાતને ખાલી અથવા શૂન્યવત્ કરવી' એમ જે હું કહું છું તેનો અર્થ આ છે. એમાં કોઈ સક્રિય સંકલ્પનો પ્રયોગ એક યા બીજા બિંદુ ઉપર કરવામાં આવતો નથી. અને એટલે જ હું કહું છું કે જે ક્ષણે તમે તમારી જાતને શૂન્યવત્ કરો છો, ત્યારે હકીકતમાં એકાગ્રતાનું દબાણ અટકી જાય છે, અને છતાં, શાંત અભીપ્સાપૂર્વક તમે સામાન્ય રીતે જે રીતની એકાગ્રતાનું બળ વાપરતા હો છો, સામાન્ય રીતે જે ખાસ બિંદુ ઉપર તમે દબાણ મૂકતા હો છો તેનાથી જે શકિતઓ આકર્ષી શકાય તેમ હોય છે તેમના સંપર્કમાં તમારી જાતને મૂકો છો. આથી જ મેં એ હકીકત ઉપર ભાર મૂક્યો છે કે બધો આધાર વ્યકિત ઉપર રહે છે, કારણ કે વ્યકિતમાં સમાન્યપણે જે વસ્તુની અભીપ્સા રહેલી હોય છે, એ જે વસ્તુ સિદ્ધ કરવા માગતી હોય છે, તે બાબતમાં એની અભીપ્સાનો પ્રત્યુત્તર વાળી શકે એવી શકિતઓના સંપર્કમાં એ કુદરતી રીતે જ રહેલો હોય છે, એટલે એ વ્યકિત થોડો સમય તેની આ

અભીપ્સાનું સક્રિય સ્વરૂપ અટકાવી દે છે અને શાંતિપૂર્વક ગ્રહણશીલ, અક્રિય બનીને રહે છે. તો પછી એની સ્વાભાવિક અભીપ્સાની અસર ચાલુ રહે છે અને જે શક્તિઓએ એને પ્રત્યુત્તર આપવો જોઈએ તેને જ તે ખેંચી લાવે છે.

બાળક: આપે કહ્યું કે આ જગત અને તમસ બન્ને આનુષંગિક છે. તેમના આ આનુષંગિકપણાનું શું કારણ હશે ?

શ્રી માતાજી: કારણ...પેલો પ્રકાશ છે જે તમસરૂપ બની ગયો છે અને પેલી ચેતના જે અચિત્ બની ગઈ છે! આ વસ્તુઓ વિષે કઈ રીતે વાત કરવી ? તમારા મનને જો એમ કહેવાથી સંતોષ થાય તેમ હોય તો એમ કહો કે એ એક અકસ્માત બન્યો હતો. કદાચ, એકંદરે જોતાં, જે કાંઈ બની શક્યું હોત તો તેમાં સારામાં સારી વસ્તુ બની છે, કંઈ કહેવાય નહિ. આપણે કયા દૃષ્ટિબિંદુથી જોઈએ છીએ એના ઉપર બધો આધાર રહે છે. એવી એક ચેતના હોવી જોઈએ જેમાં આ સર્વ વસ્તુઓ પહેલેથી જોવામાં આવી હશે, અને જો એને બનતી અટકાવવામાં નથી આવી, તો એનો અર્થ એ કે કાર્યક્રમનો એ એક ભાગ છે !...આ જે પ્રશ્ન છે તે તરફ માનવની દૃષ્ટિએ એ રીતે જોઈ શકાય છે, કારણ કે એ પ્રદેશોમાં વસ્તુઓ બરાબર એ જ રીતે બનતી નથી. જો આપણે કોઈ વિષય લઈને એક વાર્તા કહેવી હોય તો કહી શકીએ, એક મજાનું નાટક બનાવી શકીએ. પણ એ કેવળ એક વાર્તા જ, વસ્તુઓને કહેવાની એક રીત જ કહેવાય.

કોઈ પણ વાર્તાનું મુલ્ય એ જેટલા અંશે તમને વાસ્તવિક સ્થિતિ શું છે તે સમજવામાં મદદ કરે છે તેટલા પ્રમાણમાં જ હોય છે. હા! આ એક રસપ્રદ વિષય છે... કોઈ વાત, એટલે કે, વસ્તુઓ વ્યકત કરવાની રીત, જો તમને વસ્તુસ્થિતિ શું છે તે સમજાવી શકે તો જ તેનું કોઈ મૂલ્ય છે. ભાષાનું (એ એક પ્રકારની વાર્તા છે) મૂલ્ય પણ એ જેટલા અંશે તમને સત્ય સાથે સંપર્કમાં મૂકી શકે તેટલા પ્રમાણમાં જ રહેલું છે. વિજ્ઞાન એ એક ભાષા છે, કલા પણ ભાષા છે – તમામ ક્રિયાઓ એક રીતની ભાષા છે, એટલે કે વસ્તુને વ્યકત કરવાની એક રીત છે. અને વસ્તુને વ્યકત કરવાની પદ્ધતિની કિંમત એટલે અંશે જ રહે છે જેટલે અંશે તે, જે વસ્તુને વ્યકત કરવા માગે છે તેના સંપર્કમાં તમને મૂકી આપે. આ એક રસપ્રદ સામાન્યીકરણ છે, કારણ કે એમાં તમે ઈચ્છો તેટલા પ્રકારોનો સમાવેશ કરી શકો છો અને તમે જોશો કે તેમ કરવામાં તમે સાચા હો છો.

બધી વસ્તુઓ માટે એમ જ છે. વિશ્વ અને વૈશ્વિક સત્યને પહોંચવાનો માર્ગ એ પણ એક પ્રકારની ભાષા છે અને સર્વ વસ્તુઓનો આધાર જે વ્યકિત એનો

ઉપયોગ કરતી હોય, જે વ્યકિતને તેમની સમજૂતી આપવાની હોય તેના ઉપર રહે છે. કહેવાની પદ્ધતિ ગમે તે હોય; જો તમે સમજી જાઓ, તો એટલું બસ છે. જો તમે નહિ સમજી શકો તો એ વસ્તુ અદ્‌ભુતમાં અદ્‌ભુત હશે, સત્યોનું સત્ય હશે, તો પણ તમારે માટે એની કાંઈ કિંમત નહિ રહે. દેખીતી રીતે વિશ્વ પ્રત્યેનો આ અક વ્યવહારુ દૃષ્ટિકોણ છે, વસ્તુઓની કિંમત એટલા પ્રમાણમાં હોય છે જેટલા અંશે તેઓ જે વસ્તુ સિદ્ધ કરવા બનાવવામાં આવી હોય તેને સિદ્ધ કરે, અને દુનિયાની સુંદરમાં સુંદર તત્ત્વમીમાંસા, જેઓ તેને સમજી શકતા નથી તેમને માટે કંઈ કામની નથી. જગતની ઉત્તમમાં ઉત્તમ કલાકૃતિઓ જેમને તેઓ સત્યના પંથ ઉપર મૂકી શકતી નથી તેમને માટે તદ્દન નકામી હોય છે. અને જગતમાંનો પૂર્ણમાં પૂર્ણ યોગ, જે વ્યકિતઓને તે સિદ્ધિ પ્રત્યે દોરી જઈ શકતો નથી તેમને માટે નિરુપયોગી છે. વસ્તુઓની આ રીતની સાપેક્ષતા, તમારા સમજવામાં આવી જાય પછી તમામ પ્રકારની મતાંધતાઓ, વાદના વાડાઓ અને એવું બીજું બધું કે જે આપણને એમ સમજાવે છે કે જે કાંઈ આપણું ભલું કરે છે તે 'પરમ સત્ય', છે — એ આપણે માટે સત્ય હશે, પરંતુ આપણા પડોશી માટે પણ એ સત્ય જ હોય એવું નિશ્ચિતપણે ન કહી શકાય. અને આપણો પડોશી જે વસ્તુ પોતાને માટે સત્ય છે એમ માનતો હોય, અને તમે એમ કહો કે, 'એ તો મૂર્ખાઈ છે, તદ્દન નકામી વાત છે,' તો, એ વસ્તુ જો એને સત્યનો સાક્ષાત્કાર કરવામાં મદદ કરે તેવી હોય તો ઉત્તમ જ ગણવી રહી, એ વસ્તુ એને માટે તો શકય તેટલી સારામાં સારી વસ્તુ છે. અને દરેક વસ્તુ, પૃથ્વી ઉપરની દરેક વસ્તુ બાબતમાં એમ જ છે. અને જો તમારે તદ્દન સંકુચિત માનસવાળા ન બનવું હોય, તમારી આંખો આગળ પડદા લગાડીને નાકના ટેરવાથી આગળ ન જોઈ શકો એમ ન કરવું હોય તો, પ્રથમ તમારે આ જ વસ્તુ સમજી લેવી જોઈએ. તમારે સમજી રાખવું જોઈએ કે આ વિશ્વમાંની દરેક વસ્તુઓ એક ગંતવ્ય સ્થાન પ્રત્યે ગતિ કરી રહેલી છે અને જેટલા અંશે તેઓ આ ધ્યેયની સિદ્ધિ પ્રાપ્ત કરવામાં મદદકારક હોય છે તેટલા અંશે જ તેમની કિંમત હોય છે, અને એ કિંમત તદ્દન સાપેક્ષ હોય છે; જે એક વ્યકિત માટે સારું હોય તે બીજા માટે ન પણ હોય. જે એક ક્ષણે સારું હોય તે અન્ય ક્ષણે ન પણ હોય, અને તેથી દરેક પ્રકારની મતાંધતા એ એક બેવકૂફી છે.

આમ કહેવું કે, 'એ, એ સત્ય છે, હું હવે જાણું છું કે એ સત્ય છે અને હવે હું બીજી રીતે વિચારીશ નહિ.' આમ કહેવું ઘણું સહેલું છે, અને એમાં સાચી રીતે જોઈએ તો, કોઈક વસ્તુએ તમને અચાનક એક જ્યોતિના સંપર્કમાં મૂકયા હોય છે, તમને એક પ્રકારની અનુભૂતિ પ્રાપ્ત થઈ હોય છે, તમે તમારી જાત વિષે સચેતન બન્યા હો છો, એક એવી વસ્તુ વિષે તમે સજ્ઞાન બન્યા હો છો જે તમારા સ્વરૂપને પેલે પાર આવી રહેલી હોય છે અને જે તમારા સ્વરૂપનું મૂળ સત્ય હોય છે અને એ

કારણે એ તમારા માટે પૂર્ણ હોય છે. પણ એમ કરવાની કલ્પના ન કરશો કે એ કારણે તમે, ઘેર ઘેર જઈને, ગામે ગામ, દેશે દેશમાં કહેતા ફરી શકો કે, 'હું સત્યનો આવિષ્કાર કરું છું.' કારણ કે જે વસ્તુ તમારે માટે સત્ય હશે તે બીજાને માટે બિલકુલ સારી ન હોય એમ હોઈ શકે છે. તમે જે વસ્તુનું દર્શન કર્યું હોય છે એ સત્યનું પોતાનું એક સ્વરૂપ હોય છે - દરેક વસ્તુમાં એનું સત્ય હોય છે – પરંતુ, એ સત્ય વિષે દર અસલ હકીકત એ હોય છે કે એના વડે તમને તમારા સ્વરૂપની શોધ કરવામાં, તમારા સ્વરૂપનું સત્ય શોધવામાં, મદદ મળી હોય છે, અને એ વસ્તુ તદ્દન શક્ય છે કે એ તમારા પડોશીઓને મદદ કર્તા ન નીવડે, સિવાય કે તમારામાં અન્યને તમારી રીતે જોતાં કરવાની શકિત સારા પ્રમાણમાં હોય અને એને તમે તમારી રીતે વસ્તુઓને જોવાની ફરજ પાડી શકતા હો, પણ આ વસ્તુ કંઈ ભારે મહત્ત્વની હોય એવું નથી.

જ્યારે તમે આ વસ્તુ સમજશો ત્યારે પછી તમે એમ નહિ કહો કે, 'જગતમાં શા માટે વસ્તુઓમાં આટલો બધો આપસ આપસમાં વિરોધ છે, શા માટે આ વિવિધતાઓ છે, શા માટે આ બધા ગોટાળાઓ ઊભા થાય છે, શા માટે ? વસ્તુઓમાં ગોટાળો છે કારણ કે તમે તેમને સમજી શકતા નથી અને તેઓ તેમના યોગ્ય સ્થાને હોતી નથી. જો વસ્તુઓ તેમને યોગ્ય સ્થાને હોત તો કોઈ પ્રકારની ગૂંચવણ ન હોત. અને આમ પછી આપણે એ અવસ્થાએ આવીને ઊભા રહીએ છીએ કે આપણને એ જણાઈ આવે કે તમે આ જગતમાંથી એક પરમાણુ પણ ખસેડી લો તો આખા વિશ્વની વ્યવસ્થાનું વિઘટન થઈ જાય તેમ છે. જે કાંઈ છે, તે જરૂરનું હતું – એ જરૂરનું ન હોત તો એનું અસ્તિત્વ જ ન હોત. પ્રભુની પ્રાપ્તિ માટે સમગ્ર વસ્તુઓની જરૂર છે. આ વસ્તુઓમાંથી તમે એકાદને પણ ઉપાડી લો તો તમારી સિદ્ધિમાં એક છિદ્ર રહી જાય છે. અને હું કેવળ ભૌતિક બિંદઓની વાત કરતી નથી, હું બધાં ઊંડાણોની બાબતમાં આ કહું છું. એટલે ઘણા જેમ કહે છે તેમ તમે પણ કહો કે, 'અરે, આ વસ્તુ જો જગતમાં ન હોત તો દુનિયા કેટલી સારી હોત,' તો તમે તમારા અજ્ઞાનનું પ્રદર્શન જ કરો છો.

હું જાપાનમાં ટોલ્સ્ટોયના એક પુત્રને મળેલી, એ આખી દુનિયામાં માનવ એકતાના ઉપદેશ માટે પ્રવાસ કરી રહ્યો હતો. એ વસ્તુ એણે એના પિતા પાસેથી ગ્રહણ કરી હતી અને એ દુનિયામાં બધે માનવ એકતાનો ઉપદેશ કરતો ફરતો હતો. હું એને કોઈ મિત્રને ત્યાં મળી ત્યારે એને મેં પૂછેલું કે, 'આ માનવ અકતા તમે કઈ રીતે સિદ્ધ કરવાના છો ?' એણે મને શું જવાબ દીધો તે જાણો છો ? 'આહ્ ! અ તો બહુ સાદી વાત છે - જો બધા માણસો એક જ ભાષામાં વાતચીત કરે, એક જ રીતનો પોશાક પહેરે, એક જ રીતની રહેણી કરણી રાખે તો આખા જગતની અકતા સિદ્ધ થઈ જાય !' મેં એને કહ્યું, 'જો એવી જ દ્રરિદ્ર એ દુનિયા હોય તો એ કાંઈ રહેવા લાયક ન ગણાય.' એ મારું કહેવું સમજી શક્યો જ નહિ !

૭ એપ્રિલ, ૧૯૫૧

શ્રી માતાજીને પહેલાંના સમયમાં એક અંગ્રેજ શિષ્યાએ જે સવાલ પૂછેલો તે તેઓ વાંચે છે :

> 'જો સૃષ્ટિનું આદિ કારણ સર્વ પ્રેમસ્વરૂપ ભગવાન પોતે જ હોય તો પછી આ સૃષ્ટિ ઉપર જે અનિષ્ટો ઉભરાય છે તે બધાં ક્યાંથી આવ્યાં હશે?'
>
> ('માતાજીની વાણી' : વાર્તાલાપ - ૧૩)

શ્રી માતાજી : અનિષ્ટો ક્યાંથી આવે છે ? ...આ પ્રશ્નનો જવાબ મને કોણ આપશે? એ જવાબ તત્ત્વજ્ઞાનની પદ્ધતિ પ્રમાણેનો, ભૌતિક વિજ્ઞાનની પદ્ધતિ પ્રમાણેનો, માનસશાસ્ત્રીય પ્રકારનો અને કાવ્યમય પણ હોઈ શકે.

એક બાળક : અજ્ઞાન અને તમસ જ્યાંથી આવે છે ત્યાંથી જ તે અનિષ્ટો આવે છે.

શ્રી માતાજી : આ પ્રશ્નનો જવાબ તો રહસ્યવાદની રીતનો કે ધાર્મિક દૃષ્ટિનો હોય. અરે! તમારામાં કાંઈ કલ્પનાશકિત છે કે નહિ?

બીજો બાળક : પૃથ્વી ઉપરનું કામ પૂર્ણ રીતનું થાય એટલા માટે અનિષ્ટ શકિતઓને મોકલવામાં આવેલ છે.

શ્રી માતાજી: વ્યકિત પોતાની જાતને પૂર્ણ બનાવી શકે એટલા માટે અનિષ્ટની રચના થઈ છે, એમ ? તમે કહો છો તે વસ્તુ દલીલથી સમર્થન થઈ શકે તેવી છે. પણ પેલી જે બહેને મને આ પ્રશ્ન પૂછેલો એને તો એવા જવાબથી ખૂબ આઘાત થયો હોત. એને તો એમ જ થાત કે, 'પ્રભુ કે જે સર્વ પ્રેમમય છે એ એવું કરી જ કઈ રીતે શકે ?... એમ હોય તો સૃષ્ટિનું સર્જન કુશળતાપૂર્વક નથી કરવામાં આવ્યું!'

એક જણે બાઈબલમાંની સૃષ્ટિની ઉત્પત્તિની કથા વાંચીને મને કહેલું કે, 'પરમાત્માને' એ બધું કરતાં સાત દિવસ લાગેલા, અને પછી એણે કહેલું કે એ સર્વ ઈષ્ટ હતું. એનો વસ્તુઓના ઈષ્ટત્વ બાબતનો વિચાર વિચિત્ર લાગે તેવો છે!'

એક બાળક: એક વખત સંત ટેરેસાને અનેક વિપત્તિઓનો સામનો કરવાનો પ્રસંગ આવેલો. ત્યારે તેણે પ્રભુને ફરિયાદ કરી કે, 'મારો સંકલ્પમાત્ર પૂર્ણપણે શુભ હોવા છતાં આ બધું કેમ બની રહ્યું છે?' ત્યારે જાણે ભગવાને એવો જવાબ આપ્યો કે 'હું મારા મિત્રોની સાથે એ રીતે જ વર્તું છું અને એટલે જ અમારા મિત્રોની સંખ્યા ખૂબ નાની છે!'

શ્રી માતાજી: હવે આપણે અહીં મુશ્કેલીના મૂળમાં પહોંચીએ છીએ. હું કહી શકતી નથી કે પેલી જે સન્નારીએ મને પ્રશ્ન પૂછેલો તેના કેન્દ્રમાં જ, જે દોષ રહેલો છે તે તમારા લક્ષમાં આવ્યો છે કે નહિ; પણ જ્યાં એ પ્રભુને સૃષ્ટિથી તદ્દન અલગ રહેલી એવી વ્યકિતતા માનીને પ્રશ્ન ઊભો કરે છે ત્યાં જ એની ભૂલ થયેલી છે. કદાચ એ એનો આ પ્રશ્ન આવી રીતે રજૂ કરી શકી હોત.

'જે કોઈને આ સૃષ્ટિનું સર્જન કરવાની શકિત હશે અને તેણે જે રીતની આ દુનિયા બનાવી છે તે જોતાં એમ જ લાગે છે કે સાચે જ એ બીજાઓની યાતનાઓમાંથી આનંદ માણવાની ટેવવાળો હોવો જોઈએ.' અને એણે જો એ પ્રકારે કહ્યું હોત તો કદાચ યોગ્ય જ કહ્યું છે એમ ગણી શકાત, નહિ?...આ પ્રશ્ન જ અયોગ્ય રીતે મૂકવામાં આવ્યો છે, એમાં જે પ્રભુ વિષે કહેવામાં આવ્યું છે તે સાચા પ્રભુ વિષેની વાત નથી. એ તો ધર્મમાં,—એક અમુક પ્રકારના ધર્મમાં—પ્રભુને જેવો ચીતરવામાં આવ્યો છે એ પ્રભુની વાત છે, પણ ભગવાનને એ ધર્મોમાં જે રીતનો ચીતરવામાં આવ્યો છે તે, હકીકતમાં પ્રભુ જેવો છે તેવો લેશમાત્ર બતાવવામાં આવેલો નથી

(શ્રી માતાજી આગળ વાંચે છે ...)

"સર્વ કાંઈ આવે છે તો ભગવાનમાંથી જ. પરંતુ એક, અદ્વિતીય, પરમ ભાગવત ચેતનાએ આ સૃષ્ટિને સીધે સીધી પોતાનામાંથી સરજાવી નથી.

પરમ ભાગવત ચેતનામાંથી એક શકિત પ્રકટ થઈ બહાર પડી અને પોતાના કાર્યના અનેક સ્તરો રચતી રચતી તે નીચે ઊતરતી ગઈ. પોતે રચેલાં અનેક માધ્યમોના હાથમાં થઈને એ પસાર થતી ગઈ. આ જગતના નિર્માણમાં એવા ઘણા સ્રષ્ટાઓએ અથવા કહો કે 'રૂપ–વિધાયકો' એ ભાગ લીધેલો છે. પરંતુ અ બધા વચલાં માધ્યમો જેવા છે, એમને હું 'સ્રષ્ટાઓ' નહિ પણ 'રૂપ – વિધાયકો' કહીશ, કારણ કે એમણે આ જડ તત્ત્વમાં ફકત આકાર, ગતિ કે ગુણોની જ રચના કરી આપી છે. એવા ઘણા વિધાયકો થઈ ગયા છે. કેટલાકોએ સંવાદપૂર્ણ અને કલ્યાણમય વસ્તુઓ રચી છે તો કેટલાકે અશુભ અને હાનિકારક વસ્તુઓ પણ રચી છે. અને કેટલાકે તો રચના કરવાને બદલે કેવળ વિકૃતિ જ ઉપજાવી છે. તેમણે બીજાઓએ કરેલા શુભ પ્રારંભોમાં વિઘ્નો નાખ્યાં છે અને વસ્તુઓને બગાડી મૂકી છે."

('માતાજીની વાણી' : વાર્તાલાપ - ૧૩)

શ્રી માતાજી : અત્યારે હવે હું આ રીતનો ઉત્તર નહિ આપું, એ એક રીતનો 'વહીવટી' પ્રકારનો ઉત્તર છે! સરકારો હમેશાં એ રીતે જવાબો આપે છે. તેઓ હંમેશાં કહે છે, 'આમાં અમારી કોઈ જવાબદારી નથી. જવાબદાર તો અમારા પ્રતિનિધિઓ છે.' આ કંઈ સારી રીત નથી. એના કરતાં પોતા ઉપર જવાબદારી લેવી તે વધુ સારું છે.

(શ્રી માતાજી એજ શ્રોતાના પ્રશ્ન સાથે વાંચવાનું ચાલુ રાખે છે :)

"'આ આખી વિશ્વમાળામાં જે સૃષ્ટિઓ છે તેમાં આપણી પાર્થિવ સૃષ્ટિ બહુ જ નીચી પાયરીએ નથી ઊભી?' આપણી સૃષ્ટિ સૌથી વધારે પાર્થિવતાવાળી છે એ સાચું, પરંતુ એટલા માટે જ તે 'હલકી પાયરી'ની નથી થઈ જતી. એનામાં જો અધમતા હોય તો તે પણ પાર્થિવતાને કારણે નહિ પરંતુ તે પોતે અજ્ઞાનપૂર્ણ અને અંધકારથી આચ્છાદિત હોવાને કારણે છે. 'જડ તત્ત્વ' એટલે અજ્ઞાન અને તમોગ્રસ્ત દશા એવું માની લેવું એ ભૂલ છે. વળી, આપણે કેવળ આ જડ પાર્થિવ જગતમાં જ જીવીએ છીએ એવું પણ નથી. ખરું જોતાં, આપણે એકી વખતે ઘણા લોકોમાં જીવીએ છીએ. આ પાર્થિવ લોક તો તેમાંનો એક છે, અને એક દૃષ્ટિથી જોતાં આ બધા લોકમાં સૌથી વધારે મહત્ત્વનો છે, કારણ કે આ જડ તત્ત્વનો લોક, બીજા સર્વ લોકોને એકત્ર થવાનું સ્થાન છે. બીજી સર્વ સૃષ્ટિઓ આ ક્ષેત્રમાં આવીને મૂર્ત થાય છે. આ લોકમાં આવીને જ બીજા બધા લોકોએ પોતાનો આવિર્ભાવ કરવાનો રહે છે. અત્યારે એ અલબત્ત વિસંવાદી અને તમોગ્રસ્ત છે. પણ એ

એક અકસ્માત જ છે, એક અયોગ્ય રીતે થયેલી શરૂઆત જ છે. એક દિવસ એ જરૂર સુંદર, સંવાદી અને પ્રકાશપૂર્ણ બનશે. કારણ કે એ સિદ્ધિને પામવા માટે તો એની રચના કરવામાં આવી છે."

('માતાજીની વાણી' : વાર્તાલાપ - ૧૩)

શ્રી માતાજી: આ સન્નારીનો પ્રભુ વિષેનો ખ્યાલ તદ્દન કાલ્ડિયાના લોકોના જેવો હતો; જેમાં એમ માનવામાં આવે છે કે પ્રભુએ શૂન્યમાંથી આ સૃષ્ટિની રચના કરી. (હું કબૂલ કરું છું કે જો એ ખરેખર એ રીતે જ બનાવવામાં આવેલી હોય તો એ કંઈ સારી રીતની રચના નથી, ખરેખર ખરાબ રીતે બનાવેલી છે) અને છતાં એ પ્રભુ, એ રીતના જગતને જોતો રહે છે અને કહે છે કે, 'મેં હેતુપૂર્વક આ રીતની રચના કરી છે.' અને ત્યારે પછી, પેલી સન્નારીની જુગુપ્સા પરાકાષ્ટાએ પહોંચી જાય છે!

જગતમાં આટલું બધું દુ:ખ કેમ છે? તમે કહો, મારે એક વૈજ્ઞાનિક, ફિલોસોફિક, રહસ્યવાદી, ધાર્મિક, કાવ્યમય પ્રકારનો ઉત્તર જોઈએ છે.....

એક બાળક: એક રીતનું વૈવિધ્ય લાવવા માટે એમ કરાયું હશે. નહિ તો બધું તદ્દન એક ધારી રીતે ચાલ્યા કરતું લાગત.

શ્રી માતાજી: આ ઉત્તરમાં કાવ્ય નથી – એને માટે તમારે ખૂબ ખૂબ ઉપમાઓ અને રૂપકોનો ઉપયોગ કરવો જોઈએ! તમે તો પેલા એના જેવી વાત કરો છો કે જો વ્યકિતને દ:ખનો અનુભવ ન હોત તો એ કદાપિ સુખી થઈ શકત નહિ, કારણ કે ત્યારે એને સુખી હોવું એટલે શું એની ખબર જ ન હોત! જેમ બીજા કેટલાક કહે છે, 'જો છાયા ન હોત તો પ્રકાશ ન હોત કારણ કે જો બધું જ પ્રકાશમય હોત તો પ્રકાશ શું વસ્તુ છે એની કોઈને ખબર ન પડત... અને એમને એમ...એટલે તમારું કહેવું એમ છે કે જો જગતમાં દુ:ખ ન હોત તો વૈવિધ્ય ન હોત? આ એક શોકાસ્પદ પ્રકારનું વૈવિધ્ય ગણાય નહિ?

બાળક: જો સૌ લોકો સુખી હોત તો જગત સુખી હોત.

શ્રી માતાજી: જો દરેક વ્યકિત એક સુખાનુભવની અવસ્થામાં પ્રવેશી જાત તો આખું જગત સુખી થઈ જાત; એક દલીલ તરીકે એ ઠીક છે. પણ એ તો એક સાધન છે, કારણ નથી. તમને તો કારણ શું છે તે પૂછવામાં આવેલું છે. જો ભગવાનમાંથી ન આવેલ હોય તો દુ:ખ ક્યાંથી આવેલ છે — કારણ કે ભગવાન તો, ખરેખર સર્વનું શુભ કરનાર છે, અને એ આવી ભયંકર વસ્તુ ઉત્પન્ન જ ન કરે!

બાળક : જગતનું અસ્તિત્વ જ નથી, એ આપણી ખોટી ચેતનાનો ભ્રમ માત્ર છે.

શ્રી માતાજી : આહ્! આ વસ્તુ કોઈ એવી વ્યકિતને, દા. ત. જેને કાળજામાં આંકડી આવતી હોય, તેને જઈને કહેવાનો પ્રયત્ન કરી જોજો!

બાળક : કોઈએ એવું કહેલું છે કે જગતની રચના, ગરીબોને સહન કરતાં શીખવવા અને ધનવાનોને દાન આપતાં શીખવવા કરવામાં આવેલી છે.

શ્રી માતાજી : હું એ જ વસ્તુ કહેતી હતી, ખરું ને, (હસતાં હસતાં) કે જો જગતમાં ગરીબાઈ ન હોત તો દાન કરવાની વૃત્તિનું શું થાત!...આપણે સર્વ ક્ષેત્રોમાં આ પ્રકારે શોધખોળ કરીએ તો કદાચ અંતમાં આપણને જે વસ્તુના જ્ઞાનની જરૂર છે તે મળી આવશે અને આપણને ખ્યાલ આવશે કે એના સિવાય આ જગતનું અસ્તિત્વ ન હોત. આ કદાચ એક ખુલાસો આપતો એક પ્રકાર માત્ર છે. ના, પણ એ ખુલાસો નિર્ણાયક નથી, કારણ કે વસ્તુસ્થિતિ એ પ્રકારની હોય તો, હાલ પરિસ્થિતિ જેવી છે તેવી ને તેવી જ અનંતકાળ લગી ચાલ્યે જાય તો તે વ્યાજબી ઠરે.

બાળક : જો જગતનું સ્વરૂપ તે જે રીતનું હોવું જોઈએ તે જ પ્રકારનું હોય તો પછી તેમાં અપૂર્ણતાઓ શા માટે હશે ?

શ્રી માતાજી : કોઈએ એવું કહ્યું નથી. જો એમ જ હોય તો પછી આપણે કંઈ કરવાપણું રહે જ નહિ, હાલ્યા ચાલ્યા સિવાય ફક્ત બેસી જ રહેવાનું રહે!

આપણે પ્રથમથી જ સ્વીકારેલું છે કે જગત જેવું હોવું જોઈએ તેવું નથી અને આપણે અહીં આવ્યા છીએ એનું કારણ પણ એ છે કે આપણે એવું કાર્ય કરીએ જેને લઈને એ જેવું હોવું જોઈએ તેવું થાય. પરંતુ આ વસ્તુ જાણવા માટે પ્રથમ તો આપણે એ જાણવું જોઈએ કે જગત કેવું હોવું જોઈએ, ખરું ને! પ્રશ્ન આ છે, જગત કેવું હોવું જોઈએ!

ક્ષ : જગત, પોતાની દિવ્ય ચેતના વિષે સભાન હોવું જોઈએ.

ય : જગતમાં કોઈ પ્રકારનું દુ:ખ ન હોવું જોઈએ.

શ્રી માતાજી : જ્યારે તમે કોઈ વસ્તુની રચના કરવા બેસો છો ત્યારે તમે એમ કહીને શરૂઆત કરતા નથી કે 'તમારે આમ ના જોઈએ, અને તેમ ના જોઈએ.' કારણ કે એમ તો તમે કોઈ વસ્તુની રચના જ ન કરી શકો. તમારે એ રચના કેવી હોવી જોઈએ તે કહેવું જોઈએ અને નહિ કે તે કેવી ન હોવી જોઈએ. પ્રથમ તો આપણે જાણીએ જ છીએ કે એ કેવું ન હોવું જોઈએ. વસ્તુસ્થિતિ આમ છે. આપણે બહુ આઘે જવાની

જરૂર જ નથી—જગત અત્યારે જેવું છે એવું તો આપણને જોઈતું નથી. તો, એ કેવું હોવું જોઈએ.

બાળક: અક એવા ઉદ્યાન જેવું જેમાં આપણે ભગવાન સાથે સતત રમત રહીએ.

શ્રી માતાજી: આ ઘણું સારું લાગે છે, ઘણી સારી વાત છે—શ્રી અરવિંદે પણ કહ્યું છે કે, 'પરમાત્મા એક બાળકની જેમ રમત કરે છે.'* એમ લાગે છે કે એ વાતથી ઘણા લોકો ચોંકી ઊઠયા છે. જ્યારે એનું ફ્રેન્ચમાં ભાષાંતર કરીને યુરોપમાં મોકલવામાં આવેલું ત્યારે ઘણાં લોકોને એથી આઘાત થયેલો અને તેમણે એમ કહેલું કે, 'એવું હોય તો તો ભગવાન આપણા ભોગે રમત રમે છે.'

બાળક: જગત, પ્રેમ અને પ્રકાશથી સભર હોવું જોઈએ.

શ્રી માતાજી: શાનો પ્રકાશ? કયો પ્રેમ?

બાળક: ભાગવત્ જ્યોતિ.

શ્રી માતાજી: જ્યારે તમે 'ભાગવત જ્યોતિ' એમ કહો છો ત્યારે એથી તમે શું શું સમજો છો?

બાળક: જગતમાં ગ્રહણશીલતા હોવી જોઈએ.

શ્રી માતાજી: કઈ વસ્તુ પ્રત્યે ગ્રહણશીલતા?

બાળક: જે ભાગવત સંકલ્પમાંથી આ જગત અલગ પડેલું છે તે સંકલ્પના સતત આવિર્ભાવ રૂપે એ બની રહેવું જોઈએ.

શ્રી માતાજી: એટલે એનો અર્થ એ જ કે ભગવાનથી જુદી પાડનાર વસ્તુ એ જગત છે. આપણે ત્યારે એ તારણ ઉપર આવીએ છીએ કે જગતમાં દુ:ખો છે એનું કારણ એ છે કે તેણે પોતાની જાતને ભગવાનથી અલગ કરેલ છે. આ જવાબ નથી તત્ત્વજ્ઞાન-પૂર્ણ કે નથી કાવ્યમય...આપણે એને એક વ્યવહારુ સ્પષ્ટિકરણ કહી શકીએ. અને તો પછી, જગત પોતે ભાગવત સ્વરૂપ હોવા છતાં ભગવાનથી અલગ પડવા માટે એણે કયા પ્રકારની કાર્યપ્રણાલી ઉપયોગમાં લીધી હશે? ...હવે વાત ખૂબ ગોટાળાવાળી થઈ જાય છે. આપણે એમ જ કહીએ છીએ ને કે જગત, ભાગવતસ્વરૂપ જ છે, અને છતાં એ ભગવાનથી અલગ થયું માટે જ દુ:ખમય બની ગયું છે નહિ? તો પછી એ કેવી રીતે અલગ પડયું હશે?

---

* 'વિચાર રત્નો અને જ્યોતિ ઝાંખીઓ' માં

બાળક : તેનામાંના અજ્ઞાનને કારણે.

શ્રી માતાજી : ભલા ભગવાન ! એ અજ્ઞાન પાછું ક્યાંથી આવ્યું ? કઈ બાબતનું અજ્ઞાન ? પોતાની જાતનું અજ્ઞાન ?

બાળક : પોતાની ઉત્પત્તિનું અજ્ઞાન.

શ્રી માતાજી : હા, એનો અર્થ એ કે પોતાની જાતનું જ જ્ઞાન નથી ! એટલા માટે જ સર્વને એમ કહેવામાં આવે છે કે : 'તમારી જાતને ઓળખો !' એમ જ હોવું જોઈએ !

બાળક : ખરું શું હશે, અજ્ઞાન આપણે છીએ કે જગત છે ?

શ્રી માતાજી : આહ્ ! તો પછી મારે તમને પૂછવું પડશે કે, 'તમે જગત કોને કહો છો ?' પૃથ્વીને કે વિશ્વને ?

બાળક : વિશ્વને.

શ્રી માતાજી : તો પછી વિશ્વ આખું અજ્ઞાન અવસ્થામાં નથી—વિશ્વના કેટલાક ભાગો એવા છે કે જેમાં અજ્ઞાન નથી. જ્યારે તમે 'આપણે' કહીને વાત કરો છો ત્યારે તમે તમારી જાતને વિશ્વ સાથે એકરૂપ ગણીને વાત કરો છો કે માનવજાત સાથે એકરૂપ ગણીને ? કારણ એ કે આ એક ખૂબ અગત્યનો સવાલ છે. આપણે એમ કહીએ છીએ કે જગત દુ:ખી હોવાનું કારણ એ છે કે એ પોતાનું ઉદ્ગમસ્થાન વીસરી ગયું છે, એટલે કે એ પોતાનું દિવ્ય મૂળ સ્વરૂપ વીસરી ગયું છે. તું એમ કહે છે, બેટા, કે 'આપણે' દુ:ખી છીએ, કારણ કે 'આપણે' અજ્ઞાન છીએ – ત્યારે એમાં તું જે 'આપણે' શબ્દનો ઉપયોગ કરે છે તે માનવજાતને લક્ષમાં રાખીને કરે છે. આના પરિણામે એ વસ્તુ જણાઈ આવે છે કે જગતમાં દુ:ખનું આગમન માનવના આગમનની સાથે થયું છે—આ રીતે તો વાત ભારે ગંભીર બની રહે છે ! એટલે કે, માણસની સાથે પૃથ્વી ઉપર મન આવ્યું છે, અને જુઓ, માણસ એ મનોમય પ્રાણી છે. અને એના મન સાથે દુ:ખ આવી પડ્યું છે. મનમાં વસ્તુઓને પરલક્ષી રીતે જોવાની શકિત હોય છે, એટલે એ જુએ છે કે આ વસ્તુ અને આવી વસ્તુઓ દુ:ખદાયક છે—મન ન હોત તો આ રીતની શોધખોળ કરવામાં આવત નહિ અને પરિણામે દુ:ખાનુભવનું અસ્તિત્વ જ ન હોત. એટલે, પ્રાણીઓમાં કે વનસ્પતિમાં દુ:ખાનુભવ હોતો નથી, અને એથી પણ ઓછે અંશે પથ્થરોમાં હોય છે. આપણે આ બાબતમાં તો એકમત છીએ ને કે : પ્રાણીઓમાં, વનસ્પતિમાં અને પથ્થરોમાં દુ:ખાનુભવ નથી હોતો ? આપણે એમ કહીએ છીએ કે દુ:ખાનુભવમનના આગમન સાથે જ પ્રગટેલ છે, કારણ કે મન

તેના વિષે સભાન બનેલ છે. ધ્યાન રાખજો કે હું આ રીતે તમને એક એવી વસ્તુ તરફ દોરી જાઉં છું કે જેને ખાસ મૂર્ખાઈ ભરેલી કહી શકાય તેમ નથી. કારણ કે પુરાતન કાળના શિક્ષણમાં એમ કહેવાયેલું છે કે, 'તમે તમારી ચેતનામાં પરિવર્તન કહો અને તમે જોશો કે જે વસ્તુ તમને કમનસીબીભરી લાગતી હતી, તે પછી તમને તે રીતની નહિ લાગે.' બુદ્ધના શિક્ષણમાં એમ કહેલું છે કે જો તમે તમારી જાતને કામનાથી મુકત કરો તો જે વસ્તુઓ તમને કમનસીબીભરી લાગતી હતી તે, પોતાને કામનાથી મુકત કર્યા પછી જરા પણ કમનસીબીભરી નહિ લાગે. એટલે વિચાર કરતાં કરતાં આપણે એ તારણ ઉપર પહોંચીએ છીએ કે કોઈ પણ વસ્તુને કમનસીબ ગણવા બાબતમાં તમે એ વસ્તુ વિષેનો જે રીતનો વિચાર કરતા હો છો એ જ એ વસ્તુનો એવી રીતનો અનુભવ કરાવવા માટે જવાબદાર હોય છે. જો કોઈ ઘટનાને તમે સુખદ ગણશો તો એ તમારે માટે સુખદ બની રહેશે, અને હકીકતમાં સત્ય એ જ પ્રમાણે છે. મોટે ભાગે, જો તમે તમારા વિચારથી અમુક વસ્તુ બનવી જ જોઈએ એમ સ્વીકારી લીધું હોય છે તો એ વસ્તુ પછી તમારે માટે દુ:ખદાયક રહેતી નથી. એટલે, જ્યાં લગી તમે લાગણીઓના, સંવેદનોના અને વિચારોના ક્ષેત્રમાં હશો ત્યાં લગી આ બધું સાચું રહે છે. એટલે કે જ્યારે કોઈ વસ્તુ અસુખકારક છે એમ સમજી શકવાની ક્ષમતા જગતમાં પ્રવેશ પામી ત્યારે તેની સાથે જ 'દુ:ખ'ની ઉત્પત્તિ થઈ છે. આ બાબતમાં રહેલો તર્ક તમે સમજો છો ? આ રીતે, વૃક્ષોમાં દુ:ખાનુભવની ક્ષમતા નથી હોતી એટલે તેઓ દુ:ખ અનુભવતા નથી અને પશુઓને દુ:ખાનુભવ નથી થતો કારણ કે તેઓને દુ:ખ થઈ રહ્યું છે તેનું જ્ઞાન નથી હોતું. આ બાબતની તો તમને ખાતરી છે ને ? કેમ, બરાબર ને ?

બાળક : તેમની આંખોમાં આપણે દુ:ખનો અનુભવ થતો જોઈએ છીએ.

શ્રી માતાજી : એમ કહેવાય છે કે તમારામાં જે વસ્તુ હોય છે તે જ તમે અન્યમાં જુઓ છો !

બાળક : શ્રી દેકાર્તે એ એક બાઈનું વર્ણન એવી રીતે આપ્યું છે કે એ તેના કૂતરાને મારી રહી હતી અને કહેતી હતી કે 'એને દુ:ખ થતું નથી, એનામાં આત્મા નથી, આ તો એક પ્રકારનો જ્ઞાન-તંતુઓનો પ્રત્યાઘાત છે.' દેકાર્તે એમ કહેતો કે એકલા માનવોમાં જ લાગણીનું સંવેદન હોય છે.

શ્રી માતાજી : મને હંમેશાં એને માટે એમ કહેવામાં આવ્યું છે, કે એ એક બુદ્ધિશાળી માણસ હતો !

બાળક: જો વિચાર કરવાની શકિતની સાથે જ દુ:ખાનુભવની શકિત પ્રવેશી હોય તો સુખાનુભવ પણ તેની સાથે જ પ્રવેશ પામ્યો હશે, નહિ ?

શ્રી માતાજી: આહા ! જુઓ આ તર્કશાસ્ત્ર ! જ્યાં જ્યાં દુ:ખાનુભવ હોય છે ત્યાં સુખાનુભવ પણ હોય છે!...દુ:ખ વિના સુખ નહિ! તર્કશાસ્ત્ર કેટલું બધું અટપટું છે! શ્રી દેકાર્તેએ માનવનો આત્મા કયાંથી આવ્યો છે એ વિષે કંઈ કહેલું છે કે?

બાળક: એ એમ કહે છે કે એ પ્રભુનું સર્જન છે.

શ્રી માતાજી: એટલે આત્મા સિવાયનું બાકીનું જગત પ્રભુનું સર્જન નથી?

બાળક: હા, જગત પણ પ્રભુનું સર્જન છે.

શ્રી માતાજી: તો, અચાનક એ પ્રભુને એમ થયું હશે કે એની સૃષ્ટિમાં એ પોતે જેને 'આત્મા' કહે છે તે મૂકવાની જરૂર ઊભી થઈ છે અને એ માટે પછી એ મૂકવા માટે એણે આ માનવ પ્રાણીને પસંદ કર્યો હશે...પણ આપણે તો સૃષ્ટિ કેવી હોવી જોઈએ એ શોધવા માટે પ્રયત્ન કરીએ છીએ. આપણે એ વસ્તુ ખોળી કાઢવી જોઈએ, કારણ કે જે ક્ષણે આપણને જગત કેવું હોવું જોઈએ એનો ખ્યાલ આવી જશે, તેની સાથે જ આપણે એના ઉપર કાર્ય કરવા લાગી જઈશું.

બાળક: જે શકિત પોતાનો આવિર્ભાવ કરવા માગે છે તેના તરફ જગત ખુલ્લું હોવું જોઈએ.

શ્રી માતાજી: આમાં દુ:ખની વાત એ છે કે જગત અમુક ચોક્કસ પ્રકારની શકિતઓ પ્રત્યે ખુલ્લું છે અને તેમનો આવિર્ભાવ કરી રહ્યું છે. એમાં જેનો આવિર્ભાવ થઈ રહ્યો હોય તે શકિત કયા પ્રકારના ગુણધર્મવાળી છે એના ઉપર આધાર છે. જગત જે પ્રકારનું છે તે રીતે જોતાં તે શકિતઓનો આવિર્ભાવ તો કરી રહ્યું છે, શકિતઓના આવિર્ભાવ વિના તે અસ્તિત્વમાં પણ રહી શકે તેમ નથી; પણ તે કયા પ્રકારની શકિતઓનો આવિર્ભાવ કહી રહ્યું છે? અત્યારે તો એ અર્ધજ્ઞાન, અજ્ઞાન, વિસંવાદ, દુ:ખાનુભવ અને એવી બીજી બધી શકિતઓનો આવિર્ભાવ કરી રહ્યું છે.

બાળક: એનામાં વિવેકજ્ઞાન હોવું જોઈએ.

શ્રી માતાજી: તમે એમ કહેવા માગો છો કે કયા પ્રકારની શકિતની જરૂર છે તે જાણીને એણે પસંદગી કરવી જોઈએ? હા, પણ આ કંઈ જગતનું રૂપાંતર કરવા માટે નથી, આ તો આપણે માટે છે. એ વસ્તુ સમજી રાખવાની છે કે આપણે કયા પ્રકારની શકિતનો આવિર્ભાવ કરવો છે તે બાબતનું આપણામાં વિવેકજ્ઞાન હોવું જોઈએ. પણ

આપણે આપણા મૂળ વિષય ઉપર પાછા આવીએ તો, તમે બધા એ બાબતમાં તો સંમત થશોને કે જે પ્રકારનું જગત આપણે સર્જવા માગીએ છીએ એમાં કોઈ પ્રકારના દુ:ખાનુભવને સ્થાન ન હોવું જોઈએ ? તમે સંમત છો ?...તમને એની ચોક્કસ ખાતરી નથી ? તો પછી દુ:ખાનુભવોથી તમને સંતોષ છે ? મને ખબર નથી. પણ કદાચ એની પાછળ કોઈ હેતુ હશે. પણ જુઓ, જ્યાં સુધી કોઈ પણ વ્યકિતને અમુક વસ્તુથી સંતોષ હોય છે ત્યાં સુધી એ વસ્તુ ટકી રહેવાનો ઘણો સંભવ રહે છે. ઓછાવત્તા પ્રમાણમાં પવિત્ર ગણાતા ધર્મશાસ્ત્રોમાં આપણને એમ કહેવામાં આવ્યું છે કે અજ્ઞાન એ દુ:ખનું મૂળ છે, એટલે તમે જો દુ:ખાનુભવનો ત્યાગ કરવાનો વિચાર ન કરતા હો તો એનો અર્થ એ પણ ખરો ને કે તમે અજ્ઞાનને પણ સંઘરી રાખવા માગો છો ? આ વસ્તુ તો ઘણી ભારે કહેવાય ! આ તો પેલા એક કલાકારની વાતમાં આવે છે તેના જેવું છે, એને કોઈએ કહેલું કે ભાવિમાં આવનાર જગતમાં દરેક વસ્તુ પ્રકાશની બનેલી હશે ત્યારે એને ઘણું દુ:ખ થયું અને એ બોલી ઊઠયો કે, 'તો ત્યારે પછી મારાથી કોઈ પ્રકારનું ચિત્રકામ નહિ થઈ શકે !' જરૂર, કદાચ એમ હશે કે ઘણા માણસો તેમના અજ્ઞાનને વળગી રહે છે....

બાળક : દુ:ખાનુભવને કારણે જ આપણે ઊર્ધ્વશકિત વિષે સભાન થઈ શકીએ છીએ.

શ્રી માતાજી : એ ખરું છે, ઘણા ખરા કિસ્સાઓમાં એમ જ હોય છે અને દેખીતી રીતે એ વસ્તુ દુ:ખાનુભવને સકારણ ઠેરવે છે. જો માનવોને દુ:ખનો અનુભવ ન થાય તો કદાચ તેઓ કોઈ જાતની પ્રગતિ જ ન કરી શકે. જ્યારે વ્યકિત પૂરેપૂરી સંતુષ્ટ હાલતમાં હોય છે ત્યારે એની અભીપ્સા તદ્દન ઉષ્માહીન હોય છે.

ત્યારે હવે, આપણે અહીં તદ્દન ગોટાળામાં પડી જઈએ છીએ ! જોયું ને, માનવ-મન જે રીતે કાર્ય કરી રહ્યું હોય છે તેનું આ સચોટ ઉદાહરણ છે; અને પછી એવા લોકો હોય છે કે જેઓના હાથમાં કોઈ વસ્તુનું ખૂંછડું આવી જાય છે અને તેઓએ ખૂંછડાથી એટલા બધા સંતુષ્ટ હોય છે કે તેઓ કહે છે, 'મને સત્ય લાધ્યું છે, અને હું જે કહું છું તે વસ્તુ તમારે માનવી જોઈએ, નહિ તો પછી તમે કદી મુકત નહિ થઈ શકો !' હકીકત એ છે કે એ ક્ષણે તમારા મનની અવસ્થા એવી હોય છે કે કોઈ પણ વ્યકિત તમારી પાસે આવીને કહી શકે કે, 'મારી પાસે સત્યજ્ઞાન છે.' અને તમારે જો ગોટાળામાંથી બહાર આવવું હોય તો એને ગ્રહણ કરીને સુખી થશો... જોઈએ આપણે, આપણી પાસે બે મિનિટો છે અને એ મિનિટોમાં આપણે કંઈ બોલીશું નહિ, અને આપણી બધી ગૂંચવણો અદૃશ્ય થઈ જશે, પછી આપણે છૂટા પડીશું. એટલે, હવે વાતો ન કરશો, બે મિનિટ માટે જેટલા બને તેટલા પ્રમાણમાં શાંત બની રહો. (આ પછી ધ્યાનની શરૂઆત થાય છે).

૯ એપ્રિલ, ૧૯૫૧

શ્રી માતાજી, સને ૧૯૨૯ના 'વાર્તાલાપો'માંથી
કલા અને યોગ વિષે એક ફકરો વાંચ્યા પછી કહે છે :

શ્રી માતાજી : કલા અને યોગ વચ્ચે ક્યા પ્રકારનો સંબંધ હોય છે ? (શ્રી માતાજી એક સાધક તરફ જોઈને પૂછે છે): અમૃતા, યોગ અને કલા વચ્ચે શો સંબંધ છે તે વિષે તમે કંઈ કહી શકશો ?

અમૃતા : એ સંબંધ સુંદર પ્રકારનો છે...કલા એ યોગ બની શકે છે અને યોગ એ કલા છે.

શ્રી માતાજી : આ તો ભારે સારી વાત છે ! હું એક અમેરિકન બાઈને ઓળખતી હતી, તે એમ કહેતી કે આધ્યાત્મિકતા એ એક ચરમ રસવૃત્તિ છે, ઉત્તમોત્તમ રસવૃત્તિ છે. તમે કહો છો તે એને મળતી વાત છે.

બાળક : પુસ્તકોમાં અને સ્વપ્નોમાં સર્પોનાં દર્શન થવાં એ કઈ વસ્તુનું સૂચન કરે છે ?

શ્રી માતાજી : એનો આધાર કયા પ્રકારનું પુસ્તક છે એના ઉપર છે ! તેમ સ્વપ્ન પણ ક્યા પ્રકારનું છે એના ઉપર એનો આધાર છે ! જો તમે મને કોઈ સ્વપ્નનો ચોક્કસ દાખલો આપો તો એમાં સર્પ કયા પ્રકારનો હતો તે હું કહી શકું, પરંતુ એ સિવાય એમ ને એમ કેવળ 'સર્પ' શબ્દ ખુલાસો આપવા માટે વધુ પડતો અસ્પષ્ટ રહે છે.

બાળક : આધુનિક કલામાં ચિત્રો કેમ આટલાં બધાં વિરૂપ હોય છે?

શ્રી માતાજી : મને લાગે છે કે લોકો વધુ ને વધુ આળસુ થઈ રહ્યા છે અને કામ કરવા માગતા નથી. એ લોકો કોઈ પ્રકારનું કામ કર્યા વિના સર્જન કરવા માગે છે, અભ્યાસ કર્યા વિના જ્ઞાન પ્રાપ્ત કરવા માગે છે અને કોઈ શુભ કાર્ય કર્યા વિના નામના મેળવવા માગે છે. એટલે, આપણે જોઈએ છીએ તેમ આ વસ્તુમાં અનેક પ્રકારની વસ્તુઓ માટે દ્વાર ખુલ્લાં રહે છે...આમાં કુદરતી રીતે અપવાદો તો હોય છે જ.

હું એવા ઘણા કલાકારોને ઓળખું છું જેઓએ સખત પરિશ્રમ કરીને સાચે જ નોંધપાત્ર કહેવાય તેવી કૃતિઓનું સર્જન કરેલું, એ રચનાઓ શિષ્ટ પ્રકારની કહી શકાય તેવી હતી, એટલે કે, એમને અતિ આધુનિક કહી શકાય તેવી ન હતી. પરંતુ એ સમયે એવી રચનાઓની ફેશન ન હતી, કારણ કે, લોકોને હમેશાં શિષ્ટ વસ્તુઓ પ્રત્યે રુચિ હોય જ એમ નથી હોતું. પરંતુ જ્યારે કોઈ એવી એક વ્યકિતના હાથમાં પીંછી મૂકવામાં આવે કે જેણે કદી પીંછીને સ્પર્શ પણ ન કર્યો હોય; અને જે વ્યકિતએ કદી પણ રંગના પૅલેટને હાથ અડકાડયો ન હોય તેવી વ્યકિત એના ઉપર પીંછી લગાડે; અને આવી વ્યકિત કે જેણે કદી કોઈ ચિત્ર ન કર્યું હોય તેની સામે એક પાટિયા ઉપર કેનવાસનો એકાદ નાનકડો કકડો હોય તો પછી એ વ્યકિત એના ઉપર ગમે તેવા લપેડા કરી શકે; એવી વ્યકિત ગમે તે રંગો લઈને ઢંગધડા વિના ગમે તે રીતના લપેડા લગાવી પાડે અને પછી બધા બોલી ઊઠે, 'ભારે પ્રશંસાપાત્ર,' 'અદ્‌ભુત' 'ખરે જ આમાં તો તમારો આત્મા જ વ્યકત થઈ રહ્યો છે.' 'વસ્તુઓનું સત્ય આમાં કેવું સુંદર રીતે વ્યકત થઈ રહ્યું છે,' વગેરે વગેરે! એ સમયે આ રીતની ફેશન હતી અને જે લોકો કંઈ પણ જાણતા ન હતા તે ખૂબ સફળ થઈ રહ્યા હતા. જે બિચારા લોકોએ મહેનત કરેલી, જેઓ પોતાની કલાને યોગ્ય રીતે સમજતા હતા, તેમનાં ચિત્રોનો હવે કોઈ ભાવ પૂછતું ન હતું; લોકો એમ કહેતા, 'અરે, આતો જુનવાણી દૃષ્ટિવાળું છે, એના ઘરાકો તો તમને કદી મળવાના નથી.' પણ આખરે તો, તમે જાણો છો ને, એમને પણ ભૂખ લાગતી હતી, એમને પણ ઘરનું ભાડું આપવું પડતું હતું અને રંગ અને એવી બીજી બધી વસ્તુઓના પણ પૈસા ખર્ચવાના રહેતા, અને એ તો ભારે ખર્ચાળ બની રહેતું. પછી એ લોકો કરે પણ શું? જ્યારે તમને ચિત્રોના વેપારીઓ તરફથી ઉપાલંભો મળે અને એ બધા જ એમને એકની એક જ વસ્તુ કહેતા હોય કે 'ભાઈ, મારા, જરા આધુનિક બનવાનો પ્રયત્ન કરો, તમે તો જે સમયમાં જીવો છો તેની દોટમાં પાછળ પડી ગયા છો', અને એ લોકોને પણ ભૂખ લાગતી હોય, પછી એ શું કરે? ગુસ્તાફ મોરોના એક ચિત્રકાર શિષ્યને હું ઓળખતી હતી; એ ખરેખર એક સરસ

ચિત્રકાર હતો, એ પોતાનું કામ સારી રીતે જાણતો હતો, અને પછી ...એ ભૂખે મરતો હતો, હિસાબનાં બે પાસાંનો મેળ કેમ બેસાડવો એ તેને સમજાતું ન હતું અને એથી એને કલેશ થતો હતો. એક દિવસ, તેને મદદ કરવાને ઈરાદે એક મિત્રે એક ચિત્રોના વેપારીને તેને મળવાને મોકલ્યો. જ્યારે એ વેપારી તેની ચિત્રશાળામાં ગયો ત્યારે પેલા બિચારા આ કલાકારને થયું કે 'ચાલો, આખરે આપણને આ તક મળી તો ખરી,' અને એણે પોતે કરેલાં સારામાં સારાં ચિત્રો તેને બતાવ્યાં. પેલો ચિત્રોનો વેપારી મોઢું ચઢાવીને આમ તેમ જોવા મંડયો, વસ્તુઓને આમતેમ ફેરવી જોઈ અને બધા ખૂણાઓમાં ખોળાખોળ કરવા લાગ્યો, અને અચાનક એક વસ્તુ એને મળી આવી...અરે, આ વાત મારે તમને સમજાવવી પડશે, તમે આ વસ્તુઓથી માહિતગાર નથી: દરેક ચિત્રકાર જ્યારે કામ કરી રહે ત્યારે તેના પૅલેટ ઉપર થોડા ઘણા મેળવેલા રંગો બાકી રહી જાય છે; એ તેને પૅલેટ ઉપર રહેવા દઈ શકે તેમ નથી હોતું કારણ કે એકાદ દિવસમાં એ સુકાઈ જાય છે. એટલે એ લોકો પાસે જે સારી રીતે તૈયાર ન થયેલા કેનવાસના ટુકડાઓ હોય છે, તેમના ઉપર એ જેમને પેલા 'પૅલેટ ઉપરના રંગના થપેડાઓ' કહેવાય છે તેના વડે લપેડા કરે છે (એક પાતળા ચપ્પુ વડે એ લોકો પૅલેટ ઉપરથી બધા રંગો ઉઝરડી લે છે અને પેલા નકામા જેવા કેનવાસના ટુકડાઓ ઉપર ચોપડી લે છે) અને એમાં અનેક જાતના રંગોની મેળવણી હોય છે એટલે એમાંથી અણધારી રીતની ડીઝાઈનની આકૃતિઓ ઉત્પન્ન થાય છે. એક ખૂણામાં એક એવું કેનવાસ હતું જેના ઉપર પેલો ચિત્રકાર આવી રીતે પૅલેટ ઉપરના રંગો સાફ કરતો હતો, પેલો વેપારી એકદમ એના ઉપર તૂટી પડયો અને બોલી ઊઠયો, 'વાહ ભાઈ વાહ, ખરી ચીજ તો અહીં છે, દોસ્ત મારા, તું ખરેખર પ્રતિભાવંત માનવી છે, આ તો એક ચમત્કારી વસ્તુ છે, તારે આ વસ્તુ બતાવવી જોઈએ! જુઓ તો ખરા, રંગોનો કેવો ભભકો છે, કેટલું બધું રૂપવૈવિધ્ય છે, અને શું કલ્પનાશકિત છે!' અને પેલો બિચારો માણસ ભૂખે મરતો હતો. એણે શરમાતાં શરમાતાં કહ્યું, 'પણ સાહેબ, આ તો મારા પૅલેટનું લૂછણું છે!' અને પેલા ચિત્રોના વેપારીએ એને પકડીને કહ્યું, 'મૂર્ખાનંદ, આ કંઈ કોઈને કહેવા જેવી વાત નથી!' અને પછી એને કહ્યું, 'આ મને આપ, હું એને વેચી આપવાનું માથે લઉં છું. તને ઠીક પડે એટલા એના જેવા નમૂના મને આપ; દસ, વીસ, ત્રીસ જેટલા એક માસમાં બને તેટલા, એ બધા હું તને વેચી આપીશ અને સાથે સાથે તને ખ્યાતિવંત પણ કરીશ.' પછી, મેં જેમ તમને કહેલું જ છે તેમ, પેલાનું પેટ બળવો પોકારી રહ્યું હતું; એ દુઃખી હતો, પણ એણે કહ્યું, 'ભલે ભાઈ, એ લઈ જાઓ, અને આગળ ઉપર શું કરવું તે હું જોઈશ.' અને પછી મકાનમાલિક ભાડું માગતો આવે છે; રંગવાળો જૂના બિલનાં નાણાંની ઉઘરાણી

કરતો આવે છે, અને નાણાંની કોથળી તો તદ્દન ખાલી છે, અને પછી શું થાય? એટલે પેલાએ જો કે પૅલેટને લૂછીને તો ચિત્રો ન બનાવ્યાં, પણ એણે એવું કાંઈક કર્યું જેમાં કલ્પનાને છૂટો દોર આપવામાં આવતો, જેમાં આકૃતિઓ ખાસ સ્પષ્ટ જણાતી નહિ અને રંગો બધા ભેળસેળ અને ભભકભર્યા રહેતા, અને જોનારને પોતે શું વસ્તુ જોઈ રહ્યો છે તેની ખાસ સમજણ પડતી નહિ; અને પોતે જે જોતા હતા તે વિષે ખાસ સમજણ પડતી નહિ, એટલે જે લોકો એ વિષે કાંઈ જ સમજતા નહિ તે બોલી ઊઠતા, 'વાહ, શું સુંદર કૃતિ છે!' અને આવી વસ્તુઓ એ પેલા ચિત્રોના વેપારીને આપતો રહ્યો. એનાં ખરાં ચિત્રો કે જે સાચેસાચ સુંદર હતાં તેમાંથી તો એને કશી નામના મળી નહિ (એનાં એ ચિત્રો ઘણાં સુંદર હતાં. એ ખરેખર એક સારો ચિત્રકાર હતો), પણ એને નામના અપાવી તો પેલા ભયંકર લપેડાઓએ! અને આ વસ્તુ આધુનિક ચિત્રકલાની શરૂઆતના સમયમાં એટલે કે સને ૧૯૦૦ની સાલમાં ભરાયેલા વિશ્વપ્રદર્શનના સમયમાં બનેલી; અને જો હું એ ચિત્રકારનું નામ તમને કહું તો તમે તરત જ એને ઓળખી પાડશો...હવે, અલબત્ત એ લોકો ખૂબ આગળ વધી ગયા છે અને એથી વધુ સારી રીતે કામ કર્યું છે. છતાં, આપણા પેલા ચિત્રકારમાં સંવાદ અને સૌંદર્યની દૃષ્ટિ હતી અને એથી એની રંગોની મિલાવટ સુંદર રહેતી. પણ હાલમાં તો તમારા ચિત્રમાં જરા પણ સુંદરતા હોય તો નહિ ચાલે, એમાં તો ભડકી જવાય તેટલા પ્રમાણમાં વિરૂપતા હોવી જોઈએ, અને તો પછી, એ આધુનિક કલાકૃતિ કહેવાય!

આ વાતની શરૂઆત...એક એવા માનવીથી શરૂ થાય છે જે સ્થિર વસ્તુઓનાં ચિત્રો કરતો અને જે કદી પણ વર્તુળાકાર ફલક ઉપર ચિત્ર બનાવતો નહિ...સેઝાન! શરૂઆત એણે કરેલી; એ એમ કહેતો કે જો ગોળ ફલક ઉપર ચિત્રકામ કરવામાં આવે છે તો એ જીવંત બની શકતું નથી; જ્યારે વ્યકિત સાહજિકપણે કોઈ વસ્તુઓ તરફ જુએ છે ત્યારે તે ફલકને ગોળાકારમાં જોતો નથી. વ્યકિત આ રીતે જુએ છે (અભિનય). મને ખબર નથી કે કેમ, પણ એ કહેતો કે આપણું મન જ આપણને તકતીઓને ગોળ આકારમાં જોવડાવે છે કારણ કે તે જાણે છે કે તે ગોળ છે, નહિ તો આપણે તેમને ગોળ આકારમાં જોતાં નથી. એ જ એક એવી વ્યકિત હતો કે જેણે આ બાબતમાં શરૂઆત કરેલી... એણે એક સ્ટીલ-લાઈફ ચિત્ર કરેલું જે સાચે જ એક ઘણી સુંદર વસ્તુ હતી, આ વસ્તુ લક્ષમાં રાખો; એક ઘણી સુંદર વસ્તુ જેમાં રંગ અને રૂપની છાપ સાચે જ નવાઈ પમાડે તેવી હતી (હું એકાદ દિવસે એની પ્રતિકૃતિઓ તમને બતાવીશ, મારી પાસે એ હશે, પરંતુ એમાં કમનસીબી એ છે કે એ પ્રતિકૃતિઓ રંગીન નથી, અને એમાં સાચું સૌંદર્ય રંગનું જ છે.) પણ એ ખરું કે એનાં ચિત્રના ફલક ગોળાકાર ન હતા. એના મિત્રો એને આ જ વસ્તુ પૂછતા, 'પણ આખરે તમે તમારા ચિત્રો ગોળાકાર ફલકમાં

નથી રાખતા એનું કારણ શું છે ?' એ કહેતો 'મારા મિત્ર, તમે તદ્દન મનોમય દૃષ્ટિવાળા છો, તમારામાં કલાકારની દૃષ્ટિ નથી, તમે વિચાર કરો છો માટે જ તમારાં ચિત્રો ગોળાકાર ફલક ઉપર બનાવો છો, જો તમે કેવળ દર્શન જ કરતા હોત તો તમે આમ જ કરત (અભિનય). જેવી તમારા ઉપર છાપ પડતી હોય તેના અનુસાર જ તમારે તમારા ફલક ઉપર ચિત્રકામ કરવું જોઈએ; એના વડે તમારામાં એક છાપ પડે છે અને એ છાપની તમે પ્રતિકૃતિ રચો તો એ સાચે જ કલાત્મક બની રહે છે. આધુનિક ચિત્ર-કલાની ઉત્પત્તિ આ રીતે બની આવી છે અને લક્ષમાં રાખો કે એની એ વાત સાચી હતી, એના ચિત્રોના ફલક ગોળાકારમાં નહોતા રહેતાં, પણ તત્ત્વત: એની વાત સાચી હતી.

ચિત્રકલા અત્યારે જેવી છે એવી બનવાનું કારણ શું છે તેનું કારણ તમારે મારી પાસેથી માનસિક રીતે જાણવું છે?...એનું કારણ છે ફોટોગ્રાફી. ફોટોગ્રાફરો પોતાનું કામ યોગ્ય રીતે જાણતા ન હતા અને એ લોકોએ જનતા સમક્ષ જે બેડોળ, ભયંકર, રીતે કુરૂપ, યાંત્રિક રીતની વસ્તુઓ રજૂ કરી, જેમાં આત્માની કોઈ અભિવ્યકિત ન હતી, એમાં કોઈ જાતની કલા ન હતી, આખી વસ્તુ જુગુપ્સાજનક હતી. ફોટોગ્રાફીમાં શરૂ-આતમાં જે કાંઈ પ્રયોગો છેક લગભગ હમણાં સુધી થયા હતા તે બધા એ જ રીતના હતા. ફકત પચાસેક વર્ષ પહેલાંથી એ કાંઈક સભ્ય પ્રકારના બન્યા છે અને હવે એમાં ધીરે ધીરે સુધારા દાખલ થતાં એ કાંઈક સારી વસ્તુ બની રહી છે; છતાં કહેવું જોઈએ કે એમાં પ્રક્રિયા તદ્દન જુદી રીતની હોય છે. એ દિવસોમાં જ્યારે તમારો ફોટો પાડ-વાનો હોય ત્યારે તમારે એક આરામદાયક ખુરસીમાં સરસ રીતે ટેકો દઈને તમારી સામે આમ મોં ફાડીને બેઠી હોય એવી એક કાળા લૂગડાવાળી દુર્ધર્ષ વસ્તુની સામે બેસવાનું રહેતું. અને ફોટો પાડનાર તમને ફરમાન કરતો, 'હાલશો નહિ, સ્થિર બેસો!' અને એ રીતે જૂના કાળની ચિત્રકળાનો અંત આવ્યો. જ્યારે ચિત્રકાર કોઈ જીવંત વસ્તુની રચના કરતો, કોઈની જીવંત લાગે તેવી છબી ચીતરતો ત્યારે તેના મિત્રો તેને કહેતા, 'લો, આ તો ફોટોગ્રાફી જેવું જ છે!'

એમ કહી શકાય કે ગયા સૈકાના અંતના કાળની, એટલે કે બીજા સામ્રાજ્યના સમયની કળા ઊતરતી કક્ષાની હતી. એ તો વેપારીઓનો, મોટા ભાગે બેન્કરો, શરાફોનો યુગ હતો અને સાચું કહું તો, એ સમયમાં લોકોની રસવૃત્તિનું ઘણું પતન થયેલું હતું. હું નથી માનતી કે માણસ વેપારી હોય એટલે કલાના ક્ષેત્રમાં પણ હોંશિયાર હોય, પણ જ્યારે એમને પોતાનું ચિત્ર કરાવવું હોય ત્યારે એમને બરાબર મળતાપણું તો જોઈએ જ! તમે જરા જેટલી વિગત ચૂકી જાઓ તે ના ચાલે, એ આખું ફારસ જેવું બની

રહેતું: 'અને જુઓ, મારે આ ઠેકાણે આ એક નાની સરખી કરચલી પડેલી છે, એ ચીતરવાનું ભૂલી ન જતા!' અને એવી સન્નારીઓ આવતી જે કહે કે 'જુઓ, મારા ખભા સરસ ગોળાકાર આવે એમ કરજો.' અને એવું બધું. એટલે ચિત્રકારો એવાં ચિત્ર કરવા માંડયા જે ફોટોગ્રાફી જેવાં જ બની રહ્યાં. એ ચિત્રો સપાટ, ઉષ્માહીન, આત્મા વિનાનાં, કોઈ પણ પ્રકારની દષ્ટિ વિનાનાં બની રહેતાં. હું એ સમયના ઘણા કલાકારોનાં નામ તમને આપી શકું, ચિત્રકલા માટે ખરેખર એ એક શરમની વાત હતી. આ રીતે લગભગ ગઈ સદીના અંતકાળ સુધી, આશરે સને ૧૮૭૫ સુધી ચાલેલું. પાછળથી પછી પ્રતિક્રિયાની શરૂઆત થઈ. પછી એક આખો ઘણો સુંદર સમય આવ્યો (હું એ સમયમાં ચિત્રો કરતી હતી એટલા માટે જ આ હું કહેતી નથી) પરંતુ એ સમયના જે જે કલાકારોને હું ઓળખતી હતી તે બધા સાચા અર્થમાં કલાકારો હતા, પોતાની કલા પ્રત્યે એ લોકો સાચે જ ગંભીર હતા અને એવી પ્રશંસાપાત્ર રચનાઓ કરતા જે હજી પણ વખણાતી રહી છે. એ સમય ઈમ્પ્રેશનિસ્ટ (વસ્તુઓની અંતરમાં ઊઠતી છાપનું ચિત્ર કરનાર) કલાકારોનો એ યુગ હતો, એ સમય માનેટનો હતો, એ ખરેખર સુંદર સમય હતો, એ લોકો ખરેખર સુંદર રચનાઓ કરતા હતા. પણ લોકો જેવી રીતે ખરાબ વસ્તુઓથી થાકી જાય છે એવી જ રીતે સુંદર વસ્તુઓથી પણ થાકી જાય છે. એટલે પછી એવા લોકો આવ્યા જે લોકો 'ધ સેલોં દ ઑતોમ' સ્થાપવા માગતા હતા. એ લોકો બીજાઓને પાછળ પાડી દઈ આગળ જવા માગતા હતા, એ લોકો નૂતન વસ્તુઓ પ્રત્યે વધુ પ્રમાણમાં જવા માગતા હતા, સાચી રીતે કહીએ તો જે વસ્તુઓ ફોટોગ્રાફીથી વિરુદ્ધની હોય એવી વસ્તુઓ પ્રત્યે જવા માંગતા હતા. અને પછી ભારે થઈ, એ લોકો (મારી રસવૃત્તિની દષ્ટિએ) જવા વધુ પડતા મર્યાદા બહાર ચાલ્યા ગયા. એ લોકો રેબ્રોંની ટીકા કરવા લાગ્યા—એમને મન રેબ્રોં, તિશીઓં અને ઈટાલીના પુનરુત્થાન કાળના બધા કલાકારો કેવળ લપેડા કરનારા જ લાગતા હતા. રાફાએલનું તો તમારાથી નામ જ ન લેવાય. જાણે એ કોઈ શરમજનક બાબત હોય તેમ. ઈટાલીના પુનરુત્થાનનો આખો મહાન કાળ તેમને માટે કંઈ ખાસ વિસાત વિનાનો હતો; લીઓનાર્દો દા વિન્સીની કૃતિઓ માટે પણ કહેતા 'જુઓ, એ બધી હાથમાં લઈ બાજુએ મૂકી દેવા જેવી છે,' અને પછી એ લોકો એથી જરા આગળ વધ્યા; એમને કોઈ તદ્દન નવી વસ્તુ જોઈતી હતી, અને એ લોકો જરા વધુ પડતી છૂટ લેવા લાગ્યા. અને પછી, ત્યાંથી એક ડગલું જ આગળ લેવામાં આવે તો તમે પેલા પૅલેટનાં લૂછણિયાંના યુગમાં આવી પહોંચો છો અને એમ એ કથાનો અંત આવે છે.

મને ખબર છે ત્યાં સુધી ચિત્રકલાનો ઈતિહાસ આવો છે.

સાચું કહું તો હવે, આપણે પાછાં ઢોળાવની ઉપર ચઢી રહ્યાં છીએ. સાચે જ, આપણે અસંબદ્ધતા, વિરૂપતા અને અસભ્યતાના ઊંડા ગર્તમાં ઢળી પડ્યા હતા — ત્રાસદાયક અને બેડોળ, ગંદી, આઘાતજનક વસ્તુઓ આપણા રસનો વિષય બની ગઈ હતી. મને લાગે છે કે આપણે છેક પાતાળની ખાઈમાં પડી ગયા હતા.

બાળક : આપણે સાચે જ ઉપરની દિશામાં જઈ રહ્યા છીએ એમ કહી શકાય ?

શ્રી માતાજી : મને તો એમ લાગે છે. તાજેતરમાં મેં કેટલાંક ચિત્રો જોયાં હતાં તેમાં ખરેખર વિકૃતિ અને અશિષ્ટતા કરતાં કંઈક અલગ વસ્તુ હતી. એમાં હજી કલા નથી આવી, સૌંદર્ય પણ ઘણું દૂર છે, પણ એમાં આપણે ઉપરની દિશામાં જઈ રહ્યા છીએ એનાં એંધાણ મળી રહે છે. તમે જોશો કે પચાસ વર્ષ પછી આપણને કદાચ સાચા અર્થમાં સુંદર કહેવાય તેવી કૃતિઓ જોવા મળશે. આ વસ્તુ મને થોડાક દિવસ ઉપર લાગેલી કે સાચે જ આપણે ઊતરતા જતા ઢાળના છેડે આવી પહોંચ્યા છીએ — આપણે હજી ઘણા નીચાણમાં છીએ, પણ આપણે ઉપર ચઢવાની શરૂઆત કરેલી જણાય છે. લોકોમાં હવે એક પ્રકારની ઊંડા મનઃદુખની લાગણી જણાય છે, જો કે હજી પણ, સૌંદર્ય કેવું હોઈ શકે અને હોવું જોઈએ તેના વિષે તેમનામાં સમજણનો બિલકુલ અભાવ છે, પરંતુ આપણે જોઈએ છીએ કે લોકોની અભીપ્સા એક એવા પ્રકારની વસ્તુ પ્રત્યે ગતિમંત થઈ રહી છે જે, કોઈ ત્રાસદાયક જડ વસ્તુ નહિ હોય. એમ લાગે છે કે 'સત્યનિષ્ઠ' ગણાવા માટે કલાએ થોડા સમય માટે કાદવમાં આળોટવાની કામના કરી હતી. એ લોકોએ 'સત્ય' તરીકે એવી વસ્તુઓ પસંદ કરેલી કે જે જગતમાં વધુમાં વધુ જુગુપ્સાજનક, ખૂબ બેડોળ હોય : સર્વ પ્રકારની વિરૂપતાઓ, બધી ગંદકી, બધી બેહૂદીઓ, સર્વપ્રકારની ભયંકરતાઓ, રંગ અને રૂપની સર્વપ્રકારની અસંબદ્ધતાઓનો ખીચડો; ભલે, પણ હવે આપણે એ બધું પાછળ મૂકી દીધું છે એમ લાગે છે, છેલ્લા કેટલાક દિવસથી આ પ્રકારની લાગણી ખૂબ ઉત્કટપણે મારામાં થઈ આવી છે (ચિત્રો જોઈને નહિ, કારણ કે એવું જોવાનું અહીં ખાસ મળતું નથી પણ 'હવા પારખી'ને મને એમ લાગ્યું છે.) અને જે પ્રતિકૃતિઓ આપણને બતાવવામાં આવે છે એમાં પણ કોઈક એવી વસ્તુ પ્રત્યેની અભીપ્સા વર્તાય છે જે કંઈક ઊંચે લઈ જનારી હોય. એટલે, એને માટે લગભગ પચાસ વર્ષ જોઈશે...સિવાય કે કોઈ બીજું યુદ્ધ આવી પડે, કોઈ બીજી ઊથલપાથલ આવી પડે; કારણ કે એ તો ચોક્કસ છે કે યુદ્ધ અને યુદ્ધની બિભિષિકાઓ જ આવા પ્રકારની જુગુપ્સાપ્રેરક વસ્તુઓ વિષેના રસ માટે જવાબદાર છે. લોકોમાં જે સુસંસ્કૃત સંવેદનશકિત હોય છે, સંવાદિતા માટે જે

પ્રેમ હોય છે, સૌંદર્યની જરૂરિયાત વિષેની ભાવના હોય છે એ સર્વ કાંઈ યુદ્ધના ગાળામાં એક બાજુએ મૂકી દેવાની ફરજ પડેલી, નહિ તો, મને લાગે છે કે એ લોકો યુદ્ધની ભયંકરતાના ભાન માત્રથી મરણશરણ થયા હોત. એ ગાળો એટલો બધો અકથ્ય-પ્રમાણમાં ગંદો હતો કે જે સહન ન થઈ શકે, એટલે એના પરિણામે લોકોની રસવૃત્તિ હરેક સ્થળે વિકૃત બની ગઈ અને જ્યારે યુદ્ધનો અંત આવ્યો (જો આપણે એમ સ્વીકારીએ કે યુદ્ધનો ખરેખર અંત આવેલો), ત્યારે લોકોને એક જ વસ્તુ જોઈતી હતી, વિસ્મૃતિ, વિસ્મૃતિ, વિસ્મૃતિ. જે ભયંકર વસ્તુઓ તેમને ભાગે સહન કરવાની આવી હતી તે બધીને ભૂલી જવા ધ્યાન બીજે વાળનારી વસ્તુઓ. અને એમાં પછી વ્યકિત ઘણી હલકી કક્ષાએ નીચે ઊતરી જાય છે. આખું પ્રાણમય વાતાવરણ પૂર્ણપણે વિકૃત બની જાય છે અને ભૌતિક વાતાવરણ પણ ભયંકર રીતે ધૂંધળું બની રહે છે.

એટલે, જો આપણે ફરીવારના વિશ્વયુદ્ધમાંથી મુકત રહી શકીએ..કારણ કે યુદ્ધ તો ચાલુ જ છે, એ કદી અટક્યું નથી. આ સૈકાની શરૂઆતથી જ યુદ્ધ ચાલુ છે; એની શરૂઆત ચીન, તુર્કી, ટ્રિપોલીટાનીઆ, મોરોકકો વગેરેથી બાલ્કન રાજ્યોથી —તમને સમજાય છે ને? — થઈ હતી, એ કદી અટક્યું નથી, પરિસ્થિતિ વધુ ખરાબ થતી ગઈ છે, પરંતુ જ્યારે જ્યારે એણે વિશ્વયુદ્ધનું રૂપ ધારણ કર્યું છે ત્યારે એણે તદ્દન જુગુપ્સાપ્રેરક પરિણામ ધારણ કર્યું છે. મારાં બાળકો, તમે બધાં વિશ્વયુદ્ધ પછી જન્મેલાં છો, (હું પ્રથમ વિશ્વયુદ્ધની વાત કરું છું), એટલે આને વિશે તમે બહુ જાણતાં નથી, અને વળી પાછાં તમે તો સાચે જ એક વિશિષ્ટ કહેવાય એવા દેશમાં જન્મ લીધેલો છે. પરંતુ જે બાળકો યુરોપમાં જન્મેલાં, પાછળથી જે નાનાં નાનાં બાળકો યુદ્ધકાળમાં જન્મ પામેલાં, એ બધાં કોઈક એવી વસ્તુ લઈને જન્મેલાં છે કે જે ભૂંસાવી ઘણી મુશ્કેલ છે, — એક પ્રકારની યંત્રણા, ભયની લાગણી. યંત્રણા શું વસ્તુ છે એનો અનુભવ ન થયો હોય તેવી વ્યકિત એમાં ગૂંચાઈ જાય નહિ. બીજા વિશ્વયુદ્ધ કરતાં કદાચ પ્રથમ વિશ્વયુદ્ધ વધુ ખરાબ હતું. બીજું વિશ્વયુદ્ધ એટલું બધું ઉશ્કેરાટભર્યું હતું કે એમાં સર્વવસ્તુઓ તણાઈ ગઈ...પણ પહેલું વિશ્વયુદ્ધ, ઓહ્, શું વાત કરું...જે છેલ્લા કેટલાક માસ મેં પેરિસમાં ગાળેલા તે ખરેખર કલ્પનાતીત હતા. એની તો વાત જ ન કરી શકાય. દાખલા તરીકે, ખાઈઓમાંનું જીવન એ એક એવી વસ્તુ છે જેની વાત જ ન થાય. નવી પેઢીને ખબર નથી...પણ જુઓ, હાલમાં જન્મેલાં બાળકોને તો આ બધું, આ બધી ભયંકર વસ્તુઓની વાતો કરવામાં આવશે, તેમાં તેમને ખબર નહિ પડે કે એ બધું સાચું છે. જિતાયેલા દેશો, ઝેકોસ્લોવેકિયા, પોલેન્ડ, ફ્રાન્સ એ બધામાં જે ભયંકર, માની ન શકાય તેવી, કલ્પનામાં પણ ન આવી શકે તેવી વસ્તુઓ બનેલી તેનો ખ્યાલ જો તમે જોયું ન હોય, તમે નિકટમાં જ ન રહેલાં હો તો તમને

આવી જ ન શકે. એવું હતું કે...મેં એક દિવસે વાત કરેલી કે પ્રાણમય જગત ભયંકર વસ્તુઓથી ભરેલું જગત છે; તો, એ સમયમાં, એ પ્રાણમય જગતની બધી બિભિષિકાઓ પૃથ્વી ઉપર ઊતરી આવી હતી, અને પૃથ્વી ઉપર એ વસ્તુઓ પ્રાણમય જગતમાં હોય તેનાથી વધુ ભયાનક હોય છે, કારણ કે પ્રાણમય જગતમાં તો, જો તમારામાં અંતરનું કોઈ બળ હોય, જો તમારામાં એ વિષયનું જ્ઞાન હોય, શકિત હોય, તો તમે એમના ઉપર કાર્ય કરી શકો છો — એમના ઉપર કાર્ય કરીને એમને વશ વર્તાવી શકો છો, તમે બતાવી આપી શકો છો કે તમે એમના કરતાં વધુ બળવાન છો. પરંતુ તમારું સર્વ જ્ઞાન, તમારી સર્વ શકિત, તમારું સર્વ બળ, જ્યારે તમારે યુદ્ધની ભયંકરતાનો સામનો કરવાનો આવે ત્યારે કશી વિસાતમાં રહેતાં નથી. અને આ વસ્તુ પૃથ્વીના વાતાવરણમાં એક એવી રીતે કાર્ય કરે છે કે જેને ભૂંસી નાખવું એ ખૂબ ખૂબ મુશ્કેલ વસ્તુ બની રહે છે.

કુદરતી રીતે, માનવો આવી વસ્તુઓ ભૂલી જવા ઘણા આતુર હોય છે, અત્યારે પણ એવી વ્યકિતઓ છે જે કહેવા લાગી છે, 'તમને ખાતરી છે કે વસ્તુઓ એ પ્રકારની હતી?' પરંતુ જે લોકો એ બધામાંથી પસાર થયા છે એ, એ વસ્તુઓ ભુલાય તેમ ઇચ્છતા નથી; એટલે માણસોને ત્રાસ આપવાની, હલાલ કરવાની — અધમમાં અધમ, માનવ કલ્પના ધારી શકે એથી પણ પેલે પાર જાય તેવી જુગુપ્સાજનક જગ્યાઓ — એમાંનાં કેટલાંક સ્થળો સાચવી રાખવામાં આવ્યાં છે. જર્મનોએ પેરીસમાં બાંધેલી માનવો ઉપર ત્રાસ ગુજારવાની કોટડીઓ તમે હજી પણ જઈને જોઈ શકો છો, હું આશા રાખું છું કે એમનો કદી નાશ નહિ કરવામાં આવે, એટલે જે લોકો આવીને એમ કહેતા હોય કે, 'ઠીક હવે, પણ આમાં હકીકતની અતિશયોકિત કરવામાં આવતી હોય એમ લાગે છે' (કારણ કે લોકોને આવી ભયંકર વસ્તુઓ ખરેખર બનેલી તેવું જાણવું ગમતું નથી), તો એમનો હાથ પકડીને લઈ જઈ શકાય અને કહી શકાય કે, 'જો તમને બીક લાગતી હોય તો અહીં આવીને નજરે જુઓ.'

ચારિત્ર્યનું ઘડતર આ વસ્તુમાંથી થાય છે. જો આ વસ્તુને યોગ્ય રીતે ગ્રહણ કરવામાં આવે (અને મને લાગે છે કે એવા લોકો પણ છે જેમણે આ વસ્તુને યોગ્ય રીતે ગ્રહણ કરી છે) તો એ તમને સીધે સીધી યોગ તરફ લઈ જાય છે. એટલે કે, આને લઈને વ્યકિતને પોતે આ જગતની વસ્તુઓથી તદ્દન અલગ હોવાની એક ઊંડી લાગણી થઈ આવે છે, આ જગતની વસ્તુઓથી જુદા જ પ્રકારની કોઈ વસ્તુની ખોજ કરવાની ખાસ જરૂરિયાત લાગે છે, કોઈ સાચા અર્થમાં સુંદર, તાજગીભરી, ખરેખરી શુભ હોય તેવી વસ્તુની શોધ કરવાની અવગણી ન શકાય તેવી જરૂર લાગે છે...પછી, એ વસ્તુ

તમને તદ્દન સાહજિકપણે એક આધ્યાત્મિક અભીપ્સા પ્રત્યે દોરી જાય છે. અને આ જે ભયંકર કૃત્યોની મેં વાત કરી તેના પરિણામે માણસોમાં જાણે જુથો પડી ગયાં હતાં : માણસોની એક નાની સંખ્યા એવી હતી જેઓ તૈયાર હતા અને એવા લોકોની ચેતના ઘણી ઉચ્ચતાને પામી, પણ મોટા ભાગના લોકો એ રીતે તૈયાર ન હતા અને એવા લોકો ખૂબ પતિત અવસ્થામાં સરી પડયા. એવા લોકો હાલમાં કેવળ કાદવમાં આળોટી રહ્યા છે અને એને લઈને વ્યકિત એમાંથી બહાર નીકળી શકતી નથી અને પરિસ્થિતિ જો આવી જ ચાલુ રહેશે તો આપણે ફરી એક વાર યુદ્ધમાં હડસેલાઈ જઈશું અને જો એમ થશે તો આ વખતે તો હાલની સંસ્કૃતિનો અંત જ આવશે — હું જગતનો અંત આવશે એમ નથી કહેતી કારણ કે કોઈ વસ્તુ જગતના અંતરૂપ બની શકે તેમ નથી, પણ હાલની માનવ સભ્યતાનો અંત આવશે, એટલે કે માનવે અન્ય પ્રકારની સભ્યતાની રચના ઊભી કરવી પડશે. તમે કદાચ મને એમ કહેશો કે એવું થાય તો તો બહુ સારું કારણ કે અત્યારની સભ્યતા પતનની દિશામાં, વિનાશને માર્ગે જ જઈ રહી છે; પણ આખરે એમાં પણ ઘણી સુંદર વસ્તુઓ છે, અને એ સાચવી રાખવા જેવી છે, કારણ કે એમનો નાશ તે તો એક ઘણી કરૂણ વસ્તુ બને. પણ જો ફરીથી જો યુદ્ધ થશે તો હું તમને કહી મૂકું છું કે આ બધું ખલાસ થઈ જવાનું છે. કારણ કે માણસો બહુ બુદ્ધિશાળી પ્રાણીઓ છે અને સર્વ વસ્તુઓનો નાશ કરવાનાં સાધનો એમણે શોધી કાઢયાં છે અને એમનો એ ઉપયોગ કરવાનાં જ. કારણ કે જો ઉપયોગ ન કરવાનો હોય તો અમુક પ્રકારના બોમ્બની શોધ કરવા પાછળ અબજો રૂપિયા ખર્ચ કરવાનો શો અર્થ છે? માત્ર થોડીક જ મિનિટોમાં એક આખા શહેરનો નાશ થઈ શકે એવી શોધનો ઉપયોગ એમનો નાશ કરવા માટે ન હોય તો શા માટે કરવામાં આવે છે! માણસને પોતાના પ્રયત્નોનું ફળ તો જોવા મળવું જોઈએ ને ! જો યુદ્ધ થશે તો આવું બધું બનશે.

ત્યારે પરિસ્થિતિ આમ જ છે, હું તમને એવી બધી વસ્તુઓની વાતો કરી રહું છું કે જે બહુ આનંદદાયક નથી. પણ કેટલીક વાર માણસોને વિચાર કરતા કરવા માટે તેમના મગજમાં થોડોક ભાર ભરવાની પણ જરૂર હોય છે.

૧૨ એપ્રિલ, ૧૯૫૧

બાળક : જાપાનની કલા અને યુરોપના દેશો જેવા બીજા દેશોની કલામાં કયા પ્રકારનો તફાવત છે ?

શ્રી માતાજી : જાપાનની કલામાં ભૌતિક જીવનમાં મનોમય વસ્તુનો સીધે સીધો આવિષ્કાર હોય છે; જાપાનના લોકો બહુ ઓછા અંશે પ્રાણનો ઉપયોગ કરે છે. એમની કલા અતિશય મનોમય, એમનું જીવન ખૂબ મનોમય પ્રકારનું હોય છે. એમની કલા ખૂબ ચોકસાઈપૂર્વક મનોમય રૂપોનો વિગતપૂર્ણ આવિષ્કાર કરે છે. એ લોકો સૌંદર્યની સ્વાભાવિક લાગણીને કેવળ ભૌતિક સ્તર ઉપર જ અનુભવી શકે છે. દાખલા તરીકે, જે એક વસ્તુ આપણને યુરોપમાં ભાગ્યે જ જોવા મળે છે તે વસ્તુ આપણે જાપાનમાં રોજ સતતપણે જોઈએ છીએ : તદ્દન સામાન્ય લોકો, મજૂર વર્ગના લોકો અને ખેડૂતો પણ આરામ કરવા કે આનંદપ્રમોદ કરવા માટે એવા સ્થળે જાય છે જ્યાંથી એ લોકો ખૂલ્લા સુંદર પ્રાકૃતિક દૃશ્યને નિહાળી શકે. આ વસ્તુ એ લોકોને પત્તાં રમવા જવું અથવા એવી અન્ય પ્રકારની મનફેર કરવાની જે રમતો યુરોપના દેશોમાં પ્રચલિત છે તેના કરતાં વધુ આનંદ આપે છે. કેટલીક વાર એ લોકો અમુક જૂથોમાં રસ્તે જતાં અથવા અમુક ઠેકાણા સુધી ટ્રેન કે ટ્રામમાં જતા અને પછી બાકીનો રસ્તો સુંદર પ્રાકૃતિક દૃશ્યવાળા વિસ્તારને જોવા જવા પગે ચાલીને કાપતા જોવામાં આવે છે. પછી આવે સ્થળે એ પ્રાકૃતિક દૃશ્ય–વિસ્તારમાં બરાબર ગોઠવાઈ જાય તેવું એક નાનું સરખું મકાન હોય છે અને ત્યાં એક પ્રકારનો નાનો સરખો ઓટલો હોય છે જ્યાં જઈને

માણસો બેસી શકે. સાથે એક નાનો સરખો ચહાનો પ્યાલો હોય અને એ લોકો એ દૃશ્ય–વિસ્તારનું અવલોકન કરતા જાય. એ લોકોને માટે એ પરમોચ્ચ કોટિનો આનંદ હોય છે. એ લોકોને એથી વધુ આનંદદાયક બીજી કોઈ વસ્તુ લાગતી નથી. આવી વસ્તુ કલાકારોમાં હોય, કે ભણેલા કે સુશિક્ષિત લોકોમાં હોય એ તો આપણે સમજી શકીએ તેમ છે, પણ હું જે વાત કરું છું તે તો તદ્દન સાધારણ વર્ગના ગરીબ લોકોની વાત કરું છું, જેમને ઘેર બેસી રહીને આરામ કરવા કે નવરાશનો સમય ઘરમાં ગાળવા કરતાં આ રીતે ફરવા જવું વધુ પસંદ હોય છે, એ વસ્તુ એમને વધુમાં વધુ આનંદદાયક લાગે છે.

અને એ દેશમાં, દરેક ઋતુ માટે એવી રીતે ફરવા જવા માટે જાણીતી જગ્યાઓ છે. દાખલા તરીકે, હેમંત ઋતુમાં વૃક્ષોનાં પાન લાલ રંગનાં થઈ જાય છે અને એ દેશમાં મેપલનાં ઝાડ ઘણી સંખ્યામાં હોય છે, (મેપલના ઝાડનાં પાન હેમંત ઋતુમાં લાલ રંગના અનેક વર્ણો ધારણ કરે છે, એ દેખાવ ખૂબ અદ્‌ભુત હોય છે), એટલે એ લોકો જેની આખી ટોચ મેપલનાં વૃક્ષોથી છવાયેલી હોય એવી ટેકરીની ટોચ ઉપર કોઈ મંદિરની પાસે એવી જગ્યાની ગોઠવણી કરે છે. એ ટેકરીની ટોચે તળેટીમાંથી ટોચ ઉપર સીધે સીધી પહોંચતી હોય એવી લગભગ નિસરણી જેવી પગથિયાંની શ્રેણી હોય છે, એ એટલી બધી સીધી હોય છે કે એ ટેકરીની ટોચ ઉપર શું છે તે નીચેથી જોઈ શકાય નહિ અને આપણને જાણે એ આકાશમાં ચઢવાની સીડી હોય એવું લાગે- એક પથ્થરની પગથિયાંની સરસ રીતે ઘડેલી શ્રેણી, સીધે સીધાં ઊંચાણવાળી અને જાણે એની ટોચ આકાશમાં અદૃશ્ય થઈ જતી હોય - વાદળો પસાર થતાં જાય અને ટેકરીની બન્ને બાજુઓ મેપલનાં ઝાડથી છવાઈ ગયેલી હોય અને એ મેપલનાં ઝાડની આપણી કલ્પનામાં પણ ન આવી શકે એવી રંગલીલા હોય છે. હવે, ત્યાં કોઈ કલાકાર જઈ પહોંચે તો તેને તદ્દન અભૂતપૂર્વ, અદ્‌ભુત સૌંદર્યને પોતે નિહાળી રહ્યો છે એવી લાગણી થાય; પરંતુ જાપાનમાં તો તદ્દન નાનાં બાળકો, અથવા નાનાં છોકરાંને ખભે વળગાડીને ટોળે ટોળાં વળીને જતાં કુટુંબો પણ આપણને આવે સ્થળે જતાં જોવા મળે છે. હેમંત ઋતુમાં એ લોકો ત્યાં જતાં હોય છે અને વસંત ઋતુમાં ફરવા જવા માટે વળી બીજી જગ્યાએ જતા હોય છે.

ટોકિયોની તદ્દન નજદીકમાં એક બાગમાં આઈરીસના છોડવાઓ ઉગાડેલા છે. એ બાગમાં નાનાં નાનાં ઝરણાં છે અને ઝરણાંની સાથે અનેક પ્રકારના રંગના ફુલોવાળા આઈરીસના છોડ રોપેલા છે. એ બધા છોડ તેમનાં ફુલોના રંગના એવી રીતના ક્રમમાં ગોઠવેલા છે અને તેમનું સંયોજન એવી રીતનું કરેલું છે કે એ બાગમાં પ્રવેશ કરતાં

જ આપણે અંજાઈ જઈએ, એ બધા છોડ માથાં ઊંચા કરી ઊભા હોય અને એમનાં ફૂલોમાંથી જાણે રંગોના ભડકા ઊડતા હોય એવું દૃશ્ય ખડું થાય છે, અને એ બાગમાં એવાં ફૂલોનાં તો ઢગલે ઢગલા છેક નજર પહોંચે ત્યાં સુધી આવી રહેલા જણાય છે. બીજા કોઈ વખતે, વસંત ઋતુના આગમન વખતે (ત્યાં વસંત થોડી વહેલી બેસે છે) આપણી દૃષ્ટિ ચેરીનાં વૃક્ષો ઉપર જ પહેલી પડે છે. આ ચેરીનાં ઝાડ ફળ આપતાં નથી. એમને ફકત એમનાં ફૂલો માટે જ ઉગાડવામાં આવે છે, અને એ ફૂલોના રંગોની શ્રેણી તદ્દન શ્વેતરંગથી શરૂ થઈ ગુલાબી રંગ, એકદમ ઘેરા ગુલાબી રંગ સુધીની હોય છે, ત્યાં લાંબા લાંબા રસ્તાઓ તેમની બન્ને બાજુએ ગુલાબી રંગવાળા ચેરી વૃક્ષો સાથે જોવા મળે છે. એ વિશાળ વૃક્ષો આખે આખાં જાણે ગુલાબી રંગથી રંગાઈ ગયાં હોય એવું દૃશ્ય રસ્તાઓ ઉપર ખડું થાય છે. ત્યાં કેટલાક આખા પર્વતોના પર્વતો ચેરી વૃક્ષોથી ઢંકાયેલા છે, અને એ પર્વતોનાં નાનાં નાનાં ઝરણાંઓ ઉપર પુલો બાંધેલા હોય છે તે પણ લાલ રંગના હોય છે: તમે ત્યાં એ બધાં ગુલાબી પુષ્પોના સમૂહમાં લાલ રંગે રંગેલા પુલો જુઓ છો. ઠેક નીચે એક વિશાળ નદી વહી જતી હોય છે અને આખો પર્વત જાણે આકાશને આંબવા મથતો હોય છે. અને આવા સ્થળે એ લોકો વસંત ઋતુમાં જાય છે...દરેક ઋતુ માટે પુષ્પો જુદાં હોય છે. અને દરેક જાતનાં પુષ્પો માટે અલગ અલગ બગીચાઓ હોય છે.

ત્યાંના લોકો, આપણે એક ઘેરથી બીજે ઘેર જઈએ એટલા સહજ ભાવે ટ્રેનનો પ્રવાસ કરે છે; એમની સાથે એ લોકો આવું એક પેકેટ રાખે છે. એમાં એમનાં બદલવાનાં કપડાં હોય છે અને એટલું એમને માટે પૂરતું હોય છે. પગમાં એ લોકો દોરીનાં કે રેસાનાં સેન્ડલ પહેરે છે અને એ જ્યારે ઘસાઈ જાય ત્યારે એમને ફેંકી દઈને નવાં લાવે છે કારણ કે એની એમને કશી કિંમત પડતી નથી. એમનું આખું જીવન એ પ્રકારનું હોય છે. એ લોકો હાથરૂમાલ પણ કાગળના વાપરે છે અને વાપર્યા પછી તેમને નાખી દે છે, અને એવું જ બીજી બાબતોમાં --એ લોકો કશી વસ્તુનો બોજો પોતાની ઉપર રાખતા જ નથી. જ્યારે એ લોકો ટ્રેન મારફતે પ્રવાસ કરે છે ત્યારે દરેક સ્ટેશને એમને ભોજનનાં નાનાં નાનાં પેકેટ વેચાતાં મળે છે. (તદ્દન સુઘડ અને સ્વચ્છ પ્રકારનાં) એ ખોરાકનાં પેકેટ સફેદ લાકડાંનાં નાનાં નાનાં ખોખાનાં બનેલાં હોય છે. અને તેમાં જમવાને માટે ઉપયોગી નાની નાની ચોપ-સ્ટીક પણ એમાં મૂકેલી હોય છે, પછી, જ્યારે એ લોકો એનો ઉપયોગ કરી લે છે ત્યારે એને ફેંકી દે છે કારણ કે એ કોઈ કિંમતી વસ્તુઓ હોતી નથી. એવી વસ્તુઓ બાબતમાં એ લોકો કશી ફિકર ચિંતા કરતા નથી અને પોતાનો બોજો વધારતા નથી. એ લોકો એવી રીતે જ જીવે છે. જ્યારે એ લોકો કોઈ બાગ કે બગીચો બનાવે છે ત્યારે તેમાં વૃક્ષો એવી રીતે જગ્યાઓ

પસંદ કરી કરી રોપે છે કે એ દરેક સ્થળનું વૃક્ષ જ્યારે મોટું થાય ત્યારે કાં તો એ કોઈ પ્રકૃતિક દૃશ્યમાં ફાળો આપે કે એ પોતે જ એ પ્રાકૃતિક દૃશ્યમાં બરાબર બંધ બેસતું થઈ જાય. અને એ લોકો એ વૃક્ષ પણ અમુક આકારનું જ થાય એવું ઇચ્છતા હોય છે. એટલે એ લોકો એની વૃદ્ધિને સરખી કરતા રહે છે, કાપકૂપ કરતા રહે છે અને એ રીતે એ વૃક્ષમાંથી પોતાનો મન ગમતો આકાર નીપજાવે છે. ત્યાં તમે અનેક પ્રકારના ચિત્રવિચિત્ર આકારવાળાં વૃક્ષો જુઓ છો. એ લોકો જરૂરી ન હોય તેવી ડાખળીઓ કાપી નાખે છે, તો બીજી જરૂરી શાખાઓને વધવા દે છે અને યુકિતપૂર્વક પોતાનો મનગમતો આકાર ઘડી કાઢે છે. પછી તમે એક એવે ઠેકાણે આવી પહોંચો છો જ્યાં એ પ્રાકૃતિક દૃશ્યનો એક ભાગ હોય એવું એક મકાન જોવામાં આવે છે; એ મકાનનો રંગ યોગ્ય પ્રકારનો હોય છે. એવી રચના યોગ્ય પ્રકારનાં સાધનો વડે કરેલી હોય છે. યુરોપમાં એવાં મકાન તમને જાણે તમારા ચહેરા ઉપર આઘાત કરતાં હોય એવી રીતનાં હોય છે અને એથી એ મકાનો એ આખા પ્રાકૃતિક દૃશ્યને વિકૃત કરતાં હોય છે. ત્યાં જાપાનમાં એવું હોતું નથી. એ મકાનો એમનાં યોગ્ય સ્થાને વૃક્ષોથી ઢંકાયેલાં હોય છે; પછી તમે એકાદ વેલી જુઓ અને પછી એકાદ અદ્‌ભુત વૃક્ષ - એ પણ યોગ્ય સ્થળે જ હોય છે અને એનો આકાર પણ યોગ્ય પ્રકારનો જ હોય છે. જાપાનમાં હું હતી ત્યારે જાણે મારે બધી જ વસ્તુઓ શીખવાની હોય એવું હતું. કલાત્મક દૃષ્ટિએ જોતાં, હું જે ચાર વર્ષો ત્યાં રહી, ત્યારનું મારું જીવન એક આશ્ચર્યથી બીજા આશ્ચર્યના અનુભવોની પરંપરા સરખું બની રહ્યું હતું.

અને શહેરોની વાત કરીએ. દાખલા તરીકે ટોકિયો જેવા શહેરની વાત કરીએ. એ આખી દુનિયામાં મોટામાં મોટું શહેર છે, લંડન કરતાં પણ મોટું અને દૂર દૂર સુધી વિસ્તરેલું છે. હવે (ત્યાંના મકાનો આધુનિક રીતનાં બનાવ્યાં છે. એ શહેરનો આખો મધ્યભાગ આણગમો ઉપજાવે તેવો છે, પણ જ્યારે હું ત્યાં હતી ત્યારે એ કંઈક સારો લાગે તેવો હતો) એ શહેરના સીમાડાના વિસ્તારો કે જે બજારના વિસ્તાર નથી ત્યાં દરેક ઘરને વધુમા વધુ બે માળ હોય છે અને સાથે સાથે એક બગીચો - હંમેશાં ત્યાં દરેક મકાનની સાથે એક નાનો સરખો બગીચો હોય છે જ અને એમાં એક બે ખૂબ સુંદર વૃક્ષો પણ હોય છે. અને પછી તમે ફરવા નીકળો તો...ટોકિયોમાં તમને રસ્તો જડવો મુશ્કેલ પડે તેવું છે; ત્યાં સીધા રસ્તા હોય અને બન્ને બાજુએ નંબરોવાળા મકાનો હોય એવું નથી હોતું, એટલે તમે સહેલાઈથી ભૂલા પડી જાઓ છો. પછી તમે આજુબાજુ રખડવા નીકળી પડો છો - આપણે એ દેશમાં હંમેશાં આમ તેમ રખડવે ચઢી જઈએ છીએ — આમ તમે રખડતા જતા હો અને અચાનક તમે કોઈ શેરીનું નાકું વળો અને જુઓ તો જાણે તમે એક જાતના સ્વર્ગની સામે આવી ઊભા છો એમ લાગે.

ત્યાં સુંદર વૃક્ષો હોય છે. આસપાસની વસ્તુઓના જેવું જ સુંદર મંદિર હોય છે, અને ત્યાં તમને લાગતું જ નથી કે તમે કોઈ શહેરમાં છો. ત્યાં તમને અવરજવર કે ટ્રામના રસ્તા નડતા નથી; ફક્ત એક નાકું હોય છે અને એ નાકા ઉપર અદ્‌ભુત રંગોવાળાં વૃક્ષો હોય છે. અને એ આખું દૃશ્ય ત્યાંની સર્વ વસ્તુઓ જેવું સુંદર હોય છે. તમે ત્યાં કઈ રીતે જઈ ચઢ્યા એની જ તમને ખબર પડતી નથી, જાણે તમારા સદ્‌ભાગ્યે જ તમે ત્યાં પહોંચ્યા હો એવું લાગે છે. પછી તમે પાછા ફરો છો, તમારો રસ્તો શોધવા જાઓ છો અને એમ કરતાં વળી બીજે ક્યાંક રખડવે ચઢી જાઓ છો અને કો'ક બીજે ઠેકાણે પહોંચી જાઓ છો. થોડા દિવસ પછી તમને એ જ સ્થળની ફરી મુલાકાત લેવાનું મન થાય છે પણ તમને એ જડતું નથી, જાણે એ અલોપ થઈ ગયું હોય તેમ, અને આવું એટલી બધી વાર બને છે અને એટલું બધું સાચું છે કે આ પ્રકારની વાર્તાઓ પણ જાપાનમાં કહેવામાં આવે છે. એમનું સાહિત્ય પરીકથાઓથી સભર છે, એ લોકો તમને જે વાર્તાઓ કહે એમાં ઘણું ખરું વાર્તાનો નાયક અચાનક કોઈ જાદુઈ સ્થળે જઈ પહોંચતો હોય છે: એને ત્યાં પરીઓનો મેળાપ થાય છે, એ ત્યાં અદ્‌ભુત પ્રકારના લોકોને જુએ છે, એના કલાકો આનંદમગ્ન અવસ્થામાં પુષ્પો અને સંગીતના સૂરો વચ્ચે પસાર થાય છે; ત્યાં સર્વ કાંઈ સરસ હોય છે એ વાતોમાં એવું આવે છે કે બીજે દિવસે એને એ સ્થળેથી નીકળી જવું પડે તેમ હોય છે; જાણે એ સ્થળનો એ નિયમ જ હોય છે, અને એ જતો રહે છે. એ ફરીવાર એ સ્થળે પહોંચવા પ્રયત્ન કરે છે, પણ પહોંચી શકતો નથી. એને એ સ્થળ જડતું નથી: એ હતું ખરું પણ જાણે અલોપ થઈ ગયું હોય છે!... અને આ શહેરની અને દેશની દરેક વસ્તુ, શરૂઆતથી તે અંત સુધી, તમારામાં અસ્થાયીપણાની, અકલ્પિતપણાની, વિશિષ્ટત્વની છાપ ઊભી કરે છે. તમે જ્યારે પણ બહાર જાઓ ત્યારે ન ધારતા હો એવી વસ્તુઓ તમને ભેટી જાય છે; પરંતુ જો એ જ વસ્તુઓને તમે ફરીથી ખોળવા નીકળો તો એ હાથ આવતી નથી—એમણે બીજી કોઈ વસ્તુ ત્યાં બનાવી હોય છે, જે પેલી વસ્તુ જેટલી જ આહ્લાદક હોય છે. હું નથી ધારતી કે કલાની દૃષ્ટિએ જોતાં, સૌંદર્યના દૃષ્ટિબિંદુથી જોતાં એ દેશ જેટલો સુંદર પ્રદેશ કોઈ બીજે ઠેકાણે હોય.

હવે, મેં ચિત્રનું વર્ણન કરવા માંડ્યું છે તેને પૂર્ણ કરવા માટે મારે કહેવું જોઈએ કે જે ચાર વર્ષ હું ત્યાં રહી તે દરમિયાન ત્યાં વધુમાં વધુ પ્રમાણમાં આધ્યાત્મિકતાનો અભાવ જણાયો હતો. એ લોકોમાં એક અદ્‌ભુત પ્રકારની નૈતિકતા છે, એ લોકો નૈતિકતાનાં કડક ધોરણો અનુસાર જીવે છે, જીવનની નાનામાં નાની વિગત માટે એમની પાસે મનોમય ચોકઠાં તૈયાર હોય છે: તમારે અમુક રીતે જ ખાવું જોઈએ; બીજી રીતે નહિ; અમુક રીતે જ નમસ્કાર કરવા જોઈએ, બીજી રીતે નહિ; તમારે અમુક જ શબ્દો

વાપરવા જોઈએ પણ તે બધાંનો એક સાથે ઉપયોગ નહિ કરવાનો; અમુક લોકોને ઉદ્દેશીને બોલતાં તમારે અમુક રીતે જ તમારી વાત વ્યક્ત કરવી જોઈએ; બીજા પ્રકારના લોકો હોય ત્યારે તમારે બીજી રીતે બોલવું જોઈએ. જો તમે કોઈ દુકાનમાં કોઈ વસ્તુ ખરીદવા જાઓ તો તમારે અમુક વાક્યનો જ ઉચ્ચાર કરવો જોઈએ, તેમ નહિ કરો તો તમને કોઈ વસ્તુ આપવામાં નહિ આવે; એ લોકો પોતાની જગ્યાએથી ખસ્યા વિના તમારી સામે સાશંક દૃષ્ટિએ જોયા કરશે ! પરંતુ જો તમે યથાયોગ્ય શબ્દોથી વાત કરશો તો પૂરેપૂરાં ધ્યાનપૂર્વક તમારી તહેનાતમાં એ લોકો રહેશે, અને જરૂર પડશે તો તમારે બેસવા માટે ગાદી અને પીવા માટે ચહા પણ હાજર કરશે. અને ત્યાં બધી બાબતમાં એવું છે. આમ છતાં કોઈ પણ ક્ષણે તમને એમ નથી લાગતું કે તમે કેવળ એક અદ્‌ભુત સંયોજનવાળી મનોમય - ભૌતિક દુનિયાથી અલગ પ્રકારના પ્રદેશનાં સંપર્કમાં હો. અને એ લોકોમાં કેટલી બધી શક્તિ હોય છે! એ લોકોમાં એમનું સમગ્ર પ્રાણમય સ્વરૂપ શક્તિમાં પરિવર્તિત કરેલું હોય છે. એ લોકોમાં અસામાન્ય રીતની સહનશક્તિ હોય છે પરંતુ કોઈ સાહજિક પ્રકારની અભીપ્સા હોતી નથી; ફક્ત તમારે નિયમનું પાલન કરવાનું હોય છે અને એમ કરવું એ તમારી ફરજ હોય છે. જો ત્યાંના નિયમોને આધીનપણે તમે ન વર્તો તો તમે એ દેશમાં યુરોપિયનો રહે છે તે રીતે રહી શકો છો. એવી રીતે રહેનાર લોકોને ત્યાંના રહીશો અસભ્ય અને માથે પડેલા લોકો તરીકે ગણે છે. પરંતુ જો તમારે જાપાનીઝોની વચમાં જાપાનીઝની જેમ જીવન જીવવું હોય તો તમારે એ લોકો જે રીતે વર્તતા હોય તે રીતે જ વર્તવું જોઈએ. એમ ન કરો તો એ લોકોને એટલું બધું દુઃખ થાય છે કે તમે એમની સાથે કોઈ જાતનો સંબંધ રાખી શકતા નથી. એમના ઘરમાં તમારે અમુક રીતે રહેવું જોઈએ, તેમનું અભિવાદન અમુક રીતે જ કરવું જોઈએ. હું ધારું છું કે મેં તમને અમારા પેલા ઘનિષ્ઠ જાપાનીઝ મિત્ર વિષે વાત કરેલી છે, જેને મેં એના આત્મા સાથે સંપર્કમાં આવવામાં મદદ કરેલી—અને જે પછી ભાગી ગયેલા. એ અમારી સાથે ગ્રામ્ય પ્રદેશમાં હતા ત્યારે મેં તેમને તેમના ચૈત્ય સ્વરૂપ સાથે સંપર્કમાં મૂકેલાં; એમને એક અનુભૂતિ થઈ, એમની દૃષ્ટિ ખૂલી ગઈ, એમને એક ઝળહળાટ કરતો આંતર સંપર્ક થઈ આવ્યો. અને બીજે દિવસે સવારે એ એમને ઠેકાણે ન હતા. એ નાસી ગયા હતા ! પાછળથી જ્યારે રજાઓના દિવસો પછી હું એમને શહેરમાં મળી ત્યારે એમને પૂછેલું 'એવું તે શું બન્યું કે તમે ભાગી ગયા?' — 'અરે! તમને ખબર છે, મને મારા આત્માની જાણ થઈ આવી હતી અને મેં જોયેલું કે મારો આત્મા તો મારી, મારા દેશ પ્રત્યેની અને મિકાડો પ્રત્યેની શ્રદ્ધા કરતાં વધુ બળવાન હતો; પરિણામ એ આવે કે મારે મારા આત્માની પ્રેરણાનું પાલન કરવું પડે અને એ રીતે હું મારા શહેનશાહની વફાદાર રૈયત ન રહું. એટલે પછી હું નાસી છૂટયો.' વાત આમ છે! આ આખી વાત આધારભૂત રીતે સાચી છે.

બાળક : એમ કેમ બનતું હશે કે ઘણા મહાન કલાકારો એક જ દેશમાં જન્મે છે?

શ્રી માતાજી : એનો આધાર તમે કોને પ્રશ્ન પૂછો છો એના ઉપર છે. આ પ્રશ્નનો ખુલાસો વ્યકિત પ્રમાણે અલગ અલગ હોય છે. મને લાગે છે કે શ્રી અરવિંદે આ વસ્તુ ઉત્ક્રાંતિના દૃષ્ટિબિંદુથી ઘણી સ્પષ્ટ રીતે 'ધી હ્યુમન સાયકલ' પુસ્તકમાં સમજાવેલી છે. ઉત્ક્રાંતિ, એટલે કે સંસ્કારિતા અને સંસ્કૃતિ, પૃથ્વીની આસપાસ ઓછાવત્તા અંશે એક વ્યવસ્થિત વર્તુલાકારે ગતિ કરે છે, અને એમ કહી શકાય કે એક સંસ્કૃતિનાં પરિણામે ધીમે ધીમે બીજી સંસ્કૃતિની રચના થાય છે; પછી જ્યારે સમગ્રપણે સામાજિક ખીલવણી સંવાદપૂર્ણ થઈ રહી હોય છે ત્યારે એમાંથી સાથે સાથે કાર્ય અને કર્તાઓનું એક ક્ષેત્ર ઊભું થાય છે અને કુદરતી રીતે, સંજોગો સાનુકૂળ હોવાની હકીકત માત્રને કારણે ક્ષેત્રનો ઉપયોગ કરી શકે એવા મનુષ્યો ત્યાં ખેંચાઈ આવે છે. આ પ્રકારની સુસ્પષ્ટ ગતિઓએ આકાર લીધો હોવાનું જાણવામાં છે; ઈટાલીની પુનર્જાગૃતિનો સમય લો કે એવા પ્રકારના કાળના ફ્રાન્સનો; ત્યારે લગભગ એક સાથે જ સર્વ દેશોના કલાકારો જાણે એક જ સ્થળે એકઠા થઈ ગયેલા હોય એમ બનેલું કારણ કે તેમની કલાના વિકાસ માટે ત્યાંની પરિસ્થિતિ અનુકૂળ હતી સંસ્કૃતિઓની રચનાઓનાં અનેક કારણો-માંનું — એક બાહ્ય કહી શકાય તેવું — કારણ આ છે.

એક બીજું કારણ પણ છે, અને એમાં રહસ્યવાદની દૃષ્ટિએ જોતાં એવું બને છે કે પૃથ્વી ઉપર કલાત્મક સૌંદર્યના યુગોમાં લગભગ દર વખતે કલાત્મક સૌંદર્યને અભિ-વ્યકત કરનાર બળો અને સત્ત્વો દેહ ધારણ કરે છે અને આ પ્રકારના પુનર્જન્મોની ઘટનાઓ સમયચક્રના અમુક અમુક ગાળાઓ દરમ્યાન જ બને છે: એ સત્ત્વો પાછાં આવે છે, પોતપોતીના અંતરમાંના આકર્ષણને કારણે તેમના જન્મ સમયે તેમનાં મંડળો રચાય છે; એટલે એવું બને છે કે લગભગ નિયમિતપણે, એ બધાં સત્ત્વો એક સાથે એક સરખા કાર્ય માટે પાછાં આવે છે. આ પ્રશ્નો કેટલાક રહસ્યવાદીઓએ અભ્યાસ કરીને પૃથ્વીના વિકાસની ચોક્કસ હકીકતોના પાયા ઉપર અમુક ખૂબ ચોક્કસ આંકડાઓ પણ આપેલા છે. તેમણે કહેલું છે કે સો વર્ષમાં એક વખત, હજાર વર્ષમાં એક વખત, પાંચ હજાર વર્ષમાં એક વખત વગેરે ગાળાંઓમાં અમુક પ્રકારની ચક્રાકાર ગતિઓનું પુનરાવર્તન થયેલું, અમુક પ્રકારની મહાન સંસ્કૃતિઓ દર પાંચ હજાર વર્ષે પુનર્જીવિત થયેલી, અને (એમના વિશિષ્ટ પ્રકારના જ્ઞાન પ્રમાણે) પાછી આવનાર વ્યકિતતાઓ એની એ જ રહે છે. આ વસ્તુ તદ્દન ચોક્કસ નથી અને એ કારણસર હું એની વિગતોમાં ઊંડી ઊતરતી નથી, પરંતુ એક દૃષ્ટિએ જોતાં આ સાચું છે; કાર્ય કરનાર શકિતઓ એની એ જ હોય છે, એની એ જ શકિતઓ ભેગી થાય છે અને એમનાં

પરસ્પરનાં આકર્ષણો અનુસાર એમનાં જૂથો રચાય છે, અને પછી કોઈ તદ્દન ભૌતિક અથવા મનોમય અથવા ચક્ર ગતિના કારણે, એ બધાં કોઈ એક જ સ્થળે ફરીથી પાછાં ભેગાં મળે છે, અને એ સ્થળે એક નૂતન સંસ્કૃતિ અથવા એ સ્થળની સંસ્કૃતિમાં કોઈ વિશિષ્ટ પ્રકારની પ્રગતિ અથવા એક જાતનો સૌંદર્યનો ઊભરો, ફૂલોની બહાર, કે પ્રફુલ્લન પ્રગટ થાય છે. જેમ ગ્રીસ, ઈજિપ્ત, ભારત, ઈટાલી, સ્પેન વગેરેના મહાન યુગોમાં બની આવેલું...દરેક સ્થળે, દુનિયાના દરેક દેશોમાં ઓછાવત્તા અંશે આવા સુંદર સમયના ગાળાઓ આવેલા છે.

જો તમે આ પ્રશ્ન જ્યોતિષશાસ્ત્રીઓને પૂછશો તો એ લોકોનો આ વસ્તુનો ખુલાસો ગ્રહોના સામસામા આવવાની ઘટના ઉપર આધારિત હશે. એ લોકો કહેશે કે અમુક સ્થાનમાં અમુક રીતે ગ્રહો રહેલા હોય છે ત્યારે પૃથ્વી ઉપર એની અમુક પ્રકારની અસર થાય છે. પણ મેં જેમ તમને કહ્યું તેમ છે, આ બધી વસ્તુઓ એક પ્રકારની 'ભાષા' હોય છે, એનાથી તમે અમુક વસ્તુ વ્યકત કરો છો, તમારે કહેવાની વાત સમજાવવાની એ પદ્ધતિ છે, પરંતુ એમની પાછળ રહેલું સત્ય વધુ ગહન, વધુ સંકુલ, વધુ પરિપૂર્ણ હોય છે.

બાળક: એમ કહી શકાય કે બીજા દેશના સામાન્ય માનવી કરતાં, ભારતમાંનો સામાન્ય માનવી આધ્યાત્મિક રીતે વધુ વિકાસ પામેલો હોય છે. દાખલા તરીકે, યુરોપના સામાન્ય માનવ કરતાં શું એ વધારે વિકસિત હોય છે ?

શ્રી માતાજી: એમાં એક મૂળભૂત ફેર રહે છે, પરંતુ સામાન્ય રીતે એમ કહી શકાય કે જો એને યુરોપના જડવાદનો ચેપ ન લાગ્યો હોય તો, એનામાં એક પ્રકારનું ખુલ્લાપણું હોય છે, જ્યારે તમે એની પાસે આધ્યાત્મિક વસ્તુઓની વાત કરો છો ત્યારે એ સમજી જાય છે. પશ્ચિમના દેશોમાં, જો તમે સામાન્ય માનવી સાથે સંબંધમાં હો અને એની પાસે જો આધ્યાત્મિક વસ્તુઓના સંબંધમાં વાત કરશો તો તમને જણાઈ આવશે કે એ વસ્તુ પ્રત્યે એના અંતરનાં દ્વાર સજ્જડ બંધ છે અને એથી આગળ જઈને તમે જો એની પાસે ચેતનાની ઊર્ધ્વ ભૂમિકાઓની સાથે સંબંધમાં આવી શકવાની શકયતા વિષે વાત કરશો તો તો એ તમારી સામે એવી રીતે જોઈ રહેશે કે જાણે તમારું મગજ ખસી ગયું હોય ! જો કોઈ વ્યકિત સાધુ જીવન ગાળવા માટે સામાન્ય જીવનનો ત્યાગ કરે છે તો એ લોકો એમ માને છે કે એનું મગજ ઠેકાણે નહિ હોય !

જે લોકોએ યુરોપમાં ધાર્મિક પરંપરાઓ જાળવી રાખી છે. એમાં એક એવી નાની સંખ્યા છે જે વસ્તુઓને યથાર્થ રીતે સમજે છે, પણ એમની એ સમજ ધાર્મિક રૂપો

ઉપર આધારિત હોય છે. એટલે કે કોઈ આધ્યાત્મિક વ્યકિત ત્યાંના સાધુઓના મઠમાં જાય તો એ લોકો એને ઓછાવત્તા અંશે સમજે છે. પરંતુ ત્યાંનો સામાન્ય માણસ (હું ત્યાંના સુશિક્ષિત લોકોની વાત નથી કરતી), જો કોઈ વ્યકિત તમામ ધર્મોથી સ્વતંત્ર રીતે આધ્યાત્મિક જીવન ગાળવા માગતી હોય, ઊર્ધ્વના સત્યની અંગત કારણોસર શોધ કરવા નીકળી પડવા માગતી હોય, તો ચોક્કસ એ લોકો એને ગાંડાઓની ઈસ્પિતાલમાં મૂકવા લાયક જ ગણશે! એટલે એ વિષય ઉપર એ લોકો સાથે વાત જ ન કરવી સારી. ત્યાં એવા બીજા કેટલાક લોકો હોય છે જેમણે થોડુંક વાંચ્યું હોય છે, જેઓ શિક્ષણ પામેલા હોય છે; એ લોકો તમને થોડાક ચક્રમ જેવા ધારશે, પણ છતાં, તેઓ તમારી વાતનો શું અર્થ થાય છે એ સમજી શકશે. પણ સામાન્ય માનવી હશે તો, એટલું પણ નહિ. અલબત્ત હું પચાસ વર્ષ પહેલાંની પરિસ્થિતિની વાત કરું છું અત્યારની પરિસ્થિતિની મને ખબર નથી. હું કહી શકતી નથી કે બીજા વિશ્વ યુદ્ધ પછી આ બધું બદલાવાની શરૂઆત થઈ છે કે નહિ. પરંતુ દેખીતી રીતે, યુરોપના સુશિક્ષિત વર્ગોમાં કોઈ વધુ ઉચ્ચ વસ્તુની શોધ કરવાની શરૂઆત થઈ ગઈ છે, કારણ કે તેમનાં જીવન એટલાં બધાં કરુણાજનક બની ગયાં છે કે એ લોકોને બીજી કોઈ વસ્તુનો આધાર લેવાની જરૂરિયાત લાગવા માંડી છે. અને આ એમનો પ્રયત્ન એક રીતે કદાચ ચેપી નીવડયો હશે, કારણ કે હવે આપણે ધારીએ તેના કરતાં વધુ સંખ્યામાં માણસો એવી શોધમાં લાગ્યા છે--એ શકય છે. પરંતુ પચાસ વર્ષ પહેલાં એમ ન હતું. જ્યારે અહીં સામાન્ય માનવીઓમાં 'હલકાં' દરજ્જાના કહેવાતા લોકોમાં કદાચ સારાસારની વિવેકશકિત નહિ હોય, કદાચ તેઓ એક ધુતારા અને સાચા માણસ વચ્ચે ભેદ પારખી નહિ શકતા હોય, પરંતુ એ વસ્તુ જાણીતી છે કે એમની પાસે જો કોઈ ભગવાં વસ્ત્રધારી વ્યકિત, હાથમાં ભિક્ષાપાત્ર લઈને આવે છે તો પોતાને જે કંઈ મળે તે એને આપવામાં આવે છે, એને લાત મારીને હાંકી કાઢવામાં આવતો નથી. આ જ વસ્તુ જો કોઈ વ્યકિત યુરોપમાં કરે (એ તો કુદરતી છે કે ત્યાં ભગવું વસ્ત્ર ધારણ કરવાનો તો પ્રશ્ન જ નથી હોતો), અને એ વ્યકિતનાં વસ્ત્રો ગંદાં હોય તો એને તરત જ નજદીકના પોલીસ થાણે લઈ જવામાં આવે છે અને ત્યાં એને કામધંધા વિનાના માણસ તરીકે કેદમાં પૂરવામાં આવે છે. એ વસ્તુ તો જાણીતી છે કે, એ કહેવાતા સભ્ય દેશોમાં, જો તમારા ખિસ્સામાં અમુક ઓછામાં ઓછી રકમ ન હોય તો તમે રખડેલ ગણાઓ છો, અને રખડેલ માણસોને ત્યાં રસ્તે ફરવાનો હક્ક નથી મનાતો, એવા માણસોને ભટકેલ હોવાના કારણસર કેદમાં પૂરવામાં આવે છે. ભારત અને બીજા દેશો વચ્ચે ફેર આ છે.

બાળક: અમુક પ્રકારની કલાઓ સત્યને અન્ય પ્રકારની કલાઓ કરતાં વધુ સારી રીતે અભિવ્યકત કરી શકે છે એમ ખરું?

શ્રી માતાજી : આ બાબત ઘણું ખરું એક જાતની માનસિક કુસ્તી છે!

કેટલાક લોકો એમ કહે છે કે અમુક પ્રકારની કલાઓ ભૌતિક જાતની છે. જો તમે કલાકારોમાં જાઓ, ચિત્રકારોને મળો તો એ લોકો એમ કહેશે કે શિલ્પ, આહ્! એ તો મજૂરીનું કામ છે, કારણ કે શિલ્પીઓને બરાબર જડ પદાર્થ સાથે કામ પડે છે, અને સંગીતકાર પાસે જશો તો એ લોકો ચિત્રકળાને ખાસ બૌદ્ધિક કલા નહિ કહે. સાચી વાત એ છે કે દરેક પ્રકારની કલામાં સર્વ કાંઈ, કલાકાર વ્યકિત કોણ છે એના ઉપર આધાર રાખે છે. અને એ જે કાંઈ કરે છે તે કેવા પ્રકારની ચેતનામાંથી કરે છે તેના ઉપર આધાર રાખે છે. આ રીતે એક શિલ્પી અત્યંત આધ્યાત્મિક માણસ હોય તેમ બની શકે છે અને જો એ પોતાની અનુભૂતિને કેવી રીતે વ્યકત કરવી તે જાણતો હોય તો, એનું સર્જન પણ આધ્યાત્મિક હોઈ શકે છે. બીજી બાજુ જો કોઈ કવિ એની પ્રેરણા, ઊર્ધ્વની સ્થિતિમાંથી ન મેળવતો હોય તો એ તદ્દન સસ્તો જડવાદી હોય એમ પણ બની શકે છે. મન આવા નાનાં નાનાં વર્ગીકરણ કરે છે કારણ કે એમ કરવું એને માટે વધુ સગવડભર્યું હોય છે, પણ એમાંની કોઈ વસ્તુ સત્ય સાથે મળતી આવતી નથી.

બાળક : આપે કહ્યું છે કે વાગ્નરને ગુહ્ય પ્રદેશમાંથી પ્રેરણા મળતી અને એમ પણ કહ્યું છે કે આધ્યાત્મિક શકિત પ્રાપ્ત કરવા આપણે જાતીય વૃત્તિ ઉપર વિજય મેળવવો જોઈએ. હકીકતમાં આ પ્રકારનો વિજય મેળવવાની પ્રેરણા વાગ્નરને મળેલી હતી કારણ કે એની એક રચના 'ધી રિંગ ઑફ ધી નિબેલંગ'માં એક નદીની નીચે એક ખજાનો દટાયેલો હોવાનું આવે છે. ત્રણ જલપરીઓ એનું રક્ષણ કરી રહેલી છે અને એ ખજાનો મેળવવા માટે માનવીએ પ્રેમ અને સ્ત્રી માટેની સર્વ કામનાનો ત્યાગ કરવાની જરૂર છે એમ એમાં કહેવામાં આવેલું છે.

શ્રી માતાજી : નૉર્ડિક દેશોમાં આ એક જૂની પરંપરાની કથા છે. પરંતુ એની વાતમાં અંત ખરાબ રીતનો આવે છે : જે વ્યકિતને સ્ત્રીના પ્રેમનો ત્યાગ કરવો પડયો હતો તે ડૂબી જાય છે અને એનો અંત દેવોની સંધ્યાના કાળ સાથે આવે છે.

૧૪ એપ્રિલ, ૧૯૫૧

પ્રશ્ન: 'સમર્પણ અને આત્મબલિદાન એ એક જ વસ્તુ નથી.?'

(શ્રી 'માતાજીની વાણી': વાર્તાલાપ - ૧૫)

શ્રી માતાજી: આનો જવાબ કોણ આપે છે? આ બે વચ્ચે શો તફાવત છે?

બાળક: સમર્પણ એ એક સ્વાભાવિકપણે બનતી ક્રિયા હોય છે.

શ્રી માતાજી: જેનું સમર્પણ સ્વાભાવિક હોય એને મારા ધન્યવાદ! એ એટલું બધું સરળ હોતું નથી. ના, ભેદ ત્યાં નથી.

બાળક: આત્મબલિદાનમાં વ્યક્તિત્વનો હ્રાસ થતો હોય છે.

શ્રી માતાજી: એ ખરું, પણ કેમ? એક વસ્તુ તદ્દન ખૂબ સીધી સાદી છે – શબ્દનો મૂળભૂત અર્થ જ એમાં સમાયેલો છે. પોતાના જીવનનું બલિદાન એટલે પોતે જે વસ્તુને વળગી રહેવા માગે છે તેને માટે પોતાના જીવનનો ત્યાગ; નહિ તો એને આત્મબલિદાન ન કહેવાય પણ ભેટ કહેવાય. જ્યારે તમે 'બલિદાન' શબ્દ વાપરો છો ત્યારે એનો અર્થ એ થાય છે કે તમે અમુક વસ્તુ છોડી દો છો અને તેથી તમને દુઃખ થાય છે. 'બલિદાન' શબ્દ આમ તો આડેધડે વાપરવામાં આવે છે પણ હું એના સાચા અર્થ વિષે વાત કરું છું. બલિદાનનો અર્થ જ એ છે કે તમને જે વસ્તુ પ્રિય હોય તેનો તમે ત્યાગ કરો છો. જો વ્યક્તિને એ વસ્તુ પ્રત્યે આસક્તિ ન હોય તો એને બલિદાન

ન કહેવાય, એ તો અર્પણ કરવાના આનંદ સાથેની ભેટ કહેવાય. સમર્પણ કરતાં જો દુ:ખનો અનુભવ થતો હોય તો એની કશી કિંમત નથી રહેતી, એ કેવળ બલિદાન કહી શકાય. સમર્પણ એ સાચા અર્થમાં આનંદપૂર્ણ અર્પણની ક્રિયારૂપ હોવું જોઈએ (હું ફ્રેંચ શબ્દ soumission નો સમર્પણ અર્થમાં ઉપયોગ કરું છું. પરંતુ એ શબ્દ વડે સમર્પણનો સાચો અર્થ વ્યકત થતો નથી – સમર્પણ એ, ફ્રેન્ચ soumission અને Abandon એ બેની વચલી ક્રિયા છે). આપણે કોઈ વસ્તુ આપીએ ત્યારે એમાં સમર્પણ હોઈ શકે, પરંતુ એમાં ત્યારે બલિદાનનો ભાવ નથી હોતો.

(શ્રી માતાજી તેમનું વાંચન ચાલુ રાખે છે)

'આપણા યોગમાં આત્મબલિદાનને માટે સ્થાન જ નથી. પરંતુ એ શબ્દનો તમે શો અર્થ કરો છો તેના પર બધો આધાર રહે છે. બલિદાનનો અસલ શુદ્ધ અર્થ તો 'પવિત્ર કરવું', 'પ્રભુને અર્પણ કરીને પવિત્ર કરવું' એવો થાય છે. પરંતુ હાલમાં બલિદાન શબ્દનો જે અર્થ પ્રચલિત છે તે પ્રમાણે તો બલિદાન એ વિનાશનો સમાનાર્થ શબ્દ બની ગયો છે. એ શબ્દની આજુબાજુ એક અભાવાત્મક નકારનું વાતાવરણ ઉત્પન્ન થયું છે. એવું બલિદાન ચરિતાર્થતા સૂચવતું નથી. એ તો આત્મહાનિ યાને આત્મવિનાશ છે...કોઈ પણ કાર્ય કરતી વેળા તમને તમારા સ્વરૂપ ઉપર બળાત્કાર થતો અનુભવાય તો નિ:સંશય જાણવું કે તમારી કાર્યપદ્ધતિમાં કંઈક ભૂલ છે.'

(શ્રી 'માતાજીની વાણી' : વાર્તાલાપ - ૧૫)

બાળક : ધર્મોમાં બલિદાનને આટલી બધી અગત્યતા અપાવાનું શું કારણ હશે ?

શ્રી માતાજી : બલિદાનની ભાવના ઉપર ઘણા ધર્મો રચાયેલા છે, દા. ત. કાલ્ડિયાના બધા જ ધર્મો, મુસલમાન ધર્મના સુધારાઓમાં પણ કુરબાની તરફ ઘણું જોરદાર વલણ રહેલું હતું. શરૂઆતના કાળના મહાપુરુષોએ, સર્વ પ્રથમ એ ધર્મ પ્રત્યે વિશ્વાસ દાખવનાર લોકોએ; ધર્માંતર કરવા બદલ પોતાના જીવનરૂપી કિંમત ચૂકવી હતી. ઈરાનમાં એ લોકો ઉપર એટલો બધો સિતમ ગુજારવામાં આવેલો કે જેનું વર્ણન થઈ શકે તેમ નથી. એવાં ઘણાં લખાણો લખાયેલાં છે જેમાં કુરબાની કરવાના આનંદની ખૂબ ખૂબ પ્રશંસા કરવામાં આવી છે - એ આખો વિચાર કાલ્ડિયાનો છે. પરંતુ તમારે સાવધ રહેવું જોઈએ; એ શબ્દનો તમે શો અર્થ કરો છો એના ઉપર બધો આધાર રહે છે. એ તો દેખીતું છે કે જે વ્યકિત પોતાની જાતે કરીને પોતાનું આત્મબલિદાન આપે છે, એટલે કે, જે પોતાની જીંદગીનો સ્વેચ્છાએ અને આનંદપૂર્વક ત્યાગ કરે છે, તેને માટે એ વસ્તુ બલિદાન શબ્દની જે વ્યાખ્યા આપણે આપી છે તે રીતે જોતાં આત્મવિલોપન ગણી શકાય નહિ.

આપણે પ્રભુએ કરેલા આત્મબલિદાનની વાત કરીએ છીએ. પરંતુ એ વસ્તુ મારા લક્ષમાં આવી છે કે એ વસ્તુ જો તમારે કરવાની હોય તો એ ખૂબ મુશ્કેલ વસ્તુ કહેવાય ! એનાથી તમને ખૂબ પીડા થાય અને એમ કરવું ઘણું અઘરું પડે (હસતાં હસતાં) એટલે આપણે આત્મબલિદાનની વાત કરીએ છીએ, પણ બનવા જોગ છે કે ભગવાનને આત્મબલિદાન કરતાં દુઃખ નહિ પડયું હોય અને એણે એ વસ્તુ સ્વ-સંકલ્પ-પૂર્વક, પોતાની જાતને અર્પણ કરવાના સર્વ પ્રકારના આનંદ સાથે કરી હશે.

હું બહાઈ ધર્મના સ્થાપક બહા ઉલ્લાહના અનુગામી અબ્દુલ બહાને સારી રીતે ઓળખતી હતી. અબ્દુલ બહા એનો દીકરો હતો. એનો જન્મ જેલમાં થયો હતો અને હું ધારું છું કે એ ચાલીસ વર્ષનો થયો ત્યાં સુધી જેલમાં જ રહેતો હતો. જ્યારે એ જેલમાંથી બહાર આવ્યો ત્યારે એના પિતા મરી ગયા હતા અને એણે પોતાના પિતાના ધર્મનો ઉપદેશ કરવા માંડયો. એણે મને એની વાત કરેલી અને એના ધર્મની શરૂઆત થતી વખતે ઈરાનમાં શું બનેલું તે પણ કહેલું. અને મને યાદ છે કે એણે મને એમ કહેલું કે લોકોએ કેવા તો ઉત્કટ આનંદપૂર્વક, પ્રભુની હાજરી વિષે સભાનતાપૂર્વક, ભગવાનની શકિતની ઉપસ્થિતિના ભાન સાથે એ લોકોએ આત્મબલિદાન કરેલું - એને 'બલિદાન' ન કહેવાય, એ તો એમના જીવનની આનંદપૂર્વક આપેલી ભેટ જ હતી... એ હંમેશાં એક એવા માણસ વિષે મને કહેતો જે, એમ લાગે છે કે એક મહાન કવિ હતો અને જેને બહાઈ ધર્મ પાળવા બદલ પાખંડધર્મી ગણી કેદ કરવામાં આવેલો. એ લોકો એને મારી નાખવા માટે લઈ જવા માગતા હતા - એટલે કે એને સળગાવી મૂકવા, ફાંસો દેવા કે વધસ્તંભ ઉપર જડવા, મને ખબર નથી કે એ કાળમાં મારી નાખવાની કઈ પદ્ધતિ પ્રચલિત હતી - અને એ વ્યકિતએ પોતાના ધર્મ વિશે શ્રદ્ધા પ્રગટ કરીને કહ્યું કે પોતાના પ્રભુ અને પોતાના ધર્મ માટે એ કોઈ પણ પ્રકારની પીડા સહન કરવા તૈયાર છે. એટલે લોકોએ એક એવી યોજના તૈયાર કરી જેમાં એના શરીર એના હાથ અને એના ખભા ઉપર સળગતી નાની નાની મીણબત્તીઓ ચોંટાડવી. કુદરતી રીતે એ મીણબત્તીઓ આખા શરીર ઉપર ગરમ ગરમ મીણ સાથે ઓગળતી ગઈ અને છેવટે એમની દીવેટો વડે ચામડી બળી ગઈ. એમ લાગે છે કે એ માણસની ઉપર આ રીતનો ત્રાસ ગુજારવામાં આવતો હતો ત્યારે અબ્દુલ બહા ત્યાં હાજર હતો અને જ્યારે એ લોકો પેલા માણસને મારી નાખવાના સ્થળે પહોંચ્યા ત્યારે અબ્દુલ બહા તેની પાસે પ્રેમપૂર્વક વાત કરવા ગયો - ત્યારે એણે જોયું કે પેલો માણસ તો આનંદના અવધિમાં હતો. અબ્દુલ બહાએ જ્યારે તેની યાતનાઓ વિષે ઉલ્લેખ કર્યો ત્યારે પેલો કહે, 'યાતના શેની! આ તો મારા જીવનની અતિસુંદર ઘડીઓ પૈકીની એક ઘડી છે'... આને આત્મબલિદાન ન કહેવાય, નહિ ને?

સામાન્ય રીતે જે કોઈ લોકો ઉપર પોતાના ધર્મ માટે, પોતાના ધર્મ માટે એટલે કે પોતાના ઉત્તમોત્તમ વિચાર માટે, પોતાના ઉચ્ચ આદર્શ માટે, સિતમ ગુજારવામાં આવ્યો હોય છે તે સર્વને એવો અનુભવ થયો હોય કે એક દૈવી કરુણા તેમની મદદમાં રહી તેમનું દુઃખાનુભવમાંથી રક્ષણ કરી રહી છે. એ ખરું કે, બહારના લોકો એને 'આત્મબલિદાન' કહે છે (અને એ સમજાય તેવું છે, કારણ કે હકીકતમાં તેઓએ પોતાની જિંદગીનું બલિદાન આપ્યું હોય છે) પરંતુ એ વ્યકિતઓને પોતાને જે પ્રકારનો અનુભવ થતો હોય છે તેને વર્ણવવા માટે આપણે એ શબ્દનો ઉપયોગ કરી શકતા નથી. કારણ કે એમને પોતાને માટે તો એ આત્મબલિદાન નહિ પણ એક આનંદનો પ્રસંગ હોય છે. સર્વ કાંઈ અંતરના વલણ ઉપર આધાર રાખે છે. હવે, જો એ ત્રાસ ગુજારવાના સમયની એક ક્ષણમાત્રમાં પણ જો એમને એક જરા સરખો વિચાર આવે કે 'શા માટે મારા ઉપર ત્રાસ ગુજારવામાં આવી રહ્યો છે?' તો એમને અસહ્ય વેદના સહન કરવી પડત. એક વિચાર માત્ર મનમાંથી પસાર થાય તેટલું એમ બનવા માટે પૂરતું છે.

લગભગ સર્વ ઘટનાઓને - કંઈ નહિ તો માનવ જીવનના સર્વ અગત્યના સંજોગોને બે બાજુથી - ઉપરથી અને નીચેથી જોઈ શકાય છે. તમે જો નીચેથી જુઓ, સામાન્ય માનવીના દૃષ્ટિબિંદુથી જુઓ તો જે લોકોએ કોઈ નવા ધર્મનો ઉપદેશ આપ્યો હોય છે અથવા માનવ જાતિ ઉપર કોઈ દાખલો બેસાડવા માગતા હોય છે એમને વેઠવી પડેલી વેદનાઓ આપણને ભયાનક લાગે તેમ છે - એ બધા લોકોને વેદના સહન કરવી પડી હોય છે, એટલે કે લોકોએ એમની પજવણી કરેલી હોય છે. સામાન્ય રીતે કહીએ તો, બહુ જ થોડા અપવાદો બાદ કરતાં, કોઈ પોતાનાં કરતાં વધુ ઉચ્ચ હોય તે લોકોને ગમતું નથી. અને જ્યારે તેમને પોતાના કરતાં ખૂબ ખૂબ ઊંચા દરજ્જાની વ્યકિતને મળવાનું થાય છે ત્યારે તેમને ગુસ્સો ચઢી આવે છે (આમાં અપવાદો પણ હોય છે એ તો મેં કહેલું જ છે.) પોતે જેવા હોય તેના કરતાં અનંત ગણી કોઈ વસ્તુનો ભેટો થતાં એમને અસહ્ય પરેશાની થાય છે. એમને એક જ વિચાર આવે છે, એનો નાશ કરવો. અને ઘણું ખરું એ એમ જ કરે છે. માનવ જાતના ઇતિહાસમાં આમ જ બનેલું જોવા મળે છે. જે કોઈ લોકો કોઈ ખાસ પ્રકારની શકિતઓ સાથે આવેલા હોય છે, જેમના ઉપર કોઈ વિશિષ્ટ પ્રકારની કરુણા હોય છે, અને જે લોકોએ માણસોને તેમની સામાન્ય ઘરેડમાંથી બહાર કાઢવા પ્રયત્ન કર્યો હોય છે એ બધાની ઓછાવત્તા અંશે પજવણી કરવામાં આવી હોય છે, એમને શહીદ કરવામાં આવ્યા હોય છે, જીવતા સળગાવવામાં આવ્યા હોય છે કે વધસ્તંભે ચઢાવવામાં આવ્યા હોય છે...અત્યારે દેખીતી રીતે પરિસ્થિતિ થોડી બદલાઈ છે કારણ કે કોઈ

માણસને સળગાવી મૂકવા માટે જૂના કાળના કરતાં વધુ પ્રતીતિકારક કારણોની જરૂર પડે છે—એમ કરવાની ટેવ ભુલાઈ ગઈ છે - પણ લાગણીઓ તો હજી પણ ખાસ જુદી હોતી નથી. માનવજાતને જે લોકો એનાથી ઉત્તમ કોટિના હોય તેમના પ્રત્યે એક જાતની વૈરવૃત્તિ જેવું હોય છે. એમને પોતાનું અપમાન થયેલું લાગે છે. અને લોકોને પોતાની હીણપત ગમતી નથી.

બાળક : કેટલીક વાર આપણે જાગીએ છીએ ત્યારે આપણે સર્વ કાંઈ ભૂલી ગયા હોઈએ છીએ, પોતે ક્યાં છે એની પણ વિસ્મૃતિ થઈ ગયેલી હોય છે. એમ કેમ બનતું હશે ?

શ્રી માતાજી : અનું કારણ એ કે તમે અચેતનામાં ચાલ્યા ગયા હો છો અને ચેતન અવસ્થા સાથેનો તમામ સંપર્ક ગુમાવી બેઠા હો છો એટલે એ સંપર્ક ફરીથી સ્થાપવામાં થોડો સમય લાગે છે. અલબત્ત, એમ પણ બની શકે કે અચેતનામાં જવાને બદલે તમે પરચેતનામાં ચાલ્યા ગયેલા હો, પણ એવું બહુ ઓછા પ્રસંગે બને છે. અને તેવા પ્રસંગે લાગણી પણ ભિન્ન પ્રકારની હોય છે કારણ કે પોતે કોણ છે, અથવા ક્યાં છે અથવા કઈ વસ્તુ શું છે તે પ્રકારની નકારાત્મક છાપ ઊઠવાને બદલે આપણામાં સામાન્ય જીવન કરતાં કોઈ ઉચ્ચ દશામાં ઉત્થાન થયાની, પોતે એની એ જ વ્યકિત ન હોવાની લાગણી થાય છે. પરંતુ જ્યારે આપણે આપણી સામાન્ય ચેતના સાથેનો સંપર્ક સદંતર ગુમાવી દીધો હોય છે ત્યારે એવું બનેલું હોય છે કે આપણે ગાઢ નિદ્રામાં પડી જઈને અચેતનામાં લાંબો કાળ ગાળ્યો હોય છે. ત્યારે આપણું સ્વરૂપ વિશીર્ણ થઈ જઈને અચેતનામાં ગ્રસ્ત થઈ ગયું હોય છે, એટલે ફરી વાર બધા ભાગોને એકત્ર કરવાની જરૂર ઊભી થાય છે. કુદરતી રીતે, જ્યારે તમે જાગીને ઊઠયા હો છો ત્યારે આ વસ્તુ અસ્તિત્વની શરૂઆતમાં થાય છે તેના કરતાં ઓછો સમય લે છે તેમ છતાં પણ અચેતન ભાગોને ફરીથી એકત્ર કરવા તો પડે જ છે. અને પોતે ક્યાં છે. એની ફરી એક વાર ખબર પડે તે માટે તે ભાગો વચ્ચે ફરીથી સંયોજન કરવાની પણ જરૂર પડે છે

બાળક : કેટલીક વાર સ્વપ્નોમાં આપણે એવાં મકાનોમાં, રસ્તાઓ ઉપર કે સ્થળોમાં જઈ ચડીએ છીએ, જે આપણે કદી જોયાં નથી હોતા, આનો શું અર્થ હશે ?

શ્રી માતાજી : આનાં ઘણાં કારણો હોઈ શકે. કદાચ એમાં દેહાન્તરની ઘટના બની હોઈ શકે : તમે તમારા શરીરની બહાર નીકળીને ફરવા ગયા હો, કદાચ એ તમારા અગાઉના જીવનની સ્મૃતિઓ હોઈ શકે. કદાચ તમારી ચેતના કોઈ બીજી વ્યકિતની ચેતના સાથે એકીભૂત થઈ હોય અને એ બીજી વ્યકિતનાં સંસ્મરણો લેતી આવી હોય. કદાચ એમાં ભાવિમાં બનનાર ઘટનાનું દર્શન હોય (આવું બહુ ઓછા કિસ્સાઓમાં બને છે, પણ

એમ બની પણ શકે): તમે જે વસ્તુઓ પછીથી જોવાના હો તે અગાઉથી સ્વપ્નમાં જુઓ એવું પણ બની શકે.

તે દિવસે મેં તમને પેલાં જાપાનનાં પ્રાકૃતિક દૃશ્યો વિષે વાત કરેલી, તો, લગભગ એ બધાં - જે વધુમાં વધુ સુંદર હતાં, વધુમાં વધુ ઊંડી છાપ પાડે તેવાં હતાં —એ બધાંને મેં ફ્રાંસમાં સૂક્ષ્મ દર્શનોમાં જોયેલાં; અને છતાં મેં જાપાનમાં કોઈ ચિત્રો કે ફોટોગ્રાફો જોયેલા નહિ, હું જાપાન વિષે કાંઈ જાણતી ન હતી. અને મેં એ પ્રાકૃતિક દૃશ્યો માનવીની હાજરી વિનાનાં જોયેલાં, બીજું કાંઈ નહિ, કેવળ પ્રાકૃતિક દૃશ્ય માત્ર. તદ્દન શુદ્ધ સ્વરૂપમાં. અને એવી રીતે કે મને એમ જ લાગેલું કે ભૌતિક જગત કરતાં કોઈ બીજા જ જગતનાં એ દૃશ્યો હશે; ભૌતિક જગતને માટે વધુ પડતા સૌંદર્યવાળાં, વધુ પૂર્ણ સૌંદર્યવાળાં એ જણાયેલાં. ખાસ કરીને હું પેલી આકાશમાં ઊંચે ચઢતી જતી સીડીઓને ઘણી વાર જોતી હતી; મારા સૂક્ષ્મ દર્શનમાં મને સીધે સીધી ઊંચેને ઊંચે જતી હોઉં એમ જોતી. જાણે આપણે ચડતા જ જઈએ, ચડતા જ જઈએ, ચડતા જ જઈએ એમ લાગે...એ વસ્તુની મારામાં ઊંડી છાપ પડેલી હતી અને જ્યારે ત્યાંની પ્રકૃતિમાં એ વસ્તુ મેં પ્રથમ વાર જ જોઈ, ત્યારે મને સમજાઈ ગયું કે જાપાન વિષે હું કોઈ પણ વસ્તુ જાણતી થાઉં એ પહેલાં મેં ફ્રાંસમાં એ દૃશ્યોને જોયેલાં જ હતાં.

હમેશાં આવી બાબતમાં ઘણી જાતના ખુલાસા આપવા શક્ય હોય છે પરંતુ પોતાના સિવાયની કોઈ વ્યકિતના અનુભવની બાબતમાં ખુલાસો આપવો મુશ્કેલ હોય છે. પોતાની જાતની વાત હોય તો, જો પોતે પોતાનાં સ્વપ્નોનો અને રાત્રી દરમ્યાનની પ્રવૃત્તિઓનો કાળજીપૂર્વક અભ્યાસ કર્યો હોય છે તો પોતે જુદી જુદી અવસ્થાઓના ભેદ પારખી શકે છે. મેં કહ્યું ને કે મને એમ લાગ્યું કે મને કોઈ અન્ય વિશ્વમાંની વસ્તુનું સૂક્ષ્મદર્શન થયું છે - મને ખબર હતી કે એ વસ્તુ કોઈક ઠેકાણે અસ્તિત્વ ધરાવતી હતી, પણ મને કલ્પના પણ ન હતી કે પૃથ્વી ઉપર એવો કોઈ દેશ છે જ્યાં એનું ખરેખર અસ્તિત્વ છે; એ દૃશ્યો એટલાં સૌંદર્યપૂર્ણ હતાં કે એમ બનવું અશક્ય લાગતું હતું. પરંતુ હું એટલું તો જાણતી જ હતી કે જે દૃશ્યો હું જોતી હતી તે, સાચેસાચ અસ્તિત્વમાં હતાં, અને જ્યારે ભૌતિક રીતે એ પ્રાકૃતિક દૃશ્યોને મેં જોયાં ત્યારે જ મારી ખાતરી થઈ કે જે વસ્તુઓ મેં સૂક્ષ્મપણે જોયેલી તે ખરેખર અસ્તિત્વમાં હતી. પણ મેં એ વસ્તુઓ આંતર ચક્ષુઓ દ્વારા જોયેલી (એ સૂક્ષ્મ - પદાર્થતત્ત્વની ભૂમિકા હતી) અને પાછળથી મેં એમને ભૌતિકરૂપે જોયેલી. દરેક વ્યકિતને બનનાર બનાવોનાં અમુક આછાં આછાં ઇંગિતો મળી આવે છે, પરંતુ તે માટે આપણે આપણા અવલોકનમાં ખૂબ ખૂબ પદ્ધતિસરના, ખૂબ ચીવટવાળા, ખૂબ કાળજીવાળા થવું પડે છે

અને નાનામાં નાની નિશાની હોય તેને પણ ગણતરી બહાર જવા દેવાની હોતી નથી. અને આ બધું હોય છતાં પોતાને થયેલી અનુભૂતિના પોતાને મનગમતા લાગે એવા માનસિક ખુલાસાઓ ગોઠવી લેવાના નથી, કારણ કે કોઈ અનુભૂતિનો પોતાની જાતને ખુલાસો કરવાનો હોય (બીજાઓને સમજાવવાની તો હું વાત જ કરતી નથી), જો પોતાની અનુભૂતિ પોતાની જાતને લાભદાયક થાય એવી રીતે સમજવી હોય, એક પ્રકારનો આત્મસંતોષ મેળવવો હોય, તો પછી તમે કશું સમજી શકતા નથી. એટલે કે તમને ખબર પણ ન પડે તે રીતે એક નિશાની સાથે બીજી નિશાનીનો ગોટાળો કરી બેસો છો. દાખલા તરીકે, તમે કોઈ વ્યકિતને જ્યારે તમે તમારા સ્વપ્નમાં જુઓ છો (હું એવાં સ્વપ્નની વાત નથી કરતી જેમાં તમે ઓળખતા ન હો એવી વ્યકિતનો તમને ભેટો થતો હોય, પરંતુ હું તો એવાં સ્વપ્નોની વાત કરું છું જેમાં તમે જેમને ઓળખતા હો એવી વ્યકિતને મળતા હો, જેમાં એ વ્યકિત તમને મળવા આવતી હોય) ત્યારે એના અનેક પ્રકારના ખુલાસા શક્ય છે. જો એ વ્યકિત તમારાથી ઘણે દૂર બીજા દેશમાં વસતી હોય, તો કદાચ એમ બને કે એણે તમને પત્ર લખ્યો હોય અને એ પત્ર રસ્તામાં હોય, અને એણે એ પત્ર દ્વારા પોતાનું એક રૂપ, એકાગ્ર કરેલું સ્વરૂપ, તે પત્ર દ્વારા મોકલ્યું હોય, તો સ્વપ્નમાં તમે એ વ્યકિતને જુઓ અને બીજે દિવસે સવારે તમને તેનો પત્ર મળે એ બનવા જોગ છે. એવું અનેક વાર બને છે. જો એ વ્યકિત ખૂબ બળવાન વિચારશકિતવાળી હોય તો એ દૂરથી પોતાના દેશમાં રહી રહી, તમારા વિષે એકાગ્રપણે વિચાર કરે, અને એ એકાગ્ર વિચારના રૂપ દ્વારા એ વ્યકિતની આકૃતિ તમારી ચેતનામાં ખડી થાય એમ બની શકે. કદાચ એ વ્યકિત કોઈ હેતુપૂર્વક તમને બોલાવતી હોય, ઈરાદાપૂર્વક એ તમને કાંઈ કહેવા આવતી હોય કે કોઈ નિશાની દ્વારા જણાવવા માગતી હોય કે તે ભયમાં છે કે બિમાર છે : ધારો કે એને તમને કાંઈ કહેવાની ઈચ્છા છે, તો એ એકાગ્રતા કરવાની શરૂઆત કરે છે (દરેક વ્યકિતને આવડતું ન હોય તેવી રીતે એકાગ્રતા કરતાં તેને આવડતું હોય છે) અને એ તમારા વાતાવરણમાં પ્રવેશ કરી તમને કોઈ ખાસ વસ્તુ કહેવા આવે છે. હવે જો તમે નિષ્ક્રિય હો અને ધ્યાન આપી રહ્યા હો છો તો તમને એનો સંદેશો પહોંચી જાય છે. અને પછી, હજી બીજા બે દાખલા : કોઈ વ્યકિત પોતાના સંકલ્પપૂર્વક પોતાની નિદ્રામાં ઓછાવત્તા અંશે પોતાના શરીરની બહાર નીકળી હોય અને તમને મળવા આવી હોય. અને તમે આ વ્યકિતની હાજરી વિષે સભાન બનો છો કારણ કે (લગભગ આકસ્મિક કહેવાય તેવી રીતે) તમે પણ તેની અવસ્થાને મળતી અવસ્થામાં હો છો. અને છેવટે, એક છેલ્લો દાખલો. આ વ્યકિત મરી ગઈ હોય અને મર્યા પછી તમને મળવા આવી હોય (અને એમાં તમારે એ વ્યકિત સાથે જે પ્રકારનો સંબંધ હોય તે પ્રમાણે તેના સાચા સ્વરૂપનો

અમુક અંશ કે લગભગ આખું સ્વરૂપ એ રીતે આવી શકે) પરિણામે, જે વ્યકિત ખૂબ ખૂબ સાવધાન ન હોય તેને માટે આ પ્રકારની અનુભૂતિઓમાં રહેલો તફાવત પારખવો ખૂબ મુશ્કેલ વસ્તુ બની રહે છે. અન્ય પ્રકારના પ્રસંગોમાં ઘણીવાર એવું બને છે કે ખૂબ કલ્પનાશીલ લોકો તમને કહે છે, 'અરે! આ માણસને તો મેં જોયેલો—એ તો મરી ગયો છે,' કોણ જાણે કેટલીયે વાર મને આવું સાંભળવા મળેલું છે, આવા લોકોની કલ્પના આમતેમ છૂટથી દોડતી હોય છે. એટલે એમ બનવું શક્ય છે કે વ્યકિત ગુજરી ગઈ હોય પણ એણે તમારી સમક્ષ દેખાવ દીધો હોય એટલા ઉપરથી જ એમ ન કહેવાય!...આવી બધી વસ્તુઓ કેવું બાહ્યસ્વરૂપ લે છે એ તરફ તમારે ખાસ ધ્યાન આપવું જોઈએ. આ પ્રકારના સૂચનોમાં તે દરેક દૃશ્યની છાયામાં રહેલો તફાવત પારખવો ઘણો બધો મુશ્કેલ હોય છે અને એટલે આપણે એ બાબતમાં ખૂબ કાળજીવાળા રહેવું જોઈએ. પોતાની જાતને માટે તો જો પોતાને આ બધી વસ્તુઓનો અભ્યાસ કરવાની ટેવ હોય તો વ્યકિત આવાં દશ્યો વચ્ચે રહેલા તફાવતને પારખી શકે છે, પરંતુ બીજી વ્યકિતના અનુભવનો અર્થ સમજાવવો ઘણો મુશ્કેલ છે, કારણ કે એના સ્વપ્ન કે સૂક્ષ્મદર્શનની આસપાસની બધી વસ્તુઓની તમામ વિગતો એણે તમને જણાવવી જોઈએ છે: એને એ પહેલાં શું શું વિચારો આવેલા, પછીથી શું વિચારો આવેલા, એની તબીયત એ સમયે કેવી હતી, સૂવા જતાં પહેલાં એને પોતાની અંદર કયા પ્રકારની લાગણીઓ અનુભવાતી હતી, આગલા દિવસે તેણે શી શી પ્રવૃત્તિઓ કરેલી; ખરેખર, એ પ્રકારની ઘણી બધી વસ્તુઓ આપણને જણાવવી પડે છે. લોકો આવીને તમને એમ કહે છે કે 'જુઓ! મને આ પ્રકારનું સૂક્ષ્મદર્શન થયેલું, હવે એનો શો અર્થ થાય તે મને સમજાવો!' આમ કહેવું તદ્દન બાલિશતાભર્યું કહેવાય, સિવાય કે એ કોઈ એવી વ્યકિત હોય જેના જીવનની ઘટનાઓના ક્રમને તમે ખૂબ કાળજીપૂર્વક જાણતા રહ્યા હો, જેને તમે આ પ્રકારની બધી ભૂમિકાઓને પારખતાં શીખવ્યું હોય, જેની ટેવો, જેનાં પ્રતિકાર્યો વિષે તમે જાણતા હો; નહિ તો આવી ઘટનાનો સાચો ખુલાસો આપવો મુશ્કેલ હોય છે. કારણ કે એક જ વસ્તુના અસંખ્ય ખુલાસાઓ હોઈ શકે છે.

પોતાના શરીરની બહાર જવાના દાખલાઓ ઘણા ધ્યાન ખેંચે તેવા હોય છે. ઘણા વખત પહેલાં ફ્રાંસમાં બે બિલાડીઓની બાબતમાં બનેલું, તેના બે દાખલા હું તમને આપીશ. એક કિસ્સો તો ઘણા ઘણા લાંબા સમય પહેલાંનો છે. વિશ્વયુદ્ધ પહેલાંના ઘણા લાંબા સમય પહેલાંનો. અમે ત્રણ-ચાર મિત્રો તદ્દન નાની સંખ્યામાં દરેક અઠવાડિયે નાની મિટીંગો ભરતાં હતાં. એમાં અમે તત્ત્વજ્ઞાન, આધ્યાત્મિક અનુભૂતિઓ વગેરે વિષે ચર્ચાઓ કરતાં હતાં...એમાં એક છોકરો હતો, તે કવિ હતો. એ ઘણો સરળ હૃદયનો હતો; પેરીસમાં એ એક ઘણો તેજસ્વી વિદ્યાર્થી હતો. એ અમારી

સભાઓમાં નિયમિતપણે આવતો હતો (અમે અમારી મિટીંગો દર બુધવારે ભરતાં હતાં) પણ એક સાંજે એ આવ્યો નહિ. અમને નવાઈ લાગી, કારણ કે એ અમને થોડાક દિવસ ઉપર મળ્યો હતો અને કહેતો હતો કે તે આવશે—પણ તે આવ્યો નહિ. અમે એની લાંબો સમય રાહ જોઈ, અને મિટીંગ પૂરી થઈ એટલે લોકોને બહાર જવા દેવા માટે મેં બારણું ખોલ્યું (એ મિટીંગો મારે ઘેર મળતી હતી). જેવું મેં બારણું ઉઘાડ્યું ત્યાં મેં જોયું કે ત્યાં એક મોટો ઘેરા ભૂખરા રંગનો બિલાડો બેઠેલો હતો. તે ગાંડો થઈ ગયો હોય એમ મારા રૂમમાં ધસી આવ્યો અને આવેશપૂર્વક મિયાંઉં મિયાઉં કરતો, મારા તરફ આમ કૂદી કૂદીને આવવા લાગ્યો અને મને થયું 'અરે, આની આંખો તો ફલાણા ભાઈ જેવી છે' (જે વ્યકિત આવવાની હતી તેના જેવી). મને થયું, 'જરૂર એને કંઈક થયું લાગે છે.' અને બીજે દિવસે અમને ખબર પડી કે તે રાત્રે તેની હત્યા કરવામાં આવી હતી. બીજે દિવસે, સવારે તેને ગળું દબાવીને મારી નાખેલી અવસ્થામાં તેનો દેહ તેની પથારીમાંથી મળી આવેલો. આ પહેલી વાત છે. બીજી વાત એ પછી ઘણા સમયે બનેલી, યુદ્ધ સમય-પહેલા વિશ્વયુદ્ધ સમયે, બીજા નહિ - જેમાં ખાઈઓનું યુદ્ધ ખેલાયેલું. એમાં મારો ઓળખીતો એક જુવાન હતો. એ કવિ અને કલાકાર હતો (મેં એના વિષે આ અગાઉ વાત કરેલી છે) અને યુદ્ધમાં જોડાયો હતો. એ તદ્દન નાની ઉંમરે લશ્કરમાં જોડાયો હતો અને અધિકારી દરજ્જાનો હતો. એણે મને એનો ફોટો આપેલો (એ છોકરો સંસ્કૃતનો અભ્યાસી હતો અને સંસ્કૃત સારું જાણતો હતો, એને બૌદ્ધ મત પ્રત્યે આકર્ષણ હતું; ખરેખર એને આધ્યાત્મિક વસ્તુઓમાં ખૂબ રસ હતો, એ સાધારણ યુવાનો કરતાં ઘણી ઉચ્ચ આંતર અવસ્થા ધરાવતો હતો), એણે મને એનો એક ફોટો આપેલો હતો. તેના ઉપર ખૂબ સુંદર અક્ષરે એના પોતાના હસ્તાક્ષરમાં એક સંસ્કૃત વાકય લખેલું હતું. મેં એનો ફોટો મઢાવીને ખાનાંવાળા એક ઊંચા મેજના મથાળા ઉપર થોડીક ઊંચી જગ્યાએ લટકાવ્યો હતો. એ સમયે યુદ્ધના સમાચારો મેળવવા મુશ્કેલ હતા અને અમને શું ચાલી રહ્યું છે તેની બરાબર ખબરો મળતી નહિ. અમને વખતોવખત એના તરફથી પત્રો મળતા હતા. પણ લાંબા સમયથી એના તરફથી કંઈ ખબર આવ્યા ન હતા, અને એક દિવસ, હું મારા રૂમમાં દાખલ થઈ, અને એ જ ઘડીએ, કોઈ દેખીતા કારણ સિવાય પેલો દીવાલ ઉપર બરાબર ટાંગેલો ફોટો નીચે પડયો અને મોટા અવાજ સાથે એના કાચના ટુકડે ટુકડા થઈ ગયા. મને જરા ચિંતાની લાગણી થઈ અને લાગ્યું કે, 'કંઈક માઠું બન્યું લાગે છે.' પણ અમને કોઈ જાતના સમાચાર મળેલા નહિ. બે ત્રણ દિવસ પછી (એ ઘટના પહેલે માળે બનેલી, હું જે ઘરમાં રહેતી હતી તેને મેડે એક રૂમ હતો અને બાકીનો બધો ભાગ ભોંયતળિયે હતો અને બાગમાં જવા માટે પગથિયાંની એક નિસરણી હતી) મેં જેવું પ્રવેશ દ્વારા ઉઘાડ્યું તેવો તરત જ એક મોટો રાખોડી રંગનો બિલાડો અંદર ધસી આવ્યો - આ વખતે

એનો રંગ આછો રાખોડી હતો - એ સુંદર બિલાડો હતો, અને અગાઉ પેલા બિલાડાએ કરેલું તેમ જ એ આ રીતે મિયાઉં મિયાઉં કરતો મારા ઉપર ધસી આવ્યો.

મેં એની આંખોમાં જોયું - અને જોયું કે એની આંખો તો પેલા છોકરાની આંખો હતી. અને એ બિલાડો મારી આજુબાજુ ગોળગોળ ફરવા લાગ્યો અને મિયાઉં મિયાઉં કરતો કરતો વારંવાર મારાં કપડાં ખેંચવા લાગ્યો. મેં એને બહાર કાઢી મૂકવા પ્રયત્ન કર્યો પણ એ જવા માગતો જ ન હતો, એ જરા પણ ન ખસવું હોય એમ ત્યાં જ બેસી રહ્યો. બીજે દિવસે પેપરોમાં આવ્યું કે એ છોકરો બે ખાઈઓ વચ્ચે ત્રણ દિવસથી મરેલી હાલતમાં મળી આવ્યો હતો. એટલે કે જે સમયે એનું મોત થયું હશે તે વખતે જ એનો ફોટો પડી ગયેલો. એની ચેતનાએ એના શરીરનો પૂર્ણપણે ત્યાગ કરી દીધો હતો; એ ત્યાં વિખૂટો પડી ગયેલી હાલતમાં પડેલો હશે, કારણ કે એ લોકો ખાઈ-ઓની વચમાં શું બની રહ્યું છે તે – જોવા રોજ જતા નહિ; તમે સમજી શકશો કે એ લોકો જઈ શકે તેમ હતું નહિ. એનો પત્તો બે ત્રણ દિવસ પછી લાગેલો; અને એ સમયે કદાચ એણે એના શરીરનો સંપૂર્ણપણે ત્યાગ કરી દીધેલો હોઈ મને જે ઘટના બનેલી તેની ચોક્કસપણે જાણ કરવા માગતો હશે અને તેને માધ્યમરૂપે પેલો બિલાડો મળી ગયો હશે. એનું કારણ એ છે કે બિલાડીઓ પ્રાણમય સ્વરૂપમાં જીવન ધારણ કરે છે. તેમની પ્રાણમય ચેતના સારી પેઠે વિકાસ પામેલી હોય છે અને પ્રાણમય શક્તિઓ એમનો કબજો સહેલાઈથી લઈ શકે છે.

પણ આ બે દાખલા એ કારણસર તદ્દન અસામાન્ય કહેવાય એવા છે કે એ બન્ને લગભગ એક સરખી રીતે બન્યા હતા; બન્ને પ્રસંગોએ, એ બિલાડીઓની આંખો તદ્દન બદલાઈ ગઈ હતી - એ આંખો માણસની આંખો બની ગઈ હતી.

૧૭ એપ્રિલ, ૧૯૫૧

શ્રી માતાજી વાંચન કરે છે :

> 'આધ્યાત્મિકતા સર્વમાં વ્યાપી રહેલા એક તત્ત્વનું દર્શન કરાવે છે એ સાચું છે, પરંતુ સાથે સાથે તે અનંત વિવિધતા—નાનાત્વનું દર્શન પણ આપે છે. એકતામાં સ્થિત રહીને તે વિવિધતા માટે કાર્ય કરે છે, એ વિવિધતામાં પૂર્ણતા પ્રકટાવવા પ્રયત્ન છે.'

('માતાજીની વાણી', વાર્તાલાપ - ૧૫)

શ્રી માતાજી : વિશ્વના સર્જન પાછળ રહેલો હેતુ આ જ છે, એટલે કે, સર્વ કાંઈ એક તત્ત્વરૂપ છે, સર્વનું મૂળ એક જ છે, પરંતુ દરેક વસ્તુએ, દરેક તત્ત્વે, દરેક સ્વરૂપે, એના પોતાના જીવનકાર્ય તરીકે આ અદ્વૈતનો એક અંશ પોતાની આગળ પ્રગટ કરવાનો રહે છે, અને આ વિશિષ્ટતા જ દરેક વ્યક્તિએ પોતાની અંદર વિકસાવવાની રહે છે, અને છતાં સાથે સાથે મૂળ અદ્વૈતની ભાવનાને પણ જાગૃત કરવાની રહે છે. આનો અર્થ એ થાય છે કે વૈવિધ્યમાં અદ્વૈત પ્રકટાવવા માટે કાર્ય કરવાનું છે. અને વિવિધતામાં રહેલું આ પૂર્ણત્વ દરેક વ્યક્તિના સ્વરૂપની ભીતરમાં યથાયોગ્ય સ્વરૂપે આવી રહેલું છે.

બાળક : આપે કહ્યું છે કે :

> 'માણસો એમ માને છે કે ઇચ્છાઓ તેમની પોતાની અંદર જન્મે છે. તેઓને લાગે છે કે ઇચ્છાઓ તેમની અંદરથી બહાર આવે છે યા તો તેમની પોતાની અંદરથી ઊંચે ચઢે છે. પરંતુ એ વિચાર ખોટો છે. અંધકારમય નિમ્ન પ્રકૃતિના વિશાળ સાગરમાં જે મોજાં થાય છે તે ઇચ્છાઓ છે અને તેઓ એક વ્યકિત-માંથી બીજીમાં પ્રસાર થાય છે. માણસો પોતાની અંદર ઇચ્છાઓ ઉત્પન્ન નથી કરતા પરંતુ એ મોજાં તેમના ઉપર હુમલો કરી તેમનામાં પ્રવેશે છે. જે કોઈ વ્યકિત તેમના પ્રત્યે ખુલ્લી હોય, કશા બચાવ વગરની હોય તે એ મોજાંઓમાં સપડાય છે અને આમથી તેમ ધકેલાય છે.'
>
> ('માતાજીની વાણી' : વાર્તાલાપ - ૧૫)

વ્યકિતની આસપાસ રક્ષણ માટે આવી રહેલાં આવરણમાં બીજાઓ તરફથી આવતાં મોજાંઓ, કામનાઓ વગેરેનો પણ અનુભવ થાય છે ખરો ?

શ્રી માતાજી : તમારો કહેવાનો આશય એમ છે કે જે રક્ષક આવરણ વિષે મેં ભૌતિક દૃષ્ટિએ વાત કરી છે તે તમને નૈતિક અને મનોમય રીતે પણ ઉપયોગી થાય તેમ છે કે નહિ ? એ આવરણ એ જાતનું નથી હોતું, એની ભૂમિકા અન્ય પ્રકારની હોય છે. કોઈ એક વ્યકિતનું સૂક્ષ્મ - શારીરિક આવરણ તદ્દન અતૂટ હોઈ શકે છે અને એ આવ-રણ એ વ્યકિતનું વ્યાધિઓ અને અકસ્માતોથી અદ્‌ભુત રીતે રક્ષણ કરે છે, અને છતાં એ કામનાઓથી ભરેલો હોય એમ બની શકે છે; કારણ કે કામનાઓની ભૂમિકા અન્ય પ્રકારની હોય છે. કામના એ કોઈ સ્થૂલ વસ્તુ નથી હોતી, કામના એ તો એક પ્રકારની પ્રાણમય વસ્તુ હોય છે અને પેલું આવરણ પ્રાણમય વસ્તુ કરતાં વધુ સ્થૂલ હોય છે. એ આવરણ વ્યકિતના પ્રાણમય સ્વરૂપનો પ્રાણમય જગત સાથે સંપર્ક થતાં અને ત્યાંથી આવતાં મોજાંઓનો તે વ્યકિતના પ્રાણમય સ્વરૂપ દ્વારા સ્વીકાર થતો અટકાવી શકતું નથી. એ તો કુદરતી છે કે જે વ્યકિતએ પોતાની જાત ઉપર કાબૂ મેળવ્યો હોય છે, જેણે પોતાના ચૈત્ય સ્વરૂપની શોધ કરેલી હોય છે, જે હમેશાં પોતાની ચૈત્ય ચેતનામાં રહેલી હોય છે, જેણે પોતાની અંદર આવી રહેલી દિવ્ય હાજરી સાથે સંપૂર્ણ સંબંધ સાધ્યો હોય છે અથવા કાંઈ નહિ તો સતત સંબંધ જાળવી રાખ્યો હોય છે તેની અસપાસ જ્ઞાન, પ્રકાશ, સૌંદર્ય, અને પવિત્રતાનું એક પ્રકારનું વાતાવરણ આવરણ રૂપે રહેલું હોય છે અને કામનાઓ સામે એ સારામાં સારું રક્ષણ આપે છે; પરંતુ આમ હોય તે છતાં જો તમે સતતપણે સાવધ ન રહેતા હો તો તમારી અંદર કામના સરકીને પેસી જઈ શકે છે કારણ કે એ બહારથી આવતી હોય છે. તમે તમારી અંદરની અમુક

કામના ઉપર વિજય મેળવ્યો હોય, તે છતાં, એ કામના બહારથી એક પ્રકારના ચેપની જેમ તમારી અંદર દાખલ થઈ જઈ શકે છે, પરંતુ આ જ્યોતિ, જ્ઞાન અને પવિત્રતાના આવરણમાં થઈને આવતાં એ કામનાનું બળ ક્ષીણ થઈ જાય છે અને એના વડે તમારી અંદર અંધ અને તાત્કાલિક પ્રતિકાર્ય ઉત્પન્ન કરી શકે તેવી કોઈ હિલચાલ ઊભી થવાને બદલે, શું બની રહ્યું છે તે તમને જણાઈ આવે છે; જે શકિત દાખલ થવા માગતી હોય છે તેના વિષે તમે સભાન થઈ શકો છો અને — જ્યારે તમે ન ઈચ્છતા હો ત્યારે — તમે હળવે રહીને એક આંતરિક હિલચાલ વડે અંદર આવી રહેલી કામનાને ફગાવી દઈ શકો છો. સાચામાં સાચું રક્ષણ આ જ છે: તમારી અંદર એક શુદ્ધ અને સાવધ, કદી પણ નિદ્રાધીન ન થનારી જાગૃત ચેતના હાજર હોવી જોઈએ જેથી કરીને તેની જાણ બહાર કોઈ વસ્તુ અંદર દાખલ થઈ શકે નહિ. ખરાબમાં ખરાબ વસ્તુ તો એ છે કે લોકો તદ્દન અભાન અવસ્થામાં હોય છે અને ચેપ દાખલ થઈ જાય તે પછી જ તેની તેમને ખબર પડે છે, અને ત્યારે તેનો સામનો કરવો સહેજ મોડો પડે છે — એ કરવું અશકય તો નથી હોતું પણ જરાક વધુ મુશ્કેલ હોય છે — જ્યારે એ વસ્તુ આવી રહી હોય ત્યારે જો તમે તેને જોઈ શકતા હો, તો એ વસ્તુ તમારી આસપાસના વાતાવરણમાં જાણે એક કાળી રેખા દોરતી આવતી હોય તેમ લાગે છે. એવે વખતે એને તમે એને કોઈ અણગમતી વસ્તુ હોય તેવી રીતે હડસેલી મૂકી શકો છો. પરંતુ આવા પ્રસંગે પાર્થિવ ભૂમિકા ઉપર રહેલ રક્ષક આવરણની ઉપર આ બાબતની કોઈ અસર થતી નથી હોતી.

આ વસ્તુ ખરેખર ખૂબ રસપ્રદ છે... મેં જોયું છે કે અત્યારની પરિસ્થિતિમાં ભૌતિક વસ્તુઓની ગોઠવણી એવી છે કે વ્યકિત ગમે તે ક્ષેત્રમાં ભૌતિક સાધનની પરિપૂર્ણતા ઘણી ઉચ્ચ કક્ષા સુધી સાધી શકે છે, પછી, એનો આંતરિક કે ચૈતસિક વિકાસ ગમે તે કોટિનો હોય. ગઈ કાલે સાંજે બોલપટો વિષે હું આ રીતનો જ વિચાર કરતી હતી. ચલચિત્રો બનાવવાની કલાની બાબતમાં દેખીતી રીતે ખૂબ પ્રગતિ થયેલી છે. એને પોતાને સારી કે ખરાબ કહી શકાય તેમ નથી : એ તો બન્યું એવું કે મેં જે બોલપટો જોયાં તેમાં બધાં મૂર્ખાઈ ભરેલાં, વિકૃત, અધકચરાં કથાનકો અને સામાન્ય રીતે જે કાંઈ અક્કલ વિનાની વસ્તુઓ સિનેમાનાં ચિત્રોમાં બતાવવામાં આવે છે તે બધી જ મારે ભાગે જોવાની આવેલી. અને વસ્તુ રજૂ કરવાની એમના સાધનની પૂર્ણતાને કારણે જ વિકૃતિ વધુ વિકૃત રૂપની સર્જાયેલી, મૂર્ખતા વધુ મૂર્ખતાપૂર્ણ બનેલી અને એથી આ પ્રકારની અધોગતિની છાપ વધુ ઉગ્રપણે પડેલી. પરંતુ ગઈ કાલે આપણે જ્યારે પેલું દસ્તાવેજી ચિત્ર જોયું, જેમાં સુંદર પક્ષીઓ ગાતાં હતાં ત્યારે...જેમણે એ ફિલ્મ બનાવી છે તેમણે ઘણી મહેનત લીધી છે. આપણને કલ્પના નથી આવી શકતી

કે પક્ષીઓ તેમના માળામાં હોય તેમને ખલેલ કર્યા સિવાય તેમનાં ચિત્ર લેવામાં કેટલો બધો પ્રયત્ન અને જહેમત ઉઠાવવાં પડતાં હશે અને વળી પાછું એ પક્ષીઓના સ્વરોને યોગ્ય રીતે મોટા કરીને બધા સાંભળી શકે તે માટે યથાયોગ્ય ચીવટપૂર્વક રેકર્ડ કરેલાં છે. એ લોકોએ એમાં એક ભારે કામ કરેલું છે. અને આપણે ગઈ કાલે સાંજે જે સુંદર સર્જન જોયું તે અને જે ઘૃણાસ્પદ વસ્તુ થોડા સમય પહેલાં જોયેલી તે, બંનેનું સર્જન સાધનની એક જ પ્રકારની પરિપૂર્ણતામાંથી ઉદ્‌ભવેલ હતાં...આ વસ્તુ આપણને ભૌતિક વસ્તુઓ માટે ઊંડું ચિંતન કરવા પ્રેરે તેવી છે.

આ દુનિયામાં એમ તો ન જ કહી શકાય કે ભૌતિક રીતે પરિપૂર્ણ હોય એટલે વ્યકિત આધ્યાત્મિક બાબતોમાં પણ એક ડગલું આગળ હશે. ભૌતિક પૂર્ણતાનો અર્થ એટલો જ થાય છે કે શકિત જે સાધનનો ઉપયોગ કરે છે — એ શકિત પછી ગમે તે પ્રકારની હોય – તે એ સાધનાને એટલી હદ સુધી પૂર્ણ કરે છે કે જેને લઈને એ નોંધપાત્ર રીતે એને વ્યકત કરી શકે. પરંતુ અગત્યનો મુદ્દો, ખાસ મુદ્દો તો એ છે કે કઈ શકિત એ સાધનનો ઉપયોગ કરવાની છે અને એમાં પછી આપણે પસંદગી કરવી જરૂરી બને છે. તમે તમારા શરીરને પૂર્ણપણે ખીલવો અને એને નોંધપાત્ર રીતના સાધન તરીકે વિકસાવો એટલા ઉપરથી એમ ન માની લેવું કે એને લઈને તમે આધ્યાત્મિક જીવનની વધુ પાસે ગયા છો. જો આધ્યાત્મિક જીવન પ્રગટ થવાનું હોય તો એને માટે આધ્યાત્મિક જીવન જેમાં પ્રગટ થઈ શકે એવા નોંધપાત્ર સાધનનું તમે સર્જન કરો છો. પરંતુ કઈ વસ્તુ પ્રગટ કરવી એ બાબત હમેશાં તમારે જ પસંદ કરવાની હોય છે. કેટલાક લોકો એમના દેહની સંપૂર્ણ ખિલવણી સાધે છે. એ લોકો પોતાના શરીરને મજબૂત, સુદૃઢ, શકિતશાળી, ચપળ, અને કાર્યસાધક બનાવે છે; અને આ સર્વ કાંઈ એટલા માટે કે એને લઈને એ લોકો પોતાના અહંનો, પોતાની શકિતના અહંનો વધુ સારી રીતે દેખાડો કરી શકે. બીજા કેટલાક લોકો એવા હોય છે જેઓ પોતાના શરીરને એ રીતે તૈયાર કરે છે કે જેથી તમને ખાતરી થાય કે જ્યારે આધ્યાત્મિક જ્યોતિ પ્રગટ થાય ત્યારે એને એક એવું સાધન મળી આવશે જે, એને જે કાંઈ કરવાનું કહેવામાં આવે તેને અમલમાં મૂકવા સારું પૂર્ણપણે શકિતમાન હોય. ગમે તે કામ કરવાનું હોય પણ શરીર રૂપી સાધન એટલા બધા અંશે પૂર્ણ કરવામાં આવેલું હશે કે એ એને કરવાનું કામ કશી મુશ્કેલી વિના, સાહજિક રીતે, ત્વરિત ગતિએ કરી શકે. આ વાત કરવાનો આશય તમારું ધ્યાન એ ખાસ અગત્યની વસ્તુ તરફ જાગ્રત કરવાનો છે કે તમે તમારા શરીર દ્વારા કયા પ્રકારની શકિતની અભિવ્યકિત કરવા માગો છો. તમારા શરીરને સંપૂર્ણ બનાવો, એને એક નોંધપાત્ર સાધન બનાવો, પણ યાદ રાખો કે તમારે એક પસંદગી કરવાની છે અને એ પસંદગી સતતપણે કર્યે જવાની રહે છે - એક વખત

એ કરી લીધી એટલે થયું એમ નથી, એ સતત તાજી કરતા રહેવાની હોય છે. કારણ કે, જ્યાં સુધી તમે સંપૂર્ણ અદ્વૈતની અવસ્થા પ્રાપ્ત નથી કરી હોતી ત્યાં સુધી, આખું કામ બગાડી મૂકે એવી બાહ્ય વસ્તુઓ આક્રમણ કરીને તમારી અંદર પ્રવેશ કરવા પ્રયત્ન કરતી જ રહેશે, એટલે સતત સાવધાન રહેવું એ અનિવાર્ય શરત બની રહે છે. તમે એક વખત પસંદગી કરી લીધી છે એ બહાના હેઠળ તમે ઊંઘતા ન રહેશો: 'હા, હવે બધું બરાબર છે, બરાબર ચાલે છે: સિદ્ધાંતની રીતે જોતાં સર્વ કાંઈ બરાબર છે. તમે જેટલા પ્રમાણમાં અંતરની સચ્ચાઈથી તમારી પસંદગી કરી હશે તેટલા પ્રમાણમાં તે ટકવાની ખાતરી રહે છે. પરંતુ અંતરની સચ્ચાઈ પૂર્ણ રહે અને પસંદગી ચલિત ન થઈ જાય તે માટે તમારે કદી ઊંઘતા રહેવાનું નથી – તમારે ભૌતિક રીતે ઊંઘવું નહિ એમ મારૂં કહેવાનું નથી, મારો કહેવાનો ભાવાર્થ એ છે કે તમારી ચેતના નિદ્રાધીન ન થવી જોઈએ ! અને આ વાત, હવે પછી હું જે વસ્તુ તમને વાંચી સંભળાવાની છું તેની પૂર્વભૂમિકા છે. શ્રી અરવિંદે એક સાધકને ઘણા લાંબા સમય ઉપર એક પત્ર લખેલો; મને જો બરાબર યાદ હોય તો એ ઘટના ૧૯૨૮માં, ઑકટોબર ૧૯૨૮માં બનેલી, તમે જોઈ શકશો કે વસ્તુઓ બહુ ત્વરાથી પરિવર્તન પામતી નથી.

બાળક: પોતાના સ્વરૂપની વિશિષ્ટતા અમારે કઈ રીતે વ્યકત કરવી જોઈએ ?

શ્રી માતાજી: તમારે એ પ્રકારે જીવન જીવવું જોઈએ, એટલે કે, તમારું જીવન તમારા અંતરના નિયમને – તમારા સ્વરૂપના સત્યને – આધીન હોય તે રીતે જિવાવું જોઈએ. આ વસ્તુ મેં 'જીવનનું શાસ્ત્ર'માં ઠીક ઠીક લંબાણપૂર્વક સમજાવી છે, મેં કહેલું છે કે તમારા સ્વરૂપનું આ સત્ય જ તમારી વિશિષ્ટતા છે.

બાળક: પરંતુ એ વસ્તુ વ્યકિત પ્રમાણે અલગ અલગ હોય છે, નહિ ?

શ્રી માતાજી: દરેક વ્યકિતરૂપ જીવના અંતરનો નિયમ જુદો જુદો હોય છે એ ખરું છે. નહિ તો વ્યકિત વ્યકિત વચ્ચેનો ભેદ કઈ રીતે પારખી શકાય ? છેક ઉપરથી નીચે સુધી, પ્રકૃતિ, દેખાવ, કાર્યો, બધું એક સરખું હોય...જો અંતરનો નિયમ એક જ હોય તો બધે એક જ નિયમ પ્રવર્તમાન રહેત અને દરેક વ્યકિત એક સરખી રીતે વર્તન કરત. આ વિશ્વને પ્રગટ કરવાની જરૂર પણ ન રહેત કારણ કે એક જ નિયમનું રાજ્ય હોત. આ વિશ્વનું ખાસ લક્ષણ જ એ છે કે અનંત વૈવિધ્યવાળા નિયમો એકંદરે તેમની સમગ્રતામાં, એક જ તત્ત્વની અભિવ્યકિત કરે છે. અને ખાસ કરીને ભૌતિક જગતની આ વસ્તુ જ અદ્ભુતતાવાળી છે (માનવમાં અને પાર્થિવ જગતમાં, કારણ કે એ વસ્તુ પાર્થિવ સ્વરૂપની વિશિષ્ટતા છે), કે અસંખ્ય તત્ત્વો તેમની સમગ્રતામાં

એક જ તત્ત્વની અભિવ્યકિત કરે છે, અને એમ છતાં તે દરેક વ્યકિતગત તત્ત્વને પેલા એક તત્ત્વ સાથે અંગત પ્રકારનો સંબંધ હોય છે — એટલે કે પોતાની અંદર પેલા એક જ તત્ત્વની ચેતના ધારણ કરે છે, એક જ તત્ત્વ સાથે સંબંધ ધરાવે છે. અને છતાં આખી સમગ્રતા પૈકીના એક તત્ત્વરૂપે બની રહે છે. પરંતુ જો પેલા એક તત્ત્વ વિષે સભાન થવામાં અને એની સાથે અદ્વૈત સાધવામાં જો વ્યકિત પોતાની વિશિષ્ટતા ગુમાવી બેસે તો પછી વ્યકિતના વ્યકિત તરીકેના અસ્તિત્વનો અંત આવે છે. બૌદ્ધધર્મ પાળનારા અને શંકરાચાર્યના મતના સાધકો આ જ વસ્તુ સિદ્ધ કરવા પ્રયત્ન કરે છે; એ લોકો તેમના વ્યકિતસ્વરૂપનો, તેમની વ્યકિતતાનો, તેમના જીવનના સત્યનો, તેમના સ્વરૂપના વિશિષ્ટ નિયમનો પૂર્ણપણે ઉચ્છેદ કરવા માગે છે. એ લોકો આ વસ્તુને પરમાત્મા સાથે મળી જવું એમ કહે છે. પરંતુ આમાં તો સૃષ્ટિનો ઈનકાર આવી જાય છે. અને હું જેમ કહેતી હતી તેમ, આ સૃષ્ટિમાં રહેલી ચમત્કારિક વસ્તુ, જ્યાં સુધી પાર્થિવ વ્યકિતતાને લાગે વળગે છે ત્યાં સુધી એ છે કે આપણે આ અદ્વૈતને પ્રાપ્ત કરી શકીએ છીએ, પરમ એક તત્ત્વ સાથે સંપૂર્ણ એકતા સિદ્ધ કરી શકીએ છીએ, અને એમ છતાં આપણા વૈવિધ્યની સચેતનતા જાળવી રાખી શકીએ છીએ, આપણે જે વિશિષ્ટ નિયમની અભિવ્યકિત કરવાની હોય છે તે જાળવી રાખી શકીએ છીએ. એ વસ્તુ સિદ્ધ કરવી વધુ મુશ્કેલ છે પણ સાથે સાથે અનંતગુણ રીતે વધુ પૂર્ણરૂપની છે, અને આ વિશ્વનું મૂળ સત્ય જ એમાં સમાયેલું છે. આ વિશ્વને એ જ હેતુસર બનાવવામાં આવેલું છે કે આ બે ધ્રુવો, ચેતનાના આ બે છેડાઓ વચ્ચે જોડાણ સિદ્ધ કરવું, એ સિવાય બીજો કોઈ હેતુ નથી, અને જ્યારે એ બે એકરૂપ થાય છે ત્યારે આપણે સમજી શકીએ છીએ કે બન્ને છેડાઓ બિલકુલ એક જ વસ્તુ છે એક જ અખંડતા, એક સાથે એક અને અનેક રૂપ.

બાળક : પણ અમને તો અમારી જાત બીજાઓથી ખૂબ ભિન્ન રૂપની અનુભવમાં આવે છે.

શ્રી માતાજી : બાહ્ય રીતે જોતાં એ સ્વાભાવિક છે.

બાળક : એ અજ્ઞાન છે.

શ્રી માતાજી : ના, અજ્ઞાન તો મૂળભૂત અદ્વૈતનો, એક જ ઉદ્‌ગમ સ્થાન હોવાનો અસ્વીકાર કરવામાં છે. અને આવિર્ભાવના બાહ્ય ભેદોનો ઈનકાર કરવાનો પ્રયત્ન કરવો એ પણ મને અજ્ઞાનપૂર્ણ મૂર્ખતા લાગે છે. જો એમ હોય તો આવિર્ભાવ થવાની

શી જરૂર હોય ? એનાથી કયો હેતુ સરે ? આનો અર્થ તો એ થાય કે આ સૃષ્ટિની શરૂઆતના પાયામાં જ કંઈ મતિહીનતા રહેલી છે. જો આ સર્વ યોજનાબદ્ધ રીતે બનાવવામાં ન આવ્યું હોય તો એનો અર્થ એ થાય કે વસ્તુઓનું સર્જન કોઈ હેતુપૂર્વક કરવામાં આવેલું નથી અથવા તો એમ કહેવાય કે પ્રભુ કંઈક ભૂલ કરી બેઠા અથવા એમ પણ કહેવાય કે પોતે શું કરી રહ્યા છે તેની જ એમને સમજ પડતી ન હતી ! એટલે પોતાને કરવું હતું કંઈક અને કરી બેઠા બીજું કંઈક ! આ સિવાય પણ હું તમને સાથે સાથે કહી રાખું કે જો આ વિશ્વ એવું હોય કે જેમાં બધાં ઘટકો એક સરખાં હોય તો આપણને પ્રશ્ન થાય કે એના અસ્તિત્વનો હેતુ જ શો હોઈ શકે. જો મારી સામે બેઠેલાં તમે બધાં, એક સરખાં જ હો, એક જ રીતે વાત કરતાં હો, એક જ રીતે વિચારતાં હો, એક જ રીતનું પ્રતિકાર્ય કરતાં હો તો મને લાગે છે હું તરત જ નાસી છૂટું.

બાળક: આપ એમ કહેતાં હતાં કે જો હવે ત્રીજું વિશ્વયુદ્ધ થશે તો 'હાલની માનવસંસ્કૃતિ'નો અંત આવશે. જો એમ બને તો પૃથ્વી ઉપરની પરિસ્થિતિમાં એની અસર શુભકારી થશે કે વિરોધી પ્રકારની થશે ?

શ્રી માતાજી: સાંભળો. તમે એમ પૂછી શકો કે કોઈ ઘાતક માંદગી તમારી તંદુરસ્તી માટે ફાયદાકારક કહેવાય નહિ ? આ વાત બરાબર એના જેવી જ છે. કોઈ પણ સંસ્કૃતિ, એ ગમે તેવી હોય છતાં, એ પોતાની જાત વિષે, પ્રકૃતિ વિષે સભાન થવાના લાંબા ગાળાના પ્રયત્નોનું; પ્રકૃતિને વશ કરવાના પ્રયત્નોનું અને એમાંથી વધુમાં વધુ શક્ય ફાયદો ઉઠાવવાના પ્રયત્નોનું પરિણામ હોય છે. આપણે થોડા સમય પહેલાં જ વાત કરી ગયા કે ભૌતિક સ્વરૂપની કેળવણીનો હેતુ એમાં રહેલો છે કે આપણે એક એવું કરણ સિદ્ધ કરીએ જેમાં ભગવાન પોતાનો આવિર્ભાવ કરી શકે. સંસ્કૃતિ પણ એક એવા પ્રકારનું સાધન તૈયાર કરે છે જે સાધન દ્વારા પ્રભુ પોતાની જાતનો આવિર્ભાવ કરી શકે. જેટલું વધારે પ્રમાણમાં ધીરેથી, કાળજીપૂર્વક, વિગતવાર કોઈ સંસ્કૃતિનું ઘડતર કરવામાં આવે, અને પ્રકૃતિના નિયમો ઉપર વિજય પ્રાપ્ત કરવામાં સફળતા મેળવવામાં આવે, એટલા પ્રમાણમાં એ પ્રભુનો આવિર્ભાવ થવાના સાધન તરીકે વધુ મદદકર્તા બને છે. એટલા માટે જ આપણામાં જીવન લંબાવવાનો વિચાર રહેલો હોય છે, એનું કારણ એ છે કે આપણું શરીર રૂપી કરણ જે દિવ્યશક્તિ પોતાનો આવિર્ભાવ કરવા માગે છે તેનો આવિર્ભાવ કરી શકે, નહિ તો વસ્તુ બહુ સહેલી થઈ જાય, શરીર જરાક માંદુ પડે અથવા જરાક જૂનું થાય અથવા નાનપણમાં જે રીતે પ્રતિક્રિયા કરી શકે છે તેવી રીતે ન કરી શકે, ત્યારે આપણે જે રીતે જનાં ઘસાઈ ગયેલાં કપડાંની બાબતમાં

કરીએ છીએ તે રીતે કરવાનું રહે – આપણે શરીરને ફેંકી દઈને બીજું લઈ આવવાનું રહે. કમનસીબે એમ થઈ શકતું નથી. જે કંઈ કામ કર્યું હોય છે તેનું ફળ, સભાન થવા માટે કરેલા સર્વ પ્રયત્નો ખોવાઈ જાય છે. દાખલા તરીકે, આપણે આ જે સંસ્કૃતિનું ઘડતર કરેલું છે, જેણે પ્રકૃતિના નિયમોને સમજવામાં તદ્દન અસામાન્ય કોટિની સફળતા મેળવેલી છે અને પોતાની જાતનું જ્ઞાન મેળવવા ર નેં પોતાને વ્યકત કરવાની કલા પ્રાપ્ત કરવામાં અનેક પ્રકારના અનુભવોનો સંચય કર્યો છે તે સંસ્કૃતિ જો ભૂંસાઈ જાય તો, કુદરતી રીતે, બધી બાબતમાં એકડે એકથી શરૂઆત કરવાની રહે. અને પછી અક નવજાત શિશુને એક સીધોસાદો સામાન્ય વિચાર કરતાં શીખવા માટે એની પોતાની ક્રિયાઓ વિષે તદ્દન અભાન હોવાને લીધે સભાન થતાં શીખવા માટે એક ધીમી અને અધૂરી કેળવણી પામવાને માટે કેટલાં બધાં વર્ષો ખર્ચવા પડે છે? જો એ એક વ્યકિતની બાબતમાં આમ છે તો એક સંસ્કૃતિને માટે પોતે જે કાંઈ ગુમાવ્યું હોય તેને ફકત પાછું પ્રાપ્ત કરવા માટે કેટલાં બધાં વર્ષો જોઈએ? આ પૃથ્વી ઉપર અનેક સભ્યતાઓ થઈ ગયેલી છે, વૈજ્ઞાનિકો તે યુગોમાં શું હતું તે ફરીથી શોધી કાઢવા માટે પ્રયત્નો કરી રહ્યા છે. પણ ત્યારે શું હતું તે વસ્તુ ચોક્કસપણે કશી ખાતરીપૂર્વક કોઈ કહી શકતું નથી. એ સંસ્કૃતિઓનો મોટો ભાગ તદ્દન નાશ પામી ગયો છે (હું હાલની સંસ્કૃતિની અગાઉ થઈ ગયેલી આપણે માટે ઐતિહાસિક કહેવાય એવી સંસ્કૃતિઓની વાત કરું છું). ત્યારે જો બીજી સંસ્કૃતિની શરૂઆત કરવા માટે જો હજી હજારો વર્ષોની જરૂરિયાત રહે તો દેખીતું છે કે ...ગમે તેમ પણ, આપણી બાદ્ય માનવ ચેતનાને માટે તો સમયનો બગાડ જ છે. પરંતુ આપણને કહેવામાં આવ્યું છે કે જે કાર્ય કરવાનું છે, જે સિદ્ધિ પ્રાપ્ત થવાની છે તે હાલના સમયમાં થવાની છે, એ વસ્તુ હાલના સમયમાં થવાની છે. કારણ કે અત્યારની સંસ્કૃતિનું માળખું ભવિષ્યની રચના માટે એક પાયા અથવા પાલખ તરીકે કામ લાગી શકે તેમ છે. પરંતુ આ સંસ્કૃતિનો જો વિનાશ થઈ જાય તો કેઈ વસ્તુના પાયા ઉપર આપણે રચના કરી શકીએ? કોઈ પણ વસ્તુની રચના કરવા માટે આપણે મૂળનો પાયો ખોદવાની જરૂર રહે છે. જો આ પાયાની રચના કરવા માટે હજી પણ પાંચ કે દશ હજાર વર્ષોની જરૂર પડવાની હોય તો એથી સાબિત થાય છે કે વસ્તુઓ હાલ બનવાની નથી – એ કાળે કરીને બનશે, એ તો સમજ્યા. એ વસ્તુઓ બનશે પણ...તમે કેટલા જન્મ લીધા છે! તમારી ભૂતકાળની જિંદગીઓમાંનું તમને શું યાદ છે? તમે તમારી ભૂતકાળની જિંદગીઓમાં તમારી જાતને પૂર્ણ કરવા માટે, તમારી પોતાની જાત વિશે જ્ઞાન પ્રાપ્ત કરવા માટે, તમારી જાત ઉપર કાબૂ મેળવતાં શીખવા માટે, જે કરણ તમને આપવામાં આવ્યું હોય તેનો કેવળ ઉપયોગ કરતાં શીખવા માટે, જે કાંઈ પ્રયત્નો કરેલા છે એના શો ફાયદો! એ બધામાંથી શું અવશિષ્ટ રહેલું છે!

તમે મને કહી શકશો? અહીં બેઠેલા તમારામાંથી કોણ મને કહી શકશે કે તે પોતાના ભૂતકાળની જીંદગીઓના અનુભવોનો સભાનપણે લાભ ઉઠાવે છે. - અભાનપણે કાંઈક પ્રમાણમાં કોઈ વસ્તુ રહેલી હોય છે – પણ સભાનપણે? કોઇ જવાબ દઈ શકતું નથી?

બાળક: ના, ચોકખી રીતે વાત કરીએ તો, અમને એમ લાગે છે, આટલું બધું જીવ્યા પછી હજી હવે અમે જરા સરખું કાંઈક સમજવાની શરૂઆત કરી છે.

શ્રી માતાજી: હા, ખરેખર વસ્તુ એમ જ છે. આનું કારણ એ છે કે આપણે જેમ જેમ આગળ વધતા જઈએ છીએ તેમ તેમ વધુને વધુ એમ લાગતું જાય છે કે હજી ઘણું બધું સમજવાનું અને ઘણું બધું શીખવાનું બાકી રહે છે, અને એટલે, તમે તમારી પાછળ લગભગ સાઠ વર્ષનો ગાળો મૂક્યો હોય એ કોઈ વિસાતમાં નથી. આપણે કરવાનું કાર્ય કરવા માટે આપણને સૈકાના સૈકા જેટલા સમયના જીવનની જરૂર ભાસે છે. વાત એવી છે, સમજ્યાંને? તમે બધાં હજી નાનાં બાળકો છો, એટલે તમને વર્ષો લાંબાં લાગે છે, કારણ હજી તમે બહુ જીવ્યાં નથી, પરંતુ તમે જોશો કે તમે જેમ વધુ આગળ વધો છો તેમ તમને વધુને વધુ જણાઈ આવે છે કે તમારી સામે લાંબો રસ્તો પડેલો છે, લાંબો, ખૂબ લાંબો, અને આપણને બધી વસ્તુઓ નવેસરથી શરૂ કરવી ગમે તેમ નથી કારણ કે એનો અર્થ એ કે એમાં એટલો વધુ સમય ગુમાવવાનો રહે છે.

શબ્દ સૂચિ

પુસ્તક:-૪

અ

અકસ્માત ૧૬૯
નજરે જોનાર, ૧૬
પ્રાણમય શરીરનું રક્ષણ, ૭૨, ૩૦૬
-માંથી રક્ષણ, ૧૪૦
અકારણ-, ૧૬૯
કારણો, ૩૦૬
સૂક્ષ્મ ભૌતિક દેહ અને- ૩૦૦, ૩૦૧
૧૩૮, ૨૬૯, ૩૧૮
અચેતના ૧૩૮, ૨૬૯, ૩૧૮
અચંચલતા
જુઓ શાંતિ
અધ્યાત્મમાર્ગ
-માં પ્રવેશની નિશાની, ૧૧૭
આધ્યાત્મિક સારવાર, ૨૯૭-૩૦૮
ચૈત્ય સ્વરૂપ અને, ૧૮૭
-શબ્દનો અસ્પષ્ટ ઉપયોગ, ૨૧૩
અધ્યાત્મશકિત, ૯૭
અધિમનસ, ૨૧૫, ૨૨૨, ૨૪૭
અતિમાનસ,
પ્રકાશનું ગ્રહણ, ૧૧૦
પ્રકાશ, ૧૧૦
-શકિતની અનુભૂતિ, ૨૫૧
-જ્ઞાનની સમજ, ૨૫૦
-ભૂમિકા ઉપર કાળ, ૧૮૪
-ની અધિમાનસ પ્રભુત્વને સ્થાને સ્થાપના, ૨૪૭
અનંતાનો અનુભવ, ૧૧૦
અનંતનાં વિશ્વમાં સંયોજનો, ૨૪૫
અનાસકિત, ૧૮૬, ૩૩૯
અનુભૂતિ
મનની નીરવતાની-, ૭૧
વિશ્વની ભીતરની-, ૭૪
-નું અન્ય વ્યકિત પાસે વર્ણન, ૮૫
-ને સમજવાની ચેતના શકિત, ૨૬૨
પ્રભુની હાજરીની- ૧૫૬
-નું મૂલ્ય, ૨૫૬
મનોમય રચનાઓની, ૨૨૨
મનની નીરવતાની, ૨૦૭, ૨૫૮
પરાત્પરની- અવર્ણય-, ૨૪૮-૨૪૯
અર્પણ
આત્મ સમર્પણ : અભીપ્સાની પ્રથમ ગતિ, ૭૬
આશ્રમમાં કરાતું કામ- ભાવે, ૧૦૫
સંકલ્પ શકિતનું સમર્પણ, ૧૩૧, ૨૩૫
સમગ્ર સ્વરૂપની ગ્રહણશીલતા, ૧૪૨
સમર્પણ અને આત્મ બલિદાન, ૧૫૪
અબ્દુલ બહા, ૩૫૩
અભિવ્યકિત,
ચેતના અને સાધનો (કરણો), ૪૯, ૨૨૨, ૩૬૪
અસ્થાયીત્વ, ૨૪૦
પૂર્ણતા, ૨૪૧
વૈવિધ્ય, ૩૬૬
અભીપ્સા
અખંડ, સતત, ૩

પ્રભુના સંકલ્પની અનુભૂતિ માટે, ૩
પ્રત્યેક પળની-, ૪૧
રમતની ટેકનિક અને—, ૫૦
-નો પ્રત્યુત્તર,૧૧૧
-ની પ્રથમ ગતિ, ૭૬
-અને સોદાબાજી
ધ્યાનનું ઉત્તમ સ્વરૂપ—, ૧૧૯
સ્વાર્થ અને-, ૧૧૬
બાહ્ય આવરણ ઉપર દબાણ કરવા માટે, ૧૧૪, ૩૧૭
-અને સંકલ્પ, ૧૩૫, ૨૮૪, ૩૧૭-૩૧૮.
-અને કામના, ૧૫૮
સારામાં સારું કરવાની-, ૧૩૬
દિવ્યપ્રેમ વિષે સભાન બનવા-૨૭૨.
આત્માની, ૧૮૮, ૩૪૦.
વેદના અને—, ૩૩૦.
સભાન-૨૦૪.
અમરતા, ૭૯, ૧૯૫
અરવિંદ-શ્રી
-ની અપેક્ષા મુજબનું રૂપાંતર, ૨૨.
-ના કાવ્યમય શબ્દ પ્રયોગ, ૧૩.
-અને શ્રી. માતાજી વચ્ચે વાતચીત, ૯૬
-નાં વેદ ઉપરનાં લખાણો, ૧૫૭.
-ના પ્રભામંડળનો શ્રી માતાજીને અનુભવ, ૨૫૦, ૨૫૬.
-માંદગી દૂર કરે છે, ૨૯૬.
-શ્રી માતાજીની બિલાડી કીકીને સાજી કરે છે, ૨૬૬.
-નો પસંદગીના વિષયમાં એક પત્ર, ૩૬૫.
પ્રભુના બાળકપણા વિષે- ૩૨૬.
અને ઘડીયાળોની વાર્તા, ૩૦૯
'હયુમન સાયકલ', ૩૪૭.
સૃષ્ટિ સર્જનની વાર્તા, ૨૪૧.
'વિચારો અને ધ્યાનસૂત્રો" ૩૨૬.
અવચેતના
દાબી દીધેલી કામનાઓનું આશ્રય સ્થાન, ૬૯
પૂર્વગત સંસ્કારો, ૨૯૬.
પુસ્તક વાંચનની અસર, ૧૭૨.
ગપ્પાં મારવાની અસર, ૧૭૪.
પોતાનો ભાર વધારવા બાબત-૧૭૮
-ની શરીર ઉપર અસર, ૨૩૮
સત્યનિષ્ઠાના અભાવનું સ્થાન, ૨૮૨.
-માં સૂચનો, ૨૬૪
વતુઓનું મૂળ-૨૯૨
અસત્ય
-ના પ્રભુ, ૨૧૧
પ્રાણમય સત્ત્વો અને-૨૧૨
-ના વાતાવરણની અસર, ૪૫
-વાણી, ૨૯૧
અસુરો
અત્યંત મહાન પ્રકાશનાં સ્વરૂપો, ૧૩૭, ૨૧૩
'અસત્યનો પ્રભુ', ૨૧૧
જુઓ 'શકિતઓ'
અશુભ, ૨૮, ૨૯, ૪૮
અનિષ્ટ, ૩૨૧
અહંકાર (ભાવ)
-ની માંદગી, ૧૪
-નું વિસર્જન, ૮૦
વ્યકિતનું અસ્તિત્વ--ને આધીન નથી,

૧૯૮
-માં જીવન, ૩૧૪, ૩૧૫
મનોમય રચનાઓ, ૨૨૮
વ્યકિતગત, ૭૫-૭૫
પોતાની જાત ઉપર કાર્ય કરવામાં—નથી, ૨૮૩
અજ્ઞાન
-માંથી બહાર આવવું, ૭૮
-અવસ્થામાં સુધારો કરવાની અનિચ્છા-વાળાં સત્ત્વો, ૮૪
-ની વ્યાખ્યા, ૧૮૬
-ની મુશ્કેલીઓ, ૨૮૧
ભૌતિક જગત અને—૩૧૦
દુ:ખ અને—, ૩૨૬-૩૨૭
આત્મા,
-નું દર્પણ, આંખો, ૩૧-૩૨
જુઓ "ચૈત્યસ્વરૂપ'
આત્માર્પણ, ૭૭, ૧૫૩, ૨૭૨
આત્મવિશ્વાસ (શ્રદ્ધા)
આત્મ સ્વરૂપ ઉપર-૮૨, ૧૫૬
પોતાની ઉપર-૧૦૬
ભયનો ત્યાગ, ૨૩૮-૨૩૯
આદર્શ, ૧૩૨
આનંદ,
પ્રયત્નનો-૩૯
પરિવર્તનનો-૧૧૮
અભીપ્સાનો-૧૨૦, ૧૫૮
સ્વાર્પણનો--૧૫૫, ૩૫૨
આપત્તિઓ, ૫૪, ૧૯૯
-અને ઈજિપ્તની કબરો-૨૨૩,
પ્રાણ સ્વરૂપે ઊભી કરેલી, ૨૧૪
આરામ
(હળવા થવું) ૧૭૮, ૨૩૩, ૨૭૯, ૨૯૭, ૨૯૯
આવરણ
રક્ષક-૭૨, ૩૦૬, ૩૬૨
પ્રાણમય, ૭૨ ૩૦૭
સૂક્ષ્મ ભૌતિક અને મનોમય-૩૬૨
આવેગો ૮૭-૮૮
આશ્રમ
'અમરતા'નો ખ્યાલ, ૭૯
-ની રચનાનો પ્રથમ પાયો, ૧૦૫
-માં ધ્યાન, ૧૨૧
-માં સર્વ પ્રકારના નમુનાઓનો સંગ્રહ, ૨૪૩
વિશિષ્ટ શકિતઓ અને આંદોલનોથી સભર, ૨૪૯
આંખો
આત્માનું દર્પણ, ૩૧-૩૨
-ઉપર હાથ ઢાંકવો, ૩૦૭-૩૦૮
સૂક્ષ્મ ભૌતિક-૩૫૬
આંતરજ્યોતિ,
૧૧૪, ૧૧૯, ૧૫૪, ૧૫૭, ૧૫૮
આંદોલનો
અન્યનાં—ની અસર, ૩૨, ૪૪-૪૫
આશ્રમ, ૨૪૩, ૨૫૦, ૨૫૧
અમુક સ્થળનાં, ૨૫૭
પ્રાણમય—અને ભાગવત પ્રેમ, ૨૭૩
ફૂલોમાં ચૈતસિક-, ૧૮૯
એકાગ્રતા
બૌદ્ધિક અને અન્ય પ્રકારની-૬
સંપૂર્ણ ધ્યાન, ૮, ૨૨૭
ધ્યાન અને-૧૧,
આંતરિક ઉદ્ઘાટન અને-૧૨, ૨૦૫

તીવ્ર, ૧૨૦
ઉગ્ર, ૧૧૪
ધ્યાન સાથે, ૧૧૯, ૧૩૯
પ્લેગ્રાઉન્ડમાં, ૧૨૧
પ્રભુનું ચિંતન, ૧૪૦
સધન-૧૫૯
માંદગીનો ઈનકાર-, ૩૦૧, ૩૧૭
નીરવતામાં શ્રવણ, ૨૨૭, ૨૩૪
વિવિધતા અને-, ૩૩૬, ૩૬૧
એકતા
માનવ,—અને ટૉલ્સ્ટોયનો પુત્ર, ૩૩૦
મૂળ-૩૬૧, ૩૬૬
એકસૂરતા
વ્યકિતત્વમાં- ૯૧, ૯૯, ૧૨૧

ઈ

ઈતિહાસ
અને પૃથ્વીનો સ્મરણભંડાર, ૧૨૭-૧૨૮
પૃથ્વીનો, ૨૭૦
ઈશ્વર
વિષેના ખ્યાલો, ૨૦૧, ૨૦૩
અર્ધદેવોના અવતારો, ૨૦૯, ૨૧૦
જુઓ 'પ્રભુ'
ઈજિપ્ત
-નો મહાન યુગ, ૩૪૮
-ની કબરોની પવિત્રતાનો ભંગ, ૨૨૩
ઈટાલીનું પુનરુત્થાન, ૩૩૬, ૩૪૭
ઈન્દ્રિયો
-ની ક્રિયાઓ, ૧૫-૧૬
પ્રાણીઓની-૨૬૪
બાર-, ૨૧૮, ૨૫૭
ઉત્સાહ ૨૭૭-૨૭૮
ઉત્કાંતિની વર્તુલાકાર ગતિ, ૩૪૭
ઉદાર વિનોદવૃત્તિ : ૨૭૯-૨૮૪
ઉદારતા
સ્થૂલ અને નૈતિક-૩૬-૩૭
ઉત્તમકક્ષાની વ્યકિત (મેધાવી), ૧૬૭, ૧૬૮, ૧૭૭

એ

એલિઝાબેથ-૧. ૧૭૧,
અંતઃપ્રજ્ઞા, ૯૬
અંધઃપ્રેરણા, ૨૬૫
અંતઃપ્રેરણા
જીવયોનીના આત્માની-૨૬૫

કે

કલા
-ના ઢાળાવ, ૩૩૭
ઈમ્પ્રેશનિસ્ટ, ૩૩૬
આધુનિક-૩૩૨-૩૩૪
આધુનિક-ની શરૂઆત, ૩૩૪
ફોટોગ્રાફી અને-, ૩૩૫, ૩૩૬
સત્યદર્શન અને, ૩૩૭
પુનરુત્થાન, ૩૩૬
બીજા વિશ્વના સમયની-, ૩૩૫
-માં સત્ય, ૩૪૯
-ઉપર યુદ્ધની અસર, ૩૩૭-૩૩૮
જાપાનિઝ, ૩૪૧
કલાકારો
સેઝાન, ૩૩૪
સમસામયિક, ૩૪૭
માનેટ, ૩૩૬.

ગુસ્તાફ મોરો અને તેનો શિષ્ય, ૩૩૨
-નાં ખાનગી (અંગત) જીવન, ૧૭૭-૧૭૮
કર્મ (કાર્ય)
-પ્રત્યે વલણ, ૪૧, ૧૮૫, ૨૪૨
આશ્રમનો પાયો, ૧૦૫
વિકાસનું સાધન, ૧૫૯
આંતરિક ધ્યાન અને-૧૪૦ ૧૪૧
-નું પરિણામ, ૧૮૫
જુઓ 'નિમતિ'
કલ્પનાશકિત ૯૧, ૧૭૬, ૧૭૭
કામના (ઈચ્છા), ૧૫૮
આચરણ અને,—૨
રાગદ્વેષ,૨
પસંદગી, ૧૨
પ્રાણમય ભૂમિકાની વસ્તુ, ૬૮
-અને જરૂરિયાત, ૧૯
-અને ખોટું સૂક્ષ્મદર્શન, ૧૩૧
મૃત્યુ પછીની-૨૧૭, ૨૧૮
-સામેનું રક્ષણ, ૩૬૩
વિકૃત કરનાર-૩૨૮
બિન ભૌતિક, ૩૬૨
પ્રાણમય-, ૨૧૭, ૨૧૮
કાળ (સમય)
ભૂમિકા પ્રમાણે બદલાય છે, ૨૪૭
સૃષ્ટિ સર્જન અને-૧૮૪
જીવનનો ગાળો લંબાવવા વિષે, ૨૬૯
સાપેક્ષ-૨૫૯
અતિમાનસ ભૂમિકા ઉપર, ૧૮૪
કુટેવો, ૨૯૧
કુટુંબ, ૮૦, ૨૮૯, ૨૯૦, ૨૯૨
જુઓ 'માબાપ'
કેળવણી
આશ્રમની શાળામાં-૪, ૨૯
-આપવા શું કરવું જોઈએ, ૪-૫
અશુભનો ખ્યાલ- ૨૮-૨૯
ચૈત્યસ્વરૂપને લગતી-૩૧
અનંત, ૩૬૯
શીખવા માટે ભૂલવાની-૨૩૧
મુશ્કેલ વિષયોને સમજવાની-૨૨૬,
કોયડો ૧
પ્રશ્ન-૭૦
કોપાણુઓ
-માં અનુભૂતિ, ૨૮૫
-માં ભય, ૨૩૯
કંટાળો, ૧૦૦
સર્વ પ્રકારની મૂર્ખતાઓનું કારણ, ૨૩૩
ક્રાઈસ્ટ
-નો જન્મ દિવસ, ૯
-વિષે મુસ્લિમ ધર્મકથા, ૯૩
ક્રોધ, ૧૯૩, ૨૦૪
ક્રોસ, (આત્મ બલિદાન), ૫૩, ૩૫૨, ૩૫૩
કૃપા (કરૂણા) ૧૮૭, ૨૦૧, ૨૭૨, ૩૧૩, ૩૫૪

ખ

ખજાનો
સર્પ દ્વારા રક્ષણ, ૨૧૬
ખંત, ૬૧, ૯૯, ૧૦૭, ૧૩૫, ૨૦૬, ૨૧૭, ૨૮૧
ચૈતસિક મૂળ-૨૮૪

ગ

ગપસપ, ૨૨૮, ૧૭૪
ગર્વ જુઓ અહંભાવ, મિથ્યાભિમાન
ગાંડપણ ૨૧૨ ૨૨૧,
ગોઠવણી
ચૈત્ય સ્વરૂપની આસપાસ-, ૪૮, ૨૨૨, ૨૫૬
ગુહ્યવિદ્યા ૧૪૪, ૧૫૦, ૨૫૭, ૩૫૦
પારદર્શન, ૧૪૫, ૧૪૬
ગ્રહણશક્તિ, ૧૧૦
-અને સ્વરૂપનું સમર્પણ, ૧૪૨
પોતાની જાતને ખાલી કરવી, ૩૧૭
શક્તિ અને-૨૩૬
-વધારવી, ૨૯૭
પદાર્થતત્ત્વની વધુ-૨૩૭
ગ્રીસ, ,૩૪૮

ચ

ચમત્કારો, ૯૨-૯૩, ૧૬૪
ચલચિત્રો, (સિનેમા, બોલપટ)
સાધનની પૂર્ણતા, ૩૬૩
ચારિત્ર્ય
-નું પરિવર્તન, ૮, ૧૦૪, ૨૦૩, ૧૩૭, ૨૯૩
નિદ્રામાં વાસ્તવિક-નું જ્ઞાન, ૩૯
ક્રોધનો ત્યાગ, ૧૩૯
-નું ઘડતર, ૨૦૨
ચેતના, આત્મસભાન બનવા માટે,
-ની ક્રિયાઓ ઉપર કાબૂ-૩, ૪૧
-નું ધ્યાનપૂર્વક અવલોકન, ૪૩
સ્વરૂપના ભાગો વિષેની સભાનતાની, ૪૧, ૨૬૨, ૨૬૩, ૨૭૭
સજ્ઞાન થવા માટેની કસરત, ૪૫, ૯૯,
સ્વામીત્વ, ૪૫
પ્રભુત્વ, ૪૭, ૮૩
ખામીને દૂર કરવા-, ૮૩, ૯૯, ૨૦૪
દિવ્ય પ્રેમની, ૨૭૨
આસપાસના વાતાવરણની-૨૪૯, ૨૫૧
પોતાની ક્રિયાઓનું મૂળ, ૨૭૭
ચેતના
-નું રૂપાંતર, ૨૨, ૨૪૭, ૩૨૮
આંતરિક અને ઊર્ધ્વ-૧૩-૨૪
સ્થિર અને શાંત-૧, ૧૩
સર્જનહાર-, ૧૪, ૧૯૭, ૨૬૧, ૨૭૭
અદ્વૈતરૂપ, ૧૭
સત્ય-૨, ૨૬૨
-ની દિશા બદલી, ૨૭
-અને સાધનો, ૪૯
-નું સાચું સ્વરૂપ, ૪૪
-નો કેદ પૂરાવાનો અનુભવ, ૧૧૧
-અને નિદ્રાચરણ, ૧૪૮
સ્વરૂપ અને-, ૨૬૧
મગજ અને-, ૨૨૬
વ્યાખ્યા અને સ્પષ્ટિકરણ, ૨૬૧
વિમુખતા : અકસ્માત, ૩૦૬-૩૦૭
દિવ્ય-,૨૭૬
સિદ્ધિદાતાશક્તિ, ૧૮૨
વિશ્વવ્યાપક, ૧૮૪
જ્ઞાનમય, ૧૭૯, ૧૮૦, ૧૮૪
અચેતના, ૧૯૫-૧૯૬
દર્પણ, ૨૮૪
એકમાત્ર, ૨૬૧-૨૬૨

પ્રગતિશીલ, ૨૪૭
ચૈતસિક, ૨૬૦
પ્રભુનું પ્રતિબીંબ, ૨૮૪
જીવયોનીનો આત્મા, ૨૬૫
વિચાર અને-, ૨૬૯
પરાત્પર-, ૨૪૮
સતત જાગ્રત-૩૬૫
સાક્ષી-૨૬૦
ચેતનાની અવસ્થાઓ
સીડીમાં ખાલી ગાળા, ૭૦
જેમના વિષે આપણે સભાન નથી, ૮૩
ભૂમિકાઓ, ૧૭૪
પ્રભુ સાથે મિલન, ૧૭૧
ભૌતિક ચેતનાના સ્તરો, ૨૬૩
ચૈત્ય સ્વરૂપ (પુરુષ)
-નું ખુલ્લા થવું, ૨૪-૨૫
ચૈત્યદૃષ્ટિ, ૨૪-૨૫
આંતરિક પ્રકાશ, ૪૭
મન અને-૩૨.
-માં પ્રભુની દિવ્ય હાજરી, ૨૪-૩૧
-ની આસપાસ ગોઠવણી, ૪૮, ૨૫૬.
દુ:ખથી ૫૨,—૫૫.
દેહ અને આત્માની તૈયારી, ૧૦૭.
-માં અભાનપણે પ્રવેશ ઝંખવી નાખે, ૧૧૦
ગુંગળામણ, ૧૧૦, ૧૧૧, ૧૧૨, ૧૧૪
જાગ્રત-સહાયક વસ્તુઓને આકર્ષે છે, ૧૬૭, ૧૭૦, ૧૮૭, ૨૯૨
સૌન્દર્ય, પ્રેમ ૧૮૮
સ્વરૂપ, ૧૬૧-૧૬૨
ઊર્ધ્વનાં સ્વરૂપો અને—૨૧૦
પુનર્જન્મ માટે-દ્વારા પસંદગી, ૧૬૬, ૧૬૮, ૧૯૦, ૨૦૮, ૨૦૯
દિવ્ય પ્રેમને સમજવાની દીક્ષા, ૨૭૩-૨૭૪
સભાન-૧૬૭, ૧૯૦
દિવ્ય સ્ફુલિંગની આસપાસની ચેતના, ૧૬૨, ૧૭૦
-કાયમી ઘટક, ૧૯૭
એક જાપાનિઝને થયેલો—નો સંપર્ક, ૩૪૩
-નો સંપર્ક, ૧૬૮, ૨૭૩
વિકાસ : જવાબદારી, ૨૭૪
વિકાસ : જન્માંતરોમાં, ૧૬૪-૧૬૭
ચૈતસિક સ્વપ્નો, ૧૭૦
પૃથ્વી ઉપર-૧૮૭
ઘણા ઓછા લોકોમાં, ૧૫૦, ૧૬૦
ફૂલોમાં, ૧૮૯
ઘડતરની રેખા, ૨૦૮
માતા દ્વારા જન્મની અભીપ્સા, ૧૪૫, ૧૯૦
ચૈત્ય પ્રેમ, ૧૮૮
ભૌતિક જગતને—સાથે કોઈ સંપર્ક નથી, ૨૭૬
ભૌતિક પદાર્થમાં- ૧૬૨, ૧૮૭, ૨૦૯
-અને પ્રાણમય સત્ત્વનું વળગણ, ૨૧૨
પ્રગતિ, ૧૭૦, ૧૮૮
પુનર્જન્મના ગાળાઓ, ૩૪૭
પુનર્જન્મ સાથે જડાયેલ, ૩૬૨
ભૂતકાળના જન્મોની યાદ, ૧૬૩, ૧૬૮, ૧૭૨
સત્ય નિષ્ઠાનું મૂળ, ૨૮૩
આત્મા, ચૈત્ય અને પ્રાણમાં પુરુષ, ૧૫૮

આત્મા અને—૧૮૭
પાર્થિવઘટના, ૧૮૭, ૧૮૮, ૨૭૧
ચૈતસિક આંદોલનો, ૧૮૯, ૨૭૩
-ને પ્રાણમય સ્વરૂપ હડસેલી મૂકે છે-૨૧૦
આંતરિક સંકલ્પ
સાક્ષી, ૨૬૦
દિવ્યકર્મને સમર્પણ, ૧૬૮
જગત, ૨૫૬

છ

છોડવાઓ.
વનસ્પતિમાં ચૈત્યસ્વરૂપ, ૩૧
-માં મિથ્યાભિમાન, ૩૬
-માં ચેતના, ૨૬૯
ફૂલો અને- : સૌન્દર્યબોધ : સંકેત-૧૮૯
જાપાનના-૩૪૨, ૩૪૩

જ

જગત
નું દુ:ખ, ૪, ૪૮
-નવીન-૭૯
ઊલટા પ્રકારનું-, ૧૩૮
-ની ખોટી રીતની રચના, ૩૨૨
-નું પરિવર્તન, ૨૮૩
-ની વિવિધતા, ૩૨૦
-નું પ્રભુથી અલગ થવું, ૩૨૨, ૩૨૬
ભયંકર છે : ભય નહિ પણ રૂપાંતર-૨૮૩
ભ્રમાત્મક-૩૧૧
દુ:ખ, ૩૨૬
અન્ય—, ૨૭૧
-ઉપર યુદ્ધની અસર, ૩૩૭-૩૩૯
-કેવું હોવું જોઈએ, ૩૨૫
જડવાદ
-નો પાયો, ૩૧૩, ૩૧૬, ૩૪૮
ભૌતિક જીવનમાં પૂર્ણતા, ૩૬૩-૩૬૪
જમીન
-ની નીચેના પાણીનું પાન, ૨૬૩-૨૬૪
જરૂરિયાતો, ૫૯
જવાબદારી ૮૨, ૧૦૧, ૧૬૩
જન્માંતર ૨૬૭
જાપાન
કલા, ૩૪૧
બગીચાઓ અને પ્રાકૃતિક દૃશ્યો, ૩૪૩-૩૪૪
-નું સાહિત્ય, ૩૪૫
-ના લોકો અને રીતભાત, ૩૪૫-૩૪૬
-નું સાહિત્ય, ૩૪૫
-ના લોકો અને રીતભાત, ૩૪૫-૩૪૬
શ્રી માતાજીનું સૂક્ષ્મદર્શન, ૩૫૬
જાતિ (જાતીય કામના)
પુનર્જન્મમાં જાતિની પસંદગી, ૨૦૯
ધન અને સર્પ : કામવાસના, ૨૧૬
વાતાવરણમાં કામવાસનાનાં સત્ત્વો, ૨૧૮
આધ્યાત્મિક શકિત અને વાસના, ૩૫૦,
જીવન
ધ્યેયને લઈને મળતો આનંદ, ૩૮,૩૯
-નું શાસ્ત્ર, ૩૮, ૩૯, ૪૨
શકિતઓનો વિનીમય, ૪૩-૪૪
નવીન-૭૯

અગાઉનું-૮૦,
-માં રસ, ૧૦૦.
-નો ઉદ્દેશ, ૧૩૫-૧૩૬
-ની કાર્યપ્રણાલીમાં ફેરફાર, ૧૪૧
જન્મ: જવાબદારી, ૨૭૪
સંજોગો અને શકયતા, ૨૪૧
-પોતાની જાતને વિશાળ અને જ્યોતિર્મય બનાવે છે, ૧૫૧
જ્ઞાનપૂર્ણ-, ૧૮૧
ભૂતકાળનું-૧૭૨, ૨૦૮, ૨૮૫
ભૂતકાળનું-સ્મૃતિ અને પસંદગી, ૧૬૪, ૧૬૮, ૧૭૨, ૨૦૮
અંગત- અને કાર્ય, ૧૭૭-૧૭૮
જ્યોતિષશાસ્ત્ર, ૩૪૮

ટ

ટેકનિક,
-અને સભાનતા, ૫૦

ડ

ડોળ, ૮૫

ત

તપસ્યા
-અને આત્મ—સમર્પણ, ૮૧
-માં રહેલ ભયસ્થાન, ૮૧
જુઓ તાલીમ,
તત્ત્વજ્ઞાન, ૨૪૩
તત્ત્વજ્ઞાની, ૨૨૨
તબીબીશાસ્ત્ર
-પ્રગતિશીલ, ૨૩૭
-ના ચમત્કારો, ૧૬૪
તાદાત્મ્ય, ૧૫૫, ૧૯૭, ૩૩૬
તત્ત્વવિચાર, ૨૪૩
તાલીમ, ૮, ૧૪૪, ૧૪૬
કસરત, ૧૭૪
ત્યાગી,
અન્ય લોકોના ચેપથી દૂર રહે છે, ૮૫
પૂર્વજન્મ, ૧૬૯
પ્રશ્નને દબાવી દે છે, ૨૦૪

દ

દબાણ, ૨૩૩
દમન, ૬૭, ૬૮
દવા અને ઔષધશાસ્ત્ર
-માં પૂર્ણ સમતુલાની અગત્ય, ૭૨
પ્રગતિશીલ છે, ૨૩૭
-ના ચમત્કારો, ૧૬૩
દાનવૃત્તિ, ૨૯૦
માનવસેવા, ૭૬
દિવ્યકર્મ
દરેક વસ્તુ—નો ભાગ છે. ૧૩૪
વિકાસ પામેલો—ચૈત્યપુરુષ—ને સમર્પણ કરે છે, ૧૬૮
દીક્ષા
ચારિત્ર્ય બદલવાની, ૧૦૪
રહસ્યજ્ઞાન ખુલ્લું કરવા વિષે, ૨૪૯, ૨૯૫
-ની પદ્ધતિઓ, ૨૨૪
દુ:ખ, ૪, ૪૮, ૫૫, ૩૨૪, ૩૨૭, ૩૨૮, ૩૨૯
વ્યાકુળતા, ૮૩
દુ:ખાનુભવ, ૫૪,

સહનશકિતના પ્રમાણમાં, ૫૪
અંતરનું વલણ, ૧૧૪
સત્યનિષ્ઠાનો અભાવ, ૨૮૨
-ની પાછળનું કારણ, ૩૨૮
દુર્ભાગ્ય, જુઓ દુ:ખ
દેહાર્ત, ૧૯૫, ૩૨૮
દેવદૂતો, ૧૮૭
દેશ
-નો ઈતિહાસ, ૧૨૭-૧૨૮
-નું વાતાવરણ, ૨૪૯, ૨૧૧, ૨૫૭
આંતરિક એકતા, ૨૯૦
જુદા જુદા—વચ્ચેના લોકોની મનોમય એકતા, ૨૫૪-૨૫૫.
જુઓ ઈજિપ્ત, યુરોપ, ભારત, જાપાન
ધર્મો
સિદ્ધાંતો, ૩૦
ચમત્કારો, આવિષ્કારો, ૯૩
દિવ્ય સ્ફુર્લિંગ, ૧૬૧
મનોમય રચનાઓ, ૨૮૮
યંત્રણા, ૩૫૨-૩૫૪
બલિદાન, ૩૫૨
શિક્ષકો, ૩૫૪
ધાર્મિક દૃષ્ટિ સિદ્ધાંત, ૩૦
મતાંધતા, ૩૧૯
ધીરજ, ૧૦૭, ૧૩૫, ૨૦૮, ૨૮૦
ધ્યાન
-અને એકાગ્રતા, ૧૧
સમાધિમાં પ્રવેશ, ૭૦
આશ્રમમાં—૧૨૧, ૧૪૧
અનેક રીતનાં-૧૧૮-૧૧૯
-આધ્યાત્મિક જીવનનું લક્ષણ નથી. ૧૧૮-૧૧૯
એકાગ્રતા અને—૧૧૯, ૧૩૯
પૂર્ણશૂન્યતા, ૩૧૬

ન

નમનીયતા
પ્રભુના સંકલ્પ પ્રત્યે-૨૩૫
સમજણ અને, ૧૭૯
નિર્ણયો
ન બાંધવા ૪
સાચા-૧૫
વિરોધી-નો મેળ, ૩૬
આદર્શના પ્રકાશમાં, પોતાના આદર્શ વિષે-૪૬, ૪૭
વસ્તુઓ અને લોકોની તુલના, ૫૬
મનુષ્યના-; સારા ખોટા અંગે, ૯૧
લોકો વિષે-૧૩૬
વિશ્વ વિષે- ૨૦૧, ૧૩૫
નિર્બળતા, ૨૮૨
નિદ્રા
પ્રશ્નોનો ઉકેલ, ૭૦
-ના પ્રકાર, ૬૯
સચ્ચિદાનંદમાં વિરામ, ૭૨, ૧૨૪
સભાન-, ૭૨
-લેતાં શીખવું, ૭૧-૭૨, ૧૨૪
ત્રણ મિનિટની- આઠ કલાકની બરાબર, ૭૨
સ્વપ્ન વિનાની-૧૨૪
-માં અચેતનામાં પ્રવેશ, ૩૫૫
-માં શ્રી માતાજી પાસે ગમન, ૧૫૧
દુ:સ્વપ્ન, ૧૫૦, ૨૧૯
-માં રક્ષણ, ૧૫૦
નિદ્રાચરણ ૧૪૭

નિયતી
દરેક પ્રદેશની પોતાની-,૯૪
પ્રભુ કૃપાના સંકલ્પની—ઉપર અસર, ૧૮૩-૧૮૪
કાર્યકારણનો નિયમ, ૨૦૧
નિયમો, ૧૭
નિરાશાવાદી દ્રષ્ટિ, ૨૭
નીરવતા
મનોમય, ૭૧, ૨૩૫, ૨૩૮, ૨૫૮, ૩૧૫
ધ્યાન, ૧૧૯
-માં શ્રવણ, ૨૨૭, ૨૩૫
સૃષ્ટિનું જ્ઞાન આપવાનું સાધન-૩૬૬
-માં સમજવું, ૨૫૫
નૈતિકતા, ૯૧-૯૨,
સત્ય અને-૧૬
ભગવાનમાં, ૯૨
પ્રભુની, ૨૦૦-૨૦૧
ન્યાય
ભાગવત તુલના, ૧૦૨
વિષે લોકોના ખ્યાલ, ૧૧૫

પ

પદાર્થ તત્ત્વ
-માં દિવ્ય પ્રેમ, ૨૬૮
ભૌતિક જગતોની રચના, ૧૮૫, ૩૧૦, ૩૧૮
-માં પ્રેમ, ૧૮૮, ૨૬૯
પ્રગતિશીલ-૨૩૭
ચૈત્ય સ્વરૂપનું કાર્ય, ૧૮૭-૧૮૯
અતિમાનસ ચેતનાનું—ઉપર કાર્ય, ૨૫૧
પરચેતના
સમસ્યાનો ઉકેલ, ૭૦
-માં નિદ્રા, ૩૫૫
પરમાણુ
અન્ય પરિણામનો ખ્યાલ, ૧૩૯
-માં દિવ્ય સ્ફુલિંગ, ૧૬૧
-માં ચૈત્ય સ્વરૂપ, ૧૬૨
-માં પ્રભુ, ૨૬૯
પરીઓ
ભલાં સત્ત્વો, ૩૦૯
-ની વાર્તામાં ખજાના, ૨૧૫
પસંદગી ૨૨૯, ૨૩૫
રાગદ્વેષ વિના-૨
ચૈત્યપુરુષ અને, ૧૬૬
અભિવ્યકિતની, ૩૬૪-૩૬૫
પરિવર્તન, ૧૦૩, ૧૧૬, ૧૧૮,
જુઓ રૂપાંતર,
પરિમાણો, ૨૩, ૧૬૦, ૧૬૧, ૨૪૭
પારદર્શન, ૧૪૫, ૩૦૭
પુનરુત્થાન,
ઈટાલીનું ૩૩૬-૩૩૭
પુનર્જન્મ, ૧૬૬, ૧૬૯, ૧૯૦, ૩૪૭
ચમત્કારી-, ૧૬૩
જુઓ ચૈત્યસ્વરૂપ
પુરાણ કથાઓ, ૨૧૦, ૨૧૩
પુસ્તકો
સામાન્ય-,૧૭૩
-નું ભાષા શીખવા માટે વાંચન, ૧૭૬
ચેતનાને ઊર્ધ્વગામી બનાવે તેવા અંત-વાળાં, ૧૭૭
-ને સમજવાં, ૨૨૬
-નાં દ્રષ્ટિબિંદુઓ, ૨૨૯

પૂર્ણતા, ૧૮-૨૦, ૨૯, ૨૪૧, ૨૬૧, ૩૬૪, ૩૬૬
પૂર્વજોનો વારસો, ૨૯૧
પ્રકાશ
-નો ઉત્સવ ૯,
આંતરિક-૪૭
નવા જગતમાં—૭૯
છાયા અને—,૭૯
ઊર્ધ્વચેતના અને-, ૮૯
અતિમાનસ-૧૧૦
-અને અંધકાર, ૧૩૭
સમગ્રતયા જ્ઞાનનો-૨૪૬
પ્રતીક-૨૪૬
પ્રકૃતિ
-ની પૂર્ણતા, ૧૯-૨૦
-ની ક્રિયાઓ, ૨૭
ઉત્પાતો, ૨૦૧
સંસ્કૃતિ અને-૩૬૭
કરકસર, ૨૩૩
પ્રગતિ
-માટે સ્વપ્રયત્નની જરૂર, ૧૧
પૂર્ણતા અને-૧૮-૨૦
આદર્શના પ્રકાશમાં-૪૭
આંતરિક-ને બહાર લાગુ કરતી, ૨૮-૨૯
પ્રાણની કટોકટીને-માં ફેરવવી, ૬૨
-નો સંકલ્પ, ૮૮
જીવનમાં પ્રહારો, ૧૪૧
સ્વરૂપનું પરિવર્તન, ૧૧૬-૧૧૭, ૧૩૪-૧૩૫
અનાસક્ત-૩૩૮
ચૈત્યસ્વરૂપ દ્વારા-માટે માર્ગદર્શન, ૧૬૭, ૧૭૨, ૧૮૭
અંતરની-નો ભૌતિક ઉપયોગ, ૨૦૬
શીખવા માટે, ૨૩૧
અવિરત-૨૨૭
ચૈત્યસ્વરૂપ અને- ૧૭૦, ૧૮૮
દુ:ખ દ્વારા-માટે સહાય, ૩૨૮
પ્રતિભાશાળી વ્યક્તિ, ૪૯, ૧૭૭ ૪૪
પ્રભાવ, અસરો, ૪૪
પ્રભુ
અને સત્ય, ૨
-ના સંકલ્પનું પાન, ૨
-ને જ ખુશી કરવા, ૨૧
-ની હાજરી, ૨૪-૨૫, ૩૧
-ની પ્રાપ્તિ, ૭૭
-નો અંતરપટ તરીકે ઉપયોગ, ૮૭
નૈતિકતા બાબત-નો નિર્ણય, ૯૧
-નું વ્યક્તિમાં અસ્તિત્વ, ૯૦
સર્વશક્તિમાન-૧૩૪
-ની કાર્યપદ્ધતિ. ૧૩૩-૧૩૪
સૃષ્ટિસર્જનમાત્ર-નો આવિર્ભાવ, ૧૯૭, ૨૭૦, ૩૬૧
સૃષ્ટિસર્જ-ના આત્મસભાન થવાને કારણે, ૧૯૭, ૨૬૧
સૃષ્ટિસર્જાગુન-એ પોતાને વસ્તુલક્ષી કરવા માટે, ૧૮૩
-ના પ્રેમનું અવતરણ, ૨૬૯
અશુભ અને - ૩૨૨, ૩૨૩-૩૨૪
-ની આત્મવિસ્મૃતિ, ૨૮૨
-ના નીતિ નિયમ, ૨૦૦
નો સાક્ષાત્કાર, ૨૮૫
નું આત્મબલિદાન, ૨૭૦

પ્રયત્ન
-નો આનંદ, ૩૯-૪૧
સ્વપ્રયત્ન, ૧૦૬-૧૦૭
પરિવર્તન માટે સહનશકિત, ૨૮૧
ભુનો સંકલ્પ.
અનુભવ, ૩
-સાથેનો સંપર્ક, ૧૫૬, ૨૪૨
-નિયતિને બદલે છે, ૧૮૩
-પ્રત્યે નમનીયતા, ૨૩૫
-ની ઓળખાણ માટેની શરતો, ૨૩૫
પ્રલય
વિશ્વનો વિનાશ, ૨૮
પરંપરાઓનું સ્પષ્ટિકરણ, ૨૪૫
પ્રાણ (પ્રાણમય)
સરસ કામ કરનાર, ૬૦
-નો સહકાર, ૬૦
સત્ય નિષ્ઠા વડે પરખ, ૫૯-૬૦
સક્રિયતાનું કેન્દ્ર, ૫૮, ૬૮
-નું રૂપાંતર, ૮૯, ૨૦૩, ૨૭૭
મન અને-, ૬૦
-ની સમતુલા, ૭૨
-મય આવરણ, ૭૨
-મય આવરણમાં ચીરો, ૭૨-
-મય દેહનું રક્ષણ, ૭૨, ૩૦૬, ૩૦૮
-ના રૂપાંતરની મુશ્કેલી, ૬૨-૬૩
-શકિતઓની મદદથી ચમત્કારો, ૯૩, ૯૭
-ની નિર્બળતા, ૧૧૨, ૧૧૩, ૨૮૨, ૨૮૩, ૨૮૫
યુદ્ધ અને-૨૧૩, ૨૨૨, ૩૩૭-૩૩૯
-માં પ્રેમ અને સૌન્દર્ય, ૧૮૮
-સત્ત્વો, ૨૧૦, ૨૧૪, ૨૧૬
-સત્ત્વોનું દેહધારણ, ૨૫૧
-સત્ત્વોમાં ચૈત્ય સ્વરૂપનો અભાવ, ૧૬૨
સત્વોની ઓળખાણ, ૨૧૬
સર્વ કર્મોનું કેન્દ્ર-૨૮૦
મૃત્યુપછી—૨૧૮, ૨૨૨, ૨૩૨
જન્મથી વિકૃત-૨૯૦
-શકિતની પ્રાપ્તિ, ૨૭૦-૨૮૦
-બહિર્ગમન: પ્રાણમય સત્ત્વો, ૧૪૯-૧૫૦
ખૂણામાં સંતાઈ રહે છે, ૧૧૨
સંકલ્પની ઉત્કટતા, ૨૮૩-૨૮૫
-ઉપરની પકડ ઢીલી મૂકવી અને દબાણ, ૨૦૨
દુ:સ્વપ્ન, ૧૫૦, ૨૧૯, ૨૨૧
માંદગીનું મૂળ, ૨૯૪
વળગણ, ૨૦૧
સંસ્કૃત-૧૮૯
-દબાણ, ૨૦૨
આત્મા અને ચૈત્ય સ્વરૂપ-૧૫૮
-આંદોલનો, ૨૭૩
ત્રાસદાયક જગતો, ૩૩૭-૩૩૯
અવ્યવસ્થાની સૃષ્ટિઓ, ૧૬૨
પ્રાણીઓ
-માં ચૈત્યસ્વરૂપ, ૩૨-૩૩
-માં મિથ્યાભિમાન, ૩૩
-માં મનોમય જીવન, ૧૮૯, ૨૬૯
ઈંદ્રિયોનો વિકાસ, ૨૬૪
જીવયોનીનો દેવતા, ૨૬૪-૨૬૫
પ્રેમ
પ્રાણીઓ અને મનુષ્યોમાં માતૃપ્રેમ, ૩૩

દિવ્ય-વિષે સભાન બનવા વિષે, ૨૭૨
કૃપા અને-૨૭૨
પથ્થરમાં-, ૨૬૮
પદાર્થતત્ત્વમાં, ૧૮૮, ૨૬૮, ૨૬૯
સાચો-૧૮૮
અભીપ્સા અને કામનામાં-૧૧૮
પ્રેરણા ૧૦૭
પૃથ્વી
-નો ઈતિહાસ.
-નો સ્મરણભંડાર, ૧૨૭, ૧૨૯, ૧૪૪
—ઉપર જ ચૈત્ય સ્વરૂપનો વિકાસ, ૧૬૫, ૧૮૭, ૨૭૧
ચેતનાની એકાગ્રતા, ૨૪૭, ૨૭૧
-ના અસ્તિત્વનું કારણ, ૨૭૦
નવી શકિતઓ, ૨૪૭
-ની જવાબદારી, ૨૭૪
પ્રતીકાત્મક બિંદુ, ૨૭૦

ફ

ફૂલો.
સૌન્દર્યની ભાવના: ગુલાબ, ૧૮૯
-નો આગવો અર્થ, ૧૮૯
ફોટોગ્રાફી ૩૩૫, ૩૩૬

બ

બર્હિર્ગમન ૧૪૫, ૧૪૭, ૧૪૯, ૧૬૬, ૨૨૧, ૨૨૨, ૨૪૭, ૩૦૩, ૩૫૭
બાળક
નાનાં-અને શકિત, ૭
ચૌદ વર્ષ સુધીનાં-૧૦
ગુણોની કેળવણી, ૨૯, ૩૦, ૩૧
-ની આંખો-૧૬
આંતરિક સત્ય, ૩૧
-પાસેથી બોધપાઠ, ૧૦૩
અદબ રાખવી, ૧૦૫
અલૌકિક-૧૬૭, ૧૯૦, ૨૯૧
સાત વર્ષની ઉંમર પહેલાંનું મન, ૧૬૧, ૬૭
પહેલો રૂદન સ્વર, ૧૬૩, ૧૬૭
-માં ચૈત્ય સ્વરૂપ, ૧૬૧, ૧૬૬, ૧૬૭, ૨૭૫
ભૂતકાળના જન્મોની સ્મૃતિ, ૧૭૦
આંતરજીવન અને બાહ્ય જીવન, ૧૪૯
-વિષે સમજ, ૧૭૯
યુદ્ધ પછીનાં-૩૩૮
બિલાડીઓ
શ્રી માતાજીનું અવલોકન, ૩૩
-ના બચ્ચા જેવું વલણ, ૧૦૬
કીકી, શ્રી માતાજીની બિલાડી, ૨૬૬
-નું પ્રાણમયજીવન: શરીરની બહાર ફરવાની ઘટના, ૩૫૮-૩૫૯
બુદ્ધ
આત્મ સંયમ વિષે-૧૦૨
બૌદ્ધ ધર્મની રીતની સિદ્ધિ, ૩૬૬
બૌદ્ધ ધર્મની પરિભાષા, ૨૮૮
વ્યકિતત્વ એક ભ્રાંતિ છે તે વિષે-૧૯૮
-નું દ્રષ્ટિબિંદુ, ૨૪૮
-નો બોધ, ૩૨૮
બુદ્ધિ ૧૬
બુલેટિન
કોને કોને માટે, ૧૦
બોધપાઠ
બાળક પાસેથી, ૧૦૩

બંડખોરી
નિરાશાને કારણે, ૬૧

ભ

ભય
સ્વપ્નોમાં, ૬૯
-નું કારણ, ૨૩૮
કોષાણુઓમાં-૨૩૯
-નો ઈલાજ-૨૪૦
-થી ઉત્પન્ન થતી માંદગી, ૨૯૪
ભારત
-માં આત્માઓની ગણતરી, ૫૭
-ના સમૃદ્ધ સમયો, ૩૪૮
અને યુરોપના લોકોની સરખામણી ૩૪૮, ૩૪૯
-માં વનસ્પતિનો પૂજામાં ઊપયોગ, ૧૯૦
-નું મહત્ત્વ, ૩૩૮
ભાષા
એકંદરે વિશ્લેષણ-૨૪૮, ૨૪૯
દરેક વિજ્ઞાનની-૧૯૪, ૩૪૮
-નું મૂલ્ય, ૩૧૮-૩૧૯
ભૌતિકરૂપક,૨૨૦
ભ્રાંતિ ૨૭૭

મ

મગજ
ઈન્દ્રિયોની ક્રિયાઓ અને-૧૫,
સમજવાની ઘટના, ૧૨૮, ૨૨૬, ૨૯૯
-નું ઘડતર, ૧૬૧-, ૨૨૬
-માં ભાર ભરવો, ૩૪૦
નમનીય બનાવવું, ૨૩૧
મન
શકિતઓને તાજી કરવામાં ઘટાડો, ૯
કર્મ માટેનું કરણ, ૪
ખુલ્લા થવું, ૨૩
દરેક વસ્તુને ઓપ આપનાર, ૪૬
મનોમયરૂપોની શકિત, ૬૮
જ્ઞાન સાધન નથી, ૫૬, ૧૯૪, ૨૫૧
તુલના કરી શકતું નથી, ૫૬, ૨૫૧
ભૌતિક, ૬૦
ખાલી જગ્યા પૂરવાની વૃત્તિ, ૮૬, ૧૨૬
-ને આરામની જરૂર, ૭૧
-ની નીરવતા, ૭૧, ૨૦૮, ૨૨૭, ૨૫૮
ઊર્ધ્વ વિચારોથી તેમનાં પરિણામો સુધી, ૯૪-૯૫
અને સ્મરણ શકિત, ૧૨૭
સત્યનિષ્ઠાનો અભાવ, ૧૨૫, ૧૫૬
ભૌતિક મનોમય તત્ત્વ, ૧૨૭
-માં દૂર્બળતા, ૧૧૦
સભાન થવા વિષે, ૨૬૦
મનોમય સત્ત્વો, ૨૫૩
-ની ગુંચવણ, ૨૨૯, ૨૩૦
મૃત્યુ પછી-૨૨૨,
મગજ ખસી જવું, ૨૧૨, ૨૨૮
મનોમય અહંકાર, ૨૨૮
અનુભૂતિઓ અને, ૨૫૮
બહાર જવાની ક્રિયા, ૧૫૧-૧૫૨
મનોમય રચનાઓ, ૧૫૭, ૨૨૦, ૨૨૮, ૨૫૮
-ની મદદ કરવાની શકિત, ૨૦૯
વ્યકિત ભૂત, ૨૨૦, ૨૨૨

જાપાનિઝ જીવન અને કલામાં-૩૪૧
મનોમય આકર્ષણ, ૨૫૫
મનોમય રૂપોના આગવા નિયમ, ૨૨૪
મનનો કિલ્લો, ૨૨૦, ૨૨૭, ૨૩૦
મનોમય હસ્તક્ષેપ, ૨૦૭
મનોમય દુઃસ્વપ્ન, ૨૨૧-૨૨૨
વ્યવસ્થા, ૧૯૮
ભૌતિકમન, ૨૦૮, ૨૧૨
-ની રમત, ૨૨૧
-ના ખેલ, ૧૯૪, ૨૨૯
-નો કાબૂ, ૨૧૨, ૨૨૧
ચૈત્ય સ્વરૂપની આસપાસ-૨૨૨
-ની ગ્રહણશીલતા, ૨૯૮
વિચાર, ૨૨૮
-ની ચેતનામાં કાળ, ૨૧૯
-ની કેળવણી, ૨૩૧
બિનભરોસાપાત્ર, ૨૦૨, ૨૦૪
પ્રાણ અને-૨૦૩
મમી ૨૬૪
મરણોત્તર ક્રિયાઓની ઉપયોગિતા, ૨૩૨
શ્રી માતાજી : તેમણે કહેલી વાર્તાઓ
ક્રાઈસ્ટ વિષે મુસ્લિમ કથા, ૯૩
ભારતમાં આત્માઓની સંખ્યા, ૫૭
સટ્ટો જુગાર ખેલનારની, ૯૭
અકસ્માત નિવાર્યાની, ૩૦૧
એક કલાકાર અને આધુનિક કલા વિષે, ૩૬૨
ક્લોરોફોર્મની અસરથી સૂક્ષ્મ દર્શન, ૧૪૫
હાથી અને મહાવત-
પોંડીચેરીમાં રોગચાળો
સ્નાયુઓ અને વૈજ્ઞાનિક
શ્રી માતાજી : તેમની વ્યક્તિગત અને આધ્યાત્મિક અનુભૂતિઓ
બિલાડીઓ, ૩૩, ૨૬૬
એક સિંહની વાત, ૩૬
-રમત રમતાં શીખ્યાં, ૫૧
રાત્રિમાં સભાન-૭૧
સ્વપ્નોની નોંધ, ૭૧-૭૨
અનુભૂતિઓનો ખુલાસો, ૮૬-૮૭,
અમરતા વિષે, ૭૯
અંતરમાંથી શ્રવણ, ૮૬
સભાન નિદ્રા, ૭૧-૭૨
સચ્ચિદાનંદમાં વિરામ, ૭૨
શ્રી અરવિંદ સાથેના પ્રસંગો, ૯૬, ૨૫૬, ૨૬૬, ૩૦૯
પ્લેગ્રાઉન્ડ ઉપર ધ્યાન, ૧૨૧, ૧૪૨
આશ્રમમાં ધ્યાન, ૧૨૧, ૧૪૨, ૨૪૩, ૨૪૯
અબ્દુલ નહા, ૩૫૩
વાતાવરણનું પરિવર્તન, ૨૫૧
પુસ્તકો વિષે, ૧૭૫-૧૭૭
'ગેરિટિ બજાર'ની વાર્તા, ૨૦૦
સ્વપ્નો અને સૂક્ષ્મદ્રશ્યોમાં માતાજીનાં દર્શન, ૧૩૧
બિલાડીઓની દેહબહાર નીકળવાની વાત, ૩૫૮-૩૫૯
ટ્રોકાદેરો સ્કેવરમાં બેભાન બન્યાની વાત, ૧૪૬
પરી જેવાં ભલાં સત્ત્વો વિષે, ૩૦૯
ફૂલોના સંકેત, ૧૮૯
માતાજી પાસે રાત્રે જવા વિષે, ૧૫૧
ટૉલ્સ્ટોયનો પુત્ર, માનવ એકતા, ૩૨૦
જાપાન, ૩૪૧-૩૪૫

મનોમય સૂચનો, ૨૬૪
અવળું શરીર પરિવર્તન, ૨૬૭
નમનીયતા, ૨૩૫
વાણગણવાળા લોકો, ૨૧૨
એક જાપાનિઝને ચૈત્ય સ્વરૂપનો સંપર્ક કરાવ્યાની વાત, ૩૪૬
જગતના ધનના રક્ષક સર્પ, ૨૧૫-૨૧૬
શંકર વિષે, ૧૩૮
સૂક્ષ્મભૌતિક દેહ અને અકસ્માતો, ૩૦૦-૩૦૧
જાપાનના પ્રદેશોનું સૂક્ષ્મદર્શન, ૩૫૬-૩૫૭
પાણીની પરખ, ૨૬૩-૨૬૪
માતાજી
સ્વપ્નોની જનેતા, ૧, ૧૩
શીખે છે, ૧૦૩
સંગીતકાર છોકરાની વાર્તા, ૧૧૨
મનુષ્ય (માનવ)
-ની પૂર્ણતા
એક સરસ પ્રાણી, ૪૦
વ્યકિતનું મૂલ્ય: સાચી નમ્રતા, ૩૫
કંટાળો, ૧૦૦
ગુન્હેગારો દ્વારા સારા કાર્યની કદર, ૧૦૫
-ની સત્તા, પ્રતીકાત્મક, ૧૦૪
માનવેતર જીવોને દુ:ખ, ૫૩-૫૪
-ના પાર્થિવ જીવનનું લક્ષ્ય, ૧૩૬-૧૩૭
પૂર્ણ સિદ્ધિ માટે મુશ્કેલીઓની સહાય, ૧૩૬
પ્રાણીઓ અને-૨૬૫
કંટાળો અને મૂર્ખતાઓ, ૨૩૩
-પોતાનાં કરતાં ઉચ્ચ વસ્તુઓને સહન કરી શકતો નથી, ૨૩૩, ૩૫૫
જગતના પરિવર્તન અર્થે પોતાનું પરિવર્તન, ૨૮૩
વ્યકિત પરત્વે અભિવ્યકિતનું જુદાપણું, ૩૬૫
ઉચ્ચ કક્ષાના-૧૬૮, ૧૭૭
ભ્રમમાં જીવે છે, ૩૧૨
મનના કિલ્લામાં કેદ, ૨૨૦, ૨૨૭, ૨૩૦
નવીન મનુષ્ય બનવું, ૨૯૩
રક્ષક આવરણ, ૩૬૨
કોથળામાં પૂરાવું, ૧૯૪
નીરવતામાં સમજવું, ૨૫૫
બીજાઓને સમજવા, ૧૭૯
વિશ્વને પોતાને માપે માપવું, ૨૨૧
માનવની સત્તા
કેવળ પ્રતીકાત્મક, ૧૦૪
માબાપ
-સાથે બાળકના સંબંધો, ૩૩-૩૪
-ની બાળક ઊપરની સત્તા, પ્રતીકાત્મક, ૧૦૪
સુવિકસિત ચૈત્ય સ્વરૂપની પસંદગી, ૧૬૬
ગર્ભસ્થ બનવાની ઘટના, ૨૬૦
માંદગી
આધ્યાત્મિક ઈલાજ, ૮૪
પ્રાણમય ચેતનાનો અવરોધ, ૭૨
ભયનું પરિણામ, ૨૯૫
શ્રદ્ધા દ્વારા ઈલાજ, ૨૩૬-
આત્મશકિત વડે ઈલાજ ૩૦૪, ૩૧૭

-નો સૂક્ષ્મદેહમાંથી ત્યાગ, ૩૦૦-૩૦૨
લૂ લાગેલી હોય તેનો ઈલાજ, ૩૦૨-૩૦૩
-ઉપર પ્રાણમય સ્વરૂપની પકડ ૨૧૦
મિથ્યાભિમાન
વનસ્પતિ અને પ્રાણીઓમાં, ૩૬
અહંકાર, ૪૭
પ્રાણ-થી ભરેલો, ૬૨
માર્ગદર્શક (ભોમિયો)
આંતરિક, ૩૦
સાચો, ૩૦-૩૧
ગુરુ પાસે અનુભૂતિનું કથન, ૮૬
શું કરવું તે ગુરુ કહે છે, ૧૦૨
ગુરુને સાદ, ૧૫૦
મુક્તિ
કાર્યકારણના નિયમમાંથી-૨૦૧
કુટુંબના વારસાગત સંસ્કારોમાંથી ૨૯૧, ૨૯૨.
મુશ્કેલીઓ
ક્ષતિનું ચીટકી રહેવું, ૮૩
વ્યકિતની શકિતના પ્રમાણમાં ૪-૮૩, ૫૪
-થી અલગ પડી જવું, ૮૨-૮૩
-ની સહાયકારકતા, ૧૩૬
પાર કરવાની અભીપ્સા, ૨૦૪
વંશગત, ૨૯૦, ૨૯૨
-નો ત્યાગ, ૧૦૩
પ્રાણની-૨૭૭, ૨૭૮
મૂર્ખતા
અનેક પ્રકારની, ૬૧, ૧૯૪, ૨૨૮
કંટાળાને કારણે, ૯૯-૧૦૦, ૨૩૩
પ્રભુનો સંપર્ક અને—, ૨૬૩
આરામ અને—, ૧૭૭
મેડમ બ્લેવેટ્સ્કી, ૩૦૯
મોરિસ માગ્રે, ૨૧૯
મંત્ર, ૧૧૭-૧૫૮
મૃત્યુ, ૨૬-૨૮, ૧૯૫
સંપૂર્ણ બહિર્ગમન અને, ૧૬૩
-નો દેવ, ૨૧૧, ૨૧૩
-પછી કેટલીક વ્યકિતઓનાં દર્શન, ૩૫૮-૩૫૯
-પછીની પ્રાણમય અવસ્થા, ૨૧૭-૨૩૨

હ

હિંમત, ૬૨

ય

યંત્રવત ઉચ્ચારો, ૨૨૮
જુઓ અસત્ય, ગપ્પાં-
યજ્ઞ, (ત્યાગ)
ધર્મોનો પાયો, ૩૫૨
સમર્પણ અને સરખામણી, ૩૫૧
પ્રભુનો આત્મત્યાગ, ૨૬૮, ૨૬૯, ૩૫૩
યુદ્ધ
-ની જગત ઉપર અસર, ૩૩૭-૩૩૯
-ની પ્રતિકુળ અસર, ૩૬૭
પ્રથમ વિશ્વ—૩૩૭-૩૩૮, ૩૫૯
યુરોપ
-નાં મકાનો, ૩૪૪
-ના મહાનયુગો, ૩૪૭
યુદ્ધની અસર, ૩૩૭-૩૩૮

યુરોપિયનો ૩૪૧, ૩૪૮, ૩૪૯
યોગ
શકિત, શાંતિ, વિ. માટે-૭૩, ૭૫
-નું લક્ષ્ય-૭૪
સાધના માટેની તૈયારી, ૭૬-૭૮
તપસ્યા અને આત્મ સમર્પણ, ૮૧
-કરવાનો નિર્ણય, ૭૭
ચમત્કાર, ૯૩, ૯૫
નૈતિક માન્યતાઓ, ૯૧
-માં પ્રગતિની શરતો, ૧૧૧-૧૧૨
-માટે જરૂરી વલણ, ૧૦૫-૧૦૭
અને કામ, ૧૦૫
-માર્ગ માટેની તૈયારીની નિશાનીઓ, ૧૧૧, ૧૧૮, ૨૭૪, ૨૮૫
ન્યાય વિષેના ખ્યાલ, ૧૧૬
-કરવામાં રસ, ૧૧૬
સ્વપ્નોમાં નિર્દેશ, ૧૨૩
ગપ્પાં મારવાં નહિ, ૧૭૪
-પ્રત્યે ગમન, શકિત, શાંતિ, વિ. ૧૫૪, ૩૧૩, ૩૧૪
શાસ્ત્રીય પદ્ધતિઓ, ૨૨૦
અનાસકત અવસ્થા, ૩૩૯
સર્વ પામવા માટે સર્વકાંઈ ખોવું, ૨૩૦, ૨૭૬
વૈયકિતક પદ્ધતિ, ૨૦૫
સાવચેતી, ૩૦૫
ખુલ્લી આંખે દર્શન, ૨૩૯, ૨૪૦
-ના તબક્કા, ૨૦૬
સ્વપ્નોનાં પ્રતીકો, ૧૭૦
યુદ્ધ યોગ પ્રત્યે દોરી જાય, ૩૩૭, ૩૭૯
કર્મ, ૧૫૪,

ર

રમતો (ખેલકૂદ)
જીતવા માટેની રમત, ૧૪
અભીપ્સા અને ટેકનિક, ૧૦
જીતવા માટે-, ૧૧
બાસ્કેટ બોલ રમતાં ધ્યાન, ૧૪૦
-માં અકસ્માતો, ૩૦૬
રક્ષણ, ૧૫૦, ૩૬૨
રાજવીના અનુભવો, ૧૬૫, ૧૭૧
રામકૃષ્ણ ૧૦૬
રાસ્પુટિન, ૨૧૩
રૂપાંતર
શરીરનું, ૨૨
જાણવું અને પોતાનું—કરવું, ૪૭, ૮૭, ૨૮૨, ૨૯૩
સભાન-૮૮
પરિવર્તન અને-૧૧૬-
જીવનની કાર્યપ્રણાલિનું, ૧૪૧
જે તત્ત્વો પોતાનું—ઈચ્છતાં નથી, ૮૩
પૃથ્વીનું-૨૮૩
સતત-૨૪૧
આંતરિક પ્રગતિ અને-૨૦૬
પ્રાણમય-ની પ્રક્રિયા, ૨૦૪, ૨૦૫, ૨૭૭
નિર્બળતાની શોધ, ૨૮૨

લ

લક્ષ્ય, ૧૮૭, ૨૪૧, ૨૬૦
લેખકો
આનાતોલ ફ્રાંસનો એક વિચાર, ૧૮૦
કલ્પના, એક ગુણ, ૧૭૬-૧૭૭
મૉરિસ માગ્રે, ૨૧૯

વ

વલણ
બિલાડીના બચ્ચાનું-૧૦૬
ગુરુ પ્રત્યેનું, ૧૦૨
ગુરુ પ્રત્યે-મનોમય સ્પષ્ટતા માટે, ૮૬
વૈજ્ઞાનિક, ૮૬
સમર્પણભાવનું-૧૧૧
પોતાની જાતનું પરિવર્તન કરવાનું-૨૮૩
વ્યકિતતા
વિભાગો, ૯૦, ૧૭૦, ૧૯૭, ૨૨૨
વ્યકિતત્વ, ૪૪
વ્યકિત
-અને જીવન કાર્ય, ૧૩૬
-અને મર્યાદિત દ્રષ્ટિ, ૧૩૪-૧૩૫
-ની વ્યાખ્યા, ૧૯૫, ૩૬૫-૩૬૬
-ના કાર્યની ક્ષુદ્રતા, ૧૮૬
-નું ધ્યેય, ૩૬૧
-નું મૂળ, ૧૯૭
ચૈત્યસ્વરૂપ અને-૧૯૭
વસ્તુલક્ષીદર્શન, ૧૭, ૨૫૦, ૨૫૭, ૨૬૩
વિચાર
અને સત્યજ્ઞાન, ૫૬-૫૭
વિશ્લેષણ, ૧૦૬
શબ્દો વડે-૧૧૨
-ની શરીર સાથે સરખામણી, ૨૪૭
ચેતના અને, ૨૬૯
સમજવા માટે વિશાળ થવું, ૨૯૭
-અને સાચું જ્ઞાન, ૨૩૦
જ્યોતિ અને-૨૪૬-૨૪૭
સૂચન અને, ૨૬૪
-અને વાચા, ૨૨૮
વાર્તાનું મૂલ્ય, ૧૭૬, ૧૭૭, ૩૧૮
વિચારો, ૫૭, ૯૬, ૧૧૨-૧૧૩, ૨૩૦
સામાન્ય-૧૦૧
વિરામ
સચ્ચિદાનંદમાં, ૭૨, ૧૨૪
સીડી પર આરોહણ, ૧૭૮
વિરોધાભાસો, ૧૩૬-૧૩૭, ૨૪૯
વિરોધી શકિતઓ, જુઓ શકિત
વિશ્વ
-નું મૂળ, ૨૮
સાત સૃષ્ટિઓ, ૨૮
અનેક ભૂમિકાઓ, ૯૪
-માં સર્વ વસ્તુઓ જરૂરી છે, ૩૨૦
-ની પાર, ૨૪૮
-વિષેના ખ્યાલ, ૨૪૧
-ચેતનાનો વિકાસ, ૧૯૭, ૨૪૫ ૨૪૮
-નું ઘડતર, ૧૮૫
પ્રભુ અને-૧૮૪
વિકસતું, ૨૪૫-૨૪૬, ૨૪૮
દરેક વસ્તુનો ખુલાસો- ૧૭૬
-પાછળનો હેતુ, ૧૮૩, ૧૯૮, ૩૬૧
વિવિધતા અને એકતા, ૩૬૫-૩૬૬
શાશ્વત નૂતન, ૨૪૫
સિદ્ધ થયેલી શકયતા, ૧૬૯
વિષાદ
અહંકાર અને-૧૪
શકિતનો વ્યય-૧૪
નિરુત્સાહના બળવા વડે-૬૧
પ્રગતિ અને અવસાદ, ૧૩૪

પ્રાણનું પ્રતિકાર્ય, ૨૭૮, ૨૭૯
વિજ્ઞાન(શાસ્ત્ર)
જીવનનું-૩૮, ૩૬૫
વૈજ્ઞાનિક વલણ: આધ્યાત્મિક બાબતોમાં, ૮૬
દરેક-ની આગવી ભાષા, ૧૯૪, ૩૧૮
આધુનિક આણુ-,૧૬૧
જુઓ દવાઓ,
વેદ
સૃષ્ટિ સર્જન વિષેના ખ્યાલ, ૨૪૧
ઋચાઓ, ૧૫૭
વૈજ્ઞાનિકો
ક્યૂરી દંપતી, ૨૨૩

શ

શકિત
-ને ધારણ કરી રાખવી, ૯૬
વ્યકિતગત બાહ્યશકિતનો ક્ષય, ૨૦૫
પરમશકિત દ્વારા પ્રાણમય સત્ત્વનો નાશ, ૨૧૩
શબ્દો
પાછળ દેખાતી અનુભૂતિ, ૭૪
-દ્વારા વિચાર, ૧૧૨-૧૧૩
અસંબદ્ધ અને મર્યાદિત અભિવ્યકિત, ૧૮૩, ૨૪૮-૨૪૯
વેદની ઋચાઓ, ૧૫૭
-વડે વિચાર, ૨૬૧
-પાછળ વિચાર, ૨૫૪
શકિતઓ
-ની આપ-લે, ૭, ૪૩-૪૪
-ની પ્રાપ્તિ અને ઉપયોગ, ૬
-પૃથ્વી પરની-સાથે સંપર્ક, ૧૪
ઉપયોગનો બદલો, ૪૧
ગણતરીબંધ પ્રયત્ન, ૪૦
નવા જીવનમાં, ૭૯
લોકોને અસ્વસ્થ કરે છે, ૧૦૯, ૧૧૨
પોતાની જાતે સાજા થવાની, ૨૯૮
પ્રભુ વિરોધી: કેવી રીતે સામનો કરવો, ૧૯૨
પ્રભુ વિરોધી : હોવાનું કારણ, ૨૧૪, ૨૮૧
નવીન-૨૪૭
-પ્રત્યે ખુલ્લા થવું-૩૨૯
શકયતાઓ, ૨૪૧
શકયતા (ચાન્સ), ૧૬૯
સારું બનવાની, ૨૪૦
શરીર
-નું રૂપાંતર, ૨૨
-ની સહન શકિત, ૬૩-૬૪, ૨૮૧
-વડે આંતરિક અવસ્થાઓની અભિવ્યકિત, ૬૪-૬૫
-ને તાલીમ આપવાની અગત્ય-૬૬
મન અને પ્રાણનું ગુલામ, ૬૩
આજ્ઞાંકિત, ૮૯
સ્થૂલ સૌન્દર્ય, ૬૪
ભૌતિક શરીરની પૂર્ણતાનો આદર્શ, ૧૪૨
-નું મૂલ્ય, ૧૪૨
સંપૂર્ણ બહિર્ગમન, ૧૬૩
બેભાન અવસ્થા, ૧૪૬
-ની બહાર નીકળવાની ઘટના, ૧૪૭-૧૪૯, ૨૪૭, ૩૦૩, ૩૫૫
-ની ચૈત્ય સ્વરૂપ દ્વારા રચના, ૧૬૪-૧૬૫

નિદ્રાચરણ, ૧૪૭
આંતરિક ગતિઓ સાથે તાલમેળ, ૨૮૧
જુદાં જુદાં સાધનો વડે સાજું કરવ વિષે, ૨૯૭, ૩૦૨
મૃત્યુ પછી—જુઓ 'મૃત્યુ'
માંદગી--જુઓ 'માંદગી'
એક શરીર વડે સિદ્ધિ, ૧૮૧
પ્રાણશક્તિ, ૨૯૬
સ્નાયુઓ વિષે પ્રયોગ, ૨૩૯
વિકાસ પામેલા દેહની બાર ઈન્દ્રિયો, ૨૫૭, ૨૬૨
આકૃતિનો આત્મા : ચમી, ૨૨૩, ૨૨૪
અવચેતનાની અસર, ૨૩૮
પ્રાણ અને-૨૯૬
સૂક્ષ્મ-અને માંદગી, ૩૦૦
શ્રદ્ધા, જુઓ વિશ્વાસ
શાશ્વતી
શરૂઆતની લાગણી, ૨૬૧
કાળ કેવળ સાપેક્ષ છે, ૨૫૯
શાળા
આશ્રમની, ૪, ૨૯
શિક્ષક
-નું કાર્ય, ૫
પ્રેરણા અને જ્ઞાન, ૪૯
આધ્યાત્મિક, ૮૫-૮૬, ૯૨-૯૩
સત્યનો પ્રતિનિધિ, ૧૦૪
શુભ
-અને અશુભ, ૨૮-૨૯, ૯૧, ૧૩૮
કઈ વસ્તુ—છે, ૧૧૫
શંકરાચાર્ય
જીવનનો ઈન્કાર, ૧૩૮, ૩૬૬
વ્યક્તિત્વનો ભ્રમ, ૧૯૮
શાંતિ
અંતરની-શક્તિને ગ્રહણ કરવા, ૭૧ ૭૨
શક્તિને ઝીલવા માટે, અંતરની, ૭૫, ૧૦૯
-નું શરીર ઉપર કાર્ય, ૨૯૮

સ

સફળતા ૧૮,૧૯
સમતુલા
અશુભ : સમતુલાનો અભાવ, ૪૮
પૂર્ણતા-અને-, ૧૯, ૨૦, ૨૯
શક્તિઓની, ૨૮૧
સત્યનિષ્ઠાનો અભાવ, ૧૨૫, ૨૮૨, ૨૮૩
સત્ત્વ દ્વારા આવિષ્ટ થયાનો દાખલો, ૨૧૧-૨૧૨
સ્ટેલિન, ૨૧૩
સ્થળ વિસ્તાર (અવકાશ), ૧૮૪, ૨૪૮
સ્મરણ, ૧૨૭, ૧૯૭
૧૨૭, ૧૯૬-૧૯૭
સ્વર્ગ, ૬૦
સ્વતંત્ર સંકલ્પ, ૧૮૩
સ્વતંત્રતા, જુઓ મુક્તિ
સ્વેચ્છાચાર અને સાચી સ્વતંત્રતા, ૧૦૧, ૨૦૧
સ્વરૂપની વિશિષ્ટતા, ૩૬૫
સ્વપ્નો
અનેક પ્રકારનાં, ૬૯-૭૧
-માં ભય, ૬૯
-ની નોંધ, ૭૧
-માં અજાણી વ્યક્તિઓનું મિલન, ૧૨૪

-માં શ્રી માતાજીનાં દર્શન, ૧૩૧
-માં સ્થળો, લોકો, ટેન, વગેરેનાં દર્શન, ૧૨૨, ૩૫૫
પ્રતીકો છે, ૧૨૩
-વિનાની નિદ્રા, ૧૨૨-૧૨૩
રાગાવલિની રચના, ૧૪૮
ભયાવહ-૧૪૮-૧૪૯
બાળકોનાં, ૧૪૯, ૧૭૦
ભૂતકાળનાં જીવનોની સ્મૃતિ, ૧૭૦
રૂપકાત્મક, ૧૭૦
સ્પષ્ટિકરણો, ૩૫૫-૩૫૬
દુ:સ્વપ્નો, ૨૨૧-૨૨૯
સચ્ચિદાનંદ
-માં વિરામ, ૭૨, ૧૨૪
સત્-તત્-ચિત્-તપસ્, ૧૮૪
સત્ય
આંતરિક, ૩૧
તદ્નું એક પાસું, ૨
-નું જ્ઞાન, ૪, ૨૪-૨૫,
પોતાના સ્વરૂપનું, ૪૧
પરમ ૧૦૩
-ની પ્રાપ્તિ-૩૧૮, ૩૭૯
-ની સમજ સૌથી સર્વોપરિ, ૨૪૯
-નું જ્ઞાન, ૧૭૯
-અર્ધ—અને ખરું, ૧૩૫
વિચારથી પર, ૨૪૨
સત્યનિષ્ઠા
પૂર્ણ સચ્ચાઈ, ૨૧
હુમલાનું કારણ પારખી શકે છે, ૬૨
મુશ્કેલીઓ અને-૮૩
સાચી-ધ્યેય પ્રત્યે લઈ જાય છે, ૮૪, ૨૮૨
દિવ્ય અવાજને શ્રવણ કરવા માટે, ૯૮
પોતાની જાત પ્રત્યે સત્ય દૃષ્ટિ, ૯૯, ૧૧૩
ભૂલનો સ્વીકાર, ૧૩૪-૧૩૫
સુનિશ્ચિત-૧૩૮
પ્રેરણાની ચોક્કસતા, ૧૩૮
મનોમય-૧૨૫, ૧૮૧
સમર્પણની-૨૩૫
ભૂલની શોધ-૧૧૯, ૧૭૮
પૂર્ણ-૩૬૫
-નું ચૈતસિક મૂળ, ૨૮૪
અનુભૂતિનું મૂલ્ય, ૧૫૬
સત્વો
પ્રાણમય- જગતનાં-ની મદદ વડે ચમત્કારો, ૯૩, ૯૭
ભલાં-૩૦૯
ભૌતિક વાતાવરણનાં અસહ્ય-૩૦૯
મૃત્યુ પછી : પ્રાણમય-૨૧૭-૨૧૮
સમજવાનું અને શીખવાનું, ૩૬૯
સમતુલા, ૧૯-૨૦, ૨૮, ૨૯, ૮૬
સરખાપણું, (સાદશ્ય), ૧૦૨
આત્માની ગ્રહણ શકિતનાં પાયા ઉપરની સમતા, ૧૧૦, ૧૧૧
સર્પ
ખજાનો રક્ષનાર-૨૧૬
-અને મનુષ્યના પ્રતિકારક સ્નાયુઓ, ૨૩૯
સર્વસ્વ સમર્પણ, ૧૫૩
સમર્પણ
આત્મ-૭૭
તપસ્યા અને, ૮૧

બિલાડીનાં બચ્ચાંનું વલણ, ૧૦૬
સાચી સ્વતંત્રતા માટે-૧૦૨
સંપૂર્ણ-૧૦૨
બલિદાન અને-૩૫૧
-કરવાની પસંદગી, ૨૭૨
પોતાની પ્રકૃતિનું-૨૦૮
-અને આત્માર્પણ, ૧૫૩
સમાજ, ૧૦૩
સમાધિ, ૭૦
સમૂહ
વ્યકિત કરતાં હંમેશાં ઉતરતી અવસ્થામાં-૪૪
-માં ધ્યાન, ૧૨૦-૧૨૧
સહજપ્રેરણા
પ્રાણીઓમાં ચૈતસિક -૩૨-૩૩
સહનશકિત, ૬૩-૬૪, ૨૮૧
સાધનો,(કરણો), ૪૯, ૨૨૨, ૩૬૩
સાપેક્ષવાદ, ૨૫૯, ૩૧૯
સાક્ષીત્વ, ૨૬૦
સિદ્ધ, ૨૦
અંશત: ૧૩૫
સિક્ન્ક્ટ: શાશ્વતીની, ૧
સૌન્દર્ય
જાપાનિઝ જીવન અને-૩૪૫
દેહનું-૬૪-૬૬
સુંદર જીવનની કલ્પના, ૧૭૭
આધુનિક કલા અને-૩૩૨-૩૩૪
કલાત્મક સૌન્દર્યના યુગો, ૩૪૭
પ્રાણમય સૌન્દર્યની અનુભૂતિ-૧૮૮
સાચું-૧૮૯
સૂક્ષ્મભૌતિક તત્ત્વ, ૧૨૭, ૨૫૭
સુક્ષ્મ ભૌતિક શરીર, ૧૪૬
સંકલ્પ
રૂપાંતર માટેનો, ૮૮-૮૯
પ્રભુના-ની અભિવ્યકિત, ૯૫
પ્રભુના-અનુસાર આચરણ, ૯૮, ૧૩૨, ૧૩૬
-નું સમર્પણ, ૧૩૧, ૧૩૫, ૨૩૫
-ની ઉત્કટતા, ૨૮૪
-નું વિગતવાર ઊર્ધ્વસંકલ્પને સમર્પણ, ૧૫૫
પ્રભુનો : જ્ઞાન, ૩
પ્રભુના સંકલ્પનો અનુભવ, ૧૩૬
પ્રભુનો સંકલ્પ નિયતિ બદલી નાંખે છે, ૯૪
સંગીતકાર
-ના હાથ, ૨૨૨
તાર્તિની, ૧૪૮
વાગ્નર, ૩૫૦
સંત ટેરેસા ૩૩૨
સંત્રાસ
ત્રાસ આપવાની કોટડી, ૩૩૯
પહેલા વિશ્વયુદ્ધની ભયંકરતા, ૩૩૯
નવા માર્ગો શોધનારા, ૩૫૪-૩૫૫
ઈરાનમાં ધર્મો, ૩૫૨
સંયમ
આત્મ-૨, ૧૦૨, ૨૯૨
પોતાની ઉપરનો કાબૂ, ૪૧
નિગ્રહ, દમન અને-૬૮
પ્રાણ ઉપર-ક્રોધ ઉપર, ૨૭૯, ૨૮૦
સંવાદિતા ૬૬, ૧૮૮, ૨૩૬
સંસ્કૃતિઓ, ૩૪૭
મહાન સમયો, ૩૪૭-૩૪૮
ભૌતિક ઈન્દ્રિયોને ઘડે છે, ૩૬૮-૩૬૯
આધુનિક-૩૬૭, ૩૬૮

સૂક્ષ્મ દૃષ્ટિ (દર્શન) ૧૪૬
વસ્તુલક્ષી, ૧૬-૧૭
વિશ્વરૂપ, ૨૭
ખોટાં સૂક્ષ્મ દર્શન, ૧૨૫
અજ્ઞાત ઘટનાઓનું જ્ઞાન, ૧૨૬
અજ્ઞાત ઘટનાઓનો સંપર્ક, ૧૨૭
અકસ્માત સર્જક સત્ત્વનું, ૩૦૭,૩૦૮
-વડે જોવું, ૩૧૬
સૃષ્ટિસર્જન
મૂળગત ચેતના, ૩૬૧-૨૬૨
અસ્થાયી-૨૪૧
ભૌતિક જગતોનું-૨૬૯-૨૭૦
વિશ્વનું-૧૮૪, ૧૮૫, ૨૪૬
-ના અસ્તિત્વનું કારણ, ૧૮૩, ૧૯૭
સમસામયિક, પરંતુ પૃથ્વીની વિશિષ્ટતા, ૨૭૧
-વિષેના ખ્યાલો, ૨૪૧
કાળ અને-૧૮૪, ૨૪૭

હ

હાજરી, (ઉપસ્થિતિ)
પ્રભુની-૨૫, ૯૧, ૩૬૨
બાળકો, વનસ્પતિ અને પ્રાણીઓમાં પ્રભુની-૩૧
આણુમાં દિવ્યસ્ફુલિંગની-૧૬૧
પૃથ્વી ઉપર-૨૭૦
-ની અનુભૂતિ, ૧૫૬, ૨૩૮, ૩૬૩
આંતર 'સાક્ષી', ૨૬૦
હિટલર, ૨૧૧, ૨૧૩

ક્ષ

ક્ષતિ, (ખામી) ૮૩
ભૂલ, ૨૪૧-૨૪૨

જ્ઞ

જ્ઞાન
તાદાત્મ્ય-૧૭, ૧૮૧
સત્યનું-૪
પોતાના વિષે સભાનતા, ૪૧, ૩૨૭
વિચારો અને-૪૭
વિરોધી વિચારોના સામંજસ્યનું, ૧૭૯ ૧૮૦
તત્ત્વજ્ઞાનથી પર-૨૪૨-૨૪૩
અઘરા વિષયને સમજવાનું-૧૬૪, ૨૨૬
સાચી રીતે સમજવાનું-૨૨૫
-નું ક્ષેત્ર, ૩૬-૮
જ્ઞાનપૂર્ણ ચેતના ૧૭૦-૧૮૦
જ્ઞાન (પરંપરા)
સાત વિશ્વો વિષેની પુરાતન-૨૮
સૃષ્ટિ સર્જન વિષે-૨૬૧
દેવોના પૃથ્વી ઉપર અવતરણ વિષે-૨૧૦
નાર્ડિક-૩૫૦
પ્રલય-૨૪૫
ચૈતસિક : પૃથ્વી ઉપરનું સર્જન, ૨૭૦